મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યા

# તામસ સાધન પ્રકરણ

# સુબોધિની

## (દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૧૯-૨૫)



जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ



जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યાઃ

# તામસ સાધન પ્રકરણ

# સુબોધિની

(સુબોધિની અનુસાર અધ્યાય ૧૯-૨૫
પ્રચલિત ક્રમાનુસાર અધ્યાય ૨૨-૨૮)

અનુવાદક :
ગો.વા.શ્રીધીરજલાલ વ્રજદાસ સાંકળીયા

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૫૦

**સમ્પાદક :** શ્રીશરદ્ ગોસ્વામી

**પ્રકાશન વર્ષ :** વિ.સં.૨૦૭૭
**શ્રીવલ્લભાબ્દ :** ૫૪૨

**પ્રતિ :** ૧૦૦૦

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ્ પ્રા. લિ., રાજકોટ

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, જિ.પંચમહાલ પિન.૩૮૯૩૫૦.**
**ફોન : ૯૩૧૩૪ ૩૬૨૦૦**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(ગુજરાતી) | ૧૦ |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(હિન્દી) | ૧૦ |
| Praveshika, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૨૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૨૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| પ્રમેયરત્નસંગ્રહ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજ.) | ૨૦ |
| Manual of the devotionalpath of Pushti. લેખક : ઉપરમુજબ (અપ્રાપ્ય) | ૬૫ |
| **શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તરઃ** | |
| **પ્રથમસ્કન્ધ** | ૧૦૦ |
| **દ્વિતીયસ્કન્ધ** | ૧૦૦ |
| **તૃતીયસ્કન્ધ** (બે ભાગમાં) | ૪૦૦ |
| **જન્મપ્રકરણ**(દશમસ્કન્ધ અધ્યાય ૧-૪) | ૧૫૦ |
| **તામસ પ્રમાણ પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૫-૧૧; પ્રક્ષિપ્ત અધ્યાય૧૨-૧૪) | ૧૨૫ |
| **તામસ પ્રમેય પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૧૨-૧૮) | ૧૨૫ |
| **તામસ સાધન પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૧૯-૨૫) | ૧૨૫ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | |
| શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | |
| વાર્તાપરિચર્ચા | ૧૫ |
| અધિકારપરિચર્ચા | ૧૦૦ |

| | |
|---|---|
| સાધનાપ્રણાલી | (અપ્રાપ્ય) |
| પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | (અપ્રાપ્ય) |
| શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | (અપ્રાપ્ય) |
| સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | ૫૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | ૮૦ |
| પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | ૧૦૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | ૧૦૦ |

## નિત્યસ્તોત્રપાઠ

| | |
|---|---|
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) પાકું બાઈંડિંગ | અપ્રાપ્ય |
| **પુષ્ટિપાઠાવલી** (હિન્દી) પાકું બાઈંડિંગ | અપ્રાપ્ય |
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ | ૨૦ |
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ | ૨૦ |
| **પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી** (અનુવાદ સહિત) | ૨૦ |

## અધ્યયનોપયોગી ગ્રન્થો

| | |
|---|---|
| **શ્રીભાગવતમહાપુરાણ**(ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) | ૫૦૦ |
| **ષોડશગ્રન્થ**(સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦) | નિઃશુલ્ક |
| **જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો** | અપ્રાપ્ય |

ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી,શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોનું વિવેચન ૪૫૦થી વધુ પાનામાં સંકલન

| | |
|---|---|
| **કૃષ્ણાશ્રય,** શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજ અનુવાદ | અપ્રાપ્ય |
| **ભગવદ્ગીતા** | ૧૦૦ |

અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે.

| | |
|---|---|
| **પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ** (પ્રશ્નોત્તરી) | ૨૫ |
| **ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪વાર્તાઓ,** લે.ભૂપેન્દ્રભાઈ ભાટીયા | અપ્રાપ્ય |
| **ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮વાર્તાઓ,** લે. ઉપર મુજબ | અપ્રાપ્ય |
| **ભગવદ્ગીતાનો ભક્તિયોગ, બારમો અધ્યાય,** લેખક : ગો.શ્રીશ્યા.મ. | નિઃશુલ્ક |
| **ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય,** લેખક :ગો.શ્રીશ્યા.મ. | નિઃશુલ્ક |
| **દ્રવ્યશુદ્ધિ.** અપરસ-સુતક બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.: ગો.શ્રીપુરુષોત્તમજી | નિઃશુલ્ક |
| **ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો અર્થ.** લેખકઃ શ્રીનાનુલાલ ગાંધી | ૧૦ |
| **શ્રીભાગવતાર્થપ્રકરણ,** અનુવાદકઃ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. | ૧૫૦ |

(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવત ના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.)

**શાસ્ત્રાર્થપ્રકરણ** ૫૦
(શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે)

**પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર** નિઃશુલ્ક
(શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન) લે : ગો.શ્રીશ્યામમનોહરજી

**ગૃહસેવા અને વ્રજલીલા** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**શ્રીકૃષ્ણચરિત્ર** (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) ૧૨૫
અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

**રસદષ્ટિની તરફેણમાં**. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી** ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**ભક્તિવર્ધિની** વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**સેવાઃ ૠતુ-ઉત્સવ-મનોરથ.** વ્યાખ્યાતાઃ ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**હમકું ઈતની સમજ ભલી**(પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના વચનામૃતો) અપ્રાપ્ય

**તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ.** મૂળ સહિત ગુજરાતી અનુવાદ ૨૫

**પુરુષાર્થવ્યવસ્થા** પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**पुष्टिविधानम्-२**(व्याकरणम्) અપ્રાપ્ય
श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित ५६ ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय.

**पुष्टिविधानम्-३**(व्रजभाषा) ૧૫૦
श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित षद्ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका.

**तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम्** (व्रजभाषाटीका) १००

**वेदान्तचिन्तामणी** (हिन्दी अनुवाद सहित) तथा **सत्सिद्धान्तमार्तंड** ५०
(गुजराती प्रश्नोत्तर संक्षेप) श्रीगट्टुलालजी विरविचत.

**विवेकत्रयम्**, प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) ૧૦

**श्रीपुरुषोत्तमग्रन्थावली-५**(संस्कृत) ૧૦૦
(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ)

**श्रीपुरुषोत्तमग्रन्थावली-६**(संस्कृत) ૨૦૦
(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા)

**गृहसेवा और व्रजलीला**(व्रजभाषा). व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**भगवद्गीताका भक्तियोग.** व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवा : ऋतु–उत्सव–मनोरथ,** विवेचक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**ब्रह्मवाद** (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवाकौमुदी**(नवधाभक्ति) हिन्दी, व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी अप्राप्य

**तृतीयस्कन्ध सुबोधिनी** (संस्कृत) दो खंडोंमें. १०००

**श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् : सप्रदीप–विवरणम्.** (संस्कृत) तीन खंडोंमें. १०००

महाप्रभु श्रीवल्लभाचार्य विरचित ब्रह्मसूत्राणुभाष्यं तथा उस पर भगवदीय श्रीइच्छाराम तथा गो.श्रीगिरिधिरजी विरचित 'प्रदीप' तथा 'विवरण' टीका.

## ઇતિહાસ

**આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ** નિઃશુલ્ક

લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી/હિન્દી)

**શ્રીગોપીનાથપ્રભુચરણ**(ગુજરાતી/હિન્દી) ૨૫

શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઇતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.

## સન્દર્ભ ગ્રન્થો

**પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા.** ૧૦

શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોની પાદાનુક્રમણિકા

**હમકું ઈતની સમજ ભલી.** અપ્રાપ્ય

એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ.

**Summary of Shuddhadvaita Vangmaya.** Aut:SriSharad Goswami 15

(મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય.

**ગોશાળા :** મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠમાં, હાલોલ.

**જીર્ણોદ્ધાર :** શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

## શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.

અધ્યયનોપયોગી ગ્રન્થાલય, આચાર્યભવન, હસ્તલિખિત ગ્રન્થાગાર, અધ્યયનકક્ષ, છાત્રાલય, વૈષ્ણવ આવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ

## પુષ્ટિસ્વાધ્યાય :

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : ૯૪૨૬૬૨૩૫૬૫

Pushti-Vidya
**'पुष्टिविद्या' मोबाईल् एप्लिकेशन्**

**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी महत्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth

Subscribe us on You Tube:
**'Pushtiswadhyay'**

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित-पुनर्मुद्रित

## शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ (संयुक्तप्रकाशन, दुर्लभ)
- खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
- खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
- खंड ३. जलभेदः से सेवाफलम्

ष. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
- खंड १. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
- खंड २. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
- खंड ३. द्वितीयाध्याय
- खंड ४. तृतीयाध्याय
- खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी
- खंड १. प्रथम-द्वितीयस्कन्ध
- खंड ४. जन्मप्रकरण
- खंड ५. तामसप्रमाणप्रकरण
- खंड ६. तामसप्रमेय-साधनप्रकरण

खंड ७. तामसफलप्रकरण

खंड ८. राजसप्रमाण–प्रमेयप्रकरण

खंड ९.राजससाधन–फलप्रकरण

खंड १०.सात्त्विकप्रमेयसाधनफलप्रकरण

खंड ११. गुणप्रकरण तथा यावत्प्राप्य एकादशस्कन्ध

४. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १–५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६–१४

५. सव्याख्यषड्ग्रन्थाः [संयुक्तप्रकाशन, दुलर्भ]

६. वेदान्ताधिकरणमाला–भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१४. पुष्टिविधानम् [गुजराती, व्रज तथा संस्कृत संस्करण]

१५. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित–प्रकृत्यधिकरण–समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम–द्वैतनिरासवादः

१६. अवतारवादावली

खंड २. भेदाभेदवाद,सृष्टिभेदवाद,आविर्भावतिरोभाववाद,ख्यातिवाद,प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व–खण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः,उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृति –पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः,

स्ववृत्तिवादः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१७. सत्सिद्धान्तमार्तण्डः. भारतमार्तण्ड–पञ्चनदी श्रीगोवर्धन(गट्टूलाल)शर्मा विरचित.

१८. वेदान्तचिन्तामणी. भारतमार्तण्ड–पञ्चनदी श्रीगोवर्धन(गट्टूलाल)शर्मा विरचित.

४क्र.१, ष तथा ४/१, ४/ष को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ–श्रीविट्ठलेश्वर–प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

– वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
– पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
– विवेक (हिन्दी)
– विशोधनिका (चार खंड) (गुज–हिन्दी)
– पुरुषोत्तमयोग (गुजराती–हिन्दी)
– नवरत्नम् (गुजराती–हिन्दी)
– श्रीयमुनाष्टकम् (हिन्दी)
– सिद्धान्तनुं आचमन (गुजराती)
– सिद्धान्तसूक्ति (गुजराती)
– भगवद्गीतासु भक्तियोग
– वार्तान्की सैद्धान्तिक संगति
– पुरुषार्थव्यवस्था (हिन्दी–गुजराती)
– चतुःश्लोकी(हिन्दी)
– रसदृष्टिनी तरफेणमां (हिन्दी–गुजराती)
– गृहसेवा और व्रजलीला (गुजराती–हिन्दी)
– ब्रह्मवाद (वादावली सम्पादकीय)
– सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
– चिरकुट चर्चा समीक्षा (हिन्दी–गुज)
– पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
– अणुभाष्य(साधनफलाध्याय) भूमिका (गुज.)
– नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज–हिंदी)
– श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
– शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
– धर्म–अर्थ–काम–मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी–गुजराती)
– भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)

- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद-विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्‍भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- सूक्तित्रय : सिद्धान्त, उत्सव, भक्ति.
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका, खिलवाड-समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवाद की नानावादानुरोधिता (लघुग्रन्थसंग्रह-२)
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- अमृतका आचमन
- गोपीगीत
- नलकूबर-मणिग्रीव स्तुति

**सम्पर्क :**

गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता,
जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई-**५६**

# ॥ પ્રકાશકીય ॥

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત શ્રીભાગવતના દશમસ્કન્ધ પર્વૂર્ધના સુબોધિનીજીના 'તામસ સાધન પ્રકરણ' (અધ્યાય ૧૯ થી ૨૫; પ્રચલિત ક્રમાનુસાર અધ્યાય ૨૨ થી ૨૮) ના ગુજરાતી અનુવાદનું શ્રીવલ્લભવાઙ્મયના અધ્યેતાઓ સમક્ષ પ્રકાશન કરતાં આનન્દ અને કૃતાર્થ નો અનુભવ થઈ રહ્યો છે.

વૈષ્ણવસેવામંડલ, મંબઈના સંચાલક ગો.વા.ભગવદીય શ્રીચુનિલાલ પરીખ ના અથક ઉત્સાહપૂર્ણ પ્રયત્નોથી આ અનુવાદનું પ્રકાશન વિ.સં.૧૯૯૧ માં કરવામા આવ્યું હતું. આનો અનુવાદ ગો.વા.ભગવદીય શ્રીધરીજલાલ સાંકળીયા એ કર્યો છે.

આ ગ્રન્થના પૂર્વ સંસ્કરણના પ્રકાશનમાં અમારા પિતામહચરણ નિ.લી.ગોસ્વામી શ્રીદ્વારકેશલાલજી મહારાજ(માંડવી-કચ્છ) નો સહયોગ રહ્યો હતો તેનો ઉલ્લેખ કરતાં પૂર્વપ્રકાશક લખે છે :

> પ્રભુકૃપાએ ત્યાર પછી મારો સહવાસ ગોસ્વામી શ્રીદ્વારકેશલાલજી (કચ્છ-માંડવીવાળા) તથા ગોસ્વામી શ્રીવ્રજનાથલાલજી (ચોપાસેનીવાળા) ...સાથે ચાલુ રહ્યો... (તેઓશ્રીના) તરફથી વખતો વખત પ્રોત્સાહન આપીને ...જે સહકાર થયો તેમાટે તેમનો સર્વેનો હું આભાર માનું છું.

આ ખંડમાં પણ શ્રીસુબોધિનીના અધ્યયનમાં ઉપકારક એવા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત શ્રીભાગવતાર્થ પ્રકરણનો સંબાધિત અંશ તથા શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાના ગુજરાતી અનુવાદ સહિત શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાંના સમ્બન્ધિત નામો તથા ગ્રન્થની વિગતવાર અનુક્રમણિકા છાપવામાં આવી છે.

સમ્પૂર્ણ તામસ સાધન પ્રકરણ સુબોધિનીજીનું પ્રુફરીડીંગ ભરૂચ નિવાસી શ્રીમતી પ્રીતિબેન દલાલે કર્યું છે, ગ્રન્થને પ્રેસમાં મોકલવા લાયક તૈયાર કરવાનું તેમજ છપાવવા નું કાર્ય શ્રીપીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ એ કર્યું છે જે આ પ્રસંગે અવિસ્મરણીય છે.

કોરોના મહામારીના પ્રતિબન્ધને કારણે સામુહિક પ્રવચન-અધ્યાપનસત્ર આદિ શક્ય ન હોવાને કારણે સમયની પર્યાપ્ત સાનુકુળતા પ્રાપ્ત થતાં ઘણા ગ્રન્થોનું સમ્પાદન-પ્રકાશન સમ્ભવ બન્યું છે.

શ્રીસુબોધિનીના અનુવાદના પ્રકાશનની શૃંખલામાં શેષ તામસ ફલ પ્રકરણ, રાજસ પ્રકરણ, સાત્વિક પ્રકરણ, ગુણ પ્રકરણ તથા યાવત્પ્રાપ્ય એકાદશ સ્કન્ધ ના સુબોધિનીના અનુવાદનું પણ શીઘ્ર પુનઃપ્રકાશન થઈ જાય એવી પ્રબલ અભિલાષા છે.

**શ્રીમત્પ્રભુચરણોત્સવ** **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છ દ્વારા**

શ્રીવલ્લભાબ્દ ૫૪૨ ; વિક્રમસંવત ૨૦૭૭ શરદ્ ગોસ્વામી

# || અનુક્રમણિકા ||

**શ્રીભાગવતાર્થપ્રકરણમાં નિરૂપિત તામસ સાધન પ્રકરણનો અર્થ તથા અધ્યાયાર્થ.**

**શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાં નિરૂપિત તામસ સાધન પ્રકરણના ભગવન્નામો તથા તેના પર શ્રીરઘુનાથ-ચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાનો ગુજરાતી અનુવાદ.**

## દશમસ્કન્ધાન્તર્ગત તામસ સાધન પ્રકરણ

## (શ્રીસુબોધિની અનુસાર અધ્યાય ૧૯-૨૫)


**અધ્યાય ૧૯. (કુમારિકાઓનું કાત્યાયની વ્રત અને તેમના ચીરોનું હરણ)** ૦૧

શ્રીકૃષ્ણને પતિ તરીકે પ્રાપ્ત કરવા ગોપકુમારિકાઓનું કાત્યાયનીનું વ્રત-પૂજન. શ્રીયમુનાજળમાં કુમારિકાઓની નિર્વસ્ત્ર જલક્રીડા. શ્રીકૃષ્ણ દ્વારા ચીરહરણ. કુમારિકાઓનું લજ્જિત થઈ વસ્ત્રની યાચના કરવી. ભગવાન્ દ્વારા કુમારિકાઓના વ્રતદોષનું નિવારણ. કુમારિકાઓનો લજ્જાત્યાગ. શ્રીકૃષ્ણનું વસ્ત્રદાન. કુમારિકાઓનું વ્રજમાં જવું. શ્રીકૃષ્ણ દ્વારા વન-વૃક્ષોની પરોપકારિતાનું વર્ણન કરતાં શ્રીયમુનાતટ પર પધારવું, યમુનાજલનું પાન. ગોપો ક્ષુધાર્ત બન્યા.

**અધ્યાય ૨૦. (ક્ષુધાપીડિત ગોપોની પ્રાર્થના, યજ્ઞસ્થળે જવું, બ્રાહ્મણપત્નીઓ દ્વારા ભોજન કરાવવું, બ્રાહ્મણોનો પશ્ચાત્તાપ)** ૭૬

ક્ષુધા નિવારણ માટે ગોપોની શ્રીકૃષ્ણને પ્રાર્થના. આઙ્ગિરસ યજ્ઞ કરતા બ્રાહ્મણો પાસે ભોજન માંગવા કહેવું. ગોપોદ્વારા ભોજનની યાચના. કર્મભંગની આશંકાથી બ્રાહ્મણો દ્વારા ઉપેક્ષા. નિરાશ ગોપો પાછા વળ્યા. વૃત્તાન્ત સાંભળીને હંસીને શ્રીકૃષ્ણનું ગોપોને યજ્ઞપત્નીઓ પાસે મોકલવું. કૃષ્ણદર્શનોત્સુક સ્ત્રીઓનું યજ્ઞ માટે તૈયાર કરેલું ભોજન લઈને જવું. શ્રીકૃષ્ણના રૂપનું વર્ણન. શ્રીકૃષ્ણ અને બ્રાહ્મણપત્નીઓ વચ્ચે સંવાદ. શ્રીકૃષ્ણની આજ્ઞાથી બ્રાહ્મણપત્નીઓનું પાછા જઈ યજ્ઞ સમ્પન્ન કરવું. એક બ્રાહ્મણપત્નીનો શ્રીકૃષ્ણવિરહમાં પ્રાણત્યાગ. યજ્ઞપત્નીઓએ લાવેલ ભોજન આરોગવું. બ્રાહ્મણોનો પશ્ચાત્તાપ, આત્મનિન્દા અને પત્નીઓની પ્રશંસા.

**અધ્યાય ૨૧.(ઈન્દ્રયાગનો ભંગ અને ગોવર્ધનયાગનો આરંભ)** ૧૪૪

ઈન્દ્રના યજ્ઞની તૈયારી કરતા નન્દાદિ ગોપોને શ્રીકૃષ્ણનું તેનું પ્રયોજન પુછવું. નન્દરાયજીનું તેનું મહત્વ સમજાવવું. શ્રીકૃષ્ણનું કર્માધીન ગતિનું તેમજ ગોવર્ધન પર્વતનું મહત્વ સમજાવી ઈન્દ્રયજ્ઞને સ્થાને ગોવર્ધનપૂજા કરવા સમજાવવા. બધાનું શ્રીકૃષ્ણ સાથે સમ્મત થવું. સ્વસ્તિવાચન પૂર્વક યજ્ઞારંભ. શ્રીકૃષ્ણગુણ ગાતાં-ગાતાં પર્વતની પરિક્રમા. પર્વતદેવનું સ્વરૂપ

ધારણ કરી શ્રીકૃષ્ણદ્વારા પૂજન અને ભોગ-સામગ્રી આરોગવું. પૂજન સમ્પન્ન કરી બધાનું વ્રજમાં આવવું.

**અધ્યાય ૨૨.(ગોવર્ધન પર્વતને ધારણ કરવું અને ઈન્દ્રમાનભંગ)** ૧૭૩

શ્રીકૃષ્ણની પ્રેરણાથી પૂજાનો લોપ થયો જાણી ઈન્દ્રનો કોપ, ભગવાનની નિન્દા અને વ્રજ ઊપર ચઢાઈ. વ્રજપર અનરાધાર વૃષ્ટિ. વ્રજવાસીઓનું ગોવિન્દના શરણે જવું. શરણાગત રક્ષક શ્રીકૃષ્ણનું ઈન્દ્રમાનભંગ કરવા ગોવર્ધન પર્વતને ધારણ કરી તેની છત્રછાયામાં બધાને નિર્ભય થઈ રહેવા કહેવું. સાત દિવસ પર્યન્ત પર્વતને ઉઠાવી રાખવું. ઈન્દ્રનો વિસ્મય અને ગર્વનાશ. મેઘોને અટકાવવા. શ્રીકૃષ્ણના કહેવાથી પર્વત નીચેથી સર્વેનું બાહર આવવું. પર્વતનું પુનઃ સ્થાપન. વ્રજમાં આનન્દ.

**અધ્યાય ૨૩.(શ્રીકૃષ્ણના અલૌકિક સામર્થ્યને જોઈને વિસ્મિત બનેલા ગોપોને શ્રીનન્દરાયજી દ્વારા ગર્ગાચાર્યે કહેલી વાતો સંભળાવવી)** ૨૦૮

વિસ્મિત ગોપો દ્વારા શ્રીકૃષ્ણે પૂર્વે કરેલા વિવિધ પરાક્રમોનું સ્મરણ. શ્રીનન્દરાયજી દ્વારા ગર્ગાચાર્યજીએ શ્રીકૃષ્ણના નામકરણ પ્રસંગે વર્ણવેલ શ્રીકૃષ્ણના અલૌકિક સ્વરૂપનું વર્ણન. આ શ્રવણ કરીને ગોપોના વિસ્મયની નિવૃત્તિ અને આનન્દ.

**અધ્યાય ૨૪.(ઈન્દ્ર દ્વારા ક્ષમાયાચના; કામધેનુ તથા ઈન્દ્ર દ્વારા અભિષેક; 'ગોવિન્દ'નામાભિધાન)** ૨૨૪

ઈન્દ્ર તથા કામધેનુ નું વ્રજમાં આવવું. શ્રીકૃષ્ણની કરેલી અવજ્ઞાથી લજ્જિત ઈન્દ્ર દ્વારા શ્રીકૃષ્ણની એકાન્તમાં ક્ષમાયાચના તથા સ્તુતિ. શ્રીકૃષ્ણદ્વારા ઈન્દ્રને ક્ષમાદાન. કામધનુ દ્વારા શ્રીકૃષ્ણની સ્તુતિ, અભિષેક તથા 'ગોવિન્દ' નામકરણ. ઈન્દ્રનું સ્વર્ગગમન.

**અધ્યાય ૨૫.(વરુણલોકમાં અપહૃત શ્રીનન્દરાયજીને શ્રીકૃષ્ણ દ્વારા ત્યાંથી છોડાવવું; વ્રજવાસીઓને વૈકુંઠનું દર્શન તથા ત્યાંથી પાછા લાવવા)** ૨૫૭

શ્રીનન્દરાયજીનું એકાદશી વ્રત અને દ્વાદશીના આસુરી કાળમાં કાલિન્દીમાં સ્નાન કરવા પધારવું. વરુણના સેવક દ્વારા તેમનું હરણ. સ્વરક્ષા માટે બલરામ-કૃષ્ણનું સ્મરણ. સ્વમાહાત્મ્ય પ્રદર્શનાર્થ પિતાની મુક્તિ માટે વરુણલોકમાં પધારવું. વરુણ દ્વારા શ્રીકૃષ્ણની પૂજા-સ્તુતિ-ક્ષમાયાચના. પિતાને લઈ પાછા વ્રજ પધારવું. શ્રીકૃષ્ણના ઐશ્વર્યને જોઈ ગોપોને વૈકુણ્ઠના દર્શનની ઉત્સુકતા. શ્રીકૃષ્ણનું તેમને પોતાનો લોક દેખાડવો. નન્દાદિ ગોપોનો પરમાનન્દાનુભૂતિ પૂર્વક વિસ્મય!

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

તત્ત્વાર્થદીપનિબન્ધનો

# શ્રીભાગવતાર્થ પ્રકરણ

(ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અનુદિત શ્રીભાગવતાર્થ પ્રકરણમાંથી સંકલિત)

**અતસ્તામસભક્તાનામ્ અષ્ટાવિંશતિભિઃ ક્રમાત્ ।।૪૦।।**
**માન-મેયૈઃ સાધનૈશ્ચ ફલૈશ્ચાપિ પૃથક્ પૃથક્ ।।**
**ભગવાન્ સપ્તધા લીલાં કુર્વન્ ઉદ્ધારકઃ પરઃ ।।૪૧।।**
**પુરુષોત્તમરૂપેણ યચ્ચકાર તદુચ્યતે ।।**

પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ થી આમ સાત પ્રકારે જુદી-જુદી લીલા કરતાં તામસભક્તોનો ઉત્તમ ઉદ્ધાર કરનાર ભગવાને પુરુષોત્તમ સ્વરૂપથી જે કર્યું, તે હવે અનુક્રમે અઠ્ઠાવીસ અધ્યાયોથી કહેવામાં આવે છે.

આ તામસ પ્રકરણના ચાર પેટાપ્રકરણો છે :

અ. તામસપ્રમાણ

આ. તામસપ્રમેય

ઇ. તામસસાધન અને

ઈ. તામસફલ.

તે દરેક સાત-સાત અધ્યાયોના છે. આ પ્રકરણમાં ભગવાને જે લીલા કરી તે વ્યૂહ સ્વરૂપથી કરેલી નથી, પરન્તુ પુરુષોત્તમ સ્વરૂપે જ કરેલી છે. નટની પેઠે પ્રાકૃત મનુષ્યના જેવો દેહ ધારણ કરી આ લીલા કરતાં તામસભક્તોનો ઉત્તમ ઉદ્ધાર કરનાર પુરુષોત્તમે પોતાના સ્વરૂપથી જે લીલા કરી તે આ તામસપ્રકરણમાં કહેલી છે.

[ઈ. તામસસાધન પ્રકરણ. અધ્યાય ૧૯-૨૫]

**અતઃ પરં કાયિકેન કૃષ્ણે વ્યસનમીર્યતે ।।**
**દૈહિકાન્ સકલાન્ ભાવાન્ નિજાં વ્રીડાં ચ દૈહિકીમ્ ।।૭૧।।**
**પરિત્યજ્ય હરિપ્રાપ્ત્યૈ યદેવ સ્યાત્ તદેવ હિ ।।**
**વૈદિકં લૌકિકં ચાપિ તત્કર્તા વ્યસની મતઃ ।।૭૨।।**

હવે પછી કાયાના કાર્યથી શ્રીકૃષ્ણમાં વ્યસન થયાનું કહેવામાં આવે છે. દેહના સર્વ વિચારો અને દેહ સમ્બન્ધી પોતાની લજ્જાનો ત્યાગ કરી ‘હરિને પ્રાપ્ત કરવા’

જે કાંઈ લૌકિક તેમજ વૈદિક કાર્ય થાય તે જ કાર્ય કરનાર વ્યસનવાળો હોવાનો નિર્ણય કરેલો છે.

શ્રીકૃષ્ણ વિના રહેવાની અશક્તિ હોવી એ તેમનામાં વ્યસન. આ પેટાપ્રકરણમાં તેવું વ્યસન જણાવનારી દેહની ક્રિયા કહેવાની હોવાથી આ સાધન પ્રકરણ છે. ભગવાન્ સિવાય બીજા કોઈમાં વ્યસન અહીં ઈચ્છેલું નથી, એમ જણાવવા 'હરિને પ્રાપ્ત કરવા' જે કાંઈ કાર્ય થાય તે કરનારને વ્યસનવાળો કહેલો છે.

**અતઃ કુમારિકાઃ પૂર્વં વ્રતં ચક્રુરિતીર્યતે ।।**
**તતો લૌકિકભાવં હિ પરિત્યજ્ય તદાજ્ઞયા ।।૭૩।।**
**યથોક્તમ્ અખિલં ચક્રુઃ તત ઈશોઽન્વતુષ્યત ।।**

તેથી કુમારિકાઓએ વ્રત કર્યું એમ પહેલાં કહેલું છે. પછી ભગવાનની આજ્ઞાથી લૌકિક વિચારનો ત્યાગ કરી તેમણે જેમ કહ્યું તે પ્રમાણે સર્વ કર્યુ. તેથી ઈશ્વર પ્રસન્ન થયા.

કુમારિકાઓએ ભગવાનને પ્રાપ્ત કરવા કાત્યાયની વ્રતરૂપ લૌકિક કાર્ય કર્યું (અ.૧૯।૧-૫). લૌકિક વિચારનો તેમની આજ્ઞાથી ત્યાગ કરી તેમણે જેમ કહ્યું તે પ્રમાણે સર્વ કર્યું (શ્લો.૧૭-૨૦), તેથી ભગવાન્ તેમના ઉપર પ્રસન્ન થયા (શ્લો.૨૦).

**સમ્બન્ધિનાં મત્સરાદિ-દોષાભાવાય બોધનમ્ ।।૭૪।।**
**પ્રશંસા સર્વવૃક્ષાણાં તતઃ સિદ્ધાસ્તુ બાલકાઃ ।।**
**સર્વદોષાન્ પરિત્યજ્ય ક્ષુજ્જયે શક્તિવર્જિતાઃ।।૭૫।।**
**હરિં વિજ્ઞાપયામાસુઃ વ્યસનાત્ નાન્યગામિનઃ ।।**

કુમારિકાઓના સમ્બન્ધીઓમાં મત્સર વગેરે દોષો ન રહે તે માટે તેઓ સાથે ભગવાન્ કુમારિકાઓ પાસે યમુનાજી પધારેલ હોવાનું જણાવેલું છે. ભગવાને સર્વ વૃક્ષોની પ્રશંસા કરી, તેથી પ્રવીણ થયેલા બાલકોએ સર્વ દોષોને તજી, ભૂખને જીતવાની શક્તિ વિનાના હોવાથી તેને શાંત કરવા ભગવાનને વિજ્ઞપ્તિ કરી, કારણ કે વ્યસનને લીધે તેઓ બીજા પાસે જનારા ન હતા.

ભગવાને કુમારિકાઓને જે આજ્ઞાઓ કરી, તેથી તેમના સમ્બન્ધવાળા પુરુષોને મત્સર વગેરે દોષો ન થાય તે માટે, ભગવાન્ આ કુમારિકાના પુરુષરૂપ બાલકોને પોતાની સાથે લઈ ગયેલ (જુઓ અ.૧૯।૮-૮।। ઉપરનાં ટિપ્પણી). પછી ભગવાને ગોપો અને બાલકો ને (કારણ કે ગોપો અને બલભદ્ર ભગવાનને

કુમારિકાઓ વ્રજમાં ગયા પછી તરત જ તે સમયે મળેલા, જુઓ શ્લો.૨૯-૨૯।। ઉપરનાં શ્રીસુબોધિની તથા અધ્યાયના આરંભના શ્રીસુબોધિનીની કારિકા ૫।।) જ્ઞાન આપવા વૃક્ષોની પ્રશંસા કરી (શ્લો.૩૧-૩૬). તેથી જ્ઞાન પ્રાપ્ત થતાં તેઓનાં દોષ ગયા, છતાં ભૂખ ઉપર વિજય પ્રાપ્ત કરવાની શક્તિ તેમનામાં ન હોવાથી તેમણે ભૂખ શાંત કરવા ભગવાનને જ વિજ્ઞપ્તિ કરી, (શ્લો.૩૮ અને અ.૨૦।૧) કારણ કે તેઓને વ્યસન સિદ્ધ થયેલ હોવાથી તેઓ બીજા પાસે જાય તેવા ન હતા.

**ભોગદ્વયં હરેરેવ સ્ત્રીબાલાનાં નિરૂપિતમ્ ।।૭૬।।**
**લૌકિકાસ્તુ સમાખ્યાતાઃ તત્રૈવ ન હરેસ્તથા ।।**
**વૈદિકેઽપીતિ વિપ્રાણાં તદ્ભાર્યાણાં નિરૂપ્યતે ।।૭૭।।**

સ્ત્રીઓનો અને બાળકોનો એ બે ભોગ હરિ પાસેથી જ પ્રાપ્ત થવાનું કહ્યું. લૌકિકોની કથા કહી ત્યાં જ વૈદિકમાં પણ હરિ પાસેથી તેમ થવાનું કહેલ નથી, તેથી વિપ્રોની અને તેઓની પત્નીઓની કથા કહેવામાં આવે છે.

અ.૧૯ માં સ્ત્રીઓના અને બાળકોના બે ભોગ કહ્યા. ભગવાન્‌માં જેમને વ્યસન સિદ્ધ થયેલું છે તેઓ; આ લોકના કાર્યમાટે પણ ભગવાન્ ઉપર જ આધાર રાખે છે એમ જણાવવા આ કહેલ છે. ભગવાન્‌માં વ્યસનવાળા હોવું એટલે ભગવાનની પ્રીતિમાટે લૌકિક અથવા વૈદિક હરકોઈ પ્રકારના કાર્ય કરનાર હોવું. તેથી આવા વ્યસનવાળા બે પ્રકારના છે : ૧. લૌકિક કાર્ય કરનારા, આમની કથા કુમારિકાઓના વ્રતથી કહી. ૨. વૈદિક કાર્ય કરનારા, એ ૧૯ મા અધ્યાયમાં વૈદિક કાર્ય કરનારાઓની તેવી કથા કહી નથી, તેથી તે કહેવાની હોવાથી વૈદિક કાર્ય કરનાર તરીકે વિપ્રોની અને તેઓની પત્નીઓની કથા વીસમા અધ્યાયમાં કહે છે.

**તામસાઃ સર્વ એવાત્ર ગોકુલસ્થા ન કેવલમ્ ।।**
**ઇતિ દર્શયિતું વિપ્રાઃ સન્ત્રિણોઽપિ નિરૂપિતાઃ ।।૭૮।।**

'અહીં સર્વ તામસો જ છે, માત્ર ગોકુલમાં રહેનારા જ નહિ' એમ દર્શાવવા યજ્ઞ કરનારા હોવા છતાં વિપ્રોની કથા અહીં કહેલ છે.

વિપ્રો સાત્ત્વિક હોય, અથવા કર્મ કરનારા હોવાથી રાજસ હોય. તેમની કથા તામસ પ્રકરણમાં કેમ કહી ? એવી શંકા થાય, તેથી તેઓ તામસ હોવાનું જણાવેલ છે. આ અધ્યાયના શ્લોક ૪૮ માં તેઓ પોતે જ પોતાને 'મૂઢ' કહે છે. તેથી તેઓ તામસ હોવામાં કાંઈ શંકા રહેતી નથી.

**એકપ્રકારા એતે હિ તેનૈકાત્ર વિમોચિતા ।।**

**સાધનપ્રક્રિયા ત્વેષા તેન તાઃ સ્વગૃહં ગતાઃ ।।૭૯।।**

કારણ કે આ વિપ્રો પણ ગોપોના પ્રકારના જ છે. તેથી એક જ (પત્ની) ને અહીં મુક્તિ પ્રાપ્ત થાય છે. આ તો સાધન પ્રકરણ છે. તેથી તે (વિપ્રપત્ની)ઓ પોતાના ઘેર ગઈ.

જેમ તામસફલ પ્રકરણમાં કેટલીક ગોપસ્ત્રીઓને મુક્તિ પ્રાપ્ત થઈ (અ.૨૬।૧૧), તેમ અહીં પણ એક વિપ્રપત્નીને મુક્તિ પ્રાપ્ત થઈ (શ્લો.૩૪) કારણ કે આ વિપ્રો પણ ગોપોના પ્રકારના તામસ જ હતા. ગોપીઓને ભગવાને ઘેર જવા કહ્યું, છતાં ઘેર ન ગઈ, પણ વિપ્રની સ્ત્રીઓ પોતાને ઘેર ગઈ (શ્લો.૩૩) કારણ કે આ સાધન પ્રકરણ છે. પતિઓ યજ્ઞરૂપ સાધન પૂરું કરે, તે માટે તેઓ ઘેર ગઈ.

**તદ્ભર્તારોऽપિ નાऽऽયાતાઃ સમ્બન્ધેનૈવ બોધિતાઃ ।।**
**ગોપિકાનાં પ્રસંગેન યતસ્તા વિનિરૂપિતાઃ ।।૮૦।।**

તેમના પતિઓ પણ ભગવાન્ પાસે આવ્યા નહિ. સમ્બન્ધથી જ મુક્તિ પ્રાપ્ત કરનાર તરીકે જણાવેલા છે. કારણ કે તે (વિપ્રસ્ત્રી)ઓનું ગોપીઓના પ્રસંગથી નિરૂપણ કરેલું છે.

વિપ્રો જાણતા હતા કે શ્રીકૃષ્ણ ઈશ્વર છે અને ગોપોનાં વચનથી ભગવાને તેમને તેનું સ્મરણ પણ કરાવ્યું હતું (શ્લો.૪૪-૪૫). છતાં તેઓ તેમની પાસે ગયા નહિ (શ્લો.૫૨). પત્નીઓના સમ્બન્ધથી જ તેઓને ભક્તિ અને મુક્તિ થવાનાં એમ જણાવેલું છે (શ્લો.૪૯). ગોપીઓના પ્રસંગથી વિપ્રપત્નીઓનું નિરૂપણ કરેલું છે. જેમ ગોપીઓના સમ્બન્ધથી ગોપોને ફલ પ્રાપ્ત થવાનું, તેમ પોતાની પત્નીઓના સમ્બન્ધથી વિપ્રોને મુક્તિ પ્રાપ્ત થવાની.

**અતસ્તાસાં ફલે ચૈતાઃ ફલં પ્રાપ્સ્યન્તિ નિશ્ચિતમ્ ।।**
**નિર્દુષ્ટૈઃ ભોજનં કાર્યં નિર્દુષ્ટાન્નસ્ય નાન્યથા ।।૮૧।।**
**ભક્ત્યાદતાનાં ભક્તાનાં વૃક્ષાણાં ચેતિ નિશ્ચયઃ ।।**

તેથી તે ગોપીઓને જ્યારે ફલ પ્રાપ્ત થશે ત્યારે આ વિપ્રપત્નીઓને પણ નક્કી ફલ પ્રાપ્ત થશે. ભક્તિમાં આદરવાળા ભક્તોના અને વૃક્ષોના દોષરહિત અન્નનું; દોષ વિનાનાઓ સાથે ભોજન કરવું જોઈએ, બીજા પ્રકારે ન કરવું જોઈએ એવો નિશ્ચય છે.

ભગવાન્ બાળકોની ભૂખ બીજા પ્રકારથી પણ મટાડી શકત. છતાં આ વિપ્રો અને વિપ્રપત્નીઓ પાસેથી અન્ન મગાવવાનું તેમણે કેમ કર્યું ? એવો પ્રશ્ન થાય, તો

જાણવું કે ભક્તિમાં આદર રાખનાર ભક્તોનું અને વૃક્ષોના અન્નનું દોષ વિનાના ભક્તો સાથે જ ભોજન થાય, તે માટે તેમણે તે પ્રમાણે કર્યું.

**વ્રતં વૃત્તિપરિજ્ઞાનં દાનં માહાત્મ્યબોધનમ્ ॥૮૨॥**
**દ્વાભ્યાં ચતુષ્ટયં પ્રોક્તં તદીયાન્યવિભેદતઃ ॥**

ભગવાનના સેવક અને બીજાના ભેદથી ૧. વ્રત ૨. આજીવિકાનું જ્ઞાન ૩. દાન અને ૪.માહાત્મ્યનો બોધ એ ચાર; બે અધ્યાયોથી કહ્યા.

ઓગણીસમા અને વીસમા અધ્યાયોથી આ ચારનો બોધ કર્યો. પોતાના સેવકોને અને બીજા વિપ્રોને એવા ભેદથી આ બોધ કરેલો છે.

**દ્વિવિધં કર્મલોકે હિ વૈદિકં હેતુસમ્ભવમ્ ॥૮૨॥**
**આદ્યે શ્રદ્ધાપરિત્યાગઃ પૂર્વેણ વિનિરૂપતિઃ ॥**

લોકમાં બે પ્રકારનું કર્મ જોવામાં આવે છે. ૧. વૈદિક અને ૨. પ્રયોજનથી કરવામાં આવતું. ગયા અધ્યાયથી પહેલા પ્રકારના કર્મમાં શ્રદ્ધાનો ત્યાગ કરવાનું કહ્યું.

૧. વૈદિક એટલે વેદમાં કહેલી કામનાઓથી કરવામાં આવતું અને ૨. લૌકિક પ્રકારની તેવી કામનાઓથી કરવામાં આવતું, એવા બે પ્રકારનાં કર્મો લોકમાં જોવામાં આવે છે. તેમાં ગયા વીસમા અધ્યાયમાં વૈદિક કર્મોમાં શ્રદ્ધા ન રાખવાનું જણાવેલ છે.

**અન્વય-વ્યતિરેકાભ્યાં હેતુકઃ સફલો મતઃ ॥૮૪॥**
**તન્નિરાકરણં કાર્યં તેનાધ્યાયચતુષ્ટયમ્ ॥**

પ્રયોજનથી કરવામાં આવતો યજ્ઞ અન્વય અને વ્યતિરેક થી ફલ આપનારો વિચારેલો. તેનું ખંડન કરવું જોઈએ. તેથી ચાર અધ્યાયો કહેલા છે.

અન્ન ઘાસ વગેરે પ્રાપ્ત થાય તેવાં પ્રયોજનથી ઈન્દ્રનો યજ્ઞ વ્રજવાસીઓ કરતાં, તે ફલ આપનારો છે એમ અન્વયથી એટલે યજ્ઞ કરવામાં આવે ત્યારે અન્ન ઘાસ વગેરે મળે છે, (અ.૨૧।૮-૧૦) અને વ્યતિરેકથી એટલે યજ્ઞ કરવામાં ન આવે ત્યારે તે મળતાં નથી (અ.૨૧।૧૧) એમ જણાવી નન્દે સિદ્ધ કરેલું. આ તેમના મતનું ખંડન ૨૧-૨૪ સુધીના ચાર અધ્યાયોથી કરેલું છે.

**હેતૂનાઽઽદૌ નિરાકૃત્ય યત્સત્ તદ્ધિ હ્યકારયત્ ॥૮૫॥**
**દેવતા તત્ર નિયતા તેન સાઽપિ નિવારિતા ॥**
**ગોવર્ધનસ્ય ધૃત્યૈવ નિસ્તમ્ભા સાઽભવદ્ યતઃ ॥૮૬॥**

આરંભમાં હેતુઓનું ખંડન કરીને જે ઉત્તમ કર્મ હતું તે ભગવાને કરાવ્યું. તે

ઈન્દ્રના યજ્ઞમાં દેવ દઢ નિશ્ચયવાળો હતો, તેથી તેને હટાવી દીધો, કારણ કે ગોવર્ધનને ધારણ કરવાથી જ તે તદ્દન નિષ્ક્રિય થયો.

આરંભમાં ભગવાને નન્દે કહેલા હેતુઓનું ખંડન કર્યું (અ.૨૧।૧૨-૨૪) અને જે ઉત્તમ કર્મ (ગાયો, બ્રહ્મણો અને ગોવર્ધન નું પૂજન) હતું તે કરાવ્યું (અ.૨૧।૨૫-૩૭).

ઈન્દ્રનો યજ્ઞ પડતો મૂક્યો તેથી તે કરાવવાના દઢ નિશ્ચયવાળા ઈન્દ્રે ક્રોધ કરી વ્રજનો નાશ કરવા પ્રયાસ કર્યો. તે પ્રયાસ ભગવાને નિષ્ફલ કર્યો, એ કથા બાવીસમા અધ્યાયમાં કહેલી છે.

**શંકાદોષોઽપિ ગોપાનાં નિરાકાર્યસ્તુ કર્મણે ।।**
**હવિર્મન્ત્રેજ્યરૂપાણાં સમ્મત્યર્થં તુરીયકમ્ ।।૮૭।।**

ગોવર્ધનનાં પૂજનરૂપ કર્મ થઈ શકે તે માટે ગોપોની શંકારૂપ દોષનું પણ નિવારણ કરવું જોઈએ. હવિષ મન્ત્ર અને પૂજન જેનું થતું તેમની સમ્મતિ જણાવવા ચોથો અધ્યાય કહેલો છે.

શ્રીકૃષ્ણ ઈન્દ્રના કોપથી રક્ષણ કરવાની શક્તિવાળા છે એવી ગોપોને ખાતરી થાય તો જ તેઓ ત્યાર પછીના વર્ષોમાં પણ ઈન્દ્રનો યજ્ઞ ન કરતાં ગોવર્ધનયજ્ઞ જ કરે. તેથી તેમને તેવી ખાતરી કરાવવા ત્રીજો અધ્યાય કહેલો છે. ગોવર્ધનનો યજ્ઞ કરવામાં આવે તેમાં હવિષ (ગાયો), મન્ત્ર (ઋષિઓ) અને જેનું પૂજન પહેલાં થતું તે ઈન્દ્રની પણ સમ્મતિ થવાનું ચોવીસમા અધ્યાયમાં કહેલું છે. ઈન્દ્ર; ભગવાનની સ્તુતિ કરે છે શ્લો.૪-૧૩, અને તે તથા ગાયો વતી કામધેનુ અને ઋષિઓ ભગવાનનો ઈન્દ્ર તરીકે અભિષેક કરે છે (શ્લો.૨૨-૨૩). તેથી તે સર્વની સમ્મતિ જણાવેલી છે.

**એવં પૂર્વં પરિત્યજ્ય હર્યુક્તં કાર્યમીરિતમ્ ।।**
**અવૈષ્ણવાનાં પૂર્વેષાં વ્રતાનાં ત્યાજનં ન હિ ।।૮૮।।**
**વૈષ્ણવાન્યપિ કાર્યાણિ ત્યક્તવ્યાનીતિ બોધને ।।**
**નન્દસ્યૈકાદશી પ્રોક્તા સાધનં પંચધા સ્થિતમ્ ।।૮૯।।**

એ પ્રમાણે નન્દ વિગેરે ગોપોએ પહેલા કરતા, તે કાર્ય તજીને ભગવાને કહેલું કાર્ય કર્યું એમ કહેલું છે. પહેલાં કરતા તે અવૈષ્ણવ વ્રતો ભગવાને તજાવ્યાં, એટલું જ નહિ, પરન્તુ વૈષ્ણવ કાર્યો પણ તજવાં જોઈએ એવો બોધ કરવા નન્દે કરેલી એકાદશી કહેલી છે, સાધન પાંચ પ્રકારનું હોવાનો નિર્ણય કરેલો છે.

પહેલાં ગોપો કરતાં તે ઈન્દ્રયાગ તજી, ભગવાને કહેલ ગોવર્ધનયાગ તેમણે કરવા માંડયો એ ૨૧-૨૪ સુધીના ચાર અધ્યાયોથી કહ્યું. પહેલાં કરતા તેવાં અવૈષ્ણવ વ્રતો ભગવાને તજાવ્યા, એટલું જ નહિ પરન્તુ વૈષ્ણવ વ્રતો પણ ધર્મમાં આસક્તિ થવાને લીધે ભગવાનનું ભજન બરાબર થઈ ન શકે તે માટે તજવા જોઈએ (જુઓ ૧૦।૨૫।૧ ઉપરનાં શ્રીસુબોધિનીનો આભાસ), એમ જણાવવા નન્દે કરેલી અગિયારસનું નિરૂપણ પચીસમા અધ્યાયમાં કરેલું છે. સાધન પાંચ પ્રકારના કહેલાં છે, તે આગળ ૯૨-૯૪ સુધીની કારિકામાં જણાવાશે.

**એતાવદેવ કર્તવ્યં તેન યદ્વાચ્છતે હૃદિ ।।**
**હેતુવાદ ઈવાત્રાપિ ફલં કૃષ્ણઃ પ્રયચ્છતિ ।।૯૦।।**
**ઈતિ વૈકુંઠનયનં સ્થાપિતં વાચ્છિતં ન હિ ।।**
**અવાન્તરં ફલમિદં વિશ્વાસાર્થં નિરૂપતિમ્ ।।૯૧।।**

આટલું (તે પાંચ સાધન) જ કરવું. તેથી હૃદયમાં જે ફલની ઈચ્છા કરશે તે હેતુવાદમાં પ્રાપ્ત થાય છે, તેમ અહીં પણ શ્રીકૃષ્ણ આપે છે એમ જણાવવા ગોપોએ ઈચ્છેલ વૈકુંઠ ભગવાન્ ગોકુલમાં લાવ્યા, પણ તેનું સ્થાપન ઈચ્છેલ ન હતું. વિશ્વાસ રહે તે માટે આ ગૌણ ફલ કહેલું છે.

આ પાંચ સાધન કરવાથી હૃદયમાં જે ફલની ઈચ્છા થાય તે શ્રીકૃષ્ણ આપે છે, એમ જણાવવા ગોપોને વૈકુંઠનાં દર્શન ગોકુલમાં જ કરાવ્યાં તે કહેલ છે (અ.૨૫।૧૧-૧૬). ગોપોને વૈકુંઠનાં દર્શન કરવાની ઈચ્છા થઈ (શ્લો.૧૦) તે ભગવાને પૂર્ણ કરી, આ ભગવાને તેમને આપવા ઈચ્છેલું ફલ ન હતું. ભગવાન્ તો તેમને ભજનાનન્દનું દાન કરવાના હતા. તેથી ભગવાને તેમને વૈકુંઠમાં રાખ્યા નહિ આ તો વિશ્વાસ રહે તે માટે ગૌણ ફલ કહેલું છે.

**કૃષ્ણવાક્યં સદા કાર્યં માયામોહં નિવાર્ય હિ ।।**
**વૃક્ષવત્તુ સ્થિતિઃ કાર્યા શુદ્ધાન્નેન ચ વર્તયેત્ ।।૯૨।।**
**ઈચ્છાં વિજ્ઞાય દાતવ્યં માહાત્મ્યજ્ઞાનપૂર્વકમ્ ।।**
**યાગાદયોઽપિ ત્યક્તવ્યા તદિચ્છા ચેદ્ વ્રતાનિ ચ ।।૯૩।।**
**મધ્યે સ્વેષ્ટસ્ય પૂર્ત્યૈવ તદિચ્છામ્ અવગત્ય ચ ।।**
**તત્પરત્વેન સતતં સ્થેયં સાધનસંગ્રહઃ ।।૯૪।।**

૧. માયાના મોહને દૂર કરીને સદા શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે વર્તવું, ૨. વૃક્ષની પેઠે પરોપકારવાળી સ્થિતિ કરવી અને શુદ્ધ અન્નથી નિભાવ કરવો, ૩. ભગવાનના

માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેમની ઈચ્છા જાણીને તેમને આપવું, ૪. યજ્ઞો વગેરેનો પણ ત્યાગ કરવો અને ભગવાનની ઈચ્છા હોય તો વ્રતોનો પણ ત્યાગ કરવો, ૫. વચ્ચે પોતાનું ઈચ્છેલું પ્રાપ્ત થવાથી પણ ભગવાનની ઈચ્છા જાણીને ભગવાન્માં રચ્યા-પચ્યા રહેવું. આ સાધનનો સમૂહ છે.

ઉપર પાંચ સાધન કહેલ હોવાનું જણાવ્યું તે અહીં કહેલા છે. પહેલું સાધન કુમારિકાઓના પ્રસંગમાં ૧૯ મા અધ્યાયમાં કહેલું છે. બીજું પણ સ્થિતિ સમ્બન્ધી ૧૯ મા અધ્યાયમાં અને અન્નસમ્બન્ધી ૨૦ મા અધ્યાયમાં કહેલું છે. ત્રીજું ૨૧ મા અધ્યાયમાં, ચોથું પણ ૨૧-૨૪ સુધીના અધ્યાયોમાં કહેલ છે. વ્રત સંબંધી ચોથું અને પાંચ મુ સાધન અ.૨૫ માં કહેલ છે.

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્ર ના

## નિરોધલીલા–દશમસ્કન્ધ અન્તર્ગત

## તામસ સાધન પ્રકરણના નામો

**કાત્યાયનીવ્રતવ્યાજસર્વભાવાશ્રિતાઙ્ગનઃ ।।૮૪૧।।**

'હેમંતે પ્રથમે માસિ' (૧૦।૧૯।૧) એ પ્રકારે જે કાત્યાયનીવ્રત કહ્યું, તેના બહાનાથી સર્વ આત્મભાવો વડે કરીને આશ્રિત થયાં છે કુમારિકાઓ જેમને વિષે તે ભગવાન્; અથવા તે (કુમારિકાઓ) છે આશ્રિત જેમના વડે તે.

**સત્સંગતિસ્તુતિવ્યાજસ્તુતવૃન્દાવનાઙ્ઘ્રિપઃ ।।૮૪૨।।**

'સત્' એટલે ભક્તો અથવા ભગવાન્ છે 'સંગતિ' એટલે સંગ જેમનો તે સત્સંગતિ (સત્સંગ). સત્સંગની સ્તુતિના મિષથી સ્તુતિ કરી છે વૃંદાવનસ્થ વૃક્ષોની જેમણે એવા. એનો આશય આ છેઃ– સંતો પારકાનાં દુઃખને ન સહન કરવાના સ્વભાવવાળા હોવાથી પોતાનાં દુઃખને સહન કરીને પણ પરોપકારી બને છે. આ સ્થલે પણ તે વ્રજસ્થ ભક્તોના સંબંધથી વૃક્ષો પણ પારકાનો તડકો દૂર કરવાને માટે પોતે તડકામાં ઉભાં રહેલાં છે છતાં પણ કરમાતાં નથી. તે 'પશ્યતૈતાન્ મહાભાગાન્' ( ૧૦।૧૯।૩૨।।.) ઈત્યાદિમાં કહેલું છે.

**ગોપક્ષુચ્છાન્તિસંવ્યાજવિપ્રભાર્યાપ્રસાદકૃત્ ।।૮૪૩।।**

ગોપોની ક્ષુધાની શાંતિના ઉપાયરૂપ જે સુંદર એટલે અવિરુદ્ધ મિષ (બહાનું) તે એ કે યજ્ઞવાટમાં જઈને રામકૃષ્ણનાં નામથી પ્રાર્થના કરવી, તે મિષ વડે કરીને જ વિપ્રની એટલે યજમાનની ભાર્યા માટે પ્રસાદ એટલે અનુગ્રહ કરનારા; અથવા ગોપોની ક્ષુધાની શાંતિને માટે ઉક્ત સુંદર મિષથી ઉક્ત યજમાનની ભાર્યા પર અનુગ્રહ કરનારા. તે 'રામ રામ મહાવીર્ય' (૧૦।૨૦।૧) ઈત્યાદિથી કહેલું છે.

**હેતુપ્રાપ્તેન્દ્રયાગસ્વકાર્યગોસર્વબોધકઃ ।।૮૪૪।।**

ત્રિવર્ગના હેતુ માટે (ધર્મ, અર્થ અને કામ સિદ્ધ કરવાને માટે) કર્તવ્યત્વે

પ્રાપ્ત થએલા ઈન્દ્રયાગને અર્થે જે 'સ્વ' એટલે સામગ્રી તે જ સામગ્રી વડે કર્તવ્યત્વે વિધાન કર્યું જેનું (કરવાની આજ્ઞા કરી) એવો જે ગોસવ (ગો=ગાય અને સવ=યજ્ઞ) એટલે ગાયોનો યજ્ઞ તેનો બોધ કરનારા. ગોસવ એટલે ગાયોને અર્થે સંપાદન કરવામાં આવે છે તેવો યજ્ઞ. 'ગાયોને અર્થે' એ સમીપનું લક્ષણ છે. તેથી બ્રાહ્મણ, ગોવર્ધન, અને ધેનુઓને પણ અર્થે પ્રાપ્ત થએલો યજ્ઞ. તેનો બોધ કરનારા એટલે 'કર્મણા જાયતે જંતુઃ' ૧૦।૨૧।૧૩. ઈત્યાદિમાં કહેલા પ્રકાર વડે કરીને તેનું નંદરાયજી વિગેરેમાં જ્ઞાન ઉત્પન્ન કરનારા (૨) અથવા પૂર્વે કહેલા ઈન્દ્રયાગને સ્થાને સ્વસંબંધિ કાર્યનો એટલે ગોસવનો બોધ કરનારા.

**શૈલરૂપકૃતાશેષરસભોગસુખાવહઃ ।।૮૪૫।।**

'હું પર્વત છું' (૧૦।૨૧।૩૫) એ પ્રકારે કર્તારૂપે કરેલા અને નંદરાયજી વિગેરેએ સંપાદન કરેલા અશેષ એટલે સર્વ અર્થાત્ છએ રસોનો જે ભોગ પોતે કર્યો તેથી સર્વ વ્રજવાસીઓને સુખનું આવહન કરે છે એટલે સુખ પમાડે છે તે. બીજે સમયે તો દેવ પરોક્ષમાં (આંખે દેખાય નહિ એવી રીતે) ઈન્દ્રાદિરૂપે ભોજન કરે છે, જ્યારે આ ટાણે તો પોતે (સર્વની) સમક્ષ (એટલે સર્વ દેખે એવી રીતે) ભોજન કરે છે, તેથી (સર્વને) સુખ પમાડવું (જે કહ્યું છે તે) યુક્ત જ છે.

**લીલાગોવર્ધનોદ્ધારપાલિતસ્વવ્રજપ્રિયઃ ।।૮૪૬।।**

(૧) લીલા વડે કરીને એટલે સુખથી જ જે ગોવર્ધનનો એટલે ગાયોની વૃદ્ધિ કરનારા પર્વતનો ઉદ્ધાર એટલે ઉંચે છત્રીને આકારે ધારણ કરવું તે. તેના વડે કરીને પાળ્યા છે એટલે મોટી વૃષ્ટિની ધારાઓના પડવાથી રક્ષ્યા છે પોતાના વ્રજસંબંધિ વ્હાલાઓ જેમણે તે. (૨) અથવા લીલા વડે ગોવર્ધનના ઉદ્ધારથી પાળ્યું જે સ્વવ્રજસંબંધિ તેના વ્હાલા (૩) અથવા 'સ્વ' એટલે નંદનું ધન, 'વ્રજ' શબ્દથી વ્રજમાં રહેલા પ્રાણીઓ કહેવાય છે, અને 'પ્રિયાઃ' એટલે વ્રજસુંદરીઓ. લીલા વડે ગોવર્ધનના ઉદ્ધારથી પાળ્યા છે સ્વ, વ્રજ અને પ્રિયાઓ જેમણે તે. તે કહ્યું છે 'તસ્માન્ મચ્છરણં ગોષ્ઠમ્' ઈત્યાદિથી ૧૦।૨૨।૧૮.

**ગોપસ્વચ્છન્દલીલાર્થગર્ગવાક્યાર્થબોધકઃ ।।૮૪૭।।**

ગોપાલોના સંબંધની સ્વચ્છંદ એટલે ભયના અભાવપૂર્વક સ્વચ્છંદલીલા

કરવા માટે (ઠાકુરજીએ કરી તે માટે) પૂર્વે નંદરાયજી પ્રતિ ગર્ગાચાર્યે જે વાક્યો કહ્યાં હતાં તેના અર્થનો નંદરાયજીના મુખમાંથી ગોપોને બોધ કરનારા એટલે તેનું જ્ઞાન આપનારા. તે કહ્યું છે 'શ્રૂયતાં મે વચઃ' ઈત્યાદિમાં ૧૦।૨૩।૧૫.

**ઈન્દ્રધેનુસ્તુતિપ્રાપ્તગોવિન્દેન્દ્રાભિધાનવાન્ ।।૮૪૮।।**

ઈન્દ્રની ધેનુ એટલે કામધેનુ તેની કરેલી સ્તુતિ વડે પ્રાપ્ત થએલું એટલે અર્થવશથી આવેલું જે 'ગોવિન્દ' એ પ્રકારનું ઈન્દ્રે કરેલું અભિધાન એટલે નામ તે છે જેમનું તે (૨) અથવા ઈન્દ્ર અને ધેનુ એ બે વડે સ્તુતિ કરવાથી પ્રાપ્ત થએલું વિગેરે આગળની માફક. શુદ્ધસત્ત્વ જણાવવા માટે વિભક્તિ વિનાનાં નામનો નિર્દેશ કર્યો છે. ગાયોના ઈન્દ્ર તે ગોવિંદ. તે કહ્યું છે હરિવંશમાં 'હું દેવોના ઈન્દ્ર તરીકે પ્રસિદ્ધ છું, તું ગાયોના ઈન્દ્રપણાને પામ્યો, તેથી તને લોકો પૃથ્વી પર હમેશ માટે ગોવિંદ એમ કહીને તારી સ્તુતિ કરશે.' અથવા બીજા પ્રકારે પણ નિરુક્તિ કહેવાય છે. 'ગાં' એટલે પૃથ્વીને અથવા વાણીને 'વિન્દતિ' એટલે પ્રાપ્ત કરે છે તે ગોવિંદ. તે મહાભારતમાં કહ્યું છે 'નિશ્ચયપૂર્વક પૂર્વે નષ્ટ થઈ ગએલી-નિશ્ચયપૂર્વક ગુફામાં જતી રહેલી ધરણીને મેં મેળવી, તેથી મને દેવોએ ગોવિંદ એ પ્રકારે કહીને તેઓએ નાના પ્રકારની વાણી વડે મારી ચારેકોરથી સ્તુતિ કરી. હરિવંશમાં પણ 'ગૌરીના ઈશ (મહાદેવજી) પછી તે પ્રકારે (મહાદેવજીની માફક) તે વાણીને નિશ્ચયપૂર્વક આપ પ્રાપ્ત કરાવો છો અથવા જણાવો છો તે કારણથી આપ દેવો અને મુનિઓ વડે ગોવિંદ તરીકે...' મૂલમાં પણ 'કૃષ્ણ કૃષ્ણ મહાયોગિન્' (૧૦।૨૪।૧૯) ઈત્યાદિથી કહેલું છે.

**વ્રતાદિધર્મસંસક્તનન્દક્લેશવિનાશકઃ ।।૮૪૯।।**

વ્રત એટલે એકાદશીનો ઉપવાસ તે વિગેરે ધર્મોમાં સારી રીતે સક્ત એટલે આસક્ત એવા જે નંદરાયજી તેમને વ્રતાદિથી ઉત્પન્ન થએલા ક્લેશનો વિશેષ કરીને નાશ કરનારા. સાક્ષાત્ ભગવાન્ બિરાજતા હોય ત્યારે બીજી જગ્યાએ પ્રવૃત્તિ કરવી તેનું ફલ માત્ર ક્લેશ જ છે એમ જણાવ્યું. તે કહ્યું છે 'એકાદશ્યાં નિરાહારઃ' ઈત્યાદિથી ૧૦।૨૫।૧.

**નન્દાદિગોપમાત્રેષ્ટવૈકુણ્ઠગતિદાયકઃ ।।૮૫૦।।**

નંદથી આરંભીને બાલ વૃદ્ધ સાધારણ ગોપમાત્રને ઈષ્ટ છે એટલે દર્શન

કરવાની અભિલાષા થઈ છે જેને માટે એવી જે વૈકુંઠગતિ એટલે વૈકુંઠમાં જવું તે ગતિનું દાન કરનારા. તે કહ્યું છે 'તે ત્વૌસુક્યધિયઃ' ઈત્યાદિ વડે કરીને ૧૦।૨૫।૧૦.

**આ પ્રકરણમાંનાં પુરુષોત્તમનામસહસ્રનાં નામોની શ્રીરઘુનાથજીની ટીકાનું ભાષાંતર સંપૂર્ણ.**

# શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# સુબોધિની

## (તામસ સાધન પ્રકરણ અધ્યાય ૧૯ થી ૨૫)

## ।। અધ્યાય ઓગણીસમો ।।

### (કુમારિકાઓએ કાત્યાયનીનું વ્રત કર્યું)

**કારિકાર્થ**– હવે સાત અધ્યાયથી અહિં ઉત્તમ અને ફલપર્યંતનો નિરોધ વિદ્યાના નિર્ણયપૂર્વક નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

**લેખ**(શ્રીવલ્લભજીકૃત)–'અત્ર' એટલે તામસ પ્રકરણમાં. ફલપર્યંત એટલે વૈકુંઠમાં લઈ જવારૂપ જે આત્મસમર્પણ તે છે અંત જેનો.

**યોજના** (શ્રીલાલુભટ્ટજીકૃત) –'ઉત્તમઃ' પ્રમાણ પ્રકરણમાં પ્રેમાત્મક નિરોધ કહ્યો છે. તે પ્રથમ નિરોધ છે. પ્રમેય પ્રકરણમાં આસક્તિરૂપ નિરોધ કહ્યો છે તે મધ્યમ નિરોધ છે. અહિં સાધન પ્રકરણમાં વ્યસનરૂપ નિરોધ કહ્યો છે તે ઉત્તમ નિરોધ છે. કેમ કે એ નિરોધ કોઈપણ વ્યવધાન એટલે અંતર્પટ વિનાના સાધનરૂપ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે જ્યારે કૃષ્ણમાં વ્યસન થાય ત્યારે જીવ કૃતાર્થ થાય છે, માટે વ્યસનરૂપ હોવાથી આ સાધન પ્રકરણમાંનો નિરોધ ઉત્તમ નિરોધ છે, અને તેનું અહિં નિરૂપણ કરવામાં આવે છે. ફલપર્યંત એટલે બ્રહ્માનંદના અનુભવરૂપ અવાંતર (ગૌણ) ફલપર્યંત.

આ સાધન પ્રકરણમાં પણ પાંચ વિદ્યા છે અને એ વિદ્યા સિદ્ધ થયા પછી આ જ પ્રકરણમાં દેવતાઓનું દર્શન અને વૈકુંઠ પર્યંત ગમનનું વર્ણન કરવામાં આવે છે. કા. ૨.

**ટિપ્પણી** (શ્રીગુસાંઈજીકૃત)–'વિદ્યાપંચકમ્'. સાક્ષાત્ સેવાનો અસંભવ હોય તો પરંપરાથી પણ ભગવાનની જ સેવા કરવી. દેહ, ઈન્દ્રિયો વિગેરેનો વિનિયોગ ભગવાનમાં જ કરવો, સ્વાર્થમાં પણ નહિ, એવા નિર્ણયરૂપ એક વિદ્યા. દેહના નિર્વાહને માટે અને પ્રાણાદિ ધર્મ જેવા કે ભૂખ, તરસ વિગેરેની નિવૃત્તિને માટે જો કે પોતાથી દેહનો નિર્વાહ અને ભૂખ, તરસ વિગેરેથી નિવૃત્તિ થઈ શકવાનો સંભવ હોય તો પણ તેને માટે પ્રભુની જ પ્રાર્થના કરવી પણ બીજા કોઈની તો નહિ જ. પ્રભુ લોકમાં અલૌકિક કાંઈ કરતા નથી. ભગવદ્‌ભાવ પ્રાપ્ત કરવામાં અનુગ્રહ જ નિયામક છે. શાસ્ત્રીય સાધન પણ નહિ. એ નિર્ણયરૂપ બીજી વિદ્યા. બીજાનું ભજન કરવું નહિ, પરંપરાથી ચાલતો આવેલો ધર્મ પણ ભગવદિચ્છા હોય તો તજવો, એ ત્રીજી વિદ્યા. સર્વ અવસ્થામાં હરિની જ સેવા કરવી, કારણ કે ભગવાન્ અક્લિષ્ટકર્મા (કોઈને પણ ક્લેશ નહિ થાય એવા કર્મ કરવાવાળા) છે. તે

નિજજનની રક્ષા અવશ્ય કરે છે જ, એ ચોથી વિદ્યા. ભગવાનના માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભગવાનમાં પરમ સ્નેહ અને ભક્તો સર્વથી શ્રેષ્ઠ છે એવું જ્ઞાન, એ પાંચમી વિદ્યા. આ પાંચ વિદ્યાની પ્રાપ્તિ થવાથી પૂર્ણ નિરોધ સિદ્ધ થયો. તેથી ભગવાને પોતાનું કાર્ય સિદ્ધ થવાથી પછી ઇન્દ્ર વિગેરેના દર્શનરૂપ દષ્ટિ વ્રજવાસીઓની કરી, તેથી જ તેનું નિરૂપણ પાછળથી કર્યું છે. અને શ્રીનંદરાયજીને ભગવાનના ઉત્કર્ષનું જ્ઞાન થાય તે હેતુથી વરુણનું દર્શન કરાવ્યું એ જ બાબત 'તસ્મિન્ જાતે સુરેક્ષણમ્' એ પદોથી કહી છે.

**લે.**–'અત્રાપિ' એટલે સાધનમાર્ગીય ભક્તોમાં, 'અત્રાપિ' પછી 'નિરૂપ્યતે' એમ સંબંધ સમજવો. લીલાસ્થ ભક્તોને વિષે પણ પાંચ વિદ્યાનું નિરૂપણ કરવામાં આવે છે. 'તસ્મિન્ જાતે સતિ' વ્યસનપર્યંત નિરોધ સિદ્ધ થવાથી ભગવાને કરાવેલું ઇન્દ્રનું દર્શન અને ભક્તોએ કરેલું વરુણનું દર્શન એ બંને 'સુરેક્ષણમ્'નું વર્ણન કરવામાં આવે છે એમ સંબંધ છે. આથી આ નિરોધ થતા સુધી બીજું કાંઈ કાર્ય ભગવાને કર્યું નહિ, પણ એના પછી ઇન્દ્રવિષયિણી દષ્ટિ વ્રજવાસીઓની કરી, તેથી આ લીલા બહુ મહત્ત્વની છે એમ સમજાય છે. તાત્પર્ય એ છે કે આ નિરોધ દેવદર્શનમાં પ્રતિબંધ દૂર કરવાના હેતુરૂપ છે, અને ભગવદ્‌લોકના દર્શનની ઇચ્છા ઉત્પન્ન કરવાથી વરુણના દર્શનની સ્વરૂપયોગ્યતા સંપાદન કરવામાં હેતુરૂપ છે. 'ઇહૈવ' એટલે વરુણ દર્શનના અધ્યાયમાં. 'ચ'થી છંદ બ્રહ્માત્મકપણું પણ સમજવું.

કર્મ અને જ્ઞાનાત્મિક વિદ્યામાં તેના અંગભૂત જ્ઞાન પાંચ પ્રકારનું છે અને કર્મ પણ પાંચ પ્રકારનું છે. અવિદ્યા અને તેના કાર્યનો સંબંધ અહિં નથી તે જણાવવાને માટે વિદ્યા નિરૂપણ કર્યા પછી દેવનું દર્શન નિરૂપણ કરવામાં આવે છે. કા. ૩.

**ટિ.**–'અવિદ્યાકાર્ય' એટલે અવિદ્યા અને તેનું કાર્ય એમ સમજવું.

**લે.**–કર્મજ્ઞાનાત્મિક વિદ્યામાં તેનું અંગભૂત જ્ઞાન આગળ કહેવામાં આવશે. તે પર્વના ભેદથી પાંચ પ્રકારનું છે. અને કર્મ, દેશ, કાલ, દ્રવ્ય, કર્તા અને મંત્રના ભેદથી પાંચ પ્રકારનું છે, એમ મર્યાદા છે. અવિદ્યા અને તેના કાર્યનો સંબંધ અહિં નથી તે હેતુથી તે જણાવવાને માટે વિદ્યા નિરૂપણ કર્યા પછી દેવદર્શનનું નિરૂપણ કરવામાં આવે છે.

**યો.**– 'જ્ઞાનં કર્મ ચ વિદ્યાયામ્' એમાં વિદ્યા ટિપ્પણીમાં કહેલી પાંચ પ્રકારની સમજવી. જ્ઞાન અને પછી તેને અનુકૂલ કર્મ પણ પાંચ પ્રકારનું છે તે નીચે પ્રમાણે. (૧) કાત્યાયનીવ્રત પૂજા વિગેરે કર્મ ભગવાનને મેળવવાની ઇચ્છાથી કરવું અને પરંપરાથી ભગવાનની જ સેવા કરવી એ એક કર્મ. (૨) ગોપોએ ક્ષુધાથી પીડિત થવાથી ક્ષુધાની શાંતિને માટે ભગવાનની જ પ્રાર્થના કરી તેથી તેવી પ્રાર્થનારૂપ બીજું કર્મ. (૩) શ્રીનંદરાયજી વિગેરેએ ઇન્દ્રના યાગરૂપ પરંપરાથી પ્રાપ્ત થએલા ધર્મનો ત્યાગ કર્યો અને ગોવર્ધન યાગ કર્યો તે ત્રીજું કર્મ. (૪) ઇન્દ્રે કરેલી વૃષ્ટિથી વ્યાકુલ થએલા વ્રજજનોએ હરિની જ સેવા કરી તે શરણ જવારૂપ ચોથું કર્મ. (૫) શ્રીનંદરાયજીના વાક્યોથી જેમનો

સંદેહ જતો રહ્યો છે એવા ગોપોએ માહાત્મ્યજ્ઞાન પૂર્વક ભગવાનમાં સ્નેહયુક્ત કર્મ કર્યું તે પાંચમું કર્મ.

સ્ત્રીઓ અને પુરુષોનું સહભાવથી અને તુલ્યપણાથી નિરૂપણ છે. આગળ ગોપોની અને ગોપિકાઓની કર્મ અને જ્ઞાનાત્મિક લોકને અનુસાર વિદ્યા ભેદ સહિત નિરૂપણ કરવામાં આવે છે. કા. ૪–૪।।.

**ટિ.**– સ્ત્રીઓ અને પુરુષોનું સહભાવથી નિરૂપણ કરવાનું કારણ તેમનું તુલ્યપણું છે. અવિદ્યાના સંબંધનો અભાવ બંનેમાં તુલ્ય છે અથવા નિરોધ બંનેમાં તુલ્ય છે.

**લે.**– 'તુલ્યત્વાચ્ચ' અહિં 'ચ'કારથી અતુલ્યપણું પણ સમજવું. અંતઃસ્થ ગોપિકાઓ બીજા ધર્મથી અતુલ્ય પણ હતાં.

**યો.**– 'સ્ત્રીપુંસોઃ' એટલે કુમારિકાઓ અને તેમના પુરુષભાવરૂપ વયસ્યો. 'તુલ્યત્વાત્' એટલે રહસ્યલીલાનો અનુભવ કુમારિકાઓને તેમના પુરુષભાવરૂપ વયસ્યની સાથે જ ફલપ્રકરણમાં થવાનો છે તેથી ફલના અનુભવનું તુલ્યત્વ હોવાથી સાધનમાં પણ સહભાવથી નિરૂપણ કર્યું છે. 'વયસ્યૈરાગતસ્તત્ર' વયસ્યોની સાથે ત્યાં આવેલા ભગવાન્ વિગેરે સ્થલે સાધનમાં સહભાવનું નિરૂપણ છે. ગોપિકાઓની કર્માત્મિક વિદ્યા એટલે કાત્યાયનીવ્રતરૂપ વિદ્યાનું નિરૂપણ કરવામાં આવે છે અને ગોપોની જ્ઞાનાત્મિક વિદ્યા 'આ વૃક્ષોનું જન્મ ઉત્તમ છે' વિગેરે વાક્યોથી ભગવાને ઉપદેશ કરેલી તેનું નિરૂપણ કરવામાં આવે છે. એ પ્રમાણે ગોપિકાઓની કર્માત્મિક વિદ્યા અને ગોપોની જ્ઞાનાત્મિક વિદ્યા ભેદથી નિરૂપણ કરવામાં આવી છે. એ જ બાબત છેલ્લી કારિકામાં સ્પષ્ટ કહી છે કે ઓગણીશમાં અધ્યાયમાં ભોગ્ય કુમારિકાઓના વ્રતનું જેમ નિરૂપણ કર્યું છે તેમજ અંતઃસ્થ કુમારોનું જ્ઞાન પણ અહિં કહેવામાં આવે છે. અંતઃસ્થ એટલે જે ભક્તોનો નિરોધ કરવાનો છે તેમની ઇન્દ્રિયોને વિષે તેમના અધિષ્ઠાતા રૂપે અંદર રહેલા કૃષ્ણ, સ્તોક વિગેરેનો.

ઓગણીશમા અધ્યાયમાં ભોગ્ય કુમારિકાઓના વ્રતનું જેમ નિરૂપણ કરવામાં આવે છે તેમ અંતઃસ્થ કુમારોના જ્ઞાનનું પણ અહિં વર્ણન કરવામાં આવે છે. કા. ૫–૫।।.

**કારિકાર્થ સંપૂર્ણ.**

।। શ્રીશુક ઉવાચ ।।

**હેમન્તે પ્રથમે માસિ નન્દગોપકુમારિકાઃ ।।**
**ચેરુર્હવિષ્યં ભુઞ્જાનાઃ કાત્યાયન્યર્ચનવ્રતમ્ ।।૧।।**

હેમંત ઋતુના પ્રથમ માર્ગશીર્ષ માસમાં નંદગોપની કુમારિકાઓએ હવિષ્ય અન્નનું ભોજન કરીને કાત્યાયનીની પૂજાના વ્રતનો આરંભ કર્યો. ૧.

**સુબોધિની** (મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત)– ગયા અધ્યાયમાં સ્ત્રીઓની એટલે ગોપિકાઓની ભગવત્ક્રીડામાં પરમ આસક્તિનું નિરૂપણ કર્યું, તે ગોપિકાઓ બે પ્રકારનાં છે. અનન્યપૂર્વા એટલે કુમારિકાઓ અને અન્યપૂર્વા એટલે પરણેલાં. પરણેલાંઓનો સંસ્કાર બીજી જ રીતે એટલે અન્યની સાથે વિવાહથી થએલો છે. તે ગોપિકાઓનો તે સંસ્કાર થયા પછી માત્ર ત્યાગ જ બાકી રહ્યો છે તે આગળ કહેવામાં આવશે. બીજાં ગોપિકાઓ એટલે કુમારિકાઓ જેમનો સંસ્કાર થયો નથી તેમના સંસ્કારનું જ નિરૂપણ કરવામાં આવે છે. વિદ્યામાં ત્યાગ અને અત્યાગનો નિર્ણય આ જ છે. અત્યાગ ત્યાગ કરતાં ઉત્તમ છે તે જણાવવાને માટે પરીક્ષા કરી.

**ટિ.**–'અન્યપૂર્વાસ્ત્વન્યથૈવ કૃતસંસ્કારા ઈતિ' અહિં આ સમજવાનું છે. સ્ત્રીઓનો મુખ્ય સંસ્કાર લગ્ન જ છે, કારણ કે તે સંસ્કાર મંત્રસહિત છે. લોકની અંદર તે સંસ્કારથી સ્વર્ગાદિ ફલ આપનાર અગ્નિહોત્ર વિગેરેમાં અધિકાર પ્રાપ્ત થાય છે. ચાલતા પ્રસંગમાં એ ફલની વાત નથી. ભગવત્સંબંધ જ ફલરૂપ છે એમ કહેવામાં આવશે, તેથી આ સંસ્કારનું અહિં પ્રયોજન નથી. માટે આ સંસ્કારની વાત અહિં પ્રયોજન વિનાની થઈ જાય, તેથી જે ફલ કહેવાની અહિં ઈચ્છા છે તેને સિદ્ધ કરનાર કોઈક ધર્મ અહિં સંસ્કાર શબ્દથી કહેવો જોઈએ. તે ધર્મ વિવાહથી થએલો તૃતીય પુરુષાર્થ એટલે કામના રસનો અનુભવ કરાવવામાં હેતુરૂપ છે. તે કામરસની મર્યાદા એવી છે કે તે રસ પતિપત્નીમાં ઉત્પન્ન થઈ શકતો નથી, તેથી 'અન્યથા' એટલે બીજાની સાથે તેમનો લગ્ન સંસ્કાર થયો છે એમ કહ્યું. ભગવદીઓનું બીજાની સાથે લગ્ન ઉચિત નહિ હોવાથી અન્યથા એ શબ્દ વાપર્યો. પરંતુ તે પતિઓની સાથે તેમને સંબંધ થયો નથી અને તે લગ્ન ભગવદ્રસપોષક છે તેથી તેને સંસ્કાર કહ્યો છે. આથી આ સંસ્કાર અયુક્ત છે એવી શંકા પણ દૂર કરી. જો તે અનુચિત હોત તો તે સંસ્કાર કહેવાત નહિ, તેથી આ સર્વ નિર્દોષ છે. વળી એમ કહ્યું છે કે લોકને અનુસાર કર્મજ્ઞાનાત્મિક વિદ્યાનું નિરૂપણ આગળ કરવામાં આવે છે તેથી અહિં લોકને અનુસાર કર્મ નિરૂપણ થાય છે, ભગવત્શાસ્ત્રને અનુસાર નહિ. ભગવત્શાસ્ત્રમાં તો મર્યાદા એ છે કે ભગવત્પ્રાપ્તિને માટે ભગવાનની જ સેવા કરવી. લોકમાં તો પોતાના પ્રિયને પ્રાપ્ત કરવા માટે તે પ્રિયની જે દૂતી હોય તેની પ્રાર્થના કરવામાં આવે છે. તેમ જ અહિં પણ કાત્યાયનીની પ્રાર્થના કરવામાં આવી છે. જેમ લૌકિક દૂતી દ્રવ્ય વિગેરે આપવાથી સંતોષવામાં આવે છે, તેમ આ અલૌકિક દૂતી કાત્યાયનીને અલૌકિક પ્રકારે સંતોષવામાં આવે છે. આથી આમાં બીજાના ભજનરૂપી દોષ પણ સંભવતો નથી. કારણ કે આ તો જેમ ભગવાનને સંતોષવાને પોતાના શરીરને શણગારવામાં આવે છે તેના જેવું જ છે અને રસનું પોષક છે. હવે વિવાહિત ગોપિકાઓ તો પ્રૌઢ છે અને ભાવના અંકુરો તેમનામાં તો ઉત્પન્ન થએલા છે. તેમને તો દરરોજ પ્રિય ભગવાનનો વધતો જતો જે પ્રેમ તેનાથી અત્યંત આર્દ્ર થએલાં ચક્ષુ તેના દર્શનથી અનંગવૃક્ષ અત્યંત મોટું થઈ ગએલું હોવાથી તેના રસના

પ્રવાહના પૂરથી તેમને બીજી કાંઈ સ્ફૂર્તિ નથી, અને યોગ્ય સમય પ્રાપ્ત થાય ત્યારે ભગવાનના સમાગમની જ અપેક્ષા છે. તે બાબત 'નિશમ્ય ગીતમ્'થી શરૂ કરીને 'ન ન્યવર્તન્ત' એ શ્લોકોથી છવીશમા અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવશે. આ બાબત ધ્યાનમાં રાખીને 'તાસામ્ ત્યાગો અઙ્ગમ્' એટલે તેમને તો ત્યાગ જ કરવાનો બાકી છે એમ સુબોધિનીમાં કહ્યું.

**લે.**–'અન્યથા' એટલે વિવાહથી. ટિપ્પણીમાં વિવાહને સંસ્કાર કહ્યો તે 'કર્તરિ અણ્' એ અભિપ્રાયથી કહ્યો. ધર્મને સંસ્કાર કહ્યો તે 'ભાવે ઘઞ્' એ અભિપ્રાયથી કહ્યો. 'તાસામ્ ત્યાગો અઙ્ગમ્' એની પહેલાં 'કિઞ્ચ' એ અધ્યાહાર સમજવું. તેથી અર્થ એ થયો કે વિવાહિત ગોપિકાઓનો અન્યથા સંસ્કાર થએલો હોવાથી તેમને ત્યાગ માત્ર જ કરવાનો બાકી છે અને સંસ્કારની અપેક્ષા નથી, તેથી 'અન્ય' એટલે કુમારિકાઓના જ સંસ્કારનું નિરૂપણ કરવામાં આવે છે. 'તત્સંસ્કાર' એટલે જે સંસ્કાર કરવાનું પ્રયોજન ભગવાનનો સંબંધ કરાવવાનો છે એવો સંસ્કાર. અહિં માત્ર સંસ્કારનું નિરૂપણ કરવામાં આવે છે. ભગવાનની સાથે સંબંધ તો બંને પ્રકારના ગોપીજનનો સાથે જ કહેવામાં આવશે, તેથી 'સંસ્કાર એવ નિરૂપ્યતે' એમ સુબોધિનીમાં કહ્યું. ટિપ્પણીમાં 'અનુદિનમ્ એધમાનો' વિગેરેનો અર્થ નીચે પ્રમાણે છે. દરરોજ વધતો જતો જે પ્રેમ તેનાથી અત્યંત આર્દ્ર જે પ્રિયનું ચક્ષુ તેનાથી જે જોવું તે વડે વધી ગએલો છે જે કામવૃક્ષ તેના રસનું જે પૂર તેનાથી મત્ત થએલાં. અહિં 'તત્' પદથી અનંગવૃક્ષ સમજવું.

**ટિ.**–શંકા– કુમારિકાઓના વ્રતના પ્રસંગમાં પ્રૌઢ ગોપીજનનો પ્રસંગ કેવી રીતે આવે? ઉત્તર– આવી રીતે. મૂળ શ્લોકમાં 'કુમારિકા વ્રતમ્ ચેરુઃ' એટલે કુમારિકાઓ એ વ્રત કર્યું એમ કહ્યું. તેથી કુમારિકા વિનાના બીજાં ગોપીજનોએ વ્રત કર્યું નથી એમ સૂચવ્યું. તેથી જેઓએ વ્રત કર્યું નથી તેમનું સ્વરૂપ કહેવું જોઈએ, અને ન કહેવાનો હેતુ પણ કહેવો જોઈએ. તેથી તે બંને કહેવું યોગ્ય જ છે. આથી આગળ 'અન્યાસામ્ અસંસ્કૃતાનામ્ સંસ્કાર એવ નિરૂપ્યતે' એટલે બીજાં ગોપીજન જેમને સંસ્કાર થયો નથી તેમના સંસ્કારનું જ નિરૂપણ કરવામાં આવે છે. પ્રથમ ભગવાનને માટે જે વ્રત કર્યું તેનાથી જે ક્લેશ થયો તેનાથી ઉત્પન્ન થએલો જે ભાવ તે રૂપ સંસ્કાર. કોઈ પણ પ્રયાસ વિના જે કાંઈ પ્રાપ્ત થાય તેના કરતાં જે ક્લેશથી પ્રાપ્ત થાય તેમાં પ્રેમ વિશેષ હોય છે એ અનુભવસિદ્ધ છે. પછી 'કૃષ્ણચેતસઃ' (શ્લોક. ૫) એ પદથી કહેવાએલો દરરોજનો અનેક પ્રકારનો ભગવાનના સંગમના મનોરથરૂપ સંસ્કાર અને તેનાથી ઉત્પન્ન થએલો ભાવ વિશેષ એ સંસ્કાર. આ ભાવને લીધે આગળ કાત્યાયનીની પ્રાર્થના ન કરતાં ભગવાનની જ પ્રાર્થના કરશે. પછી 'ઉષસિ' એ છઠ્ઠા શ્લોકમાં જે પ્રકાર કહ્યો છે તે પ્રકારનો સંસ્કાર. પછી જ્યારે પ્રિય ભગવાન્ પધાર્યા ત્યારે વિવિધ પ્રકારના રસ અને ભાવથી પૂર્ણ પરસ્પર વાર્તાલાપથી ઉત્પન્ન થએલો જે પ્રમોદ અથવા આનંદવિશેષ તેનાથી થએલા ભાવરૂપ સંસ્કાર. પછી 'યૂયં વિવસ્ત્રા' એ

ઓગણીશમા શ્લોકમાં ભગવાને જે કહ્યું તે સાંભળીને આગળના વાક્યમાં નિરૂપણ કરેલો ભાવવિશેષ તે સંસ્કાર. તે જ 'દઢં પ્રલબ્ધા' એ બાવીશમા શ્લોકમાં શુકદેવજી એ કહ્યો છે. તેથી જ ઈર્ષ્યાના હેતુઓ હોવા છતાં તેમને ઈર્ષ્યા ઉત્પન્ન થઈ નહિ. કારણ કે સંસ્કારથી દોષ ઉત્પન્ન થાય જ નહિ. પછી આગલા વાક્યમાં નિરૂપણ કરેલો જે વિશેષ તે રૂપ સંસ્કાર. પછી અતિ સંતુષ્ટ થએલા પ્રિય ભગવાનના અવલોકનથી અને વરદાનનું વાક્ય સાંભળીને આગળ ભગવાનની સાથે સંગમ જરુર થશે એવા નિશ્ચયથી ઉત્પન્ન થતો સંસ્કાર. પછી ઘેર જવાની આજ્ઞાથી ઉત્પન્ન થએલા અતિ દુઃખ અને ઈષ્ટ પ્રાપ્તિથી ઉત્પન્ન થએલા અતિ સુખ એ બે પ્રકારના ભિન્ન ભિન્ન ભાવવાળો સંસ્કાર. પછી એક એક ક્ષણનું અનેક કલ્પતુલ્ય હોવાનું ભાન અને સર્વ સ્થલેથી સંગોપન કરવાથી (છુપાવવાથી) પોતાના હૃદયને વિષે પુષ્કળ વધતો જતો જે ભાવ તેના રસના પૂરથી કોઈકવાર એકબીજાને તેની કથારૂપ અમૃતના બહાર પડવાથી જે સુખ થતું અને નિરંતર થતા મનોરથોથી ક્ષણે ક્ષણે સાક્ષાત્ ભગવદુપભોગ પોતાનો થતો એમ માનતા–આ સર્વરૂપ અનેક પ્રકારના સંસ્કાર સમજવા. વળી એમને અંદર એટલે હૃદયમાં ભગવાનનો સાક્ષાત્ સંબંધ હતો અને બહાર ન હતો એમ પણ સમજવું. આમ હોવાથી એ ગોપીજનને આગળ જતાં જે ભગવાનનો સંગ થવાનો છે તેમાં મુખ્ય રસના અનુભવની યોગ્યતા તેમને થઈ તે એમના સંસ્કારરૂપ સમજવી, આ બાબત ધ્યાનમાં રાખીને સુબોધિનીમાં કહ્યું છે કે 'સંસ્કાર એવ નિરૂપ્યતે' (સંસ્કારનું જ નિરૂપણ કરવામાં આવે છે). જો કે ભગવાનમાં સર્વ સામર્થ્ય છે તો પણ એ રસનું સ્વરૂપ જ એવું છે તેથી એ પ્રમાણે કહ્યું છે (કે સંસ્કારનું જ નિરૂપણ કરવામાં આવે છે) એવો ભાવ છે.

'વિદ્યાયામ્ અયમેવ ત્યાગાત્યાગનિર્ણયઃ' (વિદ્યામાં ત્યાગ અને અત્યાગનો નિર્ણય આજ છે)–આ ત્યાગ કહેવાય, આ અત્યાગ કહેવાય અને તે આ પ્રમાણે કરવો, જો આમ ન હોય તો ન કરવો, વિગેરેનો નિર્ણય આ જ છે. ઉપર કહેલા સંસ્કારના નિરૂપણરૂપ છે એવો અર્થ છે. તે નીચે પ્રમાણેઃ–જે દીવસે વૈરાગ્ય થાય તે જ દીવસે સંન્યાસ લેવો એ શ્રુતિને લીધે પ્રાવાહિક (એટલે સામાન્ય રીતે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમો કહેવાય છે તે) આશ્રમોની મર્યાદામાં રાગનો અભાવ માત્ર થાય કે તરત જ ત્યાગ કરવાનો એટલે સંન્યાસ લેવાનો ઉપદેશ કરવામાં આવે છે. ભક્તિમાર્ગમાં તેમ નથી. તે જણાવવાને 'વિદ્યાયામ્' એ પદ મુક્યું છે. એ વિદ્યા અહિં ભક્તિમાર્ગીય વિદ્યા સમજવી. ભક્તિમાર્ગ વિના બીજે સ્થલે જે વિદ્યા કહેવાય છે તે અહિં વિદ્યા જ માનવામાં આવતી નથી, તે જણાવવાને 'વિદ્યા' એમ સામાન્ય પદ મુક્યું છે. આ ગોપીજનોને વિષયમાં રાગ નથી તો પણ ફલરૂપ ભગવાન્ ઘરમાં જ છે તેથી બહાર જવાનું પ્રયોજન નથી, તેથી તેમણે બાહ્યત્યાગ કર્યો નથી, પણ ઘરને વિષે રહીને જ ભગવત્પ્રાપ્તિને અનુકૂલ પ્રયત્ન કર્યો છે. જેમ જેમ ભગવદ્ભાવ વધતો ગયો તેમ તેમ તેમણે બાહ્ય સાધનનો ત્યાગ કર્યો અને અંતરંગ સાધન કરતાં ગયાં. ભગવાનના સંગમના ભાવથી સ્વાભાવિક રીતે જે જે છૂટતું

ગયું પછી તે ભલે વૈદિક ક્રિયાઓ પણ હોય તે ભલે છૂટો, પણ તેમણે પોતાની બુદ્ધિપૂર્વક કશાનો પણ ત્યાગ કર્યો નથી. પ્રિય ભગવાનના સંતોષને માટે દેહ અને અંતઃકરણના ધર્મો જે છોડવાને અશક્ય છે તે પણ છોડવા જોઈએ (તે તેમણે છોડ્યા). ફલની પ્રાપ્તિ થયા પછી જ્યારે ભગવાનની ઈચ્છા થાય ત્યારે જ ત્યાગ કરવો, નહિ તો ત્યાગ કરવો નહિ, એમ તેમના વ્રત, ભગવાનની પ્રાર્થના, વસ્ત્રોનો ત્યાગ, હસ્તની અંજલિ મસ્તક આગળ ધરવી અને ઘેર જવું એ સર્વ ઉપરથી નિર્ણય થાય છે. તેથી જ કહ્યું કે ફલ પ્રાપ્ત થયા પછી પણ ભગવાનની ઈચ્છા હોય તો ત્યાગ કરવો, નહિ તો નહિ. તેથી આગળ ત્યાગ પણ કહ્યો છે. આ ત્યાગ સિવાય બીજી રીતે કરેલો ત્યાગ ત્યાગ જ નથી, કેમ કે તેવા ત્યાગથી ફલના રસનો અનુભવ થતો નથી, એ 'અત્યાગ' પદનું તાત્પર્ય સમજવું. નીચોલ અર્થ એ છે કે સાધનદશામાં તો ત્યાગ યોગ્ય જ નથી. આ ગોપીજનને ફલની પ્રાપ્તિ થયા છતાં ઉપર કહ્યું તે પ્રમાણે એમને સંસ્કાર માત્ર થયા છે. કાંઈ બહારનો સંબંધ થયો નથી, તેથી એમની સાધનદશા જ છે. ખરી રીતે તો હાલમાં ફલપ્રાપ્તિનો નિશ્ચય જ થયો છે, ફલની પ્રાપ્તિ તો આગળ થવાની છે, માટે તેઓ ઘેર ગયાં તે યોગ્ય જ છે.

શંકા– વસ્ત્રની ગાંઠ ઉપર જ્યારે પ્રિય હસ્ત મુકે ત્યારે કાંઈપણ અનુસંધાન રહેતું નથી એ ન્યાયથી તે સમયે પોતાના વસ્ત્રને છોડવાનું અનુસંધાન કેવી રીતે ઘટે?

ઉત્તર– આ પ્રમાણે. સંગમના ભાવમાં જ પોતાને વિષે ભગવાનની ઘણી પ્રીતિ છે અને પોતાનો અંતરાય સહન થઈ શકતો નથી એ ભાવનાથી જ એ અનુસંધાન થાય છે. તેથી જ પ્રિય ભગવાને 'મસ્તક પર અંજલિ ધરીને' વિગેરે વચનોથી તેમના ભાવની પરીક્ષા કરી. ઉપર કહેલા ભાવથી જ જ્યારે આ ગોપીજનો આમ કરશે (અંજલિ ધરશે) ત્યારે જ દૃષ્ટિનો અંતરાય પણ તેનો દૂર કરશે. (એ મતલબથી પરીક્ષા કરી).

વરુણ દેવની અવહેલના કરી એમ ભગવાનના વચનથી વસ્ત્રનો ત્યાગ ભગવાનને રુચિકર નથી એમ સૂચવ્યું. જ્યારે ભગવાનનો સાક્ષાત્ સંગમ હોય અને અંતરાય અસહ્ય હોય ત્યારે વસ્ત્રનો ત્યાગ ઉચિત છે, માત્ર સંગમની ભાવનામાં ઉચિત નથી, એમ ભગવાનનો આશય છે. આ બાબત ધ્યાનમાં રાખીને જ સુબોધિનીમાં કહ્યું કે અત્યાગ ત્યાગ કરતાં ઉત્તમ છે તે જણાવવાને પરીક્ષા કરી. તેથી જ મૂલમાં વીશમા શ્લોકમાં 'તત્પૂર્તિકામા' એમ કહ્યું. સંપૂર્ણ અંગ ઉપર દૃષ્ટિ પડે ત્યારે જ પૂર્ણતા માનનાર ભગવાનને સંપૂર્ણ અંગનું દર્શન ન થાય તો અપૂર્ણતા જ રહે. તેથી ઉપર કહેલી રીતિએ તે પૂર્ણ કરવાની ઈચ્છાથી જ તે ગોપીજનોએ તે પ્રમાણે કર્યું. જો વસ્ત્રનો ત્યાગ ન કર્યો હોત તો જલદી પ્રિય ભગવાનની પાસે જઈ શકાત, વસ્ત્ર ત્યાગ કરવાથી જ વિલંબ થયો એમ સમજ્યાં, એ પણ ત્યાગ કરતાં અત્યાગ ઉત્તમ હોવામાં હેતુ છે.

**સુ.**– નંદગોપ મુખ્ય છે તેથી તેને ત્યાં જ ભોગ્ય કન્યાઓ છે, તે કન્યાઓ દૈવગતિથી એક જાતિની જ છે, એમ બીજાં પુરાણો ઉપરથી માલમ પડે છે કેમ કે ત્યાં

'સોળ હજાર ઋષિઓ' વિગેરે વાત લખેલી છે. તે કન્યાઓનું નિરૂપણ વેણુગીતમાં 'પ્રાયો બતામ્બ' શ્લોકમાં 'અમ્બ' એ સંબોધનથી કરેલું છે. તેઓ (પૂર્વ જન્મમાં) ઋષિઓ હોવાથી તેમને શંકા થાય છે કે આપણને કોઈ બીજાને દાનમાં તો નહિ આપી દે? અને કોઈ બીજો આપણો ભોગ નહિ કરે? તેથી તેઓએ વ્રતને માટે પ્રવૃત્તિ કરી. પહેલાં (૧૭ મા અધ્યાયમાં) શરદ્ ઋતુમાં તેમના ચિત્તની સ્થિતિનું નિરૂપણ કર્યું, તેથી હેમંત ઋતુમાં તેઓએ વ્રતની પ્રવૃત્તિ કરી એમ સમજવું. તેમાં પણ વ્રતનો આરંભ પ્રથમ માર્ગશીર્ષ માસમાં કર્યો કેમ કે ગીતામાં ભગવદ્વાક્ય છે કે માસોમાં હું માર્ગશીર્ષ છું. [સ્વતન્ત્રલેખ]આ વ્રત અહિં જ પ્રસિદ્ધ છે. કાત્યાયની ભગવાનની આધિદૈવિકી તામસી શક્તિ છે, દુર્ગા અને પાર્વતી રાજસી શક્તિ છે, બ્રાહ્મણો સાત્ત્વિક છે તેમના પર પ્રસાદરૂપ શક્તિ સ્ત્રી છે અથવા ગુણાતીત ભગવાન જ છે. તેનું પ્રસાદને માટે સેવન કરવામાં આવે છે, તેથી હેમંત એ પાંચમી ઋતુમાં, પાંચમા પુરુષાર્થની (ભક્તિની) સિદ્ધિને માટે, પ્રથમ માર્ગશીર્ષ માસમાં નંદગોપની કુમારિકાઓ. જેમને પ્રાપ્ત કરીને સારી રીતે રક્ષણ કરીને રાખી છે, તેઓએ હવિષ્યાન્ન (સાથવા)નું જ ભોજન કરીને કાત્યાયનીની પૂજારૂપ એક માસમાં પૂરું થાય એવું વ્રત કર્યું. દરરોજ કાત્યાયનીની પૂજા કરવી એવો નિયમ લીધો.

**લે.**-આધિદૈવિકી એટલે આધિદૈવિક પ્રતિબંધને નાશ કરનારી. આ વાત મંત્રના વ્યાખ્યાનમાં સ્પષ્ટ કહેવામાં આવશે. 'તામસ' એટલે તામસ જીવોને ભગવાનની પ્રાપ્તિ કરાવનારી. દુર્ગા એ રાજસી છે તેથી રાજસ પ્રકરણમાં તેના વડે ભગવત્પ્રાપ્તિ થઈ છે. 'બ્રાહ્મણાઃ' વિગેરેથી પક્ષાંતર કહે છે, ત્યાં આગળ 'યે' શેષ અથવા અધ્યાહાર સમજવો. 'યેન સાત્ત્વિકા બ્રાહ્મણાઃ કુમારિકાસ્તેષામ્ બ્રાહ્મણાનામ્' એમ સંબંધ છે. અહિંઆં છઠ્ઠી વિભક્તિ વિષયતાના અર્થમાં છે, બાહ્મણવિષયક પ્રસાદ નિરૂપણ કરનાર એમ અર્થ છે. અહિં વ્રતના પ્રસંગને લીધે સાત્ત્વિકત્વ કહ્યું છે. 'ગુણાતીતઃ' એનો સંબંધ પણ 'સ્ત્રી ભવતિ' એની સાથે છે.

**યો.**-'કાત્યાયની આધિદૈવિકી' વિગેરે. પૂર્વ જન્મમાં રામાવતારમાં જે અગ્નિકુમારો હતા તેમના ઉપર જે ભગવત્પ્રસાદ થયો તે રૂપ કાત્યાયની શક્તિ છે તેથી જ આધિદૈવિકી એમ કહ્યું. કાત્યાયની શિવપત્ની હોવાથી શિવશક્તિ તરીકે પ્રસિદ્ધ છે, અને કોઈપણ સ્થલે ભગવત્શક્તિ તરીકે પ્રસિદ્ધ નથી માટે આ ભગવત્શક્તિ હોઈ નહિ શકે એવી શંકા કરવી નહિ. આધિભૌતિક કાત્યાયની જો કે શિવશક્તિ છે તો પણ આધિદૈવિક કાત્યાયની ભગવત્શક્તિ છે. એનો નિર્ધાર થઈ ગએલો છે. 'શ્રિયમ્ લક્ષ્મીમૌપલામ-મ્બિકાઙ્ગામ્' એ પ્રમાણે ઉપનિષદ્માં એ ભગવત્ શક્તિ છે એમ નિર્ધાર થઈ ગયો છે. 'ઔપલામ્' એટલે પથ્થરના સંબંધવાળી પાર્વતી એવો અર્થ થાય છે. બ્રહ્મવૈવર્ત પુરાણમાં

કહ્યું છે કે રાસમંડલમાં ભગવાને પાર્વતીને શિવને આપી. શ્રુતિમાં કહ્યું છે કે ભગવાનની વિવિધ શક્તિઓ છે. એ પ્રમાણે બહુ શક્તિઓ હોવાથી જુદા જુદા કાર્યોને માટે જુદી જુદી શક્તિઓનો ઉપયોગ ભગવાન્ કરે છે તેથી તામસ વ્રજવાસીઓને ભગવાનની પ્રાપ્તિ કરાવવામાં કાત્યાયની તામસી ભગવત્‌શક્તિ હેતુ છે એમ સમજવું. તેથી જ જેના ઉદ્દેશથી હે સતીઓ તમે આર્યાની પૂજારૂપ આ વ્રત કર્યું એમ સત્તાવીશમા શ્લોકમાં ભગવદ્વાક્ય છે. રાજસ ભક્તોને ભગવત્પ્રાપ્તિમાં દુર્ગા અને પાર્વતીરૂપ રાજસી ભગવત્‌શક્તિ કારણ છે, તેથી જ શ્રીરુક્મિણીની પ્રાર્થનામાં કહ્યું છે કે ‘હે કલ્યાણિ, હું તને વારંવાર નમસ્કાર કરું છું. ભગવાન્ કૃષ્ણ મારા પતિ થાઓ’. અને સ્યમંતક મણીના પ્રસંગમાં એમ કહ્યું છે કે કૃષ્ણની પ્રાપ્તિને માટે મહામાયા દુર્ગાની ઉપાસના કરી. કાત્યાયની દુર્ગા અને પાર્વતી એ ત્રણ શબ્દથી કહેવાતી ત્રણે શક્તિઓ ભગવાનની છે. પરસ્પર અભિન્ન છે અને તેઓમાં માત્ર જુદા જુદા ગુણોનો જ ભેદ છે. તાત્પર્ય એ છે કે કાત્યાયની દુર્ગા અને પાર્વતીથી તામસ, રાજસ અને સાત્ત્વિક ભક્તોને ભગવત્પ્રાપ્તિ થાય છે. તેથી ભક્તિમાર્ગીય પદ્ધતિ યોગ્ય જ છે. આથી કાત્યાયની નામની શિવશક્તિ છે તે સ્વતંત્ર દેવતા છે અને પોતે સંતોષ થાય તો પોતાના સેવકોને શ્રીકૃષ્ણનું દાન પણ કરી શકે છે એમ કહેનારાઓની શંકાનો નિરાસ કર્યો. તેમજ શ્રીકૃષ્ણની પ્રાપ્તિને માટે કુમારિકાઓએ બીજા દેવતાનો આશ્રય કર્યો એમ કહેનારાઓની શંકાનો પણ નિરાસ કર્યો, કેમ કે આગળ કહી ગયા તે ઉપનિષદ્‌થી અને બ્રહ્મવૈવર્ત પુરાણના વાક્યોથી નિશ્ચય થાય છે કે કાત્યાયની વિગેરે ભગવાનની શક્તિઓ છે.

કાત્યાયની ભગવત્‌શક્તિ છે એ પક્ષમાં કાત્યાયનીને તામસી કહી હવે પક્ષાંતર કહે છે કે ‘ભગવાનેવ વા’ એટલે આધિદૈવિક સ્ત્રીશરીરવાળા ભગવાન જ કાત્યાયની પદથી સમજવા, તે રહસ્યલીલામાં ઉપયોગી સ્ત્રીશરીરવાળા ભગવાનનું સ્વરૂપ ગુણાતીત છે એમ કહ્યું. આથી સાત્ત્વિક, રાજસ, તામસ અને ગુણાતીત વ્રજસુંદરીઓનાં લીલામાં ઉપયોગી શરીરો આનાથી જ સિદ્ધ થાય છે એમ કહ્યું.

**ટિ.**–આનાથી આગળ ‘બ્રાહ્મણાઃ સાત્ત્વિકાઃ’થી શરુ કરીને ‘સેવ્યતે’ સુધીનું તાત્પર્ય કહેવામાં આવે છે. પદ્મપુરાણમાં નીચે પ્રમાણે કહ્યું છે. દંડકારણ્યમાં રહેનારા સોળ હજાર ઋષિઓ પોતાના આશ્રમની પાસે આવેલા કોટિકંદર્પ (કરોડો કામદેવ)થી અધિક સૌંદર્યવાળા શ્રીરામચંદ્રજીનાં દર્શન કરીને તેમની સાથે રમણ કરવાની અત્યંત ઈચ્છા થવાથી તેમની પ્રાર્થના કરવા લાગ્યા કે અમને તમારી સ્ત્રી કરો. ત્યારે શ્રીરામચંદ્રજીએ તેમના પર કૃપા કરતાં કહ્યું કે હાલમાં હું એક પત્નીવ્રત ધારણ કરું છું. વ્રજમાં તમારો મનોરથ પૂર્ણ થશે. તે ઋષિઓ જ આ કુમારિકાઓ છે એ વાત ધ્યાનમાં રાખીને સુબોધિનીમાં કહ્યું છે કે ‘બ્રાહ્મણાઃ’ વિગેરે. આદિવારાહ પુરાણમાં કહ્યું છે કે કૃષ્ણની સાથે રમણ કરવાને સોળહજાર ગોપીરૂપ કર્યાં અને કૃષ્ણની સાથે રમણ કર્યું. મહાકૌર્મ પુરાણમાં કહ્યું છે કે

મહાત્મા અગ્નિપુત્રો તપથી સ્ત્રીભાવને પ્રાપ્ત થયા અને જગતને ઉત્પન્ન કરનાર વાસુદેવ, અજન્મા વિભુ ભગવાનરૂપી ભર્તાને તેઓએ પ્રાપ્ત કર્યો. આ પ્રમાણે બીજાં પુરાણોથી માલમ પડે છે કે સોળહજાર ઋષિઓ એક જાતિના હતા અને તેથી જ આચાર્યે તે પ્રમાણે કહ્યું. આમાં સમજવાનું નીચે પ્રમાણે છે. પુરુષ શરીરમાં સ્ત્રીભાવની ઉત્પત્તિ સંભવતી નથી કારણ કે બંનેને એક એકનો વિરોધ છે. એમ હોવાથી આ ઋષિઓને અતિ શુદ્ધ અને અત્યંત પુણ્યશાલી જોઈને ભગવાન્ રામચંદ્રજી એટલા બધા પ્રસન્ન થયા કે જેથી તે ઋષિઓને 'અદેયતમ' એટલે કોઈ દીવસ પણ ન આપી શકાય એવા સાક્ષાત્ સ્વરૂપાનંદનું દાન કરવાની ઈચ્છા ઉત્પન્ન થઈ. એ સ્વરૂપાનંદનો અનુભવ પુરુષરૂપમાં અથવા કેવલ સ્ત્રીરૂપમાં સંભવતો નથી કેમ કે તેનું કાંઈ પ્રમાણ મળતું નથી. ઋષિપત્નીઓ જેઓ સ્ત્રીરૂપે ભગવાનને શરણે ગઈ હતી તેમને પણ સ્વરૂપાનંદનું દાન ભગવાને આપ્યું નહોતું અને શૂદ્ર અથવા હલકી જાતની ભીલડીઓને સ્વરૂપાનંદનું દાન આપ્યું હતું. કિંતુ જેની શક્તિઓ અચિંત્ય અને અનંત છે એવા ભગવાનની પ્રસાદરૂપ શક્તિઓ પણ બહુ જ છે તેમાં પણ અત્યંત અંતરંગ એવી એક છે કે જેના સંબંધી જીવમાં ભગવાનના સ્વરૂપાનંદનો અનુભવ અવશ્ય થાય જ. તે શક્તિ ઉપર કહેલા 'સ્ત્રીત્વરૂપ' ધર્મો જેનામાં છે એવી છે. માટે તે શક્તિને આ ઋષિઓમાં ભગવાને સ્થાપન કરી તેથી તેમને ભગવાનના સ્વરૂપાનંદનો અનુભવ થાય તે યોગ્ય જ છે. પરંતુ તે સ્વરૂપાનંદમાં અનુભવને યોગ્ય દેહ હમણાં જ તેમને પ્રાપ્ત થયો કેમ કે ભગવાન્ રામચંદ્રજીની ઈચ્છા તેવી જ હતી. તેથી જ સુબોધિનીજી માં કહ્યું છે કે 'તેષાં પ્રસાદરૂપા શક્તિઃ સ્ત્રી ભવતિ' સ્ત્રીત્વરૂપી ગુણો જેનામાં છે અને સ્ત્રીરૂપ જે છે એવી કાત્યાયનીરૂપ તે શક્તિ છે. એ શક્તિની જ 'તદર્થમ્' એટલે ફલની પ્રાપ્તિને માટે 'સેવ્યતે' એટલે સેવા કરવામાં આવે છે એમ સંબંધ છે. તેથી જ તે ઋષિઓનો આવો ભાવ ભગવદ્ભાવ છે એ નિશ્ચય છે. કેમ કે દૃષ્ટિ દ્વારા ભગવાન્ રામચંદ્ર જ્યારે તેમના હૃદયમાં પધાર્યા ત્યારે જ તે ભાવ તેમને ઉત્પન્ન થયો. 'રસો વૈ સઃ' વિગેરે શ્રુતિઓમાં તેનું ભાવરૂપથી જ નિરૂપણ છે તેથી તે ધર્મરૂપ અથવા ગુણરૂપ નથી કિંતુ ધર્મીરૂપ છે, તે આશયથી પક્ષાંતર કહે છે કે 'ભગવાનેવ વા' એટલે એ ભાવ ધર્મીરૂપ ભગવાન જ છે. સેવ્ય ભગવાન્ સેવકને પોતાનું રૂપ સિદ્ધ કરી આપે છે જ. હૃદયમાં પધારેલા ભાવરૂપ ભગવાને અમારા દેહ વિગેરેને આવા સિદ્ધ કરી આપ્યા માટે તે રૂપ ભગવાનની સેવા કરાય છે (કરી). બહાર અમારી સાથે રમણ કરવાને ભગવાન્ પ્રકટ થાઓ એ હેતુથી–એ મતલબથી નાયિકાભાવથી સ્ત્રીત્વ કહ્યું. આથી તેનામાં કાંઈ ન્યૂનતા કે સગુણપણું આવી જતું નથી એ શંકાનો નિરાસ કરવાને ગુણાતીત પદ મૂક્યું. જેમ સમુદ્રમાંથી ઉત્પન્ન થએલા અમૃતનું દાન કરવાને મોહિનીરૂપ ભગવાન્ થયા હતા તેમ પોતાના હોષ્ઠમાં રહેલા અમૃતનું દાન કરવાને આ રૂપ છે એમ સમજવું. આથી ગીતામાં 'દિવ્ય ચક્ષુનું દાન કરું છું'. એ વાક્યથી જેમ ભગવદીય ચક્ષુથી જ ભગવાનનાં દર્શન થાય છે તેમ ભગવદીય સ્ત્રીત્વથી જ ભગવાન્

ભોગ્ય છે એમ સમજવું.

**લે.**–અહિં ટિપ્પણીમાં 'સ્ત્રીત્વલક્ષણધર્મરૂપાપિ સ્ત્રીરૂપા' એ પદમાં સ્ત્રીત્વ એટલે આકૃતિ અને સ્ત્રી એટલે સ્ત્રીનો દેહ એમ ભેદ છે. તેથી દેહ વિના કેવલ આકૃતિથી તેવા ભાવરૂપ ભગવાનની બાહ્યપૂજા સંભવતી નથી તેથી 'સ્ત્રી ભવતિ' એટલે પ્રતિમામાં પ્રકટ થાય છે એ બંને પ્રકારની તેને માટે સેવા કરાય છે એવો અર્થ છે.

**''આ વ્રત અહિં જ પ્રસિદ્ધ છે''** એના ઉપર સ્વતંત્ર લેખ :

આ વ્રત એટલે કુમારિકાઓથી કરાતું કાત્યાયની વ્રત. અહિં એટલે શ્રીભાગવતમાં. આ વ્રત કરવાની બાબત અહિં જ પ્રસિદ્ધ છે. કાત્યાયની એ નામનો નિર્દેશ છે. તે આધિદૈવિકી સંહારિકા શક્તિ છે. તામસ ભક્તોને ફલ પ્રાપ્ત કરી આપનાર હોવાથી તેનું સ્વરૂપ તામસી છે. દુર્ગા અહિં પ્રસંગને લઈને કહી છે. એ દુર્ગાનો ઉપયોગ રાજસ પ્રકરણમાં સ્ફુટ થશે. કાત્યાયનીના સ્વરૂપના વિવેચનમાં બીજા બે પક્ષ કહે છે કે સાત્ત્વિક બ્રાહ્મણો અથવા ગુણાતીત ભગવાન જ.

ટિપ્પણીમાં કહ્યું છે કે પુરુષપણામાં અથવા કેવલ સ્ત્રીત્વમાં સાક્ષાત્ સ્વરૂપાનંદનો અનુભવ થઈ શકતો નથી. ત્યાં કેવલ સ્ત્રીત્વમાં જે કેવલપણું કહ્યું તે શું છે? જો સ્ત્રીત્વ માત્ર જ કહો તો સર્વ સ્ત્રીમાં સ્ત્રીત્વ હોવાથી કોઈપણ સ્ત્રીને સ્વરૂપાનંદનો અનુભવ થઈ શકશે નહિ. ઉત્તર– આ શંકા કરનારને સ્ત્રીત્વના સહકારીનું અનુસંધાન રહ્યું નથી. સહકારી 'યત્સમ્બન્ધિ જીવે' (જેના સંબંધવાળા જીવમાં ભગવાનના સ્વરૂપાનંદનો અનુભવ જરુર થાય જ) વિગેરેથી પોતે જ કહેશે. 'માનાભાવાત્' એટલે પ્રત્યક્ષ વિગેરે ચાર પ્રમાણોનો અભાવ છે તેથી. તેમાં શબ્દ પ્રમાણ અને પ્રત્યક્ષ પ્રમાણનો અભાવ તો નિર્વિવાદ છે. આથી એટલે દ્વિજ સ્ત્રીઓને સ્વરૂપાનંદનું દાન નથી કર્યું તેથી અન્વય વ્યભિચાર બતાવ્યો, એટલે જો કે દ્વિજ સ્ત્રીઓમાં પુંસ્ત્વ વિશિષ્ટ સ્ત્રીત્વ (પુરુષપણા સહિત સ્ત્રીપણું) હતું અને ભગવાનને શરણે તેઓ ગયાં હતાં તો પણ તેમને તે દાન કર્યું ન હતું. આગળ વ્યતિરેક વ્યભિચાર બતાવ્યો એટલે ભીલડીઓમાં ક્ષુદ્ર એટલે તદ્દન હલકું સ્ત્રીત્વ હતું તો પણ તેમને તે દાન કરવામાં આવ્યું હતું. ટિપ્પણીમાં 'સા એકા' એટલે ઉપર કહી તેવી. 'તેષાં પ્રસાદરૂપા શક્તિઃ' અહિં શક્તિ એટલે સામર્થ્ય. 'એકા' એટલે મુખ્યા. તેનું સ્વરૂપ એ છે કે તેના સંબંધિ જીવમાં સ્વરૂપાનંદનો અનુભવ થાય, આ કાર્યલક્ષણથી તેનું મુખ્યરૂપ કહ્યું. આ શક્તિ કોઈ બીજો પદાર્થ હશે એવી શંકા થાય તેના ઉત્તરમાં કહે છે કે તે શક્તિ એવા ભગવાનના ધર્મરૂપ જ છે, (કોઈ બીજો પદાર્થ નથી), કે જેનું સ્વરૂપ ઉપર કહ્યું તેમ જીવને સ્વરૂપાનંદ કરાવનાર અંતરંગ પ્રસાદ આપનાર છે અને તે સ્વરૂપ જ

તેવા સ્ત્રીત્વવાળું છે. 'એવ'કારથી એમ કહ્યું કે તે કોઈ બીજું સ્વરૂપ નથી. 'અતઃ' એટલે ભગવાનના અનુભવ કરાવવા રૂપ હેતુથી. 'તામ્' એટલે પૂર્વે કહેલી શક્તિને. 'તદનુરૂપઃ' એટલે સ્વરૂપાનંદના અનુભવને અનુકૂલ. 'અધુના' એટલે શ્રીકૃષ્ણાવતાર સમયે. 'તથા' એટલે નંદગોપસુત કૃષ્ણરૂપથી તેમના મનોરથ પૂર્ણ કરવાની ઈચ્છા જે કારણથી થઈ તે કારણથી. નિચોળ અર્થ કહે છે કે સ્ત્રીત્વ જેનું લક્ષણ છે એવા ધર્મરૂપ હોઈને સ્ત્રીરૂપ કાત્યાયનીરૂપ. ઉપર કહેલા ધર્મવાળી પણ તે શક્તિ. 'સ્ત્રીરૂપા' એટલે સ્ત્રીઓરૂપ છે જેના એવી જે કાત્યાયની તે રૂપ. આ જ બાબત 'તદનુરૂપ' (તેને અનુકૂલ દેહ હમણાં પ્રાપ્ત થયો) એનાથી કહે છે. અથવા 'તદનુરૂપ' એટલે ઉપર કહ્યો તેવો સ્ત્રીત્વ લક્ષણવાળો ધર્મ તેને અનુકૂલ, જેવી ઉપર કહેલા ધર્મવાળી સ્ત્રી આ શક્તિ તેવો જ દેહ. આમાં ભગવાનના સ્વરૂપના અનુભવ કરાવવારૂપ સરખાપણું બંનેમાં છે. તે દેહ અગ્નિકુમારોને હાલમાં જ પ્રાપ્ત થયો છે. આ જ વાત 'સ્ત્રી ભવતિ' એનાથી કહી છે. તાત્પર્ય કે એવા શરીરવાળી તે શક્તિ કાત્યાયની પદથી કહી છે. અથવા ઉપર કહેલા ધર્મનો જ સહાયભૂત દેહ લીલાના સમયમાં રામચંદ્રજીની સ્વરૂપાનંદનું દાન કરવાની ઈચ્છાથી હાલમાં તેમને પ્રાપ્ત થયો. ગ્રંથના સ્વારસ્યને લઈને ઉપર કહેલા ધર્મથી જ એટલે પોતાને અનુકૂલ દેહ પોતાથી જ પ્રાપ્ત થયો એમ 'સ્ત્રી ભવતિ' એનો આશય છે. 'સ્ત્રીરૂપા' એટલે એવા પ્રકારનો સ્ત્રીદેહ જે કાત્યાયની પદથી કહ્યો છે તે રૂપ. જેમ જીવ જેવા દેહ (યોનિ)ને પ્રાપ્ત થાય તેવા દેહથી તેની સાથે વ્યવહાર થાય છે તેમ.

**સુ.**– ત્યાં પૂજાનો પ્રકાર 'આપ્લુત્યામ્ભસિ' એ શ્લોકથી કહે છેઃ

**આપ્લુત્યામ્ભસિ કાલિન્દ્યા જલાન્તે ચોદિતેરુણે ।।**
**કૃત્વા પ્રતિકૃતિં દેવીમાનર્ચુર્નૃપ સૈકતીમ્ ।।૨।।**

હે નૃપ ! કાલિંદીના જલને વિષે સ્નાન કરીને સૂર્યોદય થયો ત્યારે જલની સમીપે રેતીની પ્રતિમા કરીને દેવીની પૂજા કરી. ૨.

**સુ.**–કાલિંદીના જલમાં સ્નાન કરીને. તે કાલિંદી ભગવાન્ પોતાના પતિ થાય એવી કામનાથી તપ કરે છે, તેથી આગળ ફલ થવાનું છે, તેથી સફલ તપના સંબંધને લીધે આ જલ પણ તે પ્રકારનું છે, તેથી તેમાં સ્નાન કરવું એ પણ વ્રતને અનુકૂલ અને સફલ છે, એમ જણાવવા માટે કાલિંદી પદ મૂક્યું છે. તે કાલિંદીને તો લાંબા કાલ પછી ફલ થવાનું છે. અહિં તો જલ્દી ફલ થવાનું છે તે જણાવવાને કાલિંદી પદ ફરીથી ન મુક્તાં જલની સમીપ એમ એકલું જલ પદ વાપર્યું. 'જલાન્તે' એટલે જલની સમીપે. 'ચ' પદથી એ સૂચવ્યું કે ઘર આવીને પણ પૂજા કરી. 'દેવી' એટલે

વાલુકા અથવા રેતીની પ્રતિમા કરીને. અરુણોદય થયો ત્યારે પ્રાતઃસંધ્યા સમય જેમાં સર્વ કામના સિદ્ધ થાય છે તે. તે દેવીની પૂજા કરી. આટલા ક્લેશથી ભગવાન્ પ્રાપ્ત થયા તે જણાવવાને 'નૃપ' એ સંબોધન મૂક્યું.

**લે.**–'સફલતપસમ્બન્ધિત્વેન' એ પદની પહેલાં 'કાલિન્દ્યાઃ' અધ્યાહાર સમજવો. તે સફલ તપના સંબંધવાળી છે. સફલ તપ જેનું છે એવી 'સફલતપસ્વિની'. જલ પણ પોતાના સ્નાનનું, 'તપ' એટલે સ્નાનાદિરૂપ સફલ કરે છે જે તે 'સફલતપસંબંધી' એ પ્રમાણે સમાસ છોડવો.

**સુ.**–પૂજાનાં સાધનો 'ગન્ધૈઃ' એ શ્લોકથી કહે છેઃ

**ગન્ધૈર્માલ્યૈઃ સુરભિભિર્બલિભિર્ધૂપદીપકૈઃ ।।**
**ઉચ્ચાવચૈશ્ચોપહારૈઃ પ્રવાલફલતણ્ડુલૈઃ ।।૩।।**

સુગંધીવાળા ગંધ (સુગંધી દ્રવ્યો) અને પુષ્પોથી, બલિથી, ધૂપ અને દીપકોથી, ઉંચા અને હલકા પ્રકારની સર્વ સામગ્રીથી, પલ્લવો, ફલ અને ચોખાથી (પૂજા કરી). ૩.

**સુ.**–'માલ્ય' એટલે પુષ્પ. 'સુરભિભિઃ' એટલે સુગંધીવાળા. એ 'ગંધ'ને 'માલ્ય' બંનેનું વિશેષણ છે. 'બલિભિઃ' એટલે હિંસા વગરની સામગ્રીથી. તેઓ ઋષિ હોવાથી તેમને સર્વજ્ઞાન છે. ધૂપ અને દીપાવલી. પંક્તિમાં ગોઠવેલા દીવા તે દીપકો, ઉંચા અને હલકા સર્વે અનેક પ્રકારના ઉપહાર એટલે નૈવેદ્યની સામગ્રી. પ્રવાલ એટલે પલ્લવો, ફલો અને ચોખા, એ પ્રમાણે નવ પ્રકારની સામગ્રીનું નિરૂપણ કર્યું. આમ ત્રણ શ્લોકથી કર્તા, દેશ અને દ્રવ્ય એ ત્રણનું નિરૂપણ થયું.

**યો.**–ઉંચા અને હલકા સર્વે અનેક પ્રકારના ઉપહાર, નૈવેદ્યના દ્રવ્ય, આથી હેમંત ઋતુમાં આપણા સંપ્રદાયમાં અનેક પ્રકારના દ્રવ્યો ભગવાનને સમર્પણ કરવામાં આવે છે, કેમ કે 'ભગવાનેવ વા ગુણાતીતઃ' એ પક્ષમાં કાત્યાયની ભગવદ્રૂપ છે. ૩.

**સુ.**– 'કાત્યાયની' એ શ્લોકથી મંત્ર કહે છેઃ

**કાત્યાયનિ મહાભાગે મહાયોગિન્યધીશ્વરિ ।।**
**નન્દગોપસુતં દેવિ પતિં મે કુરુ તે નમઃ ।।૪।।**

હે કાત્યાયની, હે મોટાં ભાગ્યવાળી, હે મહાયોગિનિ, હે અધીશ્વરિ, નંદગોપસુતને, હે દેવિ મારા પતિ કર. તને નમસ્કાર કરું છું. ૪.

**સુ.**–કુમારિકાઓ ઋષિ છે, તેથી તેમને મંત્રનું દર્શન છે. મંત્રની પ્રસિદ્ધ દેવતાનો મંત્રની ઉપાસનાથી સાક્ષાત્કાર થયો, કેમ કે અર્થનું (દેવતાનું) પણ દર્શન થયું. તેથી કાત્યાયની એ પરિજ્ઞાનનું સંબોધન છે. શરીરને જે છોડાવે તે 'કાત્યા'

એટલે સંહારિકા શક્તિ. તેનું આધિદૈવિક સ્વરૂપ તે 'કાત્યાયની'. તે ફલિરૂપ (સુપડું ભૂસાને લોટથી છૂટું પાડે છે તેના જેવી) છે. પ્રથમ ભગવાન્ પ્રાપ્ત ન થયા તેનું કારણ પોતાનું અદષ્ટ સારું ન હોવાથી તે જ પ્રતિબંધક હતું એમ માનવું જોઈએ. તપ તો સિદ્ધસાધન જ છે. નહિ તો આગળ પણ પ્રાપ્ત ન થાત. તેથી પ્રતિબંધ જે આધિદૈવિક છે તેનો નાશ કરવાને આ કાત્યાયની જ સમર્થ છે. જો એમ શંકા થાય કે પ્રતિબંધ આધિદૈવિક હતો, અને જો ભગદિચ્છાથી જ હતો તો કાત્યાયનીથી પણ તે કેમ દૂર થઈ શકે? તેનો ઉત્તર 'મહાભાગે' એ પદથી કહે છે. જો કાત્યાયની અલ્પ ભાગ્યવાળી હોત તો ભગવાન્ (પોતાના અવતાર સમયે તેને અવતરવાની) આજ્ઞા આપત નહિ, યશોદાજીમાં તેનો જન્મ થાત નહિ, અને તેને ભગવાનનું દાસ્ય પ્રાપ્ત થાત નહિ. તું જો પ્રિય ભગવાનની પ્રાર્થના કરશે તો તે પોતાની ઈચ્છા પણ તને અનુકૂલ કરશે, કેમ કે તારું મોટું ભાગ્ય છે. વળી આભિમાનિક સંબંધથી તું ભગવાનની બહેન થાય છે, અને તે પણ મોટી બહેન. માટે તારા ઉપર ભગવાને ઉપકાર પણ કરવો જ જોઈએ. તારે એમ નહિ માનવું કે આધિદૈવિક દોષ મારાથી દૂર નહિ કરી શકાય. કારણ કે તું મહાયોગિની છે. દેવકીમાંથી ગર્ભ ખેંચી લઈને તેનું આરોપણ રોહિણીમાં કરવું વિગેરે કાર્યો તેં જ કર્યા છે. જો એમ શંકા થાય કે આધિદૈવિક પ્રતિબંધનો પરિહાર કેવી રીતે કરવો? કેમ કે તે પ્રતિબંધક શક્તિ કાલ વિગેરે કરતાં પણ વધારે બલિષ્ઠ છે, તો તેનો ઉત્તર–'અધીશ્વરિ' એ પદથી આપે છે. ઈશ્વર એટલે ભગવાનના ઉપર અધિકાર પ્રાપ્ત કરીને તું જ રહે છે. માટે તું અંતરંગ શક્તિ છે. કાત્યાયનીના ત્રણ ગુણ અધીશ્વરિ, મહાયોગિનિ અને મહાભાગે એ ત્રણ પદથી કહ્યા. માટે સર્વ પ્રકારથી તું ભગવદીય છે. નંદગોપસુતને મારા પતિ કર, દરેકના પતિ કર. ભગવાનને પતિ કરવા અશક્ય છે એમ ન માનવું. કારણ કે જેમ ભગવાન્ (ભગવાન્ હોવા છતાં) નંદગોપના પુત્ર થયા, તેમ અમારા પતિ પણ થશે. વળી તું દેવતારૂપ છે, તેથી અલૌકિક પ્રકારથી પણ ભગવાનને તું પતિ કરશે. એના બદલામાં તો અમે તને નમન કરીએ છીએ, એટલે હુંપણાનું અમારું જે અભિમાન છે તે તને આપીએ છીએ કારણ કે તે તારું છે. બીજું સર્વ ભગવાનનું છે. પ્રતિબંધક નિવૃત્ત થશે એટલે ભગવાન્ પોતે જ પતિ થશે. તો પણ તારે (અમારા તરફથી) તેને અવશ્ય કહેવું. તે ભગવાન્ માયાના પડદાને ઢાંકીને કોઈક સ્થલે જરાક ઉઘાડીને રહે છે. માટે અમારે માટે ત્યાં ત્યાં એટલે જ્યાં અમે હોઈએ ત્યાં તું પડદો દૂર કર. એમાં કાંઈ તને અપરાધ લાગશે નહિ. કારણ કે તું તે ભગવાનને અમારા પતિ કરશે. કન્યા અને વરના વિવાહમાં અંતર્પટ દૂર કરાય છે જ. આ અર્થ નિત્ય છે. પ્રત્યગ્ આશીર્મંત્ર

હોવાથી એનો જપ જ કર્યો છે. કર્મના અંગ તરીકે કર્યો નથી કલ્પમાં કહ્યું છે કે 'પ્રત્યગાશિષો મન્ત્રાન્ જપત્યકરણાન્.' જે મંત્રો કર્મના અંગને માટે નથી એવા પ્રત્યગાશિષ મંત્રોનો જપ કરે છે.

**યો.**– તને નમસ્કાર કરીએ છીએ એમ તને પદ વાપરવાથી સાક્ષાત્કાર થયો એમ જણાય છે. મોટી બહેન થાય છે તેનું કારણ કે યશોદામાં ઉત્પન્ન થવાથી આભિમાનિક સંબંધને લીધે બહેન થાય છે. 'વિષ્ણુની પાછળ જન્મેલી આયુધવાળા અષ્ટ મહાભુજાવાળી દેખાઈ' એ વાક્યને લીધે જ્યેષ્ઠા એટલે મોટી, ગુણ વડે સમજવી. ગુણોને લઈને સર્વથી તું મોટી છે એવો અર્થ છે.

**લે.**– ગયા શ્લોકમાં કહ્યું કે ત્રણ શ્લોકથી કર્તા, દેશ અને દ્રવ્યનું નિરૂપણ કર્યું. આ ચોથા શ્લોકમાં મંત્ર કહેવામાં આવે છે, અને પાંચમા શ્લોકમાં કાલ કહેવામાં આવશે, એમ પાંચ શ્લોકથી પંચાત્મક કર્મનું નિરૂપણ થયું એમ સમજવું. સાક્ષાત્કાર થયો કારણ કે મધ્યમ પુરુષ તું શ્લોકમાં વાપર્યો છે. પરિજ્ઞાન એટલે તેના સ્વરૂપ જ્ઞાન અમને થયું છે. તેથી પોતાના પરિજ્ઞાનનો સારી રીતે બોધ થયો છે એ પરિજ્ઞાન સંબોધનનો અર્થ છે. 'તત્ર' એટલે તેમાં એટલે ભગવત્પ્રાપ્તિમાં. 'અદષ્ટમ્' ભગવાનને આચ્છાદન કરનાર (ઢાંકી રાખનાર) આધિદૈવિક સામગ્રીના હેતુરૂપ હોવાથી આધિદૈવિક પ્રતિબંધક, તેથી આ પ્રતિબંધક ભગવત્કૃત છે માટે તેનો નાશ કરવાને બીજો કોઈ સમર્થ નથી, પણ આ કાત્યાયની જ સમર્થ છે. કારણ કે ભગવાને લીલાના પ્રતિબંધનું નિવારણ કરવાનું સામર્થ્ય કાત્યાયનીને જ આપ્યું છે. અહિં અદષ્ટ કર્મજન્ય નથી, પરંતુ ભગવાનના જુદા જુદા અવયવોને આચ્છાદન કરનાર યોગમાયાનો અંશ તે જ અદષ્ટ એમ સમજવું. જો ભગવદિચ્છાથી જ પ્રતિબંધ થયો હોય તો તે પ્રબળ હોવાથી કેમ દૂર થાય એમ 'નનુ'થી થતી શંકાનો અર્થ છે. 'મહાભાગ્ય'માં અર્થાપત્તિનું પ્રમાણ આપે છે કે જો અલ્પભાગ્ય હોત તો ભગવાનની આજ્ઞા ન થાત વિગેરે. ભાગ્યનું કાર્ય જે અહિં કરવાનું છે તે કહે છે કે તું પ્રાર્થના કરશે તો ભગવાન્ પોતાની ઈચ્છા અનુકૂલ કરશે. 'અતઃ' એનો પૂર્વની સાથે સંબંધ છે. ત્રણ હેતુથી તારું મહાભાગ્ય નિશ્ચિત થયું છે, તેથી તું પ્રાર્થના કરશે તો એમ કરશે એમ 'યતઃ તવ' પછી અધ્યાહાર લેવું. એમ પ્રતિબંધનું નિવારણ કરવાની પ્રાર્થના કરી. આથી જ ફલદાનની પણ પ્રાર્થના કરી, તે 'આભિમાનિકસમ્બન્ધેન' એનાથી કહે છે, એટલે ભાગ્યના સાધનરૂપ કારણ જે યશોદામાં જન્મ, તેનાથી આ ભાગ્યના કાર્યરૂપે કહેલું અહિં ઉપકારક ભગિનિત્વ કારણરૂપે કહેવાય છે, તેથી 'પુનઃ' પદ મૂક્યું છે. પ્રભુપત્નીને દાસીઓ માતા કહીને બોલાવે છે, અને તેની પુત્રીને મોટી બહેન કહીને બોલાવે છે એ વ્યવહાર લોક સિદ્ધ છે. અહિં પણ 'પ્રાયો બતામ્બ' (અ. ૧૭) એ શ્લોકમાં યશોદાને માતા કહી છે, તેથી તેની પુત્રીને મોટી બહેનથી બોલાવવી એ વ્યાજબી છે. 'કથમ્' એટલે કયા પ્રકારથી? ઉત્તર– તું અંતરંગ છે તેથી ભગવાનની પ્રાર્થના કરીને. કાત્યાયનીના ત્રણ ગુણ અધીશ્વરિથી ઐશ્વર્ય,

મહાયોગિનિથી વીર્ય અને મહાભાગે એનાથી યશ એમ ત્રણ સમજવા. 'સર્વ પ્રકારેણ' એટલે ભગવાનના ધર્મોથી પણ, 'વક્તવ્યોપિ' આજ્ઞા વિના તેમ કરવું શક્ય નથી તેથી પ્રતિબંધનું નિવર્તન 'સ હિ' વિગેરેથી સ્પષ્ટ કરે છે. 'અયમ્ અર્થઃ' એટલે રમણરૂપ અર્થ. 'નિત્યઃ' એટલે કાદાચિત્ક નહિ. પતિની સાથે રમણ સર્વદા થાય છે, જારની સાથે કદાચિત્ થાય છે એવો ભાવ છે.

**'પ્રત્યગાશીઃ ઈતિ ઋચઃ ત્રિવિધાઃ પ્રત્યક્ષકૃતાઃ પરોક્ષકૃતાઃ આધ્યાત્મિક્યશ્ચ તાઃ. ક્રમાત્ મધ્યમપુરુષ-પ્રથમપુરુષ-ઉત્તમપુરુષ-પ્રયોગ ઉક્તાઃ ઈતિ નિરુક્તે નિરૂપિતમ્. તથા ચ અયમ્ મંત્રઃ પ્રત્યક્કૃત-ઋચરૂપઃ ઈતિ અર્થઃ.'**

નિરુક્તમાં નિરૂપણ કર્યું છે કે આશીર્વાદના મંત્રો ત્રણ પ્રકારના છે, પ્રત્યક્ષકૃત, પરોક્ષકૃત અને આધ્યાત્મિક્ય. તે મંત્રો ક્રમથી, મધ્યમ પુરુષ તું, પ્રથમ પુરુષ તે અને ઉત્તમ પુરુષ હું ના પ્રયોગવાળા છે, તેથી આ મંત્ર પ્રત્યક્ષકૃત મંત્રરૂપ છે.

## પ્રભુચરણકૃત સ્વતન્ત્રલેખ :

હવે પછી 'તેષામ્ પ્રસાદરૂપા શક્તિઃ સ્ત્રી ભવતિ' અથવા તો 'ભગવાનેવ વા ગુણાતીત' એ બે પક્ષમાં મંત્રનો અર્થ કહેવામાં આવે છે. ભગવાનની સ્ત્રી કેટલી? તે પ્રશ્ન જે સ્ત્રીઓને વિષે કરવામાં આવ્યો છે તે સ્ત્રીઓ કાત્યા-તેથી જ પરીક્ષિત્ રાજાના પ્રશ્નમાં પ્રભુની કેટલી સ્ત્રીઓ હતી? એમ વચન છે. કાત્યા જેનું સ્થાન તે કાત્યાયની. 'ઈ' પ્રત્યય છાંદસ (વૈદિક) સમજવો.

શંકા- આ કાત્યાયનીનો, ભગવાનનો ભોગ સંપાદન કરાવવાનો સ્વભાવ જેનો છે, તેની સ્થિતિ પોતાને વિષે જો આ કુમારિકાઓ જાણે છે તો પછી ભગવાનનો સંબંધ અવશ્ય થશે જ એવું જ્ઞાન પણ તે કુમારિકાઓને થશે જ, તો પછી વ્રતનો આરંભ શા માટે તેમણે કર્યો? વિલંબ દૂર કરવાને માટે, એમ ન કહેવું કેમ કે આ કાત્યા સર્વથી અધિક છે, અને બીજું કોઈ પણ તેનો પ્રતિબંધ કરી શકવાને સમર્થ નથી. તે કાત્યાયની પોતે વિલંબ સહન કરી શકે તેમ નહિ હોવાથી પોતાની વય રસને યોગ્ય કરવાને માટે વ્રતનો આરંભ કર્યો એમ ન કહેવું, કારણ કે તેનું કાંઈ પ્રમાણ નથી. મંત્રમાં તો એટલું જ સાંભળવામાં આવે છે કે ભગવાનને પતિ કર, અને તે પતિ કરવાપણું આ કાત્યાયની શક્તિના પ્રવેશથી સિદ્ધ થાય છે. અથવા તો તે રૂપ ભગવાનના પ્રવેશથી સિદ્ધ થાય છે. માટે આ વ્રતનું પ્રયોજન અમને જણાતું નથી. હવે તેથી પોતાને વિષે કાત્યાયની સ્થિતિ કરે છે એવું જ્ઞાન નહિ હોવાથી વ્રતનો આરંભ કર્યો એમ કહેવું જોઈએ, તો પણ ખરી રીતે કાંઈ તેનું પ્રયોજન સિદ્ધ થતું નથી.

સમાધાન- આ સર્વ શંકાનું સમાધાન કહે છે કે મંત્રમાં જે ફલ કહ્યું છે કે

ભગવાનને પતિ કર તે જ પ્રયોજન છે. ઉપર કહ્યું તે ન્યાયથી તે પતિ કરવાપણું તો સિદ્ધ છે એમ નહિ કહેવું. કેમ કે તેનું તાત્પર્ય તમને ખબર નથી. તે તાત્પર્ય નીચે પ્રમાણે છે. સાક્ષાત્ પુરુષોત્તમની સાથે રમણ કરવાની ઈચ્છા આ કુમારિકાઓની હતી. ભગવાને કહ્યું છે કે હે સતીઓ ! જે ઉદ્દેશથી તમે આર્યા-કાત્યાયનીની પૂજારૂપ આ વ્રત કર્યું તે ઉદ્દેશ પૂર્ણ કરવાને તમે મારી સાથે આ રાત્રિઓમાં રમણ કરશો. એમ હોવાથી રમણરૂપ કાત્યાયની શક્તિનો અથવા ભગવાનનો પ્રવેશ તે જ પ્રયોજન છે. તે પ્રયોજન આવેશરૂપ બલદેવજીથી અથવા તો વામન વિગેરેના રમણથી સિદ્ધ થઈ જશે એમ કદાચિત્ ભગવાન્ માને, કારણ કે ભગવાન્ તો સર્વને સર્વ સ્થલે યોજી આપવાને શક્તિવાન છે, અને ભગવાન્ તેમ કરે તો આવેશ અથવા અંશાવતાર સાથે સંબંધ થાય તે આ કુમારિકાઓને ઈષ્ટ નહિ હોવાથી વ્રતરૂપ તે કાત્યાયનીની પૂજા શરુ કરી, કે જેથી પોતાને બીજા કોઈ આવેશ અંશ વિગેરેનો સંબંધ નહિ થાય અને પુરુષોત્તમનો સંબંધ થાય, અને તેથી જ ભગવાને તેમને સતી એ વિશેષણ કહ્યું. અને એ જ અભિપ્રાયથી નંદગોપસુત અને બીજા કોઈ નહિ તે પદ મંત્રમાં મૂક્યું. કારણ કે પુરુષોત્તમનો આવિર્ભાવ નંદગોપસુતમાં જ છે. (બીજા કોઈ આવેશ કે અંશાવતારમાં નથી). આ સર્વનું યથાર્થ નિરૂપણ જન્મ પ્રકરણમાં કરેલું છે. જેમ કંસ વિગેરેના ભયથી તેને માલમ નહિ પડે તે માટે ગુપ્તસ્થાનમાં રાખેલા ભગવાન્ નંદપુત્ર થયા, તેમજ તું કાત્યાયની તે ભગવાનને બીજાને ન ખબર પડે એવા સ્થલમાં લઈ જા કે જ્યાં અમારી સાથે રમણકર્તા તે થાય એ પણ નંદગોપસુતનું તાત્પર્ય સમજવું. માટે જ બલદેવજી વિગેરેને પણ આથી દૂર કર્યા, અને ભગવાન્ પણ તેથી જ આગળ તે જ પ્રમાણે બલદેવજીને દૂર કરીને રમણ કરશે. જેનો ઉદ્દેશ એટલે હેતુ છે તે પદ નંદગોપસુત અને પતિ કરવાની પ્રાર્થનાવાચક પદ એ બે પદની વચ્ચે દેવી પદ મૂક્યું છે અને દેવી પદથી સંબોધન કર્યું છે માટે મધ્યસ્થ થઈને કદાચિત્ દૂતીપણાથી પણ પતિ કરવાપણું સૂચવાય છે. જેમ દેવી શબ્દથી ક્રીડા તને પરમાનંદજનક છે તેમ આ એટલે ભગવાનને અમારા પતિ કરવાપણું પણ તને પરમાનંદજનક છે એમ સૂચવાય છે. ગાયો પોતે શુભ કાર્યમાં પ્રવૃત્તિ અને અશુભ કાર્યમાં નિવૃત્તિ સમજી શકતી નથી. વધારે શું કહેવું? પોતાનો રક્ષક જો પ્રેરણા કરે અને પોતાને ખાવાની વસ્તુ ઘાસ વિગેરેમાં પણ ગાયોની પ્રવૃત્તિને અટકાવે તો પણ તેઓ મુંગી જ રહે છે, તેમ જ આવી ગાયોનો પાલક જે નંદરાય તેનો પુત્ર એમ કહેવાથી અમને આવા રમણરૂપ ફલના સંબંધમાં તેને સાધક બાધક જ્ઞાન (રમણ કરવા દેવું કે નહિ કરવા દેવું તે વિષેનું જ્ઞાન) નહિ હોવાથી કદાચિત્ પોતાની ઈચ્છા બીજી રીતની હોય તો પણ પોતે જ કૃપાથી પોતાની તેવી ઉલટી

ઈચ્છામાંથી પણ પોતે જ દૂર કરીને અમારું ઈષ્ટ સંપાદન કરશે તે ગોપ પદથી જણાય છે. વળી ગોપ લોકો લોકમાં કાંઈ બહુ મોટા ગણાતા નથી તો પણ બ્રહ્માની વાણી સિદ્ધ કરવાને માટે પોતે તેવા ગોપલોકનું પુત્રપણું અંગીકાર કર્યું, તો પોતાની વાણી સત્ય કરવાને માટે અમારા પતિપણું પણ જરુર અંગીકાર કરશે. તું તો નિમિત્ત માત્ર થા, એ પણ જણાવવાને ગોપ પદ મૂક્યું છે. તેથી અહિં ગોપસુતને પતિ કરવામાં કાંઈ તને બહુ પ્રયાસ કરવો પડશે નહિ એમ પણ સૂચવ્યું, અને પોતાના અભિમાનનો અભાવ પણ સૂચવ્યો (કેમ કે અમારા સાધનબલથી ભગવાન્ અમારા પતિ થયા નહિ પણ તારી પ્રાર્થના કરવાથી થયા માટે પોતાના સામર્થ્યનો અભાવ સૂચવ્યો). આવું ફલ સંપાદન કરી આપનાર જે તું તેનો બદલો અમારાથી આપી શકાય એમ નથી, કિંતુ જેમ ભગવાનને કે જેને ગરુડરૂપી આસન છે તેને નમન સિવાય શું આપી શકીએ, તેથી

જીવ માત્ર નમન જ કરી શકે છે, તેમ અમે પણ તને માત્ર નમન જ કરીએ છીએ તે આશયથી 'તે નમઃ' એ પદ મુક્યાં છે. નમન વિના બીજું કાંઈ પણ કરી શકતાં નથી તેમાં હેતુ તારું મહત્ત્વ-મોટાપણું છે. તે મહાભાગે વિગેરે પદોથી ક્હ્યું છે. ભગવાનની સાથે આ કાત્યાયનીનો સંબંધ છે માટે તે યોગી છે, યોગમાં પણ મોટાપણું એ છે તે યોગ નાયિકાભાવ સહિત છે. તેથી એવો અર્થ થયો કે ભગવાન્રૂપ તેવા પુરુષને વિષે તું અધીશ્વરી છે એટલે તેં ભગવાનનું સ્વામિત્વ અંગીકાર કર્યું છે. સાધારણ રીતે જે મળી નહિ શકે અને યોગના સંબંધથી જે મળી શકે તે મહત્ત્વ કહેવાય છે આવા મહત્ત્વનો ઈશ્વર ભગવાન જ છે અને તું તો એવી છે કે તેવો ઈશ્વર પણ તને આધીન છે. અને તેને તું ફલ આપે છે તે સૂચવવાને 'અધિ' એ ઉપસર્ગ મૂક્યો છે. બંને પક્ષમાં આ કાત્યાયની ભગવત્સ્વરૂપ હોવાથી તેને અધીનપણામાં ઈશ્વરને વિષે કાંઈ પણ ન્યૂનતાની શંકા લાવવી નહિ. મહાયોગપણામાં હેતુરૂપ વિશેષણ 'મહાભાગે' એ પદથી કહે છે. ભક્તિમાર્ગમાં અંગીકાર એ જ ભાગ્યરૂપ છે તેમાં પણ પુષ્ટિપુષ્ટિમાં અંગીકાર એ મોટાપણું છે.

**પ્રભુચરણકૃત લેખ સમાપ્ત.**

**લે.**-'અવશ્યંભાવિત્વેન' અહિં ત્રીજી વિભક્તિ પ્રકારના અર્થમાં છે. જો કાત્યાયનીની પોતામાં સ્થિતિ છે એવું જ્ઞાન આ કુમારિકાઓને હોય તો તેવા પ્રકારનું જ ભગવત્સંબંધનું જ્ઞાન પણ એમને થશે જ એ નક્કી છે. 'અન્યથાસિદ્ધમ્' પછી 'ભવતુ' એ અધ્યાહાર છે. પ્રયોજન એટલે રમણ ભગવાનના આવેશના રમણના પ્રકારથી જ સિદ્ધ થાઓ એવો અર્થ છે. 'અંશાવતાર' એટલે વામન વિગેરે. 'તત્રૈવ' એટલે અહિં અદિતિ રોહિણી વિગેરે નહિ પણ યશોદાને જણાવવાને 'એવ' મુક્યો છે. 'તત્ર' એટલે ત્યાં પ્રકટ થએલા. બલદેવજીમાં તો પુરુષોત્તમનો આવેશ છે તેથી બલદેવજીની સાથે રમણ ન થાઓ

એવો એનો આશય છે. 'ઉદ્દેશ્ય' વિગેરે નંદગોપસુતને ઉદ્દેશીને પતિત્વનું વિધાન કરવામાં આવે છે તેથી ઉદ્દેશ્યનું વાચક નંદગોપસુત પદ અને પતિત્વના વિધાનનું અથવા તેની પ્રાર્થનાનું બોધક પતિ પદ એ બેની વચ્ચે દેવી પદ મૂકેલું છે તેથી. 'તેન અત્ર તવ' વિગેરે. ગોપસુતને પતિ કરવાની પ્રાર્થનાથી. 'સ્વસ્ય' વિગેરે. પ્રાર્થનાથી જ ભગવાન્ પતિ થયા પોતાના સાધન બલથી નહિ તેથી અભિમાનનો અભાવ. 'અધીશ્વરિ' એટલે ભગવાન્ કરતાં અધિક અને ભગવાન્ પર ઈશ્વરપણું જેનું છે એવી.

**સુ.**– માટે તે મંત્રનો જપ કરતાં મુંગા રહીને જ પૂજા કરી તે 'ઇતિ' એ અર્ધ શ્લોકથી કહે છે :

**ઇતિ મન્ત્રં જપન્ત્યસ્તાઃ પૂજાં ચક્રુઃ કુમારિકાઃ ।।૪।।.।।**

એ મંત્ર જપતાં તે પ્રસિદ્ધ કુમારિકાઓએ પૂજા કરી. ૪।।.

**સુ.**– આ મંત્રનો જપ કરતાં જ તે પ્રસિદ્ધ કુમારિકાઓએ મુગાં મુગાં પૂજા કરી કારણ કે તે કુમારિકાઓ હતી, સ્ત્રીઓને લગ્ન પછી જ મંત્રનો સંબંધ થઈ શકે તો પણ આ મંત્રનું દર્શન તો તેમને જ થયું હતું તેથી તેઓએ જપ કર્યો તે યોગ્ય જ છે. આથી ક્રિયા કહી.

**લે.**– 'અતઃ' વિગેરે આ કર્મના અંગરૂપે કર્યું ન હતું તેથી. સ્વતંત્ર લેખની પહેલાં આનો સંબંધ છે. વચમાં સ્વતંત્ર લેખનું વ્યાખ્યાન છે. 'યતઃ કુમારિકાઃ' વિગેરે, તેઓ કુમારિકા હતાં તેથી મુગાં મુગાં કર્યું. ત્યાં શંકા એમ થાય છે કે આ મંત્રનો જપ જ ન કહેવાય. તેનો ઉત્તર એ છે કે આ મંત્રથી પૂજા 'પ્રત્યગાશીર્મન્ત્ર' હોવાથી ન થાય એ યુક્ત જ છે. 'ક્રિયોક્તા' વ્રતના અંગભૂત પૂજારૂપ કર્મ કહ્યુ એવો અર્થ છે.

**એવં માસં વ્રતં ચેરુઃ કુમાર્યઃ કૃષ્ણચેતસઃ ।।**
**ભદ્રકાલીં સમાનર્ચુર્ભૂયાન્ નન્દસુતઃ પતિઃ ।।૫।।.।।**

એ પ્રમાણે કુમારિકાઓએ એક માસ સુધી વ્રત કર્યું, અને કૃષ્ણ જ જેના ચિત્તરૂપ છે તેવાં થયાં. પછી ભગવાન્ પ્રાપ્ત કરાવે એવી દેવતાનું નંદસુત પતિ થાઓ તે મંત્રથી પૂજન કર્યું. ૫।।.

**સુ.**– એ પ્રમાણે અપ્રત્યક્ષ પ્રકારથી (કાત્યાયનીની મારફતે) એક માસ પર્યંત કુમારીકાઓએ વ્રત કર્યું. આથી કેટલા કાલ સુધી તે કહ્યું અને તેનો ઉપસંહાર કર્યો એ પ્રમાણે છ અંગ સહિત વ્રતરૂપ ક્રિયાનું નિરૂપણ કર્યું. એ વ્રતનું ફલ થયું તે 'કૃષ્ણચેતસઃ' એ પદથી કહે છે. કૃષ્ણ એજ જેમના ચિત્તરૂપ છે એવાં તેઓ થયાં. પછી કૃષ્ણ સિવાય અન્યની પ્રાર્થના કરી નહિ. તેથી હવે પછી ચિત્તનો દોષ ગએલો હોવાથી ભગવાનની જ પ્રાર્થના કરશે. જે વ્રત કર્યું હતું તેનું અવાંતર (વચ્ચેનું) ફલ

થયું તે છતાં પરમ ફલ હજી થયું નહિ. તેથી ફરીથી માસ એક પછી પણ વ્રત કર્યું તે 'ભદ્રકાલીં' વિગેરેથી કહે છે. કાત્યાયનીની અંદર જ અવસ્થા વિશેષ (ખાસ અવસ્થા) અથવા દેવતાવિશેષ રહે છે, તેથી ભગવત્સંબંધ પ્રાપ્ત કરાવે એવો જે કાલ તે જ ભદ્રકાલીરૂપ, તેની સારી રીતે પૂજા કરી. ત્યારે બીજા મંત્રનું પાછળથી દર્શન થયું. 'ભૂયાન્ નન્દસુતઃ પતિઃ' એ મંત્ર. નંદસુત પોતે જ પતિ થાઓ. એ પતિ થવામાં નિમિત્ત કાલ છે તેથી કાલની અભિમાની દેવતાનું પૂજન કર્યું. તેથી પતિ થવામાં કાલ નિમિત્ત હોવાથી કુમારિકાઓને ભગવાનનો સંબંધ કાદાચિત્ક થયો એટલે તે સર્વદા થયો નહિ. નંદના પુત્ર પોતે કૃપાળુપણાથી થયા તે જ પ્રમાણે કૃપાળુપણાથી પતિ થાઓ એવી પ્રાર્થના કરી, અને પ્રાર્થના ભગવાનની જ કરી (બીજાની નહિ). અહિં દરેકની પ્રાર્થનાનો અભાવ હોવાથી સમુદાયપણાથી પણ ભગવાને રમણ કર્યું, અને તેથી જ આગળ પણ કહેશે કે 'એકૈકશઃ પ્રતીચ્છંતુ સહૈવ' એટલે એક એક આવીને અથવા સામટાં આવીને વસ્ત્ર લઈ જાઓ. આ મંત્ર ફલવાચક હોવાથી (પતિરૂપ ફલ) અને પૂજાના અંગ તરીકે નહિ હોવાથી પહેલાના મંત્રની માફક આ પૂજાનું અંગ ન થાય તેથી સ્વરૂપથી જ કીર્તન કર્યું. 'ઈતિ' એ શબ્દ છેલ્લે મુક્યો નથી તેનું કારણ એ છે કે જો 'ઈતિ' શબ્દ મૂક્યો હોત, તો આ મંત્રના કીર્તનને ગૌણપણું થાય. પ્રાર્થનાથી ભગવાનનું પોતે વરણ કર્યું, અને પ્રાર્થના અંતઃકરણનો ધર્મ હોવાથી ભગવાન્ અંતઃકરણની અંદર જ પતિરૂપ થયા. કારણ કે ભગવાનનું વાક્ય છે કે જે જેવી રીતે મારે શરણે આવે છે તેનું તેવી રીતે હું ભજન કરું છું. તે પછી કુમારિકાઓ અંતઃકરણમાં ભગવાન્ ધારણ કરેલા છે એવાં અને નિઃશંક થયાં.

**નોટ** – 'પૂજાયામ્ અશેષત્વાત્' પછી 'મન્ત્રવત્' એટલું સુબોધિનીમાં છાપવાનું રહી ગયું છે તે ઉમેરીને વાંચવું. એ રહી ગએલા 'મન્ત્રવત્' શબ્દનો અર્થ લેખ અને યોજના બંનેમાં આપ્યો છે.

**ટિ.**– 'ચિત્તદોષસ્ય ગતત્વાત્', જે ભ્રમ ઉત્પન્ન કરે છે તે દોષ કહેવાય છે. આ કુમારિકાઓ તો પહેલાં પણ કેવલ ભગવદીય હોવાથી વ્રત કરવાના હેતુરૂપ જે સંશય, તેનો હેતુ દ્વિતીય કોટિ ભ્રમ, તેની સ્ફૂર્તિરૂપ છે એમ જણાય છે. કૃષ્ણમાં જ જેનું ચિત્ત છે એવાં તેઓ હોવાથી ભગવાન્ પતિ થશે એવો નિશ્ચય થવાથી બીજી કોટિ (ભ્રમ)ની સ્ફૂર્તિ પણ જતી રહી તે ધ્યાનમાં રાખીને 'ચિત્તદોષસ્ય ગતત્વાત્' એમ કહ્યું. ભગવાન્ પતિ થશે કે નહિ એવો જે અનિશ્ચય એ જ દોષ કુમારિકાઓના ચિત્તનો સમજવો. તેનો હેતુ તેમનો ભગવાન્ પરનો તેવો સ્નેહ જ છે. સ્નેહનો સ્વભાવ જ એવો છે કે સંશય ઉત્પન્ન કરે. આગળ સ્નેહ હોવા છતાં પણ કૃષ્ણમાં જ ચિત્ત હોવાથી તે ભ્રમના વિરોધીની તેમના ચિત્તમાં ઉત્પત્તિ થવાથી તે ભ્રમરૂપ અનિશ્ચયનો નાશ થાય જ, માટે આ સર્વ યોગ્ય જ છે.

હમેશાં કૃષ્ણમાં ચિત્ત હોવા છતાં ફરીથી 'કૃષ્ણચેતસ્ત્વ' કહ્યું તેમાં કાંઈ વિશેષ અથવા અધિકપણું કહેવું જોઈએ. વ્રત પછી એ પ્રમાણે કહ્યું તેથી તે વ્રતનું ફલ એ જ અધિકપણું એ આશયથી એને ફલ કહ્યું. આગળ ફરીથી સાધન ક્હ્યું છે માટે આ અવાંતર અથવા વચ્ચેનું ફલ છે એમ સમજવું. આથી પહેલા કરતાં એટલી વિલક્ષણતા એમને આવી એમ સમજાય છે.

'ફલવાચકત્વાત્'થી શરૂ કરીને 'કૃતમ્' અહિં સુધીની સુબોધિનીની પંકિતનો આશય નીચે પ્રમાણે છે. પહેલાં એક માસમાં સમાપ્ત થાય એવા વ્રતનો ઉપસંહાર કરીને ફરીથી પૂજા અને પૂજ્યના નામના ભેદવાળા જુદા મંત્ર અને કાલના ભેદ કહેવાથી અને 'ધૃતવ્રતાઃ' એવું પ્રભુનું વાક્ય (શ્લોક ૧૯) હોવાથી આ વ્રત બીજું જ છે એમ સમજાય છે. વળી ભગવાન્ પતિ થાય એ જ એ વ્રતનો હેતુ હોવાથી અને તેમના ચિત્તમાં કૃષ્ણ જ હોવાથી અને હૃદયમાં તેવો નિશ્ચય હોવાથી અને પતિ થવાપણું તો માત્ર ભગવાનથી પોતાથી જ થઈ શકે એવું જ્ઞાન તેમને હોવાથી તેને માટે પ્રથમનું જ વ્રત કરવું તે સંભવિત નથી, પણ હવે પછી બહાર પણ ભગવાનૂરૂપ પતિની તેમને અપેક્ષા છે અને તેમાં તેવો કાલ જ નિમિત્ત છે, તેથી કાલની અભિમાની દેવતા આ છે એમ સમજીને તેની અહિંઆં પૂજા કહેવાય છે, તેથી જ ભગવાને તેના ચૌદ નામમાં આ નામ પણ કહ્યું. મંત્રમાં પણ બહાર પ્રકટ રીતે પતિથવારૂપ જ પ્રાર્થના કરવાની રહી. જો એમ ન હોય તો હૃદયમાં તો ભગવાન્ છે એમ નિશ્ચય હોવાથી તેવી પ્રાર્થના અઘટિત થાય માટે જ આ પૂજાના અંગરૂપ નથી કારણ કે એનો વિષય જુદો જ છે. વળી પહેલાં તો બીજાની પ્રાર્થના કરી હતી તેથી બીજાના પ્રયાસથી પતિ થાય, પોતે જાતે થાય નહિ, તો નિરસપણું આવે, તેથી પણ આવી પ્રાર્થના કરી, અને તેથી જ ભગવાનની જુદી પૂજા કરી નહિ, કારણ કે ભગવાનમાં પતિપણાનો ભાવ છે. જો આવો અર્થ લઈએ તો પહેલાંનો મંત્ર કારણ વિનાનો થઈ જાય અને મંત્રત્વ જ રહે નહિ એમ કહેવું નહિ, કારણ કે અહિં ભાવનો ક્રમ જ એવો છે, અને પ્રથમ ભાવ એ બીજા ભાવનું કારણ છે, તેથી જ વ્રતના ફલ તરીકે કૃષ્ણચેતસ્ત્વ કહ્યું, તે જેવી રીતે થયું તે કહેવાઈ ગએલું છે. આ મંત્રમાં અર્થની ભાવના જ મુખ્ય છે. જપ મુખ્ય નથી માટે જપ શબ્દ આ મંત્ર સાથે વાપર્યો નથી. પોતાના ઈચ્છિત પ્રકારથી પ્રિયની ભાવના કરવી એ જ અહિં પૂજારૂપ છે, તે જ વાત ભગવાને 'મદર્ચનાત્' (મારી પૂજાથી) એમ ૨૫મા શ્લોકમાં કહી છે. વળી 'ભગવાનેવ વા ગુણાતીતઃ' એ પક્ષમાં તો બધું જ બરાબર બેસી જાય છે, કેમ કે આ પક્ષમાં બંને (મંત્ર) એક હોવા છતાં પાછળથી પૂજા વિશિષ્ટ ગુણવાળી હોવાથી પૂર્વના કરતાં તેનો ભેદ સિદ્ધ થાય છે તેથી વ્રતનો ભેદ પણ સિદ્ધ થાય છે. એક કાર્યમાં જ તેના અવાંતર ફલ અને પરમ ફલ કહી શકાય તેથી અહિં જુદાં વ્રત લઈએ તો અવાંતર ફલ અને પરમ ફલ એમ જે સુબોધિનીમાં આચાર્યે કહ્યાં તે ઘટી શકતાં નથી એમ શંકા કરવી નહિ. કેમ કે અહિં માત્ર સ્વામિની (કુમારિકાઓ)ના ઉદ્દેશથી જ ફલનું પરમપણું અને તેના

વચ્ચેના ફલ તરીકે બીજાની અપેક્ષા છે. એમ હોવાથી બંને ફલ એક કર્મથી જ સાધ્ય હોવાં જોઈએ એવું કાંઈ અહિંઆં કારણ નથી એમ સમજવું. આમ હોવાથી જ પુરુષના ભેદથી જે એકને અવાંતર ફલ હોય તે જ બીજાને પરમ ફલ પણ હોઈ શકે છે, તેથી જ જ્ઞાનમાર્ગીય મોક્ષની ઈચ્છા રાખનારને યોગથી દોષનું નિવર્તન થાય છે અને જ્ઞાનથી મોક્ષ સિદ્ધ થાય છે એ વાત પણ ઘટી શકે છે.

**લે.**– 'એવમ્ ઈદમ્ ચેરુઃ તતઃ કૃષ્ણચેતસઃ સત્યઃ અગ્રિમં કૃતવત્યઃ' એમ સંબંધ છે. આ પ્રમાણે આ વ્રત કર્યું પછી કૃષ્ણમાં ચિત્તવાળાં થઈને આગળનું કર્યું એવો સંબંધ છે. 'ભગવત્સંબંધ' વિગેરે. ભગવત્સંબંધ લક્ષણ છે જેનું એટલે જે કાલની અંદર ભગવાનનો સંબંધ અવશ્ય થાય તેવો કાલ. 'નિમિત્તમ્'ની પહેલાં 'પતિત્વે' એમ અધ્યાહાર સમજવું કારણ કે 'કાદાચિત્કત્વાત્' એટલે લક્ષ્મીની માફક હમેશાં પતિપત્નીભાવ સ્થાપવાની ઈચ્છા નહિ હોવાથી. 'અતઃ' એટલે પતિપણામાં કાલ નિમિત્ત હોવાથી. 'પ્રાર્થયન્તિ' એટલે 'પતિમ્ મે કુરુ'માં પતિ કરવાનું બીજાના એટલે કાત્યાયનીના હાથમાં છે. અહિં પતિ થવાનું ભગવાનમાં જ છે (કાત્યાયની કે બીજા કોઈની અપેક્ષા વિના) એવો ભાવ છે. 'ફલવાચકત્વાત્' વિગેરે. પહેલાંના મંત્રમાં 'પતિમ્ મે કુરુ'થી પતિરૂપ ફલની પ્રાર્થના દેવતાને કરેલી હોવાથી તે પૂજાનું શેષ છે. અહિં પોતે જ પતિ થાઓ એમ ફલનું સ્વરૂપ માત્ર કહેવાથી એ પૂજાના શેષ તરીકે નથી, તેથી આ મંત્ર ફલના સ્વરૂપને કહેનાર છે, તેથી આ મંત્ર જ નથી. 'મન્ત્રવત્ ઈતિ' એટલે 'તચ્ચોદકેષુ મન્ત્રાખ્યા' એ લક્ષણથી 'ભૂયાત્ નન્દસુતઃ પતિઃ' એ મંત્ર જ નથી. 'અન્તઃકરણધર્મત્વાત્'ની પહેલાં 'પ્રાર્થનાયાઃ' એમ અધ્યાહાર સમજવું.

**યો.**– 'ફલવાચકત્વાત્' વિગેરે. એટલે 'ભૂયાત્' (થાઓ) એમ આ મંત્ર ફલવાચક હોવાથી પતિ થવું એ ફલ હોવાથી પૂજાનું શેષ એ નહિ હોવાથી 'ભૂયાત્ નન્દસુતઃ પતિઃ' એ વાક્યમાં દેવતાને પ્રાર્થના કરી નથી, પણ નંદસુત પતિ થાઓ એ આશાથી ભદ્રકાલીની પૂજા કરી માટે એ પૂજાના શેષરૂપ નથી. 'મન્ત્રવત્ ઈતિ' એટલે કાત્યાયની મંત્રની માફક આ મંત્ર પૂજાના અંગ તરીકે નથી તેથી 'સ્વરૂપેણૈવ કીર્તનમ્' એટલે ભગવાન્ પતિ થાઓ એમ સ્વરૂપથી જ ભગવાનનું કીર્તન કર્યું, કોઈ દેવતા પ્રતિ ભગવાનને પતિ કરવાની પ્રાર્થના કરી નથી. 'ઈતિશબ્દપ્રયોગે ગૌણતા સ્યાત્' એટલે 'ભૂયાન્નન્દસુતઃ પતિઃ' તેની પાછળ 'ઈતિ ઉચ્ચાર્ય' એમ ઉચ્ચાર કરીને અથવા 'ઈતિ જપ્ત્વા' વિગેરેથી 'ઈતિ' શબ્દનો પ્રયોગ કરે તો મંત્ર દ્વારા દેવતાની પ્રાર્થના થાય, અને દેવતાની કૃપાથી જો ભગવાનની પ્રાપ્તિ થાય તો પોતાના સ્નેહરૂપ ભક્તિ ગૌણ થઈ જાય. એ જ બાબત 'પ્રાર્થનયા'થી આરંભ કરીને 'પતિર્જાતઃ' (ભગવાનનું પોતે જ વરણ કર્યું તેથી તે અંતઃકરણના ધર્મરૂપ હોવાથી ભગવાન્ પતિ થયા) એ વાક્યથી કહી છે.

**સુ.**– પછી પ્રકટપણે પૂજા છોડી દઈને ભગવાનનું ગાન કરતાં કાલિંદીમાં

કામનાસ્નાનને માટે ગયાં, તે 'ઉષસિ ઉત્થાય' એ શ્લોકથી કહે છેઃ

**ઉષસ્યુત્થાય ગોત્રૈઃ સ્વૈરન્યોન્યાબદ્ધબાહવઃ ।।**
**કૃષ્ણમુચ્ચૈર્જગુર્યાન્ત્યઃ કાલિન્દ્યાં સ્નાતુમન્વહમ્ ।।૬।।**

પોતપોતાનાં નામ લેવાથી પ્રાતઃકાલમાં ઉઠીને અને બીજાઓને ઉઠાડીને એક બીજાની સાથે પોતાના હસ્ત મેળવીને દરરોજ કાલિંદીમાં સ્નાન કરવા જતાં ઊંચે સ્વરે શ્રીકૃષ્ણનાં ગુણગાન કર્યાં. ૬।।

**સુ.**- 'હવે નિઃશંકપણે સૂર્યોદય થતાં પહેલાં પોતપોતાના નામથી ઉઠી ઉઠાડીને શ્રીકૃષ્ણનું ઊંચેથી ગાન કર્યું. અહિં ગોત્ર શબ્દથી નામ પણ સમજવું, પછી પોતપોતાના નામથી બોલાવવાથી પોતે પહેલાં જાગેલાં તે બીજાઓને તેમના નામથી જ જગાડે છે તેવો વ્યાવહારિક અર્થ છે. તે સર્વે ગોત્ર પ્રવર્તક ઋષિઓ છે અને યજ્ઞમાં પ્રવૃત્ત થયા છે તેથી આર્ષજ્ઞાનથી પોતાના ગોત્રથી નિર્ભય થઈને કૃષ્ણ જે સદાનંદ છે અને સ્વયમ્ પુરુષાર્થરૂપ છે તેનું ગાન કર્યું. વચમાં ભગવાનને કલ્પીને જે પ્રમાણે રાસની અંદર થાય છે તેમ એક બીજાની સાથે પોતાના હસ્ત જોડ્યા અને તેથી પ્રકટપણે ભગવાન્ જેમના પતિ છે એવા તેઓ થયાં, તેથી જલક્રીડાને માટે ગોપિકાઓથી વિંટળાએલા કૃષ્ણનું ગાન કરતાં કાલિંદીને વિષે સ્નાન કરવાને ગયાં. અહિં ગાન મુખ્ય છે, સ્નાન અને ગમન ગૌણ છે, દરરોજ એ પ્રમાણે કર્યું, આથી હેમંતઋતુનો નિયમ હવે નથી એમ સૂચવ્યું, બીજાં વ્રતો પણ હવે નથી એમ સૂચવ્યું. હવે તો ગાનમાં જ આવીને સર્વે રહ્યું. કલિનું ખંડન કરે છે તે કલિંદ (પર્વત) તેની કન્યા કાલિંદી તે પણ કલિનું ખંડન કરનારી સમજવી, આથી ત્રણ દોષનો પરિહાર થશે એમ કહ્યું, સૉકપણાનો એક બીજા સાથે કલહ[1], માન વિગેરેથી થતો ભગવાનની સાથે કલહ[2], અને કલિકાલથી ચિત્તની અશુદ્ધિથી ભગવાનની સાથેનો કલહ[3]. આને માટે જ એટલે ફરીથી શુદ્ધભાવ થવાને માટે કાલિંદીમાં સ્નાન કરતાં હતાં. પ્રાતઃકાલ સર્વ કાર્યો કરવામાં પ્રશસ્ત છે તેથી અને એમ વાક્ય છે કે 'ભગવત્ક્રીડાને માટે ગર્ગ પ્રાતઃકાલની પ્રશંસા કરે છે'. તેથી પ્રાતઃકાલમાં ગયાં. દરરોજ એમ કહેવાથી અમુક કાલ સુધી ગયાં એમ નહિ, તેથી પોતાને વિષે ભગવાનની સ્થિતિ અવ્યક્તપણાથી હમેશાંની થઈ. પોતે ભગવદ્ગાન હમેશાં કર્યું અને એકબીજાની સાથે સ્પર્ધાનો અભાવ હમેશાંનો થયો, ભગવાનની સાથે નિત્ય સ્થિતિ થઈ અને દોષોનો અભાવ હમેશાંનો થયો. કોઈ પણ સમયે આમાંનો કોઈ પણ અંશ નિવૃત્ત થયો એમ નહિ.

**લે.**- 'તથાત્વમ્' એટલે ભગવાન્ પતિ જેના છે તેવાપણું. 'અતઃ' એટલે એની પછી પ્રાતઃકાલમાં મૂલમાં 'એવં જગુઃ તતઃ ઉષસિ સ્નાતુમ્ યાન્ત્યઃ જાતાઃ' એમ સંબંધના

અભિપ્રાયથી કહે છે કે 'ગાયન્ત્ય એવ. ગાનમ્ મુખ્યમ્' એટલે કાલથી પરિચ્છિન્ન નહિ, નિત્ય. 'સ્નાનગમને ગૌણે' એટલે કાલથી પરિચ્છિન્ન અમુક કાલ સુધીના. 'અનેન' એટલે 'અન્વહમ્' પદથી. જો એમ ન હોત તો પહેલાંની માફક એક માસનું વ્રત હતું એમ કહેત. 'અન્યોન્યં કલહઃ' એટલે બીજી ગોપિકાઓને સૉક માનીને કલહ[1]. 'ભગવતા સહ કલહઃ' માન વિગેરેથી થતો[2]. 'કલિકાલજનિતઃ' એટલે ચિત્તની અશુદ્ધિને લીધે આટલું કષ્ટ વેઠ્યા છતાં ભગવાન્ આવ્યા નહિ તેથી તેમના ઉપર ક્રૂરતા વિગેરે દોષોનું આરોપણ કરવું તે[3]. 'નાત્ર ઈતિ અન્વહમ્ ઈત્યસ્ય યાન્ત્ય ઈતિ અનેન અન્વયાત્ ગમને અપરિચ્છિન્નઃ કાલો ન કિન્તુ દિનૈઃ પરિચ્છિન્ન એવ' એટલે દરરોજ જતાં એમ કહેવાથી જવામાં કાલ અપરિચ્છિન્ન નથી પણ અમુક દીન સુધીનો છે. 'અતઃ' એટલે જવાનું અમુક દીન સુધી હોવાથી ભગવત્સ્થિતિ, ગાન, સ્પર્ધાનો અભાવ, દોષનો અભાવ વિગેરે નિત્ય. તેથી જવાપણું અમુક કાલ સુધી હોવાને લીધે વાક્યાર્થ એ પ્રમાણે કહ્યો છે. 'અસંઘાતાભાવઃ' એટલે ભગવાનની સાથે સ્થિતિ અને ભગવાનની સાથે કલહનો અભાવ.

**સુ.**– આ પ્રમાણે થયું ત્યારે ભગવાન્ પોતે પણ પ્રકટ થયા તે કહેવાને ઉપાખ્યાન 'નદ્યામ્' એ શ્લોકથી શરુ કરે છેઃ

**નદ્યાં કદાચિદાગત્ય તીરે નિક્ષિપ્ય પૂર્વવત્ ।।**
**વાસાંસિ કૃષ્ણં ગાયન્ત્યો વિજહ્રુઃ સલિલે મુદા ।।૭।।**

કોઈ ભદ્રકાલમાં નદી આગળ આવીને પ્રથમની માફક વસ્ત્રો કિનારે મૂકીને કૃષ્ણનું ગુણગાન કરતાં જલને વિષે આનંદથી વિહાર કરવા લાગ્યાં. ૭।।

**સુ.**– 'કદાચિત્' એટલે જ્યારે ફરીથી ભદ્રકાલ આવ્યો ત્યારે. કાલિંદીનું કલિના મલને દૂર કરવારૂપ પ્રયોજન સિદ્ધ થઈ ગયું, તેથી હવે કાલિંદી શબ્દ નહિ વાપરતાં નદી શબ્દ કહ્યો. પહેલાંની માફક જ ગુણગાન કરીને તે જ ગુણગાનથી મત્ત થઈને પોતાના દેહનું વિસ્મરણ થઈ જવાથી પોતે પહેરેલાં વસ્ત્રો કિનારા પર મૂકીને ભગવાનની સાથે જલક્રીડા કરવા માટે જલમાં પ્રવેશ કરીને આનંદથી જલમાં વિહાર કર્યો. સ્નાન કરતી વખતે મૌનનો પરિત્યાગ, વસ્ત્રનો પરિત્યાગ એ બે દોષ, જલની અંદર ક્રીડા અને નિયમ ગ્રહણ કરેલાં કુમારિકાઓના દેહના વિસ્મરણરૂપી બીજા બે દોષ, તે 'મુદા' એટલે આનંદથી એ શબ્દથી સૂચન કર્યા. એ પ્રમાણે કર્મમાર્ગની અંદર ચાર દોષ થયા. ભક્તિમાર્ગમાં એ ચારે દોષ નથી પણ ગુણ છે.

**યો.**– મૌનનો પરિત્યાગ ભગવાનના કીર્તનને માટે કરવો જ જોઈએ. દશમ સ્કંધમાં ગર્ભસ્તુતિના વાક્યમાં કહ્યું છે કે 'ક્રિયાઓમાં ભગવાનના મંગલરૂપ નામોનું અને સ્વરૂપોનું શ્રવણ કરતો, ઉચ્ચાર કરતો, સ્મરણ કરતો અને ચિંતન કરતો જે તમારા

ચરણારવિંદને વિષે આવિષ્ટ ચિત્તવાળો થાય છે તે સંસારમાં ફરીથી પડતો નથી'. તેથી દરેક ક્રિયાની અંદર ભગવાનના ગુણોનું કીર્તન કરવું તે આવશ્યક છે, તેથી ભક્તિમાર્ગમાં મૌનનો પરિત્યાગ ગુણ છે. (૧) વસ્ત્રનો પરિત્યાગ ભક્તિજન્ય મદને સૂચવે છે તેથી તે પણ ગુણ છે. 'પરસ્પર તમારા ગુણગાનરૂપ અમૃતથી જેના દેહધર્મો દૂર થઈ ગયા છે' એ વાક્યથી પરમ ભક્તિમાં દેહધર્મ દૂર થઈ જાય છે. ચાલતા વિષયમાં પણ દેહધર્મની નિવૃત્તિ મદથી સૂચન કરી, અને વસ્ત્રના ત્યાગથી મદનું સૂચન કર્યું, માટે ભક્તિજન્ય મદને લીધે વસ્ત્રનો ત્યાગ એ ગુણ જ છે. (૨) 'વિજહ્રુઃ' એ પદથી કહેલી ક્રીડા પણ ગુણ છે. 'તુષ્યન્તિ ચ રમન્તિ ચ' એમાં કહ્યા પ્રમાણે જ્યારે ભક્તિનો ઉત્કર્ષ થાય છે ત્યારે ક્રીડા થાય છે. (૩) દેહવિસ્મરણ પણ ગુણ છે, કેમ કે 'ભગવાનમાં ચિત્તવાળાં ભગવાનના ગુણગાન કરતાં ભગવાનની ચેષ્ટા કરતા ભગવદ્રૂપ થએલાં ભગવાનના ગુણગાન ગાતાં પોતાના દેહ અને ઘરનું વિસ્મરણ કર્યું', એ વાક્યમાં દેહનું વિસ્મરણ ગુણરૂપે કહ્યું છે. (૪) એ પ્રમાણે એ ચારે દોષો ભક્તિમાર્ગમાં ગુણરૂપ છે.

**લે.**– 'મત્તઃ' વસ્ત્રપરિત્યાગ મત્ત મનુષ્યોને જ થાય છે, એવો ભાવ છે. આભાસમાં વચ્ચેના પ્રકરણનો અર્થ કહ્યો. 'સ્નાને'થી શરુ કરીને 'ગુણાઃ' સુધી વાક્યાર્થ કહ્યો.

**સુ.**– માટે તેમના દોષ દૂર કરવાને માટે જ્યારે કર્મ પુરું થયું ત્યારે ભગવાન્ પોતે પધાર્યા, પોતે 'સ્વયમ્' એ પદનું એ તાત્પર્ય છે કે પહેલાં તો ભાવનાથી જ ભગવાન્ હૃદયમાં પધાર્યા હતાં, હવે તો પ્રકટ રૂપે પધાર્યા, તે 'ભગવાંસ્તદભિપ્રેત્ય' એ શ્લોકથી કહે છેઃ

**ભગવાંસ્તદભિપ્રેત્ય કૃષ્ણો યોગેશ્વરેશ્વરઃ ।।**
**વયસ્યૈરાગતસ્તત્ર વૃતસ્તદ્વ્રતસિદ્ધયે ।।૮।।।।**

ભગવાન્ તેમના દોષ જાણીને તે નિવારણ કરવાને માટે પોતે કૃષ્ણ છે અને યોગેશ્વરેશ્વર છે તેથી, અને તે કુમારિકાઓએ ત્યાં જ વરણ કર્યું હતું તેથી જ તેમના વ્રતનું ફલ આપવાને માટે વયસ્યોની સાથે ત્યાં પધાર્યા. ૮।।.

**સુ.**– તેમનો અપરાધ જાણીને તેની નિવૃત્તિ કરવાને માટે પધાર્યા. વળી પોતે કૃષ્ણ છે એટલે સ્ત્રીઓના હિત કરનારા છે, અને આનંદ સ્ત્રીઓની અંદર પ્રતિષ્ઠિત થઈને રહ્યો છે તેથી પધાર્યા. પરંતુ પોતે સદાનંદરૂપ હોવાથી દોષની નિવૃત્તિ કરવી જોઈએ. અંદર રહેલો દોષ નિવૃત્ત કરવાને ભગવાનમાં સામર્થ્ય છે તે જણાવવાને યોગેશ્વરેશ્વર એ પદ મૂક્યું છે. યોગેશ્વરો તો યોગબલથી અંદર પ્રવેશ કરીને તે તે સ્થલમાં રહેલા દોષને દૂર કરે છે. તે યોગેશ્વરોના પણ આ ભગવાન્ ઈશ્વર છે, માટે એને દોષ દૂર કરવાને અંદર પ્રવેશ કરવાની જરુર રહેતી નથી. 'વયસ્ય' એટલે આ બાલકો પૂતનાને વિષે પ્રવેશ પામેલા હતા તેઓ પૂતનાના

પ્રાણનું જ્યારે ભગવાને પાન કર્યું ત્યારે ભગવાનમાં પાછા આવ્યા હતા. અને તે આ કુમારિકાઓના આધિદૈવિકરૂપ હતા એટલે કુમારિકાઓના પુરુષભાવરૂપ હતા, માટે તે પુરુષરૂપ હતા, અને કુમારિકાઓ જો તે પુરુષરૂપોથી અધિષ્ઠિત નહિ થાય તો સ્વચ્છંદભોગયોગ્ય ન થાય તેથી (વિપરીત રસક્રીડાને યોગ્ય ન થાય તેથી) ભગવાને દૃષ્ટિ દ્વારા તેમનો પ્રવેશ કુમારિકાઓમાં કર્યો. ભગવાન્ સાથેના ભોગની પ્રાર્થના તેઓએ પણ કરી હતી, અને તે જ સ્થાને કુમારિકાઓએ પણ 'ભૂયાન્નન્દસુતઃ પતિઃ' એમ પ્રાર્થના કરી હતી, એ સર્વ ધ્યાનમાં રાખીને વયસ્યોની સાથે પોતે ત્યાં પધાર્યા. વરણ પણ ત્યાં જ કર્યું હતું, માટે તે વ્રતનું ફલ આપવા માટે પધાર્યા.

**ટિ.**– 'એતે હિ બાલકાઃ'થી શરુ કરીને 'તદ્ભોગાર્થં ચ' સુધી. અહિં આ જાણવાનું છે. ભગવાને સૃષ્ટિની ઉત્પત્તિ કરતાં કેટલાક જીવોને પુરુષ પ્રકૃતિવાળા એટલે પુરુષ સ્વભાવવાળા અને કેટલાકને સ્ત્રી સ્વભાવવાળા સર્જ્યા. શરીર પુરુષરૂપ ન હોય તો પણ તેમની પ્રકૃતિ એટલે સ્વભાવ તેવો હોય છે, અને શરીર સ્ત્રીરૂપ ન હોય તો પણ તેમનો સ્વભાવ સ્ત્રી જેવો હોય છે. પુરુષ પ્રકૃતિવાળાઓ તો હરિનું ભજન કરે છે, કારણ કે તેમનામાં પુરુષના અંશનો પ્રવેશ હોય છે. બીજાઓ ભજન કરતા નથી, કેમ કે તેમનામાં કેવલ પ્રકૃતિનો અંશ હોય છે. તેથી જ જ્યાં ભગવદ્ભજન કરવું એમ કહેવામાં આવે છે ત્યાં સર્વત્ર નરજાતિ વાપરીને અધિકારીનું નિરૂપણ કરાય છે, જેમ કે 'કો નુ રાજન્ ઇન્દ્રિયવાન્' (હે રાજા ! ઇન્દ્રિયવાળો કોણ ભગવાનનું ભજન ન કરે?) એમાં 'કઃ' એ નરજાતિનું પદ વાપર્યું છે. જો એમ નહિ માનીએ તો સ્ત્રીઓને હરિભજન કરવાનું રહે નહિ, કેમ કે સ્ત્રીઓને (નારીજાતિના શબ્દથી) ભગવદ્ભજન કરવાનું વિધાન કર્યું નથી. તેથી શરીરમાં રહેલું પુરુષપણું કે સ્ત્રીપણું ભજનમાં ઉપયોગી નથી, પણ પુરુષપ્રકૃતિ અથવા સ્ત્રીપ્રકૃતિ જે ઉપર કહી તેની અપેક્ષાથી જ શાસ્ત્રમાં ભજન કરવાનું કહ્યું છે એમ સમજવું. આથી શરીર વિનાના જીવોને વિષે પણ પુરુષત્વ અને સ્ત્રીત્વ છે એમ જણાય છે. આમ હોવાથી ઉપર કહેલા ઋષિઓ પણ પુરુષ પ્રકૃતિવાળા હતા અને તેઓ ભગવાનને અત્યંત પ્રિય હતા, તેથી તેમના સંબંધી સર્વ ભગવાનને પ્રિય હતું. માટે મોટા અનુગ્રહથી તેમના ધર્મનો પણ અંગીકાર કર્યો, અને તેમના સંબંધી જે કાંઈ હોય તે વ્યર્થ ન થાય તેથી તેમના પુરુષરૂપ ધર્મને આ કુમારિકાઓમાં સ્થાપન કરવાને તે તે સ્થલે તેમનો અવતાર કર્યો. આ જ આધિદૈવિકત્વ સમજવું. તેથી જ ઋષિદશામાં ભગવાને જે વચન કહ્યું હતું તે ભગવાને સત્ય કર્યું, એમ આ પુરુષો જાણે છે, તેથી તેમને સાક્ષી તરીકે ભગવાન્ કહેશે, એ વાત 'તદિમે વિદુઃ' એ ૧૧મા શ્લોકમાં કહી છે. 'સ્ત્રીને જોવા વિગેરેથી વિકાર થાય એ તેમાં સહજ દોષ છે, અને એ દોષ થાય તો ભગવાનનો અપરાધ થાય, અને તેને લીધે અનર્થનો સંબંધ થાય, તેથી ખારથી મેલ દૂર કરીએ તેમ અતિ ક્રૂર ખારરૂપ સ્ત્રી પૂતનામાં પ્રથમ ભગવાને તેમનો સંબંધ કરાવ્યો. એઓ જો કે મોટા પુરુષ હતા તો પણ તે સમયે તે પૂતના

પણ 'શું આ ભગવાન્ હશે કે આ ભગવાન્ હશે' એવા ભાવવાળી હોવાથી તેમનો પ્રવેશ પોતામાં કર્યો, તેથી જ તે પૂતનાની અંદર સ્થિતિ કરવા છતાં પણ (તે પૂતનાના ભગવદ્ભાવને લીધે) તેમનામાં આસુરભાવનો પ્રવેશ થયો નહિ. એમ હોવાથી તે પૂતનાના સંબંધથી જે ક્લેશ થયો તે વડે તપથી દોષની નિવૃત્તિ થાય તેમ તે ક્લેશરૂપ તપથી તેમના દોષની નિવૃત્તિ થઈ. અને ભગવાને 'મારે લીધે જ એમને પૂતના ખાઈ ગઈ.' એ વિચારથી પોતાના આનંદનું દાન તેમને આપવાને માટે પૂતનાના પ્રાણની સાથે તેમનો પ્રવેશ પણ પોતામાં કર્યો. કુમારિકાઓને વિષે પણ ઉપર કહેલી રીતિએ પોતાની પ્રસાદરૂપ શક્તિનો અથવા પોતાનો પ્રવેશ કરીને પોતાના ભોગની યોગ્યતા સંપાદન કરી, અને સહજ પુરુષપણું તો તે કુમારિકાઓને વિષે જ સ્થાપન કર્યું. જો એમ નહિ માનીએ તો તે કુમારિકાઓમાં કામભાવ જ ઉત્પન્ન થાત, કારણ કે સ્ત્રીઓનો સ્વભાવ જ એવો છે, પણ કાંઈ સર્વાત્મભાવ ઉત્પન્ન થાત નહિ. જ્યાં કાંઈ પણ અતિશય અથવા વિશેષપણું જોવામાં આવે છે ત્યાં સ્વાર્થનો વિચાર કરીને જ તેવો અતિશય થાય છે, માટે આ કુમારિકાઓને પોતાના સ્ત્રીસ્વભાવ પ્રમાણે કામભાવ જ થાત, પણ સહજ પુરુષપણું તેમનામાં સ્થાપેલું હોવાથી તેમનામાં પ્રૌઢભાવથી ઉત્પત્તિ થઈ, અને તેથી જ તેઓએ લોક અને વેદની અપેક્ષા ન કરતાં (સર્વાત્મભાવથી) ભગવાનનું ભજન કર્યું. ભગવાને પણ સ્વચ્છંદ ભોગ એમનામાં જ કર્યો અને એમનો જ કર્યો. જો કે ભગવાન્ કાંઈ પણ સાધન વિના સર્વ કરવાને સમર્થ છે એમ કહી શકાય તો પણ તે તે વસ્તુની મર્યાદામાં રહીને જ ભોગ કરવાથી મોટો રસ પ્રાપ્ત થાય છે, તેથી સર્વ રસના ભોક્તા ભગવાને પણ તે પ્રમાણે કર્યું. જો એમ નહિ માનીએ તો ભગવાન્ સ્ત્રીત્વ વિના પણ પોતાના આનંદનું દાન કરવાને સમર્થ છે, તેથી તેમનામાં સ્ત્રીત્વનું સ્થાપન કર્યા વિના પણ પોતાના આનંદનું દાન કરત, પણ રસની મર્યાદા સાચવવાને માટે જ વાત્સ્યાયનના શાસ્ત્રને અનુસાર જ ભગવાન્ રમણ કરે છે. 'ભગવાનપિ રન્તું મનશ્ચક્રે' એટલે ભગવાન્ પોતે ભગવાન્ હોવા છતાં પણ રમવાને મન કર્યું, એમ ફલ પ્રકરણમાં કહેવામાં આવશે, માટે આ સર્વ યોગ્ય જ છે.

**લે.**– 'કર્મણિ' એટલે હેમંતના નિયમો વિગેરે રૂપ કર્મ. તે કર્મ પણ જો ચાલુ રહે તો આ ચાર દોષો થવાથી કેવલ કર્મમાર્ગમાં સર્વથા દોષરૂપ જ કહેવાય, તો ભગવાન્ તેમની ઉપેક્ષા જ કરે. 'સ્વયમ્' એટલે પૂર્વે જેમની ભાવના કરતા હતા તે હવે પોતે પ્રકટ પધાર્યા એવો અર્થ છે. 'આનન્દસ્તત્ર રમાદિનાં' અન્ન વિગેરેની માફક ઉપસ્થ વિષયનો આનંદ સ્ત્રીઓને વિષે સ્થિત થએલો છે. 'ભગવત્ત્વાત્ સમાગતઃ કૃષ્ણત્વાચ્ચ ઈતિ મૂલવાસનયા કિઞ્ચ ઈતિ ઉક્તમ્' પોતે ભગવાન્ હોવાથી અને કૃષ્ણ હોવાથી મૂલ વાસનાથી પણ પધાર્યા તે જણાવવાને 'કિઞ્ચ' એમ કહ્યું છે. 'પુનઃ' વિગેરે એટલે નાયિકારીતિએ ભોગ સિદ્ધ થયા પછી નાયક રીતે ફરીથી ભોગને માટે. 'દષ્ટિ દ્વારા' એટલે 'તાસ્તથા અવનતા દૃષ્ટ્વા' એ ૨૧મા શ્લોકમાં કહેલી સર્વાંગ વિષયિણી દષ્ટિ દ્વારા.

**યો.**– 'આધિદૈવિકરૂપા' એટલે આ કુમારિકાઓના પુરુષભાવરૂપ. આની યુક્તિ મેં પ્રમાણ પ્રકરણની યોજનામાં નિરૂપણ કરી છે. 'અનધિષ્ઠિતા' વિગેરે, એટલે આ કુમારિકાઓ જો આ પુરુષભાવોથી અધિષ્ઠિત ન થાય તો વિપરીત રસક્રીડામાં જે સ્વચ્છંદ ભોગ થાય છે તેને યોગ્ય તેઓ થાય નહિ, તેથી તે વિપરીત રસના અનુભવને માટે આ કુમારિકાઓમાં આ પુરુષભાવોનું સ્થાપન કર્યું એવો અર્થ છે.

**સુ.**– પછી (પ્રતિબંધ નિવૃત્તિની પ્રાર્થના કુમારિકાઓએ કરી હતી તેથી અને તેઓએ ભગવાનનું વરણ કર્યું હતું તેથી, વરકન્યાના વિવાહમાં અંતર્પટ દૂર કરવામાં આવે છે તેથી), ભગવાને પોતાની અને તેમની વચ્ચે રહેલું જે વસ્ત્ર તે પડદારૂપ હોવાથી તે વસ્ત્રો પોતે લઈ લીધાં, તે 'તાસાં વાસાંસિ' એ શ્લોકથી કહે છેઃ

**તાસાં વાસાંસ્યુપાદાય નીપમારુહ્ય સત્વરમ્ ॥**
**હસદ્‌ભિઃ પ્રહસન્ બાલૈઃ પરિહાસમુવાચ હ ॥૯॥**

તેમનાં વસ્ત્રો પોતાની સમીપ લઈને એકદમ કદંબ પર ચઢીને હસતા બાલકોની સાથે પોતે પણ હસતા હસતા નીચે પ્રમાણેના પરિહાસનાં વચનો બોલ્યા એ આશ્ચર્ય છે. ૯॥

**સુ.**– 'ઉપાદાય' એટલે પોતાની પાસે લઈને, પોતાની અંદર રહેલું મોટું જગત્ તેને આચ્છાદન કરવાને. તે વસ્ત્રોથી તેનું આચ્છાદાન કરીને જલ્દીથી ભગવાન્ કદંબ પર ચઢી ગયા. 'નીપ' એટલે કદંબ. જો જલ્દીથી કદંબ પર નહિ ચઢે તો અંદર રહેલાઓ આચ્છાદિત થવાથી દૈત્યનો પ્રવેશ તેમનામાં થાય, અને વૃક્ષો વૈષ્ણવ હોવાથી તેમાં દૈત્યનો પ્રવેશ થાય નહિ, તેથી જ જેમ બને તેમ જલ્દી કદંબ પર ચઢી ગયા. તેમનું આવરણ અન્ય સ્થલે સ્થાપ્યું. હમેશાં જે કામનું પાન કરે છે અથવા રક્ષણ કરે છે તેનું નામ 'નીપ'. આથી એમ સમજવું કે આ કુમારિકાઓને વિષે પોતાના વિષેનો કામ ભગવાને સ્થાપન કર્યો, જો એમ નહિ કરે તો આ કુમારિકાઓ નિષ્કામ થઈ જાય. કામરક્ષક નીપના ઉપર ભગવાન્ ચઢ્યા તેથી હવે પછી ત્યાં રહેલાઓ નિષ્કામ થઈ જશે એવી શંકા પણ રહી નહિ. વળી હસતા બાલકો સહિત પોતે પણ હસતા તે ગોપીજનનો સ્વાભાવિક કામ દૂર કરીને પોતાનો પ્રહસનરૂપ આધિદૈવિક કામ તેમનામાં યોજી આપ્યો. વળી બાલકો ભગવાનનું ચાતુર્ય અને શીઘ્રપણું જોઈને પોતાની કૃતાર્થતા સમજીને સંતોષપૂર્વક હસવા લાગ્યા, કારણ કે તેઓ બાલ હતા એટલે બલકાર્યને માટે તેમને ત્યાં આણ્યા હતા, અને તેથી જ આગળ તેમને જ્ઞાનશક્તિનું દાન કરશે, એટલે યથોચિત ભોગને અનુકૂલ જ્ઞાનશક્તિનું દાન ભગવાન્ તે બાલકોને કરશે. તે બાલકોની પણ આધિદૈવિક માયાનો તે

કુમારિકાઓમાં પ્રવેશ થયો તેથી પ્રથમ બોલાવવાથી તેઓ આવ્યાં નહિ. એમ કરીને હસતાં હસતાં તે કુમારિકાઓનું સર્વ અભિમાન એટલે અહંકાર અથવા હુંપણું નિવૃત્ત કરવાને માટે ભગવાન્ નીચે પ્રમાણે બોલ્યા. ભગવાન્ સર્વેશ્વર છે તે આવા પ્રકારનું બોલે છે, તે આશ્ચર્ય છે. તે જણાવવાને શ્લોકમાં 'હ' શબ્દ છેવટે મુક્યો છે.

**ટિ.**– 'ઉપાદાય'થી શરુ કરીને 'અન્યત્ર સ્થાપિતમિત્યર્થઃ' અહિં સુધીનો આશય નીચે પ્રમાણે છે. 'ઉપાદાય'ને બદલે 'આદાય' પદથી જ વસ્ત્ર ગ્રહણનો સંભવ તો પ્રાપ્ત થાય છે. અને ગ્રહણ કરનાર પોતાની પાસે તે વસ્ત્રને લે છે એમ અર્થ થઈ શકે છે, તે છતાં સામીપ્યના અર્થવાળો 'ઉપ' ઉપસર્ગ કહ્યો તેથી તેનો કાંઈ વિશેષ અભિપ્રાય હોવો જોઈએ, તે અભિપ્રાય 'સ્વાન્તઃસ્થિતેઃ' વિગેરેથી સુબોધિનીમાં નિરૂપણ કરવામાં આવ્યો છે, તે બાબતનો વિચાર આપણે કરીએ. તેમાં શંકા થાય છે કે શ્રુતિ એમ કહે છે કે 'યઃ પૃથિવ્યાં તિષ્ઠન્' એટલે જે પૃથ્વીમાં રહે છે ઈત્યાદિમાં નિરૂપણ કરેલું હોવાથી સ્વાભાવિક રીતે તે બ્રહ્મધર્મવાળું છે, તેથી તેનું આચ્છાદાન કરવાનું કહેવું તે અયુક્ત છે, કેમ કે ભગવાનની સાથે વ્યવધાન અથવા આચ્છાદાન થઈ શકે જ નહિ, તેથી તેમનામાં દૈત્યનો પ્રવેશ પણ થઈ શકે નહિ. વળી આચ્છાદનનું પ્રયોજન પણ અમને સમજ પડતું નથી. માટે એ આચ્છાદન ન થાય તેને માટે કદંબ ઉપર ચઢવાનું કહેવું તે પણ અમને સમજ પડતી નથી. વળી કદંબ પર પોતે જ ચઢ્યા છે, તેથી પોતાની અંદર રહેલું જે જગત્ તેનો સંબંધ પણ કદંબને થાય જ. એમ હોવાથી જગત્ ભગવાનમાં રહેલું હોવાથી તેમાં દૈત્યના પ્રવેશનો સંભવ ન હોવાથી કદંબ પર ચઢવું એ નકામું લખો છો. માટે કદંબ પર શા માટે ચઢ્યા? આ શંકાનું સમાધાન નીચે પ્રમાણે છેઃ

કેટલાક પુરુષો શાસ્ત્રથી ભગવાનને જાણીને અને તેમનું માહાત્મ્ય સમજીને ભગવાનનું ભજન કરે છે. તે પણ સાક્ષાત્ ભજન નહિ પણ શ્રવણ વિગેરે ધર્મ દ્વારા ભજન કરે છે, ખરી રીતે તો તેઓ ધર્મોને જ ભજે છે, તેથી તેઓ વૈદિક કહેવાય છે. બીજાઓ પુત્રત્વ વિગેરે ધર્મ દ્વારા ભગવાનને ભજે છે, તેઓ લૌકિક ધર્મવાળા કહેવાય છે. ભગવાન્ તેમને તેને અનુકૂલ ફલ આપે છે. આ કુમારિકાઓ તો ભગવાનના ધર્મમાં બુદ્ધિવાળાં નથી, પણ ભગવાનમાં જ એટલે ભગવાનના સ્વરૂપમાં જ બુદ્ધિવાળાં છે. અને તે પણ નારદ વિગેરે અને યશોદાજી વિગેરેની માફક ધર્મો દ્વારા નહિ તેથી જ ભગવાન્ આગળ કહેશે કે મારે માટે જ લોક, વેદ અને સ્વજનનો તમે ત્યાગ કર્યો છે. સ્ત્રીને સ્વાભાવિક જે લજ્જા તેનો ત્યાગ પણ તેઓએ ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિને માટે જ કર્યો. એમ હોવાથી 'યે યથા મામ્ પ્રપદ્યન્તે' એ વાક્યની રુએ ભગવાને પણ તેમને અનુકૂલ ફલ આપવું જોઈએ એટલે સર્વ મર્યાદાનો ત્યાગ કરીને તેમનું ભજન કરવું જોઈએ. ભગવાને પણ પોતાના સ્વરૂપની મર્યાદાનો આ જ કારણથી એમને માટે ત્યાગ કર્યો, તેથી આગળ કહેવામાં આવશે કે 'આત્મારામ હોવા છતાં ભગવાને રમણ કર્યું'. 'સાધુઓ મારું હૃદય છે, મારા સિવાય

બીજું કાંઈ તેઓ જાણતા નથી અને તેમના સિવાય બીજું કાંઈ હું પણ જાણતો નથી'. જો પોતાના સ્વરૂપની મર્યાદાનો ત્યાગ ભગવાન્ ન કરતા હોય તો જેની જ્ઞાનશક્તિ અકુંઠિત છે તેને સાધુઓ સિવાય બીજા સર્વનું અજ્ઞાન છે એમ કહેવું સંભવે જ નહિ. ભગવાનની પુષ્ટિલીલા અથવા અનુગ્રહલીલા આવા જ પ્રકારની છે. મર્યાદામાર્ગથી વિપરીતપણું (બાલકપણું, અજ્ઞાનપણું) અહિં દોષરૂપ નથી પણ ગુણરૂપ છે. પુષ્ટિમાર્ગ જ એ પ્રકારનો છે, એમ હોવાથી આવું મર્યાદાત્યાગપૂર્વક સ્વસ્વરૂપનું દર્શન પોતાના પુષ્ટિભક્ત સિવાય બીજા કોઈને ન થાય તે પ્રમાણે પોતામાં રહેલા સર્વ જગતનું આચ્છાદન કર્યું એ આચ્છાદનનો મર્મ છે. તેમના સિવાય બીજું કાંઈ હું જાણતો નથી, એ વાક્યમાં બીજા કોઈને ભગવાન્ ઓળખતા નથી એમ કહ્યું તેમ જ પોતાનું સ્વરૂપ પણ તેમને માટે જ પ્રકટ કર્યું, અને તેમના સિવાય (પુષ્ટિભક્તો સિવાય) બીજા કોઈને તે સ્વરૂપનો સંબંધ નથી તે જ આચ્છાદનથી સમજવું. આ અર્થ અલૌકિક છે તે ભગવાનના વચનબલથી અને ભક્તિથી ભાવિત અંતર્હૃદયથી સમજવો. આવો મર્મ હોવાથી ભગવાન્ વ્યાપક છે. અને આચ્છાદન સંભવિત નથી એવી શંકા નિર્મૂલ છે. જો એમ ન હોય તો 'હૃદિસ્થં કુરુ કેશવમ્' 'વિસૃજતિ હૃદયં ન યસ્ય' (કેશવ ભગવાનને હૃદયમાં લાવો; જેનું હૃદય છોડતા નથી) વિગેરે ઘટી શકે નહિ. શ્રુતિ કહે છે કે 'ભગવાન્ દૂર પણ છે. પાસે પણ છે, અણુ છે, મોટા છે' વિગેરે સર્વનું તાત્પર્ય પણ આ જ છે. ભગવાન્રૂપ વસ્તુ જ આવી વિરુદ્ધધર્માશ્રયવાળી હોવાથી જ અને તે ભગવાનને ગ્રહણ કરાવનાર પ્રમાણોથી સિદ્ધ હોવાથી એમાં કાંઈ જ અઘટિત નથી.

કદંબ પર ચઢવાનું જે કહ્યું તેનો મર્મ નીચે પ્રમાણે છેઃ લીલા કરતા કરતા ભગવાન્ શાસ્ત્રાર્થનો બોધ પણ કરે છે, જે ભક્તોને ભગવાન્ તરફ આ કુમારિકાઓના જેવો ભાવ હોય તેમને જ સાક્ષાત્ પુરુષોત્તમનો સંબંધ થાય છે, બીજાઓને કદિપણ થતો નથી. તેમને પુરુષોત્તમસ્વરૂપથી દૂર રાખવાને તેમનામાં આસુરધર્મનો પ્રવેશ આવશ્યક છે. એ આસુર આવેશ ભગવાનથી અધિષ્ઠિત વૈષ્ણવો વડે અને શ્રવણાદિ વૈષ્ણવ ધર્મો વડે જલદીથી પોતે દૂર કર્યો, તે જણાવવાને માટે આચ્છાદન અને કદંબઆરોહણ વિગેરે કહ્યાં છે. સેવકો પાસે હોવા છતાં ભગવાને પોતે વસ્ત્રો શા માટે લીધાં? વસ્ત્રો લીધા વિના તેમને પાસે શા માટે ન બોલાવ્યા? વિગેરે શંકાનું સમાધાન એ છે કે અહિં માત્ર વસ્ત્રગ્રહણ સમજવાનું નથી, કિંતુ આ કુમારિકાઓને સાક્ષાત્ ભગવત્સંબંધમાં જે અંતરાય હતો તે બીજી કોઈ રીતે દૂર કરવાનું શક્ય નહિ હોવાથી વસ્ત્રના બહાનાથી તેને દૂર કરીને અન્યત્ર (બીજે સ્થલે) મુકી દીધો. ભગવાનની કૃતિ (કાર્ય) લૌકિકવત્ જણાય છે, પરંતુ ખરી રીતે તે અલૌકિક છે, એ અલૌકિક દર્શન ભગવદ્દૃષ્ટિથી થાય છે બીજી કોઈ રીતે થતું નથી.

**ટિ.**– 'તેષામપિ માયાધિદૈવિકીત્યાદિ' કુમારિકાઓ જો એમ જાણે કે આ બાલકો આધિદૈવિક સંબંધથી આપણા સંબંધીઓ જ છે તો ભગવાને પ્રથમ બોલાવ્યા કે તુરત જ

વસ્ત્ર વિનાનાં છતાં તેઓ ભગવાન્ પાસે આવત. કારણ કે આ બીજા પુરુષો નથી એવું જ્ઞાન હોવાથી, અન્ય પુરુષની દૃષ્ટિ પોતાના આવરણ વિનાના શરીર પર પડશે એવી બીક તેમને રહેત નહિ. પણ આ બાલકોએ હસીને તેમ જાણવા દીધું નહિ, અને તેથી ઉલટું જ જણાવ્યું, એ જે તેમનું કપટ તે જ તેમની (બાલકોની) માયા. તેથી આ બાલકો બીજા પુરુષો છે એમ જ્ઞાન થવાથી અને પોતે ભગવાનના અનન્ય હોવાથી તેમના દેખતાં વસ્ત્ર વિનાનાં પોતે આવ્યાં નહિ. તેઓ આધિદૈવિક હતા અને ભગવાનની ઇચ્છાની અનુસાર વર્તનારા હતા એજ તેમનું આધિદૈવિકત્વ હતું. આમ કરવાની ભગવાનની ઇચ્છા રસ ઉત્પન્ન કરવાને માટે અને તેમની પરીક્ષા કરવાને માટે હતી.

**લે.**– 'અન્તરા સ્થિતમિતિ' પ્રતિબંધની નિવૃત્તિની પ્રાર્થના કરેલી હોવાથી અને વરકન્યાના વિવાહમાં અંતર્પટ દૂર કરાય છે તેથી અને વરણ કરેલું હોવાથી તેને માટે વસ્ત્રો હરણ કર્યાં તે જણાવવાને આભાસ કહ્યો. 'કિઞ્ચ' વિગેરે. કદંબ ઉપર ચડવાથી નિષ્કામતાની શંકાનો અભાવ કહ્યો, અને 'પ્રહસન્' એટલે હસવારૂપ કામ તેમનામાં યોજવાથી પણ નિષ્કામતાનો અભાવ કહ્યો. 'વલકાર્યાર્થમિવ' બલના કાર્યને માટે એટલે તેમનામાં પુરુષપણાથી રસનો અનુભવ કરાવવાને માટે. 'અત એવ' વિગેરે, દૃષ્ટિ દ્વારા સ્થાપવાથી યથોચિત ભોગને અનુકૂલ જ્ઞાનશક્તિનું આ બાલકોને દાન કરશે.

**યો.**– 'નીપ' એટલે 'નિતરામ્ ઈં કામં પિબતિ ઈતિ નીપ ઈતિ'. હમેશાં કામનું પાન કરે તે 'નીપ' એટલે કદંબ. 'ઈં' કામબીજ છે એ મંત્રશાસ્ત્રમાં સિદ્ધ છે, તેથી કાર્યને સિદ્ધ કરવાને માટે ત્યાં વસ્ત્ર ગ્રહણ કરવાને સ્થલે તેમને લઈ ગયા. આ પ્રમાણે ટિપ્પણીજીમાં 'સ્વાન્તઃ સ્થિતૈઃ' વિગેરેનો જે અર્થ કહ્યો છે તેની યુક્તિ કહી. આ અધ્યાયમાં સુબોધિનીની પંક્તિઓ બહુ ગૂઢ અર્થવાળી છે તેનું વ્યાખ્યાન કરવું જોઈએ, પણ શ્રીમત્પ્રભુચરણે વિસ્તારથી ટિપ્પણીજીમાં વ્યાખ્યાન કરેલું છે માટે ત્યાં જોઈ લેવું.

**સુ.**– ભગવાનનું વાક્ય 'અત્રાગત્ય' એ શ્લોકથી કહે છેઃ

**અત્રાગત્યાબલાઃ કામં સ્વં સ્વં વાસઃ પ્રગૃહ્યતામ્ ।।**
**સત્યં બ્રુવાણિ નો નર્મ યદ્ યૂયં વ્રતકર્શિતાઃ ।।૧૦।।**

હે અબલાઓ! અહિં મારી પાસે આવીને તમારાં પોતપોતાનાં કામરૂપી વસ્ત્રો સારી રીતે ગ્રહણ કરો, હું સત્ય કહું છું, મશ્કરી કરતો નથી કારણ કે તમે વ્રત કરવાથી કૃષ થઈ (સુકાઈ) ગયાં છો. ૧૦।।

**સુ.**– અમારો કામ ત્યાં જતો નથી, માટે અહિં જ આવીને કામરૂપી વસ્ત્ર એટલે વસ્ત્રરૂપ આચ્છાદક (ગ્રહણ કરો), અને કામમય હોવાથી પોતપોતાની ઇચ્છા પ્રમાણે લઈ જાઓ, એ લોક રીતે અર્થ છે. સર્વ કામનું આધિદૈવિક સ્વરૂપ અહિં વસ્ત્રોમાં જ કહ્યું છે.

આ પ્રમાણે ભગવાને આપેલાં કામરૂપી વસ્ત્રના સંબંધ પહેલાં તે ગોપીજન નિષ્કામ જ હતાં, હવે પછી પણ પહેલાંના કામની માફક અથવા વસ્ત્રની માફક જો હરણ કરે તો ગ્રહણ વ્યર્થ થઈ જાય, તેથી કહ્યું કે 'પ્રગૃહ્યતામ્' પ્રકર્ષથી એટલે સારી રીતે, કદી પણ જતો ન રહે એવી રીતે, ગ્રહણ કરો. કામનું દાન કરવાનું પ્રયોજન એ છે કે તમો અબલા છો, બળ આ વસ્ત્રથી જ મળશે, તેથી જ ઈન્દ્રિય વિનાની એટલે સામર્થ્ય વિનાની સ્ત્રીઓને અબલા કહે છે. 'અબલા'ને બહુવ્રીહિ સમાસ ગણીએ તો દાનનું નિમિત્ત સ્વાર્થને માટે એટલે ભગવાનને પોતાને માટે ભગવાને કામ અને વસ્ત્રનું દાન કર્યું (કે જેથી એ અબલાઓને ભગવાનની સાથે રમણ કરવાનું બલ પ્રાપ્ત થાય). (અન્યથા) જો એમ નહિ કરે તો રસશાસ્ત્રની મર્યાદાનો ભંગ થાય. વસ્ત્ર પણ જે મારે વિષે રહેલું છે તે બલથી લઈ લો એવો પણ રસનો ધ્વનિ છે. જે મારાં હોય તેમણે જ પૂર્વે ત્યાગ કરેલા અર્થનો પરિગ્રહ કરવો. (અન્યથા) નહિ તો અનિષ્ટ થાય.

બાલકોના હાસ્યરૂપ માયાથી આ કુમારિકાઓ વ્યાપ્ત થયાં હતાં, તેથી તેઓ મારું એટલે ભગવાનનું વાક્ય અપ્રમાણ અથવા અસત્ય માનશે એમ સમજી ભગવાન્ કહે છે કે હું તમને સત્ય કહું છું. આથી એમ પણ સૂચવ્યું છે કે સ્ત્રીઓને જૂઠું કહી શકાય એ બરાબર નથી. શંકા- તમો કહો છો તે જૂઠું નથી, વસ્ત્ર આપશો, પણ નગ્નદર્શન કરીને મશ્કરી કરવાને કહો છો, તેના સમાધાનમાં કહે છે કે હું મશ્કરી કરતો નથી, જો કે લોકદષ્ટિથી મશ્કરી જેવું લાગે છે, તો પણ વસ્તુતઃ મશ્કરી નથી. મશ્કરી ન હોવામાં યુક્તિ પણ કહે છે કે તમે વ્રત કરવાથી સુકાઈ ગયાં છો અને જેમણે વ્રત કર્યું હોય તેમની સાથે મશ્કરી ઉચિત નથી, અને વળી જેમને ક્લેશ થયો હોય તેમની સાથે પણ મશ્કરી ઉચિત નથી. જો એવી અવસ્થામાં પણ મશ્કરી કરે તો તેમાંથી વૈર ઉત્પન્ન થાય.

**ટિ.**- 'અસ્મદીયઃ કામ ઈતિ' (અમારો કામ વિ.) લોકમાં બોલનાર પોતાની પાસે કોઈને બોલાવવો હોય ત્યારે આવ એ શબ્દ વાપરે છે, અને પોતાથી દૂર મોકલવો હોય ત્યારે જા એ શબ્દનો ઉપયોગ કરે છે, તેમ આ શ્લોકમાં આવીને એ શબ્દથી જ પોતાની પાસેની જગ્યામાં એવો અર્થ પ્રાપ્ત થાય છે તો પછી 'અત્ર' એટલે અહિં આવીને એમ અહિં શબ્દ મુકવાની જરુર શી? જો એમ કહો કે 'આ'નો અર્થ સામે એવો થાય છે તેથી કઈ જગ્યાએ તે આકાંક્ષા પૂર્ણ કરવાની બાકી રહે છે તેથી અહિં 'અત્ર' પદ જરુરનું છે, તો એમ કહેવું ઠીક નથી. કેમ કે પોતપોતાનાં વસ્ત્રો ગ્રહણ કરો એ વાક્યથી આવવાનું વસ્ત્ર ગ્રહણ કરવાને માટે જ છે, અને જો બીજી જગ્યાએ આવે તો વસ્ત્ર ગ્રહણ થઈ શકે જ નહિ, તેથી વસ્ત્ર ગ્રહણ કરવાને તેને યોગ્ય સ્થલે આવવું એ અર્થ પ્રાપ્ત થઈ રહે છે જ. જેમકે 'દંડથી ઘડો કર' એ

વાક્યમાં દઢ ઘડો કરવાની વાત તો આવી જ જાય છે. વળી અભિમુખ એટલે સામે, એટલે શું તેનો પણ વિચાર કરવો જોઈએ. સંમુખ કહેવાથી અભિમુખનો અર્થ આવી જતો નથી. સંમુખ થવામાં જ અભિમુખનો અર્થ આવી જતો હોય તો જે મનુષ્ય સંમુખ ઉભો રહીને પાછે પગે પાછળ જાય તે પણ આવે છે એમ કહેવાય, પણ તે કંઈ આવતો નથી, તે તો જાય છે. વળી અભિમુખ થવું એટલે બોલનારની પાસેની જગ્યામાં આવવાનો પ્રયત્ન કરવો એ છે, તેથી પણ અહિં 'અત્ર' પદની જરુર નથી. ત્યાં આવ્યો એ વાક્યમાં જેમ ત્યાં સાર્થક છે, તેમ 'અત્ર' પણ સાર્થક છે એમ ન કહેવું. ત્યાં આવ્યો તેને બદલે ત્યાં ગયો એવો પ્રયોગ પણ લોકો કરે છે, અને જે બોલનારનો અભિપ્રાય પાસે બોલાવવાનો છે તે તો નિયમથી 'આગચ્છ' એટલે આવ એમ 'આ'નો પ્રયોગ કરે છે, તેથી 'આ'ની શક્તિ પાસે બોલાવવામાં છે. ત્યાં આવ્યો વિગેરેમાં તો કઈ જગ્યાએ આવ્યો એમ જગ્યા જાણવાની ઈચ્છાથી પોતાને તે જગ્યાએ ઉભેલો માનનાર જે બોલનાર છે તેનો ઉપચારિક પ્રયોગ છે, એમ તો તારે પણ કબુલ કરવું પડશે. આ શંકાનું સમાધાન નીચે પ્રમાણે છેઃ

અત્યાર સુધી આ કુમારિકાઓ ભાવનાથી જ સર્વ કરતાં હતાં, સાક્ષાત્ ભગવાન્ પ્રકટ થયા નહિ હતા. જ્યારે સાક્ષાત્ પ્રકટ થયા ન હોય ત્યારે જ ભાવના ઉચિત છે, સાક્ષાત્ પ્રકટ થાય ત્યારે ભાવના ઉચિત નથી, કારણ કે ભાવના અને સાક્ષાત્ એ બે સરખા કહેવાય નહિ. પ્રકટ થયા પછી પણ પ્રથમની ભાવનાની સ્થિતિ ઉચિત નથી, માટે ભાવના અને તેના કાર્યનો ત્યાગ કરીને 'અત્ર' એટલે અહિં હું જે પ્રકટ છું તેની પાસે આવીને વસ્ત્ર લઈ જાઓ. વળી અત્યાર સુધી ભાવનાથી જ તેમના કામની પૂર્તિ થતી હતી. તે કાંઈ મુખ્ય કામ નહોતો, પરંતુ તેનો આભાસ હતો. મુખ્ય કામ જ હું તમને દાન કરું છું આ પ્રમાણે ભગવાને પોતાના કામનું દાન કર્યું હોવાથી કુમારિકાઓને હવે આગળ કામપૂર્તિ સાક્ષાત્ સંબંધ વિના ભાવના માત્રથી થશે નહિ. આ ધ્યાનમાં રાખીને આચાર્યજીએ 'અસ્મદીયઃ કામઃ' એટલે મારો મુખ્ય કામ એવાં પદ મુક્યાં છે. ભાવનાથી કરેલો કામ તે કાંઈ મુખ્યકામ નથી.

'અન્યથા' વિગેરે. ભગવાન્ ઈશ્વર હોવાથી તેમની સાથે રસ અનુભવવાનું સામર્થ્ય ન હોય તો રસમર્યાદાનો ભંગ થાય. જેનું દાન કરવામાં આવે તે લેવું તેનું નામ ગ્રહણ કરવું છે. રસને વશ થઈ પ્રિય ભગવાન્ કુમારિકાઓને સ્વાધીન થાય ત્યારે નહિ દાન કરેલાં વસ્ત્રનું પણ રસના આધિક્યથી, બલથી ગ્રહણ કરવું તે 'પ્ર'થી સૂચવ્યું છે. અહિં 'સ્વં' એટલે મારું વસ્ત્ર, તે 'સ્વં' એટલે તમારું જે પ્રમાણે થાય તે પ્રમાણે ગ્રહણ કરો એવો પણ અર્થ છે. આથી એમ પણ સૂચવ્યું કે મારી પાસે એવું કાંઈ પણ નથી કે જે તમને અપાય નહિ.

'અબલા' સંબોધનથી એમ કહ્યું કે તમે જો કે પહેલાં બલરહિત હતાં તો પણ મારી પાસે આવીને ઉપર કહ્યું તેવાં બલવાળાં થાઓ. ઉપર કહેલા વાચ્ય અર્થમાં વસ્ત્રો ગોપિકાનાં જ છે એ વાત તો સિદ્ધ જ છે, તો પછી 'સ્વમ્ સ્વમ્' એટલે પોતપોતાનાં એ

પદો કહેવાની જરુર રહેતી નથી, અને તે વ્યર્થ થઈ જાય છે. તે વ્યર્થતા દૂર કરવાને માટે પક્ષાંતરથી તેમાંથી નીકળતો ધ્વનિત અર્થ 'અસ્મદીયાભિઃ' વિગેરેથી કહે છે. અત્યાર સુધી આ કુમારિકાઓ વસ્ત્રવત્ કામભાવનો પણ ત્યાગ કરીને વિહાર કરતાં હતાં. 'મુદા' એ પદથી કહ્યું કે ભગવાનની ભાવનામાત્રથી જ એઓ પૂર્ણ મનોરથવાળાં હતાં. 'અબલા' સંબોધનથી હવે તેઓ સ્વતંત્ર નહિ હતાં પણ ભગવાનને અધીન એટલે ભગવાનનાં સ્વકીય થયાં હતાં, તેથી તેમને વસ્ત્ર ગ્રહણ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો. 'સ્વં' પદ બે વાર મુક્યું છે તેથી પૂર્વસિદ્ધ સ્વત્વનો અનુવાદ કર્યો છે, માટે ઋષિદશાની અંદર જે કામ પૂર્વ હતો અને જેને લીધે પ્રભુની પ્રાર્થના કરી હતી તે કામ અથવા તો અહિં જ જે પૂર્વકાલિન કામ હતો તેનો ધ્વનિ છે. તેથી જ કહ્યું કે જે મારાં હોય તેણે જ પૂર્વપરિગ્રહ કરવો એટલે જે અર્થનો ત્યાગ કર્યો છે તેને ફરીથી ગ્રહણ કરવો. અન્યથા જો કુમારિકાઓ એમ સમજે કે અમારા વ્રતના બલથી અમે પોતે આટલું મેળવ્યું, અને હવે પછી પણ અમારા વ્રતના બલથી જ બીજું પણ મેળવીશું, તો ભગવાનને અધીન હોવાનો ભાવ તેમનામાં રહે નહિ, અને ભગવદ્દત્ત વસ્ત્ર ગ્રહણ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય નહિ, કારણ કે વ્રતરૂપી કર્મનું ફલ અલ્પ હોવાથી વ્રતના ફલરૂપે મેળવેલાં વસ્ત્રનું અથવા કામનું ગ્રહણ અનિષ્ટ પરિણામ જ લાવે. સર્વાત્મભાવ અને શરણાગતિથી પ્રાપ્ત થએલો રસ ઈષ્ટ છે, તેના સિવાયનાં સ્વબલથી અથવા વ્રતબલથી પ્રાપ્ત કરેલો અનિષ્ટ છે; તેથી કહ્યું કે પહેલાં જે 'સ્વં' એટલે તમારું સ્વકીય હતું તેનો તમે ત્યાગ કર્યો માટે ફરીથી તે 'સ્વં' એટલે તમારું થાય એવી રીતે મારી પાસેથી ગ્રહણ કરો એવો પણ અર્થ થાય છે. પહેલાંની માફક પ્રચુરભાવવાળાં તમે થાઓ એવો અર્થ છે. ભગવાનને તે જ ઈષ્ટ છે. જો એમ નહિ થાય તો રસાભાસને લઈને અનિષ્ટ થઈ જાય.

'અન્યથા' વિગેરે. અથવા 'સ્વંસ્વં'નો એવો પણ અર્થ છે કે નાયિકાભેદથી જે કુમારિકાનો જેવો ભાવ હોય તે ભાવને અનુરૂપ વસ્ત્ર ગ્રહણ કરો, પોતાને અનુરૂપ વસ્ત્ર ગ્રહણ નહિ કરે તો રસનું પોષણ નહિ થાય, એ જ બાબત 'અન્યથા' વિગેરે પદોથી કહી છે. જ્યારે રસ ઉચ્છલિત થઈને અત્યંત વધી જાય ત્યારે તો તેની વ્યવસ્થા જુદી જ છે એટલે તેમાં કાંઈ અયુક્ત નથી, કેમ કે રસ વધે તેને માટે જ આ કરવાનું છે.

અથવા આ પ્રકરણ ક્યારે ત્યાગ કરવો, ક્યારે ત્યાગ ન કરવો વિગેરેના નિર્ણયરૂપ હોવાથી તેના નિર્ણયનો ધ્વનિ પણ અહિં છે તે 'અસ્મદીયાભિઃ' વિગેરેથી કહે છે. અહિં આ આશય છે. હાલમાં આ ગોપિકાઓને હવે પછી જે બીજી અવસ્થા પોતાની થવાની છે તેની સ્ફૂર્તિને લીધે પોતાપણાના અનુસંધાનપૂર્વક વસ્ત્રનું સ્થાપન તીરને વિષે થાય. કિંતુ પૂર્ણરસને લીધે મારી આ અવસ્થા હમેશાં થાઓ એવી પણ ગોપીજનને કદાચિત્ અપેક્ષા થાય, અને તેથી પ્રિય ભગવાનનું ઉત્તરીય વસ્ત્ર હું ગ્રહણ કરીશ એવી દરેક ગોપીજનને ભાવની ઉત્પત્તિ થાય તેથી વસ્ત્રનો ત્યાગ જ કર્યો. માત્ર તીર પર મૂક્યાં એમ નહિ એમ

સમજવું, અને એમ થાય તો ત્યાગ કરેલા વસ્ત્રનો પાછો પરિગ્રહ કરવો તે યોગ્ય કહેવાય નહિ, પણ ત્યાગ કરેલાનું પાછું ગ્રહણ ન કરવું તે વાક્ય મર્યાદામાર્ગીય હોવાથી અને આ ગોપીજન તો કેવલ ભગવાન જ ધર્મી છે તેને પરાયણ હોવાથી અને વેદવાક્યને અધીન ન હોઈને કેવલ ભગવાનને અધીન હોવાથી તેઓ જે આપે તે જો પ્રથમ ત્યાગ કરેલું હોય તો પણ તે ગ્રહણ કરવું યુક્ત જ છે, અન્યથા જો એમ ન કરે તો મર્યાદામાર્ગીયપણું થઈ જાય. વળી ત્યાગ તો કેવલ વસ્ત્રોનો જ કર્યો હતો, ભગવાન્ તો હમણાં પોતાનાં કામરૂપ વસ્ત્રો તેમને આપે છે તેથી ત્યાગેલા વસ્ત્રોનું ગ્રહણ કર્યું એમ પણ અહિં નથી. આચાર્યે તો લોકદષ્ટિની અપેક્ષાથી એવું સમાધાન કર્યું અને ત્યાગના નિર્ણયને કહેવા માટે પણ એવું સમાધાન કર્યું. અથવા પૂર્વપરિગ્રહમાં 'નઞ્પ્રશ્લેષ' કરવો એટલે અપૂર્વપરિગ્રહ એમ વાંચવું. તેનો અર્થ એ છે કે જે અમારાં છે તેઓએ જ જે નવાં કામરૂપી વસ્ત્રો આપું છું તે તેમણે ગ્રહણ કરવાં.

અથવા પૂર્વપદથી પ્રથમનો ઋષિરૂપ પુરુષપણાનો ધર્મ સમજવો. જો પુરુષપણું ન હોય તો સર્વભાવથી શરણાગતિ ન થાય, આથી એમ અર્થ થયો કે પહેલાં દંડકારણ્યમાં તમે પુરુષો હતા તે જ ગોકુલમાં આવીને સ્ત્રીઓ થયા. તેથી પોતાના તેમની સાથેના પૂર્વસંબંધનું સ્મરણ કરાવ્યું. અને 'અત્ર આગત્ય અબલા' હે અબલાઓ અહિં આવીને, એ પ્રમાણે તેમને સંબોધન કરીને તેમનું કર્તવ્ય શું છે તે કહ્યું. અહિં 'વાસઃ' એટલે વસ્ત્ર, તેવો અર્થ ન કરતાં 'વા' અને 'સઃ' એમ બે પદ જુદાં વાંચવાં. 'સઃ' એટલે પહેલાં તમારામાં જે હતો તે પુરુષરૂપ ધર્મ મારી પાસેથી સારી રીતે લો. અહિં 'સ્વંસ્વં' એટલે પોતપોતાનાં એમાં 'સ્વં' પદ અવ્યય કહ્યું છે તે 'સઃ'ના વિશેષણરૂપે લેવું. જે અર્થનો ધ્વનિ હોય તેમાં લિંગ વિગેરે એટલે જાતિ વિભક્તિ વિગેરે અપેક્ષિત નથી, તેથી પણ વિશેષણ લઈ શકાય. જો એમ ન રુચે તો 'સ્વંસ્વં' ને ક્રિયાવિશેષણ અવ્યય સમજવાં. સર્વભાવથી જે શરણે આવેલા છે તેમને પોતાના આનંદનું દાન શૃંગારની રીતથી જ કરશે. એ શૃંગારરસ માન, ખંડિતા વિગેરે ભાવોથી જ પૂર્ણ થાય છે. સર્વાત્મભાવની સ્ફૂર્તિમાં માન ખંડિતા વિગેરે ભાવનો સંભવ નથી, માટે કોઈક વખત તેવા ભાવો થશે અને કોઈકવાર નહિ થાય, એમ વિકલ્પથી પુરુષધર્મને ગ્રહણ કરો એમ 'વા' અને 'સઃ' એમાંના 'વા' શબ્દથી કહ્યું. 'સઃ'ના વિસર્ગનો લોપ છાંદસ છે તેથી મૂલમાં આ ધ્વનિત અર્થ સમજવો.

**લે.**– 'કામમયત્વાત્' વિગેરે એટલે 'સોમાય વાસઃ' સોમને માટે વસ્ત્ર એ સ્થલે શ્રુતિમાં '' 'ક ઈદં કસ્માદદાત્ કામઃ કામાય' ઈતિ શ્રુતેઃ'' કોણે આ કોને આપ્યું, કામે કામને આપ્યું એમ શ્રુતિ હોવાથી આ વસ્ત્ર કામરૂપ છે. 'આધિદૈવિકમ્' એટલે આધિદૈવિક સ્વરૂપ. 'અત્ર' એટલે વસ્ત્રોમાં. 'નિરિન્દ્રિયાઃ' ઈન્દ્રિય એટલે સામર્થ્ય તે વિનાનાં એટલે અસમર્થ. જો બહુવ્રીહિ સમાસ લઈએ તો પણ અસમર્થને ભોગનો સંભવ ન હોવાથી બલ સંપાદન કરી આપવું તે પણ મારે માટે જ છે અને તેથી જ આ વસ્ત્રદાન સ્વાર્થને માટે જ છે. એમ

સિદ્ધ થાય છે. 'ષષ્ઠયન્તબહુવ્રીહિ' માં પણ 'ન બલં યાભ્યો યન્નિમિત્તકં બલં મમ નાસ્તિ અહં ભવદધાનઃ અતો દદામિ' એટલે જેમના નિમિત્તનું બલ મારી પાસે નથી, હું તમારે અધીન છું માટે આપું છું, એવો અર્થ છે. આ પ્રમાણે નિમિત્તતામાં બહુવ્રીહિ લઈએ તો નિમિત્તના બોધક 'ચતુર્થ્યન્તબહુવ્રીહિ'માં પણ સિદ્ધ થાય છે. 'માયયા ચ' એમાં પરિહાસનું વચન કહ્યું એમ 'ચ'કારનો અર્થ વધારાનો સમજવો.

**સુ.**– વળી અમારા સ્વરૂપના વિચારથી પણ આ જૂઠું થઈ શકતું નથી તે 'ન મયા' એ શ્લોકથી કહે છેઃ

**ન મયોદિતપૂર્વં વા અનૃતં તદિમે વિદુઃ ।।**
**એકૈકશઃ પ્રતીચ્છધ્વં સહૈવોત સુમધ્યમાઃ ।।૧૧।।**

મેં જે પહેલાં કહેલું તે કદાચિત્ મિથ્યા થતું નથી. તે આ વયસ્યો જાણે છે. તમે એક એક અથવા સર્વ સામટાં આવીને વસ્ત્ર ગ્રહણ કરો. તમે શુધ્ધ અંતઃકરણવાળાં છો. ૧૧।।

**સુ.**– 'વા' અનાદરના અર્થમાં છે અને સમુચ્ચયના અર્થમાં છે. મેં જે પહેલાં કહ્યું હતું તે કદાચિત્ પણ જૂઠું થતું નથી. 'ઉદિતમ્' એટલે કહેલું, પહેલાં કહેલું તે 'ઉદિતપૂર્વમ્'. અથવા હું જગત્કર્તા હોવાથી મારું સજાતીય જગત્ મેં ઉત્પન્ન કર્યું છે. મારાથી ઉત્પન્ન થએલું કદાચિત્ પણ મિથ્યા હોતું નથી, એ 'વૈ' એટલે નિશ્ચય છે. તેમાં આ આધિદૈવિક ઋષિઓ સાક્ષી છે, અને તેઓ જાણે છે. પરંતુ તમોએ આધિદૈવિક સ્વરૂપનો ત્યાગ કરેલો હોવાથી અને તેમની માયાથી મોહિત થવાથી તમને સંદેહ થાય છે. આગમનનો પ્રકાર કહે છે કે એક એક જણ આવીને પોતપોતાનું વસ્ત્ર ગ્રહણ કરો. જો એમ કરશો તો પ્રત્યેકનો જૂદો ભોગ થશે. અથવા સર્વથા મત્સર વિનાનાં હો અને અત્યંત ભક્ત હો તો એકઠાં પણ આવો. આ પક્ષ એકઠાં આવવાનો વધારે સારો છે. શંકા– ભગવાન્ આ જે કરવા યોગ્ય નથી તેનો ઉપદેશ શા માટે કરે છે? ઉત્તર– તેઓ કુમારિકાઓ સારા મધ્યવાળાં છે, મધ્યસ્થાન જેમનું સુંદર છે એટલે જેઓ શુદ્ધ અંતઃકરણવાળાં છે અને સર્વ બંધનની સિદ્ધિને માટે ભગવાને પૂર્ણજ્ઞાનદષ્ટિથી તેમની તરફ જોયું છે, તેથી સર્વ પ્રકારે શોભારૂપ તેઓ થાય છે.

**લે.**– 'મયા વા ઈતિ' મારું કરેલું જગત્ મિથ્યા નથી કિંતુ સત્ય જ છે એવો અર્થ છે.

**સુ.**– આ પ્રમાણે ભગવાને કહ્યું છતાં પણ તેઓ આવ્યાં નહિ તે 'તસ્ય' એ શ્લોકથી કહે છેઃ

**તસ્ય તત્ ક્ષ્વેલિતં દષ્ટ્વા ગોપ્યઃ પ્રેમપરિપ્લુતાઃ ।।**

**વ્રીડિતાઃ પ્રેક્ષ્ય ચાન્યોન્યં જાતહાસા ન નિર્યયુઃ ।।૧૨।।**

તે ભગવાનનું તે મશ્કરીનું કાર્ય જોઈને ગોપીઓ (વિચાર રહિત હોવાથી) પ્રેમમાં ડુબી ગયાં, પછી લજ્જા પામ્યાં. અને એક બીજાની સામે જોઈને તેમને હાસ્ય ઉત્પન્ન થયું, અને જલની બહાર નીકળ્યાં નહિ. ૧૨।।

**સુ**.- તે નિરોધ કરનાર ભગવાનનું તે પ્રસિદ્ધ મશ્કરીનું કૃત્ય જોઈને (તેઓ આવ્યાં નહિ,) આમ મશ્કરીરૂપ સમજવાથી તેઓએ વાક્યના અર્થનો વિચાર કર્યો નહિ, અને તેનો તે સમય જોઈને તેનું મશ્કરીપણું નિશ્ચય કરીને તે મશ્કરીના રસમાં પોતાનો પ્રવેશ સમજ્યાં, તેઓ ગોપીઓ હતી એટલે વિશેષ (બહુ) વિચાર કરવાની શક્તિ તેમનામાં હતી નહિ, તેથી કેવલ ભગવાનના પ્રેમમાં ડૂબી ગયાં. પ્રથમ તો સ્નેહ વડે જ ડૂબ્યાં, પછી (ભાવનાથી ભગવાન્ સાથે) અંતર્સંબંધ થયો. જ્યારે બહારનું જ્ઞાન થયું ત્યારે લજ્જા ઉત્પન્ન થઈ. પછી પ્રત્યક્ષ રીતે પોતાનો ભોગ થયો હોય એમ માનતાં સંમતિને માટે એક બીજાની સામે જોવા લાગ્યાં. ત્યારે દરેકના સંબંધનું જ્ઞાન બીજીને થયું નહિ તેથી કૌતુક (પોતાને જ અંદર સંબંધ થયો અને બીજીઓને નહિ એમ સમજીને) રસ ઉત્પન્ન થયો, અને તેમને હાસ્ય થયું. લોકરીતિએ પણ તેમને હાસ્ય થયું તેથી જલની બહાર તેઓ આવ્યાં નહિ.

**લે**.- 'અનેન ઈતિ. ક્ષ્વેલિતત્વ' એટલે મશ્કરી સમજ્યાં તેથી. તેમને વિચાર ન હોવાથી મશ્કરીપણાનું જ્ઞાન થયું. વળી મશ્કરી સમજવામાં બીજો પણ હેતુ 'કિંચ'થી કહે છે. 'અન્યોન્યસમ્બન્ધાભાવાત્' એક બીજાના ભગવાનની સાથેના સંબંધના અજ્ઞાનને લીધે. 'કૌતુકમ્' પોતાને જ ભગવાનની સાથે 'અન્તઃ સમ્બન્ધ' થયો બીજાઓને નહિ એમ માનવાથી થતું કૌતુક.

**સુ**.- ભગવાન્ તેમના અંદરના ભાવને જોઈને ફરીથી પહેલાંની માફક જ બોલ્યા તે 'એવં બ્રુવતિ' એ શ્લોકથી કહે છેઃ

**એવં બ્રુવતિ ગોવિન્દે નર્મણાક્ષિપ્તચેતસઃ ।।**
**આકણ્ઠમગ્નાઃ શીતોદે વેપમાનાસ્તમબ્રુવન્ ।।૧૩।।**

આ પ્રમાણે ફરીથી પણ ભગવાન્ જ્યારે એમ જ બોલ્યા ત્યારે પરિહાસના વચનથી તેમના ચિત્તને ક્ષોભ થયો, કંઠ પર્યંત જલમાં સર્વ અવયવોને ઢાંકીને રહ્યાં, શીતલ જલમાં ધ્રુજવા લાગ્યાં, અને તેમણે તે ભગવાનને નીચે પ્રમાણે કહ્યું. ૧૩।।

**સુ**.- ત્યારે ફરીથી પણ ભગવાન્ આ જ પ્રમાણે બોલ્યા તેથી પરિહાસના વચન વડે કે જે ઉપર ઉપરથી જ પરિહાસરૂપે જણાતાં હતાં તેથી તેમને હાસ્યરસ ઉત્પન્ન થયો, અને તેમના ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન થયો, અને અર્થનો વિચાર કર્યા વિના

એમ સમજ્યાં કે જો બહાર નીકળીશું તો ભગવાન્ કોપ કરશે, અથવા નિર્લજ્જ છીએ એમ જાણશે, તેથી કંઠ સુધી જલમાં ડૂબેલાં રહ્યાં કે જેથી પોતાના શરીરનો એક પણ અવયવ જણાય નહિ. પછી લૌકિક રસ અને ભય તેમના ચિત્તમાં થયો, અને બહારનું જ્ઞાન પ્રાપ્ત થવાથી ઠંડા જલમાં ધ્રુજવા લાગ્યાં. પછી દેહભાવ દૃઢ થવાથી પ્રથમના ભાવ ભૂલી ગયાં, અને સાક્ષિઓથી વ્યામોહિત થઈને યથાર્થ જ્ઞાન રહિત થવાથી તે ભગવાન્ પ્રતિ કાંઈક બોલ્યાં.

**લે.**- 'સાક્ષિભિઃ વ્યામોહિતાઃ' સાક્ષિઓથી વ્યામોહિત થઈને. જે તેમના પુરુષભાવરૂપ હતા. કુમારિકાઓની કાંઈપણ અપેક્ષા તેમને હતી નહિ, અને ભગવાનનું જ સ્વચ્છંદપણું સંપાદન કરીને ભગવાનનું જ કાર્ય સિદ્ધ કરતા હતા અને ભગવાનની સાથે હાસ્ય કરતા હતા. તેમનાથી વ્યામોહિત થયાં. ભગવાન્ અને બાલકો આપણને હસે છે એમ જાણીને યથાર્થ જ્ઞાન રહિત થયાં.

**સુ.**- તેમનું વાક્ય 'માનયં ભો કૃથાઃ' એ શ્લોકથી કહે છેઃ

**માનયં ભો કૃથાસ્ત્વાં તુ નન્દગોપસુતં પ્રિયમ્ ।।**
**જાનીમોઙ્ગ વ્રજશ્લાઘ્યં દેહિ વાસાંસિ વેપિતાઃ ।।૧૪।।।।**

અરે તમે અન્યાય કરો નહિ. તમને તો અમે ઓળખીએ છીએ. તમે નંદગોપના પુત્ર છો, અને અમને પ્રિય છો. હે અઙ્ગ ! આખા વ્રજમાં તમારી કીર્તિ છે. અમારાં વસ્ત્રો આપો. અમે ધ્રુજીએ છીએ. ૧૪।।

**સુ.**- ભગવાન્ ભર્તા હોવાથી તેમનું નામ લીધું નથી. 'ભો' એ સંબોધન બાલકોને પોતે સંબોધન કરતાં નથી તે જણાવવાને માટે. 'નય' એટલે ન્યાય. 'અનય' એટલે અન્યાય કરો નહિ અમે હજી સુધી કુલસ્ત્રીઓ છીએ, અમારા અંગનું દર્શન બીજા પુરુષની દૃષ્ટિથી થયું નથી તેથી હાલમાં બાલકોની દૃષ્ટિ અમારા અંગ પર પડવી જોઈએ નહિ, અને તમારા વાક્યને માન આપીને આવવું તો જોઈએ, એમ હોવાથી જો કે ઈશ્વરના કહ્યા પ્રમાણે કરવાથી અધર્મ તો થતો નથી તો પણ અન્યાય તો થાય છે, નીતિ અને લોકની વિરુદ્ધ તો થાય છે એ અર્થ છે. તમારે એમ ન માનવું કે મને આ કુમારિકાઓ (ભગવાન્ તરીકે) ઓળખતાં નથી, એમ હોવાથી વગર વિચારનું આચરણ હોવાથી એ કુમારિકાઓ જ દુષ્ટ છે. એ શંકાનું નિવારણ કરવા તેઓ કહે છે તમને તો અમે ઓળખીએ છીએ, પરમાર્થથી (તમે ભલે ભગવાન્ હો) તે જ્ઞાન અમને હિતકારી નથી, માટે તે પક્ષ 'તુ' શબ્દથી દૂર કરે છે. કિંતુ નંદગોપના તમે સુત છો એમ અમે જાણીએ છીએ આથી એમ કહ્યું કે તમો અમારા રાજાના(ધણીના) પુત્ર છો, રાજપુત્ર કાંઈ અનીતિ કરે નહિ. વળી અમારા તમે પ્રિય

છો. પરમ પ્રીતિના વિષય છો. આથી એમ સૂચવ્યું કે તમારી (એકલાની) દૃષ્ટિ અમારા અંગ પર પડે નહિ એવો અમારો અભિપ્રાય નથી. 'અંગ' એ સંબોધનથી કુમારિકાઓ પોતે ભગવાનના અંગરૂપ છે એમ જણાવ્યું. (''અથવા અમે તમને પ્રભુ નંદરાયજીના પ્રિય પુત્ર તરીકે જાણીએ છીએ. પ્રભુનો અથવા નંદરાયજીનો લાડકો પુત્ર કોઈની પણ દરકાર કરતો નથી, કારણ કે તે લાડમાં ઉછરેલો છે, તેથી કદાચ તેના મનમાં આવી પણ ઈચ્છા થઈ હશે તે સમજીને કહે છે કે અન્યાય કરો નહિ. હૃદયમાં ઉછળતા રસસમુદ્રના મોજારૂપ હાસ્ય સહિત આ વક્રોક્તિ છે'' એમ શ્રીગુંસાઈજી કહે છે એવું કેટલાંક લિખિત પુસ્તકોમાં અધિક છે.) શંકા- અન્યાય થયો તો શું થયું? સમાધાનમાં કહે છે કે તમે વ્રજમાં પ્રશંસાપાત્ર છો. વ્રજમાં સર્વત્ર તમે પ્રશંસાપાત્ર હોવાથી તમારી અપકીર્તિ થશે. કોઈ મનુષ્યના ચિત્તમાં એમ આવશે કે સ્ત્રીઓને અટકચાળાં કરી રંજાડે છે. વળી કોઈને એમ લાગશે કે અયુક્તનું પ્રદર્શન કરાવે છે, આ કારણને લઈને જલથી બહાર નિકળતા પહેલાં જ વસ્ત્રો આપો. દયાને માટે કહે છે કે અમે ધ્રુજીએ છીએ.

**સુ.**- દંડનો અંગીકાર કરે છે તે 'શ્યામસુંદર તે દાસ્યઃ' એ જણાવે છેઃ

**શ્યામસુન્દર તે દાસ્યઃ કરવામ તવોદિતમ્ ।।**
**દેહિ વાસાંસિ ધર્મજ્ઞ નો ચેદ્ રાજ્ઞે બ્રુવામહે ।।૧૫।।**

હે શ્યામસુંદર, અમે તો તમારી દાસીઓ છીએ. તમારું કહ્યું કરવાને અમે તૈયાર છીએ, હે ધર્મજ્ઞ, અમારાં વસ્ત્રો આપો, જો નહિ આપશો તો અમે રાજાને કહી દઈશું. ૧૫।।

**સુ.**- 'સુન્દર' એવું સંબોધન કહ્યું છે તેથી પોતે છેતરતા નથી એમ જણાવે છે. ભગવાનને તુલ્ય પોતાને ન માનવાથી સ્ત્રીપણાનો ત્યાગ કરીને દાસીપણું કહે છે કે અમે તમારી દાસીઓ છીએ, પણ તમારા સંબંધીઓના અથવા આ બાળકોની દાસીઓ નથી. શંકા-દર્શનની ઈચ્છા દાસીઓ કહેવાથી કાંઈ દૂર થતી નથી, તેના સમાધાનમાં કહે છે કે તમારું કહ્યું કરવાને અમે તૈયાર છીએ, અમે દાસીઓ છીએ, પણ તમે જ માત્ર (બીજા નહિ) જે કહેશો તે કરવાને અમે તૈયાર છીએ. આ મર્મથી 'તવ' એમ એકવચન મુક્યું છે. હમણાં જે તમે કહો છો તે તો ઘણાનું વાક્ય છે એમ અભિપ્રાય છે. ત્યારે તો (જો તમે મારી દાસીઓ હો તો મારા કહેવાથી) મારા સંબંધી સર્વની દાસીઓ થાઓ. એમ જો કહો તો તેનો ઉત્તર આપે છે કે અમારાં વસ્ત્રો આપો એટલે અમે બધાની દાસીઓ થવા તૈયાર છીએ. અથવા તો દાસીત્વની સિદ્ધિને માટે ભોગ્ય દાસીત્વની સિદ્ધિને માટે વસ્ત્રો આપો. વળી ધર્મશાસ્ત્રમાં કહયું છે કે

'કન્યાયોનિ, પશુક્રીડા, નગ્ન સ્ત્રી, જેના સ્તન પ્રકટ છે એવી સ્ત્રી, ઉન્મત્ત મનુષ્ય, પતિત મનુષ્ય, ક્રોધવાળા મનુષ્ય અને ભોગ કરતા મનુષ્યનું દર્શન કરવું નહિ.'

આ પ્રમાણે નગ્ન સ્ત્રીના દર્શનનો નિષેધ હોવાથી કહ્યું કે તમે ધર્મ જાણતા હોવાથી તમને આમ કરવું ઘટતું નથી. આટલું કહેવા છતાં જ્યારે વસ્ત્ર ન આપ્યાં ત્યારે બહુ ક્લેશ થવાથી બહાર નીકળીને અથવા તો બહાર નીકળ્યા વિના પણ બહુ કાલ સુધી કષ્ટનો અનુભવ કરીને પછી કહ્યું કે અમે રાજાને કહી દઈશું, નંદરાજાને જણાવી દઈશું. અથવા અહિં એમ અભિપ્રાય છે કે નવ પદોથી નવ પ્રકારનાં કુમારિકાઓ કહ્યાં છે. રાજસરાજસી અથવા રાજસતામસીનું વચન 'માનયં ભો કૃથાઃ' એ છે. રાજસરાજસીનું 'નંદગોપસુતમ્' એ વચન છે. રાજસસાત્વિકીનું 'પ્રિયમ્' એ વચન છે. સાત્વિકરાજસીનું 'વ્રજશ્લાઘ્યમ્' એ વચન છે. સાત્વિક-સાત્વિકીનું 'વેપિતાઃ' એ વચન છે. સાત્વિકતામસીનું 'શ્યામસુંદર તે દાસ્યઃ' એ વચન છે. તામસસાત્વિકીનું 'કરવામ તવોદિતમ્' એ વચન છે. તામસરાજસીનું 'ધર્મજ્ઞ' એ વચન છે. બાકીનાનું એટલે તામસતામસીનું 'નોચેદ્ રાજ્ઞે બ્રુવામહે' એ વચન છે.

**ટિ.**- 'રાજસરાજસ્યાઃ' વિગેરે. અહિં રાજસ વિગેરે જે ગુણો કહ્યા છે તે સ્વામિનીઓના પોતામાં એક બીજાથી જુદા જુદા ભાવો જણાવવાને માટે દષ્ટાંત રીતિએ કહ્યા છે. એ ભાવો પ્રાકૃત છે એમ જણાવવાને કહ્યા નથી. જો કોઈ વાદી હઠથી એમ કહે કે ત્રિલોકીની અંદર પ્રકૃતિના ગુણરહિત કોઈપણ વસ્તુ નથી, કેમ કે 'ન તદસ્તિ પૃથિવ્યાં વા' (ભગ.ગીતા અ.૧૮ શ્લોક ૪૦) એ પ્રમાણે ગીતામાં પ્રભુનું વચન છે, તો તેનો ઉત્તર એ છે કે અહિં આ ભાવોને જ એવા ગુણરૂપ સમજવા. પ્રકૃતિના એટલે પ્રાકૃત એ ગુણો નથી. આથી એમ સમજવું કે અહિંની પ્રકૃતિ સામાન્ય રીતે જે પ્રકૃતિ કહેવાય છે તે નથી, પણ જુદી જ જાતની તે પ્રકૃતિ છે, અને તે પ્રકૃતિ રસરૂપ ભગવાનના સ્થાયિભાવરૂપ જ છે, અને તેથી જ ગીતામાં ભગવાને પૃથ્વી વિગેરેમાં ગુણ વગરની વસ્તુ નથી એમ સામાન્ય રીતે કહ્યું. લીલાસૃષ્ટિ તો અલૌકિક છે. અજન્ય એટલે નિત્ય છે. પૃથ્વી વિગેરેની અંદર તેનું સ્થાન નથી. તે તો બ્રહ્મવત્ છે. આ બાબત વિદ્વન્મંડનમાં અમે વિસ્તારથી કહી છે.

**લે.**- 'તર્હિ' જો તમે મારું કહ્યું કરતાં હો તો. 'દાસ્યાપિ' એમાં 'મત્સમ્બન્ધિ-નામપિ' એટલું અધ્યાહાર સમજવું. મારા સંબંધીઓની પણ દાસીઓ થાઓ એવો અર્થ છે. આમાં 'આ તો અમે નહિ કરીએ, અમારાં વસ્ત્ર આપો' એવો ઉત્તર હોવાથી ભગવાન્ કહે તે કરવાપણું આવતું નથી, માટે પક્ષાંતર કહે છે કે 'દાસીત્વસિદ્ધ્યર્થમ્' દાસીત્વની સિદ્ધિને માટે. જો વસ્ત્ર અમે પહેરીશું તો બંને (તમારું કહેલું કરવાપણું અને દાસીપણું) સિદ્ધ થશે એવો ભાવ છે.

**યો.**- 'દાસીત્વસિદ્ધ્યર્થમ્ વા' એટલે ભોગ્યદાસીત્વની સિદ્ધિને માટે. વસ્ત્ર ભૂષણ વિગેરેથી જે યુક્ત હોય તે જ દાસીઓ ભોગયોગ્ય થાય છે. આ મોટા અનુગ્રહનું કાર્ય છે, એટલો અનુગ્રહ જો હમણાં ન કરો તો સામાન્ય અનુગ્રહ કરવો જોઈએ, એવો આશય રાખીને કહે છે કે 'દાસ્યસિદ્ધ્યર્થમ્ વા' એટલે પરિચર્યા અથવા સેવા કરાવવાને માટે વસ્ત્રો આપવાં જોઈએ. પરિચારિકાઓ વસ્ત્રરહિત હોય તે શોભતી નથી, માટે વસ્ત્રદાન કરવું જોઈએ એવો 'દાસ્ય' પદનો ભાવ છે.

**સુ.**- આ પ્રમાણે તેમનાં વચનો સાંભળીને તેમના આધિદૈવિક સ્વરૂપોથી મોહિત થયાં હતાં, તે કારણથી ભગવાનના વાક્યથી દરકાર ન કરતાં સ્વેચ્છાથી જ તેવાં થયાં હતાં તેથી ભગવાને લૌકિક બુદ્ધિથી તેમને 'ભવત્યઃ' એ શ્લોકથી કહ્યું:

||શ્રીભગવાનુવાચ ||

**ભવત્યો યદિ મે દાસ્યો મયોક્તં વા કરિષ્યથ ||**

**અત્રાગત્ય સ્વવાસાંસિ પ્રતીચ્છન્તુ શુચિસ્મિતાઃ ||૧૬||**

જો તમે મારી દાસીઓ હો અથવા મારું કહ્યું કરવાનાં હો, તો હે પવિત્ર મંદહાસ્યવાળાં, અહિં આવીને તમારાં વસ્ત્રો લઈ જાઓ. ૧૬||

**સુ.**- જો મારા વાક્યાનુસાર તમે ન કરતાં હો તો તમારા પોતાના વાક્યાનુસાર તો કરવું જ જોઈએ. તમે તમારે પોતાને માટે બે વાક્યો કહ્યાં છે. 'શ્યામસુંદર તે દાસ્યઃ' તે એક વાક્ય, અને 'કરવામ તવોદિતમ્' એ બીજું વાક્ય. માટે દાસીપણામાં અથવા દાસ્ય કરવામાં લોકને અનુચિત લાગશે તેનો વિચાર કરવો નહિ, તેમાં જો વાક્ય પ્રમાણે કરવું જ હોય તો અહિં આવીને તમારાં વસ્ત્રો લઈ જાઓ. જો બંને વાક્યોમાં કહેલું નહિ કરો તો અસત્યમાં તમારો પ્રવેશ થશે અને નાશ જ થશે. દાસીપણામાં તો ધણીને સુખ થાય તેમ જ કરવું જોઈએ. બીજી કાંઈ મર્યાદા તેમણે પાળવાની નથી. માટે બીજો કોઈ પણ તમારા (નગ્ન શરીરનું) દર્શન કરે તો પણ તેમાં તમને કાંઈ દોષ લાગતો નથી. આમ કરશો તો તમારા મનની નિષ્ઠા એટલે સ્થિરપણું થશે. જો તમે તમારા વચન પ્રમાણે કરશો તો તમારી વાણીનિષ્ઠા થશે એટલે વાણી સત્ય થશે. જો બંને નહિ કરો તો તો દેહનિષ્ઠા જ થશે, અને એમ થવાથી તમારો નાશ થશે. 'પતિં મે કુરુ' એ વાક્યથી પ્રભુના પતિપણાની પ્રાર્થના કરી, અને પોતાનું ભાર્યાપણું પહેલાં સંમત છે એમ સૂચવ્યું હતું, તેથી 'યદિ' એટલે જો, તમો દાસી થવા 'જો માગતાં હો તો' એમ ભગવાને કહ્યું.

**સુ.**- ભગવાને ઈશ્વરભાવથી આ સર્વ કહ્યું હતું એમ વાક્યાર્થ તેઓ જાણતાં નહિ હતાં છતાં તેઓ આવ્યાં એમ 'તતઃ' એ શ્લોકથી કહે છે:

**તતો જલાશયાત્ સર્વા દારિકાઃ શીતવેપિતાઃ ।।**
**પાણિભ્યાં યોનિમાચ્છાદ્ય પ્રોત્તેરુઃ શીતકર્શિતાઃ ।।૧૭।।।**

પછી જલાશયમાંથી સર્વ બાલકીઓ ટાઢથી ધ્રૂજતી બે હસ્ત વડે યોનિને ઢાંકીને ટાઢથી દુઃખી થતી બહાર નિકળી. ૧૭।।.

**સુ.**– જલના સ્થાનમાંથી એટલે જલ જે જડ છે તેના સ્થાનમાંથી (તેઓ આવ્યાં). જલનો અભિપ્રાય એમ છે કે તેઓએ જવું નહિ. કારણ કે અજ્ઞાનીઓને તો મર્યાદા પાળવામાં જ શુદ્ધિની સંભાવના હોય છે. તેના કરતાં ભગવાનના વાક્યમાં નિષ્ઠા રાખવી એ વધારે શ્રેષ્ઠ છે. સર્વ આવી એમ કહેવાથી ઈશ્વરના વાક્યને લીધે તેમનામાં જે ભિન્ન ભિન્ન ગુણ હતા તે તિરોભૂત થઈ ગયા.

'દારિકાઃ' બાલકીઓ, એમ જે શુકદેવજીએ કહ્યું તે તેમનું બાલકપણું જણાવવાને કહ્યું. જો દારિકા શબ્દ ન વાપર્યો હોત તો સભાને અને રાજાને તે કુમારિકાઓ તરફ અન્યથા (ઉલટો–દુષ્ટ) ભાવ થાત. શંકા– અત્યંત તામસ કુમારિકા ઓ વાક્યનિષ્ઠ કેવી રીતે થયાં? તેના ઉત્તરમાં કહે છે કે તેઓ ઠંડીથી ધ્રુજતાં હતાં તેથી બહારનાં ધ્રુજારાથી અને અંદરની ઠંડીથી દુઃખી થઈને સ્વભાવને અધીન થઈને તેઓ બહાર નીકળ્યાં. તેથી તેમના સ્વરૂપનું નિરૂપણ કરવું જોઈએ ('પરીક્ષાર્થ') તે માટે તેમની જાતિનું વર્ણન કર્યું. જો એમ નહિ કરે તો શુકનું માથું પડી જાય.

**ટિ.**– મૂલમાં 'તતઃ' પદથી માત્ર આનંતર્ય એટલે 'પછીથી' એમ કહ્યું. એનો અર્થ એ નથી કે સાંભળીને સમજ પડવાથી (તેઓ આવ્યાં). પછી સુબોધિનીમાં કહ્યું છે કે તેમને વાક્યનો અર્થ સમજ ન પડ્યો તે છતાં (આવ્યાં). તે વાક્ય 'ઈશ્વર અથવા ધણીના વાક્ય પ્રમાણે કરવું જોઈએ' વિગેરેથી કહ્યું. 'ઈશ્વરવાક્યેન' (ઈશ્વરના વાક્યને લીધે) વિગેરેનો અર્થ એ છે કે ગયા શ્લોકમાં રાજસરાજસ વિગેરે જે ગુણો કહ્યા હતા તેવા ભાવવાળા ગુણોને લીધે તેઓ તેવાં વચન જ માત્ર બોલ્યાં હતાં, પણ આવ્યાં ન હતાં. પછી ભગવાને દાસીઓ તમે છો તો આવો એમ ન કહ્યું પણ જો દાસીઓ હો તો આવો એમ કહ્યું. તેથી જો નહિ આવશો તો દાસીપણું પણ રહેશે નહિ એમ જણાવ્યું. આતો બહુ જ અનિષ્ટ થાય એવો ભય તેમને ઉત્પન્ન થયો, આ ભયને લીધે તેમના રાજસરાજસ વિગેરે જુદા જુદા ભાવો તિરોભૂત થઈ ગયા. તેથી ઈશ્વરવાક્યથી તે ભાવોનો તિરોભાવ થવાથી સર્વ એકરૂપ થઈ ગયાં, અને એકરૂપપણાથી તેઓ સર્વે આવ્યાં.

અત્યંત તામસી કહેવાનું તાત્પર્ય એ છે કે ભગવાન્ ગમે તે કહે તો પણ બાલકો પરપુરુષ હોવાને લીધે તેમને નગ્ન શરીરનું દર્શન નહિ કરાવીશું એ આગ્રહ તે અત્યંત તામસ શબ્દથી સૂચવે છે. બાલકોને વિષે સ્વધર્મત્વ હતું (તેઓ પોતાના જ આધિદૈવિક સ્વરૂપો હતા), અને તેઓ કોઈ બીજા પુરુષ ન હતા, તે છતાં તે કુમારિકાઓને તેવું જ્ઞાન ન હોવાથી

તેમણે આવો આગ્રહ કર્યો, એમ હોવાથી ભગવાનના વાક્યને માન આપીને આવવું સંભવિત નથી, એ શંકાનું તાત્પર્ય છે. તેના સમાધાનનો આશય નીચે પ્રમાણે છે. પોતાની પાસે લાવવા, અને સર્વ રીતે પરીક્ષા કરવા માટે બાલકો તેમના પોતાના આધિદૈવિક સ્વરૂપ છે એમ ન જણાવવું, એ બંને કાર્ય કરવાને માટે લીલામાં ઉપયોગી આધિદૈવિક કાલ જે ભગવાનનો મુખ્ય સેવક છે તેણે પોતાનો ધર્મ શીતપણું અંદર અને બહાર પ્રકટ કર્યું. તેને લઈને જલની અંદર તેઓ વધારે વખત રહી શક્યાં નહિ. અને તેથી જ આની પહેલાં જલવિહારમાં પણ તેમને શીત-ટાઢ લાગી નહિ. હવે શીત પ્રકટ થવાથી તેઓ અંદર રહી શક્યાં નહિ, અને 'શીતકર્શિતાઃ' એટલે ટાઢથી દુઃખી થતાં એમ કહ્યું છે, તેથી પહેલાં રહેલો તેમનો આગ્રહ જતો રહ્યો, અને તેઓ બહાર આવ્યાં. આ સર્વ 'સ્વભાવાધીના એવ' સ્વભાવને અધીન થઈને એ શબ્દોથી સૂચવ્યું છે.

શંકા- ઉપર કહ્યું તે સમાધાનથી તો કુમારિકાઓ કાલને અધીન થયાં, ભગવાનને અધીન ન થયાં એમ પ્રાપ્ત થયું.

ઉત્તર- જો ભગવાનની આજ્ઞાથી આવ્યાં ન હોત તો એમ થાત. પણ એમ થયું નથી, કેમ કે પૂર્વે જે વચન કહ્યાં હતાં અને પાછળથી ભગવાને જે વચનોનો અનુવાદ કર્યો હતો કે દાસ્ય વિગેરેથી કહેલું કરવું જોઈએ, તેની સિદ્ધિને માટે જ તેઓ આવ્યાં હતાં, કેમ કે ભગવાને પણ તેવાં જ વચન તેમને કહ્યાં હતાં. અને 'યદિ' પદથી તેમને જણાવ્યું હતું કે જો હવે તમે આવશો નહિ તો પહેલાં તમે કહેલાં બંને વચનો સિદ્ધ થશે નહિ. માટે હવે પછી પણ જેમ ભગવાન્ કહે તેમ જ આપણે કરવું એવા વિચારથી જ તેઓ આવ્યાં, તેથી હાલના સમયમાં પણ ભગવાને કહેલું જ કર્યું, એટલે ભગવાનના વચનથી જ તેઓ આવ્યાં એમ એની મેળે સિદ્ધ થાય છે. (માટે આ શંકા ટકતી નથી). શીત અથવા ટાઢની જે વાત કહી છે તે તેમનો આગ્રહ ઘણો દઢ હતો તે જણાવવાને કહી છે. એટલે ટાઢથી ધ્રુજતાં છતાં અત્યંત દઢ આગ્રહને લીધે તેઓ આવ્યાં નહિ, પછી જ્યારે ભગવાને આવાં વચનો કહ્યાં ત્યારે તો આવ્યાં જ એવો અર્થ છે. 'યદિ' (જો) એ શબ્દ સાંભળીને ભગવાનનો આગ્રહ પોતાથી વિરુદ્ધ છે અને પોતાનું અનિષ્ટ કરશે એમ સમજી તેઓ આવ્યાં, તે છતાં યોનિ ઢાંકીને આવ્યાં તેથી કાંઈક આગ્રહ તો રાખ્યો જ, તેથી 'સ્વભાવાધીના એવ' (સ્વભાવને અધીન થઈને જ) એમ આચાર્યશ્રીએ કહ્યું. ભગવાન્ કહે તે ન કરવાથી કાલના ધર્મો બાધ કરે છે તે પણ ઠંડી લાગી એમ કહેવાથી જણાવ્યું. પરપુરુષને એટલે બાલકોને આપણે આવી સ્થિતિમાં દર્શન આપીશું નહિ વિગેરેમાં જે શંકા કહી હતી અને જે સમાધાન કર્યું હતું, તે જ આશયને લીધે આ સર્વ કર્યું. માટે આમાં કાંઈ પણ દોષ રહેતો નથી.

**લે.**- 'પરીક્ષાર્થમિતિ' સર્વ પ્રકારથી વિચાર કરવાને માટે. 'પ્રમેયમ્ નિરૂપ્યમિતિ' સ્વરૂપનું નિરૂપણ કરવું જોઈએ તે હેતુથી પોતે યોનિ ઢાંકીને વિગેરેથી જાતિનું વર્ણન કર્યું.

શંકા- ભલે એમ હો, તથાપિ સ્વભાવને અધીનપણાનો વિચાર બીજી કોઈ રીતે

કહેવો જોઈતો હતો. સભામાં આવા શબ્દ વાપરવા ન હતા.

સમાધાન– લીલાસ્થ સર્વ જીવો ભગવદ્રૂપ છે, તેમને લૌકિક માનીએ તો સંકોચને લઈને સભામાં તેમના સ્વરૂપનું કથન થઈ શકે નહિ. અને એમ થાય તો બ્રહ્મને લૌકિક માનવાને લીધે જેમ શાકલ્યનું માથું પડ્યું તેમ શુકનું પણ માથું પડી ગયું હોત.

**યો.**– 'અકથને શુક્સ્ય ઈતિ' જો શુકદેવજી તેમનામાં લૌકિક ભાવ માનીને રહસ્યવર્ણન ન કરે તો શુકદેવજીનું માથું પડે, પણ શુકદેવજી તો આ કુમારિકાઓને સાક્ષાત્ પુરુષોત્તમ માને છે, અને પુરુષોત્તમના સર્વાંગવર્ણનમાં જેમ દોષ નથી, તેમ જ આ કુમારિકાઓના ગૂઢાંગનું વર્ણન કર્યું તેમાં દોષ નથી. વસ્તુતઃ તો તેઓ સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂપ છે. બ્રહ્માજીએ ભૃગુને કહ્યું છે કે 'હે પુત્ર ! વ્રજસુંદરીઓ સ્ત્રીઓ નથી, તેઓ તો શ્રુતિઓ છે', તેનું અનુસંધાન રાખીને શુકદેવજીએ રહસ્યવર્ણન કર્યું. જો એમ વર્ણન ન કરત તો તેમનું માથું પડત, કેમ કે શ્રુતિમાં કહ્યું છે કે તારું માથું પડશે.

**ભગવાનાહ તા વીક્ષ્ય શુદ્ધભાવપ્રસાદિતઃ ।।**
**સ્કંધે નિધાય વાસાંસિ પ્રીતઃ પ્રોવાચ સસ્મિતમ્ ।।૧૮।।**

ભગવાન્ તેમને સર્વ પ્રકારે નિર્દુષ્ટ જોઈને તેમના શુદ્ધ ભાવથી પ્રસન્ન થયા. વૃક્ષના સ્કંધ ઉપર તેમનાં વસ્ત્રો મુકીને પ્રસન્ન થઈને કાંઈક હાસ્યસહિત નીચે પ્રમાણે ભગવાને કહ્યું. ૧૮।।

**સુ.**– પછી ભગવાન્ તેમને સર્વ પ્રકારે નિર્દુષ્ટ જોઈને, અથવા તો બાલકોને લીધે તેમણે કાંઈક સંગ્રહ કરેલો હોવાથી કાંઈક અશુદ્ધ જોઈને, પોતાની જ્ઞાનદષ્ટિ સર્વત્ર વ્યાપવા નહિ દીધી તેથી કાંઈક ગુસ્સે થઈને, તેમનો ત્યાગ કરવો એમ માનવા છતાં, તેમના શુદ્ધભાવથી, શુદ્ધ અંતઃકરણથી પ્રસન્ન થયા. પછી ફરીથી જ્ઞાનશક્તિ પ્રકટ કરીને, વૃક્ષ વૈષ્ણવ હોવાથી તેના સ્કંધ ઉપર વસ્ત્રો મુકીને, તેમના વસ્ત્રરૂપી આવરણોને વૈષ્ણવ કરીને, પછી તેમનું નિદાન એટલે કહેવાનું સાંભળીને, કાંઈક મોહ કર્યો અને સ્મિત–હાસ્ય કર્યું, નહિ તો તેઓ મુક્ત થઈ જાય, અને પછી એવી રીતે બોલ્યા, કે જેથી પોતાનું વાક્ય ગોપિકાઓ અંગીકાર કરે.

**ટિ.**– 'જ્ઞાનદષ્ટિઃ સર્વત્ર ન વ્યાપ્તા' (જ્ઞાનદષ્ટિ સર્વત્ર વ્યાપવા નહિ દીધી) વિગેરે. અહિં આ સમજવાનું છે. ભગવાનની કુમારિકાઓના સર્વ અંગની દર્શન કરવાની ઈચ્છા પ્રચુર (પુષ્કળ) હતી. તે નહિ પાર પડવાથી તેમને રોષ થયો, તે 'અતઃ ત્યાજ્યા' એથી દર્શાવ્યું છે. વચ્ચે પ્રસન્ન થયા એમ કહ્યું છે તેથી આ અર્થ પ્રાપ્ત થાય છે. જ્યાં હસ્તનો અંતરાય પણ ભગવાન્ સહન કરી શકતા નથી તો વસ્ત્ર કેવી રીતે આપ્યાં એ શંકા દૂર કરવાને વૃક્ષના સ્કંધ ઉપર એટલે થડ ઉપર વસ્ત્રો મુકવાનું તાત્પર્ય 'તાસામાવરણાનિ' (તેમના આવરણો) વિગેરેથી કહે છે. અહિં આ આશય છે. પ્રથમ ભગવાનની સાથે

અંતરાય હોવાથી બીજે સ્થલે સ્થાપ્યાં, પછી જેમ વૈષ્ણવનો સંગ ભગવાનની પ્રાપ્તિ કરાવે છે, તેમ તેમનાં વસ્ત્રો વૃક્ષના સ્કંધ પર મુકવાથી તેમને વૈષ્ણવ ધર્મયુક્ત કર્યાં, એ તાત્પર્ય છે. કેમ કે તે વસ્ત્રો ભગવાનને પ્રાપ્ત કરાવે છે તે બાબત ભગવાન્ તરત જ બીજા પદમાં આગળ કહેશે, એ વસ્ત્રો ભગવાનને પ્રાપ્ત કરાવે છે કેમ કે તે રસના ઉદ્‌બોધક છે, તેથી તેવા ખાસ સ્થલ ઉપર (વૈષ્ણવ વૃક્ષના સ્કંધ ઉપર) તેમને મુક્યાં એમ લાગે છે. તે વખતે ભગવાનને પ્રસન્ન થવાનો બીજો વિશેષ હેતુ શું છે એવી અપેક્ષા થાય તો કહે છે કે 'તાસાં નિદાનં શ્રુત્વા' (તેમનું કહેવાનું સાંભળીને). 'નિદાન' એટલે કહેવું. કુમારિકાઓએ કહ્યું કે તમે વયસ્ય સહિત છો, માટે તમારા કહેવાથી અમારે આવવું, કે નહિ આવવું, અને આવીએ તો તે સારું કે નહિ, તે અમને કાંઈ સમજ પડતી નથી, અમે તો કેવલ તમારે અધીન છીએ, માટે અમારા કૃત્યથી તમારા મનમાં શું આવશે તે અમને સમજ પડતી ન હોવાથી અમારું રક્ષણ આ બાબતમાં તમારે જ કરવું, આમ તેમની અનન્યતા સાંભળીને ભગવાન્ પ્રસન્ન થયા. અથવા તો 'નિદાનં' એટલે કુમારિકાઓનું સ્વરૂપ. પદ્મિની સ્ત્રીઓને નીવીમાં પદ્મગંધ હોય છે. જ્યારે વૃક્ષના સ્કંધ પર વસ્ત્રો મુક્યાં ત્યારે ભ્રમરોના ટોળાંઓનો ગુંજારવ ત્યાં થયો, તેમના ગુંજારવનું શ્રવણ તે જ નિદાન-શ્રવણ. તેથી પોતાને અનુરૂપ ઉત્તમ નાયિકાઓ છે એમ જાણી રસભાવનો ઉદ્‌બોધ થવાથી તેમના પર પ્રસન્ન થયા.

**લે.**- 'અન્યાર્થમિતિ' બાલકોને લીધે વિગેરે. બાલકોથી દષ્ટિ ન પડે તેને માટે આટલો સંગ્રહ કર્યો, એમ જાણીને પોતાની જ્ઞાનદષ્ટિ સર્વત્ર વ્યાપ્ત ન થવાથી કાંઈક દોષયુક્ત (તેમને માન્યાં). 'તતઃ પુનઃ' (પછી ફરીથી). પ્રથમ જોતાં છતાં તેવી રીતે ગૂઢાંગ ઢાંકેલું જોઈને રોષથી જાણે જોતા હોય એવા થયા, પછી સુંદર મધ્ય જોઈને પ્રસન્નતાથી ફરી જોવા લાગ્યા.

**યો.**- 'આહતાઃ, આ' એટલે સર્વ પ્રકારે. 'અહતાઃ' એટલે કોઈપણ અંશથી દુષ્ટ નહિ, એમ અહિં 'આ' અભિવિધિના અર્થમાં છે. મહાભાષ્યમાં કહ્યું છે કે 'થોડાના અર્થમાં, ક્રિયાયોગમાં, મર્યાદા અભિવિધિમાં, જે 'આ' આવે છે તે 'ઙિત્' થાય છે. વાક્ય અને સ્મરણના અર્થમાં જે 'આ' આવે તે 'ઙિત્' થાય નહિ'. તેથી અહિં 'આ અહતાઃ' એ પ્રમાણે દીર્ઘ ખુશીથી લઈ શકાય. અભિવિધિને વિષે સંધિ આર્ષ છે. કેમ કે વ્યાકરણની રીતે સંધિ કરવી જોઈએ એમ મહાભાષ્યકાર ઋષિએ સિદ્ધ કરેલી છે.

**સુ.**- ભગવાનનું વાક્ય 'યૂયમ્' એ શ્લોકથી કહે છેઃ

**યૂયં વિવસ્ત્રા યદપો ધૃતવ્રતા વ્યગાહતૈતત્ તદુ દેવહેલનમ્ ।।**
**બદ્‌ધ્વાઞ્જલિં મૂર્ધ્ન્યપનુત્તયેઽહસઃ કૃત્વા નમો વો વસનં પ્રગૃહ્યતામ્ ।।૧૯।।**

વ્રત ધારણ કરેલું હોવા છતાં તમે વસ્ત્ર વિનાનાં થઈને જલને વિષે ક્ષોભ કર્યો, તે તમારું કૃત્ય નિશ્ચય દેવની અવગણનારૂપ છે. તે પાપને દૂર કરવાને મસ્તક ઉપર

હસ્તની અંજલિ કરીને, નમસ્કાર કરીને (દરેક) તમારું વસ્ત્ર લઈ જાઓ. ૧૯ા.

**સુ.**– 'જલને વિષે અગ્નિ અને દેવતાઓ રહે છે, માટે જલને વિષે મૂતરવું નહિ, અને ઝાડો કરવો નહિ અને થુંકવું નહિ, વસ્ત્ર વગર સ્નાન કરવું નહિ. આ અગ્નિ ગુહ્ય છે. આ અગ્નિ અતિદાહ ન કરે તેને માટે (ઉપર પ્રમાણે કરવું નહિ)' આ શ્રુતિને લીધે વસ્ત્ર વિના સ્નાન કરવાથી જલની અંદર રહેલા અગ્નિ અને દેવતાઓ વ્રત વિગેરે સર્વનો નાશ કરે તેથી તેનો ઉપાય કરવો જોઈએ, અને ભગવાન્ તે કર્મની સિદ્ધિને માટે આવ્યા હતા, માટે સ્વતંત્રતાથી ફલદાન કરવાને, તે કર્મ સારા ગુણવાળું કરવાને બોલ્યા. તમે વ્રત ધારણ કર્યું તે છતાં વસ્ત્ર વિનાનાં થઈને જલને વિષે ક્રીડા કરીને ક્ષોભ ઉત્પન્ન કર્યો, માટે ક્રીડાથી અને વસ્ત્રના અભાવથી એટલે દૃષ્ટ અને અદૃષ્ટ બંને પ્રકારથી, જલનો ક્ષોભ કર્યો, તે દેવની અવગણના કરી તે પ્રસિદ્ધ છે. 'ઉ' એ નિશ્ચયના અર્થમાં છે. આ પ્રમાણે દોષનું નિરૂપણ કરીને તેના પ્રાયશ્ચિતનું નિરૂપણ કરે છે. બે હાથથી અંજલિ કરીને મસ્તક ઉપર તે અંજલિ મુકીને પાપનો નાશ કરવાને નમસ્કાર કરીને તમારું આ વસ્ત્ર લઈ જાઓ. આ પ્રમાણે જે હસ્ત (બાહુ) અથવા ક્રિયાશક્તિ તમારા અભિમાનની રક્ષાને માટે સ્થાપન કરી હતી તે ક્રિયાશક્તિ એટલે હસ્તને અપરાધની નિવૃત્તિ કરવાને માટે યોજો, તે પણ મસ્તક ઉપર એટલે જ્ઞાનશક્તિ સહિત યોજો, આમ કરવાથી જ દેવતા પ્રસન્ન થશે. કારણ કે તમારી ક્રિયા અથવા હસ્તનું મૂલ તે મસ્તકની જ્ઞાનશક્તિથી વ્યાપ્ત થશે. શાસ્ત્ર જાણનારાઓ કહે છે કે આ જ પ્રવાહરૂપ ક્રિયાશક્તિ છે. તે જો જ્ઞાનથી વ્યાપ્ત થાય તો ફલ સિદ્ધ થાય અને કૃતાર્થ થાય.

**લે.**– 'તત્રાપિ જ્ઞાનસહિતા' તે પણ મસ્તક ઉપર એટલે જ્ઞાનશક્તિ સહિત યોજો. એટલે યોજવામાં પણ મારી જ્ઞાનશક્તિ સહિત કરવી જોઈએ. માથા સુધી જોડવાથી જ તેમ થશે એવો ભાવ છે. 'એષૈવ, પ્રૌઘરૂપા શક્તિરિતિ તદ્વિદઃ', શાસ્ત્ર જાણનારાઓ કહે છે કે આ જ પ્રવાહરૂપ ક્રિયાશક્તિ છે. 'એષા એવ' એટલે ક્રિયાશક્તિ જ. 'પ્રૌઘ, પ્ર' પુષ્કળ 'ઓઘ' એટલે પ્રવાહ. પ્રાવાહિકી શક્તિ. 'તદ્ વિદઃ' શાસ્ત્રમાં સિદ્ધ થયું છે કે એ કર્મ વડે બહુ ફલ પ્રાપ્ત થાય છે. જ્ઞાનશક્તિ બ્રહ્મરૂપી જ ફલ આપવાવાળી છે. તેમ અહિં નથી, તે જણાવવાને 'એવ' મુક્યું છે. તે શક્તિ જો જ્ઞાનથી વ્યાપ્ત થાય તો મોક્ષરૂપ મુખ્ય ફલ સિદ્ધ થાય, કેમ કે જ્ઞાનીને તેની અભિવ્યક્તિ થવાથી મોક્ષ ક્રમથી સિદ્ધ થાય એવો સિદ્ધાંત છે. અહિં પણ પ્રાવાહિક અભિમાનનું રક્ષણ કરનાર ક્રિયાશક્તિ જો મારી જ્ઞાનશક્તિથી વ્યાપ્ત થાય તો પ્રાવાહિકત્વનો ત્યાગ થવાથી અને અનન્યતા સિદ્ધ થવાથી ભગવત્સંબંધરૂપી ફલ સિદ્ધ થાય, અને કર્મ સારા ગુણવાળું પણ થાય, એટલે 'કૃતાર્થ' પણ થવાય. એટલે સાધેલો છે વ્રતરૂપી અર્થ જેણે એવા થવાય. 'અર્થઃ' જે નરજાતિનું છે તે 'વ્રત' એ

નાન્યતરજાતિને બદલે વાપર્યો છે, તે સામાન્ય રીતે કહેવાના અભિપ્રાયથી છે.

**યો.**– 'યા ક્રિયાશક્તિરભિમાનરક્ષાર્થં સ્થાપિતા' જે ક્રિયાશક્તિ તમારા અભિમાનની રક્ષાને માટે સ્થાપન કરી વિગેરે. હાથ ક્રિયાશક્તિરૂપ હોવાથી જે હાથો લજ્જાની રક્ષાને માટે સ્થાપ્યા હતા તે બંને હાથ મસ્તકના ઉપર નમન કરવામાં સ્થાપીને અપરાધની નિવૃત્તિ કરવી જોઈએ. મસ્તક ઉપર હાથ યોજવામાં મારા જ્ઞાનથી તેઓ જોડાશે. ક્રિયામૂલ એટલે હસ્તનું મૂલ. હસ્ત મસ્તક ઉપર સ્થાપવાથી ભગવાનની જ્ઞાનશક્તિથી વ્યાપ્ત થશે, એમ થવાથી સારી રીતે નિરીક્ષણ કરવાથી ભગવાનમાં ભાવવિશેષનો આવિર્ભાવ થશે. 'એષૈવ' વિગેરે. આ લજ્જાની રક્ષાને માટે સ્થાપન કરેલી ક્રિયાશક્તિ પુષ્કળ પ્રવાહરૂપ છે, કેમ કે ભગવાનને જે અભિપ્રેત નથી તેમ કરવાથી પ્રવાહના સંબંધવાળી સંસાર જ ઉત્પન્ન કરશે એવો અર્થ છે, તે ક્રિયાશક્તિ આ ભગવત્‌સેવામાં જ યોજવી જોઈએ, એવા પ્રકારના જ્ઞાનથી જ જો યોજવામાં આવે તો પ્રવાહની ગતિને દૂર કરીને ભગવત્સંબંધને લીધે અલૌકિકી થાય અને પુષ્ટિમાર્ગના ફલને સિદ્ધ કરે.

**સુ.**– તે કુમારિકાઓએ ભગવદભિપ્રાયને પણ જાણીને (અને ભગવાનના વાક્યનું શ્રવણ કરીને) ભગવાને કહ્યું તેના કરતાં અધિક કર્યું, તે 'ઇત્યચ્યુતેના-ભિહિતા' એ શ્લોકથી કહે છે:

**ઇત્યચ્યુતેનાભિહિતા વ્રજાબલા મત્વા વિવસ્ત્રાપ્લવનં વ્રતચ્યુતિમ્ ।।**
**તત્પૂર્તિકામાસ્તદશેષકર્મણાં સાક્ષાત્કૃતં નેમુરવદ્યમૃગ્ યતઃ ।।૨૦।।।**

અચ્યુત ભગવાને આમ કહ્યું તેથી આ વ્રજની અબલાઓએ વિનાવસ્ત્રે સ્નાનને વ્રતભંગ માનીને તે ભગવાનની ઇચ્છાને પૂર્ણ કરવા માટે તે વ્રત અને સર્વ કર્મના સાક્ષાત્ફલરૂપ ભગવાનને નમસ્કાર કર્યા, કારણ કે નમસ્કારથી સર્વ પાપનો નાશ થાય છે. ૨૦।।.

**સુ.**– 'અચ્યુત' એટલે કોઈપણ અંશથી ચ્યુતિ અથવા સ્ખલન વિનાનું. પૂર્ણશક્તિવાળા એવા ભગવાનના કહેવાથી જેમને જ્ઞાન પ્રાપ્ત થયું છે, એવી વ્રજની અબલાઓ જેઓ સ્વભાવથી જ ચતુરાઈ વિગેરે દોષ વિનાની હતી, તેઓ વસ્ત્ર વિનાના સ્નાનને વ્રતનો ભંગ થએલો માનીને, પોતાના હૃદયમાં પણ તે કહેવું સત્ય છે એમ સમજીને, તે બાબતમાં પૂર્ણતા કરવાની ઇચ્છાથી અથવા તો તે વ્રતને પૂર્ણ કરનાર ભગવાનની ઇચ્છાવાળીઓએ (ભગવાનને નમસ્કાર કર્યા). માત્ર દેવતાના અપરાધની નિવૃત્તિ કરવાને માટે નહિ, પણ તે વ્રત અને સર્વ કર્મના સાક્ષાત્કારરૂપ સાક્ષાત્ ફલરૂપે પ્રાપ્ત થએલા ભગવાનને નમસ્કાર કર્યા. ફલ પ્રાપ્ત થયું એટલે સાધનની ન્યૂનતા, એટલે ભગવાનને પતિ પ્રાપ્ત કરવામાં પ્રતિબંધક રહ્યું જ નહિ, એ રીતે ફલની દૃષ્ટિવાળીઓએ તેવા ફલ સંપાદન કરાવનાર ભગવાનને નમસ્કાર

કર્યા. કેટલાક ટીકાકાર એમ કહે છે કે 'સાષ્ટાંગ પ્રણામ કર્યા', તેમ કરવાનું કારણ એ છે કે નમસ્કારથી પાપ દૂર થાય છે. દેવતાનો અપરાધ શાંત થયો છતાં જલમાં ક્રીડા કરવાથી કર્મ અપૂર્ણ થવાથી ફલમાં વિઘ્ન આવે માટે એ બંને એક કાર્યથી જ નિવારણ થાય એમ નમસ્કાર કર્યા, અથવા તો તે ભગવાનની ઈચ્છા પૂર્ણ કરવાની ઈચ્છાથી પ્રણામ કર્યા. વ્રતનો ભંગ એમ પ્રથમ કહેલું હોવાથી 'તત્' પદ વ્રતચ્યુતિનો સૂચક છે એમ ન કહેવું, કારણ કે જો એમ કહીએ તો વ્રત અને તે સિવાયના સર્વ કર્મના ફલરૂપ જે ભગવાનને નિરૂપણ કર્યા છે તે વ્યર્થ થઈ જાય. વળી 'દઢમ્ પ્રલબ્ધા' વિગેરે ઈર્ષ્યાના હેતુનું કહેવું અયુક્ત થાય, વ્રત પૂર્ણ થયું એ પક્ષમાં તેને માટે જ સર્વ કહેલું ભગવાને કરાવ્યું તેથી અસૂયાનો હેતુ તેમને રહેતો નથી, પોતાના હિતની વાણી અથવા હિતના કૃત્યથી અસૂયાનો આરોપ સંભવતો નથી, પણ ઉલટું તેનાથી વિપરીત ભાવની સંભાવના થાય છે.

શંકા– વ્રતની ચ્યુતિ માની તો પછી તેની ઉપેક્ષા કરીને પ્રિય ભગવાનને જ શા માટે નમસ્કાર કર્યા?

ઉત્તર– કેમ કે તે કર્મ અને સર્વ કર્મના ફલરૂપ ભગવાન્ હતાં.

શંકા– જો એમ કહેશો તો વ્રતચ્યુતિ માની એમ કહેવું વ્યર્થ થઈ જશે.

ઉત્તર– વ્યર્થ નહિ થાય, કારણ કે તે સમયના ભાવનું પ્રૌઢપણું અહિંઆં નિરૂપણ કર્યું છે. જો એમ નહિ માનો તો 'અવદ્યમૃગ્' એ વિશેષણ વ્યર્થ થઈ જશે.

**લે.**– 'અભિપ્રાયમપિ'. અભિપ્રાયને પણ જાણીને. એટલે વાક્ય શ્રવણ કરીને તેનો અભિપ્રાય પણ સમજીને એવો અર્થ છે. 'ઉક્તાદપ્યધિકમ્' કહ્યું તેના કરતાં પણ અધિક. એટલે જે ભગવાને કહ્યું તે કર્યું. તે તો કાંઈ સંકોચથી પણ થઈ શકે, અને તેમ કરે તો સર્વથા સર્વ પ્રકારે તેમનું દર્શન ભગવાનને થાય નહિ તેથી ભગવાનની તેમને સર્વ પ્રકારે જોવાની ઈચ્છા જાણીને તે પૂર્ણ કરવાને માટે નિઃશંકપણે તેમ કર્યું અને કાંઈ પણ સંકોચ રાખ્યો નહિ એવો અર્થ છે. સાષ્ટાંગ પ્રણામના પક્ષમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા એ જ અધિક કર્યું એમ સમજવું. 'તદશેષકર્મણામ્' તે બાબતમાં પૂર્ણતા કરવાની ઈચ્છાથી. અહિં 'તત્' એટલે 'તાદશે અર્થે' એમ અર્થ લઈએ તો 'તત્' સાતમી વિભક્તિવાળો અવ્યય સમજવો, અને 'તત્'નો અર્થ 'તસ્ય' લઈએ તો તેના આગલા પદની સાથે 'દ્વંદ્વ' સમજવો. એટલે 'તસ્ય' એટલે વ્રતના અને અશેષ કર્મના સાક્ષાત્ ફલરૂપ એમ અર્થ થાય. 'ફલે જાતે' એટલે ભગવાન્ પધાર્યા તેથી. એનો 'નેમુઃ' નમસ્કાર કર્યા એ સાથે સંબંધ છે. 'વ્યર્થા' એટલે વિરુદ્ધ છે અર્થ જેનો. પતિરૂપ ફલમાં પ્રતિબંધ કરે એવો. 'તાદશમ્' તેવા ફલને સંપાદન કરી આપનાર. 'કર્મચ્છિદ્રસ્ય' એટલે ક્રીડા વડે કર્મમાં અંતરાય થવાથી.

**સુ.**– ત્યારે ભગવાન્ સંતોષ પામ્યા અને વસ્ત્રો આપ્યાં તે 'તાસ્તથા' એ

શ્લોકથી કહે છેઃ

**તાસ્તથાવનતા દૃષ્ટ્વા ભગવાન્ દેવકીસુતઃ ||**
**વાસાંસિ તાભ્યઃ પ્રાયચ્છત્ કરુણસ્તેન તોષિતઃ ||૨૧||.||**

તે કુમારિકાઓને આ પ્રમાણે અધિકપણે પ્રણામ કરતી જોઈને ભગવાન્ દેવકીસુતે કરુણા કરીને તેમને (અપૂર્વ) વસ્ત્રોનું દાન કર્યું, કારણ કે તે નમસ્કારથી ભગવાનને સંતોષ થયો હતો. ૨૧||.

**સુ.**- જો ચતુરાઈથી નમસ્કાર કર્યા હોત તો ભગવાન્ સંતુષ્ટ થાત નહિ, પરંતુ આ પ્રમાણે એટલે ભગવાને કહ્યા કરતાં અધિક રીતે નમેલી જોઈને સંતુષ્ટ થયા. માત્ર ચતુરાઈથી તેમણે નમન કર્યું નહોતું, તેથી મારો અભિપ્રાય જાણીને મારી ઈચ્છા પૂર્ણ કરવાને માટે જ નમસ્કાર કર્યા એમ ભગવાને જાણ્યું, તેનું કારણ તે પોતે ભગવાન્ હતા. કૃપા કરવાનો હેતુ એ છે કે જેમ દેવકી ઉપર કૃપા કરીને તેના સુત થયા, તે જ પ્રમાણે આ કુમારિકાઓ ઉપર કૃપા કરીને તેમના પતિ થયા. પછી વસ્ત્રો તેમને પ્રકર્ષથી આપ્યાં. 'તાભ્યઃ' એમાં ચતુર્થી વિભક્તિ કહી છે તેથી અપૂર્વ દાન કર્યું એમ સૂચન કર્યું છે. (* તેથી અર્થ વિશેષ હોવા છતાં અહિં 'દા' એટલે આપવું એ પદ વાપર્યું છે, કારણ કે 'દા' માંનો 'દા' જતો રહીને એક નવો 'યચ્છ્' (અપૂર્વ) થાય છે. તેમ અહિં પણ દાન કરવાના વસ્ત્રોમાં પ્રથમના કેવલ વસ્ત્રોની નિવૃત્તિ કરીને અપૂર્વ એટલે નવાં ભગવદ્ભાવાત્મક કામરૂપ વસ્ત્રો ભગવાને સંપાદન કરીને આપ્યાં. તેથી જ 'પ્રેષ્ઠસંગમસજ્જિતાઃ' ૨૩મા શ્લોકમાં કહ્યું છે ત્યાં આ (નવાં) વસ્ત્રદાનને જ હેતુરૂપ કહ્યાં છે. કેમ કે 'પરિધાય સ્વવાસાંસિ' (પોતપોતાનાં વસ્ત્રો પહેરીને) કહ્યું છે. તેથી જ 'સ્વ' પદ કહ્યું છે, કારણ કે નાયિકાઓને પ્રિય ભગવાન્ તરફ અતિઉત્કટ ભાવ ઉત્પન્ન થવો એ 'સ્વ' એટલે ભગવાનનો પોતાનો જ દાન કરેલો ભાવ છે. નહિ તો પ્રયોજન વિના 'સ્વપદ કહેત નહિ.) (*આ કૌંસમાંનો ભાગ શ્રીગુંસાઈજીએ વ્યાખ્યાન કરેલો છે.) અર્થ એ છે કે તેમને વિષે જે પ્રકારથી તેમનો પૂર્વોક્ત કામ સિદ્ધ થાય તે રીતે તેમને પ્રકર્ષથી દાન કર્યું. તેથી જ જલક્રીડા વિગેરેને વિષે આ વસ્ત્રો દિવ્ય હોવાને લીધે વસ્ત્રો ઉતારવા અને જલક્રીડા પછી પાછાં પહેરવા વિગેરેની અપેક્ષા રહેતી નથી.

શંકા- આ પ્રમાણેના વસ્ત્રદાનનો હેતુ શું?

સમાધાન- 'કરુણઃ' એ શબ્દથી સૂચવે છે, તેમના પર કરુણા કરી એટલે દુઃખ દૂર કરવાની ઈચ્છા અને આનંદનો આવિર્ભાવ કરવાની ઈચ્છા ભગવાનને તેમના તરફ ઉત્પન્ન થઈ.

શંકા– તો પછી મુક્તિ જ આપવી હતી. વસ્ત્રોનું દાન શા માટે કર્યું?

સમાધાન– ગોપીજનના તે કૃત્યથી (નમસ્કારથી) ભગવાનને સંતોષ થયો હતો, તે મુગ્ધભાવથી સાષ્ટાંગ નમસ્કારથી ભગવાનને સંતોષ ઉત્પન્ન થયો હતો. (જો આ પ્રમાણે સંતોષ ન થયો હોત તો માત્ર બ્રહ્મભાવ સંપાદન કરાવીને મુક્તિ આપત). પણ અહિં તો બ્રહ્મભાવ પ્રાપ્ત થાય પછી તેમને રમણ પણ કરાવવાની ઈચ્છાથી રમણને ઉપયોગી અવયવ વિગેરે સામગ્રીસંપાદક તેવા પ્રકારના કામરૂપી વસ્ત્રનું દાન કર્યું. રસની રક્ષા માટે જ વસ્ત્રદાન કર્યું. આથી બીજાને આ કુમારિકાઓ નું અદર્શન વિગેરે પણ સિદ્ધ થશે.

ટિ.– લોકમાં અને વેદમાં મુક્તિ જ પરમફલ તરીકે પ્રસિદ્ધ છે. તે મુક્તિ ભક્તિમાર્ગમાં અલ્પ છે, અને વસ્ત્રદાન વિશેષ છે, તે પ્રકટ કરવાને માટે 'નનુ તર્હિ મુક્તિમેવ દદ્યાત્' તો પછી મુક્તિ જ આપવી હતી વિગેરે શંકા અને તેનાં સમાધાન થયાં છે. મુક્તિ તો માત્ર સર્વ દુઃખના અભાવરૂપ છે. પરમ કરુણા એકલા દુઃખના અભાવમાં કહેવાય નહિ, પણ આનંદાવિર્ભાવ પણ જો થાય ત્યારે જ પરમ પદ સાર્થક થાય. જેમને વિષે આવો સંતોષ ભગવાનને નથી થતો તેમને જ ભગવાન્ મુક્તિનું દાન કરે છે. પરમ કરુણા આ વસ્ત્રદાનમાં હેતુ છે, તેથી આ ગોપિકાઓને માત્ર મુક્તિનું દાન કર્યું નહિ. માટે મુક્તિ આ કામભાવ કરતાં અલ્પ છે એ સ્પષ્ટ છે.

**લે.**– 'તથાજ્ઞાને' એમ ભગવાને જાણ્યું. એટલે મારો અભિપ્રાય જાણીને, મારી ઈચ્છા પૂર્ણ કરવાને માટે એ પ્રમાણે કર્યું એમ 'આન્તર્ભાવજ્ઞાન' સહિત ભગવાન્ હોવાથી પોતે જાણ્યું, અને દેવકીસુત હોવાથી સંતોષ પામ્યા તેથી વસ્ત્રદાન કર્યું. 'કરુણઃ' એ પદમાં કરુણાવાળા એમાં અતિશયના અર્થના અભિપ્રાયથી કહે છે કે પરમ કરુણાથી દુઃખ દૂર કરવું તેમાં આનંદનો તિરોભાવ છે, તેથી આનંદનો આવિર્ભાવ કરે એવી કરુણા વડે એવો અર્થ છે. 'બ્રહ્મભૂતાનામ્' બ્રહ્મભાવ પ્રાપ્ત થયા પછી એટલે જેમની અંદર આનંદ પ્રકટ થયો છે એવા. એ પ્રમાણે જો ભગવાનને સંતોષ ન થયો હોત તો માત્ર બ્રહ્મભાવ સંપાદન કરત, અને તેથી તેમની મુક્તિ જ થાત. અહિં તો ભગવાનને સંતોષ થયો છે, તેથી તેમની સાથે આગળ રમણ પણ થવાનું છે, માટે રમણને ઉપયોગી અવયવ વિગેરે સામગ્રી સિદ્ધ કરી આપે એવાં વસ્ત્રદાન કરવારૂપ બ્રહ્મભાવ સિદ્ધ કરી આપ્યો.

**સુ.**– શંકા– આ ગોપીજન અનેક પ્રકારનાં હતાં. 'ભવત્યો યદિ મે દાસ્યઃ' એ વાક્યનું શ્રવણ કર્યું તે પહેલાં તેમનું અનેકભાવપણું કહેવાઈ ગયું છે. વસ્ત્ર પહેરવા પછી પ્રથમની ભિન્નભિન્ન ભાવવાળી વાસનાઓથી થતો દોષ તેમને કેમ ઉત્પન્ન નહિ થયો? એ શંકાના સમાધાનમાં 'દઢં પ્રલબ્ધાઃ' એ શ્લોકથી કહે છેઃ

**દઢં પ્રલબ્ધાસ્ત્રપયા ચ હાપિતાઃ પ્રસ્તોભિતાઃ ક્રીડનવચ્ચ કારિતાઃ ।।**

**વસ્ત્રાણિ ચૈવાપહૃતાન્યથાપ્યમું તા નાભ્યસૂયન્ પ્રિયસંગનિર્વૃતાઃ ॥૨૨॥**

ભગવાને તેમને અત્યંત છેતર્યાં, તેમની શરમ છોડાવી દીધી, તેમનું અપમાન કર્યું, તેમને પુતળાની માફક કર્યાં, અને વસ્ત્રો પણ તેમનાં લઈ લીધાં, તે છતાં તે કુમારિકાઓને આ ભગવાન્ પર ઈર્ષ્યા આવી નહિ, પણ પ્રિય ભગવાનના સંગથી અત્યંત આનંદ થયો. ૨૨॥

**સુ.**- અહિં આ વિચાર કરવામાં આવે છે કે તેમને લૌકિક દષ્ટિ થઈ કે નહિ? ભગવાનના વચનમાં તેમને વિશ્વાસ આવ્યો, ભગવાન્ વિષે તેમને સ્નેહ થયો, ભગવાનનું પરમ આપ્તપણું એટલે અત્યંત વિશ્વાસ રાખવાયોગ્યપણું તેમને લાગ્યું, પોતાના દોષની સ્ફૂર્તિ થઈ, તે દૂર કરવાનો અનન્ય ઉપાય નમસ્કાર કરવારૂપ તેમને લાગ્યો. જો એમ ન થાત તો, જે સર્વથા નિરભિમાન થઈ ગયાં હતાં તેમને ફરીથી ભગવત્સંગમની ઈચ્છા થાત નહિ. તમે 'વસ્ત્ર વિના જલમાં વિહાર કર્યો' વિગેરે વચનોથી તેમને અત્યંત છેતર્યાં. 'અહિં આવીને પોતપોતાનાં વસ્ત્રો લઈ જાઓ', એ વાક્યથી તેમની શરમ છોડાવી દીધી, કે જે શરમ અથવા લજ્જા તેમનું સર્વસ્વ હતું. આ પ્રમાણે પ્રથમ વાક્યથી તેમના પર દોષનો આરોપ કર્યો. બીજા વાક્યથી તેમનામાં ગુણનો અભાવ કહ્યો. 'ચ'થી ઉદ્ધતાઈથી તેમની શરમ છોડાવી એમ પણ અર્થ સમજવો. જો 'તમે મારી દાસીઓ હો', એ તેમનું જ વાક્ય આગળ કરીને તેમને નિરુત્તર કર્યાં, અને એમ કરીને તેમનું અપમાન કર્યું. 'સ્તોભવાક્ય' એટલે ખોટું વાક્ય, અને તેનો પ્રકર્ષ એટલે તેથી તેના પર અપકાર કરવો, માટે તેમનું અપમાન કર્યું. 'મસ્તક ઉપર હાથ જોડીને' એ વચનોથી તેમને ખેલવણા જેવાં એટલે પુતળી જેવાં બનાવ્યાં. જેમ બાલકને કરીએ છીએ તેમ તેમની સાથે કર્યું, અને વળી તેમનાં વસ્ત્રો પણ લઈ તો લીધાં જ. આ પ્રકારે તેમની સાથે પાંચ પ્રકારના દોષ ભગવાને કર્યા છતાં પણ ભગવાન્ પર તેમને ઈર્ષ્યા આવી નહિ. ઈર્ષ્યા તો જ્યારે અંદર હૃદયમાં દુઃખ થાય ત્યારે જ થાય. પણ ભગવાનનાં આ વાક્ય તો તેમને મોટા અગ્નિના ઉપર જલ સિંચવાની માફક ઠંડક આપનારાં લાગ્યાં. જેમને ભગવાને પોતાના સ્વરૂપથી જ આનંદ પ્રાપ્ત કરાવ્યો છે, તેમને તે વાક્યોથી દુઃખ ઉત્પન્ન થઈ શકે જ નહિ. તેઓ તો ભગવદાનંદથી જ અત્યંત સુખ પામ્યાં. વળી ભગવાનનાં આધિદૈવિક વાક્યોથી પણ અપકાર કરી શકાય જ નહિ. તેનું કારણ કે પ્રિય ભગવાનના સંગથી એટલે વસ્ત્ર દ્વારા તેમને પ્રિય ભગવાનનો સંગ થયો હતો, તેથી તેઓ અત્યંત આનંદમગ્ન હતાં. પ્રમેયબલ આગળ પ્રમાણનું બલ દુર્બલ થઈ ગયું. પ્રમેય એટલે ભગવાનના સ્વરૂપનું બલ તે પ્રમેયબલ, તેની આગળ પ્રમાણબલ એટલે ભગવાનના વચનનું બલ દુર્બલ

થઈ ગયું. આથી 'પ્રાયચ્છત્' એ પદમાં જે 'પ્ર' છે તેનો અર્થ એ છે કે આપતાં આપતાં તેમને પોતે જ વસ્ત્ર પહેરાવ્યાં, 'કરુણા'પદથી એમ પણ સમજવું કે તે સમયે જે જે ઉપચારો યોગ્ય હતા તે સર્વ કર્યા, (અશ્રુ લુછવાં, મસ્તક પર હાથ ફેરવવો વિગેરે.) આથી તેમને અત્યંત સંતોષ થયો, અને પોતાને વિષે દોષ ન રહેવાથી ભગવાનના ઉપર પણ દોષનો આરોપ કર્યો નહિ.

**ટિ.**– લૌકિક દૃષ્ટિ તેમને થઈ નહિ એમ નહિ સમજીએ તો તેમાં જે બાધ આવે તે 'અન્યથા' જો એમ ન થાત તો વિગેરેથી કહે છે. લોકમાં જે ધર્મો અસૂયા એટલે ઈર્ષ્યાના હેતુ તરીકે પ્રસિદ્ધ છે તેનો અનુભવ કરવા છતાં જો તેમને અસૂયા થઈ નહિ, તો તેવા ગોપિકાઓનો ભાવ અલૌકિક થયો એમ સિદ્ધ જ થયું, તે તાત્પર્ય કહેવાને માટે જ અસૂયાના હેતુઓ શ્લોકમાં ગણાવ્યા છે. એમ ન કહેવું કે આ ગોપિકાઓને ભગવાન્ તરફ સ્નેહ થવાથી જ અસૂયા થઈ નહિ, અને અલૌકિક દૃષ્ટિ થવાથી તેમ થયું નથી (ભગવાન્ તરફ અસૂયા થઈ નથી), કેમ કે માત્ર સ્નેહ જ હોય તો ખંડિતા, કલહાંતરિતા વિગેરે ભાવોમાં પણ સ્નેહ છતાં અસૂયા ઉત્પન્ન થવાનો સંભવ છે. વળી જેઓ માત્ર શાસ્ત્રના જ્ઞાનવાળા છે અને જેઓને ભગવાન્ તરફ સ્નેહ છે જ નહિ, તેઓ પણ ભગવાન્ તરફ અસૂયા કરવાથી અનિષ્ટ થાય એમ સમજે છે, તેથી તેવા સ્નેહ વિનાનાને પણ અસૂયા થતી નથી (માટે સ્નેહ જ અસૂયા ન થવાનો હેતુ છે એમ કહેવાય નહિ). વળી ખંડિતા વિગેરેને ભગવાનનો સંગ ન હોવાથી અસૂયા થાય છે, અને તેથી જ શ્લોકમાં 'પ્રિયસંગનિર્વૃતાઃ' પ્રિયના સંગથી સુખી થએલાં એવું વિશેષણ મૂક્યું છે, એમ પણ કહેવું નહિ; કેમ કે જ્યારે ખંડિતા ભગવાનને ઠપકો આપે છે ત્યારે ભવિષ્યના સંગના અભાવને માટે જ ઠપકો આપે છે, અને તેથી જ ખંડિતા પ્રિય ભગવાનને તેમ કહે છે, તેથી કહેવાને સમયે તો ભગવાનનો સંગ તેને છે, સંગનો અભાવ નથી. પહેલાના સંગના અભાવને લીધે ઠપકો આપે છે એમ કહેવાય નહિ, કેમ કે ત્યાર પછી તો કહેતી વખતે ભગવાનનો સંગ છે, માટે પહેલાના અસંગનો તો તે વખતે બાધ થઈ ગયો.

શંકા– પૂર્વકાલનો અસંગ કાંઈ તેથી મટી ગયો નહિ, કેમ કે તે તો અત્યંત અભાવરૂપ છે, અને જો કે વિશેષરૂપે તે અત્યંતાભાવરૂપે લાગતો નથી તો પણ કાંઈક અંશે તો તે અભાવરૂપ લાગે છે.

ઉત્તર– પાછળ થતા સંગ સિવાય તે અત્યંતાભાવનો પ્રતિયોગી કોઈ બીજો સંગ છે એવું પ્રમાણ નથી. વળી એવો કોઈ પ્રતિયોગી માનતાં ગૌરવ થાય છે, અને એમ માનવા જતાં અત્યંતાભાવનો જ અભાવ થઈ જાય છે. વળી આથી આ ગોપિકાઓમાં દોષમાત્રનો અભાવ છે (અલૌકિક દૃષ્ટિ નથી), એમ પણ કહેવું નહિ. કારણ કે દોષનું મૂલ તો અભિમાન છે, અને તે અભિમાન આ ગોપિકાઓમાં છે જ નહિ એ વાત તો હસ્તની અંજલિ કરવા પર્યંત ભગવાનની આજ્ઞા સ્વીકારવાથી કહેવાઈ ગઈ છે. માટે ફરીથી એમ

કહેવું કે આ ગોપિકાઓને માત્ર દોષનો અભાવ હતો એ તો વ્યર્થ છે. એ બાબત 'સર્વથાનિરભિમાનાનામ્' જે સર્વથા નિરભિમાન થઈ ગયાં હતાં, એ પદથી કહી છે.

આ પ્રમાણે લોકમાં ઈર્ષ્યા ઉત્પન્ન કરનાર સર્વ કારણોનો તેમને અનુભવ હોવા છતાં તેમને ઈર્ષ્યા ઉત્પન્ન થઈ નહિ, માટે તેમના ભાવ અને દૃષ્ટિ અલૌકિક થયાં એમાં કાંઈ પણ શક નથી. એ ભાવ કાંઈ લુખ્ખો નહિ હતો, કિંતુ મહારસરૂપ હતો. તે ભગવાનમાં વિશ્વાસ, સ્નેહ, આપ્તપણું, પોતાના દોષની સ્ફૂર્તિ વિગેરેથી સ્પષ્ટ માલમ પડે છે. એમનો આવો વિશુદ્ધ ભાવ હોવાને લીધે તેમને વસ્ત્રદાનથી–વસ્ત્ર દ્વારા પણ ભગવાન્ સાથે સાક્ષાત્સંબંધનો અનુભવ થયો. એ બાબત શ્લોકમાં 'પ્રિયસંગનિર્વૃતાઃ', પ્રિયના સંગથી સુખી થએલાં, એ પદથી કહી છે. કેમ કે તેને લીધે જ તેમને અસૂયા થઈ નહિ. જો એમ નહિ માનીએ તો અસૂયાના હેતુ તરીકે 'દૃઢં પ્રલબ્ધાઃ' વિગેરે હેતુઓ કહ્યા પછી તરત જ અસૂયાની ઉત્પત્તિમાં કોઈ પ્રતિબંધ નહિ હોવાથી તેની ઉત્પત્તિ નહિ થવાનું કાંઈ કારણ મળતું નથી.

**લે.**– 'પૂર્વવાસનયા' એટલે 'જો તમે મારી દાસીઓ હો' એ વાક્ય શ્રવણ કર્યા પહેલાં તેમના અનેક પ્રકારના જુદા જુદા ભાવો હતા તે વાસનાથી. 'વસ્ત્રાણિ અપહૃતાનીતિ' પરીક્ષાને માટે ખેલવણાની માફક તેમને કર્યાં, તેના પછી પણ નમસ્કાર વિના આપ્યાં નહિ, એ અર્થ છે. અને તેથી જ આ વિશેષણનો એવો અર્થ કહ્યો કે તેની નિવૃત્તિનો બીજો ઉપાય નથી.

**સુ.**– પછી જે થયું તે 'પરિધાય' એ શ્લોકથી કહે છેઃ

**પરિધાય સ્વવાસાંસિ પ્રેષ્ઠસંગમસજ્જિતાઃ ।।**

**ગૃહીતચિત્તા નો ચેલુઃ તસ્મિન્ લજ્જાયિતેક્ષણાઃ ।।૨૩।।**

પોતપોતાનાં વસ્ત્રો પહેરીને પ્રેષ્ઠ ભગવાનના સંગમને માટે તેઓ સજ્જ થયાં. તેઓ ગૃહીતચિત્તા થયાં, તેઓ હાલીચાલી શક્યાં નહિ અને તે ભગવાનને વિષે લજ્જાવાળી દૃષ્ટિવાળાં તેઓ થયાં. ૨૩।।

**સુ.**– પોતપોતાનાં વસ્ત્રો પહેરીને પ્રેષ્ઠ ભગવાનના સંગમને માટે, તૃતીય એટલે કામ પુરુષાર્થ સિદ્ધ કરવાને માટે, તેઓ સજ્જ થયાં. તેઓ રસની ખાણરૂપ થયાં. જો એમ નહિ માનો તો શૃંગારરસના આશ્રયનો ભંગ થાય, અથવા ક્ષીણ રસ ઉત્પન્ન થાય. આ પ્રમાણે તેમના દેહની વ્યવસ્થા નિરૂપણ કરી. હવે એમના અંતઃકરણની વ્યવસ્થા કહે છે કે તેઓ 'ગૃહીતચિત્તા' થયાં એટલે તે કુમારિકાઓએ ભગવાનના ચિત્તનું ગ્રહણ કર્યું, અને ગોપીઓના ચિત્તનું ભગવાને ગ્રહણ કર્યું. 'સંબન્ધિનઃ' એટલે કોનું ચિત્ત ગ્રહણ કર્યું, અને કર્તા એટલે કોણે ચિત્ત ગ્રહણ કર્યું, એ બંનેની અપેક્ષાથી ભગવાનનું ચિત્ત ગોપિકાઓએ ગ્રહણ કર્યું, એટલે વસ્ત્ર

પહેરાવવાથી ભગવાનનો અભિપ્રાય તેમણે જાણ્યો, અને ભગવાને તેમનું ચિત્ત ગ્રહણ કર્યું, તે 'તોષિતઃ' એ પદથી ૨૧ાા.મા શ્લોકમાં કહ્યું. (આ પ્રમાણે બંનેનાં ચિત્તગ્રહણમાં પરસ્પર કારણ થયાં). આ પ્રમાણે ચિત્તના અદલાબદલીથી અંકુર એટલે સ્મરની બીજી દશા ઉત્પન્ન થઈ, પછી ક્રિયાશક્તિ કુંઠિત થઈ ગઈ, તે ચાલી શક્યાં નહિ, તે 'નો ચેલુઃ' એ પદથી કહ્યું છે. વળી જ્ઞાનશક્તિ પણ કુંઠિત થઈ ગઈ, તે કહેવાને તે રસમાં તેનો વિનિયોગ કહે છે કે તેઓ 'લજ્જાયિતેક્ષણાઃ' થયાં, એટલે જેમનાં નેત્રો ભગવાન્ તરફ લજ્જાથી જોઈ રહ્યાં છે અથવા તો જેમનાં નેત્રો લજ્જાથી ભગવાનને વિષે અર્પણ થયાં છે એવાં તેઓ થયા. કેટલાંક ટીકાકાર એમ કહે છે કે પોતાના પહેલાંના દોષના અનુસંધાનથી તેમને આમ થયું. (પહેલાં બોલાવ્યાં ત્યારે તેઓ આવ્યાં નહિ એ દોષ). વસ્તુસ્થિતિ તો એ છે કે તે સમયે તેમની આવા ભાવવાળી દૃષ્ટિ થઈ. એ પ્રમાણે તેમનાં શરીર, અંતઃકરણ અને ઈન્દ્રિયોની વૃત્તિનું નિરૂપણ કર્યું.

**ટિ.**– 'રસાકરા જાતાઃ', રસની ખાણરૂપ થયાં. રસ એટલે શૃંગારરસ, તે શૃંગારને યોગ્ય અવયવો હોય તેમાં જ પ્રકટ થાય છે, એમ રસશાસ્ત્રમાં કહ્યું છે. જો અંગો રસને યોગ્ય ન હોય તો રસના આશ્રયરૂપ તે અંગો થઈ શકે નહિ, તેથી અહિં રસને યોગ્યપણું થયું, તે જણાવવાને માટે જેમ ધનુષ્ય બખ્તર વિગેરેથી વીર પુરુષો રણસંગ્રામ માટે સજ્જ થાય તેમ આ કુમારિકાઓ પ્રેષ્ઠ ભગવાનના સંગમને માટે સજ્જ થયાં. વસ્ત્ર કામરૂપ હોવાથી તેના દાન પછી જ તેઓ આ પ્રમાણે યોગ્ય થયાં. કુમારિકાઓને તે જ સમયે આ પ્રમાણે શૃંગારરસને યોગ્ય થવું તે યુક્તિ વિરુદ્ધ છે એમ શંકા કરવી નહિ, કારણ કે જો તેવી જ વય, તેવાં અવયવો વિગેરે પ્રાપ્ત ન થાય, તો કામશાસ્ત્રમાં કહેલા નખક્ષત, દંતક્ષત, તાડન વિગેરે વ્યાપારોથી ઉદ્‌બોધ થતા રસનો આશ્રય તેવાં અંગ થઈ શકે નહિ. અને 'સંગમ' પદ જે શ્લોકમાં મુક્યું છે, તેના બાધનો પ્રસંગ આવે. આ પ્રમાણે વય, અવયવો વિગેરે ન થાય, અને ગમે તેમ કરીને સંગમ થાય, તો પૂર્ણ રસ પ્રકટ ન થાય અને ક્ષીણરસપણું થાય. પ્રથમ દારિકા, કુમારિકા વિગેરે શબ્દો કહ્યા છે અને હવે રસાકરા શબ્દ વાપર્યો છે, તેથી પહેલાં કહી ગયા તેમ ગુણાતીત ભગવાને જ તેમનામાં પ્રવેશ કર્યો, અને ભગવત્સ્વરૂપ તેમનાં દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ વિગેરે કર્યાં, તેથી જ અહિં કાલના ક્રમ વિના જ એટલે કુમારિકા અવસ્થામાં જ તેમને આ સર્વ સિદ્ધ થયું. 'પૂર્વસ્વદોષેતિ'. વિગેરે. પહેલાં ભગવાને તેમને બોલાવ્યાં તે સમયે ન આવ્યાં તે જ તેમનો પૂર્વનો દોષ. વસ્તુસ્થિતિ તો એ છે કે તે સમયે તેમની આવા ભાવવાળી દૃષ્ટિ થઈ, એટલે હમણાં તે પ્રભુએ જે રસ પ્રકટ કર્યો તેના ભારથી તેઓ ભરાઈ ગયાં. તેથી તે પ્રભુ સિવાય બીજું કાંઈ પણ અનુસંધાન તેમને રહ્યું નહિ, એવી ભાવદૃષ્ટિ તેમની થઈ. આ જ તે સમયને ઉચિત ભાવદૃષ્ટિ હતી, તે 'તદા ઈયમ્

ભાવદૃષ્ટિઃ' એ પદોથી કહ્યું છે.

**લે.**– 'અંકુર ઉત્પન્ને' સ્મરની બીજી દશા ઉત્પન્ન થઈ ત્યારે. આગળ સંકલ્પ વિગેરે દશાઓમાં ક્રિયાની પણ નિવૃત્તિ થઈ, તે જણાવવાને કહે છે કે ક્રિયાશક્તિ પણ કુંઠિત થઈ ગઈ.

**યો.**– 'સંબન્ધિનઃ કર્તુશ્ચ'. કોનું ચિત્ત ગ્રહણ કર્યું એમ સંબંધીની જીજ્ઞાસા થતાં ગ્રહણ કરાએલું છે ચિત્ત જેમનું એમ સમાસ છોડીને ગોપકુમારિકાઓનું ચિત્ત એમ સંબંધ બતાવ્યો. કોણે ચિત્ત ગ્રહણ કર્યું એટલે ચિત્ત ગ્રહણ કરનાર કોણ એવી જીજ્ઞાસા થતાં જેમણે ચિત્ત ગ્રહણ કર્યું એમ ચિત્ત ગ્રહણ કરનાર કુમારિકાઓ છે એમ કહ્યું. એમ બંનેનાં ચિત્ત ગ્રહણમાં બંને પરસ્પર હેતુ છે. 'લજ્જાયિતેક્ષણાઃ' ભગવાનને વિષે લજ્જાથી અર્પિત થએલાં છે નેત્રો જેમનાં, એ બીજા અર્થમાં 'લજ્જાર્પિતેક્ષણાઃ' એવો પાઠ સમજવો. શરીર, અંતઃકરણ અને ઇન્દ્રિયોની વૃત્તિ કહી, તેમાં પોતપોતાનાં વસ્ત્રો પહેરીને એ પદથી ઇન્દ્રિયની વૃત્તિ કહી.

**સુ.**– પછી જે ઉચિત હતું તે ભગવાને કર્યું, તે 'તાસાં વિજ્ઞાય' એ શ્લોકથી કહે છેઃ

**તાસાં વિજ્ઞાય ભગવાન્ સ્વપાદસ્પર્શકામ્યયા ।।**
**ધૃતવ્રતાનાં સંકલ્પમ્ આહ દામોદરોબલાઃ ।।૨૪।।**

તે ગોપિકાઓ જેઓએ પોતાના ચરણસ્પર્શની ઇચ્છાથી વ્રત ધારણ કરી રાખ્યું છે તેમનો સંકલ્પ વિશેષ પ્રકારે જાણીને ભગવાન્ દામોદરે તે અબલાઓને નીચે પ્રમાણે કહ્યું. ૨૪।।

**સુ.**– તેમનો સંકલ્પ જાણીને બોલ્યા એમ સંબંધ છે. ભગવાન્ એટલે સર્વસામર્થ્યયુક્ત હોવાથી તેમ જાણીને જે યોગ્ય હોય તે કરશે એ સિદ્ધ જ છે. સંકલ્પને ઉત્પત્તિથી અને યુક્તિથી એમ બંને રીતે જાણ્યો, એમ 'વિજ્ઞાય'માંનો 'વિ'નો અર્થ છે. તેમાં એટલે બંને રીતે જાણવામાં વિષયનો નિર્ધાર (નક્કી કરવું તે) કહે છે. તે ગોપીજન લૌકિક સ્ત્રીઓની માફક વિવાહને માટે આવ્યાં નહિ હતાં, તેમ લોકથી વિરુદ્ધ થઈને પણ આવ્યાં નહિ હતાં. વળી તેઓ જ્ઞાન પ્રાપ્ત કરવાને પણ આવ્યાં નહિ હતાં, કિંતુ સર્વ પ્રકારે વિચાર કરતાં ભક્તિને માટે જ તેઓ આવ્યાં હતાં, તે 'સ્વપાદસ્પર્શકામ્યયા' એ પદથી કહે છે. 'સ્વસ્ય' એટલે ભગવાનના જ (અન્યના નહિ), તેમાં પણ ભક્તિથી જ અને ભક્તિમાં પણ માત્ર ચરણસ્પર્શની ઇચ્છાથી જ. તે ભક્તિમાં પણ શ્રવણથી સખ્ય પર્યંતની ઇચ્છા તેમને નહિ હતી. વળી માત્ર ઇચ્છા જ તેમની નહિ હતી, પણ તેને માટે દેહ, ઇન્દ્રિય વિગેરેનો વિનિયોગ પણ તેમણે કર્યો હતો, તે 'ધૃતવ્રતાનામ્' એ પદથી કહે છે; ધારણ કરેલું છે કાત્યાયનીની પૂજાનું

વ્રત જેમણે એવાં તેઓ હતાં, ધારણ શબ્દ કહેવાથી તે વ્રતની નિવૃત્તિ થઈ ન હતી એમ સૂચવ્યું છે. નહિ તો 'કૃતવ્રતાનામ્' જેમણે વ્રત કર્યું હતું એમ કહેત. 'સંકલ્પ' એટલે મનનો નિયમ, આથી તેમનો સર્વ શરીર, મન, ઈન્દ્રિય વિગેરેનો સંઘાત ઉત્તમ ભક્તિને માટે જ હતો એમ નિશ્ચય કરીને પછી જેમ તેવી ભક્તિ સિદ્ધ થાય તેનો ઉપાય ભગવાન્ કહે છે.

શંકા– આ પ્રમાણે વિચાર કરીને કહેવાનું પ્રયોજન શું?

સમાધાન– ભગવાન્ દામોદર હતા. દામોદર પદથી ગોપિકા (યશોદા)ને વશ હતા, એમ નિરૂપણ કર્યું. જો યશોદાને તેની ઈચ્છા પ્રમાણે વશ થયા હતા, તો અહિં આ ગોપીકાઓને વશ આ ગોપિકાઓની ઈચ્છા પ્રમાણે થશે એમ સૂચવ્યું. પ્રથમ તેમના સ્વરૂપનો બોધ જે પદથી થાય તે પદ કહે છે કે તેઓ અબલા થઈ ગયાં હતાં. આ પદ રસનો બોધ કરનાર છે. રસને લીધે કામ સર્વ અંગમાં વ્યાપ્ત થઈ જવાથી તેઓ અબલા થઈ ગયાં હતાં, અને ભગવાન્ દામોદર એટલે ગોપિકાઓને વશ થઈ ગયા હતા, આ પ્રમાણે અન્યોન્ય વશપણું સૂચવ્યું છે.

**લે.**– 'તત્ર', તેમાં, એટલે ઉત્પત્તિથી અને યુક્તિથી જ્ઞાન થયું ત્યારે. 'લોકવિરોધેન', લોકથી વિરુદ્ધ થઈને. સ્ત્રીઓ પતિ સિવાય અન્ય પુરુષ સાથે સખ્ય કરે તો લોકવિરુદ્ધ થાય. ચરણસ્પર્શમાં લોકવિરોધ થતો નથી. ચરણસ્પર્શની કામનાથી. આથી તેઓ જ્ઞાનને માટે આવ્યાં ન હતાં એમ સૂચવ્યું. 'સંબોધનમાહાબલાઃ' સ્વરૂપનો સારી રીતે બોધ જે વડે થાય એવા તેમના સ્વરૂપનો બોધ કરનાર પદ 'અબલાઃ'. એ અબલા પદ ભગવાન્ જે વાક્ય કહે છે તેની પહેલાં કહ્યું એવો અર્થ છે.

**સુ.**– તેમના હૃદયમાં પોતાનો અભિપ્રાય ભગવાનને જણાવવો એમ જે હતું તેને માટે કહે છે કે તમારો સંકલ્પ મેં જાણ્યો છે, તે 'સંકલ્પો વિદિતઃ' એ શ્લોકથી કહે છેઃ

**સંકલ્પો વિદિતઃ સાધ્વ્યો ભવતીનાં મદર્ચનાત્ ।।**
**મયાનુમોદિતઃ સોસૌ સત્યો ભવિતુમર્હતિ ।।૨૫।।**

હે સાધ્વીઓ ! તમે કરેલી મારી પૂજાથી તમારો સંકલ્પ મારા જાણવામાં આવ્યો છે, તે સંકલ્પને મેં અનુમોદન આપ્યું છે, તેથી તે સત્ય થવાને યોગ્ય છે. ૨૫।।.

**સુ.**– તમારો અભિપ્રાય હું જાણી ગયો છું, આથી એમ જણાવ્યું કે તમારે કહેવાની જરુર નથી. જો કહે તો રસ પુષ્ટ ન થાય, તેથી જ ભગવાન્ પણ તેનો ઉચ્ચાર કરતા નથી. તે સંકલ્પ અયોગ્ય હશે એવી શંકાનું નિવારણ કરવાને 'સાધ્વ્યઃ'

પદ મુક્યું છે. સાધ્વી એટલે સર્વ દોષથી મુક્ત એટલે પતિવ્રતા. એમ હોવાથી તેઓને આવો સંકલ્પ કરવાને અધિકાર હતો, તેથી તે સંકલ્પ સફલ થાય જ, આથી એમ સૂચવ્યું કે તમને કોઈ અન્યને આપી દઈશું અથવા તો કોઈ પ્રકારે તમારો ઉપયોગ કર્યા પછી અન્યને આપી દઈશું વિગેરેનું નિવારણ કર્યું. 'ભવતીનામ્' એટલે તમે સર્વ, જેમનું સ્વરૂપ જાણવામાં આવ્યું નથી તે. જો કે કાત્યાયનીની પૂજાથી આ અર્થ સિદ્ધ થયો હતો, તે છતાં બીજીવાર પણ તમે મારું જ પૂજન કર્યું. દેવતા જ્યારે પ્રબુદ્ધ (જાગૃત) થઈ હોય, ત્યારે જ પૂજનારના સંકલ્પનું જ્ઞાન તેને તે જ સમયે થાય છે. પણ તે પૂજન ભાવનાથી કરેલું હોવાથી તેનો સાક્ષાત્ સ્પર્શ મને ન થએલો હોવાથી તે સંકલ્પ અસત્ય થાય છે, વળી દેવતાની આજ્ઞા વિના પૂજા કરેલી હોવાથી તે સંકલ્પ ફલદાયક પણ થતો નથી. માટે હાલ સંતોષને લઈને તે બંને ખામીઓ પૂરી આપે છે. તે એટલે સંકલ્પને સ્વરૂપથી અને ફલથી પૂર્ણ કરી આપે છે તે 'મયાનુમોદિતઃ' એ પદથી કહે છે. મેં અનુમોદન કર્યું છે તેથી તે સંકલ્પ 'અનુ' એટલે પછીથી મારા મોદને પ્રાપ્ત થયો છે. 'સ' એટલે પ્રસિદ્ધ, પૂજામાં પ્રકટ થએલો, ભાવપૂર્વક દષ્ટિથી પુષ્પાદિ પદાર્થો ભાવના કરેલા ભગવાનને સમર્પણ કરેલા તે રૂપ સંકલ્પ તે સંકલ્પ ભાવનાથી સિદ્ધ થએલો હોવાથી, તેમાં પુષ્પ વિગેરે વસ્તુનો સમુદાય ભગવાનના સાક્ષાત્ સ્વરૂપમાં તેમનું સમર્પણ થયું ન હતું તેથી, તે સ્વરૂપથી અસત્ય હતો, પરંતુ તે હવે સ્વરૂપથી સત્ય થઈને ફલનો જ્ઞાપક થયો, તે ફલના જ્ઞાપકપણું 'અસૌ' એ પદથી કહ્યું છે. હાલમાં હું પ્રત્યક્ષ છું, અંતઃકામનું તમને દાન કર્યું છે, આ દષ્ટિ પણ ભાવોને પ્રકટ કરનારી છે, અને નિવેદન કરવાનું તે તમારું સર્વસ્વ છે, માટે પૂર્વ આકૃતિ (પૂજા)ને તુલ્ય આ સર્વ જે હાલમાં થયું તે 'અસૌ' એ પદથી કહ્યું. તે સંકલ્પ સ્વરૂપથી સત્ય અને ફલથી પણ સત્ય થવાને યોગ્ય છે. સત્ય સંકલ્પથી સત્ય ફલ જ ઉચિત છે. માટે સર્વ પ્રકારે તમે અને તમારો સંકલ્પ યોગ્ય હોવાથી ફલ જરુર થશે. માટે ચિંતા કરવી નહિ એ ભાવ છે. આથી એ સંકલ્પ ગોપિકાઓના કાર્યને અધીન હોવાથી ફલ પણ ગોપિકાઓને અધીન છે, એમ કહીને વચનના સંદેહનું નિવારણ કર્યું.

**ટિ.–** 'ભવતીનામ્' એ પદનું તાત્પર્ય એ છે કે જ્ઞાન બે પ્રકારે થાય છે, વસ્તુના સ્વરૂપથી અને વસ્તુના ગુણોથી. અહિં 'ભવતીનામ્ સંકલ્પ' એમ બે પદ જુદાં મુક્યાં છે, તેથી સંકલ્પનું જ મને જ્ઞાન થયું છે, હજુ સ્વરૂપનું જ્ઞાન બાકી છે એમ સૂચવ્યું છે. આ ગોપિકાઓનું સ્વરૂપ રસાત્મક હોવાથી માત્ર અનુભવથી જ જાણી શકાય તેવું હોવાથી તેનું જ્ઞાન હજી આગળ થવાનું છે. હાલ તો તમારો સંકલ્પ જ મેં જાણ્યો છે એમ રસોક્તિ અહિં

સમજવી. 'લોકવત્તુ લીલાકૈવલ્યમ્' (બ્ર.સૂ. ૨।૧।૩૩) એ સૂત્રમાં કહ્યા પ્રમાણે રસની મર્યાદામાં રહીને જ ભગવાન્ એમના સ્વરૂપનો અનુભવ કરશે એ આશયથી આમ કહ્યું છે.

'અસૌ' એ પદથી કહેલું તાત્પર્ય કાર્યપદથી કહ્યું છે. ફલ એટલે ભગવાનનું રમણ એ આ ગોપિકાઓએ નિવેદન કરેલા દેહ, ઈન્દ્રિય વિગેરેના ભોગરૂપ છે. તે આ કાર્ય, અથવા ફલના મધ્યપાતિ (મધ્યમાં પડેલા) છે. કાર્ય આ ગોપિકાઓ કરનાર હોવાથી તેમને અધીન છે. 'અસૌ' એ પદમાં કહેલી પૂજાથી ભગવાનને વિષે વિવિધ રસભાવ ઉત્પન્ન થવાથી રસપૂર્વક સ્મિત, વિલાસ, ઈક્ષણ વિગેરેથી એ ભાવ પૂર્ણ કરાય છે, બીજી કોઈ રીતે નહિ. આથી આ પ્રકારની પૂજાથી પરસ્પર અદ્ભૂત ભોગ સિદ્ધ થાય છે. આ ઉપરથી કહેલી પૂજાનું મધ્યપાતિ છે. નિવેદન કરેલી વસ્તુનો પૂજ્ય ભગવાન્ જે ભોગ કરે તે પૂજામધ્યપાતિ હોય. રસની મર્યાદાના ક્રમથી જ્યારે આ પૂજા પુષ્ટ થાય ત્યારે જ તે આગળ થતા ફલને સિદ્ધ કરી આપે, તેથી જ કહ્યું કે ફલ ગોપિકાઓને જ અધીન છે, અને તેથી જ હમણાં ભગવાને રમણ તેમની સાથે કર્યું નથી. તેથી 'કૃષ્ણચેતસ્ત્વેન', એટલે કૃષ્ણમાં ચિત્તવાળાં આ ગોપિકાઓ હોવા છતાં અને મનનો નિશ્ચય હોવા છતાં 'જો તમે મારી દાસીઓ હો' એ વચનથી અને 'તમે વસ્ત્ર વિના સ્નાન કર્યું' વિગેરે વચનથી ફલમાં જે સંશય થયો તેનું પણ નિવારણ કર્યું. આ સર્વ રસમર્યાદાના ક્રમથી આગળ થવાનું છે માટે ફલ ગોપિકાઓને અધીન છે એમ કહ્યું છે.

**લે.**- 'તદૈવ જ્ઞાનમ્' ત્યારે જ જ્ઞાન થાય છે. દેવતા જ્યારે જાગૃત થાય ત્યારે પૂજા કરી હોય તો જ પૂજકના સંકલ્પનું જ્ઞાન દેવતાને થાય છે. 'પરં અર્ચનમ્' પૂજા ભાવનાથી કરેલી હોવાથી સાક્ષાત્ સ્પર્શ ન હોવાથી તે સંકલ્પ સ્વરૂપથી અસત્ય થાય, અને દેવતાની આજ્ઞા વિના પૂજા કરેલી હોવાથી તે સંકલ્પ ફલ પણ આપે નહિ, તેથી ફલથી પણ અસત્ય થાય. 'દ્વયં પૂર્યતે', તે બંને ખામીઓ પુરી આપે છે. સંકલ્પ સ્વરૂપથી અને ફલથી સત્ય કરવાનું 'અસૌ સત્ય' એ બે પદથી કહ્યું છે. 'તત્ર' શ્લોકના ઉત્તરાર્ધમાં. પહેલાં કહેલી પ્રતીક ઉત્તરાર્ધની સમજવી. સંકલ્પનું ફલ આપવાપણાનું 'સસંકલ્પ'થી શરુ કરીને 'ઈતિ ભાવઃ' સુધીમાં વર્ણન છે. 'સ તુ અસ્તુ' એ સંકલ્પ તો ભાવનાથી જ સિદ્ધ હોવાથી તેમાં કોઈ વસ્તુઓ (પૂજાની) હોતી નથી, માટે તે સ્વરૂપથી અસત્ય છે, પણ હાલમાં સ્વરૂપથી સત્ય થઈને ફલને જણાવનાર તે થયો છે. 'તજ્જ્ઞાપિતમ્' એટલે ફલને ઉત્પન્ન કરવાપણું.

**સુ.**- શંકા- સમય જતાં અન્ય સામગ્રી એટલે ભગવાનને અસમર્પિત સંઘાતનો સંગ થવાથી આ ભગવાનને સમર્પિત સંઘાત પણ ભેળસેળ થવાથી પૂર્વ અવસ્થાને જ પ્રાપ્ત થશે અને આવો ને આવો રહેશે નહિ. સમાધાન- સામાન્ય ન્યાયથી 'ન મયિ' એ શ્લોકથી કહે છેઃ

**ન મય્યાવેશિતધિયાં કામઃ કામાય કલ્પતે ।।**
**ભર્જિતાઃ ક્વથિતા ધાના ભૂયો બીજાય નેશતે ।।૨૬।।**

મારે વિષે જેમની બુદ્ધિનો આવેશ થયો છે તેમનો કામ બીજા કામને ઉત્પન્ન કરી શકતો નથી. જેમ ભુંજેલી અને કવાથ કરેલી (બાફેલી) જવની ધાણી ફરીથી બીજને ઉત્પન્ન કરી શકતી નથી તેમ. ૨૬ાા.

**સુ.**- આ સામગ્રી એટલે ભગવાનને વિષે બુદ્ધિનો આવેશ સંઘાતનો સંસ્કાર છે, તે કારણને લીધે જેમ એક વાર સંસ્કાર પામેલો બ્રાહ્મણ નહિ સંસ્કાર પામેલાઓની સાથે મળવા છતાં તેનો સંસ્કાર લુપ્ત થતો નથી, અને તેને ફરી સંસ્કારની જરુર પડતી નથી, તેમ જ અહિં પણ બુદ્ધિનો આવેશ સંસ્કારરૂપ હોવાથી ભગવાનને અર્પણ કરેલી સર્વ સામગ્રી ભગવદીય થએલી હોવાથી તે પણ અસંસ્કૃત થતી નથી. ભગવાન્ કરોડો સૂર્યના કરતાં અધિક જ્ઞાનાગ્નિરૂપ છે, માટે સર્વ બુદ્ધિને અધીન હોવાથી જો બુદ્ધિનું અર્પણ તેમને વિષે કર્યું તો સર્વ જ અર્પણ થઈ ગયું, તેથી બુદ્ધિનું જ અર્પણ અહિં 'મય્યાવેશિતધિયામ્' એ પદથી કહ્યું છે. વળી કેવલ સમર્પણ કહ્યું નથી પણ તેનો આવેશ કહેલો છે, એટલે તેના (ભગવાનના) ઉપર સ્થાપન કરેલી છે. બુદ્ધિને અધીન કામ છે, ઈચ્છા જ્ઞાનને અધીન છે, તેથી 'કામઃ સંકલ્પઃ' વિગેરે શ્રુતિઓમાં 'સર્વ મન જ છે.' એમ સર્વ મનનો ધર્મ હોવાથી નિરૂપણ કરેલું છે, અને મનથી પર બુદ્ધિ છે, તેથી સર્વ બુદ્ધિને અધીન છે. જેમ રાજાને પકડવાથી આખું રાજ્ય પકડનારને અધીન થાય છે, તેમ બુદ્ધિનું ભગવાનને નિવેદન કરવાથી સર્વનું નિવેદન ભગવાનને થઈ જાય છે. તેથી પૂર્વાવસ્થામાં તેમનું જે સ્વરૂપ હતું તે હવે રહેતું નથી, (પણ ભગવદીય થઈ ગયું). કામ પુરુષાત્મક છે, શ્રુતિમાં કહ્યું છે કે 'આ પુરુષ કામમય છે.' જો કામ કામને માટે યોજાતો નથી તો આગળ તે સંઘાતમાંથી બીજો સંઘાત (શરીર) ઉત્પન્ન થતો નથી. પરંતુ તે જ સંઘાત છેલ્લો થાય છે, કારણ કે બુદ્ધિની સાથે કામ પણ બળી જાય છે. સંઘાત કામમય છે. ત્યાં દૃષ્ટાંતથી માત્ર આવેશ કરવાથી તે કાર્ય એટલે બીજો કામ ઉત્પન્ન કરતો નથી તે 'ભર્જિતા' વિગેરે શબ્દોથી સિદ્ધ કરે છે. જવ વિગેરે ભુંજવાથી ધાણી થઈ જાય છે, 'ધાના' તે ભુંજેલા જવ છે એમ કહ્યું છે, જેમ ધન ધનને ઉત્પન્ન કરે છે તેમ જવ જવને ઉત્પન્ન કરે છે. પણ ધાણીની અવસ્થામાં તે બીજા જવને ઉત્પન્ન કરી શકતું નથી (ધનની અમુક અવસ્થામાં ધાણીરૂપે થઈ જાય છે ત્યારે તે બીજા ધનને ઉત્પન્ન કરી શકતું નથી. જ્યાં સુધી ધન રહે છે ત્યાં સુધી જ તેમાંથી બીજું ધન ઉત્પન્ન થાય છે તેમજ જવનું પણ સમજવું). માટે પૂર્વાવસ્થાનો ત્યાગ કરીને જે સંબંધમાત્રથી 'તદીયા' એટલે તેના રહે છે, તે તેનું કાર્ય કરતાં નથી. કેટલાંક બીજોની બીજશક્તિ કેવલ અગ્નિથી જતી રહેતી નથી, પણ તેમને જલ અને અગ્નિ બેનો સંયોગ થાય ત્યારે જતી રહે છે તેથી

'ક્વથિતા' (બાફેલા) પદ મુક્યું છે, આ તો દૃષ્ટાંતમાત્ર છે. જેટલું કરવાથી જેની બીજશક્તિ જતી રહે છે, તેને તેટલું કર્યા પછી કાર્ય કરવાની શક્તિ રહેતી નથી, તેથી તે ધાણી થઈ જાય છે, અને ફરીથી બીજ ઉત્પન્ન કરવાને સમર્થ થતી નથી. શ્રુતિમાં કહ્યું છે કે 'અન્ન ધાનામાં લીન થઈ જાય છે અને ધાના ભૂમિમાં લીન થઈ જાય છે' ત્યાં ધાના શબ્દથી બીજમાંથી ચોખા કહ્યા છે તેમ અહિં પણ સમજવું. તેથી ભુંજેલાં એમ કહ્યું માટે મને સમર્પણ કરેલો કામ ફરીથી બીજા કામને ઉત્પન્ન કરશે નહિ તો પછી પૂર્વાવસ્થાને તો પ્રાપ્ત નહિ થાય એમાં કહેવું જ શું? (કદાચિત્ બીજા કામને ઉત્પન્ન કરે તો પણ મારા સંબંધી કામને ઉત્પન્ન કરશે, પૂર્વ સિદ્ધ તો નહિ જ). જો પૂર્વાવસ્થાને પ્રાપ્ત થાય તો બીજા કામને (બીજને) ઉત્પન્ન કરે જ.

**લે.**– 'નનુ.' શંકા– વિગેરે. ભગવાનને નિવેદન કરેલો સંઘાત (શરીર) નિવેદન નહિ કરેલાની સાથે સંગ પ્રાપ્ત થવાથી અનિવેદિત થઈ જશે એવી શંકા છે. 'અયમ્' આ સામગ્રી એટલે ભગવાનને વિષે કરેલો બુદ્ધિ વિગેરેનો આવેશ. 'અતઃ' (અહિં પણ) બુદ્ધિનો આવેશ સંસ્કારરૂપ હોવાથી. 'જાતા' એ પદ પછી 'તથા અસંસ્કૃતા ન ભવતિ' એટલું અધ્યાહાર સમજવું. 'અકાર્યત્વમ્' એટલે બીજો કામ જેમાંથી નથી થતો તે. ધનની અવસ્થા વિશેષ તે 'ધાન'. તેનું 'ધાના' (ધાણી). ધનની અવસ્થામાં જવ વિગેરે નવા જવ ઉત્પન્ન કરે છે, તે જવ ભુંજેલા થઈને ધાણીની અવસ્થાને પ્રાપ્ત થાય, એ અવસ્થામાં એ જવ ધનના સંબંધી માત્ર છે, ધનરૂપ નથી, તેથી 'અતઃ' પદ મુક્યું છે. 'સુતરામ્' કદાચિત્ બીજો કામ ઉત્પન્ન કરે તો પણ મારા સંબંધી જ કામ ઉત્પન્ન કરશે, પૂર્વસિદ્ધ કામ ઉત્પન્ન કરશે નહિ.

**સુ.**– આ પ્રમાણે 'અધિકં તત્રાનુપ્રવિષ્ટમ્' એ ન્યાયથી એટલે તમારામાં ભગવદ્ભાવરૂપ અધિકતાનો પ્રવેશ થએલો છે તથા તમને કાંઈ હાની થઈ નથી, પણ ઉત્તમતા પ્રાપ્ત થઈ છે, તેથી તમે જ્યાં પણ હશો ત્યાં તમને પ્રાકૃત અવસ્થા થશે નહિ. માટે તમે જાઓ તે 'યાતાબલા' એ શ્લોકથી કહે છે :

**યાતાબલા વ્રજં સિદ્ધા મયેમા રંસ્યથ ક્ષપાઃ ।।**
**યદુદ્દિશ્ય વ્રતમિદં ચેરુરાર્યાર્ચનં સતીઃ ।।૨૭।।**

હે અબલા! તમે વ્રજમાં જાઓ, તમારા મનોરથ સિદ્ધ થયા છે, જે રમણના ઉદ્દેશથી, હે સતીઓ, દેવી કાત્યાયનીનું પૂજનરૂપ આ વ્રત તમે કર્યું, તે રમણ, આ રાત્રિઓ જેનું દર્શન હું તમને કરાવું છું, તે રાત્રિઓમાં મારી સાથે તમે કરશો. ૨૭।।

**સુ.**– ફરીથી સ્વકીયપણેથી સંબોધન કર્યું છે, તે સ્નેહને સૂચવે છે. મારી સાથે પર્યટન કરવું તે બલનું કાર્ય છે, અને તમે અબલા છો. જેમ પૃથ્વીને બીજે સ્થલે

લઈ જવાતી નથી, પણ પૃથ્વી પરના નકામા ઉગેલા અડચણકારક અંકુરો જ દૂર લઈ જવાય છે, તેમ તમને દૂર લઈ જવાની જરુર નથી.

શંકા– તો પણ સંસ્કારને માટે ખેડવું વિગેરે ક્રિયાનો વ્યાપાર ભૂમિ ઉપર થાય છે તેમ અહિં રહીને તેવો વ્યાપાર અમારી યોગ્યતા સિદ્ધ કરવાને માટે તમારે કરવો જોઈએ.

ઉત્તર– તમે સિદ્ધ થયાં છો, તમારે વિષે કાંઈ પણ સિદ્ધ થવાનું બાકી રહ્યું નથી, પણ તમે સિદ્ધ જ છો, માટે તમે વ્રજમાં જાઓ. અલૌકિક દષ્ટિનું દાન કરીને ભગવાન્ કહે છે કે આ રાત્રિઓમાં મારી સાથે તમે રમણ કરશો. આ એટલે જેનું દર્શન હું તમને કરાવું છું અને જે રાત્રિઓ મારે વિષે જ રહેલી છે, તે રાત્રિઓમાં મારી સાથે તમે રમણ કરશો. 'ક્ષપાઃ' બીજી વિભક્તિમાં છે તે અત્યંત સંયોગસૂચક છે, રમણસહિત રાત્રિઓનું દર્શન કરાવ્યું છે એટલે રમણમાં સંદેહ નથી. શંકા– આ જ ફલ કેમ આપ્યું? અંતર્ગૃહ ગોપિકાઓની માફક નિત્યસંબંધ કેમ ન આપ્યો? (જો તેમના જેવો નિત્યસંબંધ આપ્યો હોત તો તેમને પણ અંતર્ગૃહગતાની માફક વિપ્રયોગનો અનુભવ ન થાત એમ કહો તો) રાત્રિ અને દિવસનો સંબંધ એટલે કદાચિત્ રાત્રિમાં કદાચિત્ દિવસમાં તેવો દરરોજનો સંબંધ કેમ નહિ આપ્યો? તેના ઉત્તરમાં 'યદ્ ઉદ્દિશ્ય' એ પદથી કહે છે. કાત્યાયની દેવીનું પૂજારૂપ વ્રત રમણને ઉદ્દેશીને જ કર્યું હતું. ભગવાનની પૂજા તો તેમનો ભાવનાનો મનોરથ સત્ય કરવામાં ઉપયોગી થઈ હતી. રમણ કાત્યાયની વ્રતનું ફલ હતું, તેમાં માસ જ નિયામક હતો, અને રાત્રિને અંતે પૂજન કર્યું હતું, તેથી રાત્રિને વિષે જ એટલે પરિમિત અથવા નક્કી કરેલા સમયે જ રમણ થયું, તેથી દિવસે અથવા અપરિમિત કાલે ન થયું. વળી સતી એટલે તમે સતીરૂપ છો. સતીઓનું દિવસે રમણ થઈ શકે નહિ, અને સર્વદા રમણ પણ તેમને ઈષ્ટ નહિ, તેથી વિવાહિતાના ન્યાયથી રમણ થશે એવો ભાવ છે. પ્રથમ વાક્ય ભગવાને જ્યારે કહ્યું ત્યારે આવ્યા હોત તો ભગવાનની આજ્ઞા પાળવાથી અક્ષયફલ થાત. કર્મનું ફલ તો ક્ષયવાળું હોય.

**ટિ.**– 'યથા ભૂમિઃ' જેમ પૃથ્વીને વિગેરે. ભગવાન્ વિષયનો કામ બીજા કામને ઉત્પન્ન કરતો નથી, તેના દષ્ટાંતમાં ધાના (ધાણી) સૂચવ્યા છે, તેનાથી સૂચવાતો અર્થ અહિં કહે છે. તે પૂર્વાવસ્થામાં એટલે જવની અવસ્થામાં ભૂમિને વિષે રોપવામાં આવે તો તેમાંથી અંકુરની ઉત્પત્તિ થાય છે. ત્યાં જેમ વિજાતીય અંકુરની ઉત્પત્તિ ન થાય અને ભૂમિનું રક્ષણ થાય તેને માટે ભૂમિને બીજે સ્થલે લઈ જવાતી નથી, પણ વિજાતીય બીજના અંકુર ઉત્પન્ન કરનારા ભૂમિના દોષને જ દૂર કરવામાં આવે છે. અહિં આ ચાલતા

પ્રસંગમાં સ્વામિનીના (ગોપીજનના) હૃદયની ઈચ્છા એમ છે, જે ભગવાન્ હવેથી જ્યાં જાય ત્યાં પોતાની સાથે જ અમને લઈ જાય, એ વાત રસનું પોષણ કરવાને માટે જ અને લોકથી વિરુદ્ધ હોવાથી રસાભાસ થવાના સંભવને લીધે હાલમાં કરવા યોગ્ય નથી, માટે ભગવાને આજ્ઞા કરી કે 'હમણાં તમે વ્રજમાં જાઓ.' અથવા પૃથ્વીના સંબંધી ફલ વિગેરે પૃથ્વીની પાસે લઈ જવામાં આવે છે. (પૃથ્વીને બીજે સ્થલે લઈ જવાતી નથી) એવો અર્થ છે, તેથી જ્યારે જ્યારે જરુર પડશે ત્યારે ત્યારે તમારે માટે સંધ્યા વિગેરેમાં હું જ વ્રજમાં આવીશ એવો ભાવ છે. 'રમણસહિતાસ્તાઃ' રમણ સહિત રાત્રિઓનું. આ રાત્રિઓ રમણને માટે જ કરેલી હોવાથી તે જણાવનારો ધર્મ તે રાત્રિઓમાં રહેલો છે, તેથી તેના દર્શનથી પોતાના રમણનો નિશ્ચય પણ તેમને થયો.

**લે.**– રાત્રિ અને રમણ એ બંનેનો અત્યંત સંયોગનો અર્થ 'રમણસહિતાઃ તાઃ પ્રદર્શિતાઃ' (રમણ સહિત રાત્રિઓનું દર્શન કરાવ્યું) એ પદોથી કહે છે કે રમણ સહિત તે ભવિષ્યની રાત્રિઓનું દર્શન કરાવ્યું. એવું ભવિષ્ય હોવાથી કાંઈ પણ સંદેહ રહ્યો નહિ. આ અક્ષરાર્થ છે એમ સમજવું. 'નિત્યસંબંધ', સર્વદા અંતર્ગૃહગતાની માફક નિત્યસંબંધ, જો તેમ થાય તો આ કુમારિકાઓને તેમની માફક વિપ્રયોગનો અનુભવ ન થાય, તેથી આ અર્થમાં અરુચિથી બીજો અર્થ 'અહોરાત્ર' એ પદથી કહે છે. કોઈ દિવસ રાત્રિએ, કોઈ દિવસ દિવસે એમ દરરોજ.

**યો.**– 'તથાપિ સંસ્કારાર્થં કર્ષણવત્', તો પણ સંસ્કારને માટે ખેડવું વિગેરે. જો કે ભૂમિના દોષો બીજે સ્થલે લઈ જવામાં આવે છે, ભૂમિને બીજે સ્થલે લઈ જતા નથી, તો પણ ભૂમિના ઉપર ખેડવું વિગેરે ક્રિયા કરાય છે, તેમ અમને પણ ભજનને ઉપયોગી અમે થઈએ એવા સંસ્કાર કરવા જોઈએ. 'ઈમાઃ ક્ષપાઃ' આ રાત્રિઓ. મારે વિષે જ રહેલી રાત્રિઓ. અહિં આમ સમજવાનું છે.

શંકા– વસ્ત્રહરણ લીલા હેમંત ઋતુમાં દિવસને વિષે થઈ તો 'ઈમાઃ ક્ષપાઃ' એટલે આ રાત્રિઓ એમ કેમ કહી શકાય? જો રાત્રિને વિષે કહ્યું હોય તો રાત્રિના સરખાપણાને લીધે શરત્કાલસંબંધિની રાત્રિઓ લઈ શકાય. દિવસે પણ જો શરદ્ઋતુમાં કહ્યું હોય તો શરત્સંબંધિની રાત્રિ લઈ શકાય, પણ અહિં તો ઋતુ શરદ્ નથી પણ હેમંત છે, અને રાત્રિ નથી પણ દિવસ છે, તેથી આ રાત્રિઓમાં એમ કહેવું યોગ્ય નથી, કારણ કે રમણ તો શરદ્રાત્રિઓમાં થયું છે, 'શરદોત્ફુલ્લમલ્લિકા' એ પદથી સ્પષ્ટ છે.

સમાધાન– આ રાત્રિઓ અલૌકિક છે, ભગવદ્રમણના અધિષ્ઠાનભૂત છે, નિત્યરમણસહિત છે, આ જગત્ની રાત્રિઓ કરતાં ભિન્ન છે. અલૌકિક શરદ્ની સંબંધિની છે, અને ભગવાનને વિષે નિત્ય રહેલી છે, તેથી ભગવાને હેમંત ઋતુમાં દિવસે પણ તે રાત્રિઓનું દર્શન ગોપીજનને કરાવ્યું. આ સર્વ 'ઈમાઃ' શબ્દથી સિદ્ધ થાય છે. જે સમીપમાં હોય તેને માટે જ 'એતદ્' શબ્દનો પ્રયોગ (અહિં 'ઈમાઃ') થઈ શકે છે.

**સુ.**– પછી ભગવાનની આજ્ઞાથી તેઓ વ્રજમાં ગયાં કેમ કે આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં તેમને બીક લાગતી હતી તે 'ઈત્યાદિષ્ટા' એ શ્લોકથી કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઈત્યાદિષ્ટા ભગવતા લબ્ધકામાઃ કુમારિકાઃ ॥**

**ધ્યાયન્ત્યસ્તત્પદામ્ભોજં કૃચ્છ્રાન્ નિર્વિવિશુર્વ્રજમ્ ॥૨૮॥.॥**

શ્રીશુકદેવજી કહે છે– આ પ્રમાણે કુમારિકાઓ કે જેમનો કામ સિદ્ધ થયો હતો, તેઓ ભગવાને આજ્ઞા કરવાથી બહુ દુઃખ પામીને ભગવાનના ચરણકમલનું ધ્યાન કરતાં વ્રજમાં ગયાં. ૨૮॥.

**સુ.**– જો કે તેમનો કામ રમણનો હતો તે રમણ તો હજી થયું નથી, તો પછી 'લબ્ધકામાઃ' કેમ કહેવાય? તેના ઉત્તરમાં કહે છે કે જો કે તેમનો કામ અથવા મનોરથ તો મોટો હતો, તો પણ ભગવદિચ્છાથી હાલ તેનો બાધ થયો હતો, પણ ભગવાન્ પતિ થાઓ એ તેમનો મનોરથ તો પ્રાપ્ત થયો હતો, પરંતુ સાક્ષાત્ વિવાહના અભાવે તેઓ કુમારિકા જ રહ્યાં હતાં. તેમને રસાંતર થયો નહિ હતો તે જણાવવાને તેમની ભક્તિ 'ધ્યાયન્ત્યસ્તત્પદામ્ભોજમ્' એ પદથી કહે છે. હૃદયને વિષે ભગવાનના ચરણકમલનું તેઓ ધ્યાન કરતાં હતાં. 'કૃચ્છ્રાત્' એટલે તેમને વચમાં બહુ દુઃખ થયું અને ત્યાંથી જઈ શક્યાં નહિ, જેમ તેમ કરીને વ્રજમાં ગયાં. ઘેર જવાની આજ્ઞાથી તેમને એટલો બધો તાપ થયો કે જો ભગવાનના ચરણકમલનું ધ્યાન તેઓ નહિ કરત, તો તે સમયે તેમનું જીવન પણ ટકી શકત નહિ, પણ તે ધ્યાનને લઈને તે ધ્યાનનો વિષય ચરણકમલરૂપ હોવાથી તાપ હરણ કરવાનો ગુણ તેમાં હોવાથી જીવન ટકી રહ્યું. તથાપિ 'કૃચ્છ્રાત્' એમ કહ્યું છે, તેથી તે ધ્યાન તાપના કાર્યના પ્રતિબંધમાં જ (મરણના પ્રતિબંધમાં જ) ખપી ગયું, પણ તાપને દૂર કરી શક્યું નહિ એમ જણાય છે. આ પ્રમાણે અઠ્ઠાવીશ તત્ત્વરૂપ અને અડધો અધિક શ્લોક એમ સાડીઅઠ્ઠાવીશ શ્લોકથી તેમની અર્ધભક્તિનું નિરૂપણ કર્યું, અને તત્ત્વનો અતિક્રમ પણ કહ્યો.

**ટિ.**– 'તાસામર્ધભક્તિઃ' તેમની અર્ધભક્તિ. અંગસંગના અભાવને લીધે અર્ધભક્તિ.

**લે.**– શંકા– તેમનો કામ તો રમણનો હતો તે રમણ તો હજું થયું નથી તો પછી 'લબ્ધકામાઃ' (કામ સિદ્ધ થયો) એમ કેમ કહેવાય? તેના ઉત્તરમાં ગયા શ્લોકમાં 'સિદ્ધા' એ પદથી, મનોરથ અને ભગવાનનું પતિપણું પ્રાપ્ત થયું હતું એ કહે છે.

**યો.**– 'સાધિકૈઃ તત્ત્વૈઃ' એટલે ૨૮॥ તત્ત્વરૂપ શ્લોકથી.

**સુ.**– હવે ગોપોને ભગવાને જ્ઞાન આપ્યું તેનું નિરૂપણ કરવામાં આવે છે.

(જ્ઞાન એટલે પોતાનો સર્વ સંઘાત પરોપકારને માટે હોવો જોઈએ તે). જો એવું જ્ઞાન ગોપાલોને નહિ થાય તો તેના પરિણામમાં તેમને અનર્થ થાય. તેઓ જો એમ જાણે કે આપણો સર્વ સંઘાત પરોપકારને માટે છે, તો ધીમે ધીમે એમ પણ સમજે કે વ્રજની સર્વ વસ્તુ ભગવાનને માટે જ છે. તે હેતુથી તેમને પરોપકારરૂપ વિદ્યા જે વિદ્યાનું પ્રથમ પર્વ છે. તેનું જ્ઞાન આપવાને ભગવાન્ બીજા સ્થાનમાં ગયા તે 'અથ'થી શરુ કરીને દશ શ્લોકથી કહે છેઃ

**અથ ગોપૈઃ પરિવૃતો ભગવાન્ દેવકીસુતઃ ।।**
**વૃન્દાવનાદ્ ગતો દૂરં ચારયન્ ગાઃ સહાગ્રજઃ ।।૨૯।।**

હવે નવું પ્રકરણ શરુ કરતાં કહે છે કે ભગવાન્ દેવકીસુત ગોપોથી વિંટળાએલા, બલદેવજીની સાથે ગાયો ચારતા વૃંદાવનથી દૂર ગયા. ૨૯।।

**સુ.**– 'અથ' કહેવાથી અહિં નવું પ્રકરણ શરુ થાય છે. ગોપોથી વિંટળાએલા ભગવાન્ કે જેમની પ્રવૃત્તિ ભક્તોના ઉદ્ધારને માટે હતી તે વૃંદાવનથી દૂર ગયા. વૃંદાવનનો ત્યાગ કરીને આગળ ગયા. વૃંદાવન સ્ત્રીપ્રધાન હોવાથી ત્યાં જ્ઞાન થઈ શકે નહિ. તેથી આગળ ગયા. ત્યાં ગએલા ગોપોને જ્ઞાન થાય તેને માટે પ્રથમ ધર્મનું નિરૂપણ 'ચારયન્ ગાઃ' એ પદથી કરે છે. પૂર્વે ગાયો પણ ભગવાન્ સાથે નહોતી, ગોપાલો પણ નહોતા, અને બલભદ્ર પણ નહોતા, પછીથી જ તેઓ ભગવાનને મળ્યા, એમ તે સમયે મળવાનું કહીને જણાવ્યું છે, તે 'અથ ગોપૈઃ' શબ્દોથી સમજ પડે છે.

**ટિ.**– અહિં જે ગોપાલો કહ્યા છે તે પૂર્વે કહેલા વયસ્યો નથી. ગોપ પદથી જ વયસ્યો નથી એમ સમજ પડે છે, કારણ કે વયસ્યો કાંઈ ગોપ હતા નહિ. સ્તોક વિગેરે ગોપો જો એમ નહિ સમજે કે વ્રજની સર્વ વસ્તુ માત્ર ભગવાનને માટે છે, તો કુમારિકાઓનું વૃતાંત સાંભળીને પ્રભુને વિષે દોષનો આરોપ કરે, અને એ દોષારૂપ જ અનર્થરૂપ છે. જો સર્વ જ પ્રભુને માટે છે એમ જાણે તો દોષારોપનો સંભવ રહે નહિ. 'વૃન્દાવનસ્ય સ્ત્રીપ્રાધાન્યાત્' (વૃંદાવન સ્ત્રીપ્રધાન હોવાથી) વિગેરે. અહિં જ્ઞાન એટલે પારકાને માટે છે એવું જ્ઞાન સમજવું. ભગવદીય વ્રજની સ્ત્રીઓને તો રસભાવના પ્રચુરપણાને લીધે અમારે માટે જ પ્રભુપ્રાકટ્ય છે એમ જ્ઞાન દૃઢ હતું તેથી જ તેઓ આગળ કહેશે કે તમે વ્રજજનની આર્તિ દૂર કરવાને માટે પ્રકટ થયા છો, એ વાત સ્પષ્ટ છે. એમ હોવાથી વૃંદાવનમાં ભગવાનને માટે આપણું સર્વસ્વ છે, તેનાથી વિપરીત જ્ઞાન તે આપણું સર્વસ્વ પારકાને માટે છે, એવું જ્ઞાન વ્રજની સ્ત્રીઓને સંભવતું નથી. ભગવાનથી બીજી વસ્તુઓમાં તો તેમને ઉપેક્ષા જ છે, માટે વૃંદાવનમાં સર્વ ભગવાનને માટે હોવાથી પારકા અને પારકાને માટે એવું જ્ઞાન તેમને સંભવતું નથી.

**લે.**– 'પ્રથમપર્વરૂપામ્' પ્રથમ પર્વ છે. ટિપ્પણીજીમાં આ અધ્યાયની શરુઆતમાં 'વિદ્યાપંચકમ્' તેનો અર્થ આપતાં જે પ્રથમ પર્વ કહ્યું છે તે રૂપ.

**યો.** – 'પ્રથમપર્વરૂપામ્' જે પ્રથમ પર્વ છે. 'વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને કેશવમાં ભક્તિ એ પંચપર્વા વિદ્યા છે. જે વિદ્યાથી વિદ્વાન હરિને વિષે પ્રવેશ કરે છે.' એ વાક્યમાં વૈરાગ્ય પ્રથમ કહ્યું છે, તેથી 'પ્રથમપર્વરૂપા' એનો અર્થ વૈરાગ્યરૂપા વિદ્યા એમ સમજવું. વૈરાગ્ય થવાથી જ પરોપકારને માટે આપણું સર્વસ્વ છે, એમ સિદ્ધ થાય છે.

**સુ.**– પછી કેટલેક દૂર જઈને સર્વ થાકી ગયા હતા ત્યારે કોઈક સ્થલે છાયાને વિષે બેઠેલા હતા ત્યારે તેમને ઉપદેશ આપવાને માટે ભગવાન્ કાંઈક બોલ્યા, તે 'નિદાઘ' એ શ્લોકથી કહે છેઃ

**નિદાઘાર્કાતપે તિગ્મે છાયાભિઃ સ્વાભિરાત્મનઃ ।।**
**આતપત્રાયિતાન્ વીક્ષ્ય દ્રુમાનાહ વ્રજૌકસઃ ।।૩૦।।**

ઉનાળાના સૂર્યના તીક્ષ્ણ તાપને સમયે પોતાની છાયાઓથી ભગવાનની પાસે છત્રરૂપે થતા ઝાડોને જોઈને વ્રજવાસીઓને ભગવાને કહ્યું. ૩૦।।

**સુ.**– ઉનાળાના સમયમાં જે સૂર્ય, તેનો તડકો તીક્ષ્ણ હોય ત્યારે પણ પોતાની છાયાઓ વડે 'આત્મનઃ' એટલે ભગવાનની પાસે શ્વેત છત્રના આકારથી આવતાં પૂર્વે વર્ણન કરેલાં વૃક્ષોને જોઈને વ્રજવાસી ગોપોને ભગવાને કહ્યું. 'વ્રજમાં ઉત્પન્ન થએલા કરતાં વનમાં ઉત્પન્ન થએલાં વૃક્ષો વધારે સારાં છે. પંચપર્વા વિદ્યા વૃક્ષના દૃષ્ટાંતથી ભગવાન્ બોધ કરશે. વૃક્ષોની અંદર ચાર વિદ્યાના ભેદ છે, અને ગોપોને વિષે એક છે, જે પ્રકારે તે ભેદ પણ એકના ચાર થાય તેને માટે ભગવાન્ ઉપદેશ આપે છે, જો કે હમણાં ઉનાળાનો સમય નથી, અને આ વૃક્ષો છત્રીની માફક થતાં નથી, તે છતાં તેમની પૂર્વ અવસ્થાનું સ્મરણ કરીને હાલમાં તે વૃક્ષોને જોઈને ભગવાન્ ઉપદેશ આપે છે.

**ટિ.** – 'વ્રજજાતાપેક્ષયા' વ્રજમાં ઉત્પન્ન થએલાં કરતાં વિ. ભગવાનની પાસે જવામાં તેઓ અટકાવ કરે છે. અને વનનાં વૃક્ષો તો ભગવાનના રમણને અનુકૂલ છે, તેથી તેઓ વ્રજના લોકો કરતાં ઉત્તમ છે. અથવા અહિં વૃક્ષોની જ વાત છે, તેઓ ખાસ લીલામાં (વ્રજનાં વૃક્ષો) અનુપયોગી હોવાથી તેમના કરતાં વનનાં વૃક્ષો ઉત્તમ છે.

**સુ.**– અહિં અગીઆર મુખ્ય અધિકારી ગોપો અગીઆર ઈન્દ્રિયોના અધિષ્ઠાતા છે, તે જો પરોપકાર કરનારા થાય તો સર્વ સિદ્ધ થાય, માટે તેને સંબોધન કરતા 'હે કૃષ્ણ' એ શ્લોકથી કહે છેઃ

**હે કૃષ્ણ સ્તોક હે અંસો શ્રીદામન્ સુબલાર્જુન ।।**

**વિશાલર્ષભ તેજસ્વિન્ દેવપ્રસ્થ વરુથપ ||૩૧||**

હે કૃષ્ણ, સ્તોક, હે અંસુ, શ્રીદામા, સુબલ, અર્જુન, વિશાલ, ઋષભ, તેજસ્વી, દેવપ્રસ્થ અને વરુથપ. ૩૧||

**સુ.**– ભગવાનનું નામકરણ થયું ત્યારે બીજી ગોપિકાઓએ પણ પોતાના પુત્રનાં નામ તેવાં જ પાડ્યાં. (તેથી અહિં કૃષ્ણ કોઈ ગોપનું નામ સમજવું) સ્તોક એ બીજો, અંસુ ત્રીજો, શ્રીદામા, સુબલ, અર્જુન, વિશાલ, ઋષભ, તેજસ્વી, દેવપ્રસ્થ અને વરૂથપ. વરૂથપ એ મનનો અધિષ્ઠાતા, જે જેની પાસે હોય તે તેનો અધિષ્ઠાતા, કૃષ્ણ વાણીનો, સ્તોક રસનો અધિષ્ઠાતા, વાણી અને રસ બંને એક સ્થલે હોવાથી તેને સામટું સંબોધન છે. ફરી પાછું બીજાઓનું જુદું સંબોધન કર્યું છે. અંસુ ગંધ (નાક)નો અધિષ્ઠાતા, શ્રીદામા ચક્ષુનો, સુબલ બાહુનો, અર્જુન શ્રોત્રનો, વિશાલ ત્વચાનો, ઋષભ ચરણનો, બાકી રહેલો તેજસ્વી પચાવવાનું કાર્ય જણાવનાર હોવાથી પાયુ ઈન્દ્રિયનો અધિષ્ઠાતા. (દેવપ્રસ્થ ઉપસ્થનો અધિષ્ઠાતા). આ સર્વનો ભગવાનની સાથે સારી રીતે વ્યવહાર હોવાથી એક મોટું પર્વ સિદ્ધ થયું, તે ભગવાને તેમને સંબોધન કરવાથી નિરૂપણ કર્યું.

**લે.**– 'ઈન્દ્રિયાધિષ્ઠાતૃરૂપાઃ' ઈન્દ્રિયોના અધિષ્ઠાતાઓ જેમના રૂપોને વિષે છે તેઓ. 'પાકજ્ઞાપકત્વાત્' અશ્રુ વિગેરે પાયુ ઈન્દ્રિયોનાં કાર્ય છે, તેમનાથી અંતઃસ્વેદ થાય છે અને પાક થાય છે. તેજથી પણ ચોખા વિગેરેનો પાક થાય છે એવો ભાવ છે.

**યો.**– જે ભક્તોનો નિરોધ કરવાનો છે તેમની અગીઆર ઈન્દ્રિયોના અધિષ્ઠાતાઓ આ ગોપો છે. કૃષ્ણઉપનિષદ્‌ને વિષે કહ્યું છે કે સર્વ વૈકુંઠને ભૂમિ ઉપર અવતારેલું છે, તેથી કૃષ્ણાવતારનું સર્વ પરિકર વૈકુંઠવાસી છે. માટે આ સખાઓ વૈકુંઠવાસી હોઈને વ્રજમાં જેમનો નિરોધ કરવાનો છે તે ભક્તોના અગીઆર ઈન્દ્રિયોના અધિષ્ઠાતાઓ ભગવાનની સાથે જ અવતરેલા છે એમ સમજવું. વ્રજવાસી સર્વ અલૌકિક હોવાથી તેમની ઈન્દ્રિયોના અધિષ્ઠાતાઓ પ્રપંચથી અતીત વૈકુંઠના પરિકરરૂપ હોય તે યોગ્ય જ છે.

**સુ.**– બીજું પર્વ 'પશ્યત' એ શ્લોકથી કહે છેઃ

**પશ્યતૈતાન્ મહાભાગાન્ પરાર્થૈકાન્તજીવનાન્ ||**
**વાતવર્ષાતપહિમાન્ સહન્તો વારયન્તિ નઃ ||૩૨||**

આ મહાભાગ્યવાનો કે જેમનું પરોપકારને માટે જ જીવન છે, તેમને જુઓ, વાયુ સહિત વર્ષા તાપ અને ટાઢને પોતે સહન કરતા આપણા વાયુ સહિત વર્ષા વિગેરેને તેઓ દૂર કરે છે. ૩૨||

**સુ.**– ધર્મ એ પ્રથમ પર્વ (ચાર બાકી રહ્યાં તેમાંનું પ્રથમ). સર્વનો પરિત્યાગ કરીને પરોપકારાર્થ સ્થિતિ કરવી એ બીજું, સર્વત્ર ભગવદ્‌બુદ્ધિ રાખવી એ ત્રીજું, તેને જણાવનાર સર્વની સેવા છે, અકામ-નિષ્કામપણું એ ચોથું, ભગવદીઓનું આ ચાર સિદ્ધ થાય ત્યારે કૃતાર્થતા થાય. પ્રથમ જેવા ધર્મની અપેક્ષા છે તે 'પશ્યત' એ શ્લોકથી કહી છે. ધર્મની અંદર સંદેહ થાય ત્યારે પ્રથમ ધર્માત્માઓને જોવા જોઈએ, ધર્મ એ ભાગ્યવાળાઓને જ ફલે છે, જો ભાગ્ય નહિ હોય તો ધર્મ કરવામાં વિઘ્ન થાય, ભોગ્ય પણ મોટું જોઈએ, તેને જણાવનાર યશ છે. તે જેનું સર્વ ગુણગાન કરે તેવો યશ તે 'મહાભાગાન્' એ પદથી કહે છે. ધર્મનું સ્વરૂપ 'પરાર્થ' (પારકાને માટે) એ પદથી કહે છે. જીવન અને તેના ઉપકરણ (એટલે સર્વ સામગ્રી), તેમાં જીવન જો પરોપકાર માટે હોય તો અંતે ધર્મ સિદ્ધ થાય એમ નિરૂપણ કર્યું, તે જ મુખ્ય ધર્મ, કારણ કહ્યું છે કે 'અંતે જેવી મતિ તેવી ગતિ થાય છે.' તે સામાન્યપક્ષને દૂર કરે છે એટલે સામાન્ય રીતે સર્વ ધર્મ એમ નહિ, પણ જે છેલ્લે સિદ્ધ થાય તે ધર્મ. પરોપકાર એ જ એક અંતે જેનું જીવનરૂપ છે તે 'એકાન્તજીવનાન્' એ પદથી કહ્યું, જેનું જીવન થોડોક સ્વાર્થ અને થોડો પરાર્થ એમ બે રૂપ હોય તે મધ્યમ, અને જેનું જીવન માત્ર સ્વાર્થ માટે હોય તે અધમ, એ પ્રમાણે સ્વરૂપથી અંતમાં ધર્મનું નિરૂપણ કર્યું. બાહ્ય ધર્મ 'વાતવર્ષા' વિગેરે પદથી કહે છે. જીવનથી શરીર વધે છે, તે વૃદ્ધિ પણ આ વૃક્ષોની પારકાની ઈચ્છાથી જ થાય છે. જો પારકો તે વૃક્ષની વૃદ્ધિની ઈચ્છા ન કરે અને તેટલા જ કાષ્ઠથી પોતાનું કાર્ય કરવા માગે, (તો વૃક્ષને છેદી નાંખે છે તેથી વૃદ્ધિ થતી નથી એટલે વૃદ્ધિનો આધાર પણ પારકાની ઈચ્છા ઉપર જ રહ્યો). આ પ્રકારનું જો જીવન હોય તો પરાર્થતા સિદ્ધ થાય. તે પ્રમાણે ધર્મ પણ જો પરાર્થ માટે હોય તો જ સિદ્ધ થાય; જો કેવલ સ્વાર્થને માટે હોય તો અધમ, અને બંને સ્વાર્થ અને પરાર્થને માટે હોય તો તે કામ્ય હોવાથી મધ્યમ, જેમકે ઉપવાસ. જે અન્ન પોતાની પાસે હોય તે પારકાને આપી દઈને, તે અન્નના અભાવમાં જે ઉપવાસો થાય તે મોક્ષના હેતુ થાય, રંતિદેવની માફક. તે ઉપવાસો ઉત્તમ. જે અન્ન પોતાની પાસે પ્રથમથી જ હોય નહિ તે બીજા પાસેથી પ્રાપ્તિનો સંભવ હોવા છતાં તે બીજાને પીડા ન કરવાને માટે તે બીજાનું અન્ન ન લેવું અને ઉપવાસ કરવા તે મધ્યમ, એ બંનેનો અભાવ હોય એટલે પોતાની પાસે અન્ન નહિ હોય અને પારકાની પાસેથી પણ નહિ મળે તે છતાં અન્નની ઈચ્છા થાય તે ન મળવાથી જે ઉપવાસ કરવા તે કલેશાત્મક હોવાથી અધમ. તે પણ જો એવો સંકલ્પ નહિ કરે કે આ ઉપવાસથી મારું કે અમુકનું હું ઈષ્ટ કરીશ તો તે ઉત્તમ, જો તેવો ઈષ્ટ કરવાનો સંકલ્પ કરે તો મધ્યમ, અને પારકાને અપકાર કરવાને

માટે જો ઉપવાસ કરે તો તે અધમાધમ (અધમમાં અધમ). હવે ઉત્તમની વાત કરે છે. વાત, વર્ષા, આતપ (તડકો), હિમ (ઠંડી) તેમાં વર્ષા, આતપ અને હિમ એ ત્રણ કાલના ગુણ છે (એટલે ચોમાસુ, ઉનાળો અને શિયાળો એ કાલના ગુણ છે), આ ચારમાંનો પ્રથમ તે ત્રણનો સહકારી સમજવો. (એટલે વાયુ એ વર્ષા, આતપ અને હિમ એ ત્રણેનો સહકારી સમજવો). આ સર્વને સહન કરીને પણ પારકાઓના આ ત્રણેને (એટલે વર્ષા, આતપ અને હિમને) દૂર કરે છે. તેમાં પણ આપણા પોતાના પણ આ ત્રણે (વર્ષા, આતપ અને હિમ) દૂર કરે છે. આથી પ્રમાણ પણ સૂચવ્યું અને પ્રત્યુપકારનો અભાવ પણ કહ્યો. બાહ્યતપ આ જ છે. અનશન વિગેરે તો પ્રાયશ્ચિત્ત છે, તેથી તેની ધર્મમાં ગણત્રી થતી નથી, અને બીજા સર્વ ભેદ હીન (અધમ) છે.

**ટિ.**– 'તદા અન્તે ધર્મઃ' વિગેરે. 'પરાર્થજીવનાન્' એટલે પારકાને માટે જેનું જીવન છે, એટલું જ કહ્યું હોત તો ચાલત, તે છતાં 'એકાન્ત' એ પદો કહ્યાં, તેનું તાત્પર્ય નીચે પ્રમાણે છેઃ–જીવન પરાર્થનું સાધન હોવાથી તેની પૂર્વેના કાલનું જીવન પણ તેવું જ કહેવું જોઈએ, તેથી એમ સિદ્ધ થયું કે પાછળથી સિદ્ધ થતો પરાર્થ પૂર્વકાલના જીવનને અંતે થાય છે. તે પરાર્થ કાંઈ પ્રસંગને લઈને થતો પરાર્થ નથી, પણ સમજીને તેના ઉદ્દેશથી જ કરેલો હોવાથી તે મુખ્ય પરાર્થ છે, તેથી જ 'એક' પદ મુક્યું છે. એ જ વાત અંતે જેવી મતિ તેવી ગતિ વિગેરેથી કહી છે. એમ હોવાથી પરાર્થ જ એક મુખ્ય જેને અંતે છે એવો મૂલ અર્થ સિદ્ધ થાય છે. આ જ પક્ષમાં બીજી રીતે પણ યોજના થઈ શકે છે, તે 'એકાન્તતઃ' વિગેરેથી કહે છે. 'યથોપવાસાઃ' વિગેરે. એનું જ વિવરણ 'વિદ્યમાનમ્' વિગેરેથી કહે છે તે નીચે પ્રમાણેઃ– પોતાની પાસે હતું, તે અન્ન બીજાને આપીને, તે અન્નના અભાવથી જે ઉપવાસો થયા, તે તેના મોક્ષના હેતુ થયા. તેથી તેના જેવા જે હોય તે ઉત્તમ કહેવાય. 'સ્વત ઈતિ' પોતાની પાસે અન્ન નહિ હોવાથી, પોતાની પાસેનું અન્ન દાનમાં આપી દેવાથી નહિ. એવાને બીજની પાસે અન્નની પ્રાપ્તિનો સંભવ હોવા છતાં, પોતાને અન્નની અપેક્ષા હોવા છતાં, પણ બીજાને પીડા ન થાય માટે તે બીજો અન્ન આપતો હોય તે ન લેવાથી જે ઉપવાસ થાય તે મધ્યમ. 'તદુભયાભાવે' એ બંનેનો અભાવ હોય. એટલે પોતાની પાસે અન્ન ન હોય અને પારકાની પાસેથી અન્ન મળે નહિ તે છતાં જો અન્નની કામના હોય અને જે ઉપવાસ થાય તે અધમ. 'નિર્હેતુશ્ચ' એવો અધમ પણ જો આ ઉપવાસથી તેનું અથવા મારું કલ્યાણ કરીશ એવો સંકલ્પ ન કરે તો તે અધમ પણ અધમોમાં ઉત્તમ સમજવો. કલ્યાણ કરવાનો સંકલ્પ રાખે તો તે અધમોમાં મધ્યમ સમજવો, અને અન્યનો અપકાર કરે તે તો અધમમાં પણ અધમ સમજવો. 'આદ્યશ્ચતુર્ણામિતિ' ચારમાં પહેલો (વાત) ત્રણનો સહકારી સમજવો. અથવા મંદ પવન પણ પોતાના જેવા અનેકના સહકારથી મોટું કાર્ય પણ કરે છે એ આશયથી આમ કહ્યું તેથી 'યથાશ્રુત ગ્રંથ' સમજવો.

**લે.**– 'પ્રથમમ્ પર્વ ઈતિ' ચારમાં પ્રથમ. 'વાતવર્ષા' એની પહેલા પૂર્વાર્ધમાં

આંતરધર્મનું નિરૂપણ કર્યું, તેથી આંતરજીવન જ નિરૂપણ થયું. અહિં 'વાતવર્ષા' વિગેરેમાં બાહ્ય ધર્મનું નિરૂપણ થાય છે તેથી બાહ્યજીવનનું જ નિરૂપણ કરવું જોઈએ તે 'જીવનેન હિ'થી કહે છે. વૃદ્ધિ એટલે બાહ્યજીવન. 'ન મન્યતે' પછી 'તદા' અધ્યાહાર સમજવો. 'વૃદ્ધિમ્' તે વૃક્ષોને પવન વિગેરે સહન કરવાથી તે પવન વિગેરેનું વારણ કરવાની ઈચ્છા કરે નહિ ત્યારે તેટલાથી જ કાર્યની ઈચ્છા રાખે છે, ત્યારે તેમ થાય છે. એવો અર્થ હોવાથી 'તદા તથૈવ ભવતિ' એટલું અધ્યાહાર સમજવું. જ્યાં સુધી અન્નદાન વિગેરેની પારકો ઈચ્છા રાખે છે, ત્યાં સુધી જ જો થાય તો પરાર્થને માટે જ થાય. 'કેવલશ્ચેત્' સ્વાર્થને માટે હોય તો. 'નિર્હેતુશ્ચ' વિગેરેથી ધર્મમાં પણ ત્રણ પ્રકાર કહ્યા.

**યો.**– 'સા વૃદ્ધિઃ' તે વૃક્ષોની વૃદ્ધિ પારકાની ઈચ્છાથી જ એટલે પારકા ઉપર ઉપકાર કરવાની ઈચ્છાથી જ થાય છે તે વાત 'યદિ' વિગેરેથી સ્પષ્ટ કરે છે. 'પરઃ' એટલે કાષ્ટની આકાંક્ષાવાળો. 'વૃદ્ધિમ ન મન્યતે' વૃદ્ધિને ઈચ્છતો નથી પણ સૂક્ષ્મવૃક્ષનું જ છેદન ઈચ્છે છે, ત્યારે વૃદ્ધિ થતી નથી. તેથી વૃદ્ધિ પારકાની ઈચ્છાથી જ થાય છે એવો અર્થ છે. 'ઉભયાર્થશ્ચેત્', સ્વાર્થ અને પરાર્થ એમ બંને હોય તો. 'આદ્યશ્ચતુર્ણામ્ ઈતિ' વાત, વર્ષા, આતપ અને હિમ, એમ ચારમાં 'આદ્ય' એટલે વાત. એ વાત, વર્ષા આતપ અને હિમનો સહકારી સમજવો, તેથી વર્ષા પણ વાતની સાથે હોય તો જ પીડા કરે છે. એ પ્રમાણે ગ્રીષ્મમાં તડકો અને શીતકાલમાં હિમ એ વાતના સહકારી સમજવા.

**સુ.**– એ પ્રમાણે ધર્મનું નિરૂપણ કરીને પરોપકાર લક્ષણ છે જેનું એવું અર્થરૂપ પર્વનું 'અહો' એ શ્લોકથી નિરૂપણ કરે છેઃ

**અહો એષાં વરં જન્મ સર્વપ્રાણ્યુપજીવનમ્ ।।**
**સુજનસ્યેવ યેષાં વૈ વિમુખા યાન્તિ નાર્થિનઃ ।।૩૩।।**

અહો ! આમનું જન્મ ઉત્તમ છે, કેમ કે તેનાથી સર્વ પ્રાણીઓનું ઉપજીવન થાય છે. જેમની પાસે યાચના કરીને અર્થીઓ (યાચકો) જેમ સુજન પાસેથી વિમુખ જતા નથી તેમ તેમની પાસેથી પણ વિમુખ જતા નથી. ૩૩।।

**સુ.**– એમનું જ જન્મ એટલે દેહ ધારણ કર્યા પછીનું જીવન ઉત્તમ છે કે જેમને કાંઈ પણ સ્વાર્થની અપેક્ષા નથી, તે 'સુજનસ્ય ઈવ' એ દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. 'અહો' એ આશ્ચર્ય છે કે એવો પણ જન્મ થાય છે કે જેમાં પોતાનું તો કાંઈ કાર્ય છે નહિ. ભગવાનના અવતારમાં પણ લીલા હોય છે. જો કે તે પારકાને માટે હોય છે તો પણ લોકપ્રસિદ્ધિથી સ્વાર્થને એટલે ભગવાનને માટે પણ છે, તેથી ભગવાનને પણ આશ્ચર્ય લાગે છે. માત્ર કર્મફલના ભોગ કરવામાં, દેડકાના જેવી સ્થિતિ હોઈને તેમાં કાંઈ પરોપકાર હોતો નથી. માટે એમનું જ જન્મ ઉત્તમ છે, તેનો હેતુ એ છે કે તેની અંદર સર્વ પ્રાણીઓનું ઉપજીવન છે, તે સર્વ પ્રાણીઓને જીવાડે છે. તે સફલ

જીવનવાળા છે. એવું સફલ જીવન જેનાથી થાય છે તે સુજનોને વિષે પ્રસિદ્ધ છે, જેમ કે સજ્જનને ઘેર ગએલો અર્થી (યાચક) જો તે સુજન પાસે દ્રવ્ય હોય તો વિમુખ જતો નથી, એવો સુજન દુર્લભ હોય છે માટે એકવચન વાપર્યું છે. 'યેષામ્' એ સર્વનામથી સર્વે વૃક્ષો એવા પ્રકારનાં હોય છે, તેથી તેમનું અધિકપણું સૂચવ્યું. 'વૈ' એટલે નિશ્ચયથી તેઓ ગ્રહણ કરવા યોગ્ય છે. તેમની પાસે અર્થિત્વ કરવામાં (માગવામાં) આવે તો અર્થીઓ વિમુખ થતા નથી. આગળ પણ દેહત્યાગ પછી 'વિ' એટલે ગીધ વિ. પક્ષીઓના મુખમાં પડતા નથી, પણ જો વૃક્ષોનાં લાકડાં હોય તો તેમના દેહને ભસ્મ કરવાને મદદ લાગે છે. 'વિ'નો અર્થ કાલ લઈએ તો તે અર્થીઓ જો વૃક્ષભિક્ષુક (પરમહંસ) થાય તો કાલના મુખમાં પડતા નથી.

**ટિ.**– 'અગ્રેપિ' આગળ પણ. દેહત્યાગ કર્યા પછી. 'વીનામ્' પક્ષીઓના, ગીધ વિગેરેનાં મુખ ભક્ષણને માટે હોય છે, જે મુખમાં તેવા અર્થી થઈને લાકડાં મેળવીને પડતા નથી. લાકડાં હોવાથી દેહ બળીને ભસ્મ થઈ જાય છે. 'વિ' શબ્દનો અર્થ કાલ લઈએ તો કાલના મુખમાં પડતા નથી. વૃક્ષમાત્રની ભિક્ષા માગનાર પરમહંસ હોય છે.

**લે.**– 'તદ્યેન' તે સફલ જીવન જેનાથી, એટલે સર્વનું ઉપજીવન જેનાથી થાય છે તે. 'સર્વનામ્ના' એ સર્વનામથી. એટલે મહાસંજ્ઞાકરણને યોગ્ય આશય સ્વીકારવાથી. 'ગૃહીતમ્' ગ્રહણ કરવા પછી 'સ્વસ્વાધર્મ્યેણ' એટલે 'પોતાના સમાન ધર્મપણાથી' અધ્યાહાર સમજવું.

**સુ.**– આ પ્રમાણે અર્થનું ઉત્તમપણું સિદ્ધ કરીને કામનું ઉત્તમપણું સિદ્ધ કરતાં તેમનું કામથી થએલું સર્વ પરોપકારને માટે છે તે 'પત્ર' એ શ્લોકથી કહે છેઃ

**પત્રપુષ્પફલચ્છાયા–મૂલવલ્કલદારુભિઃ ।।**
**ગન્ધનિર્યાસભસ્માસ્થિ–તોક્મૈઃ કામાન્ વિતન્વતે ।।૩૪।।.।।**

પત્ર, પુષ્પ, ફલ, છાયા, મૂલ, વલ્કલ (છાલ) સુકાં લાકડાં, ગંધ, અંતઃસાર, ભસ્મ, અસ્થિ અને શાખાઓથી સર્વના કામ (મનોરથ) પૂરા પાડે છે. ૩૪।।.

**સુ.**– પત્રો ઝાડને લાગેલા પદાર્થો છે. જેમ કેશ દાંત વિગેરે હોય છે તેમ. તેમાં પત્રોનો ઉપયોગ સર્વેને હોય છે, પણ (મનુષ્યના) કેશનો ઉપયોગ તો કોઈ પણ રીતે થઈ શકતો નથી. પુષ્પો રજરૂપ છે, તે પુષ્પો સર્વ પુરુષાર્થ સિદ્ધ કરનાર છે, સ્ત્રીઓનું રજ તો તેમને પોતાને પણ અપકાર કરનાર છે. ફલ પુત્રોના જેવાં છે, પરંતુ તે (મનુષ્યો) પુત્રોને માટે અન્યનો ઘાત કરે છે, તે પુત્રોને કાંઈ બીજાને આપી દેતા નથી. છાયા એ ઘરના જેવી છે. સર્વને કાંઈ ઘરમાં પ્રવેશ મળતો નથી. કદાચ પ્રવેશ

મળે તો તાપયુક્ત થાય છે, અને ઠંડી વિગેરેની માફક ભય પ્રાપ્ત થાય છે. વર્ષાની માફક દુઃખને પ્રાપ્ત થાય છે. (ઝાડો તો છાયાથી તાપ, શીત અને વૃષ્ટિ ત્રણેનું નિવારણ કરે છે.) મૂલ એ વૃક્ષોનો ધર્મ છે. પ્રાણીઓના ધર્મમાં પશુઓની હત્યા થાય છે, અહિં તો વૃક્ષો પોતાનું મૂલ ઔષધને માટે બીજાઓને આપે છે તેથી ધર્મ. વલ્કલ તે સામગ્રી છે, ઘટ પટ વિગેરેના જેવી. 'દારૂણિ' એટલે સુકાં કાષ્ઠ. તે બીજાઓને આપે છે. પણ મનુષ્યના તો આ સર્વ ઉપભોગ કરતાં બાકી રહેલાં તે પણ પારકાઓને ઉપકાર કરતાં નથી. તે બાબત સ્ત્રીશરીર વિગેરેમાં પ્રસિદ્ધ છે. 'ગંધ'-ચંદન વિગેરેમાં ગંધ કીર્તિરૂપ છે. મનુષ્યો તો કીર્તિથી પ્રસિદ્ધ નામવાળા હોય તો પણ નામથી પણ ઉપકાર કરતા નથી. 'નિર્યાસઃ' એટલે તેના અંદરનો સાર, તે વાક્યરૂપ છે, 'ભસ્મ' (વૃક્ષોની) ઉપયોગમાં આવે છે, મનુષ્યોની ઉપયોગમાં આવતી નથી, પણ મરી ગયા પછી પણ પ્રેત થવાથી તેને માટે શ્રાદ્ધાદિ કરવાનું હોવાથી તે અપકાર જ કરે છે. વૃક્ષની ભસ્મ તો ધોવા માંજવામાં ખપ લાગે છે. 'અસ્થિ' તે ઝાડના કટકા (અંગારા) છે, તે સર્વત્ર તેજ અથવા દેવતામાં ઉપકાર (મદદ) કરે છે. આમના એટલે મનુષ્યોના તો અસ્થિ કોઈને પણ ઉપકાર કરતાં નથી, પરંતુ દોષના નિમિત્ત થાય છે, તે 'નારં સ્પૃષ્ટ્વા', એ વાક્યમાં પ્રસિદ્ધ છે. 'તોક્માઃ' એટલે સૂક્ષ્મ વૃક્ષો, જે શાખારૂપ છે. તેઓ નોકર ચાકરની માફક ઉપયોગમાં આવે છે. આ પ્રમાણે (ઝાડો) પોતાની સર્વ વસ્તુથી સર્વેના કામ પૂરા પાડે છે.

**લે.**- 'શીતવત્ ઈતિ' ઠંડી વિ. માફક. છાયા તડકો, શીત અને વૃષ્ટિનું નિવારણ કરે છે. મનુષ્યના ઘરમાં તો આ ત્રણે ઉત્પન્ન થાય છે. શીતને સ્થાને ભય સમજવો, અને વૃષ્ટિને સ્થાને દુઃખો સમજવાં.

**સુ.**- વળી કેવલ પરાર્થ અને સ્વાર્થ બંનેને માટે ઉપયોગ કરે છે એમ નહિ, કિંતુ પારકાને માટે જ તેઓ ઉપયોગ કરે છે, તેથી તેઓ મોક્ષરૂપ છે, વિરક્ત છે, જ્ઞાનીઓ છે, અને જેમના સ્વાર્થ પૂર્ણ થઈ ગયા છે એવા છે, તે કહેવાને 'એતાવદ્' એ શ્લોકથી કહે છેઃ

**એતાવજ્ જન્મસાફલ્યં દેહિનામિહ દેહિષુ ।।**
**પ્રાણૈરર્થૈર્ધિયા વાચા શ્રેય એવાચરેત્ સદા ।।૩૫।।**

દેહીઓમાં ખાસ કરીને ભગવદિચ્છાથી જેમણે દેહ ગ્રહણ કરેલા છે તેઓ નો આવો ધર્મવાળો જન્મ જ સફલ છે; પ્રાણથી, અર્થથી, બુદ્ધિથી અને વાણીથી સદા પારકાનું કલ્યાણ જ કરવું. ૩૫।।

**સુ.**- 'એતાવદ્' એટલે ધર્મવત્ જન્મ તે જ સફલ જન્મ છે, તેથી આ જે

હવે કહેવામાં આવશે તે જ જન્મનું સાફલ્ય છે. 'દેહિનામ્' એટલે જેમણે દેહ ગ્રહણ કરેલા છે તે, તેમાં પણ 'દેહિષુ' એટલે જેઓએ દેહ ગ્રહણ કરેલા છે તેઓમાં પણ જેઓએ ભગવદિચ્છાથી પોતાના દેહ ગ્રહણ કરેલા છે, અને જેમના પોતાના તેમ જ બીજાના એટલે પુત્ર વિગેરેના પણ જન્મ ભગવદિચ્છાથી જ થએલા છે; પોતાની કાંઈ ક્રિયા કે પ્રારબ્ધ વિગેરેથી જેમણે દેહ ગ્રહણ કરેલા નથી, તેમને તો આ જ એટલે જે કહેવાય છે તે જ જન્મસાફલ્ય છે. પછી (એટલે ભગવદિચ્છાથી દેહ ગ્રહણ કર્યા પછી) સંસ્કારો વડે જ્ઞાન સિદ્ધ થયા પછી જો સર્વ જગતના જેવા જ સ્વાર્થપરાયણ પોતે થાય તો તેમાં કાંઈ પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. ભગવાને તો સર્વને માટે સર્વ ઉત્પન્ન કર્યું છે, તેથી પોતે પણ પોતાનું સર્વ સર્વને માટે ઉપયોગમાં લે, તો તે ભગવાનના જેવો થાય, તો ભગવાનનો અવતાર જેમ પરોપકારને માટે થાય છે તેને તુલ્ય થઈ તેનો જન્મ પણ સફલ થાય છે, નહિ તો તે પણ પ્રવાહના જેવો જ થાય છે. પારકાને માટે જ પોતાનું છે માટે સ્વાર્થતા સંભવતી નથી, તે 'પ્રાણૈઃ અર્થૈઃ' વિગેરેથી કહે છે. આ ચાર પ્રાણ વિગેરે સર્વ પુરુષાર્થમાં ઉપયોગી છે, તો પણ ધર્મ વિગેરેમાં એક એક સ્વતંત્રપણે યોજાય છે, તેથી પ્રાણ વડે જે ધર્મ સિદ્ધ કરવામાં આવે છે તે પારકાને માટે જ કરવો. અર્થ પણ પારકાને માટે જ વાપરવો એ સ્પષ્ટ છે. બુદ્ધિ એ કામરૂપ છે, કારણ કે અમુક વિષયમાં તેનો ઉપયોગ થાય છે, માટે બુદ્ધિનો ઉપયોગ પણ પારકાના કામ સિદ્ધ કરવાને માટે જ કરવો. વાણી જે ઉપદેશરૂપ છે, મોક્ષ આપવાવાળી છે, તે પણ પારકાને માટે જ વાપરવી. આ પ્રમાણે સર્વેના આ ચારથી સર્વ પુરુષાર્થ સિદ્ધ કરવા, અને તે પણ સર્વદા, કોઈક સમયે એમ નહિ. 'ઇતિ' એ સમાપ્તિસૂચક છે. એમ ઉપદેશ કરીને એમ કહ્યું નહિ, તે પણ પહેલાંની માફક જ સમજવું. (એટલે ભગવાનનાં આ વચનો પણ લીલામધ્યપાતિ સમજવાં), નહિ તો આ લીલા ન કહેવાય. જેમ ભગવાનની ક્રિયાઓનું વર્ણન કરાય છે તેમ ભગવાનનાં વાક્યો પણ કહ્યાં.

**ટિ.**– 'યદિ સર્વતુલ્યતા.' જો સર્વ જગતના જેવા સ્વાર્થપરાયણ વિગેરે જ્ઞાન થયા પછી પણ અજ્ઞાનીની માફક જો સ્વાર્થપરાયણતા હોય તો કોઈ પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. જેમ કુંડળવાળો પુરુષ કુંડળી કહેવાય છે, તેમાં કુંડળ સિવાય બીજું કાંઈ કુંડળીપણું નથી, કેમ કે કુંડળ એ જ વિશેષણ છે, તેમ અહિં પણ 'એતાવત્'નો અર્થ સમજવો.

**લે.**– 'દેહિનામ્' સામાન્ય રીતે, દેહિઓમાં ખાસ કરીને જેમણે દેહ ગ્રહણ કરેલો છે તેઓમાં ખાસ વિશેષ શું છે તે 'દેહગ્રહણમ્' વિગેરેથી કહે છે. પોતાનો તેમ જ પુત્ર

વિગેરેનો દેહ જેમને ભગવદિચ્છાથી જ પ્રાપ્ત થયો છે. પોતાની કાંઈ ક્રિયા અથવા પ્રારબ્ધથી પ્રાપ્ત થયો નથી, તેમને વિષે એટલે એવા ખાસ દેહિઓને વિષે તો આ જ સાફલ્ય છે. 'તતઃ' ભગવદિચ્છાથી દેહગ્રહણ કર્યા પછી જ્ઞાન સિદ્ધ હોવાથી જન્મનું સાફલ્ય હવે પછી જે ધર્મ કહેવામાં આવશે તેનાથી જ થાય છે.

**સુ.**– પછી જે કર્યું તે 'ઈતિપ્રવાલ' એ શ્લોકથી કહે છેઃ

**ઈતિપ્રવાલસ્તબકફલપુષ્પદલોત્કરૈઃ ।।**
**તરૂણાં નમ્રશાખાનાં મધ્યેન યમુનાં ગતઃ ।।૩૬।।।।**

આ પ્રમાણે ભગવાને સમાપ્તિ કરી. પછી કુમળાં પાંદડાં, ગુચ્છા, ફલ, પુષ્પ, દલ એ સર્વના સમૂહોથી જેમની શાખાઓ નમ્ર થઈ ગઈ છે, તે વૃક્ષોની વચ્ચે થઈને યમુના (તરફ) ગયા. ૩૬।।.

**સુ.**– તેમની જે પરાર્થતા પ્રસિદ્ધ છે તે બતાવતા તેમની વચ્ચેના માર્ગમાં થઈને યમુના તરફ ગયા એમ સંબંધ છે. જે વૃક્ષોને વિષે આ પાંચ અંગના સમૂહો છે, (૧) પ્રવાલ એટલે કોમલ પત્રો, (૨) સ્તબક એટલે પુષ્પ અથવા પાંદડાંના ગુચ્છા, (૩) ફલો, (૪) પુષ્પો અને (૫) માત્ર દલ એ પાંચે અંગના સમૂહોથી જેમની શાખા ઓ નમેલી છે. આટલું પારકાને આપવા છતાં પણ જેઓ અત્યંત નમ્ર છે તેમની વચ્ચે જવું તે તેમના ગુણોના સંબંધ કરાવવાને માટે. યમુના પણ વળી આવા જ ધર્મવાળી છે માટે ત્યાં ગયા.

**યો.**– 'પઞ્ચાંગાનામ્' પ્રવાલ, સ્તબક, ફલ, પુષ્પ અને દલ એ પાંચ અંગોના.

**સુ.**– ત્યાં ગયા પછી જે કર્યું તે 'તત્ર' એ શ્લોકથી કહે છેઃ

**તત્ર ગાઃ પાયયિત્વાપઃ સુમૃષ્ટાઃ શીતલાઃ શિવાઃ ।।**
**તતો નૃપ સ્વયં ગોપાઃ કામં સ્વાદુ પપુર્જલમ્ ।।૩૭।।।।**

ત્યાં ગાયોને ઉજ્જવલ, શીતલ અને કલ્યાણકારી અપ્‌નું પાન કરાવીને હે નૃપ ! ભગવાને પોતે અને ગોપોએ યથેચ્છ સ્વાદુ જલનું પાન કર્યું. ૩૭।।.

**સુ.**– ત્યાં યમુનામાં ગાયોને 'અપ્' એટલે જલનું પાન કરાવીને પછી ગોપોએ અને ભગવાને પોતે પણ યથેચ્છ જલપાન કર્યું. પ્રાતઃકાલમાં જ ઘેરથી નીકળેલા ભોજન નહિ મળવાથી ક્ષુધિત (ભુખ્યા) થએલા અને ભગવદિચ્છાથી ભક્ષ મળવા છતાં ગૃહગમનની આશારહિત થએલાઓએ જલનું જ પાન કર્યું. 'આપઃ' (જલો) એ નારીજાતિ હોઈ સ્ત્રીપ્રકૃતિવાળા છે, તેથી પોતાના જેવી જ પ્રકૃતિવાળી ગાયોને જ તે અપ્‌નું પાન કરાવ્યું. 'સુમૃષ્ટાઃ' એટલે ઉજ્જવલ, કાદવ વિગેરે દોષથી રહિત. 'શીતલાઃ' એટલે ઠંડાગુણવાળાં જલો. 'શિવાઃ' એટલે પરિણામે આરોગ્ય

કરનારાં. 'જલ' એ નાન્યતર જાતિ છે, તે પણ કામરૂપ સ્વાદિષ્ટ. આથી અધિક જલનું પણ પાન થઈ શકે એમ કહ્યું.

**યો.**– 'આપઃ સ્ત્રીપ્રકૃતિકાઃ' આપઃ એ નારીજાતિ વિ. સ્ત્રીપ્રકૃતિકા એટલે સ્ત્રીઓની પ્રકૃતિ જેનાથી બંધાય છે તે. સ્ત્રી એટલે વ્રજસુંદરીઓ, પ્રકૃતિ એટલે સ્વભાવ. એટલે વ્રજસુંદરીઓમાં ભગવાનને વિષે પરમ સ્નેહરૂપ ભાવ તેને સિદ્ધ કરનાર જે યમુનાજીના 'આપઃ' (જલો) તે ગાયોને પીવડાવ્યાં, તે પીવાથી ગાયોને ભગવાનને વિષે ભાવવિશેષ ઉત્પન્ન થયો. શ્રીયમુનાજીમાં નપુંસક પ્રકૃતિવાળું જે જલ તે ગોપોને પીવડાવ્યું, તે પીવાથી ગોપોને ભગવાનની અંતરંગલીલાનાં દર્શન વિગેરેમાં પુંભાવરૂપ દોષ થાય નહિ. આ તારતમ્ય એ નારીજાતિનું પદ 'આપઃ' અને 'જલ' એ નાન્યતરજાતિનું પદ, એ બેથી સૂચવ્યું છે. નહિ તો એક જ જે જલ તે ગાયોને અને ગોપોને પાન કરાવવામાં આપઃ અને જલ એમ જુદાં જુદાં પદો વાપરે નહિ.

## શ્રીહરિરાયજીકૃત સ્વતંત્ર લેખ.

શ્રીહરિરાયજી આ શ્લોક પર એક સ્વતંત્ર લેખમાં (સુ.–તા. સા. પ્રકરણ પાન ૧૫મું) નીચે પ્રમાણે કહે છેઃ–શ્રીયમુનાજીમાં વૃક્ષની માફક પરાર્થતા (પરોપકારરૂપ) માત્ર ધર્મ છે એમ નિરૂપણ કર્યું. ગાયોને તેના સંબંધથી માત્ર પરાર્થતાનું જ્ઞાન ઉદય થાય તે અનુચિત છે, કારણ કે તેમનો (ગાયોનો) ભગવાન્ તરફનો ભાવ સ્વામિનીઓના ભાવના જેવો છે, તે વાત 'ગાવશ્ચ કૃષ્ણમુખ' એ શ્લોકની અંદર સ્પષ્ટ કહ્યું છે. ત્યાં સ્વામિનીના ભાવના જેવી સામગ્રી પ્રકટ કરીને પ્રભુએ સ્વબલથી તેવો ભાવ સંપાદન કર્યો છે એમ કહ્યું છે. તે ભાવ પ્રભુને યોગ્ય હોવાથી તેનો વિજાતીય ભાવ જેમનામાં હોય તેમના સંબંધી રસનો પ્રભુ ભોગ કરતા નથી. જન્મોત્સવના અધ્યાયની 'ગંધરૂપમ્' એ કારિકામાં સ્વામિનીજીઓને વિષે જ ભગવદ્‌ભોગ યોગ્ય પાંચ વિષયો છે, એમ નિરૂપણ કર્યું છે, તેથી જ શ્રીઆચાર્યજીએ કહ્યું છે કે 'રસો નવનીતસ્ય' 'રસ નવનીતનો' વિગેરે. પરાર્થજ્ઞાન તો સ્વામિનીના ભાવથી વિજાતીય ભાવ જેને હોય તેને જ થાય. સ્વામિનીઓને તો અમારે માટે જ પ્રભુનું પ્રાકટ્ય છે, એમ જ્ઞાન હોવાથી પોતાની વસ્તુઓને વિષે પોતાનાપણાનું જ્ઞાન દૃઢ હતું, તેથી જ પાન કરવાનું જે જલ તે એક હોવા છતાં તે કહેનાર પદ બે આપઃ અને જલનું તાત્પર્ય શ્રીઆચાર્યજી નિરૂપણ સ્ત્રીપ્રકૃતિકા વિગેરેથી કરે છે. યમુનાજલની અંદર બે પ્રકાર છે. સ્વામિનીસહિત ક્રીડાનો સંબંધ તેમાં હોવાથી સ્વામિનીનો ભાવ ઉત્પન્ન કરવાપણું તેનામાં છે, તેથી જ યમુનાજીની સ્તુતિમાં 'ઇયં તવ કથા અધિકા' એમ શ્રીઆચાર્યજીએ કહ્યું છે. કારણ કે દોષ માત્ર નિવૃત્ત કરવા વડે સરખાપણાથી સ્વરૂપથી ભગવદ્‌ભાવ ઉત્પન્ન કરવાપણું પણ તેમાં છે, તેથી

જ ‘સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્’ એમ ત્યાં કહ્યું છે, અને તે જ પ્રમાણે પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ તેનું વિવરણ કર્યું છે. તેથી જે જલો સ્ત્રીસ્વભાવવાળાં છે એટલે પોતાના પ્રવેશથી સ્ત્રીસ્વભાવ સંપાદન કરી આપનાર છે તે ‘આપઃ’ (જલ)નું પાન તેની સજાતીય ભાવવાળી ગાયોને કરાવ્યું, જેથી તે ગાયોને તે ભાવ એટલે સ્વીયત્વ અભિમાનરૂપ ભાવ (એટલે આ સર્વ વસ્તુઓ અમારી છે અને ભગવાનના ઉપયોગની છે એવો ભાવ) દઢ થાય. ગોપોને તો જલમાત્રનું પાન કરાવ્યું. તે કામરૂપ હોવાથી ભગવદ્ભાવ ઉત્પન્ન કરનારું અને નપુંસક હોવાથી ભગવાનને વિષે દોષારોપના મૂલરૂપ જે પુંભાવરૂપ દુષ્ટ સ્વભાવ તેનો જય કરનારું છે તે પીવડાવ્યું. માટે મહાપ્રભુજીના વિવરણમાં (ટીકામાં) કાંઈ પણ બાધ આવતો નથી, તેથી સત્પુરુષોએ પોતાના ચિત્તને વિષે કાંઈ પણ શંકા લાવવી નહિ. આ ટુંકસાર છે.

**સુ.**– આમ થવાથી માત્ર ઉપરથી જ ક્ષુધા નિવૃત્ત થઈ, તેથી વિશેષ પ્રાર્થના કરવાને, ભગવાનને નીચે પ્રમાણે વિજ્ઞાપના કરી, તે ‘તસ્યાઃ’ એ શ્લોકથી કહે છેઃ

**તસ્યા ઉપવને કામં ચારયન્તઃ પશૂન્ નૃપ ।।**
**કૃષ્ણરામાવુપાગમ્ય ક્ષુધાર્તા ઈદમબ્રુવન્ ।।૩૮।।.।।**

તે યમુનાજીના ઉપવનમાં ઈચ્છા પ્રમાણે પશુઓને ચરાવતા, હે નૃપ ! કૃષ્ણ અને બલરામની પાસે આવીને ક્ષુધાથી પીડિત થએલા નીચે પ્રમાણે બોલ્યા. ૩૮।।.

**સુ.**– કાલિંદીના ઉપવનને વિષે પશુઓને ચરાવતા ચરાવતા કૃષ્ણ અને બલરામની પાસે આવીને જેમ તાલના ફલને માટે કર્યું હતું તે જ પ્રમાણે કાંઈક વચન બોલ્યા. ગોપ એટલે વિવેક વિનાના. રાજન્ એ સંબોધન સ્નેહથી કથામાં રસ ઉત્પાદન કરવાને સર્વત્ર વાપર્યું છે, અને એ સંબોધન વડે મહત્તા સૂચવાય છે, તેથી સર્વ અર્થને માટે ભગવાનને જ વિનંતી કરવી એ જ વિદ્યાનું ફલ એમ અંતે સૂચવ્યું.

**લે.**– ગોપને અવિવેકી કહ્યા કારણ કે વિવેકધૈર્યાશ્રયમાં કહ્યું છે કે ‘દૈહિક વસ્તુઓને માટે પ્રભુની વિનંતી કરવી નહિ’ પણ અંતઃકરણ ગોચર પ્રભુ થાય તો દૈહિક વિષયથી અન્ય વિષયની વિનંતી કરવી.

**આ પ્રમાણે શ્રીભાગવત સુબોધિનીમાં**
**શ્રીમદ્વલ્લભદીક્ષિતવિરચિત દશમસ્કંધના વિવરણમાં**
**બીજા તામસ પ્રકરણના અવાન્તર પ્રકરણ સાધનપ્રકરણના ઐશ્વર્ય નિરૂપક**
**૧૯મા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ થયું.**

# || અધ્યાય વીસમો ||

## ભગવાને કરેલો યજ્ઞપત્નીઓનો ઉદ્ધાર

**કારિકાર્થઃ**- વૈદિકકર્મ અને વૈદિકજ્ઞાન વીશમા અધ્યાયમાં કહેવામાં આવે છે. એ બંનેનો નિર્ણય પણ જે છે તે પણ અહિં નિરૂપણ કરાય છે. કા. ૧.

**ટિ.**- 'ઉભયોર્નિર્ણયો યાદક્ ઈતિ. ઉભયોઃ' એટલે જ્ઞાન અને કર્મ બંનેનો. ભગવત્સંબંધ વિના કર્મ પણ સત્ત્વશોધક થઈ શકતું નથી. નહિ તો ગોપોના વાક્યોથી વિપ્રોને ભગવદ્‌ભાવ થાત. તો પણ તેમનું કર્મ વૈદિક હોવાથી અને તે કર્મનું તાત્પર્ય ભગવાનમાં જ હોવાથી તેનું પરિણામ ભક્તિમાં જ આવ્યું છે. એવું પરિણામ પણ તેની મેળે આવ્યું નથી. કિંતુ પત્નીઓ જે ભક્ત હતી તેમના સંગથી જ આવ્યું છે. જો ભક્તિ ન થાય તો કર્મ વ્યર્થ જ થાય. બીજા શ્લોક (૧૦|૨૦|૨)માં 'ભક્તાયાઃ' એ પદથી એક પત્નીના પ્રસંગથી જ બીજીઓનો અંગીકાર થયો છે, તેવીઓના પણ સંગથી જ પુરુષોને ભક્તિ થઈ છે. 'ગૃહ્ણન્તિ નો ન પતયઃ' (૧૦|૨૦|૩૦) એ વાક્ય સાંભળીને તેનું સમાધાન કરીને પ્રભુએ પાછા જવાની આજ્ઞા કરી, અને થયું પણ તેમ જ, તેથી એ સિદ્ધ થયું કે બીજાને મુખ્ય માની પ્રભુભજન કરે તો પ્રભુ તે માનતા નથી, એથી તો ભગવદંતરાય જ થાય છે અને પુરુષાર્થસિદ્ધિ થતી નથી. બીજી પત્નીઓને પણ ભગવાન્ તરફ સ્નેહ હતો જ, પણ આ તો પ્રસાદનો વિષય હતો. તેનો હેતુ ભક્તત્વ કહેલું હોવાથી બીજા ભાવ કરતાં આ એક પત્નીના ભાવમાં વિલક્ષણપણું જણાય છે, તે તેનો સર્વાત્મભાવ છે. પુષ્ટિલીલામાં અંગીકાર એ જ અહિં પ્રસાદ છે. અને તેથી જ તેમની શીઘ્ર મુક્તિ થઈ નથી. પૂતના વિગેરેને જે પ્રસાદ થયો તેના જેવો જ જો અહિં પ્રસાદ કહ્યો હોત તો પ્રસાદવિશેષ એમ કહેવું તે વિરુદ્ધ થાત. શરીર મર્યાદામાર્ગીય હોવાથી તેનો નાશ કરીને પ્રભુએ જે આપવાનું હતું તે આપ્યું એ મર્મ છે. આ પ્રમાણે કર્મ અને જ્ઞાનનો નિર્ણય અહિં કહ્યો છે.

**લે.**- 'કર્મજ્ઞાને ઈતિ'. વિપ્રો અને તેમની પત્નીઓની મર્યાદા અને પુષ્ટિ એમ બે પ્રકારના ભેદથી બે પ્રકારનાં કર્મ અને જ્ઞાન ૨૦મા અધ્યાયમાં કહ્યાં છે.

**યો.**- 'ઈત્યુક્તા' (૧૦|૨૦|૩૩) શ્લોકમાં કહેલું વૈદિકકર્મ, 'દેશઃ કાલઃ' (૧૦|૨૦|૧૦) શ્લોકમાં કહેલું વૈદિકજ્ઞાન. આ બંને આ (૨૦મા) અધ્યાયમાં જ કહેવાશે.

સાક્ષાત્ ભગવાને કહેલું પણ તાત્પર્યજ્ઞાનપૂર્વક સમજ પડતી નથી. (નહિ તો યજ્ઞપત્નીઓ ઘેર જવાનું સ્વીકારી લેત નહિ). પરંપરાથી કહેવાએલું પણ, એટલે ગોપો દ્વારા બ્રાહ્મણોને જે ભગવાને કહાવ્યું તે પણ. તેમ જ (બ્રાહ્મણો સમજ્યા નહિ કેમ કે તેઓ ઉત્તમ અધિકારરહિત હતા). યજ્ઞપત્નીનો ભગવાનને વિષે પરમ ભાવ પણ પ્રથમથી બીજાઓ સમજ્યા નહિ, તેનું કારણ પણ તે જ. કા. ૨.

**ટિ.**– શંકા– 'નન્વદ્ધા મયિ કુર્વન્તિ' (ભા.૧૦।૨૦।૨૬) અને 'પ્રાણ-બુદ્ધિમનઃસ્વાત્મા' (ભા.૧૦।૨૦।૨૭) વિગેરેથી ભગવાને પોતાને વિષે સહજ પ્રિયત્વ અને પોતાથી બીજાઓને વિષે ઉપાધિથી પ્રિયત્વ છે, અને તે ઉપાધિવાળું પ્રિયત્વ પુરુષાર્થ નથી એમ ભગવાને સ્પષ્ટ કહ્યું, તે સાંભળીને પણ પત્નીઓ ઘેર કેમ ગઈ? ઉત્તર– સાક્ષાદ્ ભગવાને કહેલું પણ પ્રથમથી જ તાત્પર્યજ્ઞાનપૂર્વક સમજ પડતું નથી. ગોપ દ્વારા બ્રાહ્મણોને જે કહ્યું તે 'પરંપરોક્તમ્' એટલે પરંપરાથી કહ્યું કારણ કે તેઓ ઉત્તમ અધિકાર રહિત હતા. એ વાત 'પ્રાયઃ શ્રુત' (૧૦।૨૦।૨૩) શ્લોકના વિવરણમાં સ્પષ્ટ થશે. શંકા– જે ઉત્કટ ભાવથી યજ્ઞપત્નીએ દેહ ત્યાગ કર્યો તે પ્રથમથી બીજાઓના જાણવામાં આવવો જોઈએ; તો તેનો પ્રતિબંધ તેઓએ શા માટે નહિ કર્યો? ઉત્તર– સર્વ પત્નીઓના કરતાં ઉત્કૃષ્ટ સર્વાત્મભાવ તે ઉત્તમ નાયિકાનો પ્રથમથી તેમને સમજ પડી નહિ, કારણ કે સર્વાત્મભાવરૂપી વસ્તુ જ એ પ્રકારની છે. અથવા શંકા– જો બ્રાહ્મણોને પરંપરા એટલે ગોપ દ્વારા કહેલાનું ભાન થયું નહિ, તો સ્ત્રીઓને તેનું ભાન કેમ થયું? ઉત્તર– જેમ પ્રભુવાક્ય દુર્બોધ છે તેમ સ્ત્રીઓનો ભાવ પણ ઉત્કટ હતો, તેથી પ્રિય ભગવાન્ સંબંધી વાર્તાનું શ્રવણ કરવાથી ઉત્કટભાવ ઉત્પન્ન થવાથી તેઓ ભગવાન્ પાસે આવ્યાં. તેમને પણ કાંઈ ભગવાનના વચનનું તાત્પર્યજ્ઞાન ન હતું. આ અર્થ લઈએ તો 'સ્ત્રિયાઃ ભાવઃ' એ એકવચન જાતિઅભિપ્રાયથી સમજવું. અથવા શંકા– 'પ્રસીદન્' (૧૦।૨૦।૨) એ શ્લોકમાં તે યજ્ઞપત્ની ઉપર ભગવાને પ્રસાદ કર્યો એમ અવશ્ય કહેવું જોઈએ. તે પ્રસાદ દેહત્યાગ અથવા સદ્યોમુક્તિ હોઈ શકે નહિ. કારણ કે એવા બે પ્રકારનો પ્રસાદ તો પૂતના વિગેરે પર પણ કર્યો હતો, અને બીજો કોઈ પ્રસાદ તો સ્પષ્ટ કહ્યો નહિ, તો તે પ્રસાદ શું હશે? ઉત્તર– 'સ્ત્રિયાઃ ભાવઃ' જેમ વ્રજસીમંતિનીઓનો ભાવ સર્વોત્કૃષ્ટ હતો, તેમ આ યજ્ઞપત્નીઓનો ભાવ પણ સર્વાત્મભાવરૂપ હતો, તેથી જેમ વ્રજસીમંતિનીઓની સાથે લીલા કરી તેમ આ પત્ની સાથે પણ લીલા કરી. માત્ર દેહ મર્યાદામાર્ગીય હતો તેથી તે દેહનો નાશ કર્યો. જો એ પત્ની પણ ભગવાન્ પાસે આવી હોત, તો તેને સર્વાત્મભાવ હોવાથી પાછી જાત જ નહિ, તેથી અહિં જે પ્રતિબંધરૂપ મર્યાદાદેહ હતો, તેનો નાશ કરીને ભગવાન્ તેને લઈ ગયા, એ જ પ્રસાદ અહિં સમજવો. નહિ તો 'યે યથા મામ્' એ પ્રતિજ્ઞાનો ભંગ થાય. અથવા શંકા–એકના ઉપર જ પ્રસાદ કરવાનો હેતુ શું? ઉત્તર– સર્વ પત્નીઓના ભાવ કરતાં તે એકનો ભાવ ઉત્કૃષ્ટ હતો તેથી જ.

**।।કારિકાર્થ સંપૂર્ણ।।**

**સુ.**– આગલા અધ્યાયમાં પંચપર્વા વિદ્યાનો ઉપદેશ કર્યો, તેથી સર્વ મોહ જતો રહ્યો, પણ (ક્ષુધા તૃષા વિગેરે) દૈહિકધર્મો તો ગયા નહિ, તે પણ જો જાય તો કૃતાર્થ થવાય, (એટલે કે ભગવાને જે ઉપદેશ કર્યો તે સર્વ પરોપકારને માટે હોવું

જોઈએ તે ઉપદેશમાં કહ્યા પ્રમાણેના તેઓ થયા કહેવાય). તેથી એવો નિશ્ચય કરીને સર્વે ગોપાલો કે જેઓ ઉત્તમ અધિકારીઓ હતા તેઓએ 'રામ રામ' એ શ્લોકથી વિજ્ઞાપના કરીઃ

।।ગોપા ઉચુઃ ।।

**રામ રામ મહાવીર્ય કૃષ્ણ દુષ્ટનિબર્હણ ।।**

**એષા વૈ બાધતે ક્ષુન્નસ્તચ્છાન્તિં કર્તુમર્હથ ।।૧।।**

ગોપાલો કહે છેઃ- હે રામ, હે રામ, હે મહાવીર્ય, હે કૃષ્ણ, દુષ્ટનું નિકંદન કરનાર, આ ક્ષુધા અમને બહુ બાધા કરે છે, તેથી તેની શાંતિ તમારે કરવી જોઈએ. ૧.

**સુ.**- બે વાર 'રામ' શબ્દ આદરમાં વાપર્યો છે. એ નામથી 'યોગીઓ અનંતને વિષે, સત્‌ને વિષે, આનંદને વિષે અને ચિદાત્માને વિષે રમણ કરે છે માટે રામ પદથી એ પરબ્રહ્મ કહેવાય છે' તેથી જેવી રીતે આત્માને વિષે રતિ થાય, તેવી રીતે તમે કરો એમ પ્રાર્થના કરી. મહાવીર્ય તેમાં સામર્થ્યસૂચક છે. 'રામ રામ' અને 'મહાવીર્ય' એ ત્રણ પદથી એમ સૂચવ્યું કે એ જ્ઞાનાત્મક છે, શ્રુતિરૂપ છે અને આવેશી છે. (પ્રથમ 'રામ' પદથી યોગીઓના રમણ સ્થાનરૂપ હોવાથી જ્ઞાનાત્મક કહ્યા. બીજા 'રામ' પદથી શ્રુતિરૂપ સંકર્ષણ કહ્યા, 'મહાવીર્ય' એ પદથી આવેશયુક્ત કહ્યા, કારણ કે મહાસામર્થ્ય એ ભગવદાવેશનું કાર્ય છે). ભગવાનને પણ ગોપો હે કૃષ્ણ ! હે દુષ્ટનું નિકંદન કરનાર એ બે પદોથી પ્રાર્થના કરે છે. 'ક્ષુધા મનુષ્યનો શત્રુ નિશ્ચય છે' એ શ્રુતિથી સદાનંદના તિરોભાવરૂપ છે, માટે સદાનંદરૂપ કૃષ્ણથી જ તે નિવૃત્ત થાય, તેથી કૃષ્ણ એ સંબોધન કહ્યું છે. (ક્ષુધા દુષ્ટ હોવાથી તેમાં સત્‌નો તિરોભાવ છે, અને દુઃખરૂપ હોવાથી તેમાં આનંદનો તિરોભાવ છે ). એ બંને તિરોભાવ તેના પ્રતિયોગી એટલે વિરોધીથી જ નાશ પામે, તેથી 'એવ' એ પદ મુકયું છે. જો કે આ ક્ષુધા બાધક છે અને મૃત્યુરૂપ છે, તો પણ તેનું નિવારણ કરવું જોઈએ, તે જણાવવાને માટે 'દુષ્ટનિબર્હણ' એ પદ મુક્યું છે. સર્વે દુષ્ટો તારાથી જ નિવારણ થાય છે. ક્ષુધા એ સ્ત્રી છે અને સ્ત્રીનું નિવારણ કરવાનું અમારું સામર્થ્ય નથી. સ્ત્રીરૂપ વિદ્યાથી સ્ત્રીરૂપ ક્ષુધા દૂર થઈ શકે નહિ, તે આ ક્ષુધા અમારો નિશ્ચય બાધ કરે છે એ પદોથી કહે છે. શંકા- જો ક્ષુધાનો અભાવ થાય તો તરત જ શરીરનો પાત થાય અને ભગવાનની સાથે લીલા થઈ શકે નહિ. સમાધાન- તે ક્ષુધાની શાંતિ કરવી યોગ્ય છે કે જેથી તે બાધ ન કરે. જેમ અજ્ઞાન વિગેરે દોષની નિવૃત્તિ કરવામાં શાસ્ત્ર ઉપાયરૂપ છે, તેમ ક્ષુધાની નિવૃત્તિ કરવામાં જ્ઞાનરૂપ કાંઈક ઉપાય તમારે કહેવો જોઈએ.

**લે.**- 'કૃતાર્થા ભવન્તીતિ', કૃતાર્થ થવાય, એટલે 'સર્વં પરાર્થં કુર્યાત્‌' એમ જે

ભગવાને ઉપદેશ કર્યો તે જેમણે સિદ્ધ કર્યો એવા થાય છે. 'અયમ્ હિ ઈતિ' આથી પ્રથમ ચરણમાં કહેલાં ત્રણ પદ 'રામ રામ' અને 'મહાવીર્ય'ના અર્થ કહ્યા. પહેલા 'રામ' પદથી યોગીઓ જે સ્થાનમાં રમણ કરે છે તે 'જ્ઞાનાત્મક રામ', બીજા પદથી 'સંકર્ષણ' રૂપ હોવાથી શ્રુતિરૂપ. 'મહાવીર્ય' પદથી ત્રીજા આવેશીરૂપ સમજવા, કારણ કે મહાસામર્થ્ય આવેશનું કાર્ય છે. 'સદાનન્દેતિ' 'સદાનંદના' ભત્રિજારૂપ હોવાથી દુષ્ટ હોવાથી સત્નો તિરોભાવ, દુઃખસ્વરૂપ હોવાથી આનંદનો તિરોભાવરૂપ. અભાવ તેના પ્રતિયોગી (વિરોધી)થી જ નાશ પામે છે, તેથી 'એવ' મુક્યો છે. 'ક્ષુધા' દુષ્ટ હોવામાં પ્રમાણ શ્રુતિનું કહ્યું. 'એષા' શ્લોકમાં મુક્યું છે તેમાં તેનો અક્ષરાર્થ સ્ત્રીત્વ છે. તેના આભાસમાં કહે છે કે 'સ્ત્રીનિવારણે' વિગેરે. 'વિદ્યયા સ્ત્રિયા ઈતિ' સ્ત્રીરૂપ વિદ્યાથી ક્ષુધારૂપ સ્ત્રી બાધ કરી શકાતી નથી. સર્વ ભગવદીય છે. સર્વ ભગવદીય છે એવું જ્ઞાન ભગવાને ઉપદેશ કર્યું. તેથી એમ સિદ્ધ થયું કે ભગવાન્ સિવાય સર્વ પરતંત્ર છે. માટે જ્ઞાનને વિષે પણ ભગવાનને પરતંત્રતારૂપ સ્ત્રીત્વ રહ્યું છે તેથી જ્ઞાન વિષયાકાર હોવાથી સ્ત્રીરૂપ છે.

**યો.**– 'રામ' પદની નિરુક્તિમાં 'યોગીઓ અનંતને વિષે' વિગેરે શ્રુતિ કહી. જો કે આ શ્રુતિ 'રામતાપનીય' ઉપનિષદ્માં છે, અને તેથી તે રામચંદ્ર વિષે છે, તો પણ એ પરબ્રહ્મ કહેવાય છે તેથી 'રામ' પદથી પરબ્રહ્મ વાચક છે, અને ચાલતા પ્રસંગમાં બલરામને વિષે પૂર્ણપુરુષોત્તમનો આવેશ હોવાથી બલરામ અહિં પુરુષોત્તમ જ છે, તેથી આ શ્રુતિ બલદેવજીને લગાડી તે યુક્ત જ છે. બલરામને વિષે પુરુષોત્તમના આવેશનું શું પ્રમાણ છે? એમ શંકા થાય તેના ઉત્તરમાં કહે છે કે ભગવાને બલદેવને વૃંદાવનના વૃક્ષ પશુ વિગેરેનું સ્વરૂપ નિરૂપણ કરતાં એમ કહ્યું કે 'ગોપ્યોન્તરેણ ભુજયોરપિ યત્સ્પૃહા શ્રીઃ' અહિં ભગવદ્એકભોગ્ય જે લક્ષ્મી તેની સ્પૃહાનું નિરૂપણ અને ભગવદ્એકભોગ્યા શ્રીગોપીજનની ભુજાના અંતઃસંબંધનું નિરૂપણ એ પ્રમાણ સમજવું. 'યથા આત્મનિ રતિઃ ભવતિ તથા કર્તવ્યમ્' એ પદનો એ આશય છે કે જે રીતે આત્માને વિષે એટલે આત્માની અંદર રામસ્વરૂપમાં અમારી રતિ થાય તે પ્રમાણે કરવું જોઈએ, કારણ કે રામસ્વરૂપમાં યોગીઓની જ રતિ થાય છે, તેથી અમને પણ યોગયુક્ત કરો. યોગથી, ક્ષુધા તૃષા વિગેરેની પરતંત્રતા નિવૃત્ત થાય છે.

**સુ.**– એમ વિજ્ઞાપના ગોપોએ કરી, તે છતાં તેમ કરવાથી સંસારનો એકદમ નાશ નહિ થાય, પણ ધીમે ધીમે એટલે પૂર્વસંસારનો નાશ થઈને, અને ઉત્તરસંસાર ઉત્પન્ન નહિ થઈને, સંસારનો અભાવ થશે, એવા વિચારથી અને વળી સ્ત્રીઓના ઉપર ઉપકાર કરવાને માટે, તેમાં પણ બ્રાહ્મણ સ્ત્રીઓ કે જેઓ પુરુષાધિકાર રહિત હતાં, તેમના પર ઉપકાર કરવાને માટે, અને વળી ધર્મ(ભક્તિ)માર્ગનું સ્થાપન કરવાને માટે, અને જેમને જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેમને તો ભિક્ષાટન જ મુખ્ય છે, એવો વિચાર કરીને, પ્રથમ પુરુષો પાસે ભિક્ષા માગવા તેમને કહ્યું, કારણ કે દ્રવ્ય ઉપર

પુરુષોનું સ્વામિત્વ હોય છે, અને અલૌકિક ઉપાયો કહે તો સ્ત્રીમુક્તિ ન થાત, સર્વેને સત્સંગ ન થાત. સત્સંગ ન થાય તો ભક્તિમાર્ગનો ઉચ્છેદ થાય. (કારણ કે એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીને ભગવાને કહ્યું કે 'હે ઉદ્ધવ ! સત્સંગ વિના માર્ગનો ઉચ્છેદ થાય)'. ભિક્ષાને માટે જવામાં ગોપોને દીનતા થવાનો સંભવ નથી, કારણ કે તેમને અભિમાન નહિ હતું, વળી જે પોતાની સમાન હોય તેની પાસે ભિક્ષા માગવામાં દીનતા થાય, પણ આ દીક્ષિતો તો પૂજ્ય હતા. વળી ભગવાનની કૃપાથી લોકો પાસે પણ તેમને કાંઈ ભિક્ષા માગવાની નહિ હતી, માટે આ સર્વેનો વિચાર કરીને ભગવાને ભિક્ષા માગવાનો ઉપદેશ કરવાની ઈચ્છાથી ઉત્તર આપ્યો, તે 'ઈતિ' એ શ્લોકથી કહે છેઃ

॥શ્રીશુક ઉવાચ ॥

**ઈતિ વિજ્ઞાપિતો ગોપૈર્ભગવાન્ દેવકીસુતઃ ॥**
**ભક્તાયા વિપ્રભાર્યાયાઃ પ્રસીદન્નિદમબ્રવીત્ ॥૨॥**

શ્રીશુકદેવજી કહે છેઃ- એ પ્રમાણે ગોપોએ વિજ્ઞાપના જેની કરી હતી તે પોતે ભગવાન્ એટલે સર્વ સમર્થ હતા, તે છતાં દેવકીસુત એટલે કૃપાળુ હતા તેથી, પોતાની ભક્ત વિપ્રભાર્યા ઉપર કૃપા કરવાને આ એટલે નીચે પ્રમાણે કહ્યું. ૨.

**સુ.**- એ પ્રમાણે ગોપોએ વિજ્ઞાપના કરી, તે છતાં અને પોતે ભગવાન્ એટલે સર્વ સમર્થ છતાં દેવકીસુત હોવાથી, પોતે પરમકૃપાળુ હોવાથી અને ખાસ કરીને સ્ત્રીઓના ઉપર કૃપાવાન્ હોવાથી, અને પોતે ભક્તિમાર્ગના પ્રવર્તક હોવાથી, વિપ્રભાર્યા જે ભક્ત હતી, તેના પર કૃપા કરવાની ઈચ્છાથી આ જે નીચે કહેવાશે તે એટલે યાચના કરવાનું કહ્યું.

**લે.**- 'અગ્રપશ્ચાદ્ભાવેન' - પૂર્વસંસારનો નાશ અને ઉત્તરસંસાર ઉત્પન્ન ન થાય તે પ્રકારે. 'ઈતીતિ'. જ્ઞાન વિગેરે ઉપાયથી ક્ષુધાની શાંતિની વિજ્ઞાપના કરી, તેને અનુકૂલ નહિ એવું, અને ભગવાનના સામર્થ્યને પણ અનુકૂલ નહિ એવું યાચન કરવાનો ઉપદેશ કર્યો, તેથી ભગવાન્ અને દેવકીસુત એ બે વિશેષણ મુકવાનું પ્રયોજન સમજાતું નથી, તેથી 'અપિ' શબ્દ વાપરીને તેનું વ્યાખ્યાન કરે છે, કે વિજ્ઞાપના કરવા છતાં વિજ્ઞાપના અને પોતાનું સામર્થ્ય એ બંનેને વિરોધી એવી યાચનાનો ઉપદેશ પોતે દેવકીસુત હોવાથી ભક્ત વિપ્રભાર્યા ઉપર કૃપા કરવા માટે કર્યો.

**યો.**- 'સંસારસ્યાગ્રપશ્ચાદ્ભાવેન.' જ્ઞાનના ઉપદેશથી સંસાર નિવૃત્ત થશે તો 'અગ્રપશ્ચાત્' ભાવથી સંસાર જતો રહેશે. એકદમ સામટો જતો રહેશે નહિ. તેથી ક્રમથી સંસારના ધર્મો નિવૃત્ત કરવા જોઈએ એવી ઈચ્છાથી જ્ઞાનનો ઉપદેશ કર્યો નહિ. 'તતઃ સંપ્રદાયોચ્છેદશ્ચ સ્યાત્' સત્સંગનો અભાવ થાય તો ભક્તિમાર્ગના સંપ્રદાયનો ઉચ્છેદ થાય. એકાદશ સ્કંધમાં ભગવાનનું વાક્ય કહે છે કે 'હે ઉદ્ધવ, સત્સંગ વિના માર્ગનો ઉચ્છેદ થાય.

શંકા– ભિક્ષા માગવા જતાં ગોપોને દીનતા નહિ લાગે? સમાધાન– તેમને અભિમાન નહિ હોવાથી દીનતા તો તેમને લાગતી જ નથી. જો અભિમાન હોય તો સામાન્ય જન પાસે યાચના કરતાં દીનતા લાગે. આ દીક્ષિતો તો પૂજ્ય હતા. અથવા પૂજ્યને વિષે અભિમાનની શંકા કરીને કહ્યું કે તેમને વિષે અભિમાન ન હતું.

**સુ.**– જ્ઞાન તો બ્રહ્માત્મક બીજરૂપ છે, તે બ્રહ્મથી જ જો પરિપુષ્ટ થાય તો બ્રહ્મયોગ્ય થાય. જેમ બ્રાહ્મણની અંદર પુષ્ટ થએલું બીજ, બ્રાહ્મણના અન્નથી વૃદ્ધિ પામેલું, બ્રહ્મસંસ્કારોથી બ્રહ્મ અને વેદથી વ્યાપ્ત થએલું, બ્રહ્મભાવને યોગ્ય થાય છે, તેમ હાલમાં પણ ઉત્પન્ન થએલું જ્ઞાન, બ્રાહ્મણના અન્નથી જ જો પુષ્ટ થાય, તો ફલદાયક થાય, તેમાં પણ આ બ્રાહ્મણો પૂર્ણજ્ઞાન અને કર્મમાં નિષ્ઠાવાળા હતા. જેવા તેવા નહિ હતા. જ્ઞાનનું મૂલ અન્ન છે. 'અન્નેન પ્રાણાઃ' એ પરંપરાથી 'વિજ્ઞાનેનાત્માનં વેદયતિ' તે અંત સુધીની શ્રુતિમાં તે પ્રમાણે નિરૂપણ કરેલું છે. તેથી 'જે અન્નદાન કરે છે તે આ સર્વનું દાન કરે છે,' એમ હોવાથી બ્રાહ્મણે આપેલું અન્ન જો ખાવામાં આવે તો તે જ્ઞાન ઉત્પન્ન કરે છે, અને તે અન્ન દ્વારા સર્વનું દાન પ્રાપ્ત થાય છે, માટે જ્ઞાન બ્રાહ્મણમાં જ સારી રીતે જ સ્થિત થએલું છે. જો બીજાનું અન્ન પ્રાપ્ત થાય, તો તેથી ઉત્પન્ન થએલું જ્ઞાન પણ બીજાએ જ કહેલું થાય, અને તેથી તે બ્રહ્મજ્ઞાન ન થાય, તેથી ભગવાને પ્રથમ બ્રાહ્મણોનું સ્વરૂપ કહ્યું, અને પછી 'પ્રયાત' એ શ્લોકથી યાચનાનું કહે છેઃ

**પ્રયાત દેવયજનં બ્રાહ્મણા બ્રહ્મવાદિનઃ ।।**
**સત્રમ્ 'આઙ્ગિરસં' નામ હ્યાસતે સ્વર્ગકામ્યયા ।।૩।।**

દેવોનો યજ્ઞ થાય છે ત્યાં જાઓ, બ્રહ્મવાદી બ્રાહ્મણો સ્વર્ગકામનાથી આંગિરસ નામનું સત્ર કરવા ત્યાં બેઠા છે. ૩.

**સુ.**– દેવોનો જેમાં યજ્ઞ થાય તે દેવયજન એટલે યજ્ઞભૂમિ. તેના ભેદો શ્રુતિમાં ઘણા કહ્યા છે. અયોગ્ય દેશને વિષે યજ્ઞ ન કરવો એમ જણાવવાને તે કહ્યા છે. અહિં સર્વે બ્રાહ્મણો જ હતા. કોઈ યજ્ઞ કરનાર ક્ષત્રિય નહિ હતો. તે સર્વ ધર્મોથી શુદ્ધ હતા, તે 'બ્રહ્મવાદિનઃ' એ પદથી કહ્યું છે. બ્રહ્મને નિરૂપણ કરવાને તે યોગ્ય હતા. બ્રહ્મ એટલે વેદ અને વેદાર્થ. એવા મુખ્ય અધિકારીઓ, આંગિરસ યજ્ઞ જે ચોવીસ રાત્રિદિવસનો હતો ('ચત્વારઃ ષડહા' ચાર × છ દિવસ) એ નામથી પ્રસિદ્ધ હતો, તે સ્વર્ગની ઈચ્છાથી કરતા હતા. શ્રુતિમાં કહ્યું છે કે '' 'સુવર્ગં' (સ્વર્ગ) લોકને પ્રાપ્ત કરવાને માટે આંગિરસ સત્ર કરતા હતા.'' સ્વર્ગ એ ભગવાનના આનંદનો અંશ છે, અને ભગવાનનો અવતાર છે, એમ 'દેવેભ્યો વૈ સ્વર્ગો લોકસ્તિરોભવત્' એ

શ્રુતિમાં નિર્ણય કર્યો છે. માટે તે સર્વોત્તમ 'સત્રિણઃ' (યાજ્ઞિકો) હતા.

**ટિ.**– 'જ્ઞાનં હિ બ્રહ્માત્મકમ્' (જ્ઞાન તો બ્રહ્માત્મક)થી શરુ કરીને 'કાર્યક્ષમં ભવતિ' (ફલદાયક થાય). ત્યાં સુધીનો આશય નીચે પ્રમાણે છેઃ–ગયા અધ્યાયમાં અહિં વૃંદાવનનું સર્વ ભગવાનને માટે છે, એવા જ્ઞાનનો ઉપદેશ કર્યો, એમ હોવાથી પોતાના ઉપયોગને માટે તે નથી એમ જ્ઞાન થયું. સર્વ વસ્તુ પોતાને માટે નથી એમ કરવા જતાં વ્યવહારનો વિરોધ થાય, અને લીલાનો પણ વિરોધ થાય, તેથી જ ક્ષુધાનિવારણ આવશ્યક હોવાથી ભગવાનની વસ્તુના ઉપયોગમાં ભય જણાવાથી નવી વસ્તુની પ્રાર્થના કરી. જો એમ ન હોત તો ફલ વિગેરેથી ક્ષુધાની નિવૃત્તિ થવાનો સંભવ હોવાથી પ્રાર્થના કરવું વ્યર્થ થઈ જાત. તેથી જેનો ઉપયોગ કરવાની પ્રભુની ઈચ્છા હોય, તેનો તે પ્રમાણે ઉપયોગ કરવો જોઈએ. જ્યાં તેવી ઈચ્છા ન હોય, ત્યાં તે પ્રભુને ઉપયોગની નથી, એવા જ્ઞાનની અપેક્ષા છે. તેમાં પણ જો ભગવાનનો એમ આગ્રહ હોય કે 'આ તો મારે જ ગ્રાહ્ય વસ્તુ છે અને મારે જ ભોગ કરવાની છે' તો જ બાલલીલામાં રસ આવે, નહિ તો તેનું પરિણામ શાંત રસમાં આવે, અને રસાભાસ થાય. જ્યાં સુધી ઉપદેશ કરેલું જ્ઞાન જાગૃત છે, ત્યાં સુધી આવું થવું સંભવતું નથી. તેથી પ્રથમ લોકને અનુરૂપ અને પરિણામમાં ભગવદ્ગામી જે જ્ઞાન તે જેનાથી થાય તે આ અન્ન છે, તેથી આ પ્રમાણે કહ્યું. એ અન્નના સ્વામીઓ બહિર્મુખ હોવાથી અને એ અન્ન સમર્પણ કરનાર વિપ્રભાર્યાઓ ભક્ત હોવાથી, તે અન્ન બંને પ્રકારનું છે. અન્ન જ્ઞાનનું પોષક છે એ વાત શ્રુતિસિદ્ધ છે.

**લે.**– 'સ્વર્ગકામ્યયા.' સ્વર્ગની કામનાની ઈચ્છા કહી તે છતાં સ્વર્ગ એટલે ભગવાનના આનંદનો અંશ હોવાથી, તે કર્મ વિકૃત નહિ હતું, એટલે ઐચ્છિક નહિ હતું.

**સુ.**– ત્યાં જઈને યાચના કરવી જોઈએ તે 'તત્ર ગત્વા' એ શ્લોકથી કહે છેઃ

**તત્ર ગત્વૌદનં ગોપા યાચતાસ્મદ્વિસર્જિતાઃ ।।**
**કીર્તયન્તો ભગવત આર્યસ્ય મમ ચાભિધામ્ ।।૪।।**

હે ગોપો, અમે મોકલેલા તમે ભગવાન્ આર્ય બલભદ્ર અને મારા નામનું કીર્તન કરતા ત્યાં જઈને ચોખા માગો. ૪.

**સુ.**– અમે મોકલેલા એટલે સ્વતંત્રતાથી ગએલા એમ નહિ. નહિ તો જવામાં પણ અપરાધ થાય, અમારા નામથી માગવું, તે કહે છે કે આર્ય બલભદ્ર અને મારા નામનું કીર્તન કરતા માગજો.

**સુ.**– તે પ્રમાણે કર્યું, તે 'ઈત્યાદિષ્ટા' એ શ્લોકથી કહે છેઃ

**ઈત્યાદિષ્ટા ભગવતા ગત્વાયાચન્ત તે તથા ।।**
**કૃતાઞ્જલિપુટા વિપ્રાન્ દણ્ડવત્ પતિતા ભુવિ ।।૫।।**

ભગવાને એ પ્રમાણે આજ્ઞા કરેલા, તેઓએ તે પ્રમાણે હાથની અંજલિ

કરીને, દંડવત્ ભૂમિને વિષે વિપ્રોને પ્રણામ કરીને, તેમની યાચના કરી. ૫.

**સુ.**– ભગવાને આજ્ઞા કરેલા બીજું કાંઈ કરવાને શક્તિમાન નહિ હતા, તેથી ત્યાં જઈને તે જ પ્રમાણે તેઓએ યાચના કરી. તેમના યાચવાનો પ્રકાર કહે છે; 'કૃતાઞ્જલિપુટા' એટલે અંજલિપુટ જેઓએ કરેલો છે તેવા. આમ કરવાનું કારણ તેમને ગર્વ ન હતો, તે સૂચવવાને દંડવત્ ભૂમિ પર પડ્યા અને બ્રાહ્મણો પાસે યાચના કરી એમ સંબંધ છે.

**સુ.**– તેમની યાચનાનાં વાક્યો 'હે ભૂમિદેવાઃ' વિગેરે ત્રણ શ્લોકથી કહે છે:

**હે ભૂમિદેવાઃ શ્રૃણુત કૃષ્ણસ્યાદેશકારિણઃ ।।**
**આપ્તાઞ્જાનીત ભદ્રં વો ગોપાન્ નો રામચોદિતાન્ ।।૬।।**

હે ભૂમિદેવો ! સાંભળો, અમે કૃષ્ણની આજ્ઞા પાળવાવાળા છીએ. યથાર્થ કહેવાવાળા અમે ગોપો છીએ, અને રામે (બલભદ્રે) અમને મોકલ્યા છે એમ જાણો, તમારું કલ્યાણ થાઓ. ૬.

**સુ.**– બ્રાહ્મણો પૃથ્વી પર પ્રત્યક્ષ દેવો છે. 'શ્રૃણુત' એ પદથી શ્રવણને માટે પ્રાર્થના કરે છે. તમે કોણ છો એ જાણવાની ઈચ્છા થાય તો કહે છે, કે અમે કૃષ્ણની આજ્ઞા પ્રમાણે કરવાવાળા છીએ. સદાનંદરૂપ ભગવાન્ જે ફલરૂપ છે, તેની આજ્ઞા પ્રમાણે કરવાવાળા અમે છીએ. તો પણ તમો ભગવાનનું વાક્ય કહો છો તેમાં પ્રમાણ શું? એમ જાણવાની ઈચ્છા થાય, તો કહે છે કે અમે આપ્ત છીએ, એમ જાણો. 'આપ્ત'વાક્ય એટલે શબ્દ, અને તે પ્રમાણરૂપ છે, જેવું જોયું હોય એ જ પ્રમાણે કહેનાર તે આપ્ત. તમો શું કહેવા માગો છો? એવી આકાંક્ષા થાય તો કહે છે કે તમારું કલ્યાણ થાઓ. પ્રથમ તો યાચકોએ આશીર્વાદ કહેવા જોઈએ, અથવા જે અમે કહીશું તે તમારા કલ્યાણરૂપ જ છે. અમો જાતિથી ગોપો છીએ, બલભદ્રે અમોને મોકલ્યા છે. ભગવાન્ સદાનંદ ભક્તોને યાચના કરવાને પ્રવૃત્તિ કરાવતા નથી. જો કે ભગવાને કહ્યું છે કે 'અસ્મદ્વિસર્જિતાઃ' તો પણ તે વાક્ય હોવાથી (ભગવદ્‌વાક્ય હોવાથી) તે વેદરૂપ થયું, તેથી બલભદ્રમાં જ તેનો પ્રવેશ થયો, તેથી રામે મોકલેલા એમ જે કહ્યું તે યુક્ત છે.

**સુ.**– આ પ્રમાણે પૂર્વપીઠિકા કહીને 'ગાશ્ચારયન્તૌ' એ શ્લોકથી યાચના કહે છે:

**ગાશ્ચારયન્તાવવિદૂર ઓદનં રામાચ્યુતૌ વો લષતો બુભુક્ષિતૌ ।।**
**તયોર્દ્વિજા ઓદનમર્થિનોર્યદિ શ્રદ્ધા ચ વો યચ્છત ધર્મવિત્તમાઃ ।।૭।।**

રામ અને કૃષ્ણ જેઓ નિકટમાં ગાયોને ચરાવે છે, તેઓ ભૂખ્યા થવાથી

તમારા ચોખાની ઈચ્છા કરે છે. હે દ્વિજો ! તે અર્થિઓને જો તમને શ્રદ્ધા હોય અને જો તમારા ચોખા હોય તો તેમને આપો. તમે ધર્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ છો. ૭.

**સુ.**– ગાયો ચરાવતા એટલે ધર્મ પ્રવર્તાવતા. નિકટમાં રહેલા બ્રહ્મ અને પરમાનંદ તમારા અન્નની ઈચ્છા કરે છે, તેનો હેતુ એ છે કે તેઓ ભૂખ્યા થયા છે, નહિ તો યાચના કરે નહિ. કોઈ પણ યાચક પાસે યાચના કરતું નથી. 'કીર્તયન્તો ભગવતઃ' એવા ભગવાનના વચનથી તેમનો અભિપ્રાય નહિ જાણીને ભૂખ્યા થયા છે એમ જાણ્યું, તેથી 'બુભુક્ષિતૌ' એમ કહ્યું. તેમની મારફતે ભગવાન જ યાચના કરે છે એમ અભિપ્રાય સમજ્યા, જેમ કોઈ મહાન્ પ્રભુ યાચના કરીને સેવકને આપે છે, તે પ્રમાણે બ્રાહ્મણની યાચના કરીને આપવાનું છે, એમ તેઓ સમજ્યા, તેથી કહ્યું કે તેઓ ભૂખ્યા થયા છે. દ્વિજ એ સંબોધન અજ્ઞાનથી અથવા રૂઢિથી સમજવું. તેમને એટલે રામ અને કૃષ્ણને ચોખા આપો. અહિં ભૂખને જ પાત્ર (યોગ્યતા)માં નિરૂપણ કરી, બીજું યોગ્યતાનું અંગ એ કે માગે છે તે. નહિ તો એકાદશીને વિષે પણ ભૂખ્યાને અન્ન આપવું એમ થાય, તેમાં પણ જો શ્રદ્ધા એટલે આસ્તિક્યબુદ્ધિ હોય તો આપો. એટલે આ બેને દાન કરવાથી અમે કૃતાર્થ થઈશું એમ સમજતા હો તો આપો. 'ચ'થી જો ચોખા હોય અથવા તો તમારા જ ચોખા હોય, અમુક પ્રસંગને લઈને બીજાના આવેલા હોય એમ નહિ અહિં સર્વત્ર વિધિ અને નિષેધનું પરિજ્ઞાન તમને જ છે, તે તમે બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ છો એથી કહે છે.

**લે.**– 'અતઃ' (તેથી) એટલે ક્ષુધાના જ્ઞાનને લીધે.

**યો.**– 'બ્રહ્મપરમાનંદૌ', બ્રહ્મ અને પરમાનંદ વિગેરે. 'બ્રહ્મ' રામપદનો અર્થ છે, કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે 'યોગીઓ અનંતને વિષે રમણ કરે છે' 'પરમાનંદ' એ અચ્યુત પદનો અર્થ છે. કારણ કે અચ્યુત પદનો અર્થ કૃષ્ણ થાય છે. કૃષ્ણ પરમાનંદ છે. તે શ્રુતિ નીચે પ્રમાણે છેઃ

**કૃષિર્ભૂવાચકઃ શબ્દઃ ણશ્ચ નિવૃત્તિવાચકઃ ।।**
**તયોરૈક્યં પરંબ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે ।।**(પૂ.ગો.તા.ઉ.)

'કૃષ્' એ સત્ અથવા સત્તાવાચક છે, 'ણ' એ આનંદવાચક છે. એ બંને એકઠાં કરતાં પરબ્રહ્મ કૃષ્ણ થાય છે.

**સુ.**– શંકા– દીક્ષિતોનું અન્ન ખાવું જોઈએ નહિ, કેમ કે કહ્યું છે કે 'દીક્ષિતનું વસ્ત્ર પહેરવું નહિ, દીક્ષિતનું પાપ ઉઘાડું પાડવું નહિ, અને તેનું અન્ન ખાવું નહિ,' તો તેનો 'દીક્ષાયાઃ' એ શ્લોકથી ઉત્તર આપે છેઃ

**દીક્ષાયાઃ પશુસંસ્થાયાઃ સૌત્રામણ્યાશ્ચ સત્તમાઃ ।।**

**અન્યત્ર દીક્ષિતસ્યાપિ નાન્નમશ્નન્ હિ દુષ્યતિ ।।૮।।**

હે સજ્જનોમાં ઉત્તમ! દીક્ષાથી પહેલાં, યજ્ઞમાં પશુવધના પહેલાં અને સૌત્રામણિયજ્ઞના દિવસ પહેલાં, દીક્ષિતનું પણ અન્ન ખાનારને દોષ લાગતો નથી. ૮.

**સુ.**– દીક્ષાથી પહેલાં દીક્ષિતનું અન્ન ખાઈ શકાય છે, તેથી, દીક્ષાના દિવસોમાં ખાવું નહિ, તેમ જ પશુવધના દિવસોમાં ખાવું નહિ. સૌત્રામણિયજ્ઞના હોમ કરવાને દિવસે ખાવું નહિ, જો સુરાના પાત્ર હોય તો. અથવા દીક્ષાથી શરુ કરીને પશુવધ સુધી ખવાય નહિ, અને સૌત્રામણિ યજ્ઞમાં પણ ખવાય નહિ. 'સંસ્થિતે વાગ્નીષોમીયે હુતાયાં વા વપાયામ્' (અગ્નીષોમીય વધ થતા સુધી અથવા મજ્જાના હોમ સુધી) એ વાક્યથી અને સૌત્રામણિ યજ્ઞમાં સુરા પ્રધાન હોવાથી અને 'સુરા એ અન્નનો મેલ છે' એ વાક્યથી મેલના સંબંધવાળું અન્ન ખાવું નહિ. દ્રવ્યનો નિર્દેશ કરેલો હોવો જોઈએ કે નહિ તે પક્ષ સંદેહવાળો હોવાથી અહિં કહ્યો નથી. અન્યત્ર એટલે આ સિવાયને સ્થલે દીક્ષિતનું પણ અન્ન ખાનારને દોષ લાગતો નથી. આ અર્થ યુક્ત છે તે શ્રુતિ બતાવીને સિદ્ધ કર્યું છે.

**લે.**– 'પશુસંસ્થાયા અન્યત્ર' એના પછી 'ભોક્તવ્યમ્' અધ્યાહાર સમજવું.

**સુ.**– આ પ્રમાણે યુક્તિ સહિત યાચના કરવા છતાં તે લોકોએ અન્ન આપ્યું નહિ. તેનો હેતુ અશ્રવણ એટલે એ વાત ગ્રહણ કરવા યોગ્ય તેમને લાગી નહિ. તેનો પણ હેતુ એ કે એ બાલકોની વાણી હતી. કહ્યું છે કે 'જેમને સંસ્કાર નહિ થયો હોય તેમની સાથે, સ્ત્રીની સાથે, અને શુદ્રની સાથે સંભાષણ કરવું નહિ.' તે છતાં ભગવાનના નામથી યાચના કરી હતી તેથી દાન નહિ આપવામાં તેમનો દોષ જ હતો, એમ માનીને શુકદેવજીએ 'ઈતિ તે' એ શ્લોક કહ્યોઃ

**ઈતિ તે ભગવદ્યાચ્ઞાં શ્રૃણ્વન્તોપિ ન શુશ્રુવુઃ ।।**
**ક્ષુદ્રાશા ભૂરિકર્માણો બાલિશા વૃદ્ધમાનિનઃ ।।૯।।**

આ પ્રમાણેની ભગવાનની યાચના તેઓએ સાંભળવા છતાં તેના પર લક્ષ આપ્યું નહિ, કારણ કે તેઓ ક્ષુદ્ર અર્થની આશાવાળા હતા, આડંબરવાળાં કર્મ કરવાવાળા હતા, બાલકબુદ્ધિવાળા હતા, અને ત્રણે વેદનો અર્થ તો અમે જ સમજીએ છીએ એમ માનનારા હતા. ૯.

**સુ.**– તેઓએ ભગવાનની યાચના સાંભળતાં છતાં તેના પર ચિત્ત આપ્યું નહિ, તેનાં કારણો ચાર હતાં 'ક્ષુદ્રાશા' વિગેરે. ક્ષુદ્ર (અલ્પ) અર્થને વિષે જેમની આશા છે એવા તેઓ હતા. પરમાનંદની અપેક્ષાથી સ્વર્ગાનંદ ક્ષુદ્ર છે. શ્રુતિમાં કહ્યું છે

કે 'આ પરમાનંદના આનંદની માત્રાથી બીજાં જીવે છે.' વૈદિક કર્મ જો અંગસહિત કરવામાં આવે તો ફલ અવશ્ય થાય. પ્રમાણબલમાં નિષ્ઠાવાળા હોવાથી તેઓ એમ માને છે કે ભગવાન્ સર્વાત્મક છે અને સર્વત્ર છે. સામાન્ય રીતે પ્રાકટ્યના પક્ષમાં પણ યજ્ઞ પણ ભગવાન્ છે અને સર્વની પ્રારબ્ધ મૂર્તિ જ છે, તેથી તેને સંતોષ આપવો જોઈએ, માટે જેમ યજ્ઞમાં અપરાધ ન પડે તે પ્રમાણે વર્તવું જોઈએ. જો એમ નહિ હોય તો વિધિનિષેધનું કાંઈ પ્રયોજન જ રહેતું નથી. ઘણું ખરું આ બ્રાહ્મણોએ દ્રવ્યનિર્દેશ (જાહેર કરવું તે) કરેલો હતો. 'હોમવાનું દ્રવ્ય, પશુઓ, પુરોડાશો, આ સર્વે મારા યજ્ઞને માટે છે, તે જ્યાં સુધી યજ્ઞ થશે ત્યાં સુધી યજ્ઞમાં હું તેનો ઉપયોગ કરીશ, અને બાકી રહેશે તેમાંથી બ્રાહ્મણો ભોગ કરો' એમ નિર્દેશ કર્યો હતો. આથી બ્રાહ્મણપદ તેમાં કહેલું હોવાથી ભગવાનને પણ તેઓએ અન્ન આપ્યું નહિ, કારણ કે તેમને તો બીજા રૂપનું ભાન થયું. આ પ્રમાણે તેઓ ક્ષુદ્ર આશાવાળા હતા. વળી તેઓ મોટા કર્મ કરવાવાળા હતા. જો કે નાનાં કર્મો કરવામાં તેટલો જ સ્વર્ગ સિદ્ધ થાય, તો પણ નાનું કર્મ કરે જ નહિ. તેથી મોટા યજ્ઞથી પણ જેટલો સ્વર્ગ થાય તેટલો જ ભગવાનને અન્નદાન કરવાથી પણ થાય, ભગવાન્ સર્વયજ્ઞમય હોવાથી અધિક સ્વર્ગ પણ થાય, તે છતાં તેઓએ તેમ કર્યું નહિ. કર્મના તારતમ્યથી ફલનું તારતમ્ય થાય તે ન્યાય છે, તેથી તેઓએ તેમ કર્યું નહિ. અન્યથા પૂર્ણ ભગવાનને આહુતિ આપવાથી સર્વ લોક સિદ્ધ થાય, તેથી સત્રનો આરંભ જ વ્યર્થ થાય, તેથી જેમ સમાન ફલ આપનાર અલ્પ કર્મ કરવામાં આવતાં નથી, તેમ આ પણ તેઓએ કર્યું નહિ. એમ કહ્યું છે કે 'આપતો પણ નથી ને રાંધતો પણ નથી' માટે તેઓ મોટા આડંબરવાળાં કર્મો કરવાવાળા હતા. સ્થુલ કર્મમાં જ તેમની આસક્તિ હતી, તે કર્મ નષ્ટ થાય એવી શંકાથી તેઓએ આપ્યું નહિ, કારણ કે તેઓ અજ્ઞાની હતા. કર્મ તો દેવતાની પ્રીતિને માટે છે. તે દેવતાઓ આધિદૈવિક છે. ભગવાન્ સંતોષ પામે તો જ તેઓને સંતોષ થાય છે. બીજી રીતે નહિ. 'ગોખલામાં જો મધુ પ્રાપ્ત થાય તો પર્વત તરફ શા માટે જાય.' એ ન્યાય પ્રમાણે સર્વફલરૂપ ઐશ્વર્ય વિગેરે સર્વગુણવાળા સર્વદેવતારૂપ અલ્પ સાધનથી જે સંતોષ પામે એવા પરબ્રહ્મનો અનાદર કર્યો. ખરી વસ્તુના અજ્ઞાનથી યજ્ઞ ભગવાનનું પ્રાકટ્ય ન થાય એમ તેઓએ જાણ્યું નહિ. યજ્ઞના સ્વરૂપનું પણ તેમને જ્ઞાન હતું નહિ. નહિ તો મૂલ પરબ્રહ્મનો અનાદર કરવાથી બહુ અંતરાય થશે એમ તેઓ જાણત. પણ કેવલ ભ્રાંતિથી આ જ કરવાનું છે એમ સમજીને તેઓ વર્ત્યા, તેથી તેઓ બાલકબુદ્ધિવાળા જ હતા. વળી જેમ આ સર્વેનું તેમને અજ્ઞાન હતું તેમ જ પોતાનો દોષ પણ તેઓ સમજતા ન હતા. પોતાના દોષનું જો ભાન હોય તો

બીજો કોઈ પણ તેમને બોધ આપે. પોતાની મૂઢતાનું અજ્ઞાન હોવાનું કારણ એ હતું કે તેઓ 'વૃદ્ધમાનિનઃ' અમે જ ત્રણે વેદનો અર્થ જાણીએ છીએ, એમ મિથ્યા આગ્રહવાળા હતા.

**લે.**– 'અશ્રવણમ્ ઈતિ' (અશ્રવણ) એટલે 'ગ્રાહ્યત્વેન અશ્રવણમ્' ગ્રહણ કરવા યોગ્ય ન લાગવું તે. 'દત્તચિત્તાઃ' એટલે સાંભળવા છતાં પણ તે વાત ચિત્તમાં ગ્રહણ કરવા યોગ્ય ગણી નહિ.

**સુ.**– તેમનું અજ્ઞાન સર્વ વસ્તુનું યથાર્થ નિરૂપણ કરીને 'દેશઃ' એ શ્લોકથી પ્રકટ કરે છેઃ

**દેશઃ કાલઃ પૃથગ્ દ્રવ્યં મન્ત્રતન્ત્રદ્વિજાગ્નયઃ ।।**
**દેવતા યજમાનશ્ચ ક્રતુર્ધર્મશ્ચ યન્મયઃ ।।૧૦।।**

દેશ, કાલ, દ્રવ્ય, મંત્ર, તંત્ર, દ્વિજ (બ્રાહ્મણ) અગ્નિ, દેવતા, યજમાન, ક્રતુ, ધર્મ એ સર્વરૂપ જે છે તે (એ સર્વના જુદા જુદા સ્વરૂપ અથવા જુદા જુદા દ્રવ્યો). ૧૦.

**સુ.**– દેશ વિગેરે અગીઆર અથવા બાર, કોઈનું સ્વરૂપ તેઓ જાણતા નથી. કર્મ તો જ્ઞાનસહિત કરવું જોઈએ, ત્યાં દેશ એટલે દેવોના યજ્ઞ થાય તે સ્થાનો, કાલ વસંત વિગેરે. પૃથક્ એટલે જુદા જુદા ભેદ સર્વ વસ્તુમાં સમજવા, અથવા પૃથક્ દ્રવ્ય માત્રનું વિશેષણ લેવું. એટલે જુદા જુદા દ્રવ્ય. મંત્ર, ઋગ્ વિગેરે. તંત્ર એટલે એક પછી એક તેવી સ્થિતિ અથવા ક્રિયાઓનો સમુદાય. દ્વિજ બ્રાહ્મણો તેમાં 'ભાર્ગવ, હોતા એટલે યજ્ઞ કરાવનાર–હોમનાર થાય છે' વિગેરે ભેદો. અગ્નિ એ બહુ પ્રકારના જુદા જુદા હોય છે, આહવનીય વિગેરે. દેવતા અગ્નિ વિગેરે. યજમાન બ્રાહ્મણ વિગેરે, તેમાં પણ 'સિક્તરેતા' વિગેરે જુદા જુદા ભેદ છે. ક્રતુ એટલે યજ્ઞની અધિષ્ઠાત્રી દેવતા. ધર્મ એટલે યજ્ઞ, 'ચ'થી તેના અંગો વિગેરે સર્વે. અથવા આધ્યાત્મિક ભેદથી ક્રતુ એટલે યજ્ઞ, ધર્મ એટલે તે યજ્ઞથી ઉત્પન્ન થતું અપૂર્વ.

**સુ.**– શંકા– આ સર્વ બ્રહ્માત્મક છે તો ચાલતા વિષયમાં ઠપકો શા માટે આપો છો? ઉત્તર– 'તદ્ બ્રહ્મ' એ શ્લોકથી કહે છેઃ

**તદ્ બ્રહ્મ પરમં સાક્ષાદ્ભગવન્તમધોક્ષજમ્ ।।**
**મનુષ્યદૃષ્ટ્યા દુઃપ્રજ્ઞા મર્ત્યાત્માનો ન મેનિરે ।।૧૧।।**

તે પરમ બ્રહ્મ સાક્ષાત્ ભગવાન્ જેનાથી ઈન્દ્રિયજન્ય જ્ઞાન હેઠે રહે છે તેને દુષ્ટ બુદ્ધિવાળાઓ કે જેઓ પોતાના આત્માને પણ મર્ત્ય માને છે તેઓએ મનુષ્ય દૃષ્ટિથી તેમનું માન્યું નહિ. ૧૧.

**સુ.**– આ જે સર્વ છે, તે બ્રહ્મ છે તેમાં પણ પરમ બ્રહ્મ છે. બ્રહ્મ શબ્દથી ચાર વસ્તુ કહેવામાં આવે છે. વેદ, બ્રાહ્મણ જાતિ, બ્રહ્મા અને પરબ્રહ્મ, માટે બીજા ત્રણથી છુટું પાડવાને 'પરમ' શબ્દ વાપર્યો છે, તે જ આ (ભગવાન્) સાક્ષાત્ છે. સાક્ષાત્ શબ્દથી ઉપચાર(બહાના)થી એ બ્રહ્મ છે, કાર્યથી બ્રહ્મ છે, અંશથી બ્રહ્મ છે, સગુણ બ્રહ્મ છે, એ સર્વે પક્ષો દૂર કર્યા. તેથી પણ અધિક 'ભગવન્તમ્' એ શબ્દથી કહે છે. છ ગુણ અને ઐશ્વર્યથી યુક્ત પુરુષોત્તમ તે ભગવાન્. ભગવત્ શબ્દથી કહેવાતા પ્રાકૃતપણાને દૂર કરવાને 'અધોક્ષજ' એ પદ કહ્યું છે; નીચે છે ઇન્દ્રિયથી ઉત્પન્ન થતું જ્ઞાન જેનાથી એવા.

શંકા– તો પછી આવી વસ્તુ જે પ્રકટ છે અને સ્વયંપ્રકાશ છે તેમને વિષે તેઓને અજ્ઞાન કેમ થયું?

તેનું સમાધાન 'મનુષ્યદષ્ટ્યા' એ પદથી કરે છે. તેમના ઉંધા જ્ઞાનથી તેમને અજ્ઞાન થયું છે. જો અન્યભાવની સ્ફૂર્તિ તેમને ન હોત તો વિચારમાં અને જ્ઞાનના ઉપાય યોજવામાં તેમની પ્રવૃત્તિ થાત. અન્યથા (ઉંધા) જ્ઞાનનો હેતુ 'દુઃપ્રજ્ઞા' (દુષ્ટ હતી બુદ્ધિ જેમની) એ પદથી કહે છે. બુદ્ધિના દોષથી સર્વત્ર તેમને અન્યથાજ્ઞાન હતું, તેમ જ ચાલતા પ્રસંગમાં પણ તેમને અન્યથાજ્ઞાન થયું.

શંકા– અહિં અન્યથાજ્ઞાન થવું યોગ્ય નથી, કારણ કે બ્રહ્મના સમાન ધર્મવાળું કોઈ છે નહિ. બ્રહ્મ કાંઈ વિષયરૂપ નથી. તેથી તેના ઉપર વસ્તુનો આરોપ કરી શકાય નહિ. બ્રહ્મ સ્વપ્રકાશ હોવાથી પણ તેનું અન્યથાજ્ઞાન થાય નહિ, અને સર્વ પ્રકારે શુદ્ધ હોવાથી તેમાં અન્યથાબુદ્ધિ કેમ થાય?

સમાધાન– 'મર્ત્યાત્માનઃ' તેમની બુદ્ધિ અહિં વિષયને સ્પર્શ કરતી નથી, કિંતુ વચ્ચે રહેલી માયાને જ અવલંબન કરે છે, જેમ કે ભ્રમદષ્ટિવાળાને ભૂમિ ફરતી દેખાય છે તેમ. ત્યાં કોઈ પણ વખત ભૂમિ વિગેરેમાં કાંઈ આવર્ત એટલે ફરવાપણું હોતું નથી. તેથી પોતાના અધિકારને લીધે વચમાં જ ભૂમિ વિગેરેમાં દષ્ટિભ્રમણનો આરોપ કરવામાં આવે છે. (તેથી સ્થિર ભૂમિ ફરતી દેખાય છે). જો વિષયના ધર્મોને લઈને તેમ હોત તો છીપમાં રૂપાની માફક બીજા જોનારને પણ તેવો ભ્રમ થાત. (પણ ભ્રમદષ્ટિવાળાને જ ભૂમિ ફરતી દેખાય છે, બીજાને ફરતી દેખાતી નથી) અને તેને પણ બીજે સમયે પણ તેવો ભ્રમ થાત, (પણ તેવું થતું નથી). તેથી તેઓ માનુષભાવ થી વ્યાપ્ત હોવાને લીધે પોતાને મનુષ્યો માનીને ભગવાનને પણ તેવા મનુષ્ય જ માને છે, જેમ ચોર બધાને ચોર જ સમજે છે, તેમ મૂર્ખ માણસ જો દેવ ઉતરીને આવે તેને પણ પોતાના જેવો જ માને છે, જેમ પારધી તપસ્વીને માને છે, કેમ કે તેને તે

બીજો પોતાથી વિલક્ષણ છે એવું જ્ઞાન નથી. તેથી પોતાના દોષને જ નિર્દુષ્ટ વિષયમાં-ભગવાનમાં ઉંધી સ્ફૂર્તિ થાય છે. તેથી આ લોકો જેઓ પોતાના આત્માને પણ મર્ત્ય એટલે મરવા યોગ્ય કરી નાખે છે, તો પરમાત્માને પણ તેમ કરવામાં તેમને શું પ્રયાસ પડે? માટે ભગવત્શાસ્ત્ર જાણીને પણ તેઓએ તેમનું માન્યું નહિ.

**લે.**- 'સમાનધર્માભાવાત્', સમાન ધર્મવાળું કોઈ છે નહિ વિગેરેથી અન્યથા જ્ઞાનના અસંભવનો હેતુ કહે છે. સમાન એટલે પોતાના સ્થાનમાં રહેતો સમાનસ્થાનવાળો ધર્મ. રૂપાના સમાનસ્થાનવાળો ધર્મ ચકચક થવું તે છીપમાં પણ છે, તેથી તેને વિષે આરોપ યોગ્ય છે, તેથી બુદ્ધિ વડે રૂપાપણાના આરોપને લીધે છીપમાં તેવા પ્રકારનું જ્ઞાન થાય છે. મનુષ્યપણું તો સ્વસમાન્ અધિકરણ ધર્મ ભગવાનમાં નહિ હોવાથી ભગવાનમાં આરોપ યોગ્ય નથી, તેથી બુદ્ધિ વડે મનુષ્યત્વના આરોપનો સંભવ ભગવાનમાં નહિ હોવાથી ભગવાન્ મનુષ્ય છે એવા પ્રકારનું જ્ઞાન થાય નહિ. તેથી તેવા જ્ઞાનનો ભગવાનમાં અસંભવ છે. અન્યથા જ્ઞાન કહેવાથી અન્યથાખ્યાતિનો પક્ષ લઈને જ વ્યાખ્યાન કર્યું, સમાન ધર્મના અભાવનો હેતુ 'સ્વપ્રકાશત્વાત્', સ્વયંપ્રકાશ છે, એ પદથી કહે છે. સ્વયં પ્રકાશ હોવાથી વિષય બ્રહ્મરૂપ છે, સર્વથા સર્વપ્રકારે શુદ્ધ છે, તેમાં કોઈ પણ પ્રકારે મનુષ્યત્વના સમાન ધર્મનો સંભવ નથી. 'કથં ઈતિ' એના પછી 'તદા' અધ્યાહાર છે, એટલે અસંભવ હોવાથી એવો અર્થ છે. 'ન વિષયં સ્પૃશતિ' બુદ્ધિ અહિં વિષયને સ્પર્શ કરતી નથી વિગેરે, વિષયના ઔત્પત્તિક ધર્મોનો (બુદ્ધિ) વિચાર કરતી નથી. તેનો વિચાર કરે તો અસમાન્ ધર્મોનો વિચાર થાય નહિ. 'મધ્ય એવેતિ' વચ્ચે રહેલી વિગેરે. મધ્ય ધર્મોનો જ વિચાર કરે છે. 'ભૂમ્યાદયઃ' પછી 'પ્રતીયન્તે' અધ્યાહાર સમજવું. ભૂમિના ઔત્પત્તિક ધર્મોનો વિચાર થતો નથી. સ્થિરત્વ એ ભૂમિનો ઔત્પત્તિક ધર્મ છે, તે 'વિષયધર્માણામ્' વિગેરે પદથી કહે છે. જો વિષયમાં આવર્ત એટલે ફરવાપણું હોત તો 'અન્યસ્યાપિ' એટલે જેને ભ્રમણ નથી તેને પણ તેમ દેખાત. ('અન્યઃ સ્યાત્' તેને બદલે 'અન્યસ્યાપિ સ્યાત્' એ પાઠ ટીકાકારોએ લીધેલો છે) 'તસ્યાપિ' એટલે જેને ભ્રમણ છે તેને પણ. 'મનુષ્યા એવેતિ' જીવને દેહરૂપ માનતા તેઓ. 'મર્ત્યં કૃતવન્તઃ ઈતિ' જીવને દેહરૂપ માનવા લાગ્યા. 'અતઃ ઈતિ' પોતાનો જે મર્ત્યત્વ ધર્મ માની બેઠેલા છે તેનો જ વિચાર કરનારા, ભગવાન્ જે સર્વપ્રકાશ છે તેના ધર્મનો વિચાર નહિ કરનારા, તેથી ભગવાનને વિષે મનુષ્યદષ્ટિથી ભગવાનના વાક્યને માન્યું નહિ. 'ભગવત્શાસ્ત્રમ્' એટલે વેદ વિગેરે. 'દૃષ્ટ્વાપિ' એટલે તેને જોવા છતાં પણ, તેના તાત્પર્યના અજ્ઞાનને લીધે મર્ત્યપણું માન્યું. 'મર્ત્યાત્માનઃ મર્ત્યઃ મર્ત્યત્વેન માનિતઃ આત્મા યેષામ્ ઈતિ વિગ્રહઃ' મર્ત્યત્વરૂપે માનેલો છે આત્મા જેમણે.

**યો.**- 'ન હ્યત્ર તેષાં બુદ્ધિર્વિષયં સ્પૃશતિ' તેમની બુદ્ધિ અહિં વિષયને સ્પર્શ કરતી નથી. અહિં આ સમજવાનું છે. ભ્રમ બે પ્રકારનો છે, એક ઉપાધિસહિત અને બીજો નિરૂપાધિક, ઉપાધિસહિત ભ્રમ, ફરતા ઘડામાં, પીળા શંખમાં અને સાકર તીખી વિગેરેમાં

છે, ત્યાં અધિષ્ઠાનરૂપ ઘટનું ચક્ષુ ગ્રહણ કરે તેમાં ભ્રમણ કરવારૂપ ઉપાધિને આગળ કરીને ભગવાનની શક્તિ માયા ઘટમાં ખોટું ભ્રમણ ઉત્પન્ન કરે છે, તે ભ્રમણ માયિક છે, અને ઘડો સત્ય છે, તે બંને ચક્ષુ ગ્રહણ કરે છે, તે 'ઋતેઽર્થં યત્પ્રતીયેત' એ બીજા સ્કંધના અ. ૯ શ્લોક ૩૩માં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે. વિષય ભગવાન્ છે, અને વિષયતા માયાને લીધે છે. વિષયરૂપ ઘટમાં ભ્રમણરૂપ ધર્મ વિષયતા કહેવાય, તે તે જ શ્લોકના સુબોધિનીમાં કહ્યું છે કે 'વિષયે વિષયતા કાચિત્સ્વીકર્તવ્યા', વિષયમાં કાંઈક વિષયતા સ્વીકારવી જોઈએ. તે વિષયતા વિષયને સ્પર્શ કરતી નથી, તેનું કારણ માયા છે. વિષયતા ભ્રમણરૂપ છે અને માયાજન્ય છે. વિષય જે ઘટ છે, તે ભગવાન્ છે, તેમાં આ ઘટ છે, એ જ્ઞાન વિષયજન્ય છે. અને તે ભ્રમણ કરે છે, એ જ્ઞાન વિષયતાજન્ય છે, ત્યાં ચક્ષુઈન્દ્રિય વિષયને અને વિષયતાને બંનેને સ્પર્શ કરે છે, તેથી ઘડો ભ્રમણ કરે છે એમ આપણને ભાન થાય છે. ત્યાં જેઓ બાલક અથવા અજ્ઞાની છે તેમને એમ ભાન થતું નથી, કે ભ્રમણરૂપ ઉપાધિને લઈને માયાકલ્પિત ભ્રમણ આપણને દેખાય છે, પણ ખરી રીતે ભ્રમણ છે જ નહિ. તેમની બુદ્ધિ તમોગુણથી ઢંકાએલી હોવાથી તેમને જ્ઞાનનો અભાવ છે, વસ્તુતઃ આ ઘટ જ ભ્રમણ કરે છે, એવું જ્ઞાન તેમને થાય છે. હવે ભાગવત્ સિદ્ધાંતમાં દરેક જ્ઞાનનું કારણ બુદ્ધિ છે. એ બુદ્ધિ દોષિત થવાથી ઘટના ભ્રમણની ખોટી પ્રતીતિ થાય છે, તેથી તમોગુણથી ઢંકાએલી બુદ્ધિ ઘડો ભ્રમણ કરે છે એવો નિશ્ચય કરે છે, તેથી તેમની બુદ્ધિ શુદ્ધ ઘડાને ગ્રહણ કરતી નથી, કિંતુ પોતે કલ્પેલો ભ્રમણ કરતો ઘડો ગ્રહણ કરે છે. ચક્ષુ ઈન્દ્રિય તો શુદ્ધ ઘડાને માયિક ભ્રમણસહિત સ્પર્શ કરે છે તે સામાન્ય જ્ઞાન છે, કે આ ઘડો ભ્રમણયુક્ત છે, તે ચક્ષુનું ગ્રહણ છે, બુદ્ધિનું નથી. તેથી, ચક્ષુથી જે ગ્રહણ થાય છે તે કાંઈ મિથ્યા નથી. કિંતુ બુદ્ધિકલ્પિત જે ગ્રહણ થાય છે તે મિથ્યા છે, આમ હોવાથી ઈન્દ્રિયોનો શુદ્ધ ઘટનો સંબંધ થવા છતાં તમોગુણથી ઢંકાએલી બાલક બુદ્ધિને શુદ્ધ ઘટનો સંબંધ થતો નથી, તે જ અહિં 'નહિ અત્ર તેષામ્ બુદ્ધિઃ વિષયં સ્પૃશતિ'થી આરંભી 'સ્વાધિકારાત્ આરોપ્યતે' ત્યાં સુધી કહ્યું છે. તે અજ્ઞાનીઓની બુદ્ધિ વિષયને સ્પર્શ કરતી નથી. ઈન્દ્રિયો વિષયને સ્પર્શ કરતી નથી. મન ઈન્દ્રિયોની સાથે જોડાએલું વિષયને ગ્રહણ કરતું છતાં નિશ્ચયાત્મક અથવા ભ્રમાત્મક સંશયજ્ઞાન ઉત્પન્ન કરી શકાતું નથી, પણ સામાન્ય જ્ઞાન ઉત્પન્ન કરે છે. વિશેષ જ્ઞાન તો બુદ્ધિ ઉત્પન્ન કરે છે. તૃતીયસ્કંધમાં અ.૨૫ શ્લોક.૩૦ કપિલદેવજીના વાક્યમાં 'સંશયોઽથ વિપર્યાસો નિશ્ચયઃ સ્મૃતિરેવ ચ। સ્વાપ ઈત્યુચ્યતે બુદ્ધેર્લક્ષણં વૃત્તિતઃ પૃથક્ ।' ત્યાં સંશય, વિપરીતજ્ઞાન, નિશ્ચય, સ્મૃતિ, સ્વપ્ન એ સર્વ જ્ઞાન બુદ્ધિની વૃત્તિરૂપ કહ્યાં છે. તેમાં સત્ત્વગુણસહિત બુદ્ધિ નિશ્ચયાત્મક જ્ઞાન ઉત્પન્ન કરે છે, રજોગુણસહિત બુદ્ધિ સંશયાત્મક જ્ઞાન ઉત્પન્ન કરે છે, તમોગુણસહિત બુદ્ધિ ભ્રમાત્મક જ્ઞાન ઉત્પન્ન કરે છે, એમ વિવેક (તફાવત) છે.

નિરુપાધિક ભ્રમવાળી છીપમાં આ રૂપું છે એમાં રૂપું કાંઈ માયાજનિત નથી, કિંતુ

તમોગુણયુક્ત બુદ્ધિથી કલ્પાએલું છે, તે રૂપાને જ બુદ્ધિ ગ્રહણ કરે છે, અને તે 'અન્તરેવ' એટલે માયામાં જ રહે છે, કાંઈ ચક્ષુથી તે ગ્રહણ થતું નથી. મનથી સંયુક્ત ચક્ષુ ગ્રહણ કરાતી સત્ય છીપ જે સત્ય છે તેની અંદર રૂપાના સંસ્કારના પ્રબલપણાથી તમોગુણયુક્ત બુદ્ધિ રૂપાને ઉત્પન્ન કરે છે, તે રૂપાનું જ્ઞાન બુદ્ધિથી ગ્રહણ થાય છે તે વેદસ્તુતિમાં કહ્યું છે. 'અન્તરા ત્વા યે વિભાતિ મયૈકરસે.' રૂપું તો પછી બુદ્ધિની અંદર ઉત્પન્ન થાય છે, અને તે વિષયરૂપે ગ્રહણ કરાય છે, તેથી ચક્ષુઈન્દ્રિય તો છીપનું જ ગ્રહણ કરે છે, પણ બુદ્ધિ રૂપાને વિષયરૂપ જુવે છે. માટે ઈન્દ્રિયથી સંયુક્ત જે છીપ તેનાથી અન્ય રૂપાની ખ્યાતિ થાય છે, તેથી સિદ્ધાંત અન્યખ્યાતિનો છે. સોપાધિકભ્રમની અંદર એટલે શંખ પીળો છે વિગેરેમાં વિષયના ગુણો ભ્રમનો હેતુ નથી, પણ કાચ-કમળો વિગેરે ઉપાધિ ભ્રમનો હેતુ છે, તે 'વિષયધર્માણામ્ હેતુત્વે' વિગેરેથી 'રજતભ્રમવદન્યસ્યાપિ સ્યાત્' ત્યાં સુધી કહે છે. જેમ રૂપાનો ભ્રમ ચકચક થવું વિગેરે ગુણને લઈને ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે શંખ પીળો દેખાય છે તેમાં વિષયના ગુણથી ભ્રમ નથી, એમ હોવાથી એક માણસને ઉત્પન્ન થતો રૂપારૂપ ધર્મ બીજાને પણ ઉત્પન્ન થાય છે. તેમ એક માણસને ઉત્પન્ન થતો શંખમાં પીળાશ દેખાવાનો ભ્રમ બીજો જે કમળાના દોષથી રહિત છે, તેને ઉત્પન્ન થતો નથી, કારણ કે વિષયમાં (શંખમાં) પીળાપણાના ધર્મનો અભાવ છે, તે બાબત 'રજતભ્રમવદન્યસ્યાપિ સ્યાત્' એ વાક્યથી કહ્યું છે. વળી જેને શંખ પીળો છે, એમ ભાન થાય છે, તેને પણ કમળાની ઉપાધિ નિવૃત્ત થતાં તેવું ભાન થતું નથી, જો વિષય (શંખ)ના ધર્મને લીધે જ તે હોત તો તે ધર્મો સર્વને તુલ્ય હોવાથી કાલાંતરે પણ એટલે કમળાની નિવૃત્તિ થયા પછી પણ તે થાત, તે બાબત 'તસ્યાપિ કાલાંતરે સ્યાત્' એથી કહે છે. તે નિરુપાધિક ભ્રમ અધિષ્ઠાનના જ્ઞાનથી નાશ પામે છે. સોપાધિક ભ્રમ શંખ પીળો છે વિગેરે તો અધિષ્ઠાન પીળું ન હોવા છતાં તેવું જ્ઞાન થાય છે, તેથી અધિષ્ઠાનના જ્ઞાનથી નાશ પામતું નથી, કિંતુ ઉપાધિનો નાશ થવાથી તેનો નાથ થાય છે. એમ એ બેમાં ભેદ છે. ચાલતા વિષયમાં ભગવદિચ્છાથી જણાતા ભગવાનના મનુષ્યધર્મો જે અવાસ્તવ એટલે ખોટા છે તે ભક્તિરહિત બુદ્ધિના દોષથી ભગવાનને વિષે જણાય છે. તેથી ભગવાનમાં મનુષ્યબુદ્ધિ થાય છે, તેથી અહિં સોપાધિક ભ્રમ છે એમ સમજવું, જ્યારે ભગવદિચ્છાથી ભગવદ્ભક્તિસહિત બુદ્ધિ થાય છે, ત્યારે ઉપાધિનો નાશ થાય છે, અને ભગવાનમાં મનુષ્યપણાનો ભ્રમ નિવૃત્ત થાય છે એમ સમજવું. ભ્રમસ્વરૂપનો વિશેષ વિચાર તો મેં 'પ્રમેયરત્નાર્ણવ'માં 'ખ્યાતિવિવેક'માં વિસ્તારથી જણાવેલો છે, તેથી જેને વિશેષ જીજ્ઞાસા થાય તેણે ત્યાંથી જોઈ લેવું.

**સુ.**- પછી જે થયું તે 'ન તે યદોમિતિ પ્રોચુઃ' એ શ્લોકથી કહે છેઃ

**ન તે યદોમિતિ પ્રોચુર્ન નેતિ ચ પરન્તપ ।।**
**ગોપા નિરાશાઃ પ્રત્યેત્ય તથોચુઃ કૃષ્ણરામયોઃ ।।૧૨।।**

હે પરંતપ ! તેઓએ હા, એમ અંગીકારવાક્ય કહ્યું નહિ, અને ના, એમ પણ કહ્યું

નહિ, તેથી ગોપોએ નિરાશ થઈ પાછા ફરીને કૃષ્ણ અને રામને તે પ્રમાણે કહ્યું. ૧૨

**સુ.**– 'ઓમ્' એટલે અંગીકાર કરવું. 'ન' એટલે ના કહેવું. જો ના કહેત તો બીજા ઉપાય કરવામાં તેમની પ્રવૃત્તિ થાત, અથવા તેમના ધર્મથી સંતુષ્ટ થાત, તેઓએ 'ના' ન કહી તે અસત્ય હતું, તેથી તેમનામાં સત્યની નિવૃત્તિ થઈ એ સિદ્ધ થયું, તેથી ગોપો નિરાશ થઈને પાછા ફર્યા. 'પરંતપ' એ સંબોધન પોતાના આધિદૈવિક શુકને કોપનો નિષેધ કરવાને માટે કહેવાઈ ગયું. અથવા 'પરંતપ' એ સંબોધન રાજા પરીક્ષિતનું સમજવું. જો મોટું ભાગ્ય હોય તો જ અતિથિ વિમુખ જતો નથી, એમ રાજાના ભાગ્યનું અભિનંદન કરવાને માટે તેને પરંતપ કહ્યો. પાછા ફરીને એટલે એકદમ ભગવાન્ પાસે પાછા જઈને કૃષ્ણ અને રામની પાસે તે પ્રમાણે કહ્યું.

**લે.**– જો નિષેધ ન કર્યો તો ગોપોને નિરાશા કેમ થઈ એમ શંકા થાય તો 'ન' એ પદથી કહે છે. અસત્યમાં અભિનિવેશ થવાથી વસ્તુનું શુદ્ધજ્ઞાન ન થાય, તેથી 'ના' એમ કહે તે સત્યની નિવૃત્તિ તો કાંઈ પણ ન બોલીને મુંગા રહેવાથી પણ સિદ્ધ જ થઈ. જો શુદ્ધજ્ઞાન હોય તો મુંગા કેમ રહે? તેથી ના એમ ન બોલ્યા, તે છતાં તેમના અજ્ઞાનનો નિશ્ચય કરીને નિરાશ થયા. પરંતપ' એ રાજાનું સંબોધન છે, દશમસ્કંધની નિરોધલીલાના આરંભમાં શુકદેવજીએ પોતાને વિષે પધારેલા આધિદૈવિક ભગવદ્રૂપ શુકને કોપનો નિષેધ કરવાને માટે વાપર્યું છે. 'ઉક્તમ્' એ અહિંઆં અધ્યાહાર છે. તું પરંતપ હોવાથી મારે વિષે આવિષ્ટ થએલા ભગવાનનું દર્શન કરે છે. તેથી તેનામાં પ્રત્યક્ષ કોપના અભાવનું દર્શન કર એવો ભાવ છે. રાજાને શુકને વિષે આવિષ્ટ થએલા ભગવાનનું દર્શન કોઈ પણ સ્થલે સ્ફુટ કહ્યું નથી, તેથી અરુચિથી બીજો પક્ષ કહે છે કે 'રાજ્ઞો વા' એટલે રાજાના કોપનો નિષેધ કરવાને માટે. આ અર્થમાં 'કોપનિષેધાર્થમ્' (કોપના નિષેધને માટે) એટલું અધ્યાહાર સમજવું. તેનું વિશેષ વિવેચન 'મહત્' (મોટું ભાગ્ય વિગેરે) પદોથી કરે છે, તારું એવું મોટું ભાગ્ય છે, તે બ્રાહ્મણોનું એવું ભાગ્ય નથી, તેથી અભાગ્યને લીધે એમ કહ્યું. માટે એવા મૂઢ મનુષ્યો તરફ કોપ કરવો ઉચિત નથી એવો ભાવ છે.

**યો.**– 'ન ઈતિ અસત્યે સત્યનિવૃત્તેઃ સિદ્ધત્વાત્' તેઓએ જે 'ઓમ્' (હા) એમ ન કહ્યું તે સત્ય હતું, કારણ કે બ્રાહ્મણોનો તેવો જ અભિપ્રાય હતો, તેઓએ જે 'ન' (ના) એમ ન કહ્યું તે અસત્ય હતું, કારણ કે તેમનો અભિપ્રાય આપવાનો નહિ હતો તેથી ના કહેવી યુક્ત હતી, તે છતાં ના એમ ન કહ્યું તે અસત્ય હતું. એ પ્રમાણે ના ન કહી તે તે બ્રાહ્મણોના હૃદયમાં અસત્યનો અભિનિવેશ સૂચવે છે. એમ હોવાથી જે સિદ્ધ થયું તે 'સત્યનિવૃત્તેઃ સિદ્ધત્વાત્' એ પદોથી કહે છે. અસત્યના અભિનિવેશથી સત્યની નિવૃત્તિ થાય જ, અને જ્યાં અસત્ય હોય ત્યાં સત્યને અવલંબન કરનારાઓએ સ્થિતિ કરવી નહિ,

પણ જતું રહેવું, તેથી ગોપો નિરાશ થઈને પાછા ફર્યા. દશમસ્કંધની લીલા નિરૂપણ કરવાને શુકદેવજીમાં ભગવાને આવેશ કર્યો તે 'વૈયાસકિઃ સભગવાન્' એ વાક્યમાં કહ્યું છે. ત્યાં 'સભગવાન્' એટલે ભગવાનસહિત એ અર્થ છે, તેથી શુકને વિષે આવિષ્ટ થએલા ભગવાન્ આધિદૈવિક શુક કહેવાય છે. માટે આધિદૈવિક શુક એટલે ભગવાનને પરંતપ એ સંબોધન શુકદેવજીએ કર્યું, તેનું પ્રયોજન કોપના નિષેધને માટે હતું. ગોપો નિરાશ થઈને પાછા ફર્યા એમ શુકના મુખમાંથી શ્રવણ કરીને શુકને વિષે આવિષ્ટ ભગવાન્ ક્રોધ કરે તે ક્રોધના નિષેધ માટે તે હતું. 'પરંતપ' એમાં 'પર' એટલે ક્રોધાત્મક શત્રુ તેને જે તાપ કરે તે પરંતપ. તમે પરંતપ હોવાથી ક્રોધ ન કરવો એ અહિં કહેવાનું પ્રયોજન છે.

શંકા– પોતાને વિષે આવિષ્ટ ભગવાનને સેવક શુકદેવજી ક્રોધ ન કરવો એમ ઉપદેશ કેવી રીતે કરે?

ઉત્તર– 'આગતમ્' (કહેવાઈ ગયું) એ પદથી કહે છે. એટલે શુકદેવજીને એ સમયની લીલાની ભાવનાથી પરવશ થઈ જવાથી મુખમાંથી તે નિકળી ગયું. શુકદેવજીએ તે વિચાર કરીને કહ્યું નથી. 'રાજ્ઞો વા' અથવા પરંતપ એ સંબોધન રાજા પરીક્ષિતને માટે સમજવું, તેનું પ્રયોજન પણ પ્રથમ કહ્યું તેમ જ તેના કોપના નિષેધને માટે જ હતું. રાજા પરમ વૈષ્ણવ છે, ગોપો નિરાશ થઈને પાછા ગયા તે સાંભળીને તે પર ક્રોધ કરે, તે ક્રોધનો શુકદેવજી પરંતપ એમ સંબોધન કરીને નિષેધ કરે છે કે તમે 'પર' એટલે ક્રોધરૂપ શત્રુ તેને તાપ કરનાર છો, તેથી બ્રાહ્મણોએ જે આ અઘટિત કર્યું તેમાં તમારે ક્રોધ કરવો નહિ. કારણ કે તમો બ્રાહ્મણોને દેવતા માનનાર છો.

**તદુપાકર્ણ્ય ભગવાન્ પ્રહસ્ય જગદીશ્વરઃ ।।**
**વ્યાજહાર પુનર્ગોપાન્ દર્શયઁલ્લૌકિકીં ગતિમ્ ।।૧૩।।**

ભગવાન્ જગતના ઈશ્વર તે સાંભળીને હસ્યા, અને ગોપોને લોકની ગતિનું દર્શન કરાવી તેમને ફરીથી કહ્યું. ૧૩.

**સુ.**– ગોપોના ખેદ વિગેરેને જોઈને અને યાજ્ઞિકોનું ભગવાનથી વિમુખપણું હોવાથી તેમના તરફનો ક્રોધ જોઈને તે નિવૃત્ત કરવાને માટે ભગવાને હાસ્ય કર્યું.

શંકા– ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી તે યાજ્ઞિકો તરફ ભગવાને ક્રોધ કરવો જોઈએ, તો પછી હાસ્ય કેમ કર્યું? ઉત્તર– 'જગદીશ્વરઃ' 'જગતના એ જ ઈશ્વર છે,' એ પદથી કહે છે. તેમને તેવી જ રીતનો ભગવાને પ્રબોધ કર્યો હતો (તેથી તેઓ તેમ વર્ત્યા). તે ગોપો પૂર્વનો ખેદ ભુલી ગયા, તેથી તેમને ફરીથી ભગવાને કહ્યું અને પાછું જવાનું અંગીકાર કરે એમ તેમને પ્રબોધ કર્યો કે લૌકિકગતિ તો આવા જ પ્રકારની હોય છે. કોઈવાર માગેલું મળે છે, કોઈકવાર નથી મળતું અને કોઈકવાર માગનારને ઉત્તર પણ મળતો નથી.

**સુ.**– ભગવાનનું વાક્ય 'માં જ્ઞાપયત' એ શ્લોકથી કહે છેઃ

**માં જ્ઞાપયત પત્નીભ્યઃ સસંકર્ષણમાગતમ્ ।।**
**દાસ્યન્તિ કામમન્નં વઃ સ્નિગ્ધા મય્યુષિતા ધિયા ।।૧૪।।**

સંકર્ષણસહિત હું આવ્યો છું એમ તમે પત્નીઓને જણાવો, તેઓ તમને તમારી ઈચ્છાપૂર્વક અન્ન આપશે, કેમ કે તેઓ મારે વિષે સ્નેહવાળાં છે, અને બુદ્ધિથી તેઓ મારે વિષે રહ્યાં છે. ૧૪.

**સુ.**– યજ્ઞને વિષે યજમાનની પત્નીઓ તે પત્નીઓ જ કહેવાય છે. તેઓ નિર્દોષ છે એમ જણાવવાને માટે તેમને પત્ની કહે છે. શ્રુતિમાં કહ્યું છે કે 'સ્ત્રીઓ નિરિન્દ્રિય છે, તેમને મિલકતમાં ભાગ નથી, તેઓ તો ચાકર જેવાં છે, વિગેરે,' તેથી તેઓ નિર્દુષ્ટ હોવાથી તેમને મારી ખબર કરો કે હું બલભદ્રસહિત આવેલો છું. તમારે યાચના તો કરવી જ નહિ. માગ્યા વગર જ તેઓ તમને આપશે અને તમારી ઈચ્છાપુરતું આપશે. 'કામ' (યથેષ્ટ) પદથી અને 'વઃ' (તમને) એ પદથી તેનો અન્નદોષ નિરૂપણ કર્યો. તમને દાન આપશે તેનો હેતુ એ છે કે મારે વિષે તેઓ પ્રેમવાળાં છે. તેથી મારું આવવાનું તેમને જણાવવાથી તેમને સંતોષ થશે, અને જેમ કોઈ પ્રિય વાર્તા લાવનારને દાન આપવામાં આવે છે તેમ તમને આપશે. વળી બુદ્ધિથી તેઓ મારે વિષે જ રહેલા છે. સંઘાત એટલે શરીરમાં બુદ્ધિથી તેઓ મારે વિષે રહેલાં છે, અને બુદ્ધિ સિવાય બીજાથી એટલે દેહ, ઈન્દ્રિય અને પ્રાણથી તેઓ ત્યાં રહેલાં છે. બુદ્ધિ એ તો દૃષ્ટાંત માત્ર છે, જ્ઞાનશક્તિથી અને અંતઃકરણથી તેઓ અહિં મારી પાસે રહેલાં છે, અને બાહ્યક્રિયાથી અને દેહથી તેઓ ત્યાં રહેલાં છે, તેથી તેમની જ્ઞાનશક્તિ મારે વિષે રહેલી છે, તેથી તેઓ તમને આપશે.

**ટિ.**– 'તસ્યાન્નદોષો નિરૂપિતઃ'. તેનો અન્નદોષ નિરૂપણ કર્યો વિગેરે. પ્રથમ કામ પદનો યથેષ્ટ એમ અર્થ કર્યો, હવે કામને અન્નનું વિશેષણ લઈને તેનું તાત્પર્ય કહે છે. પોતે ભોગ કરવાથી દોષ થાય છે. એમ જાણવું તે દોષ કેવી રીતે નિરૂપણ કર્યો? તેના ઉત્તરમાં કહે છે કે 'કામપદાત્' કામપદથી નિરૂપણ કર્યો. અહિં આ અર્થ છે. અન્નના સ્વામી પુરુષ છે, તેઓએ તે અન્ન સ્વર્ગની કામનાથી યજ્ઞસંબંધી બીજા દેવતાઓના ઉદ્દેશથી સંકલ્પપૂર્વક સિદ્ધ કરેલું હોવાથી, સકામ હોવાથી અને તેમાં પુષ્કળ કામ હોવાથી, તે કામરૂપ જ થયું, તે જણાવવાને માટે કામ એ વિશેષણ મુક્યું છે. તેથી તે યાજ્ઞિકોનું અભક્તપણું સૂચવ્યું, તેથી બીજાને ઉદ્દેશીને કરેલું હોવાથી, અભક્તના સંબંધી હોવાથી, તે ભગવદ્ભોગને યોગ્ય નથી થતું એ દોષ કહ્યો. વળી 'માં જ્ઞાપયત પત્નીભ્યઃ' એમ કહીને દાન સમયે પણ તેઓ મને આપશે એટલે દાનનું પાત્ર બીજું કહેવાથી અન્નનો ઉપર કહેલો દોષ સ્પષ્ટ થાય છે, તેથી 'વઃ ઈતિપદાચ્ચ' વિગેરે કહ્યું. પહેલું વાક્ય અને પાછળનું વાક્ય સંગત થતું નથી એમ ન

કહેવું. તેઓ ભક્ત હોવાથી હું આવેલો છું એમ જણાવવાથી મારા સંબંધીઓ જાણીને તમને પણ આપશે, તે જણાવવાને પ્રથમ 'સ્વ' કહ્યું, અને પછી અન્નમાં દોષપણું જણાવવાને પાછળથી 'વઃ' એમ કહ્યું, જો એમ ન હોત તો જેમ ભગવાને કહ્યું કે તેઓ તમને આપશે તેમ તેઓ પણ તેમને જ આપતે, ભગવાનને માટે ત્યાં લઈ જાત નહિ.

શંકા–તો પછી આવું અન્ન આ સ્ત્રીઓએ આણેલું તે ભગવાને અંગીકાર કેમ કર્યું?

સમાધાન– અહિં એમ લાગે છે કે પત્નીઓ યાજ્ઞિકોની અર્ધાંગના હોવાથી, તે અન્નમાં તેમનો પણ અડધો ભાગ હોવો જોઈએ, અને તેઓ ભક્ત હોવાથી તેમનો ભાવ ઉપર કહેલા દોષરહિત છે, એમ માનવું જોઈએ. એમ હોવાથી પહેલાં તે ભાગ જુદો નહિ કરેલો હોવાથી, તે અન્નમાં દોષ કહ્યો, પછી તે પત્નીઓએ ભગવાનને માટે જ્યારે પોતાનો ભાગ જુદો કર્યો ત્યારે ભગવાને તે અંગીકાર કરવો આવશ્યક છે, કેમ કે ભગવાને કહ્યું છે કે 'ભક્તિથી જે મને આપવામાં આવે છે તેનો હું ભોગ કરું છું'.

અથવા 'અન્નમાદાય ભાજનૈઃ' એમ ૧૯મા શ્લોકમાં અન્નના પાત્રો કહ્યાં છે, તેથી તે અન્ન જુદું કરવાનો સંભવ નથી, તે છતાં જેમ તે અન્નમાં પહેલાં બીજાનો ઉદ્દેશ એટલે યજ્ઞનો ઉદ્દેશ હોવાથી, દોષહેતુ થયું, તેમ પાછળથી ભગવાનનો ઉદ્દેશ હોવાથી, તે દોષની નિવૃત્તિના હેતુરૂપ થયું, તેથી તે સર્વ અન્ન ભગવાનને અંગીકારને યોગ્ય થયું, એમ પ્રાપ્ત થાય છે. તે પત્નીઓની ભક્તિથી તેમના પુરુષોનો અંશ નિર્દુષ્ટ કેવી રીતે થયો એમ શંકા કરવી નહિ. કેમ કે તે પત્નીઓના સંબંધથી તેમના પુરુષો પણ ભક્ત થયા, એમ આગળ કહેવામાં આવશે.

અથવા 'કામમ્' એટલે 'યથેષ્ટમ્' (યથેષ્ટ) એ પક્ષ લઈએ તો પણ તેનું તાત્પર્ય 'તસ્યાન્નસ્ય દોષઃ' (તેના અન્નના દોષ) વિગેરેથી કહે છે. અહિં આ અર્થ છે. આધિદૈવિક યજ્ઞ સંપાદન કરવાને માટે તે યાજ્ઞિકોએ આધિદૈવિક યજ્ઞરૂપ ભગવાનની આજ્ઞાથી માગવા આવેલા આધ્યાત્મિક ગોપોની માગણીનો ભંગ કર્યો, તે જ અહિં દોષ પદથી કહેવામાં આવ્યું છે. તેથી આ આધિભૌતિક યજ્ઞ પણ કેમ સિદ્ધ થશે (સિદ્ધ નહિ થાય) એમ જાણીને સાક્ષાત્ આધિદૈવિક ભગવાનને આપવું અશક્ય હોવાથી તમે જે આધ્યાત્મિક છો, તેમને તૃપ્તિ થાય તેટલું અન્ન આપશે (એમ ભગવાને કહ્યું) અને તેથી આધિદૈવિક ભગવાનને પણ તૃપ્તિ થશે, આધિભૌતિક યજ્ઞ પણ સિદ્ધ થશે, એ આશયથી કહ્યું કે 'કામપદાત્ વઃ ઈતિપદાત્ ચ' એટલે તમને તમારી ઈચ્છા પ્રમાણે આપશે. જો એમ નહિ માનીએ તો યજ્ઞ માટેનું અન્ન યજ્ઞ માટે ન રાખીને યથેષ્ટ દાન આપશે એમ કહેવું તે ઘટી શકતું નથી. તે પત્નીઓ તો 'તરુના મૂલમાં સિંચન કરવાથી આખા ઝાડને પાણી પહોંચે' તેમ તેમને જ્ઞાન હોવાથી આધિદૈવિક દ્વારથી એટલે ભગવાનને જ આપવાથી સર્વ થાઓ, એવી ઈચ્છાથી ભગવાનની પાસે જ સર્વ અન્ન લઈ આવ્યાં માટે આ સર્વ યુક્ત છે.

**લે.**– 'તાઃ સઙ્ઘાતે બુદ્ધ્યા' વિગેરે, અહિં સંઘાતમાં સાતમી વિભક્તિ નિર્ધારિણના અર્થમાં છે. સંઘાતમાં બુદ્ધિથી એટલે અંતઃકરણથી મારે વિષે તેઓ રહે છે. દેહ, ઈન્દ્રિય પ્રાણથી ત્યાં રહે છે, એવો અર્થ છે.

**સુ.**– તે બાલકો પહેલાંની માફક જ ફરીથી જઈને તે જ પ્રમાણે માગવા લાગ્યા તે 'ગત્વા' એ શ્લોકથી કહે છેઃ

**ગત્વાથ પત્નીશાલાયાં દૃષ્ટ્વાસીનાઃ સ્વલઙ્કૃતાઃ ।।**
**નત્વા દ્વિજસતીર્ગોપાઃ પ્રશ્રિતા ઈદમબ્રુવન્ ।।૧૫।।**

હવે તે ગોપોએ પત્નીશાળામાં જઈને તે બ્રાહ્મણોની સતીઓને નિશ્ચિંતપણે બેઠેલાં, સારી રીતના અલંકારના સૌભાગ્યવાળાં જોઈને, તેમને નમન કરીને, વિનય સહિત નીચે પ્રમાણે કહ્યું. ૧૫.

**સુ.**– 'અથ' પદથી ભિન્ન પ્રકરણ સૂચવ્યું છે. જે માર્ગથી અને જે રીતથી પહેલાં ગયા હતા તે રીતે ગયા નહિ. પત્નીશાળા જૂદી જ હોય છે, અને તે 'પ્રાગ્વંશ' (પૂર્વ તરફના સ્તંભવાળા યજ્ઞના ઓરડા)માં અથવા સભામંડપમાં હોય છે, પણ તે યજમાનના કુટુંબને બેસવાના ઓરડામાં જ હોય છે, તેથી તેઓ નિશ્ચિંતપણે ત્યાં બેઠાં હતાં, અને સારી રીતે અલંકાર તેઓએ ધારણ કરેલા હતા. આથી તેઓ સૌભાગ્યસહિત હતાં એમ નિરૂપણ કર્યું. પેહેલાંથી તેમને જ્ઞાન ભગવાને આપ્યું હતું (કે તેઓ મારે વિષે પ્રેમવાળાં છે વિગેરે). વિનયસહિત આ જે હવે કહેવામાં આવશે તે બોલ્યા. બ્રાહ્મણનો સંબંધ પત્નીઓને હોવાથી તેમને નમન કર્યું, તેઓ સતીઓ હોવાથી તેમના તરફ વિનય દર્શાવ્યો.

**સુ.**– તેમનું વાક્ય 'નમઃ' વિગેરે બે શ્લોકથી કહે છેઃ

**નમો વો વિપ્રપત્નીભ્યો નિબોધત વચાંસિ નઃ ।।**
**ઈતોવિદૂરે ચરતા કૃષ્ણેન પ્રેષિતા વયમ્ ।।૧૬।।**

તમને વિપ્રપત્નીઓને નમસ્કાર, અમારાં વચન સાંભળો; અહિંથી નિકટ લીલાથી પરિભ્રમણ કરતા કૃષ્ણે અમોને મોકલ્યા છે. ૧૬.

**સુ.**– વૈદિકઅર્થનું જ્ઞાન નહિ હોવાથી, વિપ્રપત્નીઓ એમ કહ્યું. તેમાં પણ ધ્યાન બરાબર આપે તેને માટે 'નિબોધત' એમ કહ્યું. 'નિબોધત' એટલે બરાબર ધ્યાન આપવું. તમે કોણ છો, તે જાણવાની આકાંક્ષા થાય તો કહે છે કે 'અહિંથી પાસે જ પરિભ્રમણ કરતા, લીલા કરતા, 'કૃષ્ણેન' સદાનંદે અમને મોકલ્યા છે,' અથવા તો પોતે જે કાર્ય માટે આવ્યા છે તે જણાવ્યું.

**લે.**– 'વૈદિકાર્થઃ' વૈદિક અર્થનું જ્ઞાન નહિ હોવાથી. યજ્ઞમાં યજમાનની પત્નીઓ,

પત્નીઓ જ કહેવાય છે, એવું જ્ઞાન તેમને હોત તો માત્ર પત્નીઓ પદ જ વાપરત.

**સુ.**– પ્રયોજન 'ગાશ્ચારયન્' એ શ્લોકથી કહે છેઃ

**ગાશ્ચારયન્ સ ગોપાલૈઃ સરામો દૂરમાગતઃ ।।**
**બુભુક્ષિતસ્ય તસ્યાન્નં સાનુગસ્ય પ્રદીયતામ્ ।।૧૭।।**

તે કૃષ્ણ ગાયો ચારતા, ગોપાલો અને રામની સાથે બહુ દૂર સુધી આવી પહોંચ્યા છે, તે અને તેમના મોટાભાઈ ભૂખ્યા છે, તેમને જઈને યોગ્ય રીતે અન્ન આપો. ૧૭.

**સુ.**– તેઓ બીજાનું અન્ન ગ્રહણ કરતા નથી, તેથી ભગવાનની આજ્ઞા છતાં અને સ્ત્રીઓ આપે તે છતાં, તે અન્ન પોતે લીધું નહિ, કિંતુ (પરંતુ) ભગવાનને માટે જ યાચના કરી, કારણ કે તે જ તેમનો ધર્મ છે. ભગવાનને ભૂખ લાગી છે, તે ભગવાનનો ભૂખરૂપી દોષ કહ્યો તે અજ્ઞાનને લીધે કહ્યો. ગાયો ચરાવવી ગોપાલોને આવશ્યક છે, માટે તેમને લઈને ઘાસવાળા સ્થાનમાં કૃષ્ણ આવ્યા છે. ગોપાલોની સાથે આવ્યા છે. આથી જો પોતે કૃષ્ણ આવે તો બધા જ અહિં આવે, તેથી કૃષ્ણને આવવામાં જે અડચણ છે, તે નિરૂપણ કરી. રામસહિત એમ કહેવાનું તાત્પર્ય આદરને માટે અને બીજું કાંઈ કામ નથી તે જણાવવાને માટે. અથવા તો ભૂખરૂપી દોષ જણાવવાનું કારણ પણ તે જ. માટે તે ભૂખ્યા થયા છે, અને સેવકસહિત છે, તેમને તેમનું જ અન્ન ત્યાં જઈને તેમને આપો. 'પ્ર' શબ્દ કહ્યો છે, તે જેમ સમયને યોગ્ય હોય તે પ્રમાણે જઈને આપો.

**લે.**– 'અન્યાન્નમ્' બીજાનું અન્ન. એટલે ભગવત્સંબંધરહિત–અસમર્પિત. 'સ્ત્રીભિર્દત્તમપિ.' સ્ત્રીઓએ આપવા છતાં. 'અપિ' શબ્દ સંભાવનાના અર્થમાં છે. જે અન્ન સ્ત્રીઓએ આપવાનો સંભવ છે તે અન્ન. 'દોષકીર્તનમ્' દોષ કહ્યો તે, ભગવાનને ભૂખ લાગી છે એમ કહેવું તે.

**યો.**– 'દોષકીર્તનમ્' દોષ કહ્યો તે. ભગવાનને ભૂખ લાગી છે એમ કહેવું તે દોષ છે, તે અજ્ઞાનને લીધે છે. 'માયામનુષ્યસ્ય વદસ્વ વિદ્વન્' 'ગૂઢઃ કપટમાનુષઃ' (ભા.૧૦।૧।૭) વિગેરે વાક્યોથી મનુષ્યના અસાધારણ ધર્મો ભગવાનમાં માયાને લીધે પ્રતીત થાય છે. ખરી રીતે ભગવાનમાં મનુષ્યના ધર્મો નથી, તેથી શ્રુતિમાં '' 'ક્ષુધા' (ભૂખ) ખરેખર મનુષ્યનો શત્રુ છે,'' એમ કહેલું હોવાથી ક્ષુધા મનુષ્યનો અસાધારણ(ખાસ)ધર્મ હોવાથી, ભગવાનને વિષે ભૂખ હોતી નથી. એ પ્રકારનું શાસ્ત્રાર્થનું જ્ઞાન નહિ હોવાથી.

**સુ.**– પછી જે થયું છે તે 'શ્રુત્વાચ્યુતમ્' એ શ્લોકથી કહે છેઃ

**શ્રુત્વાચ્યુતમ્ ઉપાયાન્તં નિત્યં તદ્દર્શનોત્સુકાઃ ।।**

**તત્કથાક્ષિપ્તમનસો બભૂવુર્જાતસમ્ભ્રમાઃ ।।૧૮।।**

કૃષ્ણને પાસે આવતા સાંભળીને, નિત્ય તેમના દર્શનની ઉત્સુકતાવાળી તેમની કથાથી જેમનું ચિત્ત આકુલવ્યાકુલ હતું એવાં તેઓ સંભ્રમમાં પડી ગયાં. ૧૮.

**સુ.**– 'ચરતા' એ વચન કહ્યું, તેથી તે પણ પાછળ આવે છે એમ કહ્યું. તેથી પાસે આવતા એમ વર્તમાનકૃદંત વાપર્યું. 'ઉપ' એટલે સમીપે(પાસે), 'આગચ્છંતમ્' એટલે આવતા. પહેલાં તો તે વિપ્રપત્નીઓ ત્યાં ભગવાન્ પાસે ગયાં હતાં, હાલ તો ભગવાન્ અહિં આવે છે, અને મનોરથ તો પહેલાં પોતાને જવાની ઈચ્છા હતી એવો હતો. તેથી કરીને ભગવાનના આવવાનું સાંભળીને શું કરવું તે સમજ નહિ પડવાથી સંભ્રમવાળાં થયાં. વળી નિત્ય ભગવાનના દર્શનની ઉત્સુકતા તેમને હતી, તેથી જલ્દી જવાની ઈચ્છા થઈ. ભગવાન્ ભૂખ્યા હતા, તેથી સામગ્રી પણ લઈ જવી જોઈએ, તેથી પણ સંભ્રમ થયો. વળી તે ભગવાનની કથાઓથી તેમનું મન (આક્ષિપ્ત) આકુલવ્યાકુલ થયું હતું. ગમે ત્યાં મન હોય તો ત્યાંથી નીકળીને દૂર ભગવાનમાં જતું, તેથી મનોરથ બહુ હોવાને લીધે હવે શું કરવું, એવા સંભ્રમમાં તેઓ પડી ગયાં.

**લે.**– 'મનોરથસ્તુ'. મનોરથ તો. આપણે ત્યાં જઈને જ આમ કરીશું એવો મનોરથ તો પહેલાં તેમના ચિત્તમાં ભગવાન્ પાસે જે જવાનું હતું તે જવાના શેષભૂત હતો અને ભગવાન્ તો અહિં આવ્યા, તેથી મનોરથને ભૂલી જઈને સંભ્રમવાળાં જ થયાં.

**યો.**– 'પૂર્વં તુ તાસ્તત્ર ગતાઃ' પહેલાં તો તે વિપ્રપત્નીઓ ત્યાં ભગવાન્ પાસે ગયાં હતાં. પહેલાં તો પોતાના મનોરથથી ત્યાં ભગવાનની સમીપ ગયાં હતાં. 'મનોરથસ્તુ પૂર્વશેષઃ' મનોરથ તો વિગેરે. રમણનો મનોરથ પહેલાં ભગવાનની પાસે જવાના જે જે વિચાર કરેલા તેનો શેષભૂત હતો. ભગવાનની પાસે જ્યારે જવાય ત્યારે તેમની સાથે રમણનો મનોરથ સિદ્ધ થાય. ભગવાન્ તો અહિં આવે છે, એટલે આપણો મનોરથ કેવી રીતે સિદ્ધ થશે એ પ્રમાણે તેમને સંભ્રમ થયો.

**સુ.**– હાલ જે કરવાનું છે તે જ જરુરનું હોવાથી કરવું જોઈએ, એવો વિચાર કરીને સામગ્રીસહિત ગયાં તે 'ચતુર્વિધમ્' એ શ્લોકથી કહે છેઃ

**ચતુર્વિધં બહુગુણમ્ અન્નમ્ આદાય ભાજનૈઃ ।।**
**અભિસસ્રુઃ પ્રિયં સર્વાઃ સમુદ્રમિવ નિમ્નગાઃ ।।૧૯।।**

પાત્રોમાં ચાર પ્રકારનું બહુ ગુણવાળું અન્ન લઈને સર્વ પત્નીઓ પ્રિય ભગવાનની સામે જેમ નદીઓ સમુદ્ર તરફ જાય છે તેમ ગયાં. ૧૯.

**સુ.**– ચાર પ્રકારનું એટલે ભક્ષ્ય, પેય, ચુસવાનું અને ચાટવાનું. નહિ તો તે

ભોજન નહિ કહેવાય. જે ભક્ષ્ય અથવા ખાવાનું હોય છે, તેમાં દાંતનો ઉપયોગ હોય છે, અને બીજું ગૌણ હોય છે. ચુસવાનું હોય છે, તેમાં બધી તરફ રહેલા ભાગો (અંશો)નો ઉપયોગ હોય છે. ચાટવાનું હોય છે, તેમાં જીહ્વાનો ઉપયોગ હોય છે. પેય-પીવાનું હોય છે, તેમાં અંદર રહેલા મુખનો ઉપયોગ હોય છે. તેથી આ ચાર પ્રકારનું સર્વે ભોજન કહેવાય છે. ગુણો એટલે મસાલા અથવા મધુર વિગેરે રસો. બહુ ગુણો જેમાં છે એવું બહુ ગુણવાળું. 'અન્નમ્' સાધારણ એટલે સર્વ પત્નીઓનું એકઠું, (જુદું જુદું કરેલું નહિ), અપેક્ષિત કરતાં પણ વિશેષ અન્ન. 'ભાજનૈઃ' પાત્રો વડે એટલે જેમ પાત્રોમાં હતું તે પાત્રોમાં જ, તેમાંથી કાઢીને નહિ. 'અભિસસ્રુઃ' એટલે અભિસાર કર્યો, સામાં ગયાં. 'અભિ'માં સમુદાયશક્તિ હોવાથી સર્વથા ગયાં એમ સમજાય છે, તેનો હેતુ એ કે ભગવાન્ પ્રિય હતા, પ્રિયની પાસે સર્વે જાય તે સ્વાભાવિક છે, માટે સર્વે જ ગયાં. બહુ જણ એક્કી વખતે એકઠાં થઈને કેવી રીતે જઈ શક્યાં? એમ શંકા થાય તો તે શંકાને દૃષ્ટાંતથી દૂર કરતા જવામાં પ્રતિબંધનો અભાવ 'સમુદ્રમિવ નિમ્નગાઃ' એ પદોથી કહે છે. નદીઓ જવામાં વચ્ચે પર્વતો વિગેરેના પણ અટકાવને ગણકારતી નથી. તે નદીઓના દેવો કાંઈ તેમના પતિઓ નથી, કિંતુ સમુદ્ર જ છે, તેમ જ અહિં પણ તેઓ નીચે જ જતાં હતાં, તેથી ઉંચે એટલે અહંકારમાં રહેલા પતિઓનો અંગીકાર કર્યો નહિ.

**લે.**– 'ધર્મા વા.' અથવા મધુર. મધુરત્વ વિગેરે. 'સાધારણમ્' સર્વ સ્ત્રીઓનું સાધારણ એટલે એકઠું, જુદું કરેલું નહિ. 'સમુદાયશક્ત્યા' સમુદાયશક્તિ હોવાથી. અભિસરણ પદનો અર્થ સમુદાયમાં જવાનો છે તેથી.

**સુ.**– પ્રતિબંધ કોઈએ નહિ કર્યો હશે? તેવી શંકા થાય તો 'નિષિધ્યમાનાઃ' એ શ્લોકથી કહે છેઃ

**નિષિધ્યમાનાઃ પતિભિઃ ભ્રાતૃભિર્બન્ધુભિઃસુતૈઃ ।।**
**ભગવત્યુત્તમશ્લોકે દીર્ઘશ્રુતધૃતાશયાઃ ।।૨૦।।**

પતિઓએ, ભાઈઓએ, બંધુઓએ, પુત્રોએ અટકાવ્યાં, છતાં ભગવાન્ જેમની ઉત્તમ મનુષ્યો કીર્તિ ગાય છે તેમનું લાંબા સમય સુધી ગુણશ્રવણ સાંભળેલું હોવાથી તેમને વિષે જ જેમણે પોતાની આશાઓ બાંધેલી હતી તેઓ (ગયાં). ૨૦.

**સુ.**– જેઓ સંબંધ વિનાના છે તેઓનું સ્ત્રીઓ સાથે ભાષણ થઈ શકે નહિ, તેથી જેઓ સંબંધી હતા, તેઓએ જ તેમને અટકાવ્યાં, અને તે અટકાવ બહુ બળવાળો હોય છે. અહિં તેમના પિતાઓએ અટકાવ્યાં એમ કહ્યું નથી, જો તેમ હોત તો ઉત્પત્તિવિરોધ એટલે પિતા જે તેમને ઉત્પન્ન કરનાર છે, તેમનો વિરોધ થાત.

(તેમની જવાની વૃત્તિ બંધ પડત) પણ જ્યારે યુક્તિવિરોધ થાય (જવું યોગ્ય છે કે નહિ એવી શંકા થાય) ત્યારે તો શાસ્ત્ર જ બલિષ્ઠ છે (શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જ કરવું જોઈએ). તેમના ચાર પ્રકારના પુરુષાર્થ ચાર જણ આપી શકે. પતિ ધર્મ સિદ્ધ કરે, ભાઈ અર્થ સિદ્ધ કરે, ઈચ્છિત અર્થ એટલે કામ બંધુઓ સિદ્ધ કરે, અને સુત મોક્ષ સિદ્ધ કરે. તેઓ જો નિષેધ કરે (અને તેમના કહ્યા પ્રમાણે કરે નહિ) તો તેઓ જે જે પુરુષાર્થ આપે તેની હાનિ થાય, તો પણ (તે ચારે પુરુષાર્થની હાનિ નહિ ગણકારતાં) પાંચમા પુરુષાર્થને જ માનનારાં તેઓ ગયાં જ, તે 'ભગવતિ' વિગેરે પદોથી કહે છે. ભગવાન્ એટલે છ ધર્મવાળા અને પોતે ભગવાન્ એક ધર્મી, માટે ત્યાં જવાથી સાત પુરુષાર્થ સિદ્ધ થાય છે. વળી ભગવાન્ ઉત્તમશ્લોક હોવાથી ઉત્તમ એટલે જેમણે પુરુષાર્થ સિદ્ધ કરેલા છે, તેઓ પણ ભગવાનના ગુણગાન કરે છે, તેથી આઠમો પુરુષાર્થ ભક્તિ પણ સિદ્ધ થાય છે, વળી જેની કામના હોય તે પુરુષાર્થ કહેવાય, જેની કામના નહિ હોય તે કાંઈ પુરુષાર્થ કહેવાય નહિ. તેથી ધર્મ વિગેરે પણ તેમને પુરુષાર્થ હતા જ નહિ. પણ ભગવાન્ અથવા ભગવત્પ્રાપ્તિ એ જ તેમનો પુરુષાર્થ હતો, એ અભિપ્રાયથી 'દીર્ઘશ્રુતધૃતાશયાઃ' પદો કહે છે. દીર્ઘકાલ સુધી જે (ભગવાન્) સાંભળવામાં આવ્યા હતા અથવા જે જે સાંભળ્યું હતું તે ભગવાનને વિષે અથવા તે ગુણોને વિષે ધરેલી છે આશાઓ જેમણે એવાં તે પત્નીઓ હતાં. જેમ કોઈ ફલના શ્રવણ કરવાથી તે ફલને વિષે તેને પ્રાપ્ત કરવાને ચિત્ત લાગે છે તેમ તેમનું ચિત્ત ભગવાનમાં હતું, બીજે કોઈ સ્થલે નહિ હતું. જેઓએ અટકાવ કર્યો હતો, તેઓએ વાણીથી જ અટકાવ કર્યો હતો, કારણ કે ઋત્વિજો કર્મમાં વ્યગ્ર હતા. બીજાની સ્ત્રીને બીજો અડકી શકે નહિ, અડકે તો યાગનો નાશ થાય, તેથી યજમાનની પત્ની વિનાનાં સર્વે જ ગયાં. સર્વ એકરૂપ થઈને ગયાં. ઋત્વિજોએ મિશ્ર પ્રતિષેધ કર્યો હતો અથવા નાનાઓએ મોટાંઓને અટકાવ્યાં હતાં છતાં ગયાં. યજમાન તો મુખ્ય હોવાથી તેમનાથી ભિન્ન હતો, તેથી તે સર્વે ગયાં જ.

**યો.**- પાંચમા પુરુષાર્થને જ. સ્વતંત્ર ભક્તિરૂપ પુષ્ટિમાર્ગ ભજનને જ પુરુષાર્થ માનનારાં.

**લે.**- 'યજમાનસ્તુ' યજમાન તો વિગેરે. સર્વને યજમાન માનીએ તો પણ અહિં જે મુખ્ય હોય તે જ યજમાન પદથી કહેવામાં આવ્યું છે.

**સુ.**- તે પત્નીઓ જેઓ ભગવાન્ પાસે ગયાં તેઓના જવાનો પ્રકાર 'યમુના' એ શ્લોકથી કહે છેઃ

**યમુનોપવનેશોકનવપલ્લવમણ્ડિતે ।।**

**વિચરન્તં વૃતં ગૌપૈર્દદશુઃ સાગ્રજં સ્ત્રિયઃ ।।૨૧।।**

અશોકના નવપલ્લવોથી મંડિત યમુનાના ઉપવનને વિષે સુંદર રીતે ચાલતા ગોપોથી વિંટળાએલા ભગવાન્ પોતાના મોટા ભાઈની સાથે હતા, તેમનું દર્શન સ્ત્રીઓએ કર્યું. ૨૧.

**સુ.**– યમુનાના ઉપવનને વિષે સુંદર રીતે ચાલતા ભગવાનને સ્ત્રીઓએ જોયા એવો સંબંધ છે, જલ અને સ્થલને વિષે ક્રીડાને યોગ્ય ભૂમિનું સૂચન કર્યું, ઉપવનને વિષે પુષ્પો અને ફલો સર્વદા થાય છે, કેમ કે તેવાં જ (ફલ અને પુષ્પ થાય એવાં જ વૃક્ષો) રોપવામાં આવે છે, 'યમુના' ક્રૂર હોવાથી ઉપવનની રક્ષા થાય છે, વળી યમનો ભાગ પણ ત્યાં નથી, ત્યાં ગએલાં પત્નીઓને બંનેના પરિત્યાગને લીધે કદાચ શોક થાય તેની નિવૃત્તિને માટે કહે છે કે તે અશોકના નવપલ્લવોથી મંડિત હતું, 'ઉપવન અશોકના નવપલ્લવોથી મંડિત હતું' એમ કહેવાથી શય્યાનું પણ નિરૂપણ કર્યું, વિભાવો વિગેરેથી યુક્ત સ્થલમાં મુગ્ધ ગોપોથી વિંટળાએલા અને હંસગતિથી ચાલતા ભગવાનને તેમના મોટાભાઈ સહિત–જે ક્રિયાશક્તિરૂપ હોવાથી સર્વ પ્રકારે રક્ષણ કરવાને સમર્થ હતા તેમના સહિત–દર્શન કર્યું, પોતાના અભિલષિત પ્રકારથી દર્શન કર્યું, કેમ કે તેઓ સ્ત્રીઓ હતાં.

**લે.**– 'સમાગમનપ્રકારમ્.' જવાનો પ્રકાર વિગેરે. આ સ્ત્રીઓ સર્વાત્મભાવ વાળી હતી, તેથી ઉપર કહેલું અભિસરણ જ તેમને મુખ્ય હતું, દર્શન તો તેના એક પ્રકાર તરીકે ગૌણ હતું, એ અભિપ્રાયથી પ્રકાર જ વાક્યાર્થ તરીકે કહ્યો છે. 'ક્રૂરા' પદ નવું શરીર કરવાના દૃષ્ટાંતથી કહ્યું, ભગવાનની સાથે સંબંધ થવામાં જેટલા પ્રતિબંધો આવે છે તે સર્વનો નાશ યમુના કરે છે, તેથી પોતાનું ઉપવન ભગવાનની ક્રીડાને માટે જ ઉપયોગી છે તેમાં પ્રતિબંધો આવશે નહિ એ ભાવ છે, બીજું તાત્પર્ય 'યમભાગાભાવશ્ચ'–યમનો ભાગ ત્યાં નથી, એ પદથી કહે છે કે દોષનો એટલે યમના ભાગ થવારૂપ દોષનો પરિહાર કરવાને માટે જ યમુનાને ઉત્પન્ન કરી છે, શ્રીયમુનાષ્ટકમાં કહ્યું છે કે 'નવી તનુ થવામાં જે જે પ્રતિબંધ આવે તેને યમુના દૂર કરે છે, તેથી યમુનાના ઉપવનમાં કોઈ પણ પ્રતિબંધ કરી શકે જ નહિ, સામાન્ય રીતે બહેનની વસ્તુમાં ભાઈનો ભાગ હોતો નથી તેથી ત્યાં જે ગએલા હોય તે ફરીથી સંસારમાં આવીને યમરાજના સંબંધમાં આવતા નથી, પણ ભગવાનનો જ સંબંધ તેમને થાય છે, 'ઉભયપરિત્યાગે' બંનેના પરિત્યાગને લીધે, બંનેનો પરિત્યાગ એટલે ભગવાનની અપ્રાપ્તિને લીધે બુદ્ધિથી જ્યાં રહ્યાં હતાં તે સ્થલનો ત્યાગ કર્યો, અને બાકીની જે વસ્તુઓ એટલે શરીર વિગેરેથી જ્યાં રહ્યાં હતાં તેનો ગૃહત્યાગને લીધે ત્યાગ કર્યો, ભગવાનની પ્રાપ્તિ થઈ ન હતી છતાં પ્રાપ્તિના નિશ્ચયને લીધે તેમને શોક હતો નહિ.

**યો.**– 'યમુના ક્રૂરા'–યમુના ક્રૂર, ભગવાનનો સંબંધ થવામાં જેટલા પ્રતિબંધ

આવે તેનો નાશ કરનારી, હોવાથી પોતાનું ઉપવન ભગવાનની ક્રીડાને માટે જ ઉપયોગી હોવાથી તે વનના નાશ કરનારનો નાશ પોતે કેમ ન કરે? 'યમભાગાભાવશ્ચ'–યમનો ભાગ ત્યાં નથી–યમ કાલરૂપ છે, અને કાલ સર્વનો ભક્ષક છે, તેથી આ ઉપવનને પણ કદાચિત્ અન્યથા કરે એટલે નાશ કરે, પણ અહિં પોતાની બહેન યમુનાના સંબંધને લીધે તેની વસ્તુઓનો અને તેના સંબંધીઓનો નાશ કરતો નથી, પણ બહેનના સંબંધને લીધે નાશ ન કરતાં ઉલટો તેમની રક્ષા કરે છે.

**સુ.**– સ્ત્રીઓએ જોએલા ભગવાનનું વર્ણન કરે છે, નહિ તો તે ભગવત્ ચરિત્ર ન થાય. સ્ત્રીઓની દૃષ્ટિ અભિસરણનું અંગ હોવાથી, તેવું વર્ણન કરવામાં બીજા સર્વ–જ્ઞાનાદિના પ્રકાર દૂર કરીને–ભગવાને જ પોતાનું સ્વરૂપ સ્ત્રીદર્શનને યોગ્ય કર્યું છે એમ તેવા રૂપના પ્રકટ કરવાથી નિશ્ચય થાય છે, તે 'શ્યામમ્' શ્લોકથી કહે છેઃ

**શ્યામં હિરણ્યપરિધિં વનમાલિબર્હધાતુપ્રવાલનટવેષમનુવ્રતાંસે ॥**
**વિન્યસ્તહસ્તમિતરેણ ધુનાનમબ્જં કર્ણોત્પલાલકકપોલમુખાબ્જહાસમ્ ॥૨૨॥**

શ્યામ, સુવર્ણના પરિધિવાળા, વનમાલા ધારણ કરનાર, મયૂરપિચ્છ, ધાતુઓ, પ્રવાલ, વિગેરેથી નટવેષ જેમણે ધારણ કરેલો છે એવા, પોતાના અનુચર ના ખભા ઉપર જેમણે એક હસ્ત ધર્યો છે. અને બીજા હસ્તથી જેઓ કમલને હલાવી રહ્યા છે એવા, કર્ણમાં રહેલા કમલના ઉપર રહેલા વાળ (કેશ), ગાલ અને મુખકમલ ઉપર જેમનું હાસ્ય પ્રસરી રહ્યું છે એવા (ભગવાનનાં) દર્શન તેમણે કર્યાં. ૨૨.

**સુ.**– 'શ્યામમ્' પ્રથમ તો વર્ણ શ્યામ છે, એટલે શૃંગારરસાત્મક છે, 'શ્યામો ભવતિ શૃંગારઃ', ગૌર જો હોત તો રજોરૂપ જ થાત, અને તૈજસ એટલે રાતો થાત, શુક્લ જલની પ્રકૃતિ જેવો હોય છે, અને અવ્યક્ત રસવાળો હોય છે, અન્ન સર્વ–રસાત્મક અને ભોગ્ય હોય છે, કેવલ રસજનક નહિ થાય એમ શંકા થાય તો તેને માટે એ બેના સંબંધનું નિરૂપણ 'હિરણ્યપરિધિમ્' અને 'વનમાલિનમ્' એ બે પદોથી કરે છે, સુવર્ણ મેખલા જ પરિધિરૂપ છે, અને કુંડલ મુકુટ અને કંઠના આભરણો પીતાંબર કંકણ અંગદ (બાજુબંધ) વિગેરે પણ પરિધિરૂપ સમજવા, આથી પરિધિસહિત સહસ્રમૂર્તિ શ્યામચંદ્રનું નિરૂપણ કર્યું, વનમાલા જેણે ધારણ કરેલી છે એવા. સર્વપુષ્પ વાળી તે શુભ્ર હોય છે, બીજા સર્વ રસ પણ તેમાં હોય છે, તે જણાવવાને તેનાં ત્રણ સાધન બર્હ, ધાતુ અને પ્રવાલ એ શબ્દોથી કહ્યા, એ ત્રણેના એકબીજાની સાથે સંબંધથી સર્વ રસ ઉત્પન્ન થાય છે, બર્હ એટલે મયૂરપિચ્છ ચિત્રવિચિત્ર હોય છે. ધાતુઓ અનેક પ્રકારની શુભ્ર વિગેરે મિશ્રિત હોય છે, પ્રવાલ કાંઈક રાતાં હોય છે, આ

સર્વનું ધારણ કરેલું હોવાથી નટવેષ જેનો છે એવા ભગવાન્ કહ્યા, કેવલરસ અને ધર્મસહિત રસ એ બંનેનું દાન કરવાને ભગવાન્ ઉપસ્થિત થયા છે. વળી સામગ્રીરૂપ લીલા પણ પોતે જ સિદ્ધ કરે છે તે જણાવવાને અનુવ્રતના (અનુચરના) ખભા ઉપર પોતાનો એક હસ્ત ધર્યો છે અને બીજાથી કમલને હલાવે છે એમ કહ્યું. લીલાનું પ્રધાનપણું જણાવવાને પોતાનું પરવશપણું જણાવ્યું, સ્વાતંત્ર્ય હોય તો જ રસનું રક્ષણ થાય છે માટે પોતાના સમાનધર્મવાળા અનુચરના ખભા ઉપર હસ્ત ધરીને બંને (સંયોગ અને વિપ્રયોગ)ને જણાવતા કમલરૂપ વિશ્વને ભ્રમણ કરાવે છે, એટલે સર્વ અન્યથા (ઉલટું) કરીશ એમ જણાવતા નિર્ભયપણું સંપાદિત કરે છે, પણ જો ભક્ત ભગવાનને અનુરૂપ હોય તો જ, જો અણુમાત્ર પણ વિરુદ્ધ ભાવ હોય તો એમ કરતા નથી. આ રસનું પરિણામ ક્રિયામાં હોવાથી ક્રિયાશક્તિના મૂલરૂપ સ્કંધ(ખભા) વિષે ક્રિયારૂપ હસ્ત ધરેલો છે એમ નિરૂપણ કર્યું, બંને હસ્ત એક જ સ્થલે મૂકેલા હોય તો રસ સિદ્ધ થાય નહિ તેથી બીજા હસ્તથી જગત્‌ને હલાવતા એમ કહ્યું, કમલને હલાવવાથી તેમાંથી મકરંદ ઝરે તેથી રસને માટે જ હલાવે છે, એમ સૂચવ્યું. જ્ઞાનનો અને ક્રિયાનો મર્યાદાનો શાસ્ત્રોનો અંગોનો ભક્તિનો એ સર્વેનો વિરોધ થશે એવી શંકા થાય તેનો પરિહાર કરવાને 'કર્ણોત્પલાલકકપોલમુખાબ્જહાસમ્' પદ કહ્યું, બે કર્ણને વિષે રહેલાં બે કમલ અને તેના પર રહેલા વાળ (અલક), નાલને સ્થાને કર્ણ સમજવા, તેમને વિષે રહેલાં જે કમલ અને તેના ઉપર રહેલા વાળ તે ભ્રમરરૂપ સમજવા એટલે નાલસહિત કમલને વિષે રહેલા ભ્રમર અને બે ગાલના ઉપર અને મુખના ઉપર જેમનું હાસ્ય પ્રસરી રહ્યું છે એવા ભગવાનનું વર્ણન કર્યું, નાલસહિત કમલને વિષે રહેલા ભ્રમર ઉપર પણ હાસ્ય પ્રસરી રહ્યું છે, અને ગાલ અને મુખ ઉપર પણ પ્રસરી રહ્યું છે, સર્વને કમલરૂપ સમજવું, અથવા ગાલને અને મુખને કમલરૂપ સમજવું, બે કર્ણમાં એક યોગરૂપ છે, અને બીજો સાંખ્યરૂપ છે, સાંખ્ય નિવૃત્તિ-શાસ્ત્રરૂપ છે, યોગ પ્રવૃત્તિશાસ્ત્રરૂપ છે, કમલ મર્યાદારૂપ છે અલક એ શાસ્ત્ર અને વિદ્વત્તારૂપ છે. બે ગાલ ભક્તિનાં અંગ છે, મુખ ભક્તિરૂપ છે, એ સર્વે રસવાળાં છે, તેથી 'અબ્જ' (કમલ)પદ વાપર્યું. 'અબ્જ' એટલે રસમાંથી જન્મેલાં, એ સર્વને વિષે ભગવાનનું હાસ્ય પ્રસરેલું હોવાથી અને હાસ્ય મોહરૂપ હોવાથી એ સર્વને વ્યામોહ થયો એમ સૂચવ્યું, આથી સર્વના વિરોધનો પરિહાર કર્યો.

**ટિ.**– 'જ્ઞાનક્રિયયોઃ' (જ્ઞાન અને ક્રિયાનો વિગેરે)થી શરુ કરીને 'સર્વવિરોધઃ પરિહૃતો ભવતિ' (સર્વના વિરોધનો પરિહાર થયો) ત્યાં સુધી.

શંકા– આ શ્લોકમાં વર્ણન કર્યું એવું બંને રસરૂપ ભગવાનના સ્વરૂપનું પત્નીઓને

યોગ્ય દર્શન થયું, તે છતાં તેઓ એકદમ પાછાં ગયાં એ સર્વથા બુદ્ધિવિરુદ્ધ લાગે છે, જ્ઞાનનું પરિણામ હમેશાં ક્રિયામાં આવવું જોઈએ, તો રસરૂપ ભગવાનનું જ્ઞાન છતાં રસભોગની ક્રિયા ન કરતાં તેઓ કેમ પાછાં ગયાં? બર્હ ધાતુ અને પ્રવાલ એના શ્રીસુબોધિનીજીમાં કેવલ અને ધર્મસહિત રસદાનને માટે ઉપસ્થિત અને પરવશ તેથી બંને રસ જણાવનાર ક્રિયા વડે તેને જ અનુરૂપ ભગવાનનું જ્ઞાન પણ જણાય છે, તેથી એકદમ પાછા જવું એ બંને રસથી વિરોધિ લાગે છે, તેથી જ અહિં મર્યાદાવિરોધ કહ્યો, ભગવદ્જ્ઞાન વિગેરે વિરુદ્ધ થવાં સંભવતાં નથી, 'કૃષ્ણના ચરણકમલમાં રહેલા મધુને પાન કરનાર ત્યાગ કરેલા ઘરમાં ફરીથી જતો નથી' વિગેરે જે ભાગવતશાસ્ત્રમાં કહ્યું છે, તેથી પણ આ પત્નીઓનું પાછું જવું એ વિરુદ્ધ લાગે છે, વળી રસશાસ્ત્રની રીતે પણ વિરુદ્ધ લાગે છે, અંગ એટલે ભગવાનના પ્રેમનું પહેલાં શ્રવણમનન વિગેરે કરેલું તે અને વિભાવ અનુભાવ વિગેરે જે ઉત્પન્ન થએલા તે, એ સર્વે અંગોથી પત્નીઓનું પાછું જવું વિરુદ્ધ લાગે છે, ભગવાનની સંગતિ જેમને થઈ તે પત્નીઓ બીજા મનુષ્યને પતિ માનીને તેમનું ભજન કરે તો ભક્તિનો વિરોધ છે, આ સર્વ વિરોધનું સમાધાન હાસ્યરૂપ વ્યામોહથી કર્યું, તેનો આશય નીચે પ્રકારે છે, જો ઉપર કહી ગયા તે સર્વમાંથી એકની પણ સ્ફૂર્તિ થાત એટલે કર્ણ એટલે સાંખ્યયોગરૂપ જ્ઞાનક્રિયા, ઉત્પલ એટલે મર્યાદા, અલક એટલે શાસ્ત્રો વિગેરેમાંથી એકની પણ સ્ફૂર્તિ થાત તો તેનું ફલ સારું આવત, અને તેઓ ભગવત્સમીપ રહેત, પરંતુ આ સર્વના મૂલરૂપને મોહરૂપ હાસ્યનો (અથવા હાસ્યરૂપ મોહનો) સંબંધ થવાથી એ સર્વમાંથી એકની પણ સ્ફૂર્તિ થઈ નહિ, અને તેથી તેમાંના એકનું પણ કાર્ય સિદ્ધ ન થવાથી તે પત્નીઓ પાછાં ગયાં.

અથવા ભગવાન્ બ્રહ્મરૂપ હોવાથી સર્વસમાન છે, અને તેમની જ્ઞાનશક્તિ પણ સર્વસમાન છે, તેથી તે વિકારને ઉત્પન્ન કરતી નથી અને મોહ તો વિકારને ઉત્પન્ન કરે છે, તેથી તેઓ પાછાં ગયાં. ભગવાનની ક્રિયાશક્તિનું પણ યોગશાસ્ત્ર વિગેરેમાં નિરૂપણ કરેલા મનના સમાધિના હેતુરૂપ હોવાથી પણ તેઓ પાછાં ગયાં, બ્રાહ્મણીઓને વિષે આવો રસભાવ પ્રકટ કરવો એ મર્યાદાવિરુદ્ધ છે, શાસ્ત્રો તો પોતપોતાના અધિકારને અનુસાર ભગવદ્ભજન કરવું એમ કહે છે, એમ થાય તો જ શુભ ફલ થાય, અધિકારથી વિરુદ્ધ વર્તનમાં વિરુદ્ધ ફલ થાય, આ પત્નીઓને તો વિવાહિત પતિઓનું ભજન એ જ અધિકારને અનુરૂપ હોવાથી રસરીતે ભગવાનનું ભજન કરવું વિરુદ્ધ હતું. શાસ્ત્રમાં કહેલી રીતિએ ભજન કરવું તે ભજન ભક્તિનું અંગ ગણાય, તેનાથી વિપરીત રીતે ભજન કરવું એટલે શૃંગારના ભાવ ઉત્પન્ન થાય એવી રીતે ભજન કરવું, એ અંગનો વિરોધ થાય, જારપણાથી અહિં ભજન કરત તે ભક્તિવિરોધી થાત, વ્યામોહ કરવાથી ભગવાને સર્વનું સમાધાન કર્યું તેનો આશય નીચે પ્રકારે છેઃ-લોકમાં જે કોઈ જે કોઈને જે કાર્યને માટે વ્યામોહ કરે છે તે મોહ પામેલો મનુષ્ય મોહ પમાડનારના કહ્યા પ્રમાણે કરે છે અને પોતાને અનુકૂલ કાંઈ પણ કરી શકતો નથી, તેથી આ પત્નીઓને આમ મર્યાદાભાવથી જ ભજન

કરાવવાનું તાત્પર્ય ભગવાને મોહથી સિદ્ધ કર્યું અને પુષ્ટિમાર્ગીય રીતથી જે તેઓ કરવા જતાં હતાં તેમાંથી તેમને દૂર કર્યાં, માટે કાંઈ પણ વિરોધ નથી, અથવા શરુઆતમાં બંને રસરૂપ ભગવાનનું સ્વરૂપ હોવા છતાં તેઓ પાછાં કેમ ગયાં? એ શંકા કરી હતી તેના સમાધાનને માટે જ 'સર્વવ્યામોહાત્' વિગેરે કહે છે, સર્વ પત્નીઓનો અથવા સર્વાંશે તે પત્નીઓનો સર્વ પ્રકારે વ્યામોહ ભગવાને કર્યો, તેથી ઉપર કહેલાં ભગવદીય જ્ઞાન ક્રિયા મર્યાદા અંગ અને ભક્તિ વિગેરે કોઈનું પણ કાર્ય તેમને વિષે સિદ્ધ થયું નહિ, તેથી તેઓ ઘેર ગયાં, અહિં આ તાત્પર્ય છે, તેઓ ઘેર ગયાં એમ કહેવાથી ભગવદીય જ્ઞાન ક્રિયા વિગેરેનું કાર્ય સિદ્ધ ન થયું એ સ્પષ્ટ જ છે, તો પછી કર્ણોત્પલ વિગેરે પદથી જ્ઞાન વિગેરે જે કહ્યાં તે નિરર્થક થઈ જાય એ શંકાનું સમાધાન કરવાને તેનું પ્રયોજન કહેવું જોઈએ, તે પ્રયોજન એ છે કે જે એક પત્નીનો મર્યાદાનો દેહ હતો તેનો ત્યાગ કરાવીને પુષ્ટિમાર્ગીય દેહ પ્રાપ્ત કરાવીને ભગવાન્ પોતાની પાસે લાવ્યા, તે પત્નીને માટે પ્રભુએ તેવા ધર્મો પ્રકટ કર્યા, અને તેનું તે કાર્ય ભગવદ્રસ પ્રાપ્ત કરવાનું કાર્ય-સિદ્ધ થયું, અને આ બીજી પત્નીઓને માટે કાંઈ ભગવાને પોતાના જ્ઞાન ક્રિયા વિગેરે ધર્મો પ્રકટ નહિ કર્યા હતા તેથી તેમનું કાર્ય સિદ્ધ થયું નહિ એમ વિરોધનો પરિહાર થાય છે, માટે આ શ્લોકમાં ભગવાનના ધર્મોનું નિરૂપણ કરવા છતાં ભગવદ્દર્શનનું નિરૂપણ આ શ્લોકમાં ન કરતાં આગલા શ્લોકમાં કર્યું, પરંતુ બંનેએ (એક મુખ્ય પત્નીએ અને બીજાં સર્વ પત્નીઓએ) જોએલું સ્વરૂપ એક જ હતું. તેથી પૂર્વશ્લોકની સાથે આ શ્લોકની સંગતિ કહી, ભગવાનના ધર્મોની પ્રતીતિ થઈ છતાં તે આ પત્નીઓના હૃદયમાં પ્રવેશ કરી શક્યા નહિ તે ભગવાનના હાસ્યરૂપ વ્યામોહને લીધે, પૂર્વશ્લોકમાં જ્યાં ભગવાનનું દર્શન થયું એમ કહ્યું ત્યાં ધર્મોની પ્રતીતિ થઈ એમ કહ્યું નહિ આ શ્લોકમાં ધર્મોની પ્રતીતિ થઈ છતાં તે ધર્મો હૃદયને વિષે પ્રવેશ કરી શક્યા નહિ એમ કહ્યું. એટલે આ બે શ્લોકમાં તારતમ્ય છે.

**લે.**- 'રજોરૂપ એવ' (રજોરૂપ જ) વિગેરે, રસની ઉદ્દીપક સામગ્રી 'રજઃ' પદથી કહેવામાં આવે છે, એમ ટિપ્પણીમાં પહેલાં કહેવાઈ ગયું છે, તેથી તે રસનો ઉદ્દીપક છે, રસરૂપ નથી, તેથી 'એવ' પદ મૂક્યું છે. 'ગૌરઃ' શૃંગારનો ઉદ્દીપક છે, અને શૃંગાર શ્યામ છે, તેથી ગૌર શૃંગારરૂપ નથી પણ માત્ર ઉદ્દીપક છે એમ કહ્યું. 'તૈજસશ્ચ' (અને તૈજસ), શ્રુતિમાં તૈજસનો રાતો વર્ણ કહ્યો છે તેથી. 'કેવલમ્' (કેવલ). રસના પક્ષમાં ઉદ્દીપકરહિતપણું અને ગુપ્તરસરહિતપણું અન્યને રસજનક થતું નથી, 'કેવલમ્ બર્હ' પદથી નટવેષ કહ્યો માટે કેવલરસ સમજવો, પહેલાં કહેલાં ત્રણ વિશેષણથી બીજાના સંબંધવાળો શૃંગારરસ કહેવાથી તે ધર્મસહિત કહ્યો, 'સામગ્રીરૂપામ્' સામગ્રીરૂપ, તેવી લીલા જોઈને રસ ઉદ્બુદ્ધ થાય છે, તેથી રસના ઉદ્બોધમાં લીલાસામગ્રી, 'સ્વાતંત્ર્યે' રસ સ્વતંત્ર હોય તો તે રસ ગુપ્ત રક્ષિત થાય છે, 'ઉત્પલાનામ્' કમલ બ્રહ્માંડરૂપ હોવાથી રૂપમર્યાદાના હેતુરૂપ હોવાથી.

**યો.**– 'વર્ણઃ શૃંગારરસાત્મકઃ' શૃંગારરસાત્મક છે, શૃંગાર શ્યામરૂપનો હોવાથી. 'ગૌરો રજોરૂપ એવ સ્યાત્' ગૌર જો હોત તો રજોરૂપ થાત. હિરણ્યપરિધિ પદથી કહેલાં સુવર્ણમેખલા વિગેરે આભરણો ગૌર હોવાથી તેનું સ્વરૂપ કહ્યું, વનમાલાનું સ્વરૂપ કહે છે કે 'શુક્લો જલપ્રકૃતિકોવ્યક્તરસઃ', સુવર્ણમેખલા વિગેરેરૂપ તૈજસ પદાર્થો વડે અને વનમાલારૂપ જલપ્રકૃતિવાળા પદાર્થોસહિત શ્યામવર્ણવાળા ભગવાનનું સ્વરૂપ કહે છે કે 'અન્નમેવ હિ સર્વરસાત્મકમ્ ભોગ્યં ચ', શ્રુતિમાં કહ્યું છે કે 'જે લાલરૂપ છે, તે તૈજસ અગ્નિનું રૂપ છે, જે સફેદરૂપ છે તે જલનું છે, જે કૃષ્ણ અથવા શ્યામ છે તે અન્નનું છે, ત્યાં અન્નની શ્યામતાનું નિરૂપણ કર્યું છે. અન્ન શબ્દથી પૃથ્વી સમજવી અને પૃથ્વીની અંદર સર્વે રસો છે, અને તે સર્વેને ભોગ્ય છે, તેથી અહિં પણ શ્યામપણું કહેવાથી સર્વરસપણું અને સર્વથી ભોગ્યપણું સિદ્ધ થયું, અને સ્વરૂપ શૃંગારરસાત્મક હોવાથી તેવા ભાવવાળી સ્ત્રીઓને જ ભોગ્ય છે એમ ગૂઢાશય સમજવો, આથી પરિધિસહિત સહસ્રમૂર્તિ શ્યામચંદ્ર (કૃષ્ણચંદ્ર)નું નિરૂપણ કર્યું, 'અનેન' એટલે શ્યામ અને હિરણ્યપરિધિ એ બે વિશેષણવાળા સ્વરૂપને કહેવાથી, પરિધિસહિત એટલે પરિધિરૂપ સુવર્ણમેખલા મુકુટ કંઠનાં આભરણ પીતાંબર કંકણ કડાં વિગેરે સહિત, પરિધિ (કુંડાલું) સૂર્ય અને ચંદ્રને બંનેને હોવા છતાં શ્યામવર્ણ કહ્યો છે. અને શૃંગારરૂપતા કહી છે, તેથી અને શૃંગારરસની અંદર ચંદ્ર જ યોગ્ય હોવાથી ચંદ્ર જ સમજવો, સહસ્રમૂર્તિપણું સુવર્ણમેખલા વિગેરેના સ્વરૂપના વિચારથી કહ્યું, દ્વિતીયસ્કંધના સાતમા અધ્યાયનાં શ્રીસુબોધિનીમાં કહ્યું છે કે 'જે વરાહ વિગેરે અવતારો છે તે સર્વે ભગવાનના પ્રાદેશમાત્ર વિગેરે ધર્મોના અવતારરૂપ છે,' મેખલા વામન અવતાર છે, પીતાંબર પૃથુ અવતાર છે વિગેરે, એ પ્રમાણે સર્વે આભરણો અવતારરૂપ હોય છે, એમ હોવાથી મેખલા વિગેરે વામન વિગેરે અવતારોની મૂર્તિરૂપ છે, તે સર્વેની સહિત શ્રીકૃષ્ણચંદ્ર એમ સિદ્ધ થયું, વળી સૂતનું વાક્ય છે કે 'હે દ્વિજ ! સત્ત્વનિધિ હરિના અસંખ્ય અવતારો છે, તેથી અવતારો અનંત છે એમ સિદ્ધ થાય છે. અને ભગવાનનાં આભરણ અનંત અવતારોની મૂર્તિરૂપ છે તેથી સહસ્રમૂર્તિ સહિત એમ સિદ્ધ થયું.

'કેવલં રસં ધર્મસહિતમપિ'. કેવલરસ અને ધર્મસહિતરસ વિગેરે. 'બર્હ' પદથી નાટ્યને અનુસાર વેષ કહેવાથી કેવલરસ કહ્યો, કેવલરસ નાટ્યને વિષે પ્રસિદ્ધ છે, એમ વેણુગીતનાં શ્રીસુબોધિનીજીમાં નિર્ધાર કરેલું છે, કેવલ શબ્દથી વિપ્રયોગશૃંગારરસ સમજવો, 'શ્યામં હિરણ્યપરિધિં વનમાલિનં' એ ત્રણ વિશેષણોથી ધર્મસહિત રસ કહ્યો, ધર્મસહિત તો સંયોગશૃંગારરસ સમજવો, કેમ કે વેણુગીતનાં શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે કે 'સંભોગમાં ધર્મસહિત શૃંગારરસ હોય છે,' 'કર્ણયોઃ ઉત્પલે યે અલકાઃ' ઈત્યાદિ, નાલને સ્થાને બે કર્ણ સમજવા, તેમાં જે બે કમલો તેમાં અલક ભ્રમરરૂપ સમજવા.

## **'શ્યામં હિરણ્યપરિધિમ્'** ઉપર સ્વતંત્ર વ્યાખ્યાન

**''શ્યામં હિરણ્યપરિધિમ્'' ઈત્યત્ર અનેનેતિ. અનેનૈવં નિરૂપણેનેત્યર્થઃ. પરિધિનિરૂપણેન હાસાદિનાહ્લાદકત્વેન ચંદ્રરૂપત્વમ્. સૂર્યાચંદ્રમસોરેવ મંડલાવરણે 'પરિધિ'પદપ્રયોગાત્ વિલક્ષણત્વાય શ્યામ ઈતિ. અનેન શ્રૃંગારરસાત્મકતા નિરૂપિતા. તસ્ય શ્યામવર્ણત્વેન રસવિદ્ભિર્વર્ણનાત્. અતએવ 'શ્રૃંગારઃ સખિ મૂર્તિમાનિ'તિ જયદેવોપ્યવદત્. શ્યામતા તુ કંઠોક્તૈવેતિ. સર્વવિધરસનિરૂપણાર્થં નટવેષપદસૂચિતસ્વરૂપવૈચિત્ર્યં નિરૂપયન્તિ સહસ્રમૂર્તિરિતિ. નટા હિ વિવિધ- વેષૈર્ભાવપ્રદર્શનૈશ્ચ સહસ્રમૂર્તયો ભવન્તિ સર્વવિધરસનિરૂપકાઃ. તદ્વેષેણ ભગવત્યપિ તથાત્વમુક્તમ્. એવં સત્યેતાદશાખિલરસોદ્બોધકસ્વરૂપદર્શને યજ્ઞપત્નીનાં તથા ભાવ ઉચિત એવ પરં તથાંગીકારાભાવાન્ ન તથા સંબંધોભૂદિતિભાવઃ''.**

'અનેન' એ પ્રકારે નિરૂપણ કરવાથી, પરિધિરૂપે નિરૂપણ કરવાથી હાસ્ય વિગેરેથી આનંદ આપનાર છે, તેથી તેનું ચંદ્રરૂપપણું કહ્યું, સૂર્ય અને ચંદ્રમા બંનેને મંડલ હોય છે, તે મંડલને પરિધિ કહેવાથી (ચંદ્રનું સૂર્યથી) વિલક્ષણપણું જણાવવાને 'શ્યામમ્' એ પદ કહ્યું, આથી તે શૃંગારરસાત્મક છે એમ નિરૂપણ કર્યું, કારણ કે રસને જાણનારાઓ શૃંગારરસને શ્યામવર્ણનો વર્ણન કરે છે, તેથી જ 'હે સખિ આ તો મૂર્તિમાન્ શૃંગાર છે' એમ જયદેવે પણ કહ્યું છે, એની શ્યામતા તો સ્પષ્ટ જ કહી છે, સર્વે પ્રકારના રસનું નિરૂપણ કરવાને માટે નટવેષ પદથી સૂચન થતું સ્વરૂપવૈચિત્ર્ય સહસ્રમૂર્તિ પદથી નિરૂપણ કરે છે, નટો વિવિધ પ્રકારના વેષોથી અને ભાવના પ્રદર્શનથી સહસ્રપ્રકારની મૂર્તિઓને (રૂપો) ધારણ કરે છે, અને સર્વપ્રકારના રસનું નિરૂપણ કરે છે, એવા વેષથી ભગવાનને વિષે પણ સર્વ પ્રકારના રસનું નિરૂપણ કરવાપણું કહ્યું, આ પ્રકારે હોવાથી આવા અખિલ રસના ઉદ્બોધ કરનાર સ્વરૂપનાં દર્શનથી યજ્ઞપત્નીઓને પણ તેવો જ ભાવ ઉચિત હતો પરંતુ ભગવાને તેમનો તે પ્રકારે અંગીકાર કરેલો નહિ હોવાથી તેમને ભગવાનની સાથે તેવો રસરૂપ સંબંધ થયો નહિ.

**સુ.**- એ પ્રકારે ભગવાનના સ્વરૂપનું વર્ણન કરીને ત્યાં તે પત્નીઓના સ્વરૂપનું વર્ણન 'પ્રાયઃ' એ શ્લોકથી કરે છેઃ

**પ્રાયઃ શ્રુતપ્રિયતમોદયકર્ણપૂરૈર્યસ્મિન્નિમગ્નમનસસ્તમથાક્ષિરન્ધ્રૈઃ ।।**
**અન્તઃ પ્રવેશ્ય સુચિરં પરિરભ્ય તાપં પ્રાજ્ઞં યથાભિમતયો વિજહુર્નરેન્દ્ર ।।૨૩।।**

ઘણી રીતે સાંભળેલા પ્રિયતમ ભગવાનના અભ્યુદયરૂપ ગુણગાન તે રૂપ કર્ણનાં આભરણો તેમના દ્વારા જેમનું ચિત્ત ભગવાનને વિષે નિમગ્ન થયું હતું તે પત્નીઓએ તે ભગવાનનો હવે ચક્ષુના રંધ્ર(છિદ્રો) વડે અંદર હૃદયમાં પ્રવેશ કરાવીને ચિરકાલસુધી આશ્લેષ કરીને સુષુપ્તિસાક્ષી ભગવત્સ્વરૂપપ્રાજ્ઞને પ્રાપ્ત કરીને જેમ અહંકારની વૃત્તિઓ તાપ દૂર કરીને લીન થઈ જાય છે તેમ હે નરેન્દ્ર ! આ પત્નીઓ પોતાનો તાપ દૂર કરીને ભગવત્સ્વરૂપમાં લીન થઈ ગયાં. ૨૩.

**સુ.**– પુષ્કળ સાંભળેલા હતા પ્રિયતમ ભગવાનના કીર્તિરૂપ ગુણો જેમણે તે, તેમના 'કર્ણપૂરાઃ' એટલે કર્ણનાં આભરણો કહ્યાં, તે દ્વારા ભગવાન્ જ્યારે અંદર પ્રવિષ્ટ થયા ત્યારે તેમને વિષે તેમનું મન નિમગ્ન થઈ ગયું, 'જેમ ઘરમાં ગંગાનું પૂર આવે અને ઘર તેમાં ડુબી જાય તેમ તેમનું મન ડુબી ગયું,' તે અંદર રહેલા ભગવાનનો ફરીથી બીજા પ્રકારથી ચક્ષુઓના છિદ્ર દ્વારા અંદર પ્રવેશ કરાવીને (પોતાનો) તાપ દૂર કર્યો, પહેલાં શબ્દાત્મક ભગવાને કર્ણ દ્વારા પ્રવેશ કર્યો હતો, હવે ચક્ષુ દ્વારા રૂપાત્મક ભગવાન્ પ્રવેશ કરે છે તેથી 'અથ' પદ મૂકીને ભિન્ન પ્રકાર સૂચવે છે, પહેલાં શબ્દાત્મક ભગવાનના પ્રવેશથી સંસારના જ તાપ નિવૃત્ત થયા હતા પણ અલૌકિક–વિરહથી થએલા–તાપની નિવૃત્તિ થઈ ન હતી અને આ રૂપાત્મક ભગવાનના પ્રવેશથી અલૌકિક તાપનો પરિહાર થાય છે એમ 'તાપં જહુઃ' એ પદે કહે છે.

શંકા– સર્વ અંગોને વિષે પ્રવિષ્ટ થએલો તાપ માત્ર અંતઃકરણમાં ભગવાન ના પ્રવેશથી કેમ શાંત થાય?

સમાધાન– 'સુચિરં પરિરભ્ય' એ શબ્દોથી કહે છે કે અંદર બહુ કાલ સુધી ભગવાનનું આલિંગન કર્યું તેથી સર્વ તાપ દૂર થયો.

શંકા– સર્વ તાપ શાંત થયા નષ્ટ થયા નહિ, એમ કહેવું જોઈએ, (પરિરંભ–આલિંગન–કરનારના ભેદમાં જ ઘટી શકે છે, તેથી પ્રિયના પરિરંભથી તેના વિરહથી થતા તાપની શાંતિ માત્ર થાય).

સમાધાન– તે પત્નીઓ ત્યાં જ લીન થઈ ગયાં એમ કહેતાં સ્વરૂપથી પણ તાપનો નાશ થયો (ભેદ ન રહે એવા પરિરંભથી તાપનો નાશ થયો એવો ભાવ છે) તે 'પ્રાજ્ઞં યથાભિમતયઃ' એ પદોના દૃષ્ટાંતથી કહે છે, 'પ્રાજ્ઞ' એટલે સુષુપ્તિના સાક્ષી, પોતાના ભગવદ્રૂપ આત્માને અહંકારની વૃત્તિઓ પ્રાપ્ત કરીને તે જ સ્વરૂપમાં લીન થઈ જાય છે તેમ જ આ પત્નીઓ ભગવાનને વિષે સાયુજ્યને પ્રાપ્ત થયાં, પણ તેમને હજુ સંસ્કારો બાકી હતા તેથી તેઓ સાયુજ્યમાંથી પાછાં બહાર આવ્યાં, જો તેમને સંસ્કાર બાકી રહ્યા ન હોત તો તેમનું સાયુજ્ય જ થઈ જાત, 'પ્રાયઃ' એટલે

ઘણુંખરું, ભગવાનના ગુણોનું ગ્રહણ કર્યું હતું એમ કહેવાથી ભગવાનના સર્વ ગુણોનું શ્રવણ તેમણે કર્યું ન હતું, નહિ તો મોહ કરે છે એવું જ્ઞાન થતાં (ચેતી જઈને) તેઓ મોહમાં પડત નહિ. વળી ભગવાનનો કોઈ પણ અનુભાવને તેમણે જોયો ન હતો માત્ર શ્રવણ કર્યું હતું, વળી ભગવાન્ પ્રિયતમ હોવાથી તેમના અનુભાવ (સામર્થ્યના અનુભવ)ને પણ પ્રિયતમરૂપે શ્રવણ કર્યો હતો–સાધનરૂપે શ્રવણ કર્યો ન હતો–(તેથી તેમને કામભાવ જ હતો, ભક્તિના સાધનરૂપ શુદ્ધભાવ ન હતો), ‘ઉદય’ કહેવાથી કોમલ ભાવોનું જ શ્રવણ કર્યું હતું અને તે પણ કર્ણને વિષે પ્રવાહરૂપે પ્રવિષ્ટ થયા હતા, સર્વ અંગોને વિષે પ્રવિષ્ટ થયા ન હતા, કારણ કે જોયા પછી પ્રવેશ કરવાથી સર્વાંગે પ્રવેશ થઈ શકે તેમ અહિં થયું ન હતું, તેથી તેમનું મન જ માત્ર નિમગ્ન થયું, દેહ વિગેરે નિમગ્ન થયાં નહિ, હમણાં (ભક્તિનિષ્ઠામાં પણ) આ પત્નીઓએ જ્ઞાનનિષ્ઠ થઈને અંદર જ ભગવાનનો સત્કાર કર્યો, અને સાયુજ્યને પ્રાપ્ત થયાં, આ પત્નીઓનું જ્ઞાન તમોરૂપ હતું, એમની ભક્તિ રજોરૂપ હતી, તેમનો સંગ સત્ત્વરૂપ હતો, આ સર્વને લીધે જ સુષુપ્તિ (ગાઢનિદ્રા)નો દૃષ્ટાંત અહિં આપ્યો છે, (પ્રાજ્ઞ એ સુષુપ્તિનો સાક્ષી છે), તાપની નિવૃત્તિ એ જ ફલ થયું, જ્ઞાન, ભક્તિ અને ભગવત્ સંગથી માત્ર તાપ જતો રહીને નેત્રથી પીવા યોગ્ય ભગવલ્લાવણ્યામૃતનું પાન કર્યું, ‘નરેન્દ્ર’ એ સંબોધન ધ્યાનને માટે અને મોહ ન કરવાને માટે છે.

**ટિ.**– ‘દૃષ્ટાનન્તર્યાભાવાત્’ જોયા પછીના પ્રવેશનો અભાવ હોવાથી, ‘દૃષ્ટ’ એટલે દર્શન, તેના ‘આનન્તર્ય’નો એટલે પાછળપણાનો અભાવ હતો તેથી, જો અહિં ભગવાનના જે ભાવોનું વર્ણન કર્યું તેને અનુરૂપ પોતાના ભાવોથી સાક્ષાત્ અનુભવ પછી શ્રવણ કર્યું હોત તો પૂર્વે થએલા અનુભવના સંવાદ અથવા સાક્ષિરૂપે સર્વ અંગોને વિષે તે રસનો આવિર્ભાવ થાત, અહિં તેનો અભાવ હોવાથી તે પત્નીઓને તેવા રસોનો આવિર્ભાવ થયો નહિ.

**લે.**– ‘અલૌકિકાઃ’ એટલે ભગવાનના વિરહથી થએલા. ‘નનૂપશાન્તા એવા પરિરંભ’ એટલે આલિંગન. જ્યાં ભેદ હોય ત્યાં જ તે ઘટી શકે છે, અને પ્રિયના આલિંગનથી તેના વિરહથી થતો તાપ શાંત થાય છે, તેમ અહિં પણ થવું જોઈએ એવી શંકા થાય તો આ પત્નીઓના આલિંગનમાં અભિમાનની વૃત્તિઓને પ્રાજ્ઞપ્રાપ્તિનું દૃષ્ટાંત કહે છે. તેથી તેમાં ભેદ નહિ રહે એવું આલિંગન હોવાથી તાપનો નાશ જ થયો એવો ભાવ છે. ‘પ્રિયતમત્વેનૈવ’ પ્રિયતમત્વે જ. આથી તેમને કામભાવ જ હતો, ભક્તિના સાધનરૂપ જ્ઞાનથી શુદ્ધભાવ ન હતો, ‘ઈદાનીમપિ’ (હમણાં) ભક્તિનિષ્ઠામાં પણ, ‘જ્ઞાનં હિ’ અહિં ‘એતાસામ્’ એટલું અધ્યાહાર છે. મનના નિમજ્જનરૂપ જ્ઞાન કામભાવરૂપ હોવાથી તમોરૂપ જ કહેવાય, તેથી ‘હિ’ શબ્દ મૂક્યો છે, અને તેથી જ અભિમતિનો એટલે

વૃત્તિઓનો દૃષ્ટાંત આપ્યો છે, ભગવાનના મુખનું સાક્ષાત્ અવલોકન કરવું તે ભક્તિ, તેમાં ભગવાનના હાસ્યનો સંબંધ હોવાથી તે રજોરૂપ હતી, ચિરકાલસુધી ભગવાનને પરિરંભ કર્યો, તે ભગવત્સંગથી તેમને શાંતિ થઈ એમ જણાવવાથી તે સત્ત્વરૂપ હતો, 'અન્યથા' જ્ઞાન અને ભક્તિના સંગથી માત્ર, આથી આ શ્લોકના અર્થનો ઉપસંહાર કર્યો, મહાવાક્યનો અર્થ કહે છે, આ પ્રમાણે 'દદશુઃ સ્ત્રિયઃ' એ ૨૧મા શ્લોકમાં કહ્યા પ્રકારે અભિસારના અંગરૂપ ભગવદ્દર્શન ભગવાનના ચરિત્રરૂપે જે કહ્યું હતું તે આ બે શ્લોકથી સિદ્ધ કર્યું, 'નરેન્દ્ર' ધ્યાનથી રસવિશેષ પ્રાપ્ત થવાથી અને અધિકારને લઈને તેમાં જેની નિષ્ઠા છે તેને મોહ ન થાય એવો ભાવ છે.

**યો.**– 'જ્ઞાનં હિ તમોરૂપમ્' જ્ઞાન તમોરૂપ હતું, યજ્ઞપત્નીઓને ભગવાનનું જ્ઞાન તમોરૂપ હતું કારણ કે તેમને ભગવાનમાં કામ ઉત્પન્ન કરનાર તરીકે બોધ થતો હતો. 'રજોરૂપા ભક્તિઃ' ભક્તિ રાજસી અને 'સત્ત્વરૂપઃ સંગઃ' 'લાંબા કાલ સુધી આલિંગન કરીને' એ પદથી કહેલો આલિંગનરૂપ સંગ સાત્ત્વિક.

**સુ.**– પછી ભગવાને જે કરવાનું હતું તે 'તાસ્તથા' શ્લોકથી કહે છેઃ

**તાસ્તથા ત્યક્તસર્વાશાઃ પ્રાપ્તા આત્મદિદક્ષયા ।।**
**વિજ્ઞાયાખિલદગ્દ્રષ્ટા પ્રાહ પ્રહસિતાનનઃ ।।૨૪।।**

તે પ્રકારે સર્વ આશાઓનો ત્યાગ કરીને ભગવદ્દર્શનની ઈચ્છાથી તેમને આવેલાં જાણીને સર્વ મનુષ્યોની બુદ્ધિને જાણનાર ભગવાન્ પુષ્કલ હાસ્યવાળા મુખે નીચે પ્રકારે બોલ્યા. ૨૪.

**સુ.**– 'તથા' એટલે પૂર્વે કહેલા પ્રકારથી, જેમણે આ લોક અને પરલોકની આશાઓ છોડી દીધેલી છે એવાં પત્નીઓને પોતાના દર્શનની ઈચ્છાથી–કેવલ ભગવાનનાં દર્શન કરવાને માટે–જ આવેલાં છે એમ જાણીને મર્યાદામાર્ગમાં તો આટલું જ કર્તવ્ય છે કે જે ભગવાનનું શ્રવણ થયું છે તેમનું મનથી નિદિધ્યાસન કરવું જોઈએ, કારણ કે તેનો સાક્ષાત્કાર કરવાનો છે, તે સાક્ષાત્કાર (દર્શન) તો આ પત્નીઓને થયો, 'વિજ્ઞાય' એમ જાણીને જે રૂપનો (રસરૂપનો) પ્રકાર પોતે કર્યો હતો તેનાથી વિલક્ષણ વચન ભગવાન્ બોલ્યા, તેમનું સ્વરૂપ જાણીને પુષ્કલ હાસ્યવાળું મુખ કરીને બોલ્યા, દર્શન પછી જે ભાવ થાય તેનો વ્યામોહ કરવાને માટે હાસ્ય કર્યું. 'પ્રાહ' તેમાં 'પ્ર' મૂકેલો હોવાથી કાંઈ પણ બાધ વિના બોલ્યા. શંકા– આ પ્રકારે સ્વરૂપથી વિરુદ્ધ વચનો બોલવાં અયુક્ત હતાં. સમાધાન– 'અખિલદગ્દ્રષ્ટા' એ પદથી કહે છે કે સર્વની બુદ્ધિઓના દ્રષ્ટા ભગવાન્ છે, સર્વ ગુણવાળા ધર્મીઓ એટલે જુદા જુદા ગુણવાળા મનુષ્યોની જે પ્રવૃત્તિઓ હોય છે તે, કેવલ ધર્મીઓની પ્રવૃત્તિ સર્વ ભગવાન્ જાણે છે. પ્રવાહની માફક બાધક સહિત ધર્મોવાળા સર્વત્ર જતા

ધર્મીઓની પ્રવૃત્તિ કે જે પ્રવૃત્તિમાં પછવાડેથી બાધ ઉત્પન્ન થાય છે તે સર્વ પણ ભગવાન્ જાણે છે. તેથી આ પત્નીઓ છેલ્લા પક્ષમાં નિમગ્ન હતાં એટલે પાછળથી એમને ભગવદ્રસના અનુભવમાં બાધ ઉત્પન્ન થાય એવાં હતાં, તેથી હાસ્યથી મોહનાં વચન કહ્યાં.

**સુ.**– ભગવાનનું વાક્ય 'સ્વાગતમ્' એ ચાર શ્લોકથી કહે છેઃ

**સ્વાગતં વો મહાભાગા આસ્યતાં કરવામ કિમ્ ।।**
**યન્નો દિદક્ષયા પ્રાપ્તા ઉપપન્નમિદં હિ વઃ ।।૨૫।।**

હે મહાભાગ્યવાળાં ! તમે ભલે આવ્યાં. આવ્યાં તે બહુ સારું કર્યું, બેસો, તમારે માટે અમે શું કરીએ? અમારાં દર્શનને માટે આવ્યાં તે તમે બહુ યોગ્ય કર્યું છે. ૨૫.

**કારિકાર્થઃ**– પ્રથમ શ્લોકમાં પહેલાં જે આવી ગયું તેનો અનુવાદ છે. બીજા શ્લોકમાં તે પ્રકારે કરવું તે તેમને યોગ્ય છે એમ કહયું. ત્રીજા શ્લોકમાં તેમનો મર્યાદામાર્ગમાં પ્રવેશ કરાવ્યો, અને પછી ચોથા શ્લોકમાં ઘેર જવાનો બોધ કર્યો. કા.૧.

**સુ.**– પહેલાં જે થયું તેનો અનુવાદ કરે છે, લૌકિક ન્યાયથી તમારું જે અહિં આવવું થયું તે બહુ સારું છે, એમ સૂચવી કુશળ હોવાનો પ્રશ્ન કર્યો. 'મહાભાગાઃ' એ પદથી એમ કહ્યું કે તમે મહાભાગ્યવાળાં હોવાથી, કોઈપણ બાહ્ય વસ્તુ આપવાની રહેતી નથી. 'મહત્ત્વ' અંદરનું ભાગ્ય પણ સૂચવે છે, અને તેથી તમને સર્વ સમૃદ્ધિ સિદ્ધ છે અને સાક્ષાત્કાર પણ સિદ્ધ થયો છે, એમ નિરૂપણ કર્યું. પાસે આવેલાને ખેદ ન થાય એટલે કાંઈ પણ શ્રમ ન પડે તેને માટે કહ્યું કે બેસો. શા ઉદ્દેશથી આવ્યાં છો? તે પૂછે છે કે અમે તમારે માટે શું કરીએ? આથી જો કોઈ વસ્તુ તમારી પાસે નહિ હશે તો હું તેનો સંગ્રહ કરી આપીશ, અંતે તમારી શુદ્ધ ગતિ એટલે મોક્ષ સિદ્ધ કરી આપીશ, તે બાબત યજ્ઞપત્નીઓ તથા બીજાં મોક્ષ પામી ગયાં એમ આગળ કહેવામાં આવશે. વૈષ્ણવોની સાથે સંગ પણ કરાવીશ, અને તેટલા માટે જ યાજ્ઞિકોને ભગવાન્ જ્ઞાન આપશે, અને તે જ્ઞાનથી શુદ્ધ થએલાના સમાગમથી સર્વથા પ્રપત્તિ સિદ્ધ થશે, પછી તેમના દ્વારા આ પત્નીઓ પણ મોક્ષને યોગ્ય થશે. માટે જેટલું તમારે માટે કરવું યોગ્ય છે તે કરીશું એમ કહ્યું. શંકા– અધિક કાંઈ કરવાનું નથી, અમે તો તમારાં દર્શન કરવા માટે આવ્યાં છીએ, એમ જો કહે તો તેનું સમાધાન કરે છે કે અમારું દર્શન કરવાની ઈચ્છાથી આવ્યાં તે યોગ્ય છે. 'વઃ' એમ બહુવચન મુકવાથી કેવલ ભાવનું નિવારણ કર્યું, તેથી કહે છે કે આ તમે બહુ યોગ્ય કર્યું, કેમ કે સર્વ સામગ્રી સહિત

ભગવાનના દર્શન કરવા જોઈએ.

**સુ.**- શંકા- આ જે તમે કહ્યું તે મર્યાદામાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં થાય. અમારો તો તમારે વિષે અધિક પ્રેમ છે, માટે તમે જે કહો છો કે આટલું જ યોગ્ય છે તે કેમ? તેના ઉત્તરમાં 'નન્વદ્ધા' એ શ્લોકથી કહે છેઃ

**નન્વદ્ધા મયિ કુર્વન્તિ કુશલાઃ સ્વાર્થદર્શિનઃ ।।**
**અહૈતુક્યવ્યવહિતાં ભક્તિમાત્મપ્રિયે યથા ।।૨૬।।**

સ્વાર્થને સમજનાર કુશલ પુરુષો ખરેખર સાક્ષાત્ મારે વિષે કોઈપણ હેતુ વિનાની અને દેહ ઈન્દ્રિય વિગેરેના આવરણ વિનાની ભક્તિ કરે છે, જેમ આત્મા જે પ્રીતિનો વિષય છે, તેના પર કરે છે તેમ. ૨૬.

**સુ.**- 'નનુ' એટલે ખરેખર, એ શબ્દ કોમલ સંબોધનમાં વાપર્યો છે, સ્નેહ પણ મર્યાદામાં જ યોગ્ય છે, અને તેથી જ સાક્ષાત્ મારી જ ભક્તિ કરે છે, કોઈપણ કામનાને લીધે નહિ. 'મયિ' એ પદથી ભગવાન્ આત્મા છે એમ નિરૂપણ કર્યું. એકવચન વાપરવાથી ભગવાન્ સિવાય બીજા સર્વની ભક્તિ કરવાનું 'કુર્વન્તિ' એ પદથી દૂર કર્યું, આ કાંઈ નવું નથી, કિંતુ આ તો પરંપરાથી જ સિદ્ધ છે, કારણ કે તેઓ કુશળ છે. સર્વ સાધનો આ પ્રકારે (મારી ભક્તિ કરવાથી) કાંઈપણ પ્રયાસ વિના સિદ્ધ થાય છે, અને ફલ પણ સિદ્ધ થાય છે. વળી તેઓ સ્વાર્થમાં કુશળ છે. બીજું સર્વ ઈન્દ્રિય વિગેરેના પોષણમાં જાય છે, આ માત્ર પરમાત્મા તરફ જાય છે, જ્યાં સુધી ભગવાનમાં પ્રેમ થતો નથી ત્યાં સુધી આત્મામાં પણ પ્રેમ થતો નથી, ભગવાનમાં થએલો પ્રેમ જ આત્મા તરફ વળે છે. જ્યાં સુધી આત્મામાં પ્રેમ થતો નથી, ત્યાં સુધી બીજી વસ્તુઓમાં રાગ ઓછો થતો નથી, તેથી તેમને 'સ્વાર્થદર્શિનઃ' એટલે આત્મામાં કુશળ કહ્યાં. માટે જ કોઈ પણ હેતુ વિનાની અને દેહ ઈન્દ્રિય વિગેરેના આવરણ વિનાની પ્રેમલક્ષણા ભક્તિ જેમ આત્મા કે જે પોતાની પ્રીતિનો વિષય છે, તેને વિષે કરે છે, તેમ જ મારે વિષે કરે છે, જ્ઞાનીઓને આત્મા દૃષ્ટાંતરૂપ થાય છે, કારણ કે આત્માથી આગળની કક્ષા એટલે પરમાત્મા સુધી તેઓ પહોંચતા નથી, લોકને વિષે પણ પોતાની પ્રીતિના વિષય પતિ વિગેરેમાં આત્માનું જ દૃષ્ટાંત અપાય છે. લોકને વિષે અલૌકિક જ્ઞાનને માટે પદાર્થનું દૃષ્ટાંત સિદ્ધ છે. શ્રુતિમાં કહ્યું છે કે 'પતિને માટે પતિ પ્રિય નથી, પણ આત્માને માટે જ પતિ પ્રિય છે.'

**ટિ.**- 'યાવન્ ન ભગવતિ પ્રેમેત્યાદિ' જ્યાં સુધી ભગવાનમાં પ્રેમ થતો નથી વિગેરે. અહિં આ ભાવ છે, ભક્તિમાર્ગમાં ભગવાન જ સ્વતંત્ર પુરુષાર્થ છે તેથી નિરુપાધિક સ્નેહ એટલે કોઈ પણ ઉપાધિ વિનાનો સ્નેહ ભગવાનના ઉપર જ થાય છે અને ભગવાન્

તરફ સ્નેહમાં ઉપયોગી હોવાને લીધે જ પોતાના આત્મા વિગેરેમાં પણ સ્નેહ થાય છે, એમ વસ્તુસ્થિતિ છે, તેથી જ મહિષીગીતમાં કહ્યું છે કે 'યર્હ્યંબુજાક્ષ ન લભેય ભવત્પ્રસાદં જહ્યામસૂન્' 'હે કમલનયન ભગવન્! જો તમારો પ્રસાદ નહિ મળશે તો હું પ્રાણનો ત્યાગ કરીશ.' એમ હોવાથી જે પ્રમાણે વિષયી મનુષ્યોને આત્માના અધ્યાસવાળા દેહ, ઈન્દ્રિય વિગેરેમાં આત્માના અજ્ઞાન છતાં પરમ સ્નેહ હોય છે, તેમ ભગવાનમાં સ્નેહ જેમને નથી, એવા મોક્ષની ઈચ્છાવાળાઓને વિષયો તરફ વૈરાગ્ય થાય છે એમ સમજવું.

**લે.**– આનું વિશેષ સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છેઃ– ભક્તિમાર્ગમાં ભગવાનને વિષે સ્નેહ મુખ્ય છે. અને તે સ્નેહને લઈને ભગવાનની ઉપર રહેલા આત્માને વિષે સ્નેહ થાય છે, અને તેથી બીજી વસ્તુઓને વિષે રાગ દૂર થાય છે. મુમુક્ષુઓને તો ભગવાનને વિષે સ્નેહ હોતો નથી, તો ભગવાનની ઉપર રહેલા આત્મામાં સ્નેહ કેમ થાય ? અને આત્મામાં સ્નેહ ન થાય તો વૈરાગ્ય પણ કેમ થાય? એવી શંકા થાય તો તેનું દૃષ્ટાંતથી નિવારણ કરે છે કે જેમ 'વિષયી મનુષ્યોને આત્માનું અજ્ઞાન છતાં આત્માનું અજ્ઞાન હોવાથી તેમાં સ્નેહ નથી હોતો, છતાં આત્માની ઉપાધિવાળા દેહ વિગેરેમાં સ્નેહ થાય છે', તેમ મુમુક્ષુઓને ભગવાનને વિષે સ્નેહ નહિ હોવા છતાં ભગવાનને વિષે રહેલા આત્મામાં સ્નેહ થાય છે, તેથી વિષયો આત્માનો નાશ કરનાર હોવાથી, તે વિષયોમાં તેમને વૈરાગ્ય થાય છે, જેમ વિષયી મનુષ્યને દેહના નાશ કરનાર ઉપર દ્વેષ થાય છે તેમ. એથી એમ સિદ્ધ થયું કે ઉપાધિનું જ્ઞાન જ સ્નેહનો હેતુ છે. તો પણ જ્યાં સુધી મૂલને સ્પર્શ ન કરે (ભગવાન્ સુધી પહોંચે નહિ) ત્યાં સુધી તે વૈરાગ્ય દઢ થતું નથી. તે હેતુથી શ્રીસુબોધિનીજીમાં કહ્યું કે જ્યાં સુધી ભગવાનમાં પ્રેમ નહિ થાય ત્યાં સુધી આત્મામાં પ્રેમ થતો નથી. અને તેથી જ ભરતને ફરીથી વિષયાસક્તિ થઈ હતી. 'ભર્તાદૌ' પછી શ્રીસુબોધિનીજીમાં 'આત્માદૃષ્ટાંતઃ' એમ અધ્યાહાર સમજવું. 'જ્ઞાનાર્થમ્' એટલે દૃષ્ટાંતથી અલૌકિક જ્ઞાનને માટે, તેથી જ 'ન વાડરે પત્યુઃ કામાય' (બૃ.ઉ. ૪-૫-૬) વિગેરે દૃષ્ટાંત વડે આત્માનો બોધ કર્યો છે. તેથી 'હિ' શબ્દ શ્રીસુબોધિનીજીમાં મુક્યો છે.

**યો.**– તૃતીય સ્કંધમાં બ્રહ્માને ભગવાને કહ્યું છે કે 'હે બ્રહ્મા ! હું આત્માઓનો આત્મા છું, પ્રેષ્ઠમાં પ્રેષ્ઠ છું, તેથી મારે વિષે રતિ કરવી જોઈએ, આત્માને લીધે જ દેહાદિ પ્રિય છે.'

**સુ.**– તેનું ઉપપાદન 'પ્રાણ' એ શ્લોકથી કરે છેઃ

**પ્રાણબુદ્ધિમનઃસ્વાત્મદારાપત્યધનાદયઃ ।।**
**યત્સમ્પર્કાત્ પ્રિયા આસંસ્તતઃ કો ન્વપરઃ પ્રિયઃ ।।૨૭।।**

પ્રાણ, બુદ્ધિ, મન, પોતાનાં શરીર અથવા ધન, આત્મા, સ્ત્રી, પુત્ર, પશુ વિગેરે જે કાંઈ આત્મસંબંધિ છે, તે સર્વ મારા સંબંધથી પ્રિય લાગે છે, માટે મારાથી બીજો જે કોઈ નિયમ્ય છે, તેવો કોણ પ્રિય લાગી શકે? ૨૭.

**સુ.**– પ્રાણ વિગેરે સર્વે આત્માના સંબંધથી પ્રિય લાગે છે, આત્મા પણ પરમાત્માના સંબંધથી પ્રિય લાગે છે, પરમાનંદ પણ આત્મરૂપે જ પ્રિય લાગે છે. કેવલ આત્મા પ્રિય લાગતો નથી, તેમ કેવલ આનંદ પણ પ્રિય લાગતો નથી. જો કેવલ આનંદ પ્રિય લાગતો હોય તો પારકાનો આનંદ પણ પ્રિય લાગે. કેવલ આત્મા પ્રિય લાગતો હોય તો દુઃખી જીવ જે આત્મા છે તે પણ પ્રિય લાગે, પણ એ બંને પ્રિય લાગતા નથી, (માટે પરમાનંદ આત્મરૂપે જ પ્રિય લાગે છે) એમ હોવાથી પ્રાણાદિને વિષે જે સ્નેહ છે, તે ઉપાધિવાળો છે. સહજ (સ્વાભાવિક) સ્નેહ તો મારે વિષે જ છે. માટે બીજો કોણ પ્રિય લાગે? 'પ્રાણાઃ' એટલે ઈન્દ્રિયો અને પ્રાણ બંને, 'બુદ્ધિઃ' એટલે જે મનને નિયમમાં રાખે છે તે. 'મનઃ' મન. 'સ્વ' એટલે પોતાનું શરીર, ધન વિગેરે. 'આત્મા' એટલે દેહ અથવા આત્મા. 'દારાઃ' એટલે સ્ત્રીઓ, 'અપત્ય' એટલે પુત્રો, 'ધન' એટલે પશુ વિગેરે જે કાંઈ આત્માનાં સંબંધિ છે, જેનો આત્માનો એટલે મારો સંબંધ છે, તેથી તે બધા પ્રિય લાગે છે. તેથી મારાથી બીજો કોણ પ્રિય હોઈ શકે? 'અપર' એટલે નહિ પર, પર એટલે નિયામક, અપર એટલે નિયમ્ય (નિયામક નથી તે), જે નિયમ્ય છે, તે તો અપ્રિય જ લાગે છે.

**લે.**– 'અપરશ્ચ'. પર એટલે નિયામક. ન પર એટલે નિયમ્ય. બીજો તો આવો નિયમ્ય જ હોય છે, તેથી તે અપ્રિય લાગે છે.

**સુ.**– માટે કાર્ય સિદ્ધ થએલું હોવાથી ઘેર જાઓ, એમ 'તદ્ યાત' શ્લોકથી કહે છે:

**તદ્ યાત દેવયજનં પતયો વો દ્વિજાતયઃ ॥**
**સ્વસત્રં પારયિષ્યન્તિ યુષ્માભિર્ગૃહમેધિનઃ ॥૨૮॥**

માટે દેવયજ્ઞમાં જાઓ, તમારા પતિઓ જેઓ દ્વિજ છે, અને ગૃહસ્થાશ્રમી છે, તેઓ તમારી સહાયથી જ પોતાનો યજ્ઞ પાર પાડશે. ૨૮.

**સુ.**– જો કે હું આત્મા છું, તો પણ બહારના રમણથી બુદ્ધિમાં વિકાર પ્રાપ્ત થાય માટે તે કરવા યોગ્ય નથી, કારણ કે તમે પતિવ્રતા છો. લગ્નસંસ્કારથી સંસ્કાર પામેલાં છો, માટે દેવયજ્ઞમાં જાઓ. વળી તમારા પતિઓ દ્વિજ છે, બ્રાહ્મણ જાતિના છે, તેથી સંસ્કારનો જો નાશ થાય તો યજ્ઞ સિદ્ધ ન થાય, તેથી તેઓ પોતાનો યજ્ઞ તમારી સાથે રહીને પાર પાડશે, કારણ કે તેઓ ઘરમાં બુદ્ધિવાળા (ગૃહસ્થ) છે, અને ગૃહસ્થોને ભાર્યાની સાથે રહીને જ કર્મ કરવાનો અધિકાર છે, માટે તમારું મારા દર્શનરૂપી કાર્ય સિદ્ધ થએલું હોવાથી, તમારા પતિઓ તમારી રક્ષા કરી શકે એમ હોવાથી, તેમનો યજ્ઞ સિદ્ધ કરાવવાના પરોપકારનો સંભવ હોવાથી તેમના જાતિ,

યજ્ઞ, ગૃહસ્થાશ્રમ સર્વ સિદ્ધ કરવાને માટે તમારે જવું જોઈએ.

**સુ.**-પત્નીઓ તો પોતે સર્વપરિત્યાગ કરીને આવ્યાં છે, પોતાને ભગવાનનો સાક્ષાત્કાર થયો છે, અને હવે ફરીથી પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરવી એ અયુક્ત છે, એવો વિચાર કરીને પોતાને પાછાં નહિ મોકલવાની પ્રાર્થના 'મૈવમ્' શ્લોકથી કરે છેઃ

॥પત્ન્ય ઊચુઃ॥

**મૈવં વિભોર્હતિ ભવાન્ ગદિતું નૃશંસં સત્યં કુરુષ્વ નિગમં તવ પાદમૂલમ્॥**
**પ્રાપ્તા વયં તુલસિદામ પદાવસૃષ્ટં કેશૈર્નિવોઢુમતિલંઘ્ય સમસ્તબન્ધૂન્॥૨૯॥**

હે વિભો (સર્વસમર્થ), તમને આવું ક્રૂર વચન બોલવું ઘટતું નથી. વેદનું વચન સત્ય કરો. સર્વ બંધુઓનો ત્યાગ કરીને, તમારા ચરણથી દૂર કરેલી તુલસીની માલા અમારા કેશના અંબોડામાં ધારણ કરવાને, તમારા ચરણના મૂલને અમે પ્રાપ્ત થયાં છીએ. ૨૯.

**સુ.**- ઘેર જવું તો અનુચિત છે અને કર્તવ્ય નથી, તો પણ પ્રભુના વચનને લીધે જો કરવું પડે તો તેમ કરવામાં ઓકેલું ખાવા જેવું થાય, તો તેમાં મોટો ભય ઉત્પન્ન થાય, એવી શંકા લાવીને પ્રાર્થના કરે છે કે હે સમર્થ ! તમે સર્વ પ્રકારે સર્વ કરવાને શક્તિમાન્ છો, તેથી આમ બોલવું તમને યોગ્ય નથી. અયોગ્યતાનું કારણ કહે છે કે ક્રૂર વાક્ય છે, સ્વરૂપથી, ફલથી અને અર્થથી ત્રણે રીતે ક્રૂર છે. (પ્રથમ સ્વરૂપથી ક્રૂરતા જણાવે છે.) પુષ્ટિમાર્ગને પ્રવર્તાવવાને જે ભગવાને અવતાર લીધો છે, તે મર્યાદા કેમ સ્થાપે છે? (અમને આમ મર્યાદામાર્ગમાં રહેવાનું કેમ સૂચવે છે? (ફલથી ક્રૂરત્વ સૂચવે છે) કે આ મર્યાદા પણ નથી, કારણ કે ભગવાનનું આ વચન તો ત્યાગ કર્યા પછી ફરીથી ગ્રહણ કરવાનું વિધાન કરે છે. જો કે સ્ત્રીઓને ત્યાગ કરવો કહ્યો નથી, તો પણ જ્યારે તમે અવતાર લીધો છે, ત્યારે તો તેઓએ સ્ત્રીઓએ ત્યાગ કરવો ઉચિત છે, કારણ કે સ્ત્રીઓને માટે જ આનંદરૂપ ભગવાન્ આપ પ્રકટ થયા છો. બીજે સમયે ફલરૂપ આનંદનો અભાવ હોવાને લીધે, સ્ત્રીઓ ભોગ્ય હોવાને લીધે તેમને બીજી જગ્યાએ જવું આવશ્યક થવાથી ભલે ત્યાગ અનુચિત હો, પણ ચાલતા વિષયમાં તો તેથી વિપરીતપણું છે, કારણ કે આનંદરૂપ ભગવાન્ પોતે જ ભોગ કરી શકે છે, માટે ફલનો અનુભવ ભગવાન્ પોતે કરાવી શકવાથી અન્યનો ત્યાગ ઉચિત જ છે, અને એમ હોવાથી ફરીથી તેનો પરિગ્રહ કરવાનું કહેવું તે ક્રૂર થાય છે. (અર્થથી ક્રૂરપણું કહે છે કે) વળી આ બોલવું દયાનો અભાવ સૂચવે છે, સંસારના દાવાનલમાંથી નીકળેલાને ફરીથી તેમાં પ્રવેશ કરવાનું કહે છે. તેથી, અને જો એ જ પ્રકારથી પુરુષાર્થની સિદ્ધિ થતી હોય તો પણ તમારે અમને પાછાં મોકલવાં યોગ્ય

નથી, કારણ કે તમે સર્વ સમર્થ છો. અહિં જ તેવો પ્રકાર એટલે પુરુષાર્થસિદ્ધિનો પ્રકાર સિદ્ધ કરો, પોતે અમારા પતિરૂપ થઈને કોઈક સ્થલે રહો, અથવા તો અમને બીજા પ્રકારે એટલે ગોપિકારૂપે બીજાઓને જણાવો, અથવા તો તમે જે આત્મા છો, તેમાં અમારો પ્રવેશ કરાવો, અથવા તો અમને વૃક્ષ વિગેરે બનાવી દો, અથવા તો અમને અદશ્ય કરી દો. આ પ્રમાણેના સર્વ ઉપાયો હોવા છતાં અમને પાછાં ઘરમાં એટલે સંસારમાં મોકલવાનો ઉપાય શા માટે કરો છો? જો તમે એમ કહો કે બીજા બધા ઉપાયો સિદ્ધ કરવાના રહ્યા, અને ઘર તો સિદ્ધ જ છે, અને તેમાં કાંઈ નવું કરવું પડતું નથી. તો તેનો ઉત્તર કહે છે કે વેદમાં કહેલું સત્ય કરો. નિગમ એટલે વેદ કહે છે કે 'ત્યાગ કર્યા પછી ફરીથી ગ્રહણ કરવું નહિ.' શ્રુતિએ કહ્યું છે કે 'આ તાપસોએ તો ત્યાગ કરવો જોઈએ.' 'ફરીથી આવતો નથી, ફરીથી આવતો નથી.' 'હે અર્જુન! મારી પાસે આવ્યા પછી પુનર્જન્મ થતો નથી.' (ગી.૮/૧૬) આ પ્રમાણે અનેક પ્રકારના વચનો વેદમાં કહ્યાં છે, તે ત્યાગ કર્યા પછી જો ફરીથી તમે ગ્રહણ કરાવો તો અસત્ય થઈ જાય, માટે તમારો વેદ સત્ય કરો.

શંકા- મારી પાસે આવ્યા પછી એટલે મારું સાયુજ્ય પ્રાપ્ત થયા પછી, એવો અર્થ હોવાથી તમને પાછા જવામાં બાધ આવતો નથી, કારણ કે તમને કાંઈ સાયુજ્ય થયું નથી પણ તમે મારાથી જુદાં રહ્યાં છો. એના સમાધાનમાં કહે છે કે અમે તમારા ચરણના મૂલને પ્રાપ્ત થયાં છીએ. પ્રાણીઓનો પોતાનો પ્રયત્ન તો આટલે સુધીનો જ હોઈ શકે કે તમારા બે ચરણના મૂલને પ્રાપ્ત કરવું. ચરણનું મૂલ એટલે ચરણનો પ્રેમ, અથવા ચરણની રજ ધારણ કરવી તે, અથવા ચરણની છાયાનો આશ્રય કરવો તે, અથવા અવલંબનવાળા ચિત્તની સ્થિતિ, અથવા ચરણના નીચેના ભાગમાં સેવાને માટે સ્થિતિ. આમાંથી કાંઈ પણ પ્રાણી કરે, પછી બાકીનું તમારે જ કરવું જોઈએ, તેની અધોગતિ કરવી જોઈએ નહિ.

શંકા- તમે સ્ત્રીઓ છો અને કામયુક્ત છો, એમ હોવાથી લોકવિરુદ્ધ, શાસ્ત્રવિરુદ્ધ અને અવતારવિરુદ્ધ કામ હું કેવી રીતે કરું? માટે તમારે તો જલ્દી પાછાં જવું જ યોગ્ય છે, એમ જો ભગવાન્ કહે તો તેનો ઉત્તર 'તુલસિદામ પદાવસૃષ્ટં કેશૈઃ નિવોઢુમ્' (તુલસીની માલા તમારા ચરણથી દૂર કરેલી અમારા કેશમાં ધારણ કરવાને, એ શબ્દોથી આપે છે. અમને અનુચિત કર્મની અભિલાષા નથી, કિંતુ આખો દિવસ સેવા કરીશું, અને સ્વામીનો નિદ્રાનો સમય થશે, ત્યારે અથવા સ્વામીને નિદ્રા આવી હશે ત્યારે ચરણની સેવા કરતા કરતા ચરણના આભરણને સ્થલે પુષ્પના આભરણ ની માફક બાંધેલી તુલસીમાલા તમે જે પ્રસાદ તરીકે અમને આપી હશે તે, અથવા તમે

અસ્પર્શમાં હો તો દૂરથી કાઢી નાખેલી માલા, અમે પરમ પુરુષાર્થ સમજીને ગ્રહણ કરીશું, તેને માટે અથવા કેશ સંબંધી વેણી અંબોડા વિગેરેમાં તે માલાને ધારણ કરવા માટે તમારા ચરણના મૂલને અમે પ્રાપ્ત થયાં છીએ.

શંકા.- જો એટલી જ તમને અભિલાષા હોય તો ત્યાં તમારે ઘેર જ તુલસીની માલા મોકલી આપીશું. તેનો ઉત્તર કહે છે કે સર્વ બંધુઓને પતિ પુત્ર વિગેરેને અમે છોડીને આવ્યાં છીએ, તેથી તેમનો વિરોધ કરવાથી અમે ત્યાં રહી શકીશું નહિ, એટલે ત્યાં અમને તે માલા તમે મોકલી શકશો નહિ.

**લે.**- 'આદૌ' ત્રણ પ્રકારમાં પ્રથમ, સ્વરૂપથી ક્રૂરતામાં. ફલથી ક્રૂરતા 'નાપીયમ્' વિગેરે પદોથી કહે છે, વિરુદ્ધ વિધાન કરવાથી ફલથી ક્રૂરતા, 'અતઃ' અવતાર ધરેલો હોવાથી, ઉચિત હોવાથી, 'આ ફલરૂપ આનંદના અભાવ'માં હેતુ છે. 'ઉચિત એવ' ફલનો અનુભવ કરાવે છે તેથી ઉચિત જ છે. 'કિંચ' વિગેરેથી અર્થથી ક્રૂરતા જણાવે છે. 'દયાભાવાત્' દયાનો અભાવ જણાવવાથી, દયાના અભાવનું વિવરણ 'સંસાર' વિગેરેથી કરે છે. 'તદ્રૂપઃ' પતિરૂપ, 'અન્યથા' ગોપિકા વિગેરેના રૂપથી અમને બીજાઓને બતાવો. 'પ્રેમ' અમે પ્રેમ પ્રાપ્ત કર્યો છે. 'રજઃ' રજને અમે ધારણ કરી છે. 'છાયા' છાયાનો આશ્રય કરીને, તેની પાછળ અમે ગયાં છીએ, આ પ્રમાણે ત્રણ ક્હયાં. મૂલ પ્રેમની પ્રાપ્તિનો પ્રકાર બીજી રીતે વર્ણવે છે. ચરણને અવલંબન કરનાર ચિત્તને વિષે સ્થિતિ એટલે નિષ્ઠા. 'અધઃ' ચરણના અધોભાગને વિષે સ્થિતિ, 'સ્વામિનો નિદ્રાસમયે' વિગેરેથી વર્ણન કરશે. 'પાદયોઃ સમર્પિતમ્' ચરણના આભરણની જગ્યાને વિષે પુષ્પના આભરણની માફક બાંધેલી. જ્યારે કેશ છુટા હોય ત્યારે તુલસીની માલાનું સ્થાપન તેમાં સંભવતું નથી, એ આશયથી 'કેશ' પદનો અર્થ કહે છે, કે કેશના સંબંધી વેણી અંબોડા વિગેરેથી. 'ન તત્ર સ્થિતિઃ' અમે ત્યાં હોઈશું નહિ તો પછી તુલસીની માલા ક્યાં મોકલશો ?

**સુ.**- વળી તેઓના ઉપર ઉપકાર કરવાને માટે જવું જોઈએ એમ જે આપે કહ્યું તે પણ સંભવતું નથી, તે 'ગૃહ્ણન્તિ' એ શ્લોકથી કહે છેઃ

**ગૃહ્ણન્તિ નો ન પતયઃ પિતરૌ સુતા વા ન ભ્રાતૃબન્ધુસુહૃદઃ કુત એવ ચાન્યે ।।**
**તસ્માદ્ ભવત્પ્રપદયોઃ પતિતાત્મનાં નો**
**નાન્યા ભવેદ્ ગતિરરિન્દમ તદ્ વિધેહિ ।।૩૦।।**

અમારા પતિઓ, માબાપ, પુત્રો, ભ્રાતાઓ, બંધુઓ અને મિત્રો કોઈપણ અમારું પાછું ગ્રહણ કરશે નહિ, તો બીજાં તો ક્યાંથી જ ગ્રહણ કરે. તેથી તમારા ચરણના અગ્રભાગની આગળ પડેલાં જે અમે તેમની, હે શત્રુનાશક! બીજી ગતિ ભલે ન થાઓ, તમારી સાથે જ જવાની આજ્ઞા કરો. ૩૦.

**સુ.**- તેમના-પતિના વચનનું ઉલ્લંઘન કરીને અમે આવેલાં હોવાથી, તેઓ

અમને રાખશે જ નહિ. જો ધણી ન રાખે તો પિતાને ઘેર રહેવું, એ પક્ષનું પણ નિરાકરણ કરે છે કે માબાપ પણ અમને રાખશે નહિ. અથવા તો પુત્રો તમને જુદાં રાખીને અન્ન આપશે, એનું પણ નિરાકરણ કરે છે, કે તેઓ પણ રાખશે નહિ. બાંધવો પોતાની પાસે રાખશે, તેનું પણ નિરાકરણ કરે છે કે તેઓ પણ રાખશે નહિ. મિત્રો ઉપકાર કરશે, તેનું પણ નિરાકરણ કર્યું કે તેઓ પણ રાખશે નહિ. પ્રત્યક્ષ બંધુઓની પણ વિરુદ્ધ જવાથી બીજાઓ અમારું ગ્રહણ કરશે નહિ, એમાં તો કહેવું જ શું? હવે જો એમ કહો કે તમારી જાતિનો પરિત્યાગ કરીને જ્યાં બને ત્યાં રહેવું, તો પછી અહિં જ રહેવું ઠીક છે. જો એમ કહો કે અહિં રહેવાથી સ્વર્ગપ્રાપ્તિ નહિ થાય, તો કહે છે કે ભલે ન થાઓ, તે 'ભવત્પ્રદયોઃ' વિગેરે પદોથી કહે છે. તમારા ચરણ આગળ પડેલાં જે અમો તેની બીજી કોઈ પણ ગતિ ભલે ન થાઓ. ચરણ આગળ પડેલાંની ગતિ તો જે ચરણની ગતિ તે જ હોઈ શકે, જેમ જોડાની ગતિ હોય છે તેમ, અથવા ચરણ આગળ પડેલા વસ્ત્રના ટુકડાની હોય છે તેવી. તે જ પ્રમાણે અમારી ગતિ ભલે થાઓ, બીજી કોઈ પણ સ્વર્ગાદિ ગતિ અમારા પતિઓની સાથે ભલે ન થાઓ, તેથી તમારા ચરણની જ ગતિ અમારી કરો. તમારી દાસીઓ થઈને તમારી સાથે સર્વત્ર પર્યટન કર્યા કરીશું. અમારા ભર્તા વિગેરેનો ભય તો તમને છે જ નહિ, એમ હે 'અરિન્દમ'(શત્રુનાશક) એ પદથી કહે છે. માટે તમારી સાથે તમે જ્યાં જાઓ ત્યાં અમને જવાની આજ્ઞા કરો.

**લે.**- 'સર્વત્ર પર્યટનમ્' પછી 'કુર્વન્ત્યો ભવામ' અધ્યાહાર સમજવું.

**યો.**- 'ગમનમેવ વિધેહિ'. તમે જાઓ ત્યારે અમારે તમારી સાથે ત્યાં જ જવું એમ કરો.

**સુ.**- આમ પ્રાર્થના તેઓએ કરી ત્યારે પતિ પિતા વિગેરેના બાધને લીધે આ પત્નીઓ એમ કહે છે, એ હેતુથી તરત જ તે બાધનું સમાધાન 'પતયઃ' એ શ્લોકથી કરે છેઃ

॥ શ્રીભગવાનુવાચ ॥

**પતયો નાભ્યસૂયેરન્ પિતૃભ્રાતૃસુતાદયઃ ॥**
**લોકાશ્ચ વો મયોપેતા દેવા અપ્યનુમન્વતે ॥૩૧॥**

શ્રીભગવાન્ કહે છેઃ પતિઓ, પિતા, ભ્રાતા, પુત્ર અને લોકો કોઈ તમારી ઉપર દોષનો આરોપ કરશે નહિ, કારણ કે મારી પાસે આવેલાં જે તમો તેનું દેવો પણ સન્માન કરશે. ૩૧.

**સુ.**- ત્યાગ અને અગ્રહણની સંભાવના જ નથી, એટલું જ નહિ પણ

તમારી ઈર્ષ્યા પણ કરશે નહિ, તો પછી ત્યાગ અને અગ્રહણ એની સંભાવના જ ક્યાં? પતિ પિતા વિગેરેને આગલાઓમાં રહેલી ઉપાધિ પાછળનાઓમાં હોતી નથી. પિતાને પતિમાં રહેલો કામ હોતો નથી, ભાઈને પિતામાં રહેલો લોભ હોતો નથી. વળી સર્વે લોકો તમારા પર દોષનો આરોપ કરશે નહિ, તેનો હેતુ એ છે કે તમે મારી પાસે આવેલાં હોવાથી દેવો પણ તમારું સન્માન કરશે. જે શાસ્ત્ર વિરુદ્ધ હોય, કે જે યુક્તિ વિરુદ્ધ હોય તેમાં સર્વની અસંમતિ હોય. પોતાના આત્મા પાસે જવામાં કોઈની પણ અસંમતિ હોઈ શકે નહિ. જો એમ ન હોય તો પોતે પોતાનો સ્પર્શ કરવાથી અથવા પોતે પોતાને માટે જવાથી પણ તેનો ત્યાગ કરવો જોઈએ.

**ટિ.**– 'પિત્રાદયોપિ પૂર્વપૂર્વોપાધીત્યાદિ' પતિ, પિતા, ભ્રાતા, પુત્ર વિગેરેને પૂર્વપૂર્વમાં રહેલું અટકાવવાનું કારણ પાછળનાઓમાં હોતું નથી, જેમ કે પિતાને પુત્રીના છોકરાએ આપેલા પિંડનો લોભ હોવાથી પિતા પુત્રીનો અન્ય પાસે જવાનો નિષેધ કરે તે લોભ ભાઈને નથી, ભાઈને પોતાની બહેનની સૌભાગ્યની ઇચ્છા હોય તેથી તે નિષેધ કરે પણ એ ઈચ્છા પુત્રમાં નથી, પુત્ર તો માતાના નિર્દોષત્વની જ અપેક્ષા કરે છે, બીજાઓને તો તેની પણ અપેક્ષા હોતી નથી. જો કે બીજાઓમાં રહેલા અટકાવોના કારણ પાછળ આવતાઓમાં ઈર્ષ્યા નહિ હોવાના હેતુરૂપે નથી,તો પણ તે પત્નીઓમાં તે તે ધર્મો હમણાં સર્વ નાશ પામ્યા છે એમ સૂચવનારાં આ વાક્યો છે. એમ હોવાથી ભગવાન્ પાસે આવ્યાં તે સમયે જેઓએ તેમનો અટકાવ કર્યો હતો તે અટકાવવાનું કારણ પતિ, પિતા વિગેરેમાં રહેલા ધર્મો જ હતા એમ સમજવું.

**લે.**– 'એવ નાસ્તિ' અહિં 'એવ' પદ અયોગ સૂચવનાર છે. સંભાવના છે જ નહિ એ અર્થમાં છે.

**યો.**– 'ત્યાગાગ્રહણસંભાવનૈવ નાસ્તિ.' તમારા પતિઓ ઈર્ષ્યા પણ કરશે નહિ. એમ કહેવાથી ત્યાગની અને અગ્રહણની સંભાવના જ નથી. ત્યાગ અને અગ્રહણ એ બંનેની સંભાવના એમ સમાસ છોડવવો. 'ત્યાગ' એટલે ફરીથી સ્વીકાર ન કરવો અને 'અગ્રહણ' એટલે તાત્કાલિક સ્વીકાર ન કરવો તે.

**સુ.**– એમ છે તો લોકનો અને વેદનો વિરોધ નહિ હોવાથી તમારી સાથે અમારો અંગસંગ પણ થાઓ, એમ જો પત્નીઓ કહે તો 'ન પ્રીતયે' એ શ્લોકથી ઉત્તર આપે છે:

**ન પ્રીતયેનુરાગાય હ્યઙ્ગસઙ્ગો નૃણામિહ ।।**
**તન્ મનો મયિ યુઞ્જાના અચિરાન્ મામવાપ્સ્યથ ।।૩૨ ।।**

મારી સાથે અંગસંગ આ સ્થલે પ્રીતિ ઉત્પન્ન કરશે નહિ, મારે વિષે સ્નેહ પણ ઉત્પન્ન કરશે નહિ, અને મનુષ્યોને પણ પ્રીતિ ઉત્પન્ન કરશે નહિ, તેથી મારે વિષે

મનને જોડતાં મને તમે જલ્દી પ્રાપ્ત થશો. ૩૨.

**સુ.**- આ સ્થલે અંગસંગ મનુષ્યોને પ્રીતિકારક થઈ પડતો નથી. અંગસંગ એટલે અંગની સાથે સંગ. આત્માની સાથે જ સંગ ઉચિત છે, અથવા મનની સાથે જ સંગ ઉચિત છે. અંગની સાથે તો ભગવાનનો સંગ ઉચિત નથી. અંગસંગ એટલે ભગવાનનું અંગ અને પત્નીઓનું અંગ એ બે અંગનો સંગ એમ ન કહેવું, કારણ કે તે બાધિત છે. માટે લોકથી વિરુદ્ધ હોવાથી ભગવાનની સાથે અંગસંગ કર્તવ્ય નથી. વળી સંગ જે કરવાનો તે પણ ભક્તિને માટે કરવાનો, જેથી ભગવાનને વિષે અધિક સ્નેહ થાય. પણ તે તો થશે નહિ, તે 'અનુરાગાય' એ પદથી કહે છે. અંગસંગથી ભગવાનની સાથે અનુરાગ થશે નહિ. તમને પણ એથી અનુરાગ કે સ્નેહ થશે નહિ, મનુષ્યોને પણ આ અંગસંગનું જ્ઞાન થવાથી તેમને પણ મારા પર સ્નેહ થશે નહિ, વળી સંગ સાયુજ્યમાં મોટો પ્રતિબંધક છે, માટે મારે વિષે ચિત્તને જોડતાં મને જલ્દીથી તમે પ્રાપ્ત થશો. આથી પત્નીઓની બીજી કોઈ ગતિ થાય તેનું પણ નિવારણ કર્યું. સીધા માર્ગથી અર્થ સિદ્ધ થતો હોય તો આડા માર્ગથી સિદ્ધ કરવો અયુક્ત છે. તેથી એમ કહ્યું.

**લે.**- 'બાધિતત્ત્વાત્' ભગવાનનું અંગ અને ભગવાનનો આત્મા એમ બે જુદાં હોતાં જ નથી.

**યો.**- 'અંગયોરિતિ ન વક્તવ્યમ્.' પત્નીના અંગની સાથે ભગવાનનો સંગ ઉચિત નથી. જો કે યજ્ઞપત્નીઓ ભગવાન્ નથી તો પણ ભગવાન્ ભગવાન્ હોવાથી અને સિદ્ધાંતમાં ભગવાન્ અને ભગવાનના અંગનો અભેદ અંગીકાર કરેલો હોવાથી ભગવાનને આત્માથી જુદું અંગ હોતું જ નથી, વસુદેવની સ્તુતિમાં કહ્યું છે કે 'ભગવાન્ કેવલાનુભવાનંદસ્વરૂપ છે અને સર્વની બુદ્ધિને જોનારા છે.'

**સુ.**- ભગવાનનું વાક્ય ઉલ્લંઘન થઈ શકતું નથી, તેથી પત્નીઓએ તે જ પ્રમાણે કર્યું, તે 'ઈત્યુક્તા' એ શ્લોકથી કહે છેઃ

॥શ્રીશુક ઉવાચ॥

**ઈત્યુક્તા દ્વિજપત્ન્યસ્તા યજ્ઞવાટં પુનર્ગતાઃ॥**
**તે ચાનસૂયવસ્તાભિઃ સ્ત્રીભિઃ સત્રમપારયન્॥૩૩॥**

શ્રીશુકદેવજી કહે છેઃ- ભગવાને એમ કહેવાથી તે દ્વિજપત્નીઓ ફરીથી યજ્ઞને વાટે ગયાં અને તે દ્વિજોએ તેમની અસૂયા ન કરતાં તે સ્ત્રીઓની સાથે યજ્ઞ પૂરો કર્યો. ૩૩.

**સુ.**- આ યજ્ઞ પ્રથમ છે, તેથી સર્વત્ર દ્વિજ પદ કહયું છે, તેથી જ આગળ

તેમના ત્રણ જન્મ કહેશે, યજ્ઞની સમાપ્તિ સુધી તો તેઓ દ્વિજ જ છે. શંકા– શ્રુતિમાં કહ્યું છે કે 'દીક્ષિતે યજ્ઞને માટે માપીને જેટલી જગ્યા નક્કી કરી હોય તેમાંથી બીજે સ્થલે જાય તો યજ્ઞનો નાશ થાય,' તો પછી આ દ્વિજપત્નીઓએ તે જગ્યામાંથી દૂર પ્રવાસ કેવી રીતે કર્યો? શ્રુતિ કહે છે 'આ દીક્ષિત ગર્ભ છે, અને દીક્ષિતે માપેલી જગ્યા યોનિ છે. જો દીક્ષિતે માપેલી દીક્ષિત જગ્યાથી દૂર જાય તો યોનિમાંથી ગર્ભ પડી જાય તેમ જ દીક્ષિતનું થાય અને જે વ્રતો દીક્ષિતે કરવાનાં છે તે તેની પત્નીએ પણ કરવાનાં છે'. જ્યારે આમ છે ત્યારે પછી યજ્ઞ પૂરો કેવી રીતે થાય? એમ શંકા થાય તો કહે છે કે તે વાત ખરી છે પણ અહિં કાંઈ મુખ્ય પત્ની ગઈ નથી, વળી યજમાનોને પણ સ્વર્ગપ્રાપ્તિ (મુખ્ય ફલ) થઈ નથી કિંતુ તેમને ભગવત્પદની પ્રાપ્તિ જ થઈ છે, કારણ કે આગળ તેમને પણ ભક્ત તરીકે નિરૂપણ કર્યા છે. આ સંસ્કારો તેમને પદરૂપ ફલમાં ઉપકારી થાય છે. યજ્ઞમાં ઉપકારી થયા નથી. જો તકરાર પડે તો 'ઋત્વિકપણું બલવાન છે,' એ ન્યાયથી પણ તે પત્નીઓ કાંઈ મુખ્ય નહિ હતાં, વળી યજ્ઞકર્મનો સમય થયો ત્યારે તેઓ પાછાં આવ્યાં હતાં, એમ 'યજ્ઞવાટં પુનર્ગતાઃ' એ પદથી કહે છે. ભગવાને જેમ કહ્યું હતું તેમ જ થયું. તે 'તે ચ' વિગેરે પદોથી કહે છે, તેમનો દોષ ન જોતાં તે પત્નીઓની સાથે પોતાનું સત્ર સમાપ્ત કર્યું.

**લે.**– એક યજ્ઞપત્નીનું મરણ થયું તો પણ પૂર્વમીમાંસાના છઠ્ઠા અધ્યાયના ત્રીજા પાદમાં વ્યવસ્થા કરી છે, કે 'જો યજમાનનું પણ મરણ થાય તો તેનો પ્રતિનિધિ સ્થાપીને યજ્ઞ પૂરો કરવો,' તે પ્રમાણે અહિં પણ પ્રતિનિધિ સ્થાપીને યજ્ઞ પૂરો કરી શકાય.

**સુ.**– મુખ્યપત્ની ગયાં ન હતાં તે 'તત્રૈકા' એ શ્લોકથી કહે છેઃ

**તત્રૈકા વિધૃતા ભર્ત્રા ભગવન્તં યથાશ્રુતમ્ ।।**
**હૃદોપગુહ્ય વિજહૌ દેહં કર્માનુબન્ધનમ્ ।।૩૪।।**

ત્યાં એક યજ્ઞપત્ની કે જેને તેના પતિએ ધરી રાખ્યાં હતાં, તેણે જે પ્રમાણે ભગવાનનું શ્રવણ કર્યું હતું, એવા ભગવાનને હૃદયથી આલિંગન કરીને, જે દેહથી કર્મનું બંધન થાય એવા પોતાના દેહનો ત્યાગ કર્યો. ૩૪.

**સુ.**– તેમાંનાં એકને તેમના પતિ યજમાને ધરી રાખ્યાં, અને તેમ કરવાથી અનર્થ જ થયો તે કહે છે કે જે પ્રમાણે ભગવાનનું શ્રવણ કર્યું હતું, તેવા ભગવાનને હૃદયથી આશ્લેષ કરીને, દેહનો ત્યાગ કર્યો. ત્યાગ કરવાનું કારણ એ હતું કે તે દેહ કર્મમાં બંધન કરાવનારો હતો. તે દેહ પોતાને નુકશાન કરનારો હતો, તેથી તેનો ત્યાગ કર્યો, (દેહને પતિ અટકાવ કરી શકતા હતા, તેથી તે દેહ ભગવાનના સંબંધમાં પ્રતિબંધરૂપ થયો, તેથી તે નુકશાનકર્તા છે એમ જાણીને તેનો ત્યાગ કર્યો.) પોતાના

આત્માના અધિકારને માટે દેહનું ગ્રહણ કરવાનું હોય છે, દેહ જે ઉપકાર કરી શકે તે તો આટલો જ, તે ઉપકાર એટલે ભગવત્સેવા, અને તે તો બીજી રીતે સિદ્ધ થઈ, એટલે આ પ્રકારે ભગવાનને માનસિક આલિંગન કરવાથી સિદ્ધ થઈ. જે ભગવાનને આલિંગન કરે તેને ભગવાનની નિકટ (પાસે)થી બીજે સ્થાને જવાનું નથી, એટલે બીજો દેહ પણ તેને પ્રાપ્ત થયો નહિ, જેમ ભગવાનની શક્તિઓ ભગવાનથી જુદી રહેતી નથી, તેમ જેણે ભગવાનનું આલિંગન કર્યું તે ભગવાનથી અન્ય દેહ અથવા અન્ય સ્થાનમાં રહેતો નથી. ફરી જ્યારે કર્મનો સંબંધ આત્માને થાય ત્યારે તે કર્મથી આત્માને બંધન થાય, તેથી ત્યાં કર્મને સ્થાને તે પત્ની ગયાં નહિ, કારણ કે આ સમય તો કર્મનો હતો, તેથી ત્યાગ જ તેમણે શ્રેષ્ઠ માન્યો, યજ્ઞ હમણાં ચાલુ થઈ ગયો હતો, અને તેઓ કર્મને અધીન ન હતાં તેથી અંતર્ગૃહગતા ગોપિકાઓની માફક તેમનામાં કર્મનો ભોગ કહી શકાય નહિ, દેવતારૂપ પત્નીનું અધિષ્ઠાન જે દેહ તેમાંથી કાલ, કર્મ અને સ્વભાવ નિવૃત્ત થઈ ગયા, કારણ કે તેણે ભગવાનનું આલિંગન કર્યું, અને અંતર્યામી ભગવાન્ પણ નિવૃત્ત થયા, માટે ભગવાનમાં તેની મુક્તિ સિદ્ધ થઈ.

**લે.**- 'સ્થાનાન્તરમ્' બીજે સ્થાને જવાનું નથી, દેહાન્તર-બીજો દેહ. 'દેવતારૂપાયાઃ' દેવતારૂપ વિગેરે. 'દિવ્' ધાતુનો અર્થ ક્રીડા કરવી એમ છે, તેથી અંદર જેમણે ભગવાનને આલિંગન કર્યું હતું તે. 'ભગવાન્ અપિ' અંતર્યામીરૂપ ભગવાન્ પણ નિવૃત્ત થઈ ગયા, 'અતઃ' તેથી કૃષ્ણને વિષે મુક્તિ સિદ્ધ થઈ.

**યો.**- 'અપકારિત્વાત્ ત્યાગઃ' પતિ દેહનો નિરોધ કરી શકે, તેથી ભગવાનના સંબંધમાં પ્રતિબંધક થાય તે દેહનું અપકાર કરવાપણું સમજીને ત્યાગ કર્યો. 'આત્મનો-ધિકારાર્થમેતપરિગ્રહઃ' ભગવદીઓ દેહગ્રહણ કરે છે તે પોતાના આત્માને ભગવાનની સેવા કરવાનો અધિકાર મળે તે માટે, દેહ વિના કેવલ જીવથી હરિની સેવા થઈ શકે નહિ, તેથી જ દેહ ગ્રહણ કરવાનો હોય છે. 'ઉપકારસ્ત્વેતાવાનેવ.' જીવને વિષે દેહે કરેલો ઉપકાર તો ભગવત્સેવારૂપ જ છે, તે ઉપકાર જો શરીરથી સિદ્ધ થાય તો દેહ સમીચીન સમજવો. જો ન સિદ્ધ થાય તો દેહ સર્વદોષના ભંડારરૂપ સમજવો,-પરમ અપકારકર્તા સમજવો, તે 'એતાવાન્ એવ' એ પદોથી કહ્યું. 'સ ચાન્યથૈવ સિદ્ધઃ' આ પ્રકારે ભગવાનને માનસિક આલિંગન કરવાથી તે ઉપકાર તો સિદ્ધ થયો, કેમ કે હૃદયથી આલિંગન કરીને ત્યાગ કર્યો એમ કહ્યું છે, તે વાત ભગવાનનું જ આલિંગન કર્યું એથી જ કહ્યું. 'સ્થાનાન્તરમ્' જેણે ભગવાનનું આલિંગન કર્યું તેણે ભગવાનના નિકટ સ્થાનમાંથી બીજા સ્થાનમાં જવું યોગ્ય નથી. જ્યાં સુધી દેહ હોય ત્યાં સુધી પતિની સાથે કર્મનો સંબંધ આવશ્યક છે, અને કર્મ કરવાથી પાછી બંધની સંભાવના થાય છે, તેથી દેહત્યાગ જ ઉત્તમ છે, એમ સમજીને દેહ ત્યાગ કર્યો. 'યહ ઈદાનીં સમારૂઢઃ'થી શરુ કરીને 'વક્તવ્યઃ' સુધી, યજ્ઞ જ્યારે થતો હતો

ત્યારે વચમાં ભગવાને ઓદન(ચોખા)ની યાચના કરી, અને યજ્ઞપત્નીઓ સર્વસામગ્રી તૈયાર કરીને ભગવાનની પાસે જવાને માટે નિકળ્યાં ત્યારે પતિના અટકાવવાથી એકે દેહનો ત્યાગ કર્યો, તેથી યજ્ઞાત્મક કર્મ તે પત્નીને સિદ્ધ ન થયું, અને તેથી તે કર્મ તેનું નિયામક ન થયું, અને યજ્ઞ તો હમણાં ચાલુ થઈ ગયો હતો તેથી તે કર્મને અધીન થઈ નહિ, માટે તેને કર્મનો ભોગ કરવાનો રહ્યો નહિ. તેને માટે વિલક્ષણ અથવા ઉલટું દૃષ્ટાંત આપે છે, કે ફલપ્રકરણમાં અંતર્ગૃહગતા ગોપીઓની જે વાત કહેવામાં આવશે તેમને ભગવાનના વિરહથી થતા દુઃખનો અનુભવ થયો અને તેથી તેમના પાપનો ક્ષય થયો, અને ભગવાનને આલિંગન કરવાથી પરમ સુખનો અનુભવ થયો, અને તેથી પુણ્યનો ક્ષય થયો, તે પ્રમાણે આ પત્નીને થયું નહિ. 'દેવતારૂપાયાઃ પત્ન્યાઃ' વિગેરે. 'યજ્ઞ નિશ્ચય યજમાન છે' એ શ્રુતિથી આધિદૈવિક યજ્ઞનું અધિષ્ઠાન યજમાન છે, તેમ જ આધિદૈવિક યજ્ઞપત્નીનું અધિષ્ઠાન યજમાનની પત્નીનો દેહ છે, તેથી કાલ, કર્મ અને સ્વભાવ તેમાંથી નિવૃત્ત થઈ ગયા. તેનો હેતુ એ છે કે તેણે ભગવાનનું આલિંગન કર્યું. યજ્ઞાત્મક કર્મની અસિદ્ધિ અને તે કર્મથી થતો પ્રતિબંધ આ પત્નીને થયો નહિ, એમ નિરૂપણ કરીને કાલ, કર્મ અને સ્વભાવ ની નિવૃત્તિ કરીને તે પત્ની ભક્તિમાર્ગીય હોવાથી તેના અંતર્યામીને ભગવાનમાં લયનો સંબંધ ન હોવાથી અંતર્યામી ભગવાન્ પણ નિવૃત્ત થઈ ગયા. તે પરમ ભક્ત હોવાથી પુરુષોત્તમમાં તેની મુક્તિ થઈ.

**સુ.**– તે પત્ની પોતાની સાથે સાયુજ્ય પામ્યાં ત્યારે તેને અને બાલકોને ભોજન કરાવ્યું તે 'ભગવાનપિ' એ શ્લોકથી કહે છેઃ

**ભગવાનપિ ગોવિન્દઃ સ્તેનૈવાન્નેન ગોપકાન્ ।।**
**ચતુર્વિધેનાશયિત્વા સ્વયં ચ બુભુજે પ્રભુઃ ।।૩૫।।**

ગોવિંદ જો કે પોતે ભગવાન્ એટલે સર્વ કરવા સમર્થ હતા, તો પણ તે જ અન્ન કે જે ચાર પ્રકારનું હતું તે વડે ગોપોને ભોજન કરાવીને પોતે ભોજન કર્યું, અને બલભદ્રે પણ ભોજન કર્યું, એમ કરવાનું કારણ એ હતું કે પોતે પ્રભુ હતા. ૩૫.

**સુ.**– જો કે બીજે પ્રકારે કરવું હોત તો તેમ કરવાને ભગવાનમાં સર્વ સામર્થ્ય છે. માત્ર આજ્ઞાથી ક્ષુધાને દૂર કરવી પણ ભગવાનને શક્ય છે, તો પણ પોતે ગાયોના ઈન્દ્ર છે, અને સર્વ ધર્મના પણ ઈન્દ્ર છે, તેથી ધર્મની રક્ષાને માટે, ભક્તિની રક્ષાને માટે, અને પોતાના વાક્યની રક્ષાને માટે તે જ અન્ન જે ઉપર કહેલું તે પ્રમાણે ભક્ષ્ય વિગેરે ચાર પ્રકારનું હતું અને જે સંપૂર્ણ રસાત્મક હતું તે વડે ગોપોને ભોજન કરાવ્યું અને પોતે પણ ભોજન કર્યું, અને બલભદ્રને પણ ભોજન કરાવ્યું. પોતાનું ભોજન તો પૂર્વવત જ હતું. હવે જે પત્નીએ પ્રભુમાં પ્રવેશ કર્યો હતો તેણે પણ ભોજન કર્યું. તેથી 'વઃ' એમ જે બહુવચન કહ્યું છે તેનો વિરોધ આવતો નથી.

શંકા- આવું અપૂર્વ કાર્ય ભગવાને શા માટે કર્યું?

ઉત્તર- ભગવાન્ પ્રભુ છે, તેથી સર્વ કાર્ય કરવાને સમર્થ છે.

**લે.**- 'ધર્મરક્ષાર્થમ્' ધર્મની રક્ષાને માટે એટલે જેમને જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેમણે ભિક્ષાથી જ નિર્વાહ કરવો તે ધર્મની રક્ષાને માટે. 'ભક્તિરક્ષાર્થમ્' ભક્તિની રક્ષાને માટે એટલે ભક્તપત્નીના ઉપર કૃપા કરવાને માટે. 'સ્વવાક્યરક્ષાર્થમ્' પોતાના વાક્યનું રક્ષણ કરવાને, એટલે એમ સમજવું કે જો માત્ર આજ્ઞાથી ક્ષુધાનું નિવારણ કરે તો ગોપોને પોતે જે વાક્ય કહીને મોકલ્યા હતા તે વાક્ય ખોટું પડે તેને માટે.

**સુ.**- વૈદિક જ્ઞાન અને કર્મનું નિરૂપણ કરીને 'એવમ્' એ શ્લોકથી ઉપસંહાર કરે છેઃ

**એવં લીલાનરવપુર્નૃલોકમનુશીલયન્ ।।**
**રેમે ગોગોપગોપીનાં રમયન્ રૂપવાક્કૃતૈઃ ।।૩૬।।**

આ પ્રમાણે લીલાને માટે જ એમણે નરવપુ ધારણ કર્યું હતું, એવા ભગવાને નરલોકનાં સર્વ લૌકિકવૈદિકમાં પોતાના ધર્મો યોજતા પોતાના રૂપ, વાણી અને કૃતિથી ગાયો, ગોપો અને ગોપીઓને રમણ કરાવતા પોતે પણ રમણ કર્યું. ૩૬.

**સુ.**- લીલા કરવાને માટે જ જેમણે નરવપુ ધારણ કર્યું હતું. સર્વ લૌકિક અને વૈદિકનું અનુશીલન કરતા એટલે તેમની અંદર પોતાના ધર્મો યોજી આપતા, બંને પ્રકારના એટલે માર્યાદિક અને પુષ્ટિ બંનેને ભગવત્શાસ્ત્રને અનુસાર કરતા ગાયો ગોપો અને ગોપીઓની વચ્ચે (મધ્યે) પોતે રમણ કર્યું, અથવા ગાયો ગોપો અને ગોપીઓના સંબંધી થઈને પોતે રમણ કર્યું, અથવા 'ગોપીનામ્' એ જે છઠ્ઠી વિભક્તિ છે તે દ્વિતીયાના અર્થમાં સમજવી, એટલે તેમને રમણ કરાવતા પોતે પણ રમણ કર્યું, રૂપથી ગાયોને રમણ કરાવ્યું, વચનથી ગોપોને રમણ કરાવ્યું, અને કૃતિથી ગોપીઓને રમણ કરાવ્યું, અથવા રૂપ વચન અને કૃતિથી સર્વેને (ત્રણેને) રમણ કરાવ્યું. સચ્ચિદાનંદો ત્રણ નિરૂપણ કર્યા, કે જે રમણમાં સાધનરૂપ હતા. પોતાના રમણમાં ત્રણેનો સંબંધ હતો.

**યો.**- 'સચ્ચિદાનંદાસ્ત્રયો નિરૂપિતાઃ' ત્રણ સચ્ચિદાનંદો નિરૂપ્યા એટલે રૂપ, વાણી અને કૃતિરૂપ ત્રણે પદાર્થો સચ્ચિદાનંદ હતા, એ ત્રણેમાંના દરેક સચ્ચિદાનંદરૂપ હતા, એક સદ્રૂપ એક ચિદ્રૂપ અને એક આનંદરૂપ એમ નહિ.

**સુ.**- આ પ્રમાણે વિપ્રોના માર્યાદિક જ્ઞાન અને કર્મો અને તેમની પત્નીઓ ના પુષ્ટિજ્ઞાનકર્મોનું નિરૂપણ કરીને તેમનું ફલ જે ભક્તિ તેનું 'અથ' એ શ્લોકથી નિરૂપણ કરે છેઃ

**અથાનુસ્મૃત્ય વિપ્રાસ્તે અન્વતપ્યન્ કૃતાગસઃ ।।**
**યદ્ વિશ્વેશ્વરયોર્યાચ્ઞામહન્મ નૃવિડમ્બયોઃ ।।૩૭।।**

હવે તે પશ્ચિમબુદ્ધિ બ્રાહ્મણો મનુષ્યલોકનું વિડંબન કરનાર વિશ્વના ઈશ્વરોની યાચનાનો આપણે ભંગ કર્યો, તેનું અનુસ્મરણ કરીને પોતે પાપ કરેલું સમજીને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. ૩૭.

**સુ.**- ભગવાનની એક કૃતિ અનેક કાર્યને સાધવાવાળી હોય છે, તે વાક્યોથી દ્વિજોના પ્રબોધનરૂપ કૃતિ બાલકોની શિક્ષાને માટે થઈ, પત્નીની મુક્તિ થઈ, તે દ્વિજોને પ્રબોધ થયો, અને મર્યાદાનું સ્થાપન થયું, તેથી વાક્યથી પ્રબોધ પામેલા દ્વિજોના ભક્તિબોધક વાક્યો કહે છેઃ

**કારિકાર્થઃ**- 'અથાનુસ્મૃત્ય' એ ૩૭મા શ્લોકમાં પશ્ચાત્તાપનું નિરૂપણ કરે છે. 'દૃષ્ટ્વા સ્ત્રીણામ્' એ ૩૮મા શ્લોકમાં 'વિગર્હા' એટલે પોતાની નિંદાનું નિરૂપણ છે. 'ધિગ્ જન્મ' એ ૩૯મા શ્લોકથી પોતાના જન્મને ધિક્કાર છે એ નિંદાના હેતુનું નિરૂપણ કરે છે. અને 'નૂનં ભગવતઃ' એ ૪૦મા શ્લોકમાં ભગવાનથી વિમુખ થવામાં હેતુ માયા છે તે નિરૂપણ કર્યું છે, 'અહો પશ્યત' એ ૪૧મા શ્લોકમાં ભક્તિથી થએલા સ્ત્રીઓના ઉત્કર્ષનું નિરૂપણ કર્યું છે, અને ભક્તિના અભાવથી કર્મથી પોતાના હીનપણાનું નિરૂપણ કર્યું છે. કા. ૧.

'નાસાં દ્વિજાતિસંસ્કારઃ' એ ૪૧મા શ્લોકમાં સંસ્કારો વિના પણ ભક્તિ થવાથી ભક્તિનું કારણ સંસ્કારો નથી એમ નિરૂપણ કર્યું. 'અથાપિ હ્યુત્તમશ્લોકે' એ ૪૨મા શ્લોકમાં ભક્તિનું સાધન સંસ્કારોથી બીજું જ છે, એમ નિરૂપણ કર્યું, એટલે ભગવાનના અનુગ્રહરૂપ સાધન જ ભક્તિમાં છે એમ નિરૂપણ કર્યું. (મૂલમાં સંસ્કારો વિગેરેવાળા પણ આપણામાં ભક્તિ નથી એમ સૂચવવાથી અન્વયવ્યભિચાર (સંસ્કારનો સંબંધ હોવા છતાં ભક્તિ થઈ નહિ તે) સૂચવ્યો અને સાધન વિનાનાં પત્નીઓને ભક્તિ છે, એમ કહેવાથી વ્યતિરેકવ્યભિચાર(સંસ્કારસંબંધ નહિ છતાં ભક્તિ થઈ તે) કહ્યો). 'નનુ સ્વાર્થવિમૂઢાનામ્' એ ૪૩મા શ્લોકમાં ભગવાને કરેલી યાચનાનો હેતુ પોતાની બુદ્ધિના પ્રબોધને માટે છે, એમ નિરૂપણ કર્યું. 'અન્યથા પૂર્ણકામસ્ય' એ ૪૪મા શ્લોકમાં જો એ પ્રયોજન ન હોત તો યાચના ઘટતી જ નથી તેનું નિરૂપણ કર્યું. 'હિત્વાન્યાન્' એ ૪૫મા શ્લોકમાં તે ભગવાને કરેલી યાચના બીજી કોઈ રીતે બીજા કોઈ કારણથી હોઈ શકે જ નહિ તેનું પ્રતિપાદન કર્યું. કા. ૨.

'દેશઃ કાલઃ' અને 'સ એષ ભગવાન્' એ ૪૬ અને ૪૭મા શ્લોકથી કર્મના વૈયર્થ્યનું બોધન અને કર્મના સ્વરૂપનું વર્ણન કર્યું, અને ભગવાનના સ્વરૂપનું વર્ણન

કર્યું, એ પ્રમાણે કર્મ અને ભગવાન્ એ બંનેના સ્વરૂપના વર્ણનથી પોતાના કર્મનું વૈયર્થ્ય 'અપિ મૂઢા ન વિદ્મહે' એ શબ્દોથી કર્યું. 'અહો વયં ધન્યતમાઃ' એ ૪૮મા શ્લોકથી પોતાની ભગવદીય સ્ત્રીઓના સંબંધથી કૃતાર્થતા કહી. કા.૩.

'નમસ્તુભ્યમ્' એ ૪૯મા શ્લોકમાં ભગવાનને કરેલા નમસ્કારોથી પોતાને ક્ષમા કરાવવાનું નિરૂપણ કર્યું. 'સ વૈષ આદ્યઃ પુરુષઃ' એ ૫૦મા શ્લોકમાં પ્રાર્થનાથી ક્ષમા કરવાનું નિરૂપણ કર્યું. 'ઇતિ સ્વાઘમ્ અનુસ્મૃત્ય' એ ૫૧મા શ્લોકમાં જો કે ભગવાનના દર્શનની ઈચ્છા તેમને હતી તો પણ કંસના ભયને લીધે તેઓ આવ્યા નહિ તે નિરૂપણ કર્યું, ભક્તિથી જ આવો પશ્ચાત્તાપ કરીને ભગવદ્વૈમુખ્યનિંદા, પોતાની ભગવદ્ભક્ત સ્ત્રીની પ્રશંસા અને અપરાધની ક્ષમા માગવી વિગેરે મતિ થઈ, કારણ કે પૂર્વે પણ આ બ્રાહ્મણો ભક્ત જ હતા, તેથી તેમને આવી સદ્બુદ્ધિ થઈ. કા.૪.

**સુ.**– 'અથાનુસ્મૃત્ય' એ શ્લોકથી પ્રથમ અનુતાપ (પશ્ચાત્તાપ) કહે છે. ભગવદીયોનું વાક્ય સ્મરણ કરીને અને તેની દ્વારા તેમના મૂલરૂપ ભગવદ્વાક્ય સ્મરણ કરીને પોતાની કર્મની જડતા છોડી દઈને ભક્તિને અનુસરનારા થયા. 'વિપ્રાઃ' એટલે પશ્ચિમબુદ્ધિવાળા પાછળથી જેમને જ્ઞાન ઉત્પન્ન થયું તેવા બ્રાહ્મણો, પત્નીના નિરોધથી, નિષેધથી, અઘટિત વચન કહેવાથી ભક્તનું મરણ પ્રાપ્ત કરાવનાર થવાથી તેમણે અપરાધો કર્યા હતા તેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા. સર્વે અપરાધો કરતાં ઈશ્વરવાક્યનું ઉલ્લંઘન કરવું એ મોટો અપરાધ છે તેનું નિરૂપણ 'યદ્ વિશ્વેશ્વરયોઃ' વિગેરે પદોથી કરે છે. વિશ્વના ઈશ્વરરૂપ બેની યાચનાને ગણકારી નહિ. દ્વિવચન કાલવાચક અને પુરુષોત્તમવાચક સમજવું, અથવા શબ્દબ્રહ્મવાચક અને પરબ્રહ્મવાચક સમજવું, યાચના–બાલકો દ્વારા ચોખાની માગણી વસ્તુતઃ આજ્ઞાભંગ ભગવાને જ કરાવ્યો હતો, પહેલાં યાચનાનું વાક્ય કહીને પણ ભક્તના ઉપર કૃપા કરવાને માટે ફરીથી મોકલીને, ભક્તપત્નીના ઉપર કૃપા કરવાને માટે પ્રથમ આજ્ઞાભંગ કરાવ્યો. બીજીવાર પત્નીઓ પાસે મોકલવાથી આજ્ઞા સિદ્ધ થઈ જ હતી, તે પ્રમાણે બલિ પાસે યાચના કર્યા પછી ભગવાને યાચના કરવી અનુચિત છે, માટે આ યાચના ન હતી પણ આજ્ઞા હતી, તેથી પરંપરાથી પણ યાચના ભંગ દૂર કર્યો, બલિનું વાક્ય એમ હતું કે 'પુરુષ મારી પાસે આવ્યા પછી ફરીથી યાચના કરવાને યોગ્ય રહેતો નથી.' (ભા. ૮।૧૯।૨૦)

**કારિકાર્થઃ**– બ્રાહ્મણોના આ યજ્ઞરૂપ ધર્મનો અન્નદાનથી બાધ થતો નથી, વળી તેમનો ભગવાનના ઉપર સ્નેહ (ભક્તિ) થયો, તેથી પણ ધર્મનો બાધ થતો નથી

જ, ભગવાને વિહિત ભિક્ષાનો જ ભંગ કરાવ્યો છે, લૌકિક ભિક્ષાનો ભંગ કરાવ્યો નથી. કા.૧.

**સુ.**– 'ન્યાસભૂતૌ પ્રયચ્છ મે' (ન્યાસભૂત બે પાદનું મને દાન કર) 'તથાપિ યાચે તન્નઃ પ્રયચ્છ' (તથાપિ જે યાચું છું તે અમને આપ) 'તત્તન્નિવેદય' (તે તે નિવેદન કર) વિગેરે વાક્યો વિરુદ્ધ થતાં નથી, વળી તે દ્વિજોના કશાનું અયુક્ત ગ્રહણ કર્યું નથી, તેમનું જે મર્યાદામાર્ગીય પત્નીનો દેહ વિગેરે હતું તેનું ગ્રહણ કર્યું નહિ, પણ તેમને તો ઘેર પાછાં મોકલ્યાં, માટે પણ કાંઈ વિધિનું ઉલ્લંઘન થયું નથી.

શંકા– આ બે બાલકો ઈશ્વરો કેમ કહેવાય?

ઉત્તર– તે બે તો મનુષ્યોનું અનુકરણ માત્ર કરતા હતા. કેવલ મનુષ્યરસનું પ્રદર્શન પોતાના અભિનયથી કરાવતા હતા, આ પ્રકારે પોતાનું અપરાધિપણું નિરૂપિત કર્યું.

**ટિ.**– 'એવં જ્ઞાનકર્મણી દ્વિવિધે' વિપ્રો અને તેમની પત્નીઓનાં મર્યાદા અને પુષ્ટિભેદથી જ્ઞાન અને કર્મ બે પ્રકારનાં નિરૂપણ કરવાનાં તે.

વિશ્વેશ્વર પદનું તાત્પર્ય 'વસ્તુતો ભગવતૈવમ્', વસ્તુતઃ ભગવાને જ વિગેરે પદોથી કહે છે. વિશ્વેશ્વર એટલે વિશ્વનો ઈશ્વર–નિયામક–પ્રવર્તક અને નિવર્તક એમ બંને હોવાથી તેમના વાક્યનું ઉલ્લંઘન એ મોટો દોષ હતો. 'બલિવાક્યાત્ પરંપરયાપિ', જો કે 'મામ્' એ પદ બલિએ પોતાને માટે જ વાપર્યું હતું, ભગવાનને માટે વાપર્યુ ન હતું, અને તેથી ભગવદ્ધર્મનિરૂપક તે વાક્ય ન હતું એમ જણાય છે, તો પણ આવું વાક્ય ઈશ્વરનું જ હોઈ શકે, તેથી ઐશ્વર્યધર્મ તેમાં હોવાથી, અને તે ઐશ્વર્ય જે ભગવાનનું છે તે બલિમાં હોવાથી પરિણામે બલિવાક્ય ભગવદ્વાક્ય થઈ જાય છે. શંકા– જો યાચનાનો ભંગ ભગવાને જ કરાવ્યો તો તે ભંગને વિપ્રનો અપરાધ કેમ ગણો છો? વળી દીક્ષિતે માપેલી જગ્યામાંથી પ્રવાસ ન કરવો જોઈએ એ વાક્યનું ઉલ્લંઘન કરાવ્યું, અને 'આપતો નથી, રાંધતો નથી.' વિગેરે વિધિનું ઉલ્લંઘન કરાવ્યું, અને ઉલટું વિપ્રો પર અપકાર કરવાપણું ભગવાનને પ્રાપ્ત થયું, આ સર્વનું સમાધાન કરતાં કહે છે કે બ્રાહ્મણોનો આ સત્ર અથવા યજ્ઞરૂપ ધર્મ અન્નસમર્પણથી બાધિત થતો નથી, કેમ કે બાકી રહેલામાંથી ભોજન કરવું એવો વિધિ હોવાથી અન્નદાન તો વિહિત છે, યજ્ઞને માટે નિર્દિષ્ટ આજ્ય વિગેરે શેષભૂત અન્ન વિનાના વસ્તુદાનનો નિષેધ છે, માટે અન્નદાનને બાધ આવતો નથી, વળી 'જે દેશમાં અન્ન ન હોય તે દેશને બાળી મુકવો' એવું વાક્ય હોવાથી અન્નદાન તો આવશ્યક પણ છે. વળી આગળ ફલનું પણ દર્શન જોવામાં આવે છે, તેથી સાધન સમગ્ર ન થયું એમ પણ અહિં કહી શકાય તેમ નથી, એ પ્રકારે 'સ્નેહાચ્ચ'–તે સ્નેહ થયો તેથી ઈત્યાદિ પદથી કહે છે, જો કે તેમના અન્નનો સ્વીકાર કરવાથી અને તેમને ભક્તોનો સંગ થવાથી ભક્તિ થઈ, તો પણ આગળ

તેમને હવે ભક્તિ વિના બીજું કાંઈ ફલ કર્મનું થવાનું જ નથી, અને વૈદિકકર્મ વ્યર્થ થાય જ નહિ, તેથી તેના ફલ તરીકે પણ ભગવાને તેમને ભક્તિ જ સંપાદન કરાવી આપી તે જણાવવાને માટે 'સ્નેહાચ્ચાપિ' એમ 'અપિ' શબ્દ મુક્યો છે. વળી જે કહ્યું કે યાચનાભંગ થયો વિગેરે તેનો ઉત્તર 'ભિક્ષારૂપેણ' વિગેરેથી કહે છે કે તે યાચના જે વિહિત હતી તેનો જ બાધ ભગવાને કર્યો, લૌકિક યાચનાનો વિરોધ તો વિપ્રોએ જ કર્યો, માટે યાચનાભંગનું અપરાધકથન યુક્ત જ છે. માટે યાચના બાબતનાં ભગવદ્‌વચનો લૌકિક યાચના પરત્વે હોવાથી તેનો વિરોધ આવતો નથી એમ 'ન્યાસભૂતૌ પ્રયચ્છ મે' વિગેરે પદોથી કહે છે.

અથવા શંકા– ભગવાન્ ભક્તવાકપરિપાલક હોવાથી બલિની વાણીથી વિરુદ્ધ સ્ત્રીઓ પાસે યાચના કેમ કરી? ઉત્તર– 'બ્રાહ્મણાનામ્' વિગેરેથી આપે છે કે બલિના વાક્યથી વર્ણાશ્રમ ધર્મમાં કહેલી યાચનાનો અને સ્નેહથી થએલી યાચનાનો વિરોધ આવતો નથી, કન્યા વિગેરે બાબતની યાચના લૌકિક છે તેનો પણ વિરોધ આવતો નથી, કિંતુ જે દીનતાવાળી યાચના છે તેનો જ વિરોધ આવે છે, ચાલતા વિષયમાં જે યાચના છે તે ભગવાને દીનતાથી કરી નથી, કારણ કે ભક્તના ઉપર કૃપા કરવાને તે કરી હતી, માટે તે દીનતાનાં વચનોનો વિરોધ આવતો નથી તે 'ન્યાસભૂતૌ' વિગેરે વાક્યથી કહ્યું છે.

**લે.**– 'પ્રબોધનમ્' વાક્યો વડે પ્રબોધનરૂપ કૃતિ. 'તસ્ય ચ' એટલે પોતાની વિગર્હા અથવા નિંદાનો. 'તથાત્વે'–વિમુખતામાં. 'સ્વભક્તઃ', વિપ્રોની પોતાના તરફ ભક્તિનો ઉદ્‌બોધ ભગવાનની યાચનામાં હેતુ હતો. 'તથાત્વસાધનમ્' ભગવાનનું યાચના કરવું તે અયોગ્ય છે, તે જણાવનાર સાધન. 'કર્મવૈયર્થ્ય બોધનમ્.' બે શ્લોક વડે તેમાં દેશ વિગેરેથી કર્મનું સ્વરૂપ અને ભગવત્સ્વરૂપ એમ બે રૂપ કહેવાથી પોતે કરેલા કર્મના વૈયર્થ્યનું બોધન, અને આપણે મૂઢો જાણતા નથી, એથી જ્ઞાનરૂપ ફલ ઉત્પન્ન થયું નથી તેનું બોધન. ત્યારે ભક્તિ કેમ સિદ્ધ થઈ? એ શંકાનો ઉત્તર 'સ્ત્રીસંબંધાત્' (સ્ત્રીઓના સંબંધથી) વિગેરે પદોથી આપે છે કે ભક્તિ ઉત્પન્ન કરવાથી જે કૃતાર્થતા થઈ, તે ભક્તોના સંબંધને લીધે, તે કાંઈ કેવલ કર્મનું ફલ ન હતું, પછી બે શ્લોકોથી નમસ્કારો વડે અને પ્રાર્થનાઓ વડે અપરાધની ક્ષમા માગવી તે, પછી એક શ્લોક વડે ભગવાન્ પાસે ગયા નહિ તે, એમ ચૌદ પ્રકારની મતિ ભક્તિથી જ થાય તેથી આભાસમાં અવાંતર પ્રકરણનો અર્થ ભક્તિ કહી, એવો ભાવ છે. 'તથોક્ત્વાપિ'–યાચનાનું વાક્ય કહીને પણ ભક્તના ઉપર કૃપા કરવાના હેતુથી ફરીથી મોકલીને ભક્તભાર્યા પર કૃપા કરવાને પ્રથમ આજ્ઞાનો ભંગ કરાવ્યો. બીજીવાર પત્નીઓ પાસે મોકલીને તો આજ્ઞા સિદ્ધ જ કરાવી એવો ભાવ છે. 'બલિવાક્યાત્' બલિની યાચના કર્યા પછી ભગવાને યાચના કરવી ઉચિત નથી, તેથી આ યાચના ન હતી પણ આજ્ઞા હતી એવો ભાવ છે. ટિપ્પણીમાં 'પ્રવાસં ન દદાતીતિ વિધ્યુલ્લંઘનં ચ' વિગેરે, 'ન દદાતિ ઈતિ વાક્યોલ્લંઘનમ્' એનો અર્થ એ છે કે 'આપતો નથી રાંધતો નથી' એ અન્ન નહિ આપવાની વિધિનું ઉલ્લંઘન ભગવાને કરાવ્યું. બીજી વિધિના

ઉલ્લંઘનનું સમાધાન 'બ્રાહ્મણાનામ્' એ કારિકાથી કરે છે, અન્નદાન વિધિને વ્યવસ્થાથી સ્થાપન કરે છે. 'અયમ્'થી શરુ કરીને 'ભાવઃ' સુધી પ્રથમનું સમાધાન અર્થાપત્તિથી* નિરૂપણ 'કિઞ્ચ અગ્રે' વિગેરેથી કરે છે. જો વિધિનું ઉલ્લંઘન થયું હોત તો ભક્તિરૂપ ફલ ન થાત. બીજીનું પણ આ જ સમાધાન સંભવે છે, તેથી 'કિંચ' તેનો સમુચ્ચય કરે છે. જેમને જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેમને તો ભિક્ષાટન જ મુખ્ય છે, તેથી ભિક્ષારૂપ વિહિત જે યાચના છે તે અયુક્ત હોવાથી, તેનો બાધ દાનસંપાદન નહિ કરવાથી ભગવાને કરાવ્યો. લૌકિક યાચના અયુક્ત નહિ હોવાથી તેનો બાધ વિપ્રોએ જ કર્યો, તે 'ભગવતા' વિગેરે પદોથી કહે છે. સારાંશ કે ભિક્ષાના અંશનો બાધ ભગવાને કર્યો, લૌકિક અંશનો બાધ વિપ્રોએ કર્યો. 'ન વા', તેમના સંબંધી દેહાદિ મર્યાદામાર્ગીય હોવાથી પોતાને ગ્રહણ કરવા યોગ્ય ન હોવાથી પોતાના ઉપયોગમાં ન લેતાં તેમને તરત જ પાછાં મોકલી દીધાં, તેથી પણ વિધિનું ઉલ્લંઘન થયું નહિ.

યો.– આ શ્લોકપરની યોજના કારિકાર્થમાં આવી જાય છે.

*. વગર કહે આવી પડતો અર્થ – જેમ કે પુષ્ટ દેવદત્ત દિવસે ખાતો નથી, એટલે કે રાત્રિએ ખાય છે, દિવસે નહિ ખાવું તો પણ પુષ્ટિ રાત્રિ ભોજન વિના સંભવે નહિ.

**સુ.**– એ પ્રમાણે પોતાના તે અપરાધનો દંડ કરતા હોય એમ પોતાની નિંદા 'દૃષ્ટ્વા' એ શ્લોકથી કરે છેઃ

**દૃષ્ટ્વા સ્ત્રીણાં ભગવતિ કૃષ્ણે ભક્તિમલૌકિકીમ્ ।।**
**આત્માનં ચ તયા હીનમનુતપ્તા વ્યગર્હયન્ ।।૩૮।।**

સ્ત્રીઓની ભગવાન્ ફલરૂપ કૃષ્ણમાં અલૌકિક ભક્તિ જોઈને પોતાને તે ભક્તિથી હીન જોઈને પશ્ચાત્તાપ કરતા પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા. ૩૮.

**સુ.**– સ્ત્રીઓની કૃષ્ણને વિષે અલૌકિક ભક્તિ જોઈને તે ભક્તિથી હીન એવા પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા, પુષ્ટિભક્તિની આવી જ સ્થિતિ હોય છે. ભગવાન્ જેમનામાં છ ગુણ અને ઐશ્વર્ય છે, તે પણ કૃષ્ણ એટલે સદાનંદ માત્ર થયા. સર્વ ગુણો ઢાંકી દઈને અથવા દૂર કરીને માત્ર ધર્મિરૂપે જ રહ્યા. કૃષ્ણ ફલરૂપ હોવાથી સ્ત્રીઓની તે ધર્મિસ્વરૂપમાં ભક્તિ થાય છે. પુરુષો તો ધર્મને અથવા ગુણોને જોવાવાળા હોવાથી તે ભક્તિરહિત હોય છે, તે બંને સ્ત્રીઓની ધર્મિસ્વરૂપ કૃષ્ણમાં ભક્તિ વિગેરેથી કહે છે. એ ભક્તિમાં દોષ નથી, તે જણાવવાને માટે અલૌકિકી ભક્તિ એમ કહ્યું, તારતમ્ય જણાવનાર ધર્મ જેનામાં હોય છે, પદાર્થનું સ્વરૂપ જે બરાબર સમજે છે, અને ભક્તિનો ભાવ અને અભાવ જે જાણે છે તે ભક્ત. આ દ્વિજોને આ પ્રકારનું ભાન થયું, તેથી અહિં આ કહેલી નિંદા એ વસ્તુતઃ સ્તુતિરૂપ છે, તેમને કેવલ જ્ઞાન જ પોતાની કૃતાર્થતાના અભિમાનમાં બાધક થયું, એટલું જ નહિ પરંતુ તેવી

ક્રિયા પણ તેઓ કરવા લાગ્યા એટલે અશ્રુપાત વિગેરે પણ કરવા લાગ્યા, એમ 'અનુતપ્તાઃ' એ પદથી કહ્યું છે.

**લે.**– 'ગર્હાં કુર્વન્તિ' (આપણે દુષ્ટ છીએ વિગેરે શબ્દોથી જે નિંદા તે ગ્રંથમાં આપી નથી એમ સમજવું, માટે) નિંદા એ આ શ્લોકનો વાક્યાર્થ છે, કેવા કેવા શબ્દોથી નિંદા કરી તે કાંઈ અહિં કહ્યું નથી એમ સમજવું. આગળ શ્લોકમાં નિંદાનો હેતુ એ વાક્યાર્થ છે, નિંદાનું વિવરણ નથી. 'પુષ્ટિ' વિગેરે. પોતાના દોષનું પરિજ્ઞાન ભગવાનના અનુગ્રહથી જ થાય છે. 'એવ'કાર અયોગવ્યવચ્છેદક છે. 'ષડ્ગુણઐશ્વર્ય' વિગેરે. છ ગુણોમાં ઐશ્વર્ય પણ જેનો ધર્મ છે એવા ભગવાન્, 'પરિજ્ઞાનમ્' પરિજ્ઞાન કરાવનાર ધર્મ. 'બાધકમ્' જ્ઞાનથી જ કૃતાર્થતાના અભિમાનમાં બાધક. 'ક્રિયાપિ' અશ્રુપાત વિગેરે.

**યો.**– 'ધર્મોપસર્જનત્વેન ધર્મ્યેવ જાતઃ' ઐશ્વર્ય વિગેરે ધર્મોને ગૌણ કરીને તેમની સ્ફૂર્તિ ન કરાવીને યજ્ઞપત્નીઓના હૃદયમાં ધર્મી ભગવાન જ આનંદરૂપ સ્ફુરિત થયા. શ્રુતિમાં કહ્યું છે કે 'આનંદ બ્રહ્મ છે એમ વિશેષ પ્રકારે જાણ્યું,' કોટિકંદર્પથી અધિક લાવણ્યવાળા તે ભગવાન્ યજ્ઞપત્નીઓના હૃદયમાં સ્ફુરિત થયા. 'સ્ત્રીણાં તત્ર ભક્તિઃ' કેવલ ધર્મીને વિષે જે સાક્ષાત્ મદનમોહનસ્વરૂપને વિષે શ્રીકૃષ્ણચંદ્રને વિષે જ કામભાવથી તે સ્ત્રીઓને ભક્તિ થઈ.

**સુ.**– શંકા– આ દ્વિજોએ પોતાના આત્માને વિષે સત્ પદાર્થો હોવા છતાં આત્માની નિંદા કેમ કરી? એ પ્રમાણે સત્ પદાર્થો હોવા છતાં, જો તેઓ આત્માની નિંદા કરે તો તેમનું અનિષ્ટ જ થાય. સમાધાન– પોતાના આત્માની અંદર જે સત્ પદાર્થરૂપે દેખાતાં હતાં તે બીજના અભાવને લીધે, એટલે સત્તાનું બીજ ભગવાનની સન્મુખ થવું તે, તેના અભાવને લીધે, વસ્તુતઃ તે અસત્ જ હતા, તે 'ધિગ્ જન્મ' એ શ્લોકથી જણાવે છેઃ

**ધિગ્ જન્મ નસ્ત્રિવૃદ્ વિદ્યાં ધિગ્ વ્રતં ધિગ્ બહુજ્ઞતામ્ ।।**
**ધિક્ કુલં ધિક્ ક્રિયાદાક્ષ્યં વિમુખા યે ત્વધોક્ષજે ।।૩૯।।**

આપણા શુક્લ સાવિત્ર અને યાજ્ઞિક એવા ત્રિવૃત્ જન્મને ધિક્કાર છે, ત્રણ વેદસહિતની આપણી વિદ્યાને ધિક્કાર છે, આપણા વ્રતને ધિક્કાર છે, આપણા બહુજ્ઞાનપણાને ધિક્કાર છે, આપણા કુલને ધિક્કાર છે, આપણા ક્રિયાચાતુર્યને ધિક્કાર છે, કેમ કે આપણે અધોક્ષજ ભગવાનથી વિમુખ છીએ. ૩૯.

**સુ.**– ધિક્કાર બાળી નાંખો એ અર્થમાં છે, પ્રાણ જ્યારે જતા રહે ત્યારે શરીરને બાળી જ નાંખવામાં આવે છે, એ પ્રમાણે જન્માદિના પ્રાણ ભક્તિ છે તે જો ન હોય તો તેને બાળી નાંખવાં જ ઉચિત છે. 'ત્રિવૃત્ જન્મ' એટલે શુક્લ, સાવિત્ર અને યાજ્ઞિક રૂપે જન્મ. આપણી વિદ્યા જે 'ત્રિવૃત્' એટલે ત્રણ વેદસહિત છે તેને

પણ ધિક્કાર છે. આપણું વ્રત કે યજ્ઞમાં 'આપવું નહિ' તે વિગેરેને પણ ધિક્કાર છે. જે બહુ જાણવાવાળા હોય છે, જેમને ધર્મનું સૂક્ષ્મ પરિજ્ઞાન હોય છે, તેઓ લોકથી વિરુદ્ધ પણ આચરણ કરે છે, તેમ આ બાબતમાં આપણે પણ કર્યું, માટે આપણા બહુજાણવાપણાને પણ ધિક્કાર છે. વળી આપણે તો કુલીન છીએ, એટલે વંશને કલંકનો સંબંધ થાય એમ સમજી સ્ત્રીઓને ભગવાનની પાસે જતાં અટકાવ્યાં એવા આપણા કુલને પણ ધિક્કાર છે. વળી આપણા ક્રિયામાં ચતુરપણાને પણ ધિક્કાર છે, કે જે ચતુરાઈને લીધે આપણે ભગવાનની અવગણના કરી, તે એમ સમજીને કે ભગવાનની દરકાર નહિ કરતાં બીજી રીતે આપણો પુરુષાર્થ આપણે સિદ્ધ કરીશું. ભક્તિ તો જેઓ શક્તિ વિનાના બાયલા હોય તે જ કરે, જેમ આંધળા પાંગળા વિગેરે યજ્ઞાદિક ક્રિયામાં અસમર્થ હોવાથી તેમને બીજી રીતે યોજવામાં આવે છે, તેમ જ જે અશક્ત અથવા બાયલા હોય તેને ભક્તિમાં પણ યોજવામાં આવે છે, એ પ્રકારની આપણી જે ક્રિયાની ચતુરાઈ તેને પણ ધિક્કાર છે. પોતે યજ્ઞમાં આસક્ત હોવા છતાં ભગવાનમાં વિમુખ હોવાનો હેતુ બીજનો અભાવ છે, એટલે સત્ત્વબીજ જે ભગવાનની સંમુખ કરનાર છે, તેનો અભાવ છે તે કહે છે કે આપણે અધોક્ષજ ભગવાનથી વિમુખ છીએ. શંકા– એમ કેમ હોઈ શકે? યજ્ઞ પણ ભગવાન જ છે, તેથી જે યજ્ઞમાં આસક્ત હોય તે ભગવાન્થી વિમુખ કેમ હોય? આ શંકાનું નિવારણ 'તુ' શબ્દથી કરે છે. ત્યાં હેતુ એ છે કે ભગવાન્થી ઇન્દ્રિયજન્ય જ્ઞાન નીચું છે. જ્ઞાનમાં પણ માત્ર આત્મસાક્ષાત્કાર હોય છે. કર્મમાર્ગમાં ક્રિયારૂપ યજ્ઞની સિદ્ધિ અને જ્ઞાનવાન્ના કર્મોમાં અલૌકિક રૂપની સિદ્ધિ થાય છે. ભક્તિમાર્ગમાં તો કાંઈ સાક્ષાત્કાર જ ફલ નથી, જે સાક્ષાત્કાર થાય છે, તે પણ માત્ર આનુષંગિક (ગૌણ) ફલ છે. જેમ શેરડીના ભક્ષકો કરતાં કેવલ (નર્યા) રસના ભક્ષણ કરવાવાળા વધારે રસવાળા છે, તેમ જ આવો ભક્તિમાર્ગ ભગવાને પ્રકટ કરવાથી બીજા રૂપના ભજનના જે પક્ષો હતા તે સર્વ પૂર્વપક્ષ થઈ કર્તવ્ય રહ્યા નથી.

**ટિ.**– 'જ્ઞાનેપ્યાત્મસાક્ષાત્કારઃ' (જ્ઞાનમાં પણ માત્ર આત્મસાક્ષાત્કાર હોય છે) વિગેરે. ઇન્દ્રિયજન્ય જ્ઞાન પુરુષોત્તમને પહોંચી શકતું નથી તે 'જ્ઞાનેપ્યાત્મસાક્ષાત્કારઃ' એ શબ્દોથી કહે છે. જ્ઞાનમાર્ગમાં ફલ એ છે કે મનથી આત્મસાક્ષાત્કાર થાય, માટે જ્ઞાનમાર્ગનું પરિણામ મનથી આત્મસાક્ષાત્કારમાં જ છે. કર્મમાર્ગમાં અધિકારીભેદથી બે પ્રકાર છે, જે કર્મઠો બહિર્મુખ છે તેઓ ક્રિયારૂપ યજ્ઞનું ભજન કરે છે અને તેથી અદષ્ટ દ્વારા તેમને ફલસિદ્ધિ થાય છે, એવું તેમનું મત છે. જે કર્મમાર્ગીઓને શ્રુતિનું તાત્પર્યજ્ઞાન હોય છે, તેઓ અલૌકિક યજ્ઞરૂપનું ભજન કરે છે, તેથી તે ભજન ઇન્દ્રિયજન્ય જ્ઞાનની કૃતિનો વિષય નથી, માટે એવા ભજનમાં અધોક્ષજત્વ સિદ્ધ થાય છે. ભક્તિમાર્ગમાં ભગવાન્નો

સાક્ષાત્કાર ‘નાહં વેદૈઃ’, ‘ન તુ માં શક્યસે દ્રષ્ટુમ્’ વિગેરે ગીતાવાક્યને અનુસાર ઈન્દ્રિયજન્ય નથી. ભગવાનનાં દર્શન થયા છતાં જ્યાં સુધી સર્વ ઈન્દ્રિયોથી ભગવાન્નો સાક્ષાત્ અનુભવ થતો નથી, ત્યાં સુધી શાંતિ થતી નથી તેથી સાક્ષાત્કાર માત્ર કાંઈ ત્યાં ફલ નથી. (એ બાબત વેણુગીતમાં ‘ભગવતા સહ સંલાપઃ’ વિગેરે કારિકાઓમાં સ્પષ્ટ કહી છે). ‘દર્શન આપીને ક્ષણે ક્ષણે મનમાં કામદેવ ઉત્પન્ન કરો છો’ એ વાક્યથી દર્શન તો આગળ થવાના ભોગમાં ઉપયોગી હોવાથી તે અંગ અથવા ગૌણ છે, જેમ શેરડીનો સાંઠો રસના સંબંધને લીધે ભક્ષ્ય છે, તેમ ભગવદાનંદના કાંઈક અંશના સંબંધને લીધે બીજાં ભગવદ્રૂપો ભજન કરવા યોગ્ય થાય છે. એ આશયથી ‘ઈક્ષુ’ (શેરડી)નું દષ્ટાંત આપ્યું. કેવલરસાત્મક પ્રભુ પોતે હમણાં જ પ્રકટ થયા, તેથી હમણાંની પહેલા તે તે પક્ષો એટલે યજ્ઞ કરવા, જ્ઞાન પ્રાપ્ત કરવા વિગેરે કર્તવ્ય હતા પણ હવે તો કેવલરસાત્મક પ્રભુ પ્રકટ થવાથી હવે તે કોઈ પણ કર્તવ્ય રહ્યા નથી.

**લે.**– ‘બીજાભાવાત્’ સત્વબીજ જે ભગવાનનું સાંમુખ્ય કરાવે તેના અભાવથી. ‘તત્ર’ યજ્ઞમાં આસક્તિવાળાઓને પણ ભગવાનમાં વિમુખતાનો હેતુ.

**સુ.**– જ્ઞાનવાળા ભગવાનથી વિમુખ થવામાં શું હેતુ છે, તેનો ઉત્તર ‘નૂનં ભગવતઃ’ શ્લોકથી કહે છેઃ

**નૂનં ભગવતો માયા માયિનામપિ મોહિની ॥**
**યદ્ વયં ગુરવો નૃણાં સ્વાર્થે મુહ્યામહે દ્વિજાઃ ॥૪૦॥**

ભગવાનની માયા નક્કી માયાવીઓને પણ મોહ કરનારી છે, કેમ કે આપણે મનુષ્યોના ગુરુઓ દ્વિજો આપણા સ્વાર્થમાં જ મોહ પામ્યા છીએ. ૪૦.

**સુ.**– માયાથી પૂર્વે રહેલું જ્ઞાન વિગેરે ઢાંકી દેવામાં આવે છે, અને તેથી માયા વડે મૂલ જ્ઞાન આચ્છાદન થવાના હેતુથી જે શિષ્યો પ્રાકૃત અથવા લૌકિકજ્ઞાનવાળા હોય છે, તેમનું તે લૌકિક જ્ઞાન આચ્છાદન કરીને પછી નવું જ્ઞાન તેમનામાં ઉત્પન્ન કરવામાં આવે છે. જો એમ ન કરે તો પૂર્વના લૌકિક જ્ઞાનના વિરોધને લીધે નવું જ્ઞાન ઉત્પન્ન જ ન થાય, માટે સર્વે ગુરુઓ માયાવી છે. અહિં ભગવાનની માયાથી ઉલટું જ થઈ ગયું, તે ગુરુઓએ પોતાની માયાથી પોતાની બુદ્ધિને જ આચ્છાદન કરી અને પ્રાકૃતબુદ્ધિને ગ્રહણ કરી, તે કહે છે કે ખરેખર ભગવાનની માયા માયાવીઓને પણ વ્યામોહ કરે છે, કે જેથી કરીને આપણે જે લોકોના ગુરુઓ છીએ, અને પ્રાકૃત બુદ્ધિને આચ્છાદન કરીને આપણી બુદ્ધિનું દાન કરીએ છીએ, તે આપણે આપણી જ બુદ્ધિનું આચ્છાદન કર્યું, અને પ્રાકૃત બુદ્ધિનું ગ્રહણ કર્યું. ભગવાનની માયાનું એ કાર્ય છે, કે પ્રાકૃત બુદ્ધિમાં લૌકિકત્વનું આચ્છાદન કરીને અલૌકિકત્વનું ગ્રહણ કરાવે છે, નહિ તો ભગવાન્ અથવા ભગવત્શાસ્ત્ર કેમ ગ્રહણ કરાય, અથવા ભક્તિ કેમ

ગ્રહણ કરાય? કેમ કે જો પ્રાકૃત જ્ઞાન આચ્છાદન ન થયું હોય તો તે ભગવાન્, ભગવત્શાસ્ત્ર અને ભક્તિનો અટકાવ કરે. સ્વાભાવિક પ્રાકૃત જ્ઞાનને ભક્તિ નાશ કરવાને સમર્થ નથી, કારણ કે તે બહુ સૂક્ષ્મ (કોમલ) હોય છે, તેથી જ્યારે ગુરુની માયાથી તે પ્રાકૃત જ્ઞાનનું આચ્છાદન થાય, અને અલૌકિક જ્ઞાન સંપન્ન (પ્રાપ્ત) થાય, અને તે અલૌકિક જ્ઞાન પણ જ્યારે સ્થિર થાય, ત્યાર પછી ભગવાનની માયાથી આચ્છાદિત થવાથી ઉત્પન્ન થએલું પ્રાકૃત જ્ઞાન મૂલવિનાનું હોય છે, તેને ભગવત્શાસ્ત્રથી અથવા ભક્તિથી દૂર કરીને પોતાનું જ્ઞાન ત્યાં સ્થાપવામાં આવે છે; તેથી ભગવાનની માયા માયાવીઓને પણ વ્યામોહ કરનારી છે એ નિશ્ચય છે. એમાં પૂર્વપક્ષ(શંકા)નો સંભવ જ નથી. શ્લોકમાં દ્વિજ પદ મુક્યું છે, તે દ્વિજ પદથી પોતાનું સંબોધન કહ્યું છે, કેમ કે આધિદૈવિકની વિમુખતાને લીધે યજ્ઞ સિદ્ધ થયો નથી એટલે શુક્લ, સાવિત્ર, યાજ્ઞિક વિગેરે પદો તેમને લાગુ પડતાં નથી.

**લે.**- 'અતઃ યે' વિગેરે. માયાથી મૂલ જ્ઞાન ઢંકાઈ જાય છે, તેથી પ્રાકૃત એટલે લૌકિક જ્ઞાનવાળા. 'અન્યથા ભગવાનિતિ' પ્રાકૃત બુદ્ધિમાં પ્રાકૃતપણાનું આચ્છાદન ન કરાય તો. 'જ્ઞાનેન' પ્રાકૃત જ્ઞાનથી.

**સુ.**- વળી 'અહો' એ શ્લોક કહે છેઃ

**અહો પશ્યત નારીણામપિ કૃષ્ણે જગદ્ગુરૌ ।।**
**દુરન્તં ભાવં યોવિધ્યન્ મૃત્યુપાશાન્ ગૃહાભિધાન્ ।।**

અહો આ જે સ્ત્રીઓ છે, તેમનો પણ કૃષ્ણ જગદ્ગુરુને વિષે અગાધ ભાવ જુઓ, કે જે ભાવથી ઘર નામના મૃત્યુપાશ પણ છેદાઈ ગયા*.

**સુ.**- અહો એ આશ્ચર્યના અર્થમાં છે. જે પુરુષોમાં દુર્લભ છે તે સ્ત્રીઓમાં થયું એ આશ્ચર્ય છે. ભાવને જુઓ. ઘુણાક્ષરન્યાયેન એટલે જેમ લાકડાં કોરીને જંતુઓ અક્ષર જેવા આકાર કરે છે, એ કાંઈ સમજીને કરતાં નથી તેમ આ ભાવ પણ કોઈકવાર થઈ ગયો હોય, એમ શંકા થાય તે 'દુરંતમ્' પદથી દૂર કરે છે. એ ભાવ અંત વિનાનો પુષ્કળ છે. શંકા- સ્ત્રીઓને પુરુષોમાં ભાવ થાય છે જ, એમાં આશ્ચર્ય શું? ઉત્તર- આ ભાવ કૃષ્ણ જે સદાનંદ છે, અને જગદ્ગુરુ છે, તેને વિષે થયો છે. (સામાન્ય પુરુષને વિષે થયો નથી). સ્ત્રીઓને કામી પુરુષોને વિષે જ ભાવ થાય છે. ભગવાનને વિષે કાંઈ ભાવ થતો નથી, અને અહિં તે થયો તે આશ્ચર્ય છે. શંકા- ભગવાનને વિષે એવો ભાવ થયો તેમાં શું થયું? સમાધાન- જે ભાવથી ઘર નામ છે જેનું એવા મૃત્યુના બંધનો છેદી નાંખ્યા, તે ભાવ અથવા ભક્તિને જુઓ.

*. આ શ્લોક અને તેનું વ્યાખ્યાન કોઈક પ્રતમાં હોવાથી અહિં આપ્યું છે. તે વધારાનો હોય એમ

જણાય છે.

**સુ.**– શંકા– આ યજ્ઞનું મુખ્ય ફલ ન થયું તો પણ ઉત્તરમીમાંસાના ન્યાયથી ચિત્તશુદ્ધિ તેનાથી થાય તેથી ધિક્કાર અનુચિત છે, તેનો ઉત્તર– 'નાસામ્' એ શ્લોકથી કહે છેઃ

**નાસાં દ્વિજાતિસંસ્કારો ન નિવાસો ગુરાવપિ ।।**
**ન તપો નાત્મમીમાંસા ન શૌચં ન ક્રિયા શુભાઃ ।।૪૧।।**

એમને દ્વિજાતિનો સંસ્કાર જનોઈ નથી, ગુરુકુલને વિષે વેદાધ્યયન માટે નિવાસ પણ નથી, કોઈ પ્રકારનું તપ એમણે કર્યું નથી, આત્મવિચાર પણ એમણે કર્યો નથી, શૌચ પણ પાળ્યું નથી, અગ્નિહોત્ર વિગેરે શુભ ક્રિયાઓ પણ કરી નથી. ૪૧.

**સુ.**– આ સ્ત્રીઓને દ્વિજાતિનો સંસ્કાર નથી. સંસ્કારોને લીધે સ્ત્રીઓને એવો ભાવ નથી થયો, તે અન્વય અને વ્યતિરેક વ્યભિચારથી જણાવે છે, કે સંસ્કારરહિત આ સ્ત્રીઓને આ ભક્તિ થઈ (એ વ્યતિરેક વ્યભિચાર), અને સંસ્કાર–વાળા જે આપણે તેમને એ ભાવ થયો નહિ (એ અન્વય વ્યભિચાર) એ વાત સ્પષ્ટ કરે છે, કે આ સ્ત્રીઓને દ્વિજાતિનો સંસ્કાર જે જનોઈ તે નથી. વળી વેદાધ્યયનને માટે ગુરુકુલમાં રહ્યાં નથી. એમને તપ એટલે સ્વધર્મ નથી, શ્રૌતસ્માર્ત કર્મો એમણે કર્યાં નથી, ઈન્દ્રિયનું દમન એમણે કર્યું નથી, સ્નાન વિગેરેથી ક્લેશ સહન કર્યો નથી, આત્મવિચાર પણ એમણે કર્યો નથી, શૌચ વિગેરે પણ એમણે પાળ્યું નથી, અગ્નિહોત્ર વિગેરે શુભ ક્રિયાઓ પણ કરી નથી.

**સુ.**– એ પ્રમાણે ભક્તિના અધિકરણ એટલે સ્થાનરૂપ પત્નીઓને વિષે સાધનના અભાવનું નિરૂપણ કરીને 'અથાપિ' એ શ્લોકથી ભક્તિ કહે છેઃ

**અથાપિ હ્યુત્તમશ્લોકે કૃષ્ણે યોગેશ્વરેશ્વરે ।।**
**ભક્તિર્દઢા ન ચાસ્માકં સંસ્કારાદિમતામપિ ।।૪૨।।**

એમ હોવા છતાં પણ ઉત્તમ પુરુષો જેનું કીર્તન કરે છે એવા કૃષ્ણ, જે યોગેશ્વરના પણ નિયંતા છે, તેમને વિષે આ સ્ત્રીઓને દઢ ભક્તિ છે, અને આપણે જો કે સંસ્કાર વિગેરેથી સિદ્ધ છીએ, છતાં આપણને તે ભક્તિ નથી. ૪૨.

**સુ.**– શંકા– આ ભક્તિના સાધન કાંઈ સંસ્કાર નથી, જેમ જારને વિષે સ્નેહ થાય તેમાં શુભ સંસ્કાર સાધન કે કારણ નથી તેમ. એ શંકાનું નિવારણ 'ઉત્તમશ્લોકે' એ પદથી કરે છે. ઉત્તમ એટલે વ્યાસ, વાલ્મીકિ, પરાશર વિગેરે જેનું કીર્તન કરે છે તે ભગવાન્. આથી ભગવાનને વિષે પ્રમાણનો ઉત્કર્ષ કહ્યો. પ્રમેયનો ઉત્કર્ષ 'કૃષ્ણે' એ

પદથી કહે છે. 'કૃષ્ણ' એ પદથી ભગવાનમાં ફલનો પણ ઉત્કર્ષ કહ્યો. 'યોગેશ્વરેશ્વરે' એ પદથી સાધનનો ઉત્કર્ષ કહે છે. યોગશ્વરોના પણ ઈશ્વર એટલે નિયંતા, તેને વિષે ભક્તિ. તે ભક્તિ પણ દૃઢ. પતિ વિગેરેએ અટકાવ કર્યા છતાં જે નાશ ન પામે એવી તેલની ધારાના જેવી નિરંતર ચાલુ સર્વથી અધિક ભક્તિ. અન્વયનો વ્યભિચાર 'ન ચ અસ્માકમ્' એ પદથી કહે છે. ઉડતાલીશ સંસ્કારવાળા જે આપણે છીએ તેને એ ભક્તિ નથી.

**લે.**– 'અષ્ટચત્વારિંશત્' (ઉડતાળીશ) વિગેરે. હાલમાં બીજા સંસ્કારો નહિ હોવા છતાં, ઉત્તમ દેહ પ્રાપ્ત થયો છે તેથી પૂર્વ જન્મને વિષે તે સંસ્કારો સિદ્ધ થએલા હોવા જ જોઈએ.

**સુ.**– શંકા– આ સ્ત્રીઓને જન્માંતરોને વિષે સંસ્કારો સિદ્ધ થએલા હોવા જ જોઈએ, કારણ કે એઓ ચર્ષણિ શક્તિવાળાં છે. જો એમ ન હોત તો ધણીનો પરિત્યાગ તેઓ કરી શકત નહિ. માટે ગોપિકાઓની માફક પૂર્વજન્મને વિષે તેઓ પણ પુરુષો જ હોવા જોઈએ, વળી 'હજારો જન્મને વિષે તપ, ધ્યાન અને સમાધિ વિગેરેથી જે પુરુષોનાં પાપ ક્ષીણ થઈ ગયાં છે, તેમને જ કૃષ્ણને વિષે ભક્તિ થાય છે' એવું વાક્ય હોવાથી તેમને બહુ જન્મના સંસ્કારો થયા નહિ હશે એવી શંકા કરીને આશ્ચર્યથી તે શંકાનું સમાધાન 'નનુ' એ શ્લોકથી કરે છેઃ

**નનુ સ્વાર્થવિમૂઢાનાં પ્રમત્તાનાં ગૃહેહયા ।।**
**અહો નઃ સ્મારયામાસ ગોપવાક્યૈઃ સતાં ગતિઃ ।।૪૩।।**

ખરેખર આપણે જેઓ સ્વાર્થ એટલે ભગવત્સેવામાં વિમૂઢ છીએ, અને ઘરની ઈચ્છાથી પ્રમત્ત છીએ, તેને અહો કેવું આશ્ચર્ય કે ગોપોના વાક્યથી (આપણી પૂર્વ સ્થિતિનું) ભગવાને સ્મરણ કરાવ્યું. સત્પુરુષોની ગતિ તો ભગવાન્ છે. ૪૩.

**સુ.**– 'નનુ' એટલે નિશ્ચય, એ કોમલ સંબોધન છે. ખરેખર એમ જ હોવું જોઈએ. સ્વાર્થમાં વિમૂઢ અને ઘરની ઈચ્છાથી પ્રમત્ત એવા જે આપણે તેમને ભગવાને ગોપોના વાક્યોથી પૂર્વસ્થિતિનું સ્મરણ કરાવ્યું. પહેલાં આપણે પણ ભગવદીય જ હતા, પછી આપણામાં દૈત્યના આવેશથી અને દૈત્યરાજાના દેશમાં રહેવાથી, દૈત્યરાજાઓના રક્ષણ નીચે હોવાથી, તેમના અન્નના ભોજનથી, આપણે આપણું ભગવદીય સ્વરૂપ ભુલી ગયા, તેને ભગવાને ગોપોના વાક્યોના બહાનાથી સ્મરણ કરાવ્યું. નહિ તો શું ભગવાન્ બીજાનું અન્ન માગે? વળી આપણને પોતાના જ (ભક્ત તરીકે) જાણે છે. આ આશ્ચર્ય છે કે માત્ર વાક્યથી આપણને જ્ઞાન કેવી રીતે થયું. ભગવાનનું સામર્થ્ય તો અલૌકિક છે. 'અહો' એ પદથી તેનું અનુકરણ સૂચવે છે.

આથી આગળ કહેલા બધા પૂર્વપક્ષો દૂર કર્યા. આ સ્ત્રીઓ પણ ભગવાનની પોતાની દાસીઓ છે, અને આપણે દાસ છીએ, એમાં કાંઈ સંદેહ નથી. જો એમ ન હોત તો આથી ઉલટા જ તર્ક વિતર્ક કરત. સ્વાર્થ જે ભગવત્સેવા તેમાં આપણે વિમૂઢ છીએ. ઘરની ઈચ્છા એટલે ઘરના કાર્યની ચિંતાવાળા છીએ, અને ઘરના ધર્મો જ પાળવાવાળા છીએ, તેમાં પણ તેની ચિંતાથી પ્રમત્ત થએલા છીએ, અથવા ભગવત્સેવામાં બેદરકાર થયા છીએ, તેથી પોતાના સેવકોને ભગવાને સ્મરણ કરાવ્યું. સાક્ષાત્ ઉપદેશનો અધિકાર આપણને નથી, એમ માનીને ગોપોના વાક્યોથી સ્મરણ કરાવ્યું, તેમ કરવાનું કારણ એ છે કે સત્પુરુષોની ગતિ (આશ્રય) આ ભગવાન્ છે. જો ભગવાન્ ઉપેક્ષા કરે, તો સત્પુરુષોનો નાશ જ થાય.

લે.– 'ચર્ષણ્યઃ' (ચર્ષણિ શક્તિવાળાં) વિગેરે. 'યજ્ઞપત્ન્યસ્તથાપરે' એ વાક્યમાં કહ્યા પ્રમાણે તેવી લીલાના વિષય હોવાથી ભગવાનની સાથે રમણ કરી શકે તેવી શક્તિવાળાં તેઓ હતાં.

**સુ.**– ભગવાન્ યાચના કરે તે બીજી કોઈ રીતે ઘટતું નથી, તેથી આ સર્વ (ઉપર કહેલું) કલ્પના કરીને કહ્યું, યાચના બીજી કોઈ રીતે ઘટતી હશે એમ કલ્પીને તેનો 'અન્યથા' એ શ્લોકથી પરિહાર કરે છેઃ

**અન્યથા પૂર્ણકામસ્ય કૈવલ્યાદ્યાશિષાં પતેઃ ।।**
**ઈશિતવ્યૈઃ કિમસ્માભિરીશસ્યૈતદ્ વિડમ્બનમ્ ।।૪૪।।**

જો એમ ન હોય તો ભગવાન્ જે પૂર્ણકામ છે, કૈવલ્યથી શરુ થતા સર્વ આશિષના પતિ છે, તેમને આપણે જે દાસ છીએ, તેમનું શું પ્રયોજન છે? આ યાચના કાંઈ ભગવાનની ખરી યાચના નથી, પણ અનુકરણમાત્ર છે. ૪૪.

**સુ.**– ભગવાનને તો કશાની અપેક્ષા નથી. ભગવાનને કાંઈ દુઃખ નથી, કે જેની નિવૃત્તિ અથવા તો દુઃખનિવૃત્તિના સાધનની અપેક્ષા હોય. વળી ભગવાન્ પૂર્ણકામ હોવાથી તેમને કાંઈ સુખ પ્રાપ્ત કરવાની અપેક્ષા નથી, કે સુખપ્રાપ્તિ કરવાના સાધનની પણ અપેક્ષા નથી. તેમને તો જે જે કામો ઉત્પન્ન થાય છે, તે પૂર્ણ (સિદ્ધિ સહિત જ) ઉત્પન્ન થાય છે, અને તે કામો કાંઈ લૌકિક કામોની માફક વિષયોથી પૂરાતા નથી, પણ ઉત્પન્ન થતી વખતે જ પૂર્ણ ઉત્પન્ન થાય છે, તેથી તે કામો નિત્ય વિષયવાળા હોય છે, એમ હોવાથી આ જે અન્નકામના ભગવાનને વિષે પ્રકટ થઈ, તે અન્ન સહિત જ પ્રકટ થઈ, તેથી અર્થ સિદ્ધ હોવાથી (અન્ન સાથે કામના ઉત્પન્ન થએલી હોવાથી) બીજા પાસે અન્ન માગવું એ યુક્તિથી વિરુદ્ધ છે, પણ જો ભગવાનને બીજો કોઈ હેતુ હોય તો સિદ્ધ અર્થ (અથવા સિદ્ધ અન્ન) દૂર કરીને તે

પ્રાપ્ત કરવાને બીજું સાધન કરે છે, અથવા તો અન્ન પ્રાપ્ત કરવાને પોતાની પાસે કાંઈ સાધન નથી એમ બોધ કરે છે, તેથી આ યાચનાનું ફલ આપણને પ્રબોધ કરવો (આપણું દાસત્વ અને ભક્તત્વ જે પ્રથમ હતું તે જણાવવું) એ જ છે. વળી ભગવાન્ કૈવલ્યથી શરુ થતા આશીર્વાદોના પતિ છે. કૈવલ્ય એટલે કેવલતા. શરીર, ઈન્દ્રિય વિગેરેની નિવૃત્તિ થઈને કેવલ આત્માથી સ્થિતિ રહે તે કેવલતા, અન્યથા રૂપનો ત્યાગ કરીને સ્વરૂપને વિષે પાછી સ્થિતિ થવી એટલે કૈવલ્ય[1]. એ પ્રથમ ફલ છે, તેની પહેલાં તો દુઃખ જ હોય છે, માટે કૈવલ્ય પ્રાપ્ત થયા પછી સ્વરૂપથી ભગવાનનું ભજન થાય, પછી આનંદનો આવિર્ભાવ થાય, પછી ભગવાનને વિષે પ્રવેશ થાય અથવા તો ભગવાનને વિષે ભક્તિ થાય, પછી ભગવદીય ધર્મો કે જે ભગવાનની આજ્ઞારૂપ છે તે, અર્થ જે ભગવદીય હોય છે તે, કામ જે ભગવદીય હોય છે તે, એ પ્રમાણે કૈવલ્યથી શરુ થતા આશીર્વાદ અથવા શુભ પદાર્થો, તે સર્વના ભગવાન્ પતિ એટલે દાતા અથવા નિયામક છે. આ પ્રમાણે ભગવાન્ સર્વ આશિષના દાતા અને નિયામક હોવાથી ગોપોને ક્ષુધા લાગે જ નહિ, અને તેઓ તે નિવારણ કરવાની પ્રાર્થના પણ કરે નહિ. વળી ભગવાન્ લોકોને કૈવલ્યથી શરુ થતા આશિષના દાન કરનાર હોવાથી આ ગોપોને સંઘાત અથવા શરીરમાં જોડે જ શું કરવા કે જેથી તેમને ક્ષુધા લાગે? માટે ક્ષુધા ઉત્પન્ન કરીને અન્ન પોતાની પાસે હોવા છતાં તે નહિ આપીને આપણને આપણી પૂર્વ સ્થિતિનું ભાન કરાવવાને માટે જ ભગવાને ગોપોને અહિં મોકલ્યા. વળી આપણે જે નિયમ્ય અથવા દાસ છીએ તેનું ભગવાનને શું પ્રયોજન? આપણે દાસ હોવાથી દાસનું અન્ન કાંઈ ભગવાન્ ભોગ કરે? દાસોને તો ભગવાન્ આપે, (દાસનું કાંઈ લેવાય નહિ). કોઈ મોટા રાજાની એક દિવસમાત્રની વ્યવસ્થા કોઈ દાસ કરી શકતો નથી. એવા ભગવાનની આગળ આપણે તેમનું શું કરી શકવાના છીએ? માટે ભગવાન્ જે યાચના કરે છે, તે તો અનુકરણ માત્ર કરે છે, અને તે અનુકરણ રસની ઉત્પત્તિને માટે કરે છે, એ વાત નક્કી છે. નટ યોગીના ભાવનું પ્રદર્શન કરાવે છે, તેમાં તેને રસ ઉત્પન્ન કરવા સિવાય બીજું કાંઈ પ્રયોજન નથી, તેમ ભગવાને જે યાચનાનું અનુકરણ કર્યું તે આપણને ઉદ્‌બોધ કરવાને માટે જ કર્યું, (બીજું કાંઈ પ્રયોજન નથી).

**યો.**– 'કૈવલ્યાદ્યાશિષાં પતેઃ' વિગેરે. કૈવલ્ય પ્રાપ્ત થયા પછી, સ્વરૂપથી એટલે શુદ્ધ જીવરૂપથી, ભગવાનનું ભજન થાય, પછી જે આનંદ ઢંકાઈ ગયો છે, તેનો આવિર્ભાવ થાય, પછી બે પક્ષ પડે છે. (૧) મર્યાદાભક્તોનો ભગવાનને વિષે પ્રવેશ થાય છે. (૨) પુષ્ટિમાર્ગીય ભક્તોને ફલરૂપ ભક્તિ સિદ્ધ થાય છે. તેથી કરીને ભગવાનને વિષે પ્રવેશ

અથવા ભક્તિ એમ કહ્યું. અહિં આ ધ્યાનમાં રાખવા જેવું છે. કૈવલ્ય એ ધર્મ વિગેરે સર્વ પુરુષાર્થનો અંત છે, એમ સર્વત્ર પ્રસિદ્ધ છે, પણ શ્રીમદ્ભાગવતમાં તો એમ કહ્યું છે કે 'ભગવાન્ કૈવલ્યથી શરુ થતા આશીર્વાદ અથવા પુરુષાર્થના પતિ છે', તેથી કૈવલ્ય એટલે પ્રથમ કક્ષા અથવા પુરુષાર્થની શરુઆત થઈ, તેનું સ્વરૂપ શ્રીસુબોધિનીજીમાં 'કૈવલ્યમ્' એટલે 'કેવલતા' એટલે સંઘાતની નિવૃત્તિથી શરુ કરીને 'કામાઃ' ત્યાં સુધીમાં વિવેચન કર્યું. તેથી શ્રુતિમાં જે નિરૂપણ કર્યું છે કે કૈવલ્ય જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. 'જ્ઞાનાત્ એવ હિ કૈવલ્યમ્' તે ખરું છે, તો પણ તેથી કરીને ભક્તિની કાંઈ ક્ષતિ અથવા હાનિ થતી નથી, સંઘાત અથવા શરીરની નિવૃત્તિથી કેવલ સ્થિતિરૂપ જે કૈવલ્ય તે જ્ઞાનથી જ થાય છે. કારણ કે કૈવલ્યજ્ઞાન એ અધ્યાસનું નિવારણ કરે છે. પણ કૈવલ્યમાત્ર પરમ પુરુષાર્થ નથી. કૈવલ્ય તો પ્રથમ કક્ષા અથવા શરુઆત છે. તેથી જ શ્લોકમાં 'કૈવલ્યાદ્યાશિષાં પતેઃ' એમ પદો મુક્યાં છે. પરમ પુરુષાર્થ તો પુરુષોત્તમના નિત્યલીલાધામમાં પ્રવેશ છે, તે તો પુરુષોત્તમના અનુગ્રહથી ઉત્પન્ન થતી પુષ્ટિભક્તિથી જ પ્રાપ્ત થાય છે. ગીતા અ.૧૮ શ્લોક. ૫૬માં કહ્યું છે કે 'મારા પ્રસાદથી પરા શાંતિ અને શાશ્વત અથવા નિત્યધામ પ્રાપ્ત કરશે.' આથર્વણિક ગોપાલતાપનીય વિગેરે ઉપનિષદોમાં કહ્યું છે કે, 'ભગવાન્ એક છે સર્વને વશ કરવાવાળા છે, સર્વ સ્થલે છે, કૃષ્ણ એટલે ફલરૂપ છે, પૂજા કરવા યોગ્ય છે, એક છતાં બહુ પ્રકારે પ્રકાશે છે, તે સિંહાસન પર બિરાજેલાને જે નિત્ય ભજે છે તેને જ શાશ્વતી એટલે નિત્યસિદ્ધિ થાય છે, બીજા કોઈને થતી નથી.' અહિં 'ભજ્' ધાતુથી સેવા સમજવી, કારણ કે 'ભજ્' ધાતુનો અર્થ સેવા છે. ગીતામાં કહ્યું છે કે શાશ્વત અથવા નિત્યસ્થાનને પ્રાપ્ત કરશે' અને ગોપાલતાપનીય ઉપનિષદ્માં કહ્યું છે કે 'શાશ્વતી એટલે નિત્યસિદ્ધિ તેમને પ્રાપ્ત થશે' એ બંનેમાં શાશ્વત સ્થાનથી અને શાશ્વતી સિદ્ધિથી એમ સમજવું કે ભક્તોને નિત્યલીલાધામમાં પ્રવેશરૂપ ફલ પ્રાપ્ત થાય છે, કેમ કે શાશ્વત પદનો અર્થ નિત્ય છે.

૧. આ મુક્તિની વ્યાખ્યા સામાન્ય રીતે સર્વ ધર્મોને સંમત છે.

**સુ.**– શંકા– ભગવાન્ જો કે પૂર્ણ છે, તો પણ અવતાર લઈને લીલાથી નટની માફક લૌકિક કાર્ય કરે છે, તેથી (નટની માફક) યાચના કરે, તે તો યુક્ત જ છે, તેનું સમાધાન 'હિત્વાન્યાન્' એ શ્લોકથી કહે છેઃ

**હિત્વાન્યાન્ ભજતે યં શ્રીઃ પાદસ્પર્શાશયાસકૃત્ ।।**
**આત્મદોષાપવર્ગેણ તદ્યાચ્ઞા જનમોહિની ।।૪૫।।**

લક્ષ્મી ચરણસ્પર્શની આશાથી બીજાનો ત્યાગ કરીને વારંવાર પોતાનો ચાંચલ્યદોષ દૂર થાય અને ફરીથી ઉત્પન્ન જ ન થાય એવી રીતે વારંવાર ભગવાનને ભજે છે, તે ભગવાન્ યાચના કરે તે મનુષ્યોને મોહ કરવા માટે જ. ૪૫.

**સુ.**– જો ભગવાનને યાચના કરવી જ હોય તો લક્ષ્મીને જ શા માટે ન કહે?

(લક્ષ્મીની જ યાચના શા માટે ન કરે?) ભિક્ષુકો પાસે યાચના શા માટે કરે? એમ ન માનવું કે લક્ષ્મી બીજા કાર્યમાં ગુંથાએલી હતી તેથી તેની યાચના ન કરી, કેમ કે તે લક્ષ્મી તો બીજા સર્વને છોડીને વારંવાર ભગવાનને જ ભજે છે, અને તે પણ વળી ભગવાનના ચરણસ્પર્શની આશામાત્રથી ભજે છે, તે લક્ષ્મીને જો ભગવાન્ કાંઈ પણ આજ્ઞા કરે તો લક્ષ્મી પોતાને કૃતાર્થ માને (અને તરત ભગવાનનું તે કાર્ય કરી આપે), એવી લક્ષ્મીને છોડીને બીજાની પાસે યાચના કરે તેમાં બીજો કાંઈ હેતુ જ હોવો જોઈએ. શંકા– લક્ષ્મીમાં ચંચળતા છે, તેથી તે સમયે ત્યાં નહિ હોય, (તેથી આપણી પ્રાર્થના કરી), એમ જો કહો તો તેનો ઉત્તર 'આત્મદોષાપવર્ગેણ' એ શબ્દોથી કહે છે. પોતાનો દોષ જે ચાંચલ્ય તે દૂર થાય અને ફરી ઉત્પન્ન ન થાય એવી રીતે ભજે છે. ભગવાનના સેવકોનો ધર્મ આવો જ છે. શંકા– લોકો પહેલાં પણ કહેતા હતા કે ભગવાને બલિ પાસે ભિક્ષા માગી, તેમ હમણાં પણ માગી હશે? સમાધાન– એ ભિક્ષા જનને મોહ કરનારી જ છે (વસ્તુતઃ એ ભિક્ષા છે જ નહિ). નહિ તો પોતાના શરીરને વિષે ત્રૈલોક્યનું દર્શન કરાવ્યું, તે વ્યર્થ થઈ જાય. બલિને તો એમ જણાવ્યું કે મારી પાસે સિદ્ધ જ છે, (આખું ત્રૈલોક્ય મારા શરીરમાં છે), તેથી હું જે યાચના કરું છું તે વસ્તુતઃ યાચના છે જ નહિ, પણ લોકોને તો મોહ માત્ર થયો કે ભગવાને બલિની યાચના કરી.

**દેશઃ કાલઃ પૃથગ્ દ્રવ્યં મન્ત્રતન્ત્રર્ત્વિજોગ્નયઃ ।।**
**દેવતા યજમાનશ્ચ ક્રતુર્ધર્મશ્ચ યન્મયઃ ।।૪૬।।**

દેશ, કાલ, જુદું જુદું દ્રવ્ય, મંત્ર, તંત્ર, ઋત્વિજ્, અગ્નિ, દેવતા, યજમાન, યજ્ઞ અને ધર્મ એ સર્વ ભગવદ્રૂપ જ છે. ૪૬.

**સુ.**– વળી દેશ વિગેરે સર્વ ભગવદાત્મક જ છે, એમ હોવાથી તેને દાન નહિ આપવું એવી બુદ્ધિ થવી તે મોહ પામ્યા વિના કેમ થાય? માટે આ જે યાચના તે મોહ કરવાને માટે જ છે. 'આ સર્વ પુરુષ જ છે.' (તૈ.સં. ૩।૧૨।૧) એ શ્રુતિને અનુસાર સર્વ પદાર્થો ભગવદાત્મક છે, એમ જણાય છે, તો પણ આપણને જે મોહ થયો, તે ભગવાનની યાચનાથી જ થયો.

**સુ.**– તે જ પુરુષરૂપ આ જગત્ છે, એ ખરી વાત છે, તો પણ એવા તે પુરુષને પણ તેનું જ્ઞાન ન હોવાથી, દાન તેને ન આપવું તે ઉચિત છે, એવી શંકા થાય તેનો ઉત્તર 'સ એષ' એ શ્લોકથી કહે છેઃ

**સ એષ ભગવાન્ સાક્ષાદ્ વિષ્ણુર્યોગેશ્વરેશ્વરઃ ।।**
**જાતો યદુષ્વિત્યશ્રૃણ્મ હ્યપિ મૂઢા ન વિદ્મહે ।।૪૭।।**

તે જ આ ભગવાન્ છે, સાક્ષાત્ વિષ્ણુ છે, યોગેશ્વરોના સ્વામી છે, તે યદુઓમાં પ્રકટ થયા છે. એમ આપણે સાંભળ્યું છે, છતાં આપણે મૂઢ હોવાથી તેમને ઓળખતા નથી. ૪૭.

**સુ.**– તે પુરુષ તે જ આ ભગવાન્ છે અને તેનાથી પણ અધિક છે, (કેમ કે) તે પુરુષોત્તમ છે, વળી આ સાક્ષાત્ આધિદૈવિક યજ્ઞ, વિષ્ણુ છે. બ્રાહ્મણોને ભોજન કરાવવું એવો આપણો સંકલ્પ હોય તો પણ આ યોગેશ્વરોના પણ ઈશ્વર એટલે સ્વામી છે, એવા પુરુષ પુરુષોત્તમ યદુઓને વિષે પ્રકટ થયા છે, એવું આપણે સાંભળ્યું છે, તથાપિ પૂર્વ સંસ્કારના લોપ થવાને લીધે આપણે વિશેષ રીતે મૂઢ થઈ ગયા છીએ, તેથી ભગવાનને આપણે ઓળખતા નથી, એ પ્રમાણે પોતાના અપરાધ નું સમર્થન કર્યું.

**યો.**– 'સાક્ષાદયં યજ્ઞઃ' વિગેરે. જો યજ્ઞ એ જ પરમેશ્વર છે, એવી આપણી બુદ્ધિ હોય, તો પણ આપણે આ શ્રીકૃષ્ણની જ આરાધના કરવી જોઈએ, કારણ કે આધિદૈવિક યજ્ઞરૂપ એ જ છે, અને આધિદૈવિક યજ્ઞ એ વિષ્ણુ છે, શ્રુતિમાં કહ્યું છે કે 'યજ્ઞ નિશ્ચય વિષ્ણુ છે.' બ્રાહ્મણોને ભોજન કરાવવાને માટે જ અન્ન અપાય, બીજાઓને અપાય નહિ, તો પછી ગોપોને કેવી રીતે અપાય એવી શંકા થાય તો કહે છે કે 'એકો વિષ્ણુઃ મહદ્ભૂતં પૃથગ્ભૂતાન્યનેકશઃ ત્રીન્ લોકાન્ વ્યાપ્ય ભૂતાત્મા ભુંક્તે વિશ્વભુગવ્યયઃ' અર્થ 'એક વિષ્ણુ એક મોટો ભૂત અથવા પ્રાણી છે, અને તેમાંથી અનેક પ્રાણીઓ જુદા થયાં છે, એ ભૂતાત્મા ત્રણ લોકોને વ્યાપ્ત થઈને ભોગ કરે છે. એ સર્વનો ભોગ કરનાર છે, અને એમાં કાંઈ પણ ફેરફાર થતો નથી.' એ પદ્યમાં પણ વિષ્ણુ શબ્દ આ શ્રીકૃષ્ણનો જ વાચક છે, તેથી એ શ્રીકૃષ્ણને માટે ગોપોને અન્ન આપવું જ જોઈએ.

**સુ.**– તે અપરાધની ક્ષમા કરાવવાને માટે 'નમઃ' એ શ્લોકથી નમસ્કાર કરે છે. અહિં વચમાં એક શ્લોક 'વિગીતઃ' એટલે પ્રક્ષિપ્ત છે તેનું પણ વ્યાખ્યાન કરવામાં આવે છેઃ

**અહો વયં ધન્યતમા યેષાં નસ્તાદશીઃ સ્ત્રિયઃ ।।**
**ભક્ત્યા યાસાં મતિર્જાતા અસ્માકં નિશ્ચલા હરૌ ।।૪૮।।**

અહો આપણે બહુ કૃતાર્થ છીએ, કે જેમને આવી સારી સ્ત્રીઓ મળી છે, જેમની ભક્તિથી આપણી મતિ હરિને વિષે નિશ્ચલ થઈ. ૪૮.

**સુ.**– 'અહો' એ આશ્ચર્યના અર્થમાં છે, આપણે એમ બહુવચન પોતાની પ્રશંસાના અર્થમાં છે. 'ધન્યતમાઃ' એટલે કૃતાર્થ છીએ કે આપણી સ્ત્રીઓ એવી સારી છે, કે જેમની ભક્તિથી તે ભક્તિએ આપણને સ્મરણ કરાવવાથી આપણી પણ

મતિ હરિને વિષે નિશ્ચલ થઈ.

**નમસ્તુભ્યં ભગવતે કૃષ્ણાયાકુણ્ઠમેધસે ।।**
**યન્માયામોહિતધિયો ભ્રમામઃ કર્મવર્ત્મસુ ।।૪૯।।**

તમને ભગવાનને, કૃષ્ણને જેમની મેધા અકુંઠિત છે, તેમને નમસ્કાર છે, જેમની માયાથી બુદ્ધિ મોહિત થવાથી અમે કર્મમાર્ગમાં ભમ્યા કરીએ છીએ. ૪૯.

**સુ.**– અપરાધને લીધે દીનતા આવવાથી ભગવાન્ પ્રકટ થયા એમ જણાય છે, નહિ તો 'તુભ્યમ્' એટલે તને, જે હાજર છે તેને એમ ન કહેત, આથી તેમનો અપરાધ દૂર થયો એમ નિશ્ચય થાય છે, તે ભગવાનના છ ગુણો જોઈને નમસ્કાર કરતા 'ભગવતે' એમ શબ્દ વાપરે છે. જે ભગવાનનું દર્શન થાય છે, અને જે દષ્ટ અને અદષ્ટ છે, તે બેનો ભેળસેળ ન થાય તે જણાવવાને 'ભગવતે' પદ મુક્યું છે. સ્વરૂપનું જ્ઞાન પણ થયું છે. તે જણાવવાને કૃષ્ણ પદ મુક્યું છે. એમની પૂર્ણ જ્ઞાનશક્તિ જોઈને કહે છે કે જેની બુદ્ધિ કુંઠિત નથી એવા તમો છો, જો કે ભગવત્ શબ્દથી જ નિત્યજ્ઞાનપણું પ્રાપ્ત થાય છે (ભગવાનના છ ગુણોમાં જ્ઞાન પણ નિત્ય છે), તો પણ જેમ 'સર્વસ્ય ઈશાનઃ' એ શ્રુતિથી ભગવાનમાં સાધારણ ઐશ્વર્ય કહ્યું છે, એમ 'સર્વજ્ઞ' એ શ્રુતિથી તેવું સાધારણ જ્ઞાન 'ભગવતે' પદથી કહેવામાં આવે છે, એમ હોવાથી 'મારા સિવાય તે ભક્તો બીજું કાંઈ જાણતા નથી અને હું પણ તે ભક્તો સિવાય બીજું કાંઈ પણ જાણતો નથી' એ વાક્યથી કેવલ ભક્તવિષયનું 'તે ભક્ત મારા છે' એવું જે જ્ઞાન તે પુષ્ટિમાર્ગીય છે, તે અહિં 'મેધા' શબ્દથી કહેવાય છે. એવું ભગવાનનું આપણા વિષયનું જ્ઞાન પહેલાં હતું, વચમાં આપણે જો કે બહિર્મુખ થવા છતાં ભગવાનનું તે જ્ઞાન અકુંઠિત હોવાથી તે જ્ઞાનને લીધે ભગવાને આપણી યાચના કરીને આપણને પ્રબોધ કર્યો પણ આપણી ઉપેક્ષા કરી નહિ. વળી આપણને આ અપરાધ ભ્રાંતપણાને લીધે થયો હતો એમ નથી, તે જણાવવાને ભ્રમ પણ તમે જ કર્યો એમ કહે છે. 'યન્ માયા' એ પદથી ભગવાનની માયાને લીધે જ આપણી બુદ્ધિ મોહિત થવાથી કર્મમાર્ગને વિષે આપણે ભ્રમણ કરીએ છીએ, નહિ તો જ્ઞાનમાર્ગમાં અથવા તો ભક્તિમાર્ગમાં આપણી મતિ થાત, અથવા તો શુદ્ધ વૈદિક કર્મમાં આપણી મતિ થાત. બુદ્ધિ વ્યામોહિત થવાથી આભાસરૂપ કર્મમાર્ગમાં જ અને તેમાં પણ નિશ્ચય નહિ હોવાથી આપણે ભ્રમણ માત્ર કરીએ છીએ, તેથી આપણને મોહ થયો છે, તે વાત નક્કી છે.

**યો.**– 'શુદ્ધે વા વૈદિકે કર્મણિ' શુદ્ધ વૈદિક કર્મમાં વિગેરે. નિશ્ચયથી કરાતા અગ્નિહોત્રથી તે સોમયજ્ઞ સુધીના નિત્યકર્મને વિષે. તે પાંચ પ્રકારનાં નિત્યકર્મ ભગવાનને

પ્રાપ્ત કરાવે છે, તે તત્ત્વદીપનિબંધના સર્વનિર્ણય પ્રકરણમાં વિસ્તારથી કહેલું છે.

**સુ.**– વાણીથી પણ 'સ વૈષ' એ શ્લોકથી ક્ષમા માગે છે:

**સ વૈષ આદ્યઃ પુરુષઃ સ્વમાયામોહિતાત્મનામ્ ।।**
**અવિજ્ઞાતાનુભાવાનાં ક્ષન્તુમર્હત્યતિક્રમમ્ ।।૫૦।।**

તે જ આ આદ્યપુરુષ છે, તેમની માયાથી આપણા આત્મા મોહિત થયા છે, તેથી આપણે તેમના અનુભાવને જાણી શક્યા નથી, તેથી આપણા અપરાધને તે ક્ષમા કરવાને યોગ્ય છે. ૫૦.

**સુ.**– પોતાની કોઈ પણ ક્રિયાથી પોતાના અપરાધની ક્ષમા મળી શકતી નથી, કારણ કે પોતાની ક્રિયા દુર્બલ છે, માટે તે જ અથવા ભગવાન જ કે જેનો અપરાધ આપણાથી થયો છે, તે પોતે આપણી આગળ પ્રકટ થયા છે તેથી જણાય છે કે આપણને ક્ષમા કરશે. વળી એ સર્વથી પ્રથમ છે, સર્વના પિતા છે, માટે પુત્રોનો અપરાધ જેમ પિતા સહન કરે તેમ આપણો અપરાધ એ સહન કરશે. વળી આ પુરુષ છે, અંતર્યામી છે, તેથી તેની જ પ્રેરણાથી આપણાથી અપરાધ થયો છે, માટે તે સહન કરે તે યોગ્ય જ છે. વળી તેની જ માયા વડે આપણાં ચિત્ત મોહિત થયાં છે, તેથી આપણે ભગવાનનો અનુભાવ જાણ્યો નહિ, એવા આપણે હોવાથી આપણો અપરાધ ક્ષમા કરવો એમને યોગ્ય છે. એમના પોતાના ધર્મોના વિચારથી (પ્રથમ પુરુષ અંતર્યામી, પ્રેરક વિગેરે ) પણ આપણને ક્ષમા કરવી એમને યોગ્ય છે.

**સુ.**– આ પ્રમાણે અપરાધની ક્ષમા કરાવીને જેમનો સર્વ વ્યાપાર નિવૃત્ત થયો છે, એવા તેઓ થયા (શાંત થઈ ગયા), પોતે ત્યાં જઈને લોકન્યાયથી ક્ષમા કરાવી આવ્યા નહિ તેનું કારણ 'ઈતિ' એ શ્લોકથી કહે છે:

**ઈતિ સ્વાઘમ્ અનુસ્મૃત્ય કૃષ્ણે તે કૃતહેલનાઃ ।।**
**દિદક્ષવો વ્રજમ્ અથ કંસાદ્ ભીતા ન ચાચલન્ ।।૫૧।।**

એ પ્રમાણે પોતાના પાપનું અનુસ્મરણ કરીને કૃષ્ણને વિષે તેઓએ અપરાધ કર્યો હતો એવા, અને પોતાને દર્શન કરવાની ઈચ્છા હતી, તે છતાં કંસથી બ્હીને (કંસ આ ભગવાન્ છે, એમ જાણશે તો તેમને હેરાન કરશે એમ જાણીને) વ્રજ તરફ પોતે ગયા નહિ. ૫૧.

**સુ.**– પોતાના અપરાધનું સ્મરણ કરીને, તે બ્રાહ્મણો કૃષ્ણ (વ્રજમાં) વિદ્યમાન છતાં પણ અને પોતે જે તેમની અવગણના કરી હતી છતાં પણ, દર્શન કરવાની ઈચ્છા હતી છતાં પણ, પોતાનું કાર્ય બંધ કરીને, પછી ભિન્ન પ્રકરણથી વ્રજ તરફ ગયા નહિ, તેનો હેતુ એ હતો કે તેઓ કંસથી બ્હીતા હતા. ત્યાં જઈશું તો કંસ

આ ભગવાન્ છે એમ જાણી કદાચિત્ તેમનું બુરું (અપકાર) કરશે અને તેમ થશે તો વ્રજનો આ મોટો અપરાધ આપણે કરીશું, તેથી વ્રજ તરફ ગયા નહિ.

**આ પ્રમાણે શ્રીભાગવત સુબોધિનીમાં**
**શ્રીમદ્વલ્લભદીક્ષિતવિરચિત દશમસ્કંધના વિવરણમાં**
**બીજા તામસ પ્રકરણના અવાન્તર પ્રકરણ સાધનપ્રકરણના વીર્ય નિરૂપક**
**૨૦મા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ થયું.**

# ।। અધ્યાય એકવીસ ।।

## ભગવાને ઈન્દ્રનો યજ્ઞ ભંગ કર્યો

**કારિકાર્થઃ**– એકવીશમા અધ્યાયમાં હૈતુક કર્મનું નિવારણ કરીને યુક્તિથી જ તે કર્મને વૈદિક કર્યું, તેનું નિરૂપણ કરવામાં આવે છે. કા. ૧.

**યો.**– ઈન્દ્ર વૃષ્ટિ કરે છે તેથી અન્ન ઉત્પન્ન થાય છે, તે અન્નથી આપણે જીવીએ છીએ, એ હેતુથી ઈન્દ્રનો યજ્ઞ આપણે કરવો જોઈએ એમ માનીને ઈન્દ્રયાગ પ્રતિવર્ષ ગોપ કરતા હતા, તેથી તે માત્ર હૈતુક કર્મ કહેવાય છે, અને એવા હૈતુક જ્ઞાનથી તે ઈન્દ્રયાગ થતો હોવાથી એ યજ્ઞ વિહિત અથવા વિધિના સ્પર્શવાળો કહેવાય નહિ, તેથી તેનું (હૈતુક કર્મનું) નિવારણ કરીને ગોવર્ધનયાગ કરાવ્યો. ગોવર્ધન ભગવદ્રૂપ હોવાથી અને ભગવદ્યાગનું વિધાન સર્વ વેદમાં હોવાથી તે યાગ વૈદિક થયો, તેથી એવા વૈદિક યાગમાં ભગવાને તેમને–ગોપોને યોજ્યા, તેથી જ શ્રીનંદરાયજીએ ભગવાનને ઉત્તર આપતાં પોતે જે ઈન્દ્રયાગ કરતા હતા તે હૈતુક યાગ હતો એમ કહ્યું. 'પર્જન્ય (વર્ષાદ) ભગવાન્ ઈન્દ્ર છે' વિગેરે હેતુઓ નંદરાયજીએ ભગવાનને કહ્યા હતા, અને ભગવાને પણ નંદરાયજી જે ઈન્દ્રયાગ કરતા હતા તે વેદમૂલક નહિ હોવાથી અને કેવલ યુક્તિસિદ્ધ હોવાથી તેનું (હૈતુક ઈન્દ્રયાગનું) નિવારણ કરવાને 'કર્મથી જ જંતુ ઉત્પન્ન થાય છે' વિગેરે. શ્લોકોથી યુક્તિઓ જણાવીને શ્રીગોવર્ધનયાગ કરવામાં પણ 'હે તાત ! આપણે વનવાસી છીએ, ગોવર્ધન પર્વત ઉપર નિત્ય નિવાસ કરવાવાળા છીએ' એમ કહીને ગોવર્ધનયાગમાં પણ યુક્તિઓ જ બતાવી, તેથી જ કારિકામાં કહ્યું છે કે તેને વૈદિક કરીને યુક્તિથી જ તેનું નિરૂપણ કરવામાં આવે છે.

જેમ બ્રાહ્મણોને પ્રબોધ કર્યો, તેમ દેવતાઓને પણ પોતે શ્રીકૃષ્ણે પ્રબોધ કર્યો, મોટાઓને મોટી શિક્ષા, જેમ જેમ મોટા તેમ તેમ ઉત્તરોત્તર શિક્ષા પણ મોટી કરી. કા. ૨.

**યો.**– યજ્ઞપત્નીઓ ઉપર અનુગ્રહ કરીને તેમના ભર્તાઓને બોધ કર્યો, તે જ પ્રકારે ઈન્દ્રનો માનભંગ કરીને સર્વ દેવોને શિક્ષા આપી. ૧૯,૨૦ અને ૨૧ એ ત્રણ અધ્યાયની લીલાથી જે અનુગ્રહ સિદ્ધ થયો તે હવે ત્રીજી કારિકામાં કહે છે.

સ્ત્રીઓનાં વસ્ત્ર હરી લીધાં, વિપ્રોની સતી સ્ત્રીઓનું ગ્રહણ કર્યું, અને દેવોના તો યજ્ઞનો ભાગ લઈ લીધો, આથી જે જે વસ્તુઓને વિષે તેમની–સ્ત્રીઓની, બ્રાહ્મણોની અને દેવોની–સારી પ્રતિષ્ઠા હતી તે લઈ લીધી. કા.૩.

**યો.**– કુમારિકાઓનાં વસ્ત્રગ્રહણ કરીને તેમના દ્વારા તેમનો અંગીકાર કર્યો, યજમાનોની સ્ત્રીઓનું ગ્રહણ કરીને તે સ્ત્રીઓ દ્વારા બ્રાહ્મણોનો અંગીકાર કર્યો, દેવોના હવિનું ગોવર્ધનમાં રહેલા સ્વરૂપથી ગ્રહણ કર્યું અને હવિગ્રહણ દ્વારા દેવોના ઉપર અનુગ્રહ

કર્યો.

તામસ અને રાજસોનો પોતાની ઈચ્છાથી ઉદ્ધાર કરીને સાત્ત્વિકોનો ઉદ્ધાર કરવાને આ યાગભંગ કર્યો. કા.૪.

યો.- તામસનો એટલે કુમારિકાઓનો, રાજસનો એટલે બ્રાહ્મણોનો, અને સાત્ત્વિક જીવો એટલે દેવોનો, એ પ્રકારે ત્રણ અધ્યાયમાં જે પ્રમેય સિદ્ધ થયું તે કહ્યું. બ્રાહ્મણોને રાજસ કહ્યા કારણ કે તે કર્મઠ હતા, 'કર્મશ્રદ્ધા તુ રાજસી' એ શ્રીગીતાવાક્ય તેમના રાજસત્વમાં પ્રમાણ છે.

**।। કારિકાર્થ સંપૂર્ણ ।।**

**સુ.**- આગલા અધ્યાયમાં બ્રાહ્મણો આવ્યા નહિ એમ કહ્યું, એઓ નહિ આવવાથી કોઈને એમ શંકા થાય કે ગોકુલમાં વૈદિક યજ્ઞ થતો નહિ હોય, તેના સમાધાનને માટે કૃષ્ણ પોતે ભગવાન્ હોવા છતાં અને સર્વથી નિરપેક્ષ હોવા છતાં, ત્યાં પોતાને માટે યજ્ઞ કરાવ્યો તે 'ભગવાનપિ' એ શ્લોકથી કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ ।।

**ભગવાનપિ તત્રૈવ બલદેવેન સંયુતઃ ।।**
**અપશ્યન્ નિવસન્ ગોપાન્ ઈન્દ્રયાગકૃતોદ્યમાન્ ।।૧।।**

શ્રીશુકદેવજી કહે છેઃ- કૃષ્ણે પોતે ભગવાન્ હોવા છતાં, અને બલદેવની સાથે હોવા છતાં, અને પોતે ગોકુલમાં રહેતા હતા, તે છતાં ગોપોને ઈન્દ્રયાગને માટે ઉદ્યમ કરતા જોયા. ૧.

**સુ.**- આ પ્રકારે ત્યાં ગોકુલમાં જ બલભદ્ર સહિત સારી રીતે રહેતા ભગવાને પોતે વ્રજવાસીઓનો નિરોધ પોતામાં કરતા છતાં, તેમને બીજાને માટે (ઈન્દ્રને માટે) પ્રવૃત્તિ કરતા જોયા, તે 'ગોપાનિન્દ્રયાગકૃતોદ્યમાન્' (ગોપોને ઈન્દ્રયાગને માટે પ્રયત્ન કરતા) એ પદોથી કહે છે. ઈન્દ્રયાગને માટે કરેલો છે ઉદ્યમ જેમણે એવા વૃદ્ધ ગોપોને ભગવાને જોયા. આથી શુકદેવજીને પણ આશ્ચર્ય થયું, એમ પણ જણાવ્યું, તે આ પ્રમાણેઃ-"જ્યાં શ્રવણ વિગેરેની પરંપરાથી ભગવત્સંબંધી ધર્મ રહે છે, કે શ્રવણ વિગેરે (પ્રેમથી નહિ પણ માત્ર) શાસ્ત્રમાં વિધાન કરેલું હોવાથી જ કરવામાં આવે છે, ત્યાં પણ ભગવાન સિવાય અન્યના ધર્મનો સંબંધ સંભવતો નથી, અને અહિં તો (માત્ર શ્રવણાદિ ધર્મ નહિ પણ) સ્વાભાવિક ઐશ્વર્યાદિવાળા સાક્ષાત્ ધર્મી ભગવાન્ બિરાજે છે, અને અન્યના ધર્મોને સહન ન કરી શકે એવા ભગવાનના ઐશ્વર્ય વિગેરે 'જાગરૂક' (સાવધાન) છે, તો પણ આવા વ્રજમાં પણ પોતે ભગવાને અન્ય ધર્મને જોયો, જેમ સૂર્ય જે પોતાના કિરણોથી નાશ પામે એવા અંધકારના

સમૂહને જુવે તેમ. તેથી જ ભગવાનનો નિવાસ કહ્યો અને 'અપિ' (તે છતાં પણ) એવું પદ મૂક્યું, અને 'ભગવાન્' પદ પણ મૂક્યું. વળી ક્રિયાશક્તિ જેનામાં પ્રધાન છે એવા બલદેવજી જે દેવ હોવાથી ભજનધર્મને વિરોધી જે કાંઈ હોય, તેનો નાશ કરે, તે ભગવાનની સાથે હતા તે છતાં પણ અન્યનો યાગ વ્રજવાસીઓ કરતા હતા, એ આશ્ચર્યનો હેતુ છે.'' અત્યાર સુધી ભગવાન્ નિવાસ માત્ર કરતા હતા, પણ બીજા ધર્મોનો બાધ કરતા ન હતા, તેથી આટલા કાલ સુધી યાગ એટલે ઈન્દ્રયાગ થયા કર્યો તે અભિપ્રાયથી પણ નિવાસ કહ્યો છે. ધીમેધીમે વ્રજવાસીઓનો નિરોધ કરવાની ઈચ્છા ભગવાનને હતી, એકદમ સામટો અને સર્વ પ્રકારથી નિરોધ કરવાની તેમની ઈચ્છા ન હતી. જો તેમ કરત તો લીલામાં રસ ન આવત, તેથી અત્યાર સુધી આ ઈન્દ્રયાગ બંધ કર્યો નહિ, એમ લાંબા વખત સુધી રહેવાપણું વર્તમાનકૃદંતથી ('નિવસન્' એ પદમાં) જણાય છે. જો કે વર્તમાનકૃદંતનો અર્થ માત્ર વર્તમાનપણું જણાવનારો છે, તો પણ અખંડ દંડના જેવો વાસ લાંબા સમયનો હતો, તેથી તે વાસનું વર્તમાનપણું જણાવવામાં જેમ તે વાસ લાંબા સમયનો હતો તેમ તેનું વર્તમાનપણું પણ લાંબા સમયનું હતું. એમ સૂચવાય છે. 'અપશ્યત્' એ પદમાં જે દર્શન કહ્યું તે તે વ્રજવાસીઓમાં ભગવાનની પોતાની જ્ઞાનશક્તિ સ્થાપવારૂપ દર્શન સમજવું, નહિ તો ઈન્દ્રયાગ પરંપરાથી આવેલો છે, અને યુક્તિથી બાધિત નથી અને તે ન કરવો તે અસુખની પ્રાપ્તિના હેતુરૂપ છે, એમ જાણતાં લોકની રીતિમાં નિષ્ઠા-વાળી બુદ્ધિવાળા વ્રજવાસીઓને બાલકના કહેવાથી આવા કર્મનો કેમ ત્યાગ થાય એમ તેમને જ્ઞાન થાય, અને ભગવાનના કહેવાનો અંગીકાર કરે નહિ, તેથી જ પ્રથમ આવી પોતાની જ્ઞાનશક્તિ બીજની માફક ગુપ્ત રીતે તેમનામાં સ્થાપન કરીને તે બીજને ઉદ્બોધ કરનારાં વચનો આગળ ભગવાન્ કહેશે, અને તેથી સર્વ ઈષ્ટની સિદ્ધિ થશે એમ સમજવું.

**સુ.**- આવું ઈન્દ્રયાગ જેવું કર્મ ભગવાનના ભક્તો જેમનો નિરોધ ભગવાને કરેલો છે, તેમણે કરવું જોઈએ નહિ, તેથી તે કર્મનો નિષેધ કરવાને તે મતને પૂર્વપક્ષ કરીને સિદ્ધાંત કહેવાને માટે પ્રસ્તાવના 'તદભિજ્ઞઃ' એ શ્લોકથી કહે છે :

**તદભિજ્ઞોપિ ભગવાન્ સર્વાત્મા સર્વદર્શનઃ ।।**
**પ્રશ્રયાવનતોપૃચ્છદ્ વૃદ્ધાન્ નન્દપુરોગમાન્ ।।૨।।**

તે સર્વ પ્રકારે જાણવા છતાં, ભગવાન્ પોતે સર્વના અંતરાત્મા હોવા છતાં, સર્વ વસ્તુ પોતાની દષ્ટિની અંદર હોવા છતાં, નંદરાયજી જેમાં મુખ્ય છે એવા વૃદ્ધોને વિનયથી નમન કરીને ભગવાને પૂછ્યું. ૨.

**સુ.**– ભગવાન્ તો સર્વજ્ઞ છે, (જો સર્વજ્ઞ છે જેથી એ વાત છાની રાખીશું તો પણ) લોકન્યાયથી પણ આગલે વર્ષે તે યજ્ઞ કરેલો હોવાથી તે સારી રીતે જાણતા હતા. પોતે સર્વના અંતરાત્મા હોવાથી અને સર્વજ્ઞાનશક્તિવાળા હોવાથી અને સર્વ વસ્તુનું દર્શન પોતાને હોવા છતાં એટલે આવા મહાન્ ગુણો હોવા છતાં વિનયથી પ્રણામ કરતા, જાણે કાંઈ જાણતા નહિ હોય તેવા થઈને, નંદ જેમાં મુખ્ય છે, એવા વૃદ્ધોને ભગવાને પૂછ્યું.

**સુ.**– 'કથ્યતામ્' એ શ્લોકથી પ્રશ્ન જ કહે છેઃ

||શ્રીભગવાનુવાચ ||

**કથ્યતાં મે પિતઃ કોયં સમ્ભ્રમો વ ઉપાગતઃ ||**
**કિં ફલં કસ્ય વોદ્દેશઃ કેન વા સાધ્યતે મખઃ ||૩||**

શ્રીભગવાન્ કહે છેઃ– હે પિતા ! મને કહો, આ મોટો સંભ્રમ તમને શું આવી પડ્યો છે, એનું ફલ શું છે, કયા દેવતાના ઉદ્દેશથી એ કરો છો, કયા પદાર્થોથી આ યજ્ઞ સિદ્ધ થાય છે? ૩.

**સુ.**– 'પિતઃ' એ સંબોધન ત્રણે ઉત્તરના જ્ઞાનને માટે છે, પિતાની પાસે પુત્રે શિક્ષણ લેવું જોઈએ, તેથી ભગવાન્ કહે છે કે મને કહો કે આ સંભ્રમ તમને શું આવી પડ્યો છે, જેમાં તમને સારી રીતે ભ્રમ થયો છે, એવો આ શું પદાર્થ આવી પડ્યો છે, અથવા આ કેવા ઉત્સવનો પ્રયત્ન ચાલી રહ્યો છે? જો એ અલૌકિક હોય તો તેનું વિધાન કહેવું જોઈએ તે કહે છે કે એનું શું ફલ છે? પ્રથમ તો કર્મનું ફલ જાણવું જોઈએ, નહિ તો તે કર્મમાં પ્રવૃત્તિ જ ન થાય. 'પ્રયોજન વિના મંદ બુદ્ધિવાળો પણ કોઈ તેમાં પ્રવૃત્તિ કરતો નથી,' એવો ન્યાય છે, (તેથી પ્રથમ તેનું ફલ જાણવું જોઈએ). વળી કોને ઉદ્દેશીને આ કર્મ પ્રવૃત્ત થએલું છે? એટલે એની દેવતા કોણ છે, અથવા કયા દ્રવ્યથી એ સિદ્ધ થાય છે, સર્વ કર્મમાં દ્રવ્ય, દેવતા અને ફલ કહેવાં જોઈએ. આ સંભ્રમ બહુ મોટો છે, તેથી ઘણું ખરું આ યજ્ઞ બહુ મોટો હોવો જોઈએ. (એવો મોટો હોવા છતાં) વેદમાં તો એ અપ્રસિદ્ધ છે, તેથી તેનો ઉપહાસ પણ સૂચવ્યો.

**સુ.**– આ સર્વ વિશેષપણે કહેવું જોઈએ, એમ કહેતાં ફરીથી 'એતદ્ બ્રૂહિ' એ શ્લોકથી કહે છેઃ

**એતદ્ બ્રૂહિ મહાન્ કામો મહ્યં શુશ્રૂષવે પિતઃ ||**
**ન હિ ગોપ્યં હિ સાધૂનાં કૃત્યં સર્વાત્મનામિહ ||૪||**

હે પિતા, સાંભળવાની ઈચ્છાવાળા મને આ કહો, મને આને વિષે મોટો

અભિલાષ છે. અહિંઆં કંઈ ગુપ્ત રાખવા જેવું જણાતું નથી, વળી સાધુ પુરુષોને તો કાંઈ ગુપ્ત રાખવાનું હોતું જ નથી, કેમ કે તેમને કાંઈ કરવાનું જ હોતું નથી, કેમ કે તેઓ તો સર્વના હૃદયરૂપ છે. ૪.

**સુ.**– એ કહેવાથી શું ફલ થાય? તો કહે છે કે મને મોટો કામ છે, આ મારો મોટો અભિલષિત પદાર્થ છે, અથવા એ વિષયની મને ઈચ્છા છે. માટે હું જે સાંભળવાની ઈચ્છાવાળો છું તેને કહો. પોતાનું અજ્ઞાનપણું જણાવવાને ફરીથી 'પિતઃ' (પિતા) એમ સંબોધન કર્યું છે, બાલકો પિતાને બહુ પ્રકારે સંબોધન કરે છે.

શંકા– આ વાત ગુપ્ત રાખવા જેવી છે. બાલકોને કહેવા જેવી નથી.

સમાધાન– આ કાંઈ ગોપ્ય જણાતું નથી, કારણ કે સંભ્રમ તો મોટો જોવામાં આવે છે, વળી સાધુ પુરુષોને કાંઈ પણ ગુપ્ત રાખવા જેવું હોતું નથી, જો હોય તો તેઓ સાધુ જ કહેવાય નહિ, તે જણાવવાને શ્લોકમાં બે 'હિ' પદો મૂક્યાં છે. વળી સાધુઓને કાંઈ કરવાપણું જ હોતું નથી, તો પછી ગુપ્ત રાખવાનું કૃત્ય તો શું જ હોય? સાધુઓ એટલે અહિં શાસ્ત્રમાં કહેલા કૃપાલુ (જેઓ કોઈનો દ્રોહ કરતા નથી) વિગેરે ધર્મવાળા સમજવા. તેમને કાંઈ પણ ગુપ્ત કાર્ય હોતું નથી, તેનો હેતુ એ છે કે તેઓ સર્વના આત્મા એટલે હૃદયરૂપ છે, તેઓ તો 'સર્વહિતેરતાઃ' એટલે સર્વના કલ્યાણમાં તત્પર હોય છે, તેમાં પણ અહિં આ શ્લોકમાં તેઓનું કૃત્ય કાંઈ ગોપ્ય નથી, આથી એમ સૂચવ્યું કે ભગવત્શાસ્ત્ર કદાચિત્ ન પણ કહેવાય, પણ લૌકિક કહેવામાં કાંઈ પ્રતિબંધ જણાતો નથી.

**ટિ.**– 'એતદ્ બ્રૂહિ મહાન્ કામઃ । શુશ્રૂષવે' એટલે સાંભળવાની ઈચ્છાવાળાને એમ આગળ કહ્યું છે, તેથી 'શુશ્રૂષા' એ પદમાં 'સન્' (વર્તમાન) પ્રત્યયથી ઈચ્છા કહેવાઈ જ ગઈ, તેથી 'મહાન્ કામઃ' એમાં કામ પદનો બીજો અર્થ કહે છે, કે એ મને અભિલષિત અર્થ છે. જો કે બીજાના દ્વારા કહેવામાં આવે તો પણ સાંભળવાની ઈચ્છાની નિવૃત્તિ સંભવે છે, તો પણ હું જે સાંભળવાથી ઈચ્છાવાળો છું, તેને તમે સાક્ષાત્ કહો, એ મારો મોટો અભિલાષ છે, એમ ઉપર ઉપરથી અર્થ છે, ખરી રીતે તો યાગનો ભંગ કરવો એ જ અર્થ ભગવાનના મનથી મોટો છે, એ અહિં કહેવાનું તાત્પર્ય છે, તો પણ અન્ય ભજનના નિવારણપૂર્વક પોતાનું ભજન કરાવવું એ જ પ્રભુનું તાત્પર્ય છે, તેથી બીજો અર્થ કહે છે કે તે વિષયની મને ઈચ્છા છે, એટલે મારો યાગ કરાવવો એવી મારી ઈચ્છા છે.

**સુ.**– નવ વસ્તુઓ સર્વથા ગુપ્ત રાખવી જોઈએ, એવું શાસ્ત્રમાં હોવાથી કાંઈ પણ ગુપ્ત નહિ રાખવું એમ કેમ કહો છો, એવી શંકા થાય તો તેનો ઉત્તર 'અસ્તસ્વપરદૃષ્ટીનામ્' એ શ્લોકથી કહે છેઃ

**અસ્તસ્વપરદષ્ટીનામમિત્રોદાસ્તવિદ્વિષામ્ ।।**
**ઉદાસીનોરિવદ્ વર્જ્ય આત્મવત્ સુહૃદુચ્યતે ।।૫।।**

જેમને મારો અને પારકો એવી દષ્ટિ મટી ગઈ છે, અને જેમને મિત્ર, ઉદાસીન અને શત્રુ રહ્યા નથી, તેમણે ઉદાસીનનો શત્રુની માફક ત્યાગ કરવો, અને મિત્રને આત્મવત્ ગણવો એમ કહ્યું છે. ૫.

**સુ.**– ભેદદષ્ટિ એટલે આ મારું અને આ પારકું, એવી ભેદદષ્ટિ જેમની જતી રહેલી છે તે. પારકું એવી બુદ્ધિ હોય તો જ અમુક ગુપ્ત રાખવું એવું શાસ્ત્ર હોઈ શકે, પણ પારકાનો જ અભાવ હોય તો તેવું ગોપ્યશાસ્ત્ર હોઈ શકે નહિ, વળી જેમને મિત્ર, ઉદાસીન કે શત્રુ નથી એવા, તેમને વિષે બુદ્ધિનો ભેદ નહિ હોવાથી, તે ભેદથી થએલા મિત્ર, ઉદાસીન અને શત્રુઓ હોતા નથી. એવો ઉપદેશ પણ કર્યો કે સર્વત્ર સરખાપણાની બુદ્ધિ રાખવી. હવે જો કદાચ એમ કહો કે આવા સરખાપણાના જ્ઞાનનો અધિકાર નથી, તો તે પક્ષમાં પણ કહે છે કે આ તો ત્યાજ્ય એટલે છોડવા યોગ્ય, અને આ તો અત્યાજ્ય એટલે નહિ છોડવા યોગ્ય, એવી માત્ર બે ગતિ જ બુદ્ધિની કરવી. જો ત્રણ ગતિ કરીએ તો બુદ્ધિ તદ્દન નષ્ટ થઈ જાય, અને સગુણ પણ થાય, માટે બે જ કરવી, એ પ્રકારે ચારના બે ભેદ કેમ કરવા તે કહે છે. આત્મા, મિત્ર, ઉદાસીન અને શત્રુ એમ ચાર પ્રકાર છે, તેમાં આત્મા અને મિત્રને એક ગણવો અને ઉદાસીન અને શત્રુને એક ગણવો, તેથી કાર્યમાં ઉદાસીનને શત્રુની માફક દૂર કરવો, અને મિત્રને આત્માની માફક ગણવો. 'ઉચ્યતે' એટલે શાસ્ત્રમાં કહ્યું છે. એ કહેવાથી પ્રમાણ જણાવ્યું.

**લે.**– 'દ્વયી ગતિઃ' પછી 'બુદ્ધેઃ' એમ અધ્યાહાર સમજવું. બુદ્ધિની બે ગતિ. 'ત્રિવિધગતૌ', ત્રણ પ્રકારની ગતિ જો કરીએ તો સંશયરૂપ થવાથી તે મનરૂપ થાય, અને બુદ્ધિ તો ચિત્તમાં સ્થિતિરૂપ છે, જો બુદ્ધિ માત્ર હોય તો કેટલેક કાલે તેનો નાશ થાય, અને મનરૂપ થાય તો તો તે જ ક્ષણે નાશ થાય, તેથી બુદ્ધિ અતિ નષ્ટ થઈ જાય. 'સગુણાપિ', જ્યારે બુદ્ધિ ચિદ્રૂપ હોય ત્યારે તે નિર્ગુણ છે. બે ગતિમાં જ્યારે નિશ્ચયાત્મક થાય, ત્યારે તેનું ચિત્તત્વ પણ થાય. જ્યારે ત્રીજી ગતિ થાય, ત્યારે તે મનરૂપ થવાથી ચિત્તત્વની પણ સંભાવના રહેતી નથી, તેથી તે સગુણ થાય છે, અને સગુણ થવાની સાથે તેનો નાશ પણ થાય, તે જણાવવાને માટે શ્રીસુબોધિનીજીમાં 'સગુણાપિ'માં 'અપિ' શબ્દ મૂક્યો છે.

**સુ.**– (ઉપલા શ્લોકમાં કહ્યા પ્રમાણે એમ સિદ્ધ થયું કે ગુપ્ત ન રાખતાં કહેવું જોઈએ, પણ જાણતા હોય તો કહેવાય), ન જાણતા હોય તો કેવી રીતે કહેવાય? એનો ઉત્તર 'જ્ઞાત્વાજ્ઞાત્વા' એ શ્લોકથી કહે છેઃ

**જ્ઞાત્વાજ્ઞાત્વા ચ કર્માણિ જનોયમનુતિષ્ઠતિ ।।**
**વિદુષઃ કર્મસિદ્ધિઃ સ્યાત્ તથા નાવિદુષો ભવેત્ ।।૬।।**

આ મનુષ્ય જ્ઞાનથી અને અજ્ઞાનથી કર્મો કરે છે. વિદ્વાનને ફલ પ્રાપ્ત થાય છે, તેમ અવિદ્વાનને થતું નથી. (તેને અલ્પ ફલ જ થાય છે). ૬.

**સુ.**– જે બાબત જાણીને મનુષ્ય કરે છે, અને અજ્ઞાનથી કરે છે, તેમાં પણ કર્મ જે વૈદિક છે, તેમાં જ્ઞાન આવશ્યક છે. કર્મોનું જ્ઞાન પ્રાપ્ત કરીને, તે સંબંધી પદાર્થનું અનુષ્ઠાન કરવું, જ્ઞાન વિના કરવું નહિ. તેથી શું ફલ થાય તેનો ઉત્તર આપે છે, કે વિદ્વાનને કર્મસિદ્ધિ થાય છે. જેને જ્ઞાન હોય છે તેને જ કર્મનું ફલ થાય છે. શ્રુતિમાં કહ્યું છે કે 'જે વિદ્યા વડે કરે છે, શ્રદ્ધા વડે કરે છે, અથવા ગુરુ પાસે જ્ઞાન પ્રાપ્ત કરીને કરે છે, તે જ વધારે વીર્યવાળું થાય છે.' (છાં.ઉ. ૧।૧।૧૦). જે 'વીર્યવત્તરમ્' એટલે વધારે વીર્યવાળું હોય તે જ ફલ ઉત્પન્ન કરી શકે છે અથવા તો જ્ઞાનથી કર્મ કર્યું હોય તેનું સંપૂર્ણ ફલ થાય છે, અને જ્ઞાન વિના પણ જે કર્મ કર્યું હોય તેનું ફલ તો અલ્પ થાય છે, તે અવિદ્વાનને તેવું સંપૂર્ણ ફલ થતું નથી.

**સુ.**– પ્રથમ તો આ તમારે કહેવું જોઈએ કે આ કર્મ વૈદિક છે, સ્મૃતિ અનુસાર છે, કે લૌકિક છે. જો આમાંનું કોઈ પણ નહિ હોય તો એ કર્તવ્ય જ નથી, એ આશયથી 'તત્ર' એ શ્લોકથી કહે છેઃ

**તત્ર તાવત્ ક્રિયાયોગો ભવતાં કિં વિચારિતઃ ।।**
**અથ વા લૌકિકસ્તન્ મે પૃચ્છતઃ સાધુ ભણ્યતામ્ ।।૭।।**

ત્યાં પ્રથમ તો આ તમે વિચારેલો ક્રિયાયોગ શું વૈદિક છે, સ્માર્ત છે કે લૌકિક છે? તે હું જે પુછું છું, તેને સારી રીતે કહો. ૭.

**સુ.**– તેમાં બીજું કાંઈ કહો તેના કરતાં પ્રથમ તો આ જ કહો, કે આ ક્રિયાયોગ જે તમે વિચારેલો છે, તે વૈદિક છે કે સ્માર્ત છે, અથવા લૌકિક એટલે કુલધર્મ કે દેશધર્મના જેવો છે. આ ત્રણની બાબતમાં નિર્ણયરૂપ હું જે પુછું છું તે સારી રીતે કહો, એટલે યુક્તિપૂર્વક અને પ્રમાણપૂર્વક કહો.

**સુ.**– એ પ્રકારે ભગવાને પુછવાથી જે પ્રકારના જ્ઞાનથી ઈન્દ્રયાગ કરતા હતા, તે પ્રકાર 'પર્જન્ય'થી લઈને ચાર શ્લોકથી કહે છેઃ

**કારિકાર્થ**– હૈતુક (એટલે સકામ) શાસ્ત્રનો આશ્રય લઈને ભૌતિક ઈન્દ્રને માટે લોકરીતિએ પરંપરા પ્રાપ્ત કર્મ ભ્રમથી કરે છે, તે નિરૂપણ કરે છે. કા.૧.

**સુ.**– હેતુશાસ્ત્ર એનું મૂલ હોવાથી પ્રથમ હેતુ 'પર્જન્ય' એ શ્લોકથી કહે છેઃ

।।નંદ ઉવાચ ।।

**પર્જન્યો ભગવાનિન્દ્રો મેઘાસ્તસ્યાત્મમૂર્તયઃ ।।**
**તેભિવર્ષન્તિ ભૂતાનાં પ્રાણનં જીવનં પયઃ ।।૮।।**

નંદ કહે છેઃ– પર્જન્ય એટલે વૃષ્ટિ કરનાર દેવ ઈન્દ્ર તે ભગવાન જ છે, મેઘો તેના શરીરના અવયવો છે, તેઓ પ્રાણીમાત્રને પ્રાણ એટલે તુષ્ટિ, અને પુષ્ટિ કરનાર અને જીવન આપનાર જલની સારી રીતે વર્ષા કરે છે. ૮.

**સુ.**– 'પર્જન્યઃ' એટલે વૃષ્ટિ કરનાર દેવ. તે ભગવાન જ છે. જો ભગવાન્ ન હોય તો તે પર્જન્યના રેતસ્‌થી અન્ન વિગેરે થાય છે, તેથી (તે જગતકર્તા કહેવાય), ભગવાન્ જગતકર્તા કહેવાય નહિ, માટે પર્જન્ય દેવ ભગવાન જ છે, અને મેઘો તેના શરીરની મૂર્તિઓ એટલે અવયવો છે, અને તેઓ જ સર્વે ભૂત પ્રાણીઓના પ્રાણદાયક એટલે તુષ્ટિ અને પુષ્ટિ કરનાર અને જીવન આપનાર જલની વર્ષા કરે છે, તેથી સર્વ જગતની રક્ષા કરનાર પર્જન્ય દેવ જ છે. જલ અને અન્ન વડે જ સર્વ પ્રાણીઓ જીવે છે, તેથી સર્વને ઉપકાર કરનાર અને પરમ ઐશ્વર્યને પ્રાપ્ત થએલા ઈન્દ્રની જ સર્વેએ ઉપાસના કરવી જોઈએ.

**ટિ.**– 'અન્યથા તદ્રેતસ' વિગેરે. ભગવાન્ વિના બીજો કોઈ એક આખા જગતની ઉત્પત્તિ અને સ્થિતિના હેતુરૂપ થવો સંભવતો નથી, તેથી અહિં પર્જન્યને ભગવાન્ કહ્યા છે.

**સુ.**– તેથી તેનું ભજન બધા કરે છે, તે 'તત્ તાત' એ શ્લોકથી કહે છેઃ

**તત્ તાત વયમન્યે ચ વાર્મુચાં પતિમીશ્વરમ્ ।।**
**દ્રવ્યૈસ્તદ્રેતસા સિદ્ધૈર્યજન્તિ ક્રતુભિર્નરાઃ ।।૯।।**

તેથી હે બાલક ! અમે (વૈશ્યો) અને બીજા (ક્ષત્રિયો અને બ્રાહ્મણો) મેઘોના પતિ ઈન્દ્ર જે ઈશ્વર છે, તેનું તેના રેતસ્(વીર્ય)રૂપ જલથી સિદ્ધ થએલા પદાર્થો વડે સર્વે મનુષ્યો વિવિધ પ્રકારના યજ્ઞો વડે યજન અથવા પૂજન કરે છે. ૯.

**સુ.**– 'તાત' એટલે બાલક, એ સંબોધન સ્નેહથી કરેલું છે, છેતરતા નથી તે સૂચવવાને માટે. અમે એટલે વૈશ્યો અને બીજા એટલે ક્ષત્રિયો અને બ્રાહ્મણો, તેમાં વળી જે કોઈ અન્ન ઉપર જીવન ગાળનાર છે, તે સર્વે મેઘોના પતિ ઈન્દ્ર કે જે પોષક છે, તે ઈશ્વરનું, તેના રેતસ્‌થી જ એટલે તેના બીજરૂપ જલથી સિદ્ધ થએલા દાણા વિગેરેથી નાના પ્રકારના યજ્ઞો કરીને, સર્વે મનુષ્યો યજન કરે છે. કેમ કે શાસ્ત્રમાં જે અધિકાર આપ્યો છે તે મનુષ્યોને માટે છે.

**સુ.**– પછી યજ્ઞમાં બાકી રહેલા અન્નથી ધર્મ, અર્થ અને કામની સિદ્ધિને માટે મનુષ્યો જીવે છે, તે 'તચ્છેષેણ' એ શ્લોકથી કહે છેઃ

**તચ્છેષેણોપજીવન્તિ ત્રિવર્ગફલહેતવે ।।**
**પુંસઃ પુરુષકારાણાં પર્જન્યઃ ફલભાવનઃ ।।૧૦।।**

અને મનુષ્યો તેના શેષથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થના ફલના હેતુને માટે તેના ઉપર આધાર રાખે છે, કેમ કે પુરુષના પુરુષપ્રયત્નોનું ફલ આપનાર પર્જન્ય છે. ૧૦.

**સુ**.– 'તત્ શેષ' એટલે ઈન્દ્રનું શેષ અથવા યજ્ઞનું શેષ. બાકી રહેલા અન્નથી અથવા તો ઈન્દ્રનું શેષપણું અથવા દાસપણું પ્રાપ્ત કરીને જીવે છે, તેના બાકી રહેલા અન્નથી પોતાનું જીવન ચલાવે છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થના ફલનો હેતુ જીવન છે, અને જીવનને માટે અન્ન છે. અથવા તેનું (ઈન્દ્રનું) દાસ્ય પ્રાપ્ત કરીને જીવે છે. શંકા– પોતાના પુરુષાર્થથી અન્ન ઉત્પન્ન કરીને, પોતાની મેળે જ જીવે છે, એમાં ઈન્દ્ર શું કરે છે? તેના સમાધાનમાં કહે છે કે પુરુષના જે પુરુષપ્રયત્ન છે, ખેતી વિગેરે વ્યાપારો છે, તે સર્વ પુરુષાર્થનું ફલ આપનારા પર્જન્ય જ છે, જો પર્જન્ય સહાય ન કરે તો વર્ષા થાય નહિ, અને પુરુષપ્રયત્ન વ્યર્થ જ જાય, માટે પુરુષમાં પોતામાં સામર્થ્ય હોવા છતાં ઈન્દ્ર ઉપર જ જીવનનો આધાર રાખવો પડે છે.

**સુ**.– વળી પરંપરાથી પ્રાપ્ત થએલો આ ધર્મ છે, તેથી કરવો જોઈએ, ન કરે તો પ્રત્યક્ષ અનિષ્ટ જરુર થાય તે 'ય એવમ્' એ શ્લોકથી કહે છેઃ

**ય એવં વિસૃજેદ્ ધર્મં પારમ્પર્યાગતં નરઃ ।।**
**કામાલ્ લોભાદ્ ભયાદ્ દ્વેષાત્ સ વૈ નાપ્નોતિ શોભનમ્ ।।૧૧।।**

જે પુરુષ કામને લીધે, લોભને લીધે, ભયને લીધે અને દ્વેષને લીધે આ પ્રકારે પરંપરાથી પ્રાપ્ત ધર્મનો ત્યાગ કરે, તે શુભ ફલ પ્રાપ્ત કરતો નથી એ નિશ્ચય છે.૧૧.

**સુ**.– જેમ ગામની દેવીઓની જો પૂજા ન કરવામાં આવે તો તરત જ તેઓ ગામને બાળી મૂકે, તેથી તેમની પૂજા કરવી જોઈએ, કેમ કે સ્મૃતિમાં કહ્યું છે કે 'ચાલતી આવેલી સેવાનો પરિત્યાગ કરવો એ દ્વેષનું મૂલ છે,' તે જ પ્રકારે પરંપરાથી ચાલતો આવેલો અને ધર્મથી કરાતો યજ્ઞ જે પુરુષ પોતે મનુષ્ય થઈને ત્યાગ કરે, તે શુભ ફલને પ્રાપ્ત કરતો નથી. ત્યાગ કરવામાં ચાર હેતુ હોય છે, કામ, ક્રોધ, લોભ અને અન્યના ભયથી થતો પ્રતિબંધ, તે ચારે 'કામ' વિગેરે પદોથી કહે છે. કામને લીધે યજ્ઞ કરનારને સ્વાસ્થ્ય હોતું નથી, કેમ કે જેટલો કાલ યાગ કરવામાં રોકાવો જોઈએ તેટલો કાલ ભોગમાં જ ચાલ્યો જાય છે, તેથી કાલના સંકોચને લીધે યજ્ઞ ન કરે તે કામના હેતુને લીધે છે. લોભ એ દ્રવ્યમાં રહેલો દોષ છે, દ્રવ્ય મારા સ્વાર્થને માટે

બચાવવું એ હેતુથી યજ્ઞ ન કરવો તે લોભ કહેવાય. ભય બીજાનો હોય અથવા ક્લેશનો ભય હોય, દ્વેષ એ દેવતા વિષયક હોય અથવા પ્રમાણ વિષયક હોય, એ પ્રમાણે ચાર હેતુઓને લીધે ભજન ન કરવામાં આવે તો અનિષ્ટ ફલ જ થાય, અથવા શુભ ફલની પ્રાપ્તિ ન થાય, અથવા શુભ ફલમાં પ્રતિબંધ થાય. એ પ્રકારે હેતુવાદનો આશ્રય કરીને લૌકિક, સ્માર્ત અને વૈદિક એ ત્રણે પ્રકારના સંબંધરહિત કર્મ પણ કરવું જોઈએ એમ નિરૂપણ કર્યું.

**સુ.**– ભગવાન્ જે સર્વ ધર્મના રક્ષક છે અને પાખંડ ધર્મને દૂર કરનાર છે, તેમણે આ ત્રણે પ્રકારના સંબંધ વિનાના અને માત્ર હેતુવાદથી થતા કર્મમાં રહેલો દોષ જણાવ્યો તે 'વચો નિશમ્ય' એ શ્લોકથી કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ ।।

**વચો નિશમ્ય નન્દસ્ય તથાન્યેષાં વ્રજૌકસામ્ ।।**
**ઈન્દ્રાય મન્યું જનયન્ પિતરં પ્રાહ કેશવઃ ।।૧૨।।**

શ્રીશુકદેવજી કહે છેઃ– નંદનું તથા બીજા વ્રજવાસીઓનું વચન સાંભળીને ઈન્દ્રને ક્રોધ ઉત્પન્ન કરતા કેશવ ભગવાને પિતાને નીચે પ્રમાણે કહ્યું. ૧૨.

**સુ.**– નંદનું વચન શ્રવણ કરીને તથા બીજાઓનું વચન શ્રવણ કરીને અને તેને સંમતિ આપનાર પુરોહિતોનું વચન શ્રવણ કરીને પણ, વ્રજવાસીઓ સર્વે મૂર્ખા જ છે એમ વિચાર કરીને, અને આધિભૌતિક ઈન્દ્ર મફતમાં ખાઈ જાય છે, એમ સમજીને, અને ધર્મ તો (અદષ્ટ ફલ આપનાર હોય), દષ્ટ ફલ આપનાર હોય જ નહિ, તેથી ભગવાન્ ઈન્દ્રને ક્રોધ ઉત્પન્ન કરતા પિતા નંદને (નીચે પ્રમાણે) કહેવા લાગ્યા. જો એમ શંકા થાય કે ભગવાને ઈન્દ્રદેવની સાથે દુશ્મનાવટ શા માટે કરી, એમ દેવદ્રોહ કરવાથી ભગવાનને અનિષ્ટ ન થાય? તેનો ઉત્તર આપવા કહે છે, કે ભગવાન્ તો કેશવ છે. 'ક' એટલે બ્રહ્મા, 'ઈશ' એટલે મહાદેવ, એ બંનેને 'વ' એટલે મોક્ષ આપનાર છે, તો પછી આ ક્ષુદ્ર બિચારો ઈન્દ્ર ભગવાનનું શું અનિષ્ટ કરવાનો હતો? આવા કર્મથી, પાખંડ ધર્મોથી બ્રહ્માદિનું દેવપણું જ જતું રહે, તેની નિવૃત્તિ કરવાને માટે ભગવાને આ પ્રમાણે કર્યું.

યો.– 'ભૌતિક ઈન્દ્ર', (આધિભૌતિક ઈન્દ્ર) વિગેરે, વૈદિક રીતિએ નહિ કરાતા, માત્ર યુક્તિથી કલ્પિત કર્મમાં આધિદૈવિક ઈન્દ્ર, વેદોક્ત કર્મથી જ જેનો યજ્ઞ સિદ્ધ થાય છે તે, બલિ ગ્રહણ કરતા નથી, અને આ અવૈદિક રીતે યજ્ઞ પણ શ્રદ્ધાથી કરાએલો હોવાથી તેનું ગ્રહણ અવશ્ય કોઈથી થવું જ જોઈએ, તેથી આધિભૌતિક રૂપથી ઈન્દ્ર આ યજ્ઞનો ભોગ કરે છે, તેથી અહિં આધિભૌતિક ઈન્દ્ર કહ્યો.

**સુ.**– પ્રથમ તો ભગવાન્ હેતુપક્ષ 'કર્મણા' એ શ્લોકથી દૂર કરે છે. હેતુવાદ જ્યાં સુધી હૃદયમાં ઘર કરી રહ્યો હોય, ત્યાં સુધી સાક્ષાત્ બ્રહ્મવાદ કહેવા યોગ્ય નથી. તેથી તે વ્રજવાસીઓની હેતુવાદમાં નિષ્ઠા દૂર કરાવવાને માટે ભગવાનના મનમાં એમ આવ્યું કે કાલ, કર્મ અને સ્વભાવવાદ તેમને કહેવા જોઈએ, તેમાં પણ કાલવાદ ગૂઢ હોવાથી એકદમ હૃદયમાં પ્રવેશ કરી શકતો નથી, કેમ કે જ્યોતિષ્શાસ્ત્ર જાણનારાઓ જ તેમાં નિપુણ હોય છે, અને કર્મ અને સ્વભાવવાદ યુક્તિમાં અને ઉત્પત્તિમાં ઉપયોગમાં આવી શકે એવા છે, તેથી યુક્તિ જણાવવાને માટે પહેલાં તો ભગવાન્ કર્મવાદ 'કર્મણા જાયતે' એ શ્લોકથી કહે છેઃ

||શ્રીભગવાનુવાચ ||

**કર્મણા જાયતે જન્તુઃ કર્મણૈવ પ્રલીયતે ||**
**સુખં દુઃખં ભયં ક્ષેમં કર્મણૈવાભિપદ્યતે ||૧૩||**

શ્રીભગવાન્ કહે છેઃ– પ્રાણી કર્મથી ઉત્પન્ન થાય છે, કર્મથી જ લય થાય છે. સુખ, દુઃખ, ભય અને કલ્યાણ કર્મથી જ પ્રાપ્ત કરે છે. ૧૩.

**સુ.**– જેવું શુભ કે અશુભ કર્મ હોય છે, તે વડે કરીને જ પ્રાણી દેવ, પક્ષી કે મનુષ્ય થાય છે. જેથી સર્વ ઉત્પન્ન થાય છે, જેને વિષે સ્થિતિ કરીને રહેલું છે, અને જે વડે સર્વ લય થાય છે, તે જ ઉપાસનાને યોગ્ય છે. પ્રાણી કર્મથી જ ઉત્પન્ન થાય છે, કર્મથી જ મરે છે, એટલે શુભ અને અશુભ ભોગની સમાપ્તિ થવાથી કર્મ વિપરીત થવાથી મરે છે અને સ્થિતિમાં કર્મ જ હેતુ છે, તે કહે છે કે જીવતો પ્રાણી કદાચિત્ સુખ પ્રાપ્ત કરે છે, કદાચિત્ દુઃખ પ્રાપ્ત કરે છે, કદાચિત્ ભય પ્રાપ્ત કરે છે, અને કદાચિત્ કલ્યાણ પ્રાપ્ત કરે છે, આ સર્વ જો કર્મ ન હોય તો ઘટતું નથી.

**લે.**– 'ઉત્પન્નઃ' વિગેરે, 'વક્તવ્યત્વેન ભગવન્ મનસિ' એટલું અધ્યાહાર સમજવું. વક્તવ્ય તરીકે ભગવાનના મનમાં ઉત્પન્ન થયા. 'ઉપપન્નાઃ'ને બદલે લેખકાર 'ઉત્પન્નાઃ' પાઠ લે છે.

સુ.– કર્મ કારણ કેમ હોઈ શકે? કર્મ તો જડ છે, ચેતન પ્રાણીને ચેતન હોય તે જ ફલ આપી શકે, કેમ કે સ્વામી અને સેવકની વચ્ચે આપણે તે પ્રમાણે સંબંધ જોઈ શકીએ છીએ, તેથી ઈશ્વરવાદ જ સત્ય થઈ શકે, કર્મવાદ સત્ય થઈ શકે નહિ, એવી શંકા થાય તો તેનો ઉત્તર 'અસ્તિ ચેત્' એ શ્લોકથી કહે છેઃ

**અસ્તિ ચેદીશ્વરઃ કશ્ચિત્ ફલરૂપ્યન્યકર્મણામ્ ||**
**કર્તારં ભજતે સોપિ ન હ્યકર્તુઃ પ્રભુર્હિ સઃ ||૧૪||**

પારકા એટલે જીવના કર્મોનું ફલ આપનાર કોઈ ઈશ્વર હોય, તો પણ તે કર્મ

કરનારને જ ફલ આપે છે, જે કર્મ કરતો નથી, તેનો પ્રભુ તે ઈશ્વર નથી. ૧૪.

**સુ.**- પ્રથમ તો ઈશ્વર જ નથી, કેમ કે તેનું કાંઈ પણ પ્રયોજન નથી, જે (ઉપર કહેલાં) કર્મસિદ્ધાંતને જાણતો નથી એવો મૂર્ખ છે, તે જ ઈશ્વરને માને છે. વેદ તો કર્મનો બોધ કરે છે, કે ફલના સાધન તરીકે કર્મ કરવામાં આવે એટલે ફલ થશે. જેમ ભોજન કરે એટલે તૃપ્તિ થાય, જેવું બીજ વાવ્યું તેવું ફલ થાય, જો શયન કરે તો નિદ્રા આવે, તેમ જ અલૌકિક બાબતમાં પણ કર્મથી જ ફલ થાય (એમાં ઈશ્વરની શી જરુર?). એમ ન કહેવું કે કર્મનો કોઈ અધિષ્ઠાતા ન હોય તો તેવું અધિષ્ઠાતા વિનાનું કર્મ ફલ કેમ સિદ્ધ કરી આપે? કેમ કે જીવ પોતે ચેતન છે તે જ કર્મનો અધિષ્ઠાતા છે, વળી એમ પણ ન કહેવું કે કર્મ અનિત્ય છે, અને એવું અનિત્ય કર્મ ફલ કેમ સિદ્ધ કરી શકે? કેમ કે કર્મ નિત્ય છે, અને તે જ સમયે સૂક્ષ્મ સ્વર્ગ (સારા કર્મનું સારું ફલ) ઉત્પન્ન કરી શકે છે, જેમ બીજમાંથી ગર્ભાધાન થાય છે તેમ, અથવા અદૃષ્ટ ઉત્પન્ન કરીને તેના દ્વારા ફલ ઉત્પન્ન કરી શકે છે. બીજી કોઈ પણ રીતે અયુક્ત નહિ હોવાથી આ જે અદૃષ્ટ ઉત્પન્ન થાય છે, તે એવું જ કલ્પવું કે જે અદૃષ્ટ બીજા કોઈ અધિષ્ઠાતા વિના જ ફલ ઉત્પન્ન કરે. અથવા તો ભલેને ઈશ્વર હોય, ઈશ્વરની કલ્પના તમે કરો તો પણ તે કાંઈ પણ કરી શકે એવો નથી. સૂપકાર-રાંધનારની માફક તે જીવને પરતંત્ર જ રહેવાનો, જે જીવનું જેવું કર્મ હોય તેવું ફલ તેને માટે સિદ્ધ કરીને (રસોઈઆની માફક) તેને આપે, તે કહે છે કે બીજાનાં કર્મ એટલે જીવના કર્મનું ફલ નિરૂપણ કરનાર ઈશ્વર જો કોઈ હોય તો પણ તે કર્તાને જ ફલ આપે છે, એટલે જે કર્તા જેવું કર્મ કરે તેને તેવું ફલ આપે, બીજા કોઈને નહિ. વળી તે ઈશ્વર પણ કર્મ ન કરનારનો કાંઈ પ્રભુ નથી. જો તમે સ્વતંત્ર ઈશ્વરવાદ લો, એટલે એવો ઈશ્વર કલ્પો કે કર્મની દરકાર કર્યા વિના પોતે ગમે તેવું ફલ આપે, તો તે ઈશ્વરમાં વિષમતા અને ક્રૂરતા આવે, તેથી ઈશ્વરવાદ તો સર્વથા નકામો છે. આ પ્રમાણે હેતુથી કોઈ ઈશ્વર છે એવું જેઓ સિદ્ધ કરવા મથે છે, તેનું નિરાકરણ કર્યું. પ્રમાણથી (વેદ વિગેરેથી) સિદ્ધ થતા ઈશ્વરનો અહિં નિષેધ કર્યો નથી, કેમ કે જે પ્રમાણસિદ્ધ છે તેનો હેતુને લીધે નિષેધ કરી શકાવાનો સંભવ નથી.

**સુ.**- એ પ્રમાણે પ્રમાણસિદ્ધ હોય તો પ્રયોજન વિનાનો પણ કર્તા માન્યા વિના છુટકો નથી, તેથી પ્રમાણનો જો અભાવ હોય તો માત્ર હેતુથી સિદ્ધ થતો ઈશ્વર અંગીકાર કરવાની જરુર નથી, તે 'કિમિન્દ્રેણેહ' એ શ્લોકથી કહે છેઃ

**કિમિન્દ્રેણેહ ભૂતાનાં સ્વં સ્વં કર્માનુવર્તિનામ્ ।।**
**અનીશેનાન્યથાકર્તું સ્વભાવવિહિતં નૃણામ્ ।।૧૫।।**

પોતપોતાના કર્મોને અનુસાર વર્તન કરનાર પ્રાણીઓને કર્મફલના દાનમાં ઈન્દ્રનું શું પ્રયોજન છે? કારણ કે મનુષ્યોથી સ્વભાવથી કરાતું કર્મ અન્યથા અથવા ઉલટું કરવાને તે સમર્થ નથી. ૧૫.

**સુ.**– 'ઈહ' એટલે કર્મના ફલનું દાન કરવામાં, પોતપોતાના કર્મને અનુસાર વર્તન કરનારા પ્રાણીઓને ઈન્દ્રનું શું કામ છે? કર્મની અનુવૃત્તિનો નિષેધ ઈશ્વરથી પણ થઈ શકતો નથી, કેમ કે કર્મના ઉપર જ તેના જીવનનો આધાર છે. તેથી ઈશ્વરને સિદ્ધ કરવા જતાં તેનું અનીશ્વરપણું સિદ્ધ થાય છે, તે કહે છે કે ઈન્દ્ર કર્મ અને તેના ફલને અન્યથા એટલે ઉલટું કરવાને સમર્થ નથી, તો એવા ઈશ્વરનું પ્રયોજન શું? જો એમ શંકા થાય કે કર્મ કરવામાં ઈશ્વર હેતુ હશે, કેમ કે શ્રુતિમાં કહ્યું છે કે 'જેને (ઈશ્વર) ઉંચે લઈ જવા માગે છે તેની પાસે સારું કર્મ કરાવે છે અને જેને નીચે લઈ જવા માગે છે તેની પાસે નઠારું કર્મ કરાવે છે' (માટે સારાં નરસાં કર્મ કરાવવામાં ઈશ્વર જ હેતુ છે), તો તે શંકાનો ઉત્તર આપતાં કહે છે કે આ પક્ષ પણ અંગીકાર કરવો યોગ્ય નથી, કારણ કે (શ્રુતિમાં કહ્યું તે કરતાં) બીજી રીતે પણ તે ઘટી શકે છે. કર્મ કરવામાં તો સ્વભાવ જ હેતુ છે, જો સત્ત્વગુણ પ્રકટ થાય તો તેવો સત્ત્વગુણી મનુષ્ય સારું કર્મ કરે છે, રજોગુણ પ્રકટ થાય તો તેવો મનુષ્ય મધ્યમ કર્મ કરે છે, તમોગુણ પ્રકટ થાય તો તેવો મનુષ્ય અધમ કર્મ કરે છે, તેથી મનુષ્યોને સ્વભાવથી કરાતું કર્મ જ સ્વભાવથી જ સિદ્ધ થાય છે. ઈશ્વર તેને અન્યથા એટલે ઉલટું કરવાને સમર્થ નથી માટે એવા અસમર્થ ઈશ્વરને અંગીકાર કરવાની જરુર નથી.

**સુ.**– સ્વભાવને પ્રબોધ કરવાને માટે ઈશ્વરનો અંગીકાર કરવો જોઈએ, એવી શંકા થાય તો 'સ્વભાવતન્ત્રો હિ જનઃ' એ શ્લોકથી ઉત્તર આપે છેઃ

**સ્વભાવતન્ત્રો હિ જનઃ સ્વભાવમનુવર્તતે ।।**
**સ્વભાવસ્થમિદં સર્વં સદેવાસુરમાનુષમ્ ।।૧૬।।**

સ્વભાવને પરતંત્ર પ્રાણી સ્વભાવ પ્રમાણે જ વર્તન કરે છે. આ સર્વ જગત્ સાત્ત્વિક દેવ, રાજસ અસુર અને તામસ મનુષ્યસહિત સ્વભાવને વિષે જ રહેલું છે. ૧૬.

**સુ.**– જો અમુક દેશ અને અમુક કાલની હદની અંદર સ્વભાવ રહેતો હોય તો તેના પ્રબોધને માટે ઈશ્વરનો અંગીકાર કરવાની જરુર પડે, પણ સ્વભાવ તો પ્રથમ જીવને વશ કરે છે, પછી જીવ સ્વભાવને વશ થઈને ચાલે છે, પછી બંધનમાં પડ્યો હોય તેમ સ્વભાવને અધીન થઈને સ્વભાવ પ્રમાણે જ વર્તન કરી શકે છે, જેનો જે સ્વભાવ હોય, સાત્ત્વિક વિગેરે (તેવો તે થાય છે). જો એમ શંકા થાય, કે જેઓ

સ્વભાવને વશ નથી તેમને માટે ઈશ્વરનો અંગીકાર કરવો જોઈએ, તો તેનો ઉત્તર કહે છે કે આ સર્વ સ્વભાવમાં જ રહેલું છે. આખું જગત્ જ સ્વભાવને વિષે રહેલું છે. સાત્ત્વિક દેવો, રાજસ અસુરો, તામસ મનુષ્યો એ ત્રણે પ્રકારના જીવોની સાથે જગત્ સ્વભાવને વિષે જ રહ્યું છે.

**સુ.**– જો એમ શંકા થાય કે આ લોકમાંથી બીજા લોકમાં જવાને માટે ઈશ્વરની અપેક્ષા છે, જો એમ નહિ માનીએ તો જ્યારે દેહ જતો રહે ત્યારે બીજા લોકમાં જવાના માર્ગનું જ્ઞાન નહિ હોવાથી, જ્યાં ફલ મળવાનું છે, તે દેશમાં કેવી રીતે જઈ શકાય? તેના સમાધાનમાં 'દેહાનુચ્ચાવચાન્' એ શ્લોકથી કહે છેઃ

**દેહાનુચ્ચાવચાન્ જન્તુઃ પ્રાપ્યોત્સૃજતિ કર્મણા ।।**
**શત્રુર્મિત્રમુદાસીનઃ કર્મૈવ ગુરુરીશ્વરઃ ।।૧૭।।**

જીવ કર્મથી ઉંચાનીચા દેહ પ્રાપ્ત કરીને જ પછી (પ્રથમના દેહને) છોડે છે. શત્રુ, મિત્ર, તટસ્થ એ સર્વ કર્મ જ છે, ગુરુ અને ઈશ્વર પણ કર્મ જ છે. ૧૭.

**સુ.**– ઉંચા અને નીચા અનેક પ્રકારના દેહને આ જીવ પ્રાપ્ત કરીને પછી પોતાના પ્રથમના દેહને છોડે છે. કાંઈ પણ વ્યવધાન અથવા અટકાવ વિનાનાં કર્મથી બીજા દેહને પહેલાં પ્રાપ્ત કરીને પછી પ્રથમ દેહને છોડે છે, એવો અર્થ છે, તેમ કર્મથી જ થાય છે. દેહ સમાન હોવા છતાં કદાચ કોઈ શત્રુ થાય છે, કદાચ કોઈ મિત્ર થાય છે, કોઈક ઉદાસીન અથવા તટસ્થ રહે છે, તેનો શો હેતુ છે? તેના ઉત્તરમાં કહે છે કે શત્રુ, મિત્ર અને તટસ્થ એ સર્વ કર્મ જ છે, નહિ તો તેઓથી અશુભ અને શુભ ફલ ન થાય. વળી ગુરુ પણ કર્મ જ છે, કેમ કે ગુરુ ઉપદેશ કરે અને તે ઉપદેશ ફલે એવું કર્મનું અદષ્ટ ન હોય તો ગુરુ ઉપદેશ કરે પણ નહિ અને તેવું ફલ થાય પણ નહિ. ઈશ્વર પણ કર્મ જ છે, કારણ કે કર્મ જ ફલદાન કરે છે.

**સુ.**– માટે તેની જ પૂજા કરવી જોઈએ તે 'તસ્માત્' એ શ્લોકથી કહે છેઃ

**તસ્માત્ સમ્પૂજયેત્ કર્મ સ્વભાવસ્થઃ સ્વકર્મકૃત્ ।।**
**અઞ્જસા યેન વર્તેત તદેવાસ્ય હિ દૈવતમ્ ।।૧૮।।**

માટે જીવે સ્વભાવમાં એટલે પોતપોતાના ભાવમાં રહીને પોતપોતાનું કર્મ કરતા કર્મનું જ સંમાન કરવું જોઈએ. જે ઉપાયથી જે પ્રકારથી કાંઈ પણ પ્રયાસ વિના સર્વ પ્રકારે જે જીવી શકે તે જ તેનું દૈવત છે. ૧૮.

**સુ.**– કર્મનું જ સંમાન કરવું જોઈએ, તે કર્મના સંમાનનો પ્રકાર કહે છે. 'સ્વભાવને વિષે રહીને પોતાનાં કર્મ કરવાં.' જેનો જેવો સ્વભાવ એટલે પોતાનો ભાવ, બ્રાહ્મણાદિ વિગેરે, તેને અનુસાર પોતાના વર્ણાશ્રમમાં વિધાન (આજ્ઞા) કરેલું

કર્મ કરવું જોઈએ. જો એમ ન કરે તો પતિત થાય, ફલ આપો કે ન આપો, ઈશ્વર હો કે ન હો, પણ કર્મ તો કરવું જ જોઈએ, એમ હોવાથી સર્વ રીતે પ્રયાસ વિના જે ઉપાયથી અને જે પ્રકારથી જીવી શકે તે જ તેનું દૈવત છે. આ અર્થ યોગ્ય જ છે. સત્ અથવા અસત્ જેને વિષે જે પ્રતિષ્ઠિત એટલે સારી રીતે સ્થિતિ કરી રહેલો છે, તે જ તેનું દૈવત છે.

**સુ.**– જો એમ ન કરે તો તેમાં જે બાધક આવે તે 'આજીવ્ય' એ શ્લોકથી કહે છે:

**આજીવ્યૈકતરં ભાવં યસ્ત્વન્યમુપધાવતિ ।।**
**ન તસ્માદ્ વિન્દતે ક્ષેમં જારાન્નાર્યસતી યથા ।।૧૯।।**

પ્રથમ એક ભાવ અથવા પક્ષના ઉપર પોતાના જીવનનો આધાર રાખીને જે મનુષ્ય (તેનો ત્યાગ કરીને) પાછળથી બીજા તરફ દોડે છે, તેને તે બીજાથી પણ કલ્યાણ પ્રાપ્ત થતું નથી, જેમ અસતી અર્થાત્ વ્યભિચારિણી સ્ત્રીને જારપુરુષ તરફથી કલ્યાણ પ્રાપ્ત થતું નથી તેમ. ૧૯.

**સુ.**– એકના ઉપર પોતાના જીવનનો આધાર રાખીને પ્રથમ તેને અનુસાર પોતાનું વર્તન કરીને પછી જે બીજા તરફ દોડે છે, એટલે ત્યાં સંતોષ નહિ પામતાં અધિક ફલ પ્રાપ્ત કરવાને માટે બીજા પક્ષનો આધાર લે છે, તો તેમાંથી પણ તેને કલ્યાણ પ્રાપ્ત થતું નથી, કારણ કે તે બીજો પણ માને છે કે આ તો મારો પણ ત્યાગ કરશે. જે કોઈ આ વાત ન માને તેને માટે દૃષ્ટાંત કહે છે કે જેમ અસતી એટલે વ્યભિચારિણી સ્ત્રીને જાર તરફથી કલ્યાણ થતું નથી તેમ. જારપુરુષ કાંઈ તે સ્ત્રીનું ભરણપોષણ કરવાનો નથી, તેમ તેની સાથે સર્વદા સંભોગ પણ કરવાનો નથી. વળી આવી સ્ત્રીને પરલોક પ્રાપ્તિ તો નથી જ, માટે કર્મ આવશ્યક હોવાથી તે પક્ષનો ત્યાગ કરવો નહિ.

**વર્તેત બ્રહ્મણા વિપ્રો રાજન્યો રક્ષયા ભુવઃ ।।**
**વૈશ્યસ્તુ વાર્તયા જીવેચ્છૂદ્રસ્તુ દ્વિજસેવયા ।।૨૦।।**

બ્રાહ્મણે વેદથી પોતાનું જીવન ચલાવવું, ક્ષત્રિયે પૃથ્વીની રક્ષાથી પોતાનું જીવન ચલાવવું, વૈશ્યે તો પોતાના ધંધાથી જીવન ચલાવવું, શુદ્ર તો દ્વિજ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની સેવાથી પોતાનું જીવન ચલાવવું. ૨૦.

**સુ.**– વળી સર્વે કર્મ ઉપર જ પોતાના જીવનનો આધાર રાખે છે, તેથી બ્રાહ્મણે વેદ ઉપર આધાર રાખવો, તેનું જીવન વેદના પઠનપાઠન વિગેરેથી જ થાય. ક્ષત્રિયે તો પૃથ્વીની રક્ષા વડે જ પોતાનું જીવન ચલાવવું. વૈશ્યે તો પોતાના ધંધાથી

પોતાનું જીવન ચલાવવું. શુદ્રે તો દ્વિજ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની સેવાથી પોતાનું જીવન ચલાવવું, તેમની સેવા કરતાં તેઓ જે આપે તેનાથી પોતાનું જીવન ચલાવવું. 'તુ' શબ્દથી એમ સમજવું કે બીજા બધા પક્ષો તેમને માટે યોગ્ય નથી.

**સુ.**– એ પ્રકારે સર્વે વર્ણોનું પોતપોતાના કર્મો વડે જ જીવન છે, એમ નિર્ધાર કરીને ઉપર કહી ગયા કે પોતાના જીવન(ધંધા)નો હેતુ ઈન્દ્ર હોવાથી તેની અપેક્ષા છે, તેનું નિરાકરણ કરવાને માટે પોતાના જીવનના આધારના ધંધાઓનો 'કૃષિ' એ શ્લોકથી વિભાગ કરી બતાવે છેઃ

**કૃષિવાણિજ્યગોરક્ષા કુસીદં તુર્યમુચ્યતે ।।**
**વાર્તા ચતુર્વિધા તત્ર વયં ગોવૃત્તયોનિશમ્ ।।૨૧।।**

ખેતી, વ્યાપાર, ગોચારણ અને વ્યાજવટું એ ચોથું કહેવામાં આવ્યું છે, એ પ્રમાણે (વૈશ્યનો) જીવનનો આધાર ચાર પ્રકારનો છે, તેમાં આપણે હમેશાં ગાય ઉપર જીવન ગાળનારા છીએ, તેથી ઈન્દ્રનું પ્રયોજન આપણને નથી. ૨૧.

**સુ.**– 'કૃષિ' એટલે ખેતી, 'વાણિજ્ય' એટલે વ્યાપાર, 'ગોરક્ષા' એટલે ગાયો ચરાવવી તે, 'કુસીદં' એટલે વ્યાજવટું, તેમાં પ્રથમ ત્રણ ન હોય તો જ આ ચોથું વ્યાજવટું છે, તેના ઉપર આધાર રાખવો, નહિ તો (પ્રથમ ત્રણમાંથી કોઈ પણ હોય તે છતાં વ્યાજવટું કરે તો) તે નિંદિત છે, કારણ કે તેને 'ઉપપાતક' એટલે હલકા પ્રકારના પાપમાં ગણવામાં આવ્યું છે. આ પ્રમાણે ચાર પ્રકાર વૃત્તિના અથવા જીવનના ગણાવીને તેનો ચાલતા પ્રસંગમાં જે ઉપયોગ છે તે કહે છે કે વાર્તા અથવા જીવન ચાર પ્રકારનાં છે. તે પ્રકારોમાં આપણે તો સર્વદા જ ગાયના ઉપર આધાર રાખનારા છીએ, તેથી આપણને ખેતી નહિ હોવાથી ઈન્દ્રનું આપણે કાંઈ પ્રયોજન નથી.

**સુ.**– (ઉપરના શ્લોકમાં કહ્યું કે આપણને ખેતી નહિ હોવાથી ઈન્દ્રનું પ્રયોજન નથી, આ શ્લોકમાં કહે છે કે) ભલે ખેતી હો, તો પણ ઈન્દ્રનો ઉપયોગ નથી, તે 'સત્ત્વમ્' એ શ્લોકથી કહે છેઃ

**સત્ત્વં રજસ્તમ ઈતિ સ્થિત્યુત્પત્ત્યન્તહેતવઃ ।।**
**રજસોત્પદ્યતે વિશ્વમન્યોન્યં વિવિધં જગત્ ।।૨૨।।**

સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ, સ્થિતિ, ઉત્પત્તિ અને લયના હેતુઓ છે, રજોગુણથી વિશ્વ ઉત્પન્ન થાય છે, અને વિવિધ પ્રકારનું જગત્ (સર્વત્ર રજોગુણના પ્રવેશથી) એકબીજાથી ઉત્પન્ન થાય છે. ૨૨.

**સુ.**– ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને માટે રજસ્, સત્ત્વ અને તમસ્

સ્વીકારાએલા છે, તેથી એ ત્રણે ગુણો સ્થિતિ, ઉત્પત્તિ અને લયના હેતુ છે. સામટા ત્રણે ગુણોનું નિરૂપણ કરીને પ્રત્યેક ગુણના ઉપયોગનું નિરૂપણ કરે છે. રજસ્થી વિશ્વ ઉત્પન્ન થાય છે, એટલે અવશ્ય રજોગુણ જગતની ઉત્પત્તિ કરે છે. જો રજોગુણ મેઘોને પ્રેરે નહિ તો મેઘો કેવી રીતે ઉત્પન્ન કરે? જો ઇન્દ્ર વિગેરેને પણ આપણે અંગીકાર કરીએ તો તેઓ પણ રજોગુણને અધીન જ રહેવાના, તેથી તેઓ સ્વતંત્ર તો નથી જ. વળી આ (જગત્) એક બીજાથી ઉત્પન્ન થાય છે, કેમ કે સર્વત્ર રજોગુણનો પ્રવેશ છે, તેથી બીજમાંથી અંકુર ઉત્પન્ન થાય છે, અંકુરમાંથી પાછું બીજ ઉત્પન્ન થાય છે, પિતાથી પુત્ર ઉત્પન્ન થાય છે, પુત્રથી પાછો પિતા ઉત્પન્ન થાય છે, કેમ કે શ્રુતિમાં કહે છે કે 'પ્રજાની પાછળ પ્રજા ઉત્પન્ન થયા જ કરે છે.' વળી વિવિધ પ્રકારનું જગત્ પણ ઉત્પન્ન થયા કરે છે, અચિત્રમાંથી ચિત્ર ઉત્પન્ન થાય છે, ચિત્રમાંથી અચિત્ર ઉત્પન્ન થાય છે. ભાંગેલામાંથી આખું ઉત્પન્ન થાય છે, આખામાંથી ભાંગેલું ઉત્પન્ન થાય છે, માટે આ સર્વ રજોગુણથી જ ઉત્પન્ન થાય છે એમ કહેવું જોઈએ. માત્ર એક રજોગુણનો એ પ્રકારે ઉત્પન્ન કરનાર તરીકે અંગીકાર કરવાથી (ઇન્દ્ર મેઘ વિગેરેનો અંગીકાર નહિ કરવાથી) ટુંકમાં જ આપણો અર્થ સરવાથી વિશેષ અંગીકાર કરવાની અપેક્ષા રહેતી નથી. તેથી જીવસૃષ્ટિ કર્મથી ઉત્પન્ન થાય છે. (જીવને દેહનો યોગ થવો અને વિયોગ થવો, સુખની અને દુઃખની પ્રાપ્તિ થવી વિગેરે કર્મથી જ થાય છે.) જડસૃષ્ટિ રજોગુણથી ઉત્પન્ન થાય છે, તેથી જડસૃષ્ટિને માટે પણ ઈશ્વરની અપેક્ષા નથી, એમ સામાન્ય રીતે પ્રચલિત ઈશ્વરવાદનું નિરાકરણ કર્યું. વેદથી સિદ્ધ ઈશ્વરનું નિરાકરણ કર્યું નથી, એમ અમે ઉપર કહી ગયા છીએ.

**લે.**– 'જીવસૃષ્ટિઃ' જીવનો દેહ સાથે યોગ અને વિયોગ અને સુખ વિગેરેની પ્રાપ્તિ.

**સુ.**– હવે વૃષ્ટિને માટે ઇન્દ્રની અપેક્ષા છે, એ મતનું વિશેષ પ્રકારે નિરાકરણ 'રજસા ચોદિતા' એ શ્લોકથી કરે છેઃ

**રજસા ચોદિતા મેઘા વર્ષન્ત્યમ્બૂનિ સર્વતઃ ।।**
**પ્રજાસ્તેનૈવ સિદ્ધ્યન્તિ મહેન્દ્રઃ કિં કરિષ્યતિ ।।૨૩।।**

રજોગુણથી પ્રેરાએલા મેઘો સર્વત્ર જલની વર્ષા કરે છે, તે રજોગુણથી પ્રેરિત વર્ષાથી જ પ્રજા જીવે છે, એમાં મહેન્દ્ર શું કરવાનો છે? ૨૩.

**સુ.**– મેઘો વર્ષે છે, તેમની અંદર રજોગુણ છે. એ રજોગુણ વિક્ષેપ કરનારો છે, તેથી તે રજોગુણથી વિક્ષિપ્ત થએલા (ઉશ્કેરાએલા) મેઘો વર્ષે જ, જેમ રાજાઓ કૌતુકથી પ્રેરાએલા વર્ષે એટલે દાન આપે તેમ. જો એમ નહિ માનીએ તો, ઇન્દ્રની

આજ્ઞાથી મેઘો વર્ષે છે એ પક્ષનો સ્વીકાર કરીએ તો, જલને વિષે અને વર્ષાને લાયક નહિ એવી ભૂમિમાં વર્ષા ન થાય, (કેમ કે ઈન્દ્ર અયોગ્ય ભૂમિમાં વર્ષા કરવાની મેઘોને આજ્ઞા કરે નહિ). તેથી રજોગુણના વિક્ષેપથી જ મેઘો પોતાને ગમે તેમ વર્ષે છે, માટે ઈન્દ્ર આજ્ઞા કરતો નથી એ માનવું આવશ્યક હોવાથી અને ટુંકામાં જ આપણું કાર્ય સરતું હોવાથી ઈન્દ્રની આજ્ઞા વર્ષામાં નિયામક નથી, કિંતુ રજોગુણ જ નિયામક છે, માટે તે વડે જ એટલે રજોગુણથી પ્રેરાએલી વર્ષાથી જ પ્રજા જીવે છે, એમ હોવાથી મહેન્દ્ર શું કરવાનો હતો? તેનું કાર્ય બીજી રીતે જ સિદ્ધ થઈ જાય છે, (તો પછી તેની જરુર શી?)

**યો.**– 'યથા રાજાનઃ કૌતુકિનઃ' જેમ રજોગુણથી પ્રેરાએલા રાજાઓ કૌતુકથી એટલે વગર વિચારે દ્રવ્ય આપે છે તેમ રજોગુણથી વિક્ષિપ્ત થએલા મેઘો જલની વર્ષા કરે છે.

**સુ.**– દુર્જન ભલે સંતોષ પામો, (તેનું કહેલું બધું કબુલ કરીએ) એ ન્યાયથી મહેન્દ્રનું કામ અથવા તેની જરુર ભલે હો, તો પણ આપણને તેનો ઉપયોગ નથી, તે 'ન નઃ પુરો જનપદાઃ' એ શ્લોકથી કહે છેઃ

**ન નઃ પુરો જનપદા ન ગ્રામા ન ગૃહા વયમ્ ।।**
**નિત્યં વનૌકસસ્તાત વનશૈલનિવાસિનઃ ।।૨૪।।**

આપણને શહેરોનો આધાર નથી, દેશો નથી, ગામો નથી અને ઘરો નથી. હે તાત! આપણે તો નિત્ય વનમાં રહેવાવાળા છીએ, વન અને પર્વત પર આપણો વાસ હોય છે.

**સુ.**– આપણને શહેરો અથવા નગરો નથી, આપણને દેશો પણ નથી, આપણને ગામો અથવા હાટો (બજારો) પણ નથી, અને આપણને ઘરો પણ નથી. ઈન્દ્ર લોકનો પાલક છે, વૃષ્ટિનો સાધક છે, યજ્ઞનો ભોક્તા છે, અને દિશાઓનો દેવતા છે, પણ આ ચારે પ્રકાર આપણને કોઈ પણ રીતે ઉપયોગી નથી. આપણને શહેર ન હોવાથી તેની રક્ષાને માટે ઈન્દ્રની જરુર નથી. આપણને દેશ ન હોવાથી તેનું અધિપતિપણું ઉપયોગી નથી. અને ખેતી વિગેરેમાં તેના ઉપયોગની આપણને જરુર નથી. આપણને ઘર નહિ હોવાથી ઈન્દ્ર હવિ (યજ્ઞના પદાર્થ) ગ્રહણ નહિ કરશે એવો જે ભય અગ્નિહોત્ર કરનારને હોય છે, તે આપણને નથી. આપણને ઘર ન હોવાથી દિશા વિગેરેના જ્ઞાનની અપેક્ષા નથી. વળી આપણે વનવાસી છીએ, અને શાસ્ત્રમાં કહ્યું છે, કે 'વનનો કોઈ સ્વામી નથી.' 'તાત' એ સંબોધન સ્નેહથી છે, અને છેતરતા નથી તે જણાવવાને માટે છે. વળી આપણે સર્વદા પર્વત પર રહીએ છીએ, અને

શ્રુતિમાં કહ્યું છે કે 'વનસ્પતિઓ વૈષ્ણવ છે' અને વિષ્ણુ પર્વતોના અધિપતિ છે, માટે આપણને વૈષ્ણવયજ્ઞ જ ઉચિત છે.

**સુ.**– ત્યાં (વૈષ્ણવયજ્ઞમાં) વિષ્ણુનાં બે અંગ છે, બ્રાહ્મણો અને ગાયો. એક સ્થલે એટલે બ્રાહ્મણોમાં મંત્ર સારી રીતે રહ્યા છે, અને એક સ્થલે એટલે ગાયોમાં હવિ (યજ્ઞનું દ્રવ્ય) રહ્યું છે. ગોવર્ધન પર્વત પોતે જ દેવતા છે, તેથી વૈષ્ણવયાગ જ કરવો જોઈએ એમ કહેતાં ગાયો, બ્રાહ્મણો અને પર્વતનો યજ્ઞ શરુ કરો એમ 'તસ્માત્' એ શ્લોકથી કહે છેઃ

**તસ્માદ્ ગવાં બ્રાહ્મણાનામદ્રેશ્ચારભ્યતાં મખઃ ।।**
**ય ઈન્દ્રયાગસમ્ભારાસ્તૈરયં સાધ્યતાં મખઃ ।।૨૫।।**

માટે ગાયો બ્રાહ્મણો અને ગોવર્ધનનો યજ્ઞ શરુ કરો, અને ઈન્દ્રના યાગને માટે જે સામગ્રી તૈયાર કરેલી છે, તે વડે આ યજ્ઞ સિધ્ધ કરો. ૨૫.

**સુ.**– જો યુક્તિને જ પ્રમાણ માનવી હોય તો આ યુક્તિ વેદને અનુસાર છે, તેથી પર્વત અને વનમાં ફરનારાઓને આ જ યજ્ઞ ઉચિત છે. શ્લોકમાં 'અદ્રિ' પછી 'ચ' મૂક્યો છે, તે વડે વેદમાં કહેલા સર્વે નાના દેવતાઓ પણ આવી ગયા એમ સમજવું. 'અયમ્' એટલે આ એ પદથી 'ગોસવાત્મકઃ' યજ્ઞ સમજવો. 'ગોસવ વડે યજ્ઞ કરાવ્યો' એ વાક્યથી ગોસત્ર કરતાં આ જૂદો છે, અને લૌકિક છે, અને આનું વિધાન (કેમ કરવો વિગેરેની વિધિ) ભગવાન જ કહેશે. આથી એમ જણાવ્યું કે જો માત્ર યુક્તિસિધ્ધ (વેદમાં કહેલું નહિ) એવું કાંઈ પણ ગ્રહણ કરવું હોય તો તે ઈશ્વરે કહેલી યુક્તિથી સિધ્ધ થતું હોય તે જ ગ્રહણ કરવું. માત્ર લૌકિક યુક્તિથી સિધ્ધ થતું હોય તે ગ્રહણ કરવું નહિ. જો એમ શંકા થાય કે જે પદાર્થો ઈન્દ્રને માટે એકઠા કરેલા હતા તે પદાર્થોથી બીજું કેમ સિધ્ધ થઈ શકે? તો તેનો ઉત્તર કહે છે કે જે ઈન્દ્રના યજ્ઞને માટે પદાર્થો (યજ્ઞમાં વાપરવાની વસ્તુઓ) સિધ્ધ કરેલા છે, તે વડે જ આ મખ (યજ્ઞ) સિધ્ધ કરો. 'મખ' એ પદથી સર્વ દેવને આ યજ્ઞથી ઉપકાર થશે એમ જણાવ્યું. ત્યાં ઈન્દ્રયાગમાં તો એક ઈન્દ્રને જ સંતોષ થયો હોત. જ્યાં અજ્ઞાનથી કાંઈ પણ કરવામાં આવે તેવે સર્વ સ્થલે આ જ વ્યવસ્થા થાય છે. બીજાને માટે આપેલું હવિ તેની પાસેથી ખુંચવી લઈને બીજાને આપવું જોઈએ. શ્રુતિમાં કહ્યું છે કે 'જેને માટે હવિનો નિર્વાપ થયો હોય કે તરત જ ચંદ્રમા ઉગી જાય, તો કાલભ્રમથી પ્રવૃત્ત થએલી ઈષ્ટિ ઉલટી થઈ જાય, એટલે ચોખાના ત્રણ વિભાગ કરીને મધ્યમ ચોખા અગ્નિને અને જાડા ચોખા ઈન્દ્રને નિર્વપાય.' તેમ ચાલતા પ્રસંગમાં કાલભ્રમના જેવી યુક્તિભ્રમને લીધે પ્રવૃત્ત થએલો ઈન્દ્રયાગનો પણ ભગવાનને માટે વિનિયોગ અને ઈન્દ્રને માટે

સિદ્ધ કરેલી સામગ્રી ઈન્દ્રને નહિ સમર્પણ કરતાં ભગવાનને સમર્પાય.

**યો.**– 'સ્વયમેવ દેવતા.' દેવતા એટલે વિષ્ણુ, નંદગ્રામ અને બરસાનું પર્વત શિવ અને બ્રહ્મારૂપ છે, અને ગોવર્ધન વિષ્ણુરૂપ છે એમ પુરાણમાં કહ્યું છે.

**સુ.**– તે ઈન્દ્રના યાગ કરતાં અહિં વિશેષ 'પચ્યન્તામ્' એ શ્લોકથી કહે છેઃ

**પચ્યન્તાં વિવિધાઃ પાકાઃ સૂપાન્તાઃ પાયસાદયઃ ।।**
**સંયાવાપૂપશષ્કુલ્યઃ સર્વદોહશ્ચ ગૃહ્યતામ્ ।।૨૬।।**

વિવિધ પ્રકારના પાક તૈયાર કરો અંતે સૂપ તૈયાર કરો, દૂધપાક વિગેરે તૈયાર કરો, સંજાપની ખીર, માલપૂવા, વડાં, જલેબી વિગેરે તૈયાર કરો. આજનું સર્વ દૂધ ઉપયોગમાં લો અને જે દૂધ ઉપયોગમાં ન લેવાય તે વાછરડાંઓને આપો. ૨૬.

**સુ.**– લૌકિક ઉત્સવ જ્યારે આગળ આવ્યો હોય ત્યારે સામાન્ય મનુષ્યોને મોટો ઉત્સવ થાય છે, અને સ્ત્રીઓને પણ આવા ઉત્સવમાં ઉપકાર થાય છે. (કેમ કે તેઓ પણ આવા લૌકિક ઉત્સવમાં ભાગ લઈ શકે છે). વિવિધ પ્રકારના પાક, ભુંજવાના, જલમાં પકવવાના, તેલ, ઘી, દૂધ, દહિં વિગેરેમાં કરાતા સર્વપાક વિવિધ પ્રકારના પાકમાં કહી દીધા (ગ્રહણ કર્યા), તેથી નાના પ્રકારના ભક્ષ્ય (ભોજનના પદાર્થો) તૈયાર થશે, અને તે સર્વ તૈયાર થઈ રહ્યા પછી અંતે સૂપ તૈયાર કરવો. પકવાન્ વિગેરે કરવામાં બહુ સમય લાગે છે, તેથી પ્રથમથી જો સૂપ કરે તો તે ખાટો થઈ જાય. 'પાયસ' એટલે બહુ દૂધની અંદર થોડા ચોખા નાંખીને ધીમા તાપમાં રાંધવાથી ઘણે સમયે તે તૈયાર થાય છે તેથી દૂધપાકને પ્રથમ કરવો. અથવા દેવોને માટે પાક પ્રથમ કરવો. વચમાં લૌકિકમાં જેઓ મોટા હોય તેમને માટે પાક તૈયાર કરવો. અને સામાન્ય મનુષ્યોને માટે માત્ર સૂપ તૈયાર કરવો. પછી જે કરવાનું તે કહે છે. 'સંયાવઃ' એટલે સંજાપની ખીર, ઘઉંનો રવો આગલે દિવસે રાંધવા મૂકેલો ઘણે સમયે સિદ્ધ થાય છે તે પણ ગ્રહણ કરવો. માલપૂવા (વડાં વિગેરે) જે લોટમાં ગોળ મિશ્રણ કરીને ચિકણા પદાર્થમાં (ઘી, તેલ વિગેરેમાં) તળાય છે તે પણ તૈયાર કરવા. જલેબી–નાલના આકારથી ફેરવવાથી જે ગોળ ખાવાના પદાર્થો થાય છે તે તૈયાર કરવા. આજનું દોહેલું સર્વ દૂધ ગ્રહણ કરવું, તેનો વેચવા વિગેરેમાં ઉપયોગ કરવો નહિ. 'ચ' શ્લોકમાં મૂક્યો છે તેથી જે દૂધ ગ્રહણ કરવાને અશક્ય હોય તે વાછરડાંને આપવું.

**હૂયન્તામગ્નયઃ સમ્યગ્ બ્રાહ્મણૈર્બ્રહ્મવાદિભિઃ ।।**
**અન્નં બહુવિધં તેભ્યો દેયં વો ધેનુદક્ષિણાઃ ।।૨૭।।**

બ્રહ્મવાદી બ્રાહ્મણો વડે સારી રીતે અગ્નિમાં હોમ કરવા. તે બ્રાહ્મણોને

તમારે બહુ પ્રકારનું અન્ન આપવું, અને દક્ષિણામાં ગાયો આપવી. ૨૭.

**સુ.**- પછી દેવોને માટે અલૌકિક હોમ કરવો, સારી રીતે એટલે શાસ્ત્રમાં જે વિધિ કહી હોય તે પ્રકારે કરવો, બ્રાહ્મણ એટલે સ્વરૂપથી જ ઉત્તમ, બ્રહ્મવાદી એટલે જ્ઞાનથી ઉત્તમ. પછી હોમ કર્યા પછી 'પ્રત્યક્ષ દેવતા બ્રાહ્મણો' હોવાથી તેઓને પકવાન્ન વિગેરે સાથે બહુ પ્રકારનું અન્ન આપવું. 'વઃ' એટલે તમારે આપવું, અથવા એ તમારું કર્તવ્ય છે. બ્રાહ્મણો પ્રતિ ભગવાન્ કહે છે કે 'વઃ' તમને આપવું, અને ગાયો દક્ષિણામાં આપવી.

**યો.**- 'અલૌકિકો દેવાનામર્થે હોમઃ'-દેવોને માટે અલૌકિક હોમ-લૌકિક શબ્દ સ્મૃતિ અને પુરાણમાં જે કહ્યું હોય તેને માટે વપરાય છે, તેથી અલૌકિક શબ્દથી વેદમાં કહેલો સમજવો, તેથી એમ સિદ્ધ થયું કે વેદોક્ત હોમ કરવો. 'દેયં વો ધેનુદક્ષિણાઃ' અહિં 'વો' એ પદનો અર્થ 'યુષ્માભિઃ' તમારે એમ ત્રીજી વિભક્તિથી કર્યો તે વૈદિક પ્રક્રિયા-વૈદિક વ્યાકરણની રીતિએ કર્યો. 'બ્રાહ્મણાન્ પ્રતિ વો યુષ્મભ્યમ્' એટલે જ્યારે ભગવાન્ નંદ વિગેરેને ઉપદેશ કરે એવો અર્થ લઈએ ત્યારે બ્રાહ્મણો તરફ તમારે આ કર્તવ્ય છે એવો અર્થ સમજવો. જ્યારે ભગવાન્ પુરોહિત બ્રાહ્મણો તરફ 'વઃ' તમે એમ કહેતા હોય ત્યારે તમને (પુરોહિતને) ગાયો દક્ષિણામાં આપવી, એ રીતે તમને 'વઃ' ચતુર્થી વિભક્તિ સમજવી.

**સુ.**- પછી બીજાઓને પણ આપવું તે 'અન્યેભ્યઃ' એ શ્લોકથી કહે છેઃ

**અન્યેભ્યશ્ચ શ્વચાણ્ડાલપતિતેભ્યો યથાર્હતઃ ।।**
**યવસં ચ ગવાં દત્વા ગિરયે દીયતાં બલિઃ ।।૨૮।।**

બીજા ક્ષત્રિય વૈશ્ય વિગેરેને, પછી કુતરાં, ચાંડાલ અને પતિતોને તેમની યોગ્યતા પ્રમાણે બલિ આપવું, ગાયોને ઘાસ આપવું, અને ગિરિ ગોવર્ધનને બલિ આપવું. ૨૮.

**સુ.**- ક્ષત્રિય, વૈશ્ય વિગેરે સર્વ વર્ણોને, અને પછી કુતરાં, ચાંડાલ અને પતિતોને પણ આપવું. એઓ બહારથી બલિનો ભોગ કરનારા છે, તેથી દૈવતત્વથી છેલ્લું તેમનું નિરૂપણ કર્યું. કુતરાં ચાંડાલ પતિત અને કાગડાઓને બલિ આપવું એમ કહ્યું છે, પરંતુ સૌ સૌની યોગ્યતા પ્રમાણે આપવું. પછી ગાયોને ઘાસ આપવું, ચારવા માટે લઈ જવી નહિ. પછી ગિરિ ગોવર્ધનને બલિ આપવું; સર્વ જ ઉત્તમ અન્નનો પર્વત આગળ ઢગલો કરવો.

**સ્વલઙ્કૃતા ભુક્તવન્તઃ સ્વનુલિપ્તાઃ સુવાસસઃ ।।**
**પ્રદક્ષિણં ચ કુરુત ગોવિપ્રાનલપર્વતાન્ ।।૨૯।।**

સારા અલંકાર ધારણ કરીને, ભોજન કરીને, અંગ ઉપર ચંદન વિગેરેના

સારા લેપ કરીને, સારાં વસ્ત્રો ધારણ કરીને, ગાયો, બ્રાહ્મણો, અગ્નિ અને ગોવર્ધનની પ્રદક્ષિણા કરો. ૨૯.

**સુ.**– પછી આપણે સર્વે અને સ્ત્રીઓ અને બાલકોએ સારા અલંકાર ધારણ કરવા, ભોજન કરવું, પછી ચંદન વિગેરેના અંગ ઉપર લેપ કરવા, પછી ઉત્તમ જામા વિગેરે વસ્ત્રો પહેરીને ગોવર્ધનની પ્રદક્ષિણા કરવી. શ્લોકમાં 'ચ' મૂક્યો છે તેથી વૃંદાવનની પણ પ્રદક્ષિણા કરવી. ગાય, બ્રાહ્મણ અને અગ્નિની પણ પ્રદક્ષિણા કરવી. પર્વતો એટલે બીજા પણ ગોવર્ધનની પાસેના પર્વતોની પ્રદક્ષિણા કરવી, અથવા તો આચારને લઈને એકલા ગોવર્ધનની પ્રદક્ષિણા કરવી.

**સુ.**– શંકા– આ જે કરવાનું કહો છો તે વૈદિક છે? કે વૈદિક વિગેરેમાંનું એક છે? કે યુક્તિસિદ્ધ જ છે? જો કેવલ યુક્તિસિદ્ધિ જ હોય તો પરાપૂર્વથી યુક્તિસિદ્ધ જે ઈન્દ્રયાગ તે જ શા માટે ન કરવો? એવી શંકા થાય તેનો ઉત્તર 'એતન્ મમ મતમ્' એ શ્લોકથી આપે છેઃ

**એતન્ મમ મતં તાત ક્રિયતાં યદિ રોચતે ।।**
**અયં ગોબ્રાહ્મણાદ્રીણાં મહ્યં ચ દયિતો મખઃ ।।૩૦।।**

આ મારું સંમત છે, તે હે પિતા ! જો તમને રુચતું હોય તો કરો. આ યજ્ઞ ગાયોને, બ્રાહ્મણોને, પર્વતોને, મને અને દેવતાઓને પણ પ્રિય છે. ૩૦.

**સુ.**– તમારે ક્યાં તો ઈન્દ્રનું કહ્યું કરવું અથવા તો મારું કહ્યું કરીને મારું ગ્રહણ કરવું. અને જો મારું ગ્રહણ કરો તો આ જે મને સંમત છે તે કરો. જો ઈન્દ્રનો પરિગ્રહ કરો તો ઈન્દ્રયાગ કરો. 'તાત' એટલે પિતા, એ સંબોધનથી એમ સૂચવ્યું કે મારું પરિગ્રહણ કરવાથી સ્નેહ પણ અધિક થશે, તેથી આ કરવું. તો પણ માત્ર મારા આગ્રહથી જ (જોરજુલમથી) ન કરવું, એમ કરવાથી અશ્રદ્ધાથી કરેલું તે ન કરવા જેવું થાય. વળી આ યજ્ઞ ગાયો, બ્રાહ્મણો, પર્વતો અને મને પણ પ્રિય છે. શ્લોકમાં 'ચ' મૂક્યો છે તેથી આ યજ્ઞ દેવોને પણ પ્રિય છે, કારણ કે આ મારે માટે જ કરવાનો છે. એમ હોવાથી સર્વથા ઈન્દ્રયાગનો પરિત્યાગ કરીને આ જ કરવું એમ જણાવ્યું.

**સુ.**– ભગવાને અંતઃકરણથી આ પ્રમાણે આજ્ઞા કરી, તેથી તેમના હૃદયમાં તે સારી રીતે બેસી ગયું એમ કહેતા શુકદેવજી એ પ્રકારે ભગવાનના કહેવાનો હેતુ 'કાલાત્મના' એ શ્લોકથી કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ ।।

**કાલાત્મના ભગવતા શક્રદર્પં જિઘાંસતા ।।**
**પ્રોક્તં નિશમ્ય નન્દાદ્યાઃ સાધ્વગૃહ્ણન્ત તદ્વચઃ ।।૩૧।।**

ઈન્દ્રના ગર્વને હણવાની ઈચ્છાવાળા કાલરૂપી ભગવાને જે કહ્યું તે સાંભળીને નંદ વિગેરેએ તેમના વાકયનો સારી રીતે અંગીકાર કર્યો. ૩૧.

**સુ.**- દુષ્ટનું નિરાકરણ કરવાને માટે આ ભગવાન્ કાલરૂપ થયા. 'કાલાત્મના'-કાલના આત્મા એટલે આધિદૈવિકરૂપ અથવા અંતર્યામી થયા, એવા થવા છતાં પણ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા નહિ, એટલે સ્વરૂપમાં કાંઈ ફેરફાર થયો નહિ, તે 'ભગવતા' ભગવાન્ એ પદથી કહે છે. એ પ્રકારે કહેવાનો હેતુ એ હતો કે ઈન્દ્રના ગર્વનો નાશ કરવાની તેમની ઈચ્છા હતી. તેના ઉપર ઉપકાર કરવાને માટે તેનો ગર્વ દૂર કરવો જ જોઈએ. જ્યારે ભગવાન્ પધારે ત્યારે તેણે અવશ્ય ભગવાનના કહ્યા પ્રમાણે કરવું જ જોઈએ, તેમ કરવાથી જ લીલા પુષ્ટ થાય, અને વિશેષ નિરોધ કરવો પડે નહિ. ઈન્દ્રે ભગવાનના કહ્યા પ્રમાણે ન કર્યું તે તેના ગર્વને લીધે હતું, અને ઐશ્વર્ય તે ગર્વનો હેતુ હતો. ઈન્દ્ર અધિકારી હોવાથી તે ઐશ્વર્ય દૂર કરવું જોઈએ નહિ, તેથી ભ્રમશાસ્ત્રથી તેને જે ગર્વ થયો હતો તે જ દૂર કર્યો, તેથી ભગવાને કહેલું સાંભળીને એટલે ભગવાને જે સાધન કહ્યું તે સાંભળીને મુખ્ય નંદ વિગેરેએ તેમનું વાક્ય જેવું હતું તેવું સારી રીતે ગ્રહણ કર્યું, એટલે ભગવાને કહેલા અર્થનો અંગીકાર કર્યો.

**સુ.**- પછી તે જ પ્રકારે કર્યું તે 'તથા ચ' એ શ્લોકથી કહે છેઃ

**તથા ચ વ્યદધુઃ સર્વં યથાહ મધુસૂદનઃ ।।**
**વાચયિત્વા સ્વસ્ત્યયનં તદ્દ્રવ્યેણ ગિરિદ્વિજાન્ ।।૩૨।।**

જે પ્રકારે મધુસૂદન ભગવાને કહ્યું હતું તે પ્રકારે સર્વ કર્યું. અને સ્વસ્તિવાચન કરાવીને તે દ્રવ્યથી પર્વત, બ્રાહ્મણો વિગેરેને નિમંત્રણ કરતા હોય તેમ પૂજા કરી. ૩૨.

**સુ.**- વિધિપૂર્વક કર્યું, તે કહેવાને 'વાચયિત્વા સ્વસ્ત્યયનમ્' એમ કહ્યું, સ્વસ્તિવાચન એટલે પુણ્યાહવાચન (પુણ્યાહ-પવિત્ર દિવસ). પછી જેઓ પૂજ્ય હતા તેમની પૂજા કરી, જે પ્રકારે ગ્રહોને નિમંત્રણ કરવામાં આવે છે તેવો પ્રકાર આમાં સમજવો.

**ઉપહૃત્ય બલીન્ સર્વાનાદતા યવસં ગવામ્ ।।**
**ગોધનાનિ પુરસ્કૃત્ય ગિરિં ચક્રુઃ પ્રદક્ષિણમ્ ।।૩૩।।**

સર્વને બલિ અર્પણ કરીને, (ગ્રહોને, દિગ્દેવતાઓને, જેમ ભગવાને કહ્યું હતું, તે પ્રકારે સર્વને બલિ અર્પણ કરીને), ગાયોને ઘાસ આપ્યા પછી, પોતે આદરયુક્ત થઈને, ગાયોને આગળ કરીને ગિરિની પ્રદક્ષિણા કરી. ૩૩.

**સુ.**– પછી સર્વ બલિ સમીપ લાવીને, ગ્રહોને, દિશાઓના દેવતાઓને અને તેમના આશ્રિતોને, જેમ ભગવાને કહ્યું હતું તે પ્રકારથી બલિ આપીને, એટલે પૂજાના પ્રકારો કરીને અને ભેટ આપીને, પછી પોતે આદરયુક્ત થઈને ગાયોને આગળ કરીને ગિરિગોવર્ધનની પ્રદક્ષિણા કરી. સારી રીતે દક્ષિણમાં એટલે જમણા હાથ તરફ ગિરિ પર્વત રહે તે પ્રમાણે પ્રદક્ષિણા કરી. જો કે સામાન્ય રીતે કહેવાથી જ વિશેષ આવી જાય છે, તો પણ કાંઈ પણ ઓછું (બાકી) રાખ્યું નહિ, અને કાંઈ પણ ઓછું ન રહે તે પ્રકારે કર્યું, એમ કહેવાને પ્રદક્ષિણાનો વિશેષ કહ્યો.

**સુ.**– પ્રદક્ષિણામાં વિશેષ 'અનાંસિ' એ શ્લોકથી કહે છેઃ

**અનાંસ્યનડુદ્યુક્તાનિ તે ચારુહ્ય સ્વલઙ્કૃતાઃ ।।**
**ગોપ્યશ્ચ કૃષ્ણવીર્યાણિ ગાયન્ત્યઃ સદ્દ્વિજાશિષઃ ।।૩૪।।**

તે ગોપાલોએ સારા અલંકાર ધારણ કરીને, ગાડાંઓને બળદ જોડીને, અને તેમને પણ સારી રીતે શણગારીને, તે ગાડાંઓમાં બેસીને પ્રદક્ષિણા કરી, અને ગોપીઓએ અને બીજી સ્ત્રીઓએ પણ અલંકાર ધારણ કરીને અને ગાડાંમાં બેસીને કૃષ્ણના પરાક્રમો ગાતાં ગાતાં સારા બ્રાહ્મણોના અથવા ભગવદીઓના અને બ્રાહ્મણોના આશીર્વાદ પ્રાપ્ત કરીને પ્રદક્ષિણા કરી. ૩૪.

**સુ.**– જો ગાડાંઓમાં ન જાય તો ક્લેશ થાય, અને ભગવાનમાં ચિત્ત રહે નહિ, તેથી ગાડાંને બળદ જોડ્યા. પછી ગાડાંને શણગાર્યા, તેમ બળદને પણ શણગાર્યા. તે ગોપાલોએ તે ગાડાંઓ ઉપર ચઢીને, શ્લોકમાં 'ચ'કાર મૂક્યો છે તેથી કેટલાએક પોતે ગાડાંઓમાં ન બેસતાં બીજાઓને બેસાડી, સારી રીતે અલંકાર ધારણ કર્યા કે જે અલંકાર નીચે પડી ન જાય તેવા. અને ગોપીઓએ પણ ગાડાંમાં બેસીને પ્રદક્ષિણા કરી એવો સંબંધ છે. શ્લોકમાં 'ચ' મૂક્યો છે તેથી બીજી સ્ત્રીઓ (બ્રાહ્મણ, ક્ષત્રિય વિગેરેની) પણ સમજવી. કૃષ્ણ–સદાનંદ જેમણે પોતાને માટે જ અવતાર લીધો હતો તેમના પૂતનાને મારવા વિગેરે પરાક્રમો ગાવા લાગ્યાં, આથી (ગાતાં હતાં તેથી) આ કાર્યમાં (પ્રદક્ષિણામાં) શરીરની વિકલતા ન હતી એમ સૂચવ્યું. બ્રાહ્મણોના આશીર્વાદ સત્ય થયા, અથવા સારા બ્રાહ્મણોના અથવા ભગવદીઓ અને બ્રાહ્મણોના આશીર્વાદ સત્ય થયા. આથી એમ નિરૂપણ કર્યું કે આ યજ્ઞની અંદર બ્રાહ્મણોને અને સ્ત્રીઓને ઘણો સંતોષ થયો.

**યો.**– 'અનડુહશ્ચ' એનો સંબંધ 'આરુહ્ય'ની સાથે છે તેથી એને બીજી વિભક્તિ સમજવી. તે ગાડાંઓ ઉપર ચઢીને ગયા એમ સંબંધ છે.

**સુ.**– તેઓ પ્રાકૃત એટલે સામાન્ય હતા, ગોવાળીઆઓને તો જે જુવે તેના

પર જ વિશ્વાસ આવે, તેથી તેમને વિશ્વાસ આવે તે માટે ભગવાને બીજું રૂપ ધારણ કર્યું, તે 'કૃષ્ણસ્તુ' એ શ્લોકથી કહે છેઃ

**કૃષ્ણસ્ત્વન્યતમં રૂપં ગોપવિશ્રમ્ભણં ગતઃ ।।**
**શૈલોસ્મીતિ વદન્ ભૂરિ બલિમાદદ્ બૃહદ્વપુઃ ।।૩૫।।**

કૃષ્ણે પોતાથી તદ્દન જુદું સ્થૂલરૂપ ધારણ કરીને, ગોપોનો વિશ્વાસ મેળવીને, હું ગોવર્ધન પર્વત છું, એમ કહેતા પુષ્કલ બલિનું (પકવાન્નનું) ભોજન કર્યું. ૩૫.

**સુ.**– આ રૂપથી જે અત્યંત જુદું હોય તેવું વિલક્ષણરૂપ ધારણ કર્યું. અતિસ્થૂલ પોતે થયા. આ ભગવાનનું એક બીજું જ રૂપ હતું. એ રૂપ પર્વતનું આધિદૈવિક રૂપ નહિ હતું તે જણાવવાને 'તુ' શબ્દ મૂક્યો છે. ગોપોનો વિશ્વાસ પોતે મેળવીને, તેવા દેખી શકાય એવા રૂપમાં તે ગોપોને વિશ્વાસ હતો માટે એ વિશ્વાસ ભગવાન્ તરફ જ હતો એમ સમજવું. તે બલિનો પોતે ભોગ કર્યો, ત્યારે ગોપોએ પૂછ્યું કે તમે કોણ છો? ત્યારે પોતે કહ્યું કે હું પર્વત છું. 'ઈતિ' શબ્દ પ્રકારના અર્થમાં છે. કોઈને કહ્યું કે હું ગોવર્ધન છું, કોઈને કહ્યું કે હું શૈલ છું, કોઈને કહ્યું કે હું પર્વત છું, એમ કહેતા બલિ–પકવાન્ન વિગેરેનું પુષ્કળ ભોજન કર્યું, અને પર્વતમાં રહેલા સર્વને તૃપ્ત કર્યા.

**યો.**– 'આધિદૈવિકં રૂપમ્' વિગેરે. ગોવર્ધનનું આધિદૈવિક રૂપ આ ન હતું, પણ આ તો શ્રીગોવર્ધનને વિષે વાસ કરનાર શુદ્ધ પુષ્ટિપુરુષોત્તમનું સ્વરૂપ હતું. અહિં ગોવર્ધનને વિષે નિવાસ કરનાર પુરુષોત્તમના સ્વરૂપનું અને નંદરાજકુમારરૂપ પુરુષોત્તમનું બંને રૂપનું સાથે જ ભોજન સમજવું, કારણ કે બંને રૂપ એક જ છે, એટલે નંદરાજકુમાર એવું એક રૂપ ગોપોને ગોવર્ધન વિષે નિવાસ કરનાર સ્વરૂપની પૂજા શિખવતા પોતે ગોવર્ધનની પૂજા કરે છે, તે શિખવનાર સ્વરૂપને વિષે નંદને પુત્રભાવ દઢ છે, તેથી આ દેવ પુત્રનું કલ્યાણ કરો, એવી બુદ્ધિથી નંદરાય પોતે ગોવર્ધનની પૂજા કરતા પોતાના બાલક શ્રીકૃષ્ણ પાસે તેની પૂજા કરાવે છે, તેથી આ લીલા અને આ ભાવનો આશ્રય લઈને અમારા માર્ગમાં શ્રીનવનીતપ્રિયજી ભગવાન્ ગોવર્ધનની પૂજા કરે છે. નંદરાજકુમાર અને ગોવર્ધનને વિષે સ્થિતિ કરનાર સ્વરૂપ બંનેનું સાથે ભોજન હોવાથી ગોકુલસ્થ અને ગોવર્ધનસ્થ બંને સ્વરૂપોની એક જ સ્થલે ભોજનલીલા જણાવવાને શ્રીવિઠ્ઠલેશ્વરે ભગવદાજ્ઞા મેળવીને શ્રીનવનીતપ્રિયાદિ સ્વરૂપોને શ્રીગોકુલથી પધરાવીને શ્રીગોવર્ધનધરની સાથે અન્નકુટોત્સવમાં સ્થાપન કર્યાં, અને તે સ્વરૂપો સાથે જ ભોજન કરે છે. શ્રીમદ્ભાગવતની રીતે ગોકુલસ્થ પુરુષોત્તમસ્વરૂપ અને ગોવર્ધનસ્થ પુરુષોત્તમસ્વરૂપ એ બંનેનું સાથે ભોજન હોવાથી બે રૂપ થયાં, એ પ્રકારે જુદું જુદું દર્શન કહ્યું.

સુ.– પછી કેટલાકને સંદેહ પણ થાય તેથી બધાને બતાવીને નમસ્કાર કરે

છે, તે 'તસ્મૈ' એ શ્લોકથી કહે છેઃ

**તસ્મૈ નમો વ્રજજનૈઃ સહ ચક્રેત્મનાત્મને ।।**
**અહો પશ્યત શૈલોસૌ રૂપી નોનુગ્રહં વ્યધાત્ ।।૩૬।।**

વ્રજજનોની સાથે તે પોતારૂપી પર્વતને પોતે નમસ્કાર કર્યા, અને કહ્યું કે અહો જુઓ, આ ભગવાન્ શૈલ છે, તેમણે રૂપ ધારણ કરીને, આપણા ઉપર મોટો ઉપકાર કર્યો. ૩૬.

**સુ.**– વ્રજજનોની સાથે તેને (શૈલરૂપને) નમસ્કાર કર્યા, પોતે પોતાને જ નમસ્કાર કર્યા. 'ચક્રે' અને 'આત્મના' એ બે પદ વચ્ચેનો 'આ' વૈદિક પ્રક્રિયાથી લુપ્ત–ઉડી ગયો છે. 'આત્મના' એટલે પોતે જ, બીજા કોઈ મારફત નહિ. સ્વરૂપને જ સાધન તરીકે વાપરીને તે તે સ્થલે રહેલી માયા દૂર કરી, તે જણાવવાને 'આત્મને' એટલે પોતાને એમ કહ્યું. સર્વથા 'તે જ આ છે' (ભગવાન્ પોતે જ ગોવર્ધન છે) એમ વચન પણ 'અહો પશ્યત' અહો જુઓ–વિગેરેથી કહે છે. આ ભગવાન્ પર્વત છે. કારણ કે ભગવાન્ સર્વાત્મક છે, કેમ કે આનંદમયનું બીજ સર્વાત્મક છે, તેથી તેના નામથી જ તેનો ઉપદેશ કરે છે. 'પશ્યત' એટલે જુઓ, એમ જે ભગવાન્ પ્રબોધ કરે છે, તે વિશેષ જણાવવાને માટે છે. જે વસ્તુ પ્રમાણને અધીન છે, તેમાં પણ સાવધાન કરવાને માટે જ, જુઓ એમ વિધિ કહ્યો તે યોગ્ય જ છે, કદાચ એમ શંકા થાય કે ગોવર્ધન પર્વત તો જુદો દેખાય છે, તો પછી આ ભગવાન્ તે જ પર્વત એમ કેમ કહેવાય? તેના સમાધાનમાં કહે છે કે આ ભગવાન્ રૂપવાન્ એટલે ઈચ્છામાં આવે એવું રૂપ ધારણ કરનાર છે. તેથી તમને સંતોષ આપવાને માટે આવું રૂપ ધારણ કરીને ભોજન કરે છે. આ પણ (ઈચ્છામાં આવે એવું રૂપ ધારણ કરવું તે પણ) આનંદરૂપ ભગવાનમાં જ સંભવે છે, કારણ ઉપર કહ્યું તે પ્રમાણે આનંદરૂપ ભગવાન જ સર્વનું બીજ છે. વળી આપણા ઉપર અનુગ્રહ કર્યો, કારણ કે આપણે જે પદાર્થો આપ્યા તે સર્વનો સ્વીકાર કર્યો, નહિ તો માત્ર દર્શન આપત, ભોગ કરત નહિ, 'નઃ' એટલે આપણા ઉપર, એમ જે સામાન્ય વચન કહ્યું તેનું નમસ્કારની માફક સમર્થન કરવું.

**લે.**– 'તથાત્વાત્' એટલે 'ભગવત્ત્વાત્' ભગવાન્ હોવાથી. આનંદમાંથી સર્વ ઉત્પન્ન થાય છે વિગેરે શ્રુતિમાં 'આનંદમય સર્વનું બીજ છે' એમ કહ્યું તે આનંદમય ભગવદ્રૂપ છે, તેથી સર્વ નામ વડે ભગવાનનો જ ઉપદેશ છે. 'એતદપિ' આ પણ વિગેરે. આનંદ બીજ હોવાથી અને બીજ સર્વથી સૂક્ષ્મ હોવાથી તેનું કાર્ય કામરૂપપણું એટલે ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરવું તે યુક્ત જ છે. 'નમસ્કારવત્' નમસ્કારની માફક, જેમ પોતે પોતાને જ નમન કર્યું તેમ પોતે પોતાના ઉપર જ અનુગ્રહ કર્યો એવો અર્થ છે.

યો.– 'આત્મનાત્મને' વિગેરે. આથી આ સમજવું કે ભગવાને પોતે એક સ્વરૂપથી નંદરાયની સાથે રહીને ગોવર્ધનમાં રહેલા પોતાના બીજા સ્વરૂપને નમસ્કાર કર્યા. આથી સર્વ વ્રજવાસીઓની માયા અથવા સ્નેહ શ્રીકૃષ્ણમાં જ હતો, પરંતુ નંદરાજકુમાર તરીકે હતો. શ્રીકૃષ્ણને વિષે દેવભાવ ન હતો તેથી દેવભાવથી તેઓ બીજાનું ભજન કરશે તો ભગવાનમાં નિરોધ સિદ્ધ થશે નહિ, તેથી દેવભાવનું સ્થાપન પણ પોતામાં કરવા માટે પોતે પણ ગોવર્ધનની પૂજા કરી. આ લીલાથી એમ સિદ્ધ થયું કે વ્રજવાસીઓનો દેવ ગોવર્ધન પર્વતમાં રહેલા ભગવાન્ પુરુષોત્તમ છે, તેથી જ ગોવર્ધનનાથ અમારા સિદ્ધાંતમાં–પુષ્ટિમાર્ગમાં દેવ છે, તેથી તેમને વિષે જ દેવ તરીકે વ્યવહાર થાય છે. દેવમંદિરની માફક ત્યાં ધ્વજા વિગેરે સ્થાપન કરવામાં આવે છે, એમ પુષ્ટિમાર્ગીઓએ ભાવના કરવી. શંકા– ગોવર્ધન પર્વત જુદો દેખાય છે, તો પછી ભગવાને પોતાના સ્વરૂપને 'અસૌ શૈલઃ' એમ કહીને શૈલ કેમ કહ્યો? તેનો ઉત્તર કહે છે કે 'અસૌ' એટલે ભગવાન્ 'શૈલઃ' એટલે પર્વત છે. તેનો હેતુ એ છે કે ભગવાન્ સર્વાત્મક છે, '' 'એતદાત્મ્યમિદં સર્વમ્'–આ સર્વ જગત્ તે આત્મા અથવા ભગવન્મય છે.'' '' 'પુરુષ એવ ઈદં સર્વં, સ સર્વં ભવતિ'–પુરુષ એટલે ભગવાન જ આ સર્વ જગત્ છે. તે ભગવાન જ સર્વ જગતરૂપ થાય છે'' વિગેરે શ્રુતિઓમાં ભગવાનનું સર્વાત્મકપણું સ્પષ્ટ કહેલું છે, તે જ વાત આગળ પ્રતિપાદન કરે છે કે આનંદમય બીજ સર્વાત્મક છે. '' 'એતમાનંદમયમાત્માનમુપ-સંક્રામતિ'–આ આનંદમય આત્માને પામે છે.'' એ શ્રુતિથી આ આનંદમય છે. આનંદમય બીજ છે, કારણ કે આનંદમય સર્વનું કારણ છે. '' 'તસ્માદ્ વા એતસ્માદાત્મનઃ આકાશઃ સંભૂતઃ'–તે અથવા આ આત્મામાંથી જ આકાશ ઉત્પન્ન થયું.'' '' 'આનંદાત્ હિ એવ ખલુ ઈમાનિ ભૂતાનિ જાયન્તે'–આનંદમાંથી જ ખરેખર આ ભૂત(પ્રાણી)માત્ર ઉત્પન્ન થાય છે.'' આ શ્રુતિઓમાં આનંદમયને સૃષ્ટિનું કારણ કહેલું હોવાથી આનંદમય સર્વનું બીજ છે એમ સમજવું, બીજ સમવાયી કારણ હોવાથી કાર્ય પણ તદ્રૂપ જ થયું, તેથી જે ભગવાન્ કારણરૂપ છે તે જ ભગવાન્ શૈલરૂપ પણ છે, તેથી તેને (ભગવાનને) શૈલ કહેવા તે યુક્ત જ છે. 'નમસ્કારવત્ સમર્થનીયા'–નમસ્કારની માફક સમર્થન કરવું. જેમ પોતે શૈલરૂપ પોતાને નમસ્કાર કર્યા, કે જેથી તે વ્રજવાસીઓને તે શૈલરૂપ સ્વરૂપમાં માહાત્મ્યજ્ઞાન થાય, તેમ જ માહાત્મ્યજ્ઞાન ઉત્પન્ન કરવાને માટે આપણા ઉપર અનુગ્રહ કર્યો એમ કહ્યું, એટલે વ્રજવાસીઓ જેમના ઉપર અનુગ્રહ થયો તેમાં ભગવાને પોતાને પણ ગણ્યા.

**સુ.**– એ પ્રકારે તેમનું સ્વરૂપ કહીને આગળ પણ તેમના ભજનની સિદ્ધિને માટે પ્રાર્થના કરો એમ 'એષઃ' એ શ્લોકથી કહે છેઃ

**એષોવજાનતો મર્ત્યાન્ કામરૂપી વનૌકસઃ ।।**
**હન્તિ હ્યસ્મૈ નમસ્યામઃ શર્મણે આત્મનો ગવામ્ ।।૩૭।।**

જે વનવાસીઓ મરણધર્મવાળા હોવા છતાં આ ગોવર્ધનનું અપમાન કરે,

તેનો યથેચ્છરૂપ ધારણ કરનાર એ નાશ કરે જ. માટે એવા મોટાને આપણા અને ગાયોના કલ્યાણ માટે આપણે નમસ્કાર કરીએ. ૩૭.

**સુ.**– જો પ્રાર્થના ન કરે તો તેમાં જે બાધક થાય તે કહેતા માત્ર અવજ્ઞા કરવાથી પણ જે બાધક થાય તે કહે છે. જે કોઈ આની અવજ્ઞા કરે, 'તે શું કરવાનો છે' એમ કહે, એવા મનુષ્યને એટલે મરણ જેનો ધર્મ જ છે એવાને આ અપમાન બહુ અનિષ્ટ નિવડે છે, ઈષ્ટ અને અનિષ્ટની વાત તો દૂર રહી વસ્તુતઃ એ તેનો નાશ જ કરે છે, તેના નાશ કરવાનું સામર્થ્ય અને નાશ કરવાનો પ્રકાર કહે છે, કે તે ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરી શકે છે, તેથી શસ્ત્રી-શસ્ત્રવાળો પણ થાય છે, વાઘ પણ થાય છે, સિંહ પણ થાય છે, તેનાથી દૂર નાસી જવું અશક્ય છે, કારણ કે આપણે સર્વ વનવાસી છીએ-વન જ આપણું નિવાસ સ્થાન છે, તેથી એવાઓને એ હણે છે જ. તેનાથી બચવાનો ઉપાય કહે છે કે આપણે એને નમસ્કાર કરીએ. પોતે છેતરતા નથી તે જણાવવાને માટે નમસ્કારમાં પોતે પણ સામેલ થાય છે. આ હેતુવાદ છે. તેથી બીજાનો નિષેધ કરવામાં જ તાત્પર્ય છે, માટે અત્યંત આગ્રહ કરવાની જરુર નથી; આપણા અને ગાયોના કલ્યાણ માટે નમસ્કાર કરવા, કેમ કે વાઘ વિગેરેનો ભય બંને ને ઉપદ્રવ કરે છે. મોટાઓને પ્રતિવિધિ-બદલો માત્ર નમસ્કારથી જ આપી શકાય, તેથી 'હિ' શબ્દ મૂક્યો છે. એ પ્રકારે આગળ જતાં પણ આ પ્રકારે કરાવવાની સિદ્ધિને માટે (ગોવર્ધનયાગ હમેશાં વ્રજવાસીઓ કર્યા કરે તેને માટે) અને એનો જો ત્યાગ કરે તો ભય ઉત્પન્ન કરવાને માટે ભગવાને આ પ્રમાણે વચનો કહ્યાં, અને ઈશ્વરનાં વાક્યો હોવાથી થાય પણ તેમ જ. (ગોવર્ધનનું અપમાન માત્ર કરે તો તેનો નાશ થાય જ).

**સુ.**– એ પ્રકારે ગોવર્ધનયાગ કરાવીને પાછા પોતાના સ્થાને લઈ ગયા એમ ઉપસંહાર 'ઈતિ' એ શ્લોકથી કરે છેઃ

**ઈત્યદ્રિગોદ્વિજમખં વાસુદેવપ્રણોદિતાઃ ।।**
**યથા વિધાય તે ગોપાઃ સહકૃષ્ણા વ્રજં યયુઃ ।।૩૮।।**

તે ગોપો વાસુદેવરૂપી ભગવાનથી સારી રીતે પ્રેરણા પામેલા ગોવર્ધન, ગાયો અને બ્રાહ્મણોનો વૈષ્ણવયજ્ઞ, જેવી પ્રેરણા થઈ તે પ્રમાણે કરીને, કૃષ્ણ જે ફલરૂપ હતા, તેમની સાથે વ્રજમાં ગયા. ૩૮.

**સુ.**– ગોવર્ધન, ગાય અને બ્રાહ્મણોનો યજ્ઞ કે જે વૈષ્ણવયજ્ઞ છે તે કરાવીને. વાસુદેવથી જ જેમને સારી રીતે પ્રેરણા થએલી છે એવા, એટલે વિશેષ રીતે જ્યાં જ્યાં જેમ જેમ કરવાનું હતું તેમ તેમ વાસુદેવના બોધથી ભગવદાવેશથી આ સર્વ કરીને, ફરીથી તેઓ ગોપ માત્ર થઈને, ફલસહિત એટલે ભગવાન્ સહિત પાછા

વ્રજમાં પોતાના સ્થાનમાં ગયા, અંતે જેવા પ્રથમ હતા તેવા જ થયા એમ કહ્યું, નહિ તો આ સર્વથી કાંઈ બીજું જ ફલ થયું હશે એવી શંકા થાય, તેથી પ્રથમ જેવા હતા તેવા થઈને પાછા ગયા એમ કહ્યું.

**ટિ.**– 'વાસુદેવપ્રચોદિતાઃ' – વાસુદેવના બોધથી. અહિં ભગવાનને વાસુદેવ કહ્યા છે, તેનો અર્થ એ કે શુદ્ધ સત્ત્વાકાર અંતઃકરણ ગોપોનું કરીને, કર્મમાં ઉપયોગી શ્રદ્ધા, સામર્થ્ય વિગેરેમાં ઉપયોગી થવાને માટે ત્યાં પ્રકટ થઈને સર્વે પોતે કરાવ્યું, એ આશયથી 'વાસુદેવપ્રચોદિતાઃ' એમ કહ્યું છે. પ્રેરણા કરવામાં પ્રકર્ષ–અતિશયપણું પણ આ જ (પોતે તેમના અંતઃકરણમાં પ્રવેશ કરીને સર્વે કરાવ્યું). જો એમ ન હોય તો 'પ્રચોદિતાઃ' એમ કહેત નહિ. આગળ પાછા જતી વખતે ગોપો જ મુખ્ય હતા અને પ્રભુ પોતે ગૌણ થઈ ગયા હતા, એટલે તે સમયે ભગવાનનો આવેશ તેમનામાં ન હતો એમ સૂચન કર્યું, તે બંનેનું તાત્પર્ય 'ભગવદાવેશેનૈતત્–ભગવદાવેશથી આ સર્વ' એ પદથી જણાવ્યું.

**આ પ્રમાણે શ્રીભાગવત સુબોધિનીમાં**
**શ્રીમદ્વલ્લભદીક્ષિતવિરચિત દશમસ્કંધના વિવરણમાં**
**બીજા તામસ પ્રકરણના અવાન્તર પ્રકરણ સાધનપ્રકરણના યશ નિરૂપક**
**૨૧મા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ થયું.**

# ।। અધ્યાય બાવીસ ।।

## ભગવાને ઈન્દ્રના માનનો ભંગ કર્યો

**કારિકાર્થઃ**- આ હેતુશાસ્ત્ર છે કેમ કે તે દૃષ્ટાર્થને માટે ઉપયોગી થાય છે, હેતુશાસ્ત્ર વિનાનું બીજું શાસ્ત્ર અદૃષ્ટાર્થ કહેવાય છે, એ બંનેનો નિશ્ચય કહેવામાં આવે છે. કા.૧.

(હેતુશાસ્ત્ર-અમુક ફલ પ્રાપ્ત થતું આપણને અમુક કાર્યથી દેખાય છે, માટે તે કાર્ય કરવું તેનું નામ હેતુશાસ્ત્ર. એનું ફલ સ્પષ્ટ માલુમ પડે છે માટે હેતુશાસ્ત્ર દૃષ્ટાર્થ કહેવાય છે. વેદમાં કહ્યું છે તેથી કરવું, તેનું પરિણામ-ફલ સ્પષ્ટ દેખાય કે નહિ, એમ જે શિખવે તે બીજું શાસ્ત્ર, એટલે હેતુશાસ્ત્રનું વિરોધી કહેવાય અને તેનું ફલ અદૃષ્ટ હોય છે, એટલે સ્પષ્ટ દેખાતું નથી.)

**ટિ.**- 'તદ્ જ્ઞાપયતિ નિશ્ચિતમ્'-તેનો (એ બંનેનો) નિશ્ચય કહેવામાં આવે છે. જે કર્મનું ફલ સ્પષ્ટ દેખાય છે તે કર્મનો અધિષ્ઠાતા ઈન્દ્ર સ્પષ્ટ દેખાય એવું અનિષ્ટ ઉત્પન્ન કરીને તેના દ્વારા પોતાના યજ્ઞનો ત્યાગ થએલો હોવાથી પોતાનો પ્રભાવ જણાવે છે.

હૈતુક યજ્ઞમાં આ ઈન્દ્ર ફલનો ભોગ કરનાર હતો તેણે વૃષ્ટિરૂપી વિઘ્ન કર્યું, તેથી કૃષ્ણ ગોવર્ધનધારી થયા. કા.૨.

બંને હૈતુક હોવાથી ભગવાને આ પ્રમાણે કર્યું, નિષિદ્ધના ભોગ કરનારની બુદ્ધિ સર્વથા નાશ પામે છે. કા.૩.

**ટિ.**- 'ઉભયોર્હૈતુકત્વાર્થમ્'-બંને હૈતુક હોવાથી, ભગવાન્ પાસે સ્પષ્ટ દેખાય નહિ એવાં અનેક સાધન હોવા છતાં પણ ગોવર્ધનરૂપી સ્પષ્ટ દેખાતા સાધનથી જ રક્ષણ કરવાનું તાત્પર્ય કહે છે કે બંને હૈતુકત્વવાળા હોવાથી અ.૨૧ શ્લોક ૧૦માં જેમ નંદરાયજીએ કહ્યું હતું કે 'તચ્છેષેણ ઉપજીવન્તિ'-તેના બાકી રહેલા ભાગથી જીવે છે, તેથી પોતાનું જીવન જેના ઉપર આધાર રાખે છે એવું અન્ન ઉત્પન્ન કરનાર ઈન્દ્રનો યાગ કરવો જોઈએ, તેમ જ ભગવાને પણ (અ.૨૧ શ્લોક. ૨૪માં) કહ્યું હતું કે આપણે તો હમેશાં ગાય પર વૃત્તિ કરનારા છીએ, વન અને પર્વત પર નિવાસ કરનારા છીએ તેથી ગાય, પર્વત વિગેરે ઉપર આપણું જીવન હોવાથી ગાય પર્વત વિગેરેનો યજ્ઞ શરુ કરો, માટે આ બંને હૈતુક છે એમ કહ્યું, એટલે જેમ હેતુ માટે તમે ઈન્દ્રનો યાગ કરવા કહો છો, તેમ જ હેતુને માટે જ ઈન્દ્રનો યાગ ન કરતાં આપણે ગાયો, પર્વત વિગેરેનો યાગ કરવો જોઈએ. 'એવં ભગવતા કૃતમ્'-ભગવાને આ પ્રમાણે કર્યું, એટલે બીજાને સ્પષ્ટ લાગે કે આ અનિષ્ટ થયું, તેમ જ બીજાને સ્પષ્ટ દેખાય તે પ્રમાણે દૃષ્ટ સાધનથી જ ભગવાને તે અનિષ્ટનું નિવારણ કર્યું. વસ્તુતઃ હું મારા સ્વાત્મયોગથી રક્ષણ કરીશ એમ કહેલું હોવાથી ખરેખરું રક્ષણ તો સ્વાત્મયોગથી જ કરેલું છે, પણ બીજાને એવી પ્રતીતિ થાય કે ગોવર્ધન ધારણ કરીને રક્ષણ

કર્યું, તેથી પોતે ગોવર્ધન ધારણ કર્યો એવો અર્થ છે. જો એમ ન કરત તો 'મારા આત્મયોગથી હું રક્ષણ કરીશ' એ પદનો વિરોધ આવત. સાર એ છે કે જે રૂપે ભગવાને યજ્ઞનો ભોગ કર્યો તે રૂપથી જ રક્ષણ કર્યું.

તે જણાવવાને માટે ઈન્દ્રનાં મહામોહનાં વાક્યો ખાસ કરીને બાવીશમા અધ્યાયમાં કહેવામાં આવ્યાં છે, અને કૃષ્ણે ઈન્દ્રથી પુષ્કલ પીડાએલા વ્રજનું ગોવર્ધન ધારણ કરીને સારી રીતે પાલન કર્યું, તે પણ કહ્યું છે. કા. ૪-૪॥.

**॥કારિકાર્થ સંપૂર્ણ॥**

**સુ.**- ગયા અધ્યાયમાં ઈન્દ્રના યાગનો ભંગ નિરૂપણ કર્યો. તે કારણથી ક્રોધ પામેલો ઈન્દ્ર વ્રજને પીડા કરવાને માટે વૃષ્ટિ કરે છે, તે 'ઈન્દ્રઃ' વિગેરેથી શરુ થતા દશ શ્લોકથી કહે છે.

**કારિકાર્થઃ**- પહેલા શ્લોકમાં ક્રોધ, બીજા શ્લોકમાં ઉદ્યમ, ત્રીજાથી છઠ્ઠા શ્લોક સુધીમાં ઈન્દ્રનાં વાક્યો, સાતમા શ્લોકમાં ઉપરના છ શ્લોકોનું, આઠમા, નવમા અને દશમા શ્લોકની સાથે સંધાન, આઠમા શ્લોકમાં પીડા, નવમા શ્લોકમાં હેતુ, અને દશમા શ્લોકમાં ફલ, એમ આ દશ શ્લોકોનો અર્થ સમજવો. કા. ૧.

**ટિ.**- 'સર્વનાશનાત્' ઈન્દ્રના સર્વ પુરુષાર્થનો નાશ થએલો હોવાથી, શ્લોકોની સંખ્યા દશ કહી. (ઐશ્વર્ય, વીર્ય, શ્રી, યશ, જ્ઞાન અને વૈરાગ્ય) છ ગુણ અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ મળી કુલ્લે દશનો નાશ થવાથી શ્લોકની સંખ્યા પણ દશ કહી.

**યો.**- 'ઈન્દ્રસ્તદા' એ શ્લોકમાં ક્રોધ, 'ગણં સંવર્તકમ્' એ શ્લોકમાં ઉદ્યમ, પછી ચાર શ્લોકથી ઈન્દ્રનાં વાક્યો. તેમાં ક્રમ નીચે પ્રમાણે. 'અહો શ્રીમદમાહાત્મ્યમ્' એ એક, 'યથાદૃઢૈઃ' એ બીજું, 'વાચાલમ્' એ ત્રીજું, 'એષાં શ્રિયાવલિપ્તાનામ્' એ ચોથું, એ પ્રમાણે ચાર વાક્યો. પછી 'અહં ચૈરાવતમ્' એ શ્લોક મેઘો વ્રજમાં આવ્યા પછી વ્રજનાં નાશ માટે ઈન્દ્રનું આવવું છે તેને માટે કહ્યો. અંતે ઈન્દ્ર વ્રજના નાશને માટે આવે છે, તેનું સંધાન આ ૭મો શ્લોક કરી આપે છે, માટે આ સંધિનો શ્લોક કહેવાય છે. 'અહો શ્રીમદમાહાત્મ્યમ્'થી શરુ થતા ચાર શ્લોક 'ઈત્થં મઘવતાજ્ઞપ્તા'થી શરુ થતા ત્રણ શ્લોકની સાથે સંધિ (જોડાણ) કરી આપે છે, માટે એ સાતમો શ્લોક સંધિ શબ્દથી કહેવાય છે. ત્રીજાથી શરુ થતા ચાર શ્લોકનાં વાક્યો, આઠમા શ્લોકથી શરુ થતા ત્રણ શ્લોકનાં વાક્યોની સાથે સંધાન કરતા ઈન્દ્રે સાતમો શ્લોક કહ્યો, માટે ઈન્દ્રનું વ્રજમાં આવવું એ સંધિરૂપ છે. પછી આઠમાથી પીડા કહી, નવમાથી પીડાનો હેતુ કહ્યો, દશમાથી વૃષ્ટિનું ફલ કહ્યું, આ પ્રમાણે દશ શ્લોક છે. ક્રોધ અને ઉદ્યમના બે, પછી ઈન્દ્રવાક્યને નિરૂપણ કરનાર ચાર, એ

પ્રમાણે છ શ્લોક, ત્યાર પછી સાતમો સંધિ શ્લોક, ત્યાર પછી આઠમો શ્લોક પીડા નિરૂપણ કરનાર, નવમો હેતુ નિરૂપણ કરનાર અને દશમો ફલ નિરૂપણ કરનાર, એમ દશ શ્લોક. એમ શંકા ન કરવી કે કારિકામાં પીડા, હેતુ અને ફલ પહેલાં કહેલાં છે અને સંધિ પાછળથી કહી છે, માટે સાતમો શ્લોક સંધિનો ગણીને પાછળના આઠ, નવ અને દશ, પીડા, હેતુ અને ફલ ગણવામાં કારિકાનો વિરોધ આવે છે, કેમ કે સાતમા શ્લોકમાં જે સંધિ કહી તેની પહેલાં જ 'તમે પીડા કરો, વર્ષાધારા કરો, જલના સમૂહથી પૃથ્વીને દુબાડી દો' એમ ઈન્દ્રે મેઘોને આજ્ઞા કરી તેથી કારિકામાં પીડા, હેતુ અને ફલ સંધિ પહેલાં કહ્યું તે બરાબર જ છે. ઈન્દ્રે પીડા, હેતુ અને ફલ કહીને હું ઐરાવત નાગ (હસ્તિ) પર આરોહણ કરીને પાછળથી વ્રજમાં આવીશ એમ સંધાન કહ્યું, એમ કારિકાનો અર્થ ફલિત થાય છે. જો કે પીડા, હેતુ અને ફલ ઈન્દ્રના વચનમાં મૂલમાં પ્રાપ્ત થતાં નથી, તો પણ આઠમા વિગેરે શ્લોકોમાં મેઘે કરેલી પીડા, હેતુ અને ફલ પ્રાપ્ત થાય છે, તેથી પીડા, હેતુ અને ફલ વ્રજમાં મેઘોએ કર્યાં, તે ઈન્દ્રની આજ્ઞા વિના સંભવે જ નહિ, તેથી ઈન્દ્રનાં વાક્યો પીડા, હેતુ અને ફલ બોધક છે એમ પ્રાપ્ત થાય છે, તેથી ઈન્દ્રે પીડા, હેતુ અને ફલની મેઘોને આજ્ઞા કરી એમ જણાય છે, માટે કારિકાર્થ યોગ્ય જ છે. આઠમા શ્લોકમાં પીડા સ્પષ્ટ જ છે. 'પીડયામાસુરોજસા' એમ શ્લોકમાં જ કહ્યું છે, પીડા કેમ થાય એમ આકાંક્ષા થાય, તો નવમા શ્લોકમાં 'શર્કરાઃ' વૃષ્ટિ પીડાના હેતુ તરીકે નિરૂપણ કરી છે, માટે આ નવમા શ્લોકમાં હેતુનું નિરૂપણ સ્પષ્ટ છે, અને દશમા શ્લોકમાં વ્રજભૂમિને જલમાં ડુબવું એ ફલનું નિરૂપણ સ્પષ્ટ છે. આ પ્રમાણે પીડા, હેતુ અને ફલ જે મેઘોએ કર્યાં એમ શ્રીશુકદેવજીએ કહ્યું છે તે ત્રણે પહેલાં ઈન્દ્રે મેઘોને આજ્ઞારૂપે કહ્યાં. આ પ્રમાણે સર્વ સારી રીતે બેસી જાય છે.

**સુ.**– પહેલાં તેનો ક્રોધ 'ઈન્દ્ર' એ શ્લોકથી કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ।।

**ઈન્દ્રસ્તદાત્મનઃ પૂજાં વિજ્ઞાય વિહતાં નૃપ ।।**

**ગોપેભ્યઃ કૃષ્ણનાથેભ્યો નન્દાદિભ્યશ્ચુકોપ સઃ ।।૧।।**

શ્રીશુકદેવજી કહે છેઃ– પછી હે નૃપ ! તે ઈન્દ્રે કે જેણે નિષિદ્ધ ભાગનો ભોગ કર્યો હતો, તેણે પોતાની પૂજા નાશ પામેલી જાણીને, ગોપો કે જેઓની અંદર નંદ વિગેરે હતા, અને જેઓ કૃષ્ણને પોતાના નાથ માનતા હતા, તેમના ઉપર ક્રોધ કર્યો.૧.

**સુ.**– ગોકુલમાં જવાને સમયે જ પોતાની પૂજા નાશ પામેલી જાણીને. 'નૃપ' એ સંબોધન રાજાઓ એમ જ વર્તે છે તે જણાવવાને માટે છે. ગોપોના ઉપર ક્રોધ કર્યો. શંકા– ગોપો અજ્ઞાની છે, એવા અજ્ઞાનીઓની ઉપર કોપ કરવાનું શું કારણ? ઉત્તર– ગોપો ભલે અજ્ઞાની હોય પણ નંદ તો મોટા છે ને? તે 'નંદાદિભ્યઃ'

એ પદથી કહે છે. (તેમણે શા માટે આવું અનુચિત કરવા દીધું)? શંકા– તો પછી કોપ ઉચિત જ છે. ઉત્તર– કૃષ્ણ એ જ નાથ છે જેમના (ગોપોના) તેથી. (નંદ જેવા મોટાઓએ પણ કૃષ્ણનું જ કહ્યું માનીને પૂજાનો નાશ કર્યો હતો, માટે ઈન્દ્રનો ખાસ કોપ કૃષ્ણ ઉપર હતો.) શંકા– ઈન્દ્ર શુદ્ધ સત્ત્વના પરિણામરૂપ હતો, (દેવ હતો, તેણે આમ શા માટે કર્યું?) તેણે કૃષ્ણ ઉપર કોપ કેમ કર્યો? ઉત્તર– 'સઃ' એ પદથી કહે છે. 'સઃ' એટલે તે ઈન્દ્ર કે જેણે આટલા વર્ષ સુધી નિષિદ્ધ ભાગનો-(નિષિદ્ધ અન્નનો)ભોગ કર્યો હતો તે. (નિષિદ્ધનો ભોગ કરવાથી તેની બુદ્ધિ હણાઈ ગઈ હતી તેથી તેણે કૃષ્ણ ઉપર ક્રોધ કર્યો.)

**સુ.**– માત્ર કોપ જ કર્યો એટલું જ નહિ, કિંતુ પ્રયત્ન પણ કર્યો, તે 'ગણમ્' એ શ્લોકથી કહે છેઃ

**ગણં સંવર્તકં નામ મેઘાનાં ચાન્તકારિણામ્ ।।**
**ઈન્દ્રઃ પ્રાણોદયત્ ક્રુદ્ધો વાક્યં ચાહેશમાન્યુત ।।૨।।**

ક્રોધ પામેલા ઈન્દ્રે પ્રલય કરનાર મેઘોના સમૂહને અને સંવર્તક નામના પ્રસિદ્ધ પ્રલયકારી ગણને પ્રકર્ષથી (વેગથી) મોકલ્યા, અને પોતાને ત્રિલોકીનો ઈશ્વર માનનાર ઈન્દ્ર વાક્ય પણ બોલ્યો. ૨.

**સુ.**– 'ગણ' એટલે બહુનો સંઘાત, 'સંવર્તક' એટલે પ્રલય કરનાર, 'નામ' એ પ્રસિદ્ધિ જણાવનાર છે, તેથી આ સંવર્તક ગણ પ્રલય કરનાર તરીકે પ્રસિદ્ધ છે. એમ શંકા થાય કે જ્યારે એ એકઠા થાય ત્યારે જ એમનામાં નાશ કરવાની શક્તિ આવતી હશે, તે શંકા દૂર કરવાને માટે દરેક મેઘ પ્રલય કર્તા છે તે જણાવવાને 'મેઘાનાં અંતકારિણામ્'-અંત લાવનાર મેઘોના, એ પદો કહે છે. અંત લાવનાર મેઘોના પણ ગણને અને સંવર્તક ગણને મોકલ્યા, એમ થવાથી પ્રત્યેક મેઘ અને મેઘોના સમુદાય થી સામાન્ય રીતે અને વિશેષ રીતે નાશ થાય. તેની આજ્ઞા પાળવી જ જોઈએ તે જણાવવાને 'ઈન્દ્ર' પદ મૂકયું છે. 'ઈદ્' એ ધાતુ પરમ ઐશ્વર્યનું સૂચક છે. પરમ ઐશ્વર્યને પ્રાપ્ત થએલાના વાકયનું ઉલ્લંઘન થઈ શકે જ નહિ, તેથી તે જ સમયે વિચાર કર્યા વિના પ્રકર્ષથી (બહુવેગથી) મોકલી આપ્યા. એમ કરવાનો હેતુ એ હતો કે તેને ક્રોધ ચઢયો હતો, એ પ્રકારે તેનો માનસદોષ કહીને, વચનનો દોષ કહે છે, કે વાક્ય પણ બોલ્યો, કેમ કે આ ઈન્દ્ર પોતાને ઈશ માનતો હતો, હું જ ત્રૈલોક્યનો ઈશ છું એમ પોતાને માનતો હતો. 'ઉત' એટલે વાક્ય પણ બોલ્યો, આથી અત્યંત અયુક્ત એણે કર્યું એમ સૂચવ્યું.

**સુ.**– ચાર શ્લોકથી ઈન્દ્રનું વાક્ય કહે છેઃ

॥ઈન્દ્ર ઉવાચ॥

**અહો શ્રીમદમાહાત્મ્યં ગોપાનાં કાનનૌકસામ્ ॥**
**કૃષ્ણં મર્ત્યમુપાશ્રિત્ય યે ચક્રુર્દેવહેલનમ્ ॥૩॥**

ઈન્દ્ર કહે છેઃ– વનમાં વાસ કરનાર ગોપોનું લક્ષ્મીના મદનું માહાત્મ્ય કેટલું આશ્ચર્યકારક છે? જેમણે મર્ત્ય કૃષ્ણનો સમીપમાં આશ્રય લઈને દેવનું અપમાન કર્યું. ૩.

**સુ.**– ઈન્દ્ર એમ માને છે કે પરંપરાથી સિદ્ધ હૈતુક યજ્ઞનો ત્યાગ ન કરવો જોઈએ, અને નવા આરંભ કરેલાનો ત્યાગ કરવો જોઈએ. 'અહો' એટલે આ બહુ આશ્ચર્ય છે. ગોપો સર્વથા વિવેકરહિત છે, આ પ્રમાણે મર્યાદાનું ઉલ્લંઘન એમણે કેવી રીતે કર્યું? એમ જાણે પોતાના હૃદયમાં જ કહેતો હોય તેમ બોલ્યો. લક્ષ્મીના મદનું માહાત્મ્ય આશ્ચર્યકારક છે, કેમ કે લક્ષ્મીના મદથી, જે ગોપો છે તેઓએ પણ (મારા જેવા) દેવની અવગણના કરી. તેમાં પણ એઓ કાંઈ મોટા નથી, પરંતુ ગોપ માત્ર છે. નથી તેમને સત્સંગ, કે નથી તેમને સારી રીતે દેશમાં સ્થિતિ, કિંતુ આ તો જંગલમાં વસનારા. એવાઓને પણ લક્ષ્મી મદ કરે છે. જો એમ શંકા થાય કે લક્ષ્મીના મદથી તેઓએ આમ કર્યું નથી, પણ ભગવાનના વાક્યથી જ કર્યું, માટે તેમનો શો દોષ? તો કહે છે કે મર્ત્ય એવા કૃષ્ણનો તેઓએ આશ્રય લીધો. દેવો અમર્ત્ય એટલે મરણ વિનાના છે, અને મનુષ્યો મરણ ધર્મવાળા છે. ભગવાન્ સદાનંદ છે, તો પણ મનુષ્યનો વેષ ધારણ કરેલો છે. તેના મર્ત્યના વાક્યનું ગ્રહણ કરવું એ જ તેમનો દોષ. 'ઉપ' એટલે સમીપમાં આશ્રય કરવો. માત્ર બીજો યાગ તેઓએ કર્યો એટલું જ નહિ, કિંતુ દેવ એવા જે ઈન્દ્ર તેને માટે એકઠા કરેલા દ્રવ્યથી જ કર્યો, અને તેનું અપમાન કર્યું.

**લે.**– 'તસ્ય પરિગ્રહ' એટલે મર્ત્યના વાક્યનો પરિગ્રહ.

**સુ.**– જો એમ શંકા થાય કે ભગવાને તો કર્મમાર્ગ જ સારો કહ્યો છે, તો તેને દૂષણ શા માટે આપો છો? તો 'યથાદ્દઢૈઃ' એ શ્લોકથી ઉત્તર આપે છેઃ

**યથાદ્દઢૈઃ કર્મમયૈઃ ક્રતુભિર્નામ નૌનિભૈઃ ॥**
**વિદ્યામાન્વીક્ષિકીં હિત્વા તિતીર્ષન્તિ ભવાર્ણવમ્ ॥૪॥**

દેખાવમાં માત્ર નૌકા જેવા, અદઢ કર્મમય યજ્ઞોથી, આન્વીક્ષિકી વિદ્યાનો ત્યાગ કરીને, જેઓ સંસારસમુદ્રને તરવાની ઈચ્છા રાખે છે (તેમના જેવા આ છે). ૪.

**સુ.**– અદઢ એવા યજ્ઞોથી જે સંસારસમુદ્રને તરવાની ઈચ્છા રાખે છે, તેઓ

વચ્ચે જ ડુબી જાય છે. પોતાથી જ હંકારાએલી હોડીથી તરી જવું સંભવતું નથી, તે હોડી પણ પોતાનાં કર્મોથી જ પ્રેરાય છે, તેથી તેમાં બેવડો ક્લેશ થાય છે તે 'કર્મમયૈઃ' એ પદથી કહે છે. કર્મ એ જ તેમનું સ્વરૂપ છે. તે પણ દઢ નથી, કારણ કે તેમાં પ્રાયશ્ચિત્તો ઘણાં કરવાં પડે છે. 'ક્રતુભિઃ' એ તો નામ માત્ર છે, કારણ કે તે નૌકાના જેવા છે, તે પણ દેખાવમાત્રમાં જ નૌકા. તે કર્મો પણ જો ચિત્તશુદ્ધિને માટે કરે, તો તે કર્મોથી બહુ કાલે ઉપકાર પણ કદાચિત્ થાય, તે પણ અહિં તો નથી, તે આન્વીક્ષિકી વિદ્યાનો ત્યાગ કરીને એ પદથી કહે છે. કર્મ તો અવિદ્યા છે. આન્વીક્ષિકી એટલે અન્વીક્ષણ કરવું-શોધવું એ વિદ્યા છે. અન્વીક્ષા એટલે શ્રવણ કર્યા પછી ફરીથી આત્માનું અનુસંધાન કરવું તે. 'જે વિદ્યા અને અવિદ્યા બંનેને સાથે જાણે' આ સ્થલે કેવલ અવિદ્યાનો નિષેધ કરેલો છે, તે 'હિત્વા' એ પદથી કહે છે. જેમ તેઓ તરી જવાની ઈચ્છા રાખે છે, પણ તરતા નથી, તેમ જ આ ગોપો પણ ઈશ્વરવાદનું નિરાકરણ કરીને કેવલ કર્મવાદથી પોતાના નિર્વાહની ઈચ્છાને પણ તરી જતા નથી, એટલે તેમનો નિર્વાહ પણ થતો નથી. તેથી તેમણે કરેલું કર્મ (નવો યજ્ઞ) વ્યર્થ હોવાથી તે યજ્ઞ વડે તેમનું પાલન શક્ય નથી, તેથી તેમનો વિઘાત (નાશ) સુખથી કરો એવો ભાવ છે.

**સુ.**– તે ઈન્દ્રના દોષને લીધે ભગવાન્ તરફ વિપરીત બુદ્ધિ થઈ, કેમ કે છ ગુણ અને ઐશ્વર્યવાળા ભગવાન્ તરફ એણે છ દોષનાં વચનો કહ્યાં, તેમાં ભગવાનનું ઐશ્વર્ય કોઈનાથી પણ હણી શકાય એવું નથી, તેને અનુસરીને જ બીજે સ્થલે (ઈન્દ્રમાં) ઐશ્વર્ય દૂર કરવા માટે ભગવાને યથાર્થ જ વાક્ય કહ્યાં હતાં. ઈન્દ્રની બુદ્ધિથી તો ભગવાનમાં ઐશ્વર્ય ન હતું, તે છતાં તેવાં વાક્ય ભગવાન્ બોલ્યા હતા એમ લાગ્યું, તેથી 'વાચાલમ્' એ શ્લોકથી કહે છેઃ

**વાચાલં બાલિશં સ્તબ્ધમજ્ઞં પણ્ડિતમાનિનમ્ ।।**
**કૃષ્ણં મર્ત્યમુપાશ્રિત્ય ગોપા મે ચક્રુરપ્રિયમ્ ।।૫।।**

વાચાલ, બાલિશ, સ્તબ્ધ, અજ્ઞ, પંડિતમાની, મર્ત્ય કૃષ્ણનો ઉપાશ્રય કરીને ગોપોએ મારું અપ્રિય કર્યું. ૫.

**સુ.**– જે અતિશય બોલે તે વાચાલ. પોતે ઈશ્વર ન હોવા છતાં ઈશ્વરની માફક બોલે તે વાચાલ. અથવા તો વાચાલ શબ્દથી વૈરાગ્યનો અભાવ સૂચવ્યો. પોતાને માટે ભગવાન્ અતિશય બોલ્યા તેથી બાલિશ-જ્ઞાનરહિત, જેનામાં વીર્ય અથવા સામર્થ્ય ન હોય તે છતાં અશક્ય કરવાની ઈચ્છા રાખે તે બાલિશ કહેવાય. જ્ઞાનનો અભાવ અહિં સ્પષ્ટ છે. સ્તબ્ધ એટલે જેનામાં નમ્રતા નથી તે, એવામાં

કીર્તિનો અભાવ સ્પષ્ટ છે, કારણ કે જે અત્યંત નમ્ર હોય તે જ કીર્તિમાન્ હોય છે. પોતાને જ જે પંડિત માને તે પંડિતમાની કહેવાય. તેને લક્ષ્મી પ્રાપ્ત થતી નથી. અથવા તો અહિં આ ઉલટું સમજવું કે કીર્તિનો અભાવ આ પંડિતમાની પદથી કહ્યો. અજ્ઞ એટલે જ્ઞાનનો અભાવ સ્પષ્ટ છે, મર્ત્ય એટલે મનુષ્ય. તે વિરક્ત હોતો નથી અથવા ઈશ્વર હોતો નથી. કૃષ્ણ એટલે કૃષ્ણ તરીકે જે પ્રસિદ્ધ છે તે. આ પ્રમાણે ઈન્દ્રની વિપરીત બુદ્ધિ હતી, અથવા 'વાચાલમ્' વિગેરે પાંચ પદનો અર્થ નીચે પ્રમાણે સમજવોઃ-કૃષ્ણ જે સદાનંદ છે તેને પણ છ ગુણથી વિપરીત ગુણોવાળા માનીને ભગવાનને વિષે પણ વિપરીત બુદ્ધિ પ્રાપ્ત કરીને સર્વે ગોપો કે જેઓ અલ્પ બુદ્ધિવાળા છે, તેઓએ મારું અપ્રિય એટલે યાગભંગ કર્યો. જો ભગવાનને પરમેશ્વર જાણતા હોત (અને એમ કર્યું હોત) તો પણ મને ખેદ થાત નહિ. વસ્તુતઃ-ખરી રીતે તો વાણીથી 'અલમ્' એટલે પૂર્ણ, જ્યાં જ્યાં વાણી પ્રવર્તી શકતી નથી તે પૂર્ણ હોય છે. તે સર્વ વેદના કર્તા છે તેનો સર્વથા આશ્રય કર્યો નહિ, કિંતુ 'ઉપ'-સમીપમાં એટલે થોડો જ આશ્રય કર્યો. 'અલમ્' એટલે પૂર્ણ એ 'અલ્' ધાતુનું રૂપ છે. વળી 'બાલિશમ્' એટલે વાલિનું પણ સુખ જેથી થાય છે તે. તે શત્રુનો પક્ષપાતી છે. રાવણનો મિત્ર છે, તેને પણ ભગવાન્ મોક્ષનું દાન કરે છે. 'બાલ' એટલે વાળ જેને છે, જે પુચ્છવાળો છે, મર્કટ છે (તેને પણ મોક્ષનું દાન કરે છે). 'વાચાલમ્' વિગેરે પદોથી વેદોને પણ અગમ્ય એમાં ઉત્કર્ષ કહ્યો. વાળવાળાને પણ (મર્કટને પણ) મોક્ષ આપે છે, એમાં કૃપાળુતા કહી. 'સ્તબ્ધ' એટલે બ્રહ્મભૂત, શ્રુતિમાં કહ્યું છે કે 'એક આકાશને વિષે વૃક્ષની માફક સ્તબ્ધ સ્થિતિ કરે છે. તે પુરુષથી આ સર્વ જગત્ પૂર્ણ છે.' જો ભગવાન્ નમ્ર હોત તો સત્ય વિગેરે લોકોનો નાશ જ થાત, તેથી ભગવાને પોતે અનમ્ર હોઈને બીજાઓને નમાવેલા છે. પંડિતોને જે માન આપે તે પંડિતમાની, તે વિદ્યાવાળાઓની પૂજા કરે છે, તેથી પૂજાને માટે ભગવાને વિદ્યાનો ઉપદેશ કર્યો. 'અજ્ઞ' એટલે જેનાથી વિશેષ જાણવાવાળો ન હોય તે, એટલે આ ભગવાન્ સર્વજ્ઞ છે, કારણ કે આ કૃષ્ણ સદાનંદ છે. જ્યાં ધર્મી સ્થિતિ કરે છે ત્યાં તે ધર્મસહિત જ હોય છે, તેથી ગોપોએ મર્ત્ય શરીરનો આશ્રય કરીને, એટલે શરીરધારીઓ થઈને, 'મે અપ્રિયમ્' એટલે જેના કરતાં બીજું પ્રિય મારું કાંઈ ન હોઈ શકે એવું કર્યું. બીજો કોઈ ભગવાન્ કરતાં પ્રિય હોતો નથી, એવા તે ભગવાનને કર્યા. જેથી નિત્ય મારું પ્રિય કરનાર થાય તેવા ઉત્તરોત્તર-વધારેને વધારે કર્યા, એટલે તેવા તેવા ધર્મો સંપાદિત કર્યા, એવો સરસ્વતીનો અર્થ છે.

**ટિ.**- 'અથવા કૃષ્ણમ્. વિપરીતષડ્ગુણમ્' વિગેરે-વિપરીત છ ગુણ તે મર્ત્ય

પદનું વ્યાખ્યાન સમજવું. 'મર્ત્ય'માં અનીશ્વરત્વ વિગેરે ધર્મો નિયત હોય છે, તેથી વિપરીત શબ્દો જણાય છે, તેથી એમ અર્થ થયો કે શંખ જણાતા છતાં પીળાશ વિગેરે પોતાના ધર્મોનો આરોપ સદાનંદ કૃષ્ણને વિષે કર્યો તેથી મારું અપ્રિય કર્યું. તત્ત્વથી ઉપાશ્રય કરીને એનું જ વિશેષ વિવરણ ભગવાનને વિષે પણ વિપરીત બુદ્ધિ કરીને એ પદોથી સમજવું.

લે.- 'અથવા' બીજા પક્ષમાં 'વાચાલમ્' વિગેરે પાંચ પદોના અર્થ હવે કહેવાશે તે રીતિએ સમજવા, આવા મોટાને પણ મર્ત્ય તરીકે અનીશ્વર વિગેરે પ્રકારથી આશ્રય કરીને મારું અપ્રિય કર્યું. 'અલમ્' એટલે પૂર્ણ, એમાં 'અલ્' ધાતુ સમજવો.

**સુ.**- તેથી વિપરીત બુદ્ધિનો આશ્રય કરીને ભક્તોનો દ્રોહ કરવાની 'એષામ્' એ શ્લોકથી આજ્ઞા કરે છેઃ

**એષાં શ્રિયાવલિપ્તાનાં કૃષ્ણેનાધ્માયિતાત્મનામ્ ।।**
**ધુનુત શ્રીમદસ્તમ્ભં પશૂન્ નયત સઙ્ક્ષયમ્ ।।૬।।**

આ ધનથી ગર્વિષ્ટ થએલા અને કૃષ્ણથી જેમના આત્મા ફુલી ગયા છે એવાઓના લક્ષ્મીના મદનો સ્તંભ (અભિમાન) દૂર કરો, અને પશુઓનો નાશ કરો. ૬.

**સુ.**- આ ગોપો જે ધનથી ગર્વિષ્ટ થઈ ગયા છે અને કૃષ્ણથી જેમના આત્મા બહુ ફુલી (ચઢી) ગયા છે. જેમ સ્તબ્ધ થએલો વાયુ અંદર પ્રવેશ કરીને દેહીને ફુલાવે છે, એવા દેહીને ઉપવાસ કરાવીએ તો તેનો આથો-ફુલાવાપણું જતું રહે છે, તેથી ધનના મદનો સ્તંભ દૂર કરો. ધનના મદનું પણ મૂલ પશુઓ છે, માટે તમે જઈને પશુઓનો નાશ કરો. અતિવૃષ્ટિ કરીને પથ્થરોનો વરસાદ વરસાવીને સારી રીતે નાશ કરો.

**સુ.**- ગોપાલો તો કંદરા-ગુફાઓને વિષે પણ રહેવાને શક્તિવાન્ છે, માટે તેમના વધને માટે, કૃષ્ણની સાથે યુદ્ધનો સંભવ હોવાથી, ઐરાવત ઉપર ચઢીને હું આવીશ તે 'અહં ચૈરાવતં નાગમ્' એ શ્લોકથી કહે છેઃ

**અહં ચૈરાવતં નાગમારુહ્યાનુવ્રજે વ્રજમ્ ।।**
**મરુદ્ગણૈર્મહાવીર્યૈર્નન્દગોષ્ઠજિઘાંસયા ।।૭।।**

અને હું ઐરાવત હાથી પર ચઢીને મહા બલિષ્ઠ વાયુના ગણોની સાથે નંદના ગોષ્ઠની ઘાત કરવાની ઈચ્છાથી તમારી પાછળ વ્રજમાં આવીશ. ૭.

**સુ.**- ઐરાવત અક્ષય હાથી છે, જલ અને સ્થલને વિષે યુદ્ધ કરવાને સમર્થ છે, માટે તેના ઉપર ચઢીને હું તમારા ગયા પછી વ્રજમાં આવીશ. કોઈ પ્રસંગને લઈને

આવીશ એવી શંકા થાય તો તેનું નિવારણ કરે છે કે હું વ્રજમાં ખાસ આવીશ. જો એમ શંકા થાય કે ગોપાલો બહુ છે, તું એક છે અને બલભદ્ર તો બહુ બલવાન્ છે, તો પછી યુદ્ધ કેમ કરી શકશે? તો તેનો ઉત્તર કહે છે કે અતિબલિષ્ઠ વાયુના ગણોની સાથે (હું આવીશ). ત્યાં આવવાનું પ્રયોજન કહે છે કે નંદના ગોષ્ઠની નાશ કરવાની ઈચ્છાથી, જે કોઈ ઈચ્છાથી જાય છે તે તે ઈચ્છાને પૂરી કરે છે જ, માટે હું મારી નાંખીશ એવો અર્થ છે.

**ટિ.**– 'અક્ષયો ગજો જલે સ્થલે ચ' વિગેરે. અમૃતમથનના પ્રસ્તાવમાં ઐરાવત ઉત્પન્ન થવાથી અમૃતના ધર્મો પણ ઐરાવતમાં હોવાથી એને અક્ષય કહ્યો છે. પ્રથમ જલમાં એની સ્થિતિ હતી અને હવે સ્થલમાં જમીન પર એની સ્થિતિ છે, માટે જલ અને સ્થલ બંનેમાં યુદ્ધ કરવાને સમર્થ છે એમ કહ્યું છે.

**સુ.**– પછી જે થયું તે 'ઈત્થં' એ શ્લોકથી કહે છેઃ

**ઈત્થં મઘવતાજ્ઞપ્તા મેઘા નિર્મુક્તબન્ધનાઃ ।।**
**નન્દગોકુલમાસારૈઃ પીડયામાસુરોજસા ।।૮।।**

આ પ્રમાણે ઈન્દ્રથી આજ્ઞા કરાએલા મેઘો જે બંધનથી છુટા કરવામાં આવ્યા હતા, તેઓ વાયુસહિત વર્ષાની ધારાઓથી નંદના ગોકુલને પીડા કરવા લાગ્યા. ૮.

**સુ.**– ઈન્દ્રે આજ્ઞા કરેલા મેઘો પહેલાં જે સાંકળથી (સાંકળની માફક) બાંધેલા હતા તે બંધનથી છુટા કરવામાં આવ્યા. પછી નંદના ગોકુલને સામટી ધારાઓના પડવાથી તથા બલથી એટલે વાયુસહિત પીડા કરવા લાગ્યા.

**સુ.**– પીડાનો પ્રકાર 'વિદ્યોતમાનાઃ' એ શ્લોકથી કહે છેઃ

**વિદ્યોતમાના વિદ્યુદ્ભિર્નદન્તઃ સ્તનયિત્નુભિઃ ।।**
**તીવ્રૈર્મરુદ્ગણૈર્નુન્ના વવૃષુર્જલશર્કરાઃ ।।૯।।**

વિજળીઓથી ચમકારા કરતા, ગર્જનાઓથી ઢોલની માફક અવાજ કરતા, તીવ્ર વાયુના સમૂહોથી ખેંચી જવાતા, મેઘોએ જલના કરાનો વરસાદ વરસાવ્યો. ૯.

**સુ.**– વિજળીઓથી પ્રકાશતા, આથી સાત્ત્વિક ઉત્કર્ષ સૂચવ્યો. ગર્જનાઓ થી ગર્જના કરતા, તીવ્ર વાયુના સમૂહોથી ખેંચી જવાતા, કરાનો વરસાદ વરસાવ્યો, એ તામસ સંપત્તિ કહી. વિજળીના ચમકારાથી ચક્ષુનો પ્રતિઘાત સૂચવ્યો, ગર્જના ઓથી કાનનો પ્રતિઘાત સૂચવ્યો, જલથી પ્રાણનો પ્રતિઘાત સૂચવ્યો, કરાથી શરીરનો પ્રતિઘાત સૂચવ્યો, જે વિજળીઓ તેમને અધીન છે તેમની અપેક્ષા અહિં નથી. કિંતુ જે વજ્રરૂપા વિજળીઓ છે તેના ચમકારા સમજવા, મેઘો પોતે પણ અવાજ કરે છે,

પરંતુ અહિં ગર્જનાઓથી અવાજ કરતા એટલે વાદ્યરૂપ (ઢોલ વગાડવારૂપ) અવાજ કરતા હતા, અતિનિષ્ઠુર જલમય પથરા(કરા), તે પણ વાયુના વેગથી પડતા, પીડા કરે છે.

**સુ.**– પછી વૃષ્ટિ કરવા લાગ્યા તે 'સ્થૂણા' એ શ્લોકથી કહે છે:

**સ્થૂણાસ્થૂલા વર્ષધારા મુઞ્ચચ્છ્વભ્રેષ્વભીક્ષ્ણશઃ ।।**
**જલૌઘૈઃ પ્લાવ્યમાના ભૂર્નાદૃશ્યત નતોન્નતમ્ ।।૧૦।।**

થાંભલા જેવી જાડી વરસાદની દરેક ધારા ઉંડા ખાડા પાડે એવી રીતે સર્વ મેઘો વરસતા હતા, ત્યારે ક્ષણે ક્ષણે જલના પ્રવાહોથી ડૂબી ગએલી પૃથ્વી ઉંચી–નીચી પણ જણાતી ન હતી. ૨.

**સુ.**– થાંભલાના જેવી જાડી વરસાદની ધારા ખાડાઓ પાડે (એવી વૃષ્ટિ કરવા લાગ્યા) કે જે વડે ભૂમિ શિથિલ થઈ જવાથી એક ધારાથી એક ખાડો મેઘથી કરાતો હતો. એમ જ્યારે સર્વ મેઘ વર્ષા કરતા હતા ત્યારે ક્ષણે ક્ષણે જલના વેગથી ડૂબતી પૃથ્વી નીચું અને ઉચું જે પ્રમાણે થાય તે પ્રમાણે અથવા નીચી અને ઉંચી પૃથ્વી. વસ્તુતઃ સર્વ સ્થળે ખાડાઓ થઈ ગયા હતા તો પણ નીચી કે ઉંચી પગ મૂકવાને માટે વિચાર કરતા છતાં પણ જલના પ્રવાહોથી ડૂબી ગએલી પૃથ્વી જણાતી હતી નહિ.

**લે.**– 'મુઞ્ચન્તિ' પછી 'સ્વાત્માનમ્' અધ્યાહાર સમજવું. મેઘોથી ભૂમિ શિથિલ થવાથી દરેક ધારથી ખાડા પડતા હતા.

**સુ.**– પછી જે થયું તે 'અત્યાસાર' એ શ્લોકથી કહે છે:

**અત્યાસારાતિવાતેન પશવો જાતવેપનાઃ ।।**
**ગોપા ગોપ્યશ્ચ શીતાર્તા ગોવિન્દં શરણં યયુઃ ।।૧૧।।**

અત્યંત વૃષ્ટિ અને અત્યંત વાયુથી કંપતા પશુઓ અને ઠંડીથી પીડાતા ગોપો અને ગોપીઓ ગોવિંદને શરણે ગયાં. ૧૧.

**સુ.**– અત્યંત ધારાઓ સામટી પડવાથી અને અત્યંત વાયુથી પશુઓ કંપવા લાગ્યાં, તેથી ગોપો અને ગોપીઓ ત્રણે પ્રકારના (જીવો) પણ ઠંડીથી પીડાએલા, લૌકિક ઈન્દ્રથી પીડા પામતા, ગોવિંદ એટલે ગાયોના અને ગોપગોપીઓના ઈન્દ્રને શરણે ગયાં.

**સુ.**– એમના શરણ જવામાં શરણ આવવાનો પ્રકાર 'શિરઃ' એ શ્લોકથી કહે છે:

**શિરઃ સુતાંશ્ચ કાયેન પ્રચ્છાદ્યાસારપીડિતાઃ ।।**

**વેપમાના ભગવતઃ પાદમૂલમુપાયયુઃ ||૧૨||**

પોતાના માથાને અને બચ્ચાંને શરીરથી ઢાંકીને વરસાદથી પીડાતાં ધ્રૂજતાં ભગવાનના ચરણના મૂલમાં પાસે સર્વ પ્રકારે આવ્યાં. ૧૨.

**સુ.**– પોતાના માથાને અને બચ્ચાંઓને પોતાના એક શરીર વડે ઢાંકી દઈને, વરસાદથી પીડા પામતાં ધ્રૂજતાં ભગવાનના ચરણના મૂલની પાસે આવ્યાં. માથું ઉદરની છેક પાસે આવે તેમ અને બચ્ચાંઓ પણ છેક પેટ પાસે આવે તેમ, શરીરથી બંનેને ઢાંકીને, કે જેથી ભગવાનથી બરાબર જોઈ શકાય, અને ભગવાનને દયા આવે તે માટે. વરસાદથી પીડાતા ભક્તિમાર્ગનો ત્યાગ કર્યો. જો ભક્તિમાર્ગનો ત્યાગ ન કર્યો હોત તો ભગવાનની જ રક્ષાને માટે પોતે યત્ન કરતે. પોતાની રક્ષાને માટે ભગવાનની પ્રાર્થના કરતે નહિ. વળી ધ્રૂજવા લાગ્યાં, તેથી પોતાનો દેહ ટકશે કે નહિ એમ સંદેહ આવતાં ભગવાનના ચરણના મૂલમાં આવ્યાં, તેમના ઉપર કૃપા કરીને ભગવાન્ પણ નિકટ આવ્યા, તેથી 'ઉપ' એટલે સમીપમાં એમ શ્લોકમાં પદ મૂક્યું છે. 'આયયુઃ' એમાં જે 'આ' પદ છે તેનો અર્થ એ છે કે સર્વ પ્રકારે ભગવાનના બંને ચરણના મૂલમાં (આવ્યાં). હૃદયમાં ભક્તિ ઉત્પન્ન થવાથી શરીર વડે પાસે આવ્યાં, પણ મનથી તો ચરણના મૂલમાં પ્રવેશ કર્યો.

**સુ.**– એવી રીતે શરણે આવેલાની વિજ્ઞાપના 'કૃષ્ણ કૃષ્ણ' થી કહે છેઃ

**કૃષ્ણ કૃષ્ણ મહાભાગ ત્વન્નાથં ગોકુલં પ્રભો ||**
**ત્રાતુમર્હસિ દૈવાન નઃ કુપિતાદ્ ભક્તવત્સલ ||૧૩||**

હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાભાગ્યવાળા ! ગોકુલ, જેના તમે નાથ છો તેને, હે પ્રભુ, ભક્તવત્સલ, અમને દેવ ઈન્દ્ર જે કુપિત થયો છે, તેનાથી બચાવવા તમે યોગ્ય છો. ૧૩.

**સુ.**– કૃષ્ણ કૃષ્ણ એમાં બે વાર કહ્યું છે તે સંભ્રમને લીધે છે. ગોકુલનું રક્ષણ કરવા યોગ્ય છો તે વિજ્ઞાપના. જો એમ શંકા થાય કે સ્તુતિ કર્યા પછી સર્વે વિજ્ઞાપના કરે છે, તો પછી આથી વિજ્ઞાપના કેમ સમજાય? તેનો ઉત્તર કહે છે કે તમે મહા-ભાગ્યશાળી છો. અમે તુચ્છ તમારી શું સ્તુતિ કરીએ? વ્યાસ વિગેરે મોટાઓ જ નિરંતર તમારી સ્તુતિ કરે છે, એવા જે તમે મોટા ભાગ્યવાળા, તેને અમે અલ્પ (તુચ્છ) શું કરવાના હતા? અથવા ભગવાન્ એમ કહે કે જેમ તમે ધ્રૂજો છો તેમ હું પણ ધ્રૂજું છું, તો ઉત્તર આપે છે કે તમારે એમ ન કહેવું, તમે તો મહાભાગ્યવાળા છો, અલૌકિક સર્વ ભાગ્યથી તમે યુક્ત છો, માટે અલૌકિક પ્રકારથી તમારે રક્ષણ કરવું જોઈએ. સર્વથા રક્ષા કરવાનો હેતુ એ કે ગોકુલના નાથ તમે જ છો. વળી ગાયોનું કુલ

(રક્ષણ કરવા યોગ્ય છે), ગાયોનું પાલન સર્વેએ કરવું જ જોઈએ, અને તમે પ્રભુ છો, પાલન કરવાને સમર્થ છો, તેથી બહુ હેતુઓ હોવાને લીધે તમારે રક્ષણ કરવું જોઈએ. જો તમે એમ કહો કે લૌકિક ઉપાય કરો-કામળી, વસ્ત્ર વિગેરેથી, ઘરમાં ભરાઈ જવાથી, ગુફાઓમાં જવાથી વિગેરે, મારી પ્રાર્થના કરવાથી શું થાય? તો તેનો ઉત્તર આપે છે કે આ દૈવકોપ છે. પ્રાકૃત અથવા સામાન્ય અપકારમાં સામાન્ય ઉપાયોથી પ્રતિક્રિયા અથવા રક્ષણ થાય. પણ આ અપકાર તો દેવે-ઈન્દ્રે કરેલો છે. જો તમે એમ કહો કે ત્યારે ઈન્દ્રની પ્રાર્થના કરો કે અપકાર દૂર કરે, તો તેનો ઉત્તર કહે છે કે તે તો કુપિત થયો છે, તેને તો ગુસ્સો ચઢેલો છે, કારણ કે અમે તેનો અપકાર (યાગભંગ) કરેલો છે, માટે કુપિત થએલો મારશે જ. જો તમે એમ કહો કે તમારી દીનતા જોઈને મારશે નહિ, તો ઉત્તર આપે છે કે તમે ભક્તવત્સલ છો. ભક્તવત્સલપણું તો તમારામાં જ છે, ઈન્દ્ર તો નિર્દય જ છે, માટે તમારે જ અમારું પાલન કરવું જોઈએ.

**સુ.**- આ પ્રમાણે ગોપોએ જેની વિજ્ઞાપના કરી છે, એવા ભગવાન્ પોતે શું કરવું તે વિચાર કરવા લાગ્યા. શું ઈન્દ્રને મારવો, કે મેઘોને અટકાવવા, કે વૃષ્ટિને અટકાવવી, કે આ લોકોને અલૌકિક સામર્થ્ય આપવું, કે તેમને અન્ય સ્થલે લઈ જવા, કે બીજું કાંઈ (જે યોગ્ય લાગે તે) કરવું, તેમાં પ્રથમ ઉપદ્રવનું કારણ 'શિલાવર્ષ' એ શ્લોકથી નક્કી કરે છેઃ

**શિલાવર્ષનિપાતેન હન્યમાનમચેતનમ્ ।।**
**નિરીક્ષ્ય ભગવાન્ મેને કુપિતેન્દ્રકૃતં હરિઃ ।।૧૪।।**

શિલાની વર્ષાનું નિરંતર પડવાથી હણાતા અને જડ થતા ગોકુલને જોઈને ભગવાન્ હરિએ માન્યું કે આ કુપિત થએલા ઈન્દ્રે કરેલું છે. ૧૪.

**સુ.**- શિલાની વૃષ્ટિ જે સામટું પડવું, નિરંતર પડવું, અને સર્વ સ્થલે પડવું, તેનાથી ગોકુલને હણાતું જોઈને કુપિત થએલા ઈન્દ્રે જ કરેલું છે એમ ભગવાને માન્યું. જો કે તે ગોપાલોએ તો એમ કહ્યું જ હતું, તો પણ એ લોકો શું વાસનાથી જ (પોતાના હૃદયમાં રહેલા વિચારથી જ) કહે છે, કે ખરેખરું છે તે જ કહે છે, (તેનો વિચાર કર્યો). લોકો એક પછી બીજી વસ્તુ થતી જોઈને તેમાં એકબીજામાં કાર્યકારણનો સંબંધ ન હોવા છતાં તેવો સંબંધ માને છે તે જ પ્રમાણે યાગભંગના થયા પછી વૃષ્ટિ થએલી હોવાથી તેઓ એમ કહે છે, કે ખરેખર યાગભંગ એ જ વૃષ્ટિનું કારણ છે, એમ વિચાર પ્રાપ્ત થાય છે. જો કે ભગવાનને જ્ઞાન હતું તો પણ એ બાબતનું નિરાકરણ કરવાને માટે આ અનુવાદ અહિં કરેલો છે. જો એમ ન કરે તો વગરવિચારે ભગવાને કામ કર્યું એવી શંકા થાય.

**ટિ.**– 'અન્યદ્વા કર્તવ્યમ્' અહિં કહ્યું છે કે 'અન્યત્ર નયનમ્'–બીજી જગ્યાએ લઈ જવું, એટલે મારા સ્વરૂપમાં પ્રવેશ કરાવવો એ અન્યશબ્દનો અર્થ છે.

**લે.**– 'કિમિન્દ્રઃ' વિગેરે, ઈન્દ્રને મારવો, મેઘનું નિવારણ કરવું, વૃષ્ટિને અટકાવવી, કે બીજા કોઈ સ્થલે લઈ જવા, એ વસ્તુઓનો વિચાર 'તત્ર પ્રતિવિધિમ્' એ શ્લોકની અંદર છે, અને બાકી રહેલી બે વસ્તુનો વિચાર 'તસ્માન્ મચ્છરણમ્' એ શ્લોકની અંદર કહેવાશે.

**સુ.**– પછી તેઓને ઉપદ્રવ ઈન્દ્રે કરેલો છે એવો નિશ્ચય કરીને, તેઓ હણાતા હોવાથી જલદી ઉપાય કરવાનો વિચાર કરે છે, તે 'અપર્તૌ' થી કહે છેઃ

**અપર્તાવુલ્બણં વર્ષમતિવાતં શિલામયમ્ ।।**
**સ્વયાગે નિહતેસ્માભિરિન્દ્રો નાશાય વર્ષતિ ।।૧૫।।**

વિના ઋતુએ સખત પુષ્કલ પવનવાળી અને પથ્થર વરસતી વર્ષા, ઈન્દ્ર, આપણે તેના યાગનો ભંગ કરવાથી, ગોકુલના નાશને માટે જ કરે છે. ૧૫.

**સુ.**– અચેતન થએલા હોવાથી તેમના વચનની અપેક્ષા નથી, તેમ જ એક ક્ષણ માત્ર પણ વિલંબ કરવાનો નથી. પોતે ભગવાન્ હોવાથી સર્વ સાધનનું જ્ઞાન છે. આવી વૃષ્ટિ સ્વાભાવિકી પણ હોય છે, તે દૂર કરવાને માટે કહે છે કે આ તો ઋતુ વિનાની વૃષ્ટિ છે. વળી આ મર્યાદાનો સમય છે, તેથી જેમ કલિયુગમાં થાય છે તેમ ગમે ત્યારે વૃષ્ટિ થવી સંભવતી નથી, તેમાં પણ અતિ સખત, અતિ ભયાનક, ઋતુ હોય ત્યારે પણ આવું થવું દુર્લભ છે. વળી તેમાં વાયુ પણ પુષ્કલ છે, વાયુથી મેઘો ઘસડી જવાય છે, તેમાં પણ આ વર્ષા તો શિલામય–પથ્થરની છે, જલ અલ્પ છે, અને કરા પુષ્કલ છે, આ પ્રકારે ચાર દોષ હોવાથી, ઈન્દ્ર જ આ વર્ષા કરે છે એમ જણાય છે. આર્ષ જ્ઞાનમાં અથવા નિત્ય જ્ઞાનમાં જો તર્કને સહકારી ન ગણવામાં આવે, અથવા વિરુદ્ધ ગણવામાં આવે, (ઋષિના જ્ઞાનમાં અને નિત્ય જ્ઞાનમાં આવા આવા તર્કોની જરુર શી એમ કહેવામાં આવે), તો લોકોને આર્ષ જ્ઞાનની પ્રતીતિ અથવા ભાન ન થાય, અને તેનું કાર્ય અથવા પરિણામ થયા પછી પણ કાકતાલીય પ્રસંગથી થયું એમ લાગે, માટે તર્ક યુક્ત છે, અને જ્ઞાનનો સહકારી છે, તે કહે છે કે પોતાના યાગનો ભંગ થવાથી ઈન્દ્ર ગોકુલના નાશને માટે જ વર્ષા કરે છે.

**સુ.**– ત્યારે શું કરવું તે આકાંક્ષા થાય તો 'તત્ર પ્રતિવિધિમ્' શ્લોકથી કહે છેઃ

**તત્ર પ્રતિવિધિં સમ્યક્ સાધયે યોગમાયયા ।।**
**લોકેશમાનિનો મૌઢ્યાદ્ધરિષ્યે શ્રીમદં તમઃ ।।૧૬।।**

તેનો ઉપાય યોગમાયાથી હું સારી રીતે સાધીશ. મૂઢતાથી પોતાને લોકોનો

ઈશ્વર માનનાર ઈન્દ્રનો લક્ષ્મીનો મદ જે અજ્ઞાન છે, તેને હું દૂર કરીશ. ૧૬.

**સુ.**- આ બાબતમાં ઈન્દ્રને ઈન્દ્રપણાથી દૂર કરવાની જરુર નથી, જો એમ કરીએ તો ક્લિષ્ટ કરવાપણું થાય.એમાં દોષ હોય તો અધિકારનો જ છે. ઈન્દ્રપણામાં પોતામાં કાંઈ દોષ નથી. જો વૃષ્ટિનું નિવારણ કરીએ તો ઈન્દ્ર પોતે યુદ્ધ કરવા આવે. ત્યાં મારવાથી અને નહિ મારવાથી કાંઈ પૂર્વદોષની નિવૃત્તિ થવાની નથી, વૃષ્ટિને જો અટકાવીએ, તો ઈન્દ્ર મેઘોને મારી નાંખે, અને મેઘોનો નાશ થાય તો આગળ મેઘોનું કાર્ય ન થાય. માટે આનો તો ઉપાય જ કરવો જોઈએ. તે કહે છે કે તે બાબતમાં ઉપાય હું સાધીશ. જો આ લોકોને બીજે સ્થલે લઈ જવામાં આવે, તો ત્યાં પણ વૃષ્ટિ થાય, અથવા સ્થાનત્યાગ થાય, અથવા બીજાનો આશ્રય કરવો પડે, માટે આ ગોવર્ધને ભાતનો ભોગ કર્યો છે, તેથી એને જ સાધન તરીકે વાપરવો જોઈએ. ઉપાય તરીકે ગોવર્ધનનું ઉદ્ધરણ ભગવાને કલ્પેલું છે, તે કહે છે કે મેં સારી રીતે કલ્પેલુ છે. જો એમ શંકા થાય કે આ તો પથ્થરો છે, અને તે એકઠા થવાથી પર્વત એમ કહેવાય છે, અહિં પર્વત કાંઈ અવયવોવાળો એક (પ્રાણી) નથી, તેથી તે પર્વતને ઉંચકવામાં પણ પથ્થરો પડી જાય. ભગવાને મનુષ્યનો અવતાર લીધેલો છે, અને લૌકિક ન્યાયથી-લૌકિક રીતિએ ચાલીને અનુગ્રહરૂપી કાર્ય કરે છે, તે ભગવાને શ્રુતિમાં કહેલા 'પ્રશાસન' ન્યાયથી પર્વતને ઉંચકીને ઉપર સ્થાપન કરવો શક્ય (યોગ્ય) નથી, તેથી ગોવર્ધનનું ઉદ્ધરણ કેવી રીતે થઈ શકે? તેનો ઉત્તર કહેછે કે યોગમાયાથી હું ધારણ કરીશ, આ કાર્યમાં હું યોગમાયાનો સ્વીકાર કરીશ. જેમ યશોદાના ગર્ભમાંથી યોગમાયા વડે ગર્ભને ખેંચીને રોહિણીજીમાં મુક્યો હતો, તેમ પર્વત ધારણ કરવામાં પણ હું યોગમાયાને યોજીશ, કે તેથી પર્વતનો કોઈ પણ ભાગ પડી જાય નહિ. તે યોગમાયાના બલની સિદ્ધિને માટે પોતાની ક્રિયાશક્તિ તેમાં સારી રીતે યોજવી જોઈએ. જો એમ શંકા થાય કે આટલો બધો ક્લેશ કરવાનું કારણ શું? પ્રથમ જ આ ઉપદ્રવનો વિચાર શા માટે ન કર્યો? તેનો ઉત્તર કહે છે કે ઈન્દ્ર પોતે એમ માને છે કે હું જ લોકોનો ઈશ્વર છું, પોતાને ભગવાને નિમેલા અધિકારી તરીકે માનતો નથી, વળી જો એમ શંકા થાય કે વસ્તુતઃ આ ઈન્દ્ર લોકોનો ઈશ્વર છે, તો કહે છે કે એમ માનવું એ મૂઢતા છે, બીજાનો નિમેલો અધિકારી કાંઈ પોતે ઈશ્વર કહેવાય નહિ. એ બાબત 'તે જ નિશ્ચય પતિ છે કે જે રક્ષણ કરી શકે છે' તે શ્રુતિમાં કહેલી છે. તે એક જ છે, નહિ તો એકબીજાને ભય થાય. તેથી ઈન્દ્ર કાંઈ ઈશ્વર નથી. મૂઢતાથી જ પોતાને ઈશ્વર માને છે. તેનો એ મોહ લક્ષ્મીના મદથી થયો છે, તે તમસ્-અજ્ઞાન છે માટે તે હું દૂર કરીશ.

**ટિ.**–'ન પ્રશાસનન્યાયેન', શ્રુતિમાં કહ્યું છે કે ''હે ગાર્ગિ, આ અક્ષરભગવાનના પ્રશાસન અથવા હુકમથી આકાશ અને પૃથ્વી 'વિધૃત'–ધારણ કરાએલાં રહે છે.'' એ શ્રુતિમાં જે ધારણ કરવાની વાત કહી છે, તેની માફક અહિં અવતાર દશામાં સંભવતુ નથી.

**લે.**– 'પ્રતિવિધિમ્' પદથી ગોવર્ધનના ઉદ્ધરણરૂપ પ્રતિવિધિ કહેવાનો હેતુ 'પ્રતિકૃત્યા' એ પદથી કહે છે. આ પદ ભાવપ્રધાન છે કેમ કે પ્રતિકાર કરીને ગોવર્ધનનું ઉદ્ધરણ જ ભગવાને વિચાર્યું હતું.

**સુ.**– એમ શંકા થાય કે તેના અજ્ઞાનને હરણ કરવાથી શું? તેનો ઉત્તર 'ન હિ' એ શ્લોકથી આપે છેઃ

**ન હિ મદ્ભાવયુક્તાનાં સુરાણામીશવિસ્મયઃ ।।**
**મત્તોસતાં માનભઙ્ગઃ પ્રશમાયોપકલ્પતે ।।૧૭।।**

મારા ભાવથી યુક્ત દેવતાઓને અમે ઈશ્વર છીએ એવો વિશેષ પ્રકારનો ગર્વ હોવો જોઈએ નહિ, અસત્ લોકપાલોનો મારાથી થએલો માનભંગ તેમની જલ્દીથી શાંતિને માટે થાય છે. ૧૭.

સુ.– મારો ભાવ એટલે શુદ્ધ સત્વ, દેવપણું, અથવા પૂજ્યપણું, અથવા ઐશ્વર્ય. જ્યાં છની (ઐશ્વર્ય વિગેરે છ ધર્મની) સ્થિતિ હોય, ત્યાં અજ્ઞાન રહે નહિ. જો એમ ન થાય તો તે મારો ભાવ જ કહેવાય નહિ. ભક્તિની તો અહિં કહેવાની ઈચ્છા નથી, કારણ કે વિશેષ ગર્વ અને ભક્તિ એ બંને એક સ્થલે રહી શકે નહિ. તેથી કહે છે કે ઐશ્વય, સત્વ, વિગેરે અજ્ઞાનની સાથે હોઈ શકે તે યોગ્ય નથી, તેથી બે માંથી એક દૂર કરવું જોઈએ, ( ઐશ્વય, સત્વ, વિગેરે અથવા તો અજ્ઞાન, એ બે માંથી એક દૂર કરવું જોઈએ), તે કારણને લીધે મારામાં કૃપારૂપી ધર્મ હોવાથી હું એનું અજ્ઞાન જ દૂર કરીશ. અમે ઈશ્વર છીએ એવો વિશેષ પ્રકારનો ગર્વ લોકોમાં પણ (નિમેલા અધિકારીને) સંભવતો નથી, અને જો એવો ગર્વ થાય તો તેને અધિકારી તરીકે સ્થાપવામાં આવતો નથી. લોકન્યાયથી એટલે લૌકિક રીતિએ નહિ કરવામાં (ઈન્દ્રપણાથી દૂર નહિ કરવામાં) કૃપાળુપણું જ હેતુ છે, અને ભગવાન્ કોઈને ક્લેશ થાય એવું કરતા નથી તે પણ કારણ છે. જો એમ શંકા થાય કે માનભંગ કરવો તેના કરતાં અધિકાર લઈ લેવો એ જ શ્રેષ્ઠ છે, તો તેનો ઉત્તર 'મત્તોસતામ્' એ પદથી કહે છે. જો આ માનભંગ બીજા કોઈથી થયો હોત તો તે અયોગ્ય થાત, અને ઈન્દ્રને લજ્જા કરનાર થાત, પણ હું જે સર્વનો ઈશ્વર છું તેનાથી થએલો માનભંગ ઉચિત જ છે, અને તે બહુ લજ્જા કરનાર પણ નથી. જો એક જ ઈન્દ્ર આવો વિશેષ ગર્વવાળો થયો હોત તો તેને દૂર કરવો પડ્યો હોત, પણ બધા જ ઈન્દ્ર એવા થયા છે, તેથી

મુખ્યને શિક્ષા કરવાથી સર્વને શિક્ષા(શિખામણ) આપવી જોઈએ, તે 'અસતામ્' એ પદથી કહે છે. સર્વે લોકપાલો અસત્ થઈ ગયા છે. જો એમ ન કરવામાં આવે તો બીજો પણ એના જેવો જ થાય, અને તેથી અનવસ્થા થાય. માટે અસત્ લોકપાલોનો માનભંગ એક ઈન્દ્ર દ્વારા કરવાથી સર્વને શાંત કરનાર તે થશે, અને તે સમીપમાં-જલ્દી થશે. દરેકને તે પ્રકારે કરવામાં બહુ કર્તવ્ય થઈ પડે. આ રાજવિચાર છે. (રાજાઓ આ જ પ્રકારે વિચાર કરીને કાર્ય કરે છે).

**સુ.**- જો એમ શંકા થાય કે આ ગોપો ગાયો વિગેરેને આવશ્યક હોવાથી અને બહુ અલ્પ-થોડાક પ્રયાસે થતું હોવાથી હમણાં જ મુક્તિ શા માટે આપતા નથી? માનભંગ તો બીજે પ્રકારે પણ થઈ શકે છે. ગોવર્ધનનું ઉદ્ધરણ કરવું એ તો અલૌકિક છે, (લોકમાં મનુષ્યરૂપે અવતાર લીધેલો હોવાથી લોકમાં થઈ શકે નહિ એવું કરવું જોઈએ નહિ) અથવા જ્ઞાનોપદેશ એમને કરવો જોઈએ, અથવા અલૌકિક સામર્થ્ય એમને આપવું જોઈએ, અથવા બૃહસ્પતિ દ્વારા ઈન્દ્રને અટકાવવો જોઈએ. માટે આટલા પ્રકાર હોવા છતાં ગોવર્ધનનું ઉદ્ધરણ શા માટે કરો છો? એ શંકાનો ઉત્તર 'તસ્માત્' એ શ્લોકથી આપે છેઃ

**તસ્માન્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્ ।।**
**ગોપાયે સ્વાત્મયોગેન સોયં મે વ્રત આહિતઃ ।।૧૮।।**

તેથી ગોકુલ કે જેનું શરણ અથવા આશ્રય હું છું, જેનો નાથ હું છું, જેનો પરિગ્રહ મેં કરેલો છે, તેનું સ્વાત્મયોગથી હું રક્ષણ કરીશ, કેમ કે પહેલાંથી જ મેં એ વ્રતનો (શરણાગતની રક્ષાનો) સ્વીકાર કરેલો છે. ૧૮.

**સુ.**- 'મચ્છરણમ્' એટલે હું જ જેનું શરણ અથવા આશ્રય છું તે. એમનો આશ્રય જ્ઞાન નથી, અથવા ભક્તિ પણ નથી. જો જ્ઞાનનો અને ભક્તિનો આશ્રય કરવાનું એમને કહું, તો મારે અવતાર ધરવાનું પ્રયોજન શું? (જ્ઞાન અને ભક્તિ વિના પણ જે મારો આશ્રય લે છે તેને હું મારા સ્વરૂપબલથી જ ઈચ્છિત ફલ આપું છું), અને પુષ્ટિમાર્ગ પણ ન રહે, તેમાં પણ આ તો ગોષ્ઠ, ગાયોનું સ્થાન છે, ગાયો કાંઈ ઉપદેશને યોગ્ય હોય જ નહિ. હમણાં જો મુક્તિ આપું તો તે ભક્તિમાર્ગથી વિરોધિ થાય, તે 'મન્નાથમ્' એ પદથી કહે છે. હું જ જેનો નાથ અથવા સ્વામી છું. મુક્તિથી તો સ્વામીસેવક ભાવનો નાશ થાય, માટે મુક્તિ આપવી હમણા યોગ્ય નથી. વળી મેં એમનો પરિગ્રહ કરેલો છે. જ્યાં મેં સર્વ શરીરોનો પરિગ્રહ કરેલો છે તેમાંનો એક પણ અંશ જો જતો રહે તો મારી પ્રતિજ્ઞામાં વિરોધ આવે, અને એમ થવાથી અંશમાં અને સમગ્રમાં ખાસ તફાવત ન હોવાથી સર્વનાશ થાય, માટે જેમ તે જીવોનો મેં પરિગ્રહ

કરેલો છે, તેમ તેઓના દેહોનો પણ મેં પરિગ્રહ કરેલો છે, માટે હું તેમનું રક્ષણ કરીશ. રક્ષણ કરવામાં સાધન તો સ્વાત્મયોગ છે. પર્વત ધારણ કરવામાં યોગમાયા સાધન છે. આમની સર્વથા રક્ષા કરવામાં સ્વાત્મયોગ સાધન છે. જેમ વાયુનો નિરોધ કરવાથી ઈન્દ્રિયો સર્વ ઉપદ્રવ રહિત થાય છે, તેમ આમનામાં હું આત્માનું સ્થાપન કરીશ. તેથી મારે વિષે સ્થિતિ કરીને રહેલા, મારી અંદર રહેલું પૂર્વે મેં ભોજન કરેલું અન્ન એઓ ભોજન કરીને સુખી થશે, માટે પૂર્વે કરેલા ભોજનનો આ જ ઉપયોગ છે. એમ શંકા થાય કે આટલો ક્લેશ કરવાનું કારણ શું? તો ઉત્તર કહે છે કે મેં આ વ્રત ધારણ કરેલું છે.

**કારિકાર્થઃ**- શરણાગતની સારી રીતે રક્ષા સર્વભાવથી અને સર્વથા કરવી. 'હે અર્જુન! પ્રતિજ્ઞા કર કે મારો ભક્ત નાશ પામતો નથી'. ''યુદ્ધમાં અને શરણે આવેલાઓમાં 'હું તારો છું' એમ જે કોઈ કહે તે સર્વ પ્રાણીઓને હું અભય આપું છું, એ મારું વ્રત છે''.

**સુ.**- તેથી સર્વથા મારું વ્રત મારે પાળવું જ જોઈએ, મારું વ્રત પાળવું એ મારો ધર્મ હોવાથી તે ધર્મના નિર્વાહને માટે પણ હું એમનું રક્ષણ કરીશ. જો એમ શંકા થાય કે આવું વ્રત જ શા માટે ગ્રહણ કરો છો? તો ઉત્તર કહે છે કે આ વ્રત મેં પહેલાંથી સ્વીકાર કરેલું છે અથવા ગ્રહણ કરેલું છે, માટે ગ્રહણ કરેલાનો ત્યાગ ન થાય તેથી એમનું પાલન કરવું એ જ ઉચિત છે.

**ટિ.**- 'પર્વતધારણે'થી શરુ કરીને 'ભવિષ્યન્તિ' સુધી, એ વાક્યનું તાત્પર્ય નીચે પ્રમાણે છેઃ- અહિં બે બાબત કરવાની છે, પર્વતધારણ કરવા વડે વરસાદથી રક્ષા, અને એઓના જીવ, દેહ વિગેરેની પણ રક્ષા. જો જીવ, દેહ વિગેરેની રક્ષા નહિ કરે, તો પર્વત ધારણ કર્યા છતાં પ્રલય કાલના મેઘોની ગર્જનાઓ વિગેરેથી એમના પ્રાણ ટકી શકે નહિ, તે બાબત 'પર્વતધારણે'થી શરુ કરીને 'યોગ એવ' એટલા વાક્યથી કહી છે. તેથી આત્મયોગ થી હું રક્ષણ કરીશ. સ્વાત્મયોગથી રક્ષણ કરીશ એમ મૂલ અર્થ ઇચ્છિત છે, નહિ તો 'સ્વ' પદ કહેત નહિ, અથવા 'સ્વ' અને 'આત્મયોગ' એ બેનો 'સમાહાર'-બંને સામટા સમજવા. 'યોગ' એટલે જે ફલને જોડી આપે તે, સાધન, સામર્થ્ય, શક્તિ વિગેરે, 'યોગ' શબ્દના અર્થ થાય છે. આત્માની આ યોગમાયા જ સમજવી. એમ હોવાથી 'સ્વ' એટલે પોતાથી, તેમના પ્રાણ વિગેરેની રક્ષા ભગવાને સ્વરૂપાનંદના દાનથી કરી, એ બાબત ત્રેવીશમા શ્લોકમાં 'ક્ષુત્તૃડ્વ્યથામ્' એ પદથી મૂલમાં કહી છે, અને પર્વત ધારણ કરવાથી વર્ષાથી રક્ષા કરી એવો ભાવ છે.

**લે.**- 'અલૌકિકં સામર્થ્યમ્. બ્રાહ્મેણ જૈમિનિરુપન્યાસાદિભ્યઃ'(બ્ર.સૂ.૪ ।૪।૫) એ મતની માફક જીવોને દેહાદિ વિના લીલા કરવાનું સામર્થ્ય આપવું જોઈએ. આનું

સમાધાન 'મત્પરિગ્રહમ્' એ પદથી થશે. 'બૃહસ્પતિદ્વારા' આનું સમાધાન 'સ્વાત્મયોગેન' એ પદથી થશે. એ પ્રકારે, બીજા કોઈ પ્રકારથી નહિ. 'નાપિ ભક્તિઃ', જ્ઞાનોપદેશ કહેવાથી 'જ્ઞાનશ્ચ' વિગેરે વાક્યોમાં કહ્યા પ્રમાણે જ્ઞાન અને ભક્તિ એક હોવાથી ભક્તિનું દાન પણ કહેવાઈ ગયું એમ સમજવું. 'સ્વાત્મયોગ એવ', મારા આત્મા અથવા સ્વરૂપનો યોગ એટલે આમને વિષે સ્થાપવું તે. 'સમાહારઃ' એ પક્ષમાં મૂલમાં જે 'સ્વ' પદ છે તેનું જ આ વિવરણ સમજવું, કારણ કે જેનો વ્યાપાર (કૃત્ય-કાર્ય) નથી તે કરણ-સાધન હોઈ શકવાનો સંભવ નથી. 'સ્વમ્' એટલે પોતાના આત્માનો યોગ અથવા સ્થાપવું, જેનો વ્યાપાર-કૃતિ હોઈ શકે તે જ સાધન થઈ શકે, માટે આવા પ્રયોગોમાં લક્ષણા સમજવી*. (* લક્ષણા- કહેવું એક અને સમજવું બીજું એ લક્ષણા. જેમ 'ગંગાયાં ઘોષઃ' ગંગાજીમાં ગામડું છે, એટલે ગંગાને કિનારે ગામડું છે, ગંગાના પ્રવાહમાં નહિ.) એનો વિશેષ વિસ્તાર અમે બીજે સ્થલે કરેલો છે. સ્વરૂપસ્થાપનથી રક્ષણ કેમ થાય તે 'યથા' વિગેરેથી કહે છે. વાયુનો નિરોધ કરવાથી એટલે પ્રાણાયામથી વાયુને અંદર સ્થાપવામાં આવે તો ઈન્દ્રિયો વાયુને અધીન હોવાથી ઈન્દ્રિયો ઉપદ્રવરહિત થાય છે, બહાર જતી નથી, અને અંતર્નિષ્ઠ રહે છે, તે જ પ્રકારે મારા સ્વરૂપનું એમની અંદર સ્થાપન કરીશ, તેઓ મારે અધીન હોવાથી અંતર્નિષ્ઠ થશે. 'આત્માનં સ્થાપયિષ્યામિ' એ પદો પછી 'તદા એતે ઉપદ્રવરહિતા અંતર્નિષ્ઠા ભવિષ્યન્તિ' એટલું અધ્યાહાર સમજવું, એનો અર્થ એ છે કે આત્માને એમની અંદર સ્થાપન કરવાથી એઓ ઉપદ્રવરહિત અને અંતર્નિષ્ઠ થશે. 'તતઃ' વિગેરેનો અર્થ એ છે કે એઓ અંતર્નિષ્ઠ થવાથી અને અંદર સારી રીતે સ્થિતિ કરીને રહેલા હોવાથી, મારે વિષે રહેલા મારામાં નિષ્ઠાવાળા થશે. 'સુખિતાઃ' એટલે મેં ભોજન કરેલા અન્નના પ્રભાવના સામર્થ્યથી ગર્જના વિગેરેથી એમને પ્રતિઘાત અથવા કાંઈ પણ નુકશાન થશે નહિ. 'ઈતિ'નો અર્થ એ છે કે એ પ્રમાણે સ્વાત્મયોગથી રક્ષા કરી.

**કારિકાર્થઃ**- પૂર્વે પાખંડધર્મ(ઈન્દ્રયાગરૂપી) હતો, તેથી પ્રથમ વ્રજવાસી-ઓને ક્લેશનો સંબંધ થયો. પછી ભગવદ્યાગના અનુષ્ઠાનથી ભગવાનને શરણ જવાની બુદ્ધિ થઈ. કા. ૧.

શરણાગતિનું જે વર્ણન કર્યું છે તે મર્યાદા સ્થાપવા માટે છે, જો એમ નહિ હોય તો બીજાએ ગ્રહણ કરેલા પદાર્થનું ભગવાન્ શા માટે ગ્રહણ કરે? કા.૨.

તેથી દૂરના ઉપાય તરીકે યાગનો ઉપદેશ કરવામાં આવ્યો છે, તેથી ભક્તિમાર્ગ સિદ્ધ થાય, અને ભગવાનનું અક્લિષ્ટકર્મકરવાપણું સિદ્ધ થાય. કા.૩.

**ટિ.**- 'તસ્માન્ મચ્છરણં ગોષ્ઠમ્' એ વાક્ય કહ્યા પછી જે શંકા પ્રાપ્ત થાય, તેના નિરાસને માટે 'પ્રથમં ક્લેશસંબંધઃ'થી શરુ કરીને 'તતો ભવેત્' ત્યાં સુધીની પહેલી કારિકા કહે છે. શંકા એમ થાય કે ભગવાને વ્રજવાસીઓનો આ પ્રકારે પરિગ્રહ કરેલો હોવાથી નંદ વિગેરેને અન્યનું-ઈન્દ્રનું ભજન સંભવતું નથી. અથવા કદાચિત્ તેવો સંભવ હોય તો એવા

અન્ય ભજનનું નિવારણ કરવું તે જ ભગવાનને ઉચિત છે, પોતાને માટે યાગનો ઉપદેશ કરવો તે કાંઈ ઉચિત લાગતું નથી, કેમ કે પોતાના સ્વરૂપથી તેમનો પરિગ્રહ કરેલો છે, અને તેથી યાગરૂપી બીજા સાધનની અપેક્ષા હોઈ શકે નહિ. એમ ન કહેવું કે વ્રજવાસીઓનો પરિગ્રહ તો હમણા જ કર્યો. ગોકુલ મારું છે, મારા વિના અન્ય ગતિ એની નથી વિગેરે વાક્યોથી જણાય છે કે ગોકુલનો પરિગ્રહ હાલમાં જ કર્યો નથી, પણ તે તો હમેશાંનો છે. વળી ભગવાન્ પોતે સર્વજ્ઞ હોવાથી અને વ્રજનો પરિગ્રહ પ્રથમથી જ સિદ્ધ હોવાથી, વ્રજવાસીઓએ 'અમે શરણે આવ્યા છીએ, અમારું રક્ષણ કરો,' એવી પ્રાર્થના કરી, ત્યાં સુધી ભગવાને તેમનું રક્ષણ ન કરતાં મુંગા જ બેસી રહ્યા એ યોગ્ય નથી, આ સર્વ શંકાઓનો ઉત્તર 'પ્રથમં ક્લેશસંબંધઃ' એ પહેલી કારિકાથી કર્યો છે. અહિં આ ભાવ છેઃ- અહિં ભગવાનના પરિગ્રહથી જ સર્વ સિદ્ધિ છે. એ પરિગ્રહ પણ કોઈ બીજા સાધનથી સિદ્ધ થાય છે એમ નથી. એમ હોવાથી વ્રજવાસીઓ પહેલાં વિપરીત સાધન (ઈન્દ્રયાગરૂપી પાખંડ ધર્મ)વાળા હતા, તે છતાં પોતાના પરિગ્રહથી જ તે વિપરીત સાધન દૂર કરવાનું કહ્યું છે, તેથી પોતાનો પરિગ્રહ જ સિદ્ધ થાય છે. પ્રથમથી જ વિપરીત સાધનપણાનો અભાવ હતો, એમ કહેવાથી સ્વપરિગ્રહ સિદ્ધ થતો નથી, તેથી જ શ્રુતિએ પણ કહ્યું છે કે 'ભગવાન્ બીજા કોઈ સાધનથી સિદ્ધ થતા નથી, પણ જે જીવને ભગવાન્ વરે છે, તેને જ ભગવાન્ પ્રાપ્ત થાય છે'. આ જ બાબત 'પ્રથમં ક્લેશસંબંધઃ' એ અર્ધી કારિકાથી કહી. 'શરણાગમને' વિગેરે બાકીની અર્ધી કારિકાથી યાગના ઉપદેશનું પ્રયોજન કહે છે, કે યાગના અનુષ્ઠાનથી શરણાગમનની બુદ્ધિ થઈ. જો એમ યાગ ન કરત તો ભગવાનના વચનથી એમ ઈન્દ્રયાગનો ત્યાગ કર્યો, અને તેથી અમને ક્લેશ આવી પડ્યો, એવી ભગવાન્ ઉપર અસૂયા-ઈર્ષ્યા થાત, અને તેમ થાત તો અત્યાર સુધીનો કરેલો બધો નિરોધ વ્યર્થ થઈ જાત. ભગવાનનો પરિગ્રહ પોતે જ બહુ પ્રબલ છે, તે જણાવવાને માટે આ વ્રજવાસીઓની લોકને સાધારણ રીતિ કહી, તેથી અસૂયા-ઈર્ષ્યા ઉત્પન્ન ન થાત, એવી શંકા પણ કરવી નહિ. પહેલાં દેહ, ઈન્દ્રિય વિગેરેનો વિનિયોગ બીજી જગ્યાએ (ઈન્દ્રયાગ વિગેરે પાખંડ ધર્મમાં) હોવાથી પણ અસૂયાનો સંભવ છે. તેથી દેહ, ઈન્દ્રિય વિગેરેનો વિનિયોગ અન્યત્ર હોવાથી એવી ઈન્દ્રિયોનો નિરોધ ભગવાનમાં સંભવતો નથી, તેથી ભગવાને તેમને અને તેમની વસ્તુઓને પોતાને માટેના કર્મમાં-પોતાને માટેના યાગમાં-યોજી આપ્યા. અને એમ થવાથી વ્રજવાસીઓનો પૂર્વદોષ જતો રહેવાથી પ્રભુને વિષે તેઓએ દોષારોપ કર્યો નહિ, અને પ્રભુને શરણે જવાની તેમને બુદ્ધિ થઈ. કા. ૧.

એમ ન કહેવું કે ભગવાને સ્વરૂપબલથી જ તેમનો પરિગ્રહ કરેલો હોવાથી આ (યાગ વિગેરે કરાવવો) એ નિરર્થક છે કારણ કે યાગ વિગેરે કરાવી પોતાને શરણ જવાની બુદ્ધિ ઉત્પન્ન કરવી તે પરિગ્રહને લીધે જ છે. તેમનો અને તેમનું જે કાંઈ હોય તે સર્વનો પરિગ્રહ સમજવો. પરિગ્રહ કરનાર ભગવાનની અંદર જો તે વ્રજવાસીઓને નિષ્ઠા ન થાય

તો પરિગ્રહના સ્વરૂપનો પણ સંભવ નથી. એમ ન કહેવું કે શરણાગમનથી જ પરિગ્રહ તો સિદ્ધ થઈ ગએલો છે, કેમ કે એ પરિગ્રહને લીધે જ ભગવાને તેમની રક્ષા કરેલી છે. શરણાગતિનું જે વર્ણન કહેલું છે, તે તો ભક્તિમાર્ગની મર્યાદા જણાવવાને માટે કહેલું છે. જે મર્યાદા એ છે કે ભગવાને જેમનો પરિગ્રહ કરેલો છે, તેઓ પોતાની આ લોકની અને પરલોકની સિદ્ધિને માટે ભગવાનની જ પ્રાર્થના કરે છે, બીજા કોઈની પ્રાર્થના કરતા નથી. અને વ્રજવાસીઓએ આમ કર્યું, તેથી તેમનો પરિગ્રહ સિદ્ધ છે, એમ પણ જણાવવાને શરણાગતિનું વર્ણન છે. જો પરિગ્રહ સિદ્ધ ન હોત તો ઈન્દ્રનો અપરાધ કરવાથી અનિષ્ટ થયું, તે જોઈને વ્રજવાસીઓ ઈન્દ્રની જ પ્રાર્થના કરત, કે હે ઈન્દ્ર ! હવે પછી તારો જ યજ્ઞ અમે કરીશું, અમારી રક્ષા કર. એ જ બાબત 'મર્યાદાસ્થાપનાર્થાય' એ બીજી કારિકામાં કહેલી છે. અથવા મદ ચઢે એવા પદાર્થથી મત્ત થએલાને જેમ બીજા કોઈની દરકાર રહેતી નથી, તેમ ભગવાનના પરિગ્રહના સ્વભાવથી જ (ભગવાનના પરિગ્રહનો મદ ચઢેલો હોવાથી, વ્રજવાસીઓ ગર્વથી એમ કહે કે આ તુચ્છ ઈન્દ્ર કોણ છે? આપણને કોનો ભય છે? અને ગર્વથી પ્રભુની પણ રક્ષાને માટે પ્રાર્થના કરત નહિ તો પણ) ભગવાનને તેમની રક્ષા તો કરવી જ પડત, પરંતુ તે રક્ષા તે વ્રજવાસીઓના તેવા ભાવને અનુસાર જ થાત. અને તેમ થાત તો ગોવર્ધનનું ઉદ્ધરણ ભગવાન્ કરત નહિ, પણ માત્ર વૃષ્ટિનો નાશ કરત. અને એ પ્રકારે માત્ર વૃષ્ટિનો નાશ કરવાથી જે જે લીલાનો ગોવર્ધનના ઉદ્ધરણમાં વ્રજવાસીઓને અનુભવ થયો, જેવી કે બીજા કોઈની અપેક્ષા વિના પ્રભુનું દર્શન કર્યા જ કરવું, કેવલ ભગવદીયપણાનો અનુભવ કરવો, માહાત્મ્યજ્ઞાનનો અનુભવ કરવો, ભગવાને ગોવિંદ નામ ધારણ કરવું, અને તેમને અભિષેક કરવો, વિગેરે લીલાનો વ્રજવાસીઓને અનુભવ ન થાત, અને તે લીલાઓનો સંભવ રહેત નહિ. અને તે લીલાઓથી થતો નિરોધ પણ વ્રજવાસીઓને થાત નહિ. અને તેમ ન થાત, તો તે વ્રજવાસીઓના નિરોધને માટે જ સર્વ કરવાનું, એ જે નિયમ, તે નિયમરૂપ મર્યાદાનો ભંગ થાત. માટે તે મર્યાદાનું રક્ષણ કરવાને શરણાગતિનું વર્ણન કરેલું છે. વળી આ સાધનપ્રકરણ હોવાથી, સાધનમાર્ગને અનુસાર જે લીલા ભગવાને કરી, તે જ અહિં કહેવામાં આવી છે, તેથી અન્ય-ઈન્દ્રના યાગનો નિષેધ, ભગવાને પોતાનો યાગ કરાવવો, વ્રજવાસીઓએ ભગવાનને શરણ જવું, અને ત્યાર પછી ભગવાને તેમની રક્ષા કરવી, વિગેરે જે કહ્યું છે તે યોગ્ય જ છે. જો એમ ન કહેત તો તેથી ઉલટા પક્ષમાં જે બાધક આવે છે તે બીજી કારિકામાં પાછલા અર્ધા ભાગમાં કહે છે. 'અન્યથા' તે એમ ન કરત તો, બીજાએ-ઈન્દ્રે ગ્રહણ કરેલા પદાર્થોનું ભગવાન્ શા માટે ગ્રહણ કરત? જો આ વ્રજવાસીઓને સર્વથી જુદા કરીને હું એમને મારા કરીશ, એવી ઈચ્છાથી જ ભગવાને ઈન્દ્રનો યાગભંગ વિગેરે ન કર્યો હોત, તો ઈન્દ્રને માટે ઉદ્દિષ્ટ (યોજેલું) અને તેનું શેષભૂત અન્ન ભગવાને આરોગ્યું હોત નહિ. બીજા અન્નથી પણ ગોસવ એટલે ગાયોનો યજ્ઞ કરી શકત, જો એમ કરત તો ગોકુલને વિષે ઈન્દ્રનો અંશ સ્થપાએલો જ

રહેત. તેથી જ, આમ નહિ થાય તેથી જ પ્રભુએ કહ્યું કે 'ઇન્દ્રયાગને માટે જે સામગ્રી એકઠી કરેલી છે તે વડે જ આ યજ્ઞ સિદ્ધ કરો, બીજી સામગ્રીથી નહિ,' તેથી વ્રજવાસીઓને કેવલ પોતાના જ કરીને કેવલ સ્વરૂપાનંદનું દાન કરવાને માટે પોતાને માટે યજ્ઞ કરવાનો ઉપદેશ કર્યો, તેથી જ ત્રીજી કારિકામાં કહ્યું છે, કે યાગનો ઉપદેશ દૂરના ઉપાય તરીકે કરેલો છે. વળી એમ કરવાથી અનન્ય ભક્તિનો માર્ગ સિદ્ધ થાય છે. જો એમ ન કરત તો તે ભક્તિ બીજાથી મિશ્રિત જ રહેત. જેટલું કરવાથી ભક્તો કાલ કર્મ વિગેરેથી મુક્ત થઈને કેવલ પોતાના જ થઈને રહે, તેટલું જ કરવામાં વચમાં ઇન્દ્રમાનભંગ વિગેરે જે થતું હોય તે ભલે થાઓ, અને ભગવાનનું અક્લિષ્ટકર્મ કરવાપણું સિદ્ધ થાઓ, તે બાબત ભક્તિમાર્ગ વિગેરે ત્રીજી કારિકાના છેલ્લા ભાગમાં કહી છે.

**સુ.**– તેથી ભગવાને એ પ્રમાણે વિચાર કરીને, તે વ્રજવાસીઓને તે પ્રમાણે કહીને તેમને વિશ્વાસ આવે તેને માટે શ્રુતિનો વિરોધ આવે તે દૂર કરવાને માટે આધિદૈવિક સંપત્તિને માટે માયા, ગોવર્ધન વિગેરેને પ્રબોધ કરવાને માટે ઉપર પ્રમાણે કહીને, ગોવર્ધનનું ઉદ્ધરણ કર્યું–ઉંચે ધરી રાખ્યો તે 'ઇત્યુક્ત્વૈકેન' થી કહે છેઃ

**ટિ.**– 'વિશ્વાસાર્થં', આગલા દોઢ શ્લોકથી ભગવાન્ ગોપોનું રક્ષણ કરશે જ એમ વ્રજવાસીઓને વિશ્વાસ ઉત્પન્ન કર્યો. ભગવાનના પોતાના વચન પ્રમાણે કરવાથી જ વ્રજવાસીઓને આ ઉપદ્રવ થયો હતો, એમ જાણવાથી તેનો ઉપાય ભગવાન્ અવશ્ય કરે જ, તે જણાવવાને માટે ગયા પંદરમા શ્લોકમાં કહ્યું હતું કે 'ઇન્દ્ર પોતાનો યાગ બંધ કરવાથી વિના ઋતુએ ભયાનક પવનના તોફાનવાળો અને શિલામય વરસાદ વ્રજનો નાશ કરવાને માટે વરસાવે છે.' વ્રજવાસીઓને વિશ્વાસ આવવાનું કારણ એ કે ભગવાનના વચનથી ભગવદ્યાગ કર્યો કે પ્રત્યક્ષ ગોવર્ધનદેવનું દર્શન થયું, તે બાબત એકવીશમા અધ્યાયના પાંત્રીશમા શ્લોકમાં કહી છે, કે 'કૃષ્ણે ગોપોને વિશ્વાસ બેસાડવાને માટે બીજું અતિસ્થૂલ રૂપ ધારણ કરીને, હું પર્વત છું એમ કહીને પુષ્કળ બલિનું ભોજન કર્યું.' વળી જો ઇન્દ્રનું દમન કરે તો 'ભગવાન્ ઇન્દ્રના યુજ્ય સખા છે' એમ શ્રુતિમાં કહ્યું છે તેનો વિરોધ આવે, પણ ઇન્દ્રનું દમન ન કરતાં ઇન્દ્રનો લક્ષ્મીનો મદ–ગર્વ દૂર કરવાનું કહેવાથી, તેનું હિત કરવાથી તે વિરોધ દૂર કર્યો. વળી સર્વનું આધિદૈવિક સ્વરૂપ સર્વત્ર ભગવદ્રૂપ હોવાથી, તેમ જ ઇન્દ્રનું આધિદૈવિક સ્વરૂપ પણ ભગવદ્રૂપ હોવાથી, આધિદૈવિક સ્વરૂપથી યુક્ત જો ઇન્દ્રનું સ્વરૂપ થાય, તો તેને મદનો સંભવ થાય નહિ, પણ આ ઇન્દ્રને મદ થવાથી ઇન્દ્રનું આ સ્વરૂપ આધિદૈવિક સ્વરૂપથી રહિત હોવાથી આ ઇન્દ્રનો માનભંગ ઇન્દ્રના આધિદૈવિક સ્વરૂપને સંમત છે એમ જણાવવાને માટે ગયા સત્તરમા શ્લોકમાં કહ્યું કે 'મારા આધિદૈવિક ભાવયુક્ત દેવોને ઐશ્વર્યનો ગર્વ હોય નહિ, અસત્ દેવોનો મારાથી થએલો માનભંગ તેના કલ્યાણને માટે જ છે.' આધિદૈવિક ઇન્દ્રને આ માનભંગ સંમત છે એમ ન માનીએ, તો તે સત્તરમા શ્લોકમાં 'મદ્ભાવયુક્તાનામ્' એમ ભગવાન્ કહેત નહિ. વળી 'ગોપાયે

સ્વાત્મયોગેન' એમ જે અઢારમા શ્લોકમાં પદો કહ્યાં છે તેનાથી માયા અને ગોવર્ધનનો પ્રબોધ કર્યો, ત્યાં કહ્યું છે કે પર્વત ધારણ કરવામાં યોગમાયા સાધન છે, અને ગોપોની રક્ષા કરવામાં સ્વાત્મયોગ સાધન છે. શ્રીસુબોધિનીજીમાં 'માયા ગોવર્ધનાદીનાં પ્રબોધનાર્થમ્' એમાં 'આદિ' પદ છે, તેનાથી ગોવર્ધન ઉપર આવેલાં વૃક્ષ, પક્ષી વિગેરે સમજવાં. તેમને કાંઈ પણ આવરણ અથવા ઢાંકણ નહિ હોવાથી તેમનો નાશ થાય તો અનિષ્ટ થાય, તેથી તેમને વિષે પણ પોતાનો યોગ જણાવ્યો છે, કે ભગવાને પોતાનાં વાક્યોથી તેમને પણ પ્રબોધ કર્યો. જો એમ ન માનીએ તો 'ઇત્યુક્ત્વા દધાર'-એમ બોલીને ધારણ કર્યો, એમ આ શ્લોકમાં કહેત નહિ. એમ બોલ્યા વિના પણ ગોવર્ધન ધારણ કરવાથી જ રક્ષાનો સંભવ તો હતો જ, પણ એવાં વચન બોલીને તેમને પણ પ્રબોધ કર્યો એમ સમજવું.

**ઈત્યુક્ત્વૈકેન હસ્તેન કૃત્વા ગોવર્ધનાચલમ્ ।।**
**દધાર લીલયા કૃષ્ણશ્છત્રાકમિવ બાલકઃ ।।૧૯।।**

એમ કહીને એક હસ્તથી ગોવર્ધનને અચલ કરીને, જેમ બાલક છત્રાક (કુતરાની ટોપી)ને ધારણ કરે તેમ કૃષ્ણે લીલાથી ધારણ કર્યો. ૧૯.

**સુ.**- આ ગોવર્ધન જો ઉંચો ધારણ કરવામાં આવે તો તે (અચલ મટી જઈને) ચલ થઈ જાય, અને જો તેમ થાય તો તેના સ્વરૂપનો નાશ થાય, કેમ કે પર્વત તો અચલ છે, તેથી એક હસ્તથી ગોવર્ધનને અચલ કરીને ધારણ કર્યો એવો સંબંધ છે. ગાયોનો વધારો કરે તેથી ગોવર્ધન, એમ આધિદૈવિક સ્વરૂપનું નામ છે, એમ પૂર્વે સિદ્ધ કરેલું છે. એ પર્વત ચલ પણ થાય, તેથી તેની અચલતા સંપાદન કરી. તેને ધારણ કરવાને એક હસ્તથી એટલે પાલન કરવાનું જેનું સ્વરૂપ છે એવી એક ક્રિયાશક્તિથી, તેની અચલતા સંપાદન કરી. 'અન્યથા' જો એમ ન કરે તો ગોવર્ધન ભગવાનની સેવામાં પ્રવૃત્ત થાય તો અચલ મટીને ચલ થઈ જાય. અથવા અલ્પ-નાનો ગોવર્ધન લાંબો અને વિકૃત છે, તેને જે સ્વરૂપનો કરીને ઉંચે ધારણ કરવો જોઈએ તેવું તેનું સ્વરૂપ કરીને, પછી એક હાથથી ધારણ કર્યો. જો એમ શંકા થાય કે આમ કરવાથી ક્લેશ થયો હશે અને એમ કરવાનું પ્રયોજન શું? તો તેનો ઉત્તર 'લીલયા' એ પદથી કહે છે. લીલા કરવામાં જે ક્લેશ થાય તે ક્લેશ નહિ પણ તે તો રસ ઉત્પન્ન કરે છે. લીલામાત્રથી કરેલું હોવાથી તેમાં ક્લેશ છે જ નહિ. જો એમ શંકા થાય કે સર્વના ઈશ્વર ભગવાન્ છે, તો આ પ્રકારે અચલને ચલ કરીને ગોવર્ધન જે પોતે સ્થિતિ કરીને રહેલો હતો તેને અન્યથા-ઉંચો ધારણ કરીને પાલન શા માટે કર્યું? બીજા કોઈ પ્રકારથી પણ પાલન કરવાનો સંભવ સર્વેશ્વર ભગવાનને તો હોય જ. આ શંકાનો ઉત્તર 'છત્રાકમિવ બાલકઃ' એ પદોથી કહે છે. જેમ બાલકો લીલામાં જ-રમતમાં જ 'છત્રાક'-વરસાદની ૠતુમાં સફેદ છત્રીના આકાર જેવું ઉગે છે તે-

કુતરાની ટોપી-કે જે સ્થિર છે તેને પોતે રાજલીલા કરે છે એમ જણાવવાને તેને સ્થલેથી ઉખેડીને પોતાના માથા પર ધરે છે, અને એમ કરવાથી તે બાલલીલા જ થાય છે, નહિ તો મર્યાદાનો ભંગ કરવાથી દોષ થાય, તેથી ઈન્દ્ર (આવી બાલલીલા જોઈને) નિવૃત્ત થયો નહિ, કેમ કે ભગવાને પોતાનું પૌરુષ (સામર્થ્ય) પ્રકટ કર્યું નહિ, વળી આ છત્રાકનો દૃષ્ટાંત ભગવાનને કોઈ પ્રયાસ પડ્યો નથી તે સૂચવવાને માટે છે. વસ્તુતઃ રક્ષા તો ભગવાને જ કરી છે, ઉંચે ધારણ કરેલા ગોવર્ધનથી તે કાંઈ થઈ નથી. છત્રાક કદાપિ વૃષ્ટિનું નિવારણ કરી શકતી નથી, કારણ કે વૃષ્ટિથી તેના પણ નાશનો સંભવ છે. તેથી ગોવર્ધનનું ઉદ્ધરણ પણ રક્ષા કરવામાં ખાસ પ્રયોજન નથી, તે જણાવવા માટે પણ છત્રાકનું દૃષ્ટાંત છે. ભગવાને ગોવર્ધનનું એવી રીતે ધારણ કર્યું કે જેથી વચ્ચે ખાડો થાય, અને છેડાનો ભાગ ઉંચો થાય અને ખાડાથી આગળના ભાગમાં તેની છાયા થાય.

**લે.**- 'પૂર્વં વ્યવસ્થાપિતઃ' એકવીશમા અધ્યાયના સાડત્રીશમા શ્લોકમાં કહ્યું છે કે ગાયોના કલ્યાણને માટે આ ગોવર્ધનને નમસ્કાર કરો, તેથી એ પર્વત ગાયોની વૃદ્ધિ કરે છે એમ તે શ્લોકમાં સિદ્ધ કરેલું છે. 'અન્યથા' જો અચલત્વ સંપાદન ન કરે અને ભગવાન્ તેને ચલ કરે, તો ચલન ધર્મનો આવિર્ભાવ થવાથી, બીજા કોઈ કારણથી ચલન ન કરે તો પણ પોતે હરિના દાસોમાં ઉત્તમ હોવાથી સેવામાં પ્રવૃત્તિ થાય અને ચલન થાય, પણ ભગવાને તેનું અચલત્વ સંપાદન કરેલું હોવાથી અચલત્વને વિરોધ ન આવે એવી સેવા જ તે ગોવર્ધન કરે. તે સેવાનું સ્વરૂપ જલ, સુંદર ઘાસ, કંદમૂલ પ્રકટ કરવારૂપ છે, તે વેણુગીતમાં કહ્યું છે. ભગવાને અચલત્વ સંપાદન કરીને જ ગોવર્ધનનું ઉદ્ધરણ કર્યું, માટે તેનામાં ચલત્વ આવ્યું નથી એવો ભાવ છે.

**સુ.**- એ પ્રકારે ધારણ કરીને પોતાને શરણે આવેલા વ્રજવાસીઓને 'અથ' એ શ્લોકથી કહે છેઃ

**અથાહ ભગવાન્ ગોપાન્ હેમ્બ તાત વ્રજૌકસઃ ।।**
**યથોપજોષં વિશત ગિરિગર્તં સગોધનાઃ ।।૨૦।।**

ત્યાર પછી ભગવાને ગોપોને કહ્યું કે હે મા ! હે પિતા ! હે વ્રજવાસીઓ ! જેમ તમને સુખ થાય તે પ્રમાણે ગાયોરૂપી ધન સહિત પર્વતના ખાડામાં પ્રવેશ કરો. ૨૦.

**સુ.**- ઉપાય કર્યા પછી જ ભગવાન્ સમાધાનનું વચન બોલ્યા, તે પહેલાં નહિ. તે જણાવવાને અહિં શ્લોકમાં 'અથ' શબ્દ મૂક્યો છે, તેનો અર્થ ત્યાર પછી (આનંતર્ય) એમ છે. ભગવાન્ પદ મૂક્યું છે, તેનો અર્થ એ છે કે પોતે ભગવાન્ હોવાથી પરિણામ શું થવાનું છે તેનું સર્વ જ્ઞાન તેમને છે. 'ગોપાન્' એ પદથી ધર્મમાં

પરાયણ આ ગોપો છે એમ સમજવું. જો ધર્મમાં પરાયણ ન હોત તો ભગવાનના વાક્યમાં તેમને વિશ્વાસ આવત નહિ, કેમ કે વિપરીત ક્લેશનો અનુભવ તેમને થયો હતો, તેથી 'તાન્ પ્રતિ આહ'-તેમના પ્રતિ કહ્યું એમ કહેવાને બદલે 'ગોપાન્ આહ' એટલે ધર્મપરાયણ ગોપોને કહ્યું, તે સૂચવનાર 'ગોપાન્' પદ શ્લોકમાં મૂક્યું છે. તે ગોપોમાં અંદરઅંદરના ભેદ જણાવવાને માટે, અને દરેકને માટે અમુક સ્થાન દર્શાવવાને માટે, સ્નેહથી ભગવાન્ હે મા ! હે પિતા ! હે વ્રજવાસીઓ ! એ પ્રમાણે ખાસ સંબોધન કરે છે. રાજસ, સાત્ત્વિક, તામસ વિગેરે ત્રણ પ્રકાર પણ જણાવ્યા, તે એમ જણાવવાને માટે કે ભગવાન્ એ સર્વનું પાલન કરે છે. જેમ સુખ થાય તેમ પર્વતના ખાડામાં પ્રવેશ કરો, સર્વની સ્થિતિને માટે મોટું સ્થાન છે એમ જણાવ્યું. 'ગોધનસહિતા' એટલે ગાયો જેનું ધન છે તે ધનની સાથે, અથવા ગાયોની સાથે અને ધનની પણ સાથે પ્રવેશ કરો.

**સુ.**- ઉપર મારો હાથ જોઈને તમારે ત્રાસ કરવો નહિ, તે 'ન ત્રાસઃ' એ શ્લોકથી કહે છેઃ

**ન ત્રાસ ઈહ વઃ કાર્યો મદ્ધસ્તાદ્રિનિપાતનાત્ ।।**
**વાતવર્ષભયેનાલં તત્ત્રાણં વિહિતં મયા ।।૨૧।।**

આ ખાડામાં મારા હાથમાંથી પર્વત પડી જશે એવો ભય તમારે રાખવો નહિ. વાયુનો અને વરસાદનો ભય મેં દૂર કર્યો છે, તેનો ઉપાય મેં કરી મૂક્યો છે. ૨૧.

**સુ.**- આ ખાડામાં પ્રવેશ કરેલા તમોએ, મારા હાથમાંથી પર્વત પડી જશે એવા હેતુથી, ભય રાખવો નહિ, કારણ કે પર્વત પડવાનો નથી. જો એમ શંકા થાય કે બે ભયમાંથી (વાતવર્ષા એ એક ભય અને પર્વતનું પડવું એ બીજો ભય) એકનો અંગીકાર કરવો જ જોઈએ, તો પછી વૃષ્ટિનો ભય જ ભલે થાઓ, તેનો ઉત્તર કહે છે કે પવનનો અને વૃષ્ટિનો ભય રાખવો નહિ. 'અલમ્' શબ્દ દૂર કરવાના અર્થમાં છે, માટે તેનો ભય ન કરવો, એ બાબતમાં શંકા જ કરવી નહિ. અહિં ખાડામાં આવવું એ બાબતમાં શંકા ન કરવી, તે ઉપપાદન કરે છે કે તે ભયમાંથી મેં રક્ષણ કર્યું છે. અથવા તેનો ઉપાય મેં કર્યો છે. જે ઉપાય હોય તે અનુપાય કદાપિ થતો નથી. 'મયા' એટલે મેં કર્યો છે, તેનો અર્થ એ છે કે કોઈ ભ્રાંત મનુષ્યે કર્યો નથી, અને ઉપાય કરેલો હોવાથી કાંઈ કરવાનું બાકી પણ રહ્યું નથી.

**સુ.**- પછી તે ગોપોએ તે પ્રમાણે જ કર્યું, એમ 'તથા' એ શ્લોકથી કહે છેઃ

**તથા નિર્વિવિશુર્ગર્તં કૃષ્ણાશ્વાસિતમાનસાઃ ।।**
**યથાવકાશં સધનાઃ સપ્રજાઃ સોપજીવિનઃ ।।૨૨।।**

તે જ પ્રમાણે કૃષ્ણે જેમના મનને આશ્વાસન આપેલું છે, એવા તેઓએ ગોધન સહિત, પુત્ર વિગેરે સહિત, સેવકો અને બ્રાહ્મણો વિગેરે સહિત, જે પ્રકારે સારો અવકાશ મળે તે પ્રકારે ખાડાને વિષે પ્રવેશ કર્યો. ૨૨.

**સુ.**- પડવાનો ભય તેમને ન હતો તે જણાવવાને કહ્યું કે કૃષ્ણે જેમના મનને આશ્વાસન આપેલું છે. 'યથાવકાશમ્' એટલે મોકળાશથી. તેથી વીશમા શ્લોકમાં જેમ સુખ પડે તેમ વિગેરે કહ્યું હતું તે સ્થાપન(સિદ્ધ) થયું. 'સધનાઃ' એટલે ગાયો સહિત, 'સપ્રજાઃ'-પુત્રાદિ સહિત, 'ઉપજીવી'-સેવકો વિગેરે, બ્રાહ્મણો વિગેરે તેમની સાથે (પ્રવેશ કર્યો). પછી ભગવાનની અને ભગવાનના ગુણોની મર્યાદામાં વાટ જોવાને માટે સાત રાત્રિ સુધી વૃષ્ટિ થઈ. જો આગળ પણ વૃષ્ટિ થાત, તો ઈન્દ્ર અને મેઘોનું મૃત્યુ જ થાત, તેની ઉપર-સાત રાત્રિથી વિશેષ, ભગવાન્ સહન કરતા નથી, તેથી જ જે કોઈ ભગવદીયોના ઉપર વિચાર કરીને અપકાર-નુકશાન કરે, તે સાત રાત્રિ સુધી પ્રતીક્ષા કરે છે-વાટ જુવે છે. એટલી રાત્રિની વચ્ચે જો ભગવાન્ રક્ષણ કરે, તો હું તેને અપકાર કરીશ નહિ, અને ભગવાન્ જો તે ભગવદીયની ઉપેક્ષા કરશે, તો જ તેને અપકાર કરીશ, એમ તે પ્રતીક્ષા કરે છે. જે વિના વિચારે ઉપદ્રવ કરે છે તે તો સાત રાત્રિ સુધી કરે છે, જો તેટલા સમય સુધી તે ભગવદીય જીવે, તો તે ઉપદ્રવ કરતો બંધ પડે છે, કારણ કે તેને પોતાના નાશનો ભય લાગે છે. એ પ્રકારે સર્વત્ર વ્યવસ્થા સમજવી.

**લે.**- 'પ્રતીક્ષાર્થમ્'-પ્રતીક્ષા કરવાને માટે, તેનો અર્થ એ છે કે સાતમાંથી એક પણ જો ઉપેક્ષા કરે તો સર્વથા હું ઉપદ્રવ કરીશ, એમ સાતેની પ્રતીક્ષા કરવી એવો અર્થ છે. 'તદુપરિ' વિગેરેનો અર્થ એ છે કે એથી વિશેષ રક્ષક ન હોવાથી તેઓ નષ્ટ થઈ જાય, તેથી ભગવાન્ ઉપદ્રવ કરનારને જ મારી નાખે. વિના વિચારે ઉપદ્રવ કર્તા ઈન્દ્ર સમજવો.

**યો.**- 'ભગવતો ગુણાનાં ચ પ્રતીક્ષાર્થમ્' ભગવાનની અને ગુણોની પ્રતીક્ષા કરવી, તેનો આશય નીચે પ્રમાણે છેઃ-જે કોઈ શક્તિમાન્ હોય, તે પોતાની શક્તિઓથી સર્વ કાર્ય કરે છે, જેમ જેની પાસે ઘણાં શસ્ત્ર હોય, તે પોતાને સુકર-સહેલું લાગે તેમ એક જ શસ્ત્રથી મારકોને દૂર કરીને દીનોની રક્ષા કરે છે, તે જ પ્રકારે ઐશ્વર્ય વિગેરે છ ગુણવાળા ભગવાને દરરોજ પોતાના એક એક ગુણથી વૃષ્ટિ વિગેરેથી થએલું દુઃખ દૂર કરીને ગોકુલની રક્ષા કરી. એ પ્રકારે છ દિવસો સુધી છ ગુણોથી રક્ષા કરી, અને સર્વ ગુણ સહિત ભગવાનથી થતી રક્ષા તે ધર્મીરૂપથી રક્ષા (એ સાતમા દિવસની રક્ષા). એ પ્રકારે રક્ષણના સાત પ્રકાર છે. આ પ્રકારે રક્ષણ થતું હોય ત્યારે એક દિવસે રક્ષણ કરીને બીજે, ત્રીજે કે ચોથે દિવસે જો શ્રીકૃષ્ણ વ્રજની ઉપેક્ષા કરશે તો વ્રજનો નાશ થશે, એવા આશયથી ઈન્દ્રે પ્રલય કરનારી વૃષ્ટિ ચાલુ રાખી, આનું નામ ભગવાન્ અને ભગવાનના ગુણોની પ્રતીક્ષા અથવા વાટ

જોવી તે, પછી આઠમે દિવસે વૃષ્ટિ કેમ ન થઈ, એમ શંકા કરીને તેનો આશય કહે છે કે 'તદુપરિ સહનં નાસ્તિ' એટલે છ ગુણો અને છ ગુણવાળા ભગવાન્ એમ સાત પ્રકારે થએલી રક્ષાનો અનાદર કરવામાં આવે, તો સાત દિવસથી વિશેષ ભગવાન્ સહન કરતા નથી, એનો આશય આ પ્રકારે છેઃ-છ ગુણોથી થએલી રક્ષાનો વિચાર-દરકાર ન કરીને સાતમે દિવસે પણ વૃષ્ટિ કરે, તે જ પ્રકારે ધર્મીરૂપથી કરેલી રક્ષાને નહિ ગણકારીને જો આઠમે દિવસે પણ વૃષ્ટિ કરે તો ધર્મી ભગવાન્ પોતાનો અનાદર થવાથી ઈન્દ્રને મારી નાંખે. તે બાબત 'યદિ અગ્રેપિ ભવેત્ મ્રિયેતૈવ ઈન્દ્રઃ' આ પદોથી કહે છે. એમ હોવાથી ઈન્દ્રને મારવાની ઈચ્છા ન હોવાથી ભગવાને તેવી બુદ્ધિ ઈન્દ્રમાં ઉત્પન્ન કરી નહિ, પણ ઈન્દ્રને સદ્બુદ્ધિ આપી, કે જે સદ્બુદ્ધિને લીધે સાતમા પ્રકારની રક્ષા જોઈને ઈન્દ્રે વૃષ્ટિનું નિવારણ કર્યું, તે બાબત 'સપ્તમદિવસસ્ય રાત્રિશેષ નિવારણમ્' એ પદોથી આગળ કહેવામાં આવશે. વિચાર કરીને ઉપદ્રવ કરનારનો અર્થ એ છે કે આ ભગવદ્ભક્તે આ અપરાધ કર્યો, તેથી એને દંડ દેવો કે નહિ એવો સંદેહ થાય, ત્યારે ભગવાને જેની રક્ષાને માટે પ્રયત્ન કર્યો હોય તેને દંડ આપવો નહિ, એમ તે વિચાર કરવાવાળો નિશ્ચય કરે છે અહિં વિચાર કરીને ઉપદ્રવ કરનાર દેવ વિગેરે સમજવા, કે જેને ભગવાને કરેલી ભક્તની રક્ષાનું અથવા ઉપેક્ષાનું જ્ઞાન હોય છે, ગમે તે કોઈ સાધારણ પુરુષ નહિ એમ સમજવું. એથી એમ સિદ્ધ થયું કે સાત રાત્રિઓમાં ગમે ત્યારે ભગવાન્ રક્ષાનો ઉપાય કરે, તે સમયે જેની ભગવાને રક્ષા કરી છે, તેના નાશનો સંભવ જ નથી, એમ સમજીને વિચારકુશલ હોય તે ભક્તોને ઉપદ્રવ કરતા નથી. જો એમ શંકા થાય કે બહુ ભક્તોને ઉપદ્રવ કરે ત્યારે ભગવાન્ રક્ષણ કરે, તે પહેલાં કેમ સમજ પડે કે તેમણે આનું રક્ષણ કરેલું છે, કે ઉપેક્ષા કરેલી છે? એનો ઉત્તર એ છે કે ઉપદ્રવની સંભાવના માત્રથી પણ ભક્તની રક્ષાને માટે ભગવાન્ પહેલાથી જ ઉપાય કરે છે. નવમા સ્કંધમાં અ.૪ શ્લોક ૪૮ શુકદેવજીનું વાક્ય છે કે 'પ્રાગ્દિષ્ટં ભક્તરક્ષાર્થમ્' ત્યાં એ બાબત કહેલી છે. ઉપદ્રવની શંકા માત્રથી જ અંબરીષ રાજા જે ભક્ત હતો તેની રક્ષાને માટે ભગવાને ચક્રનું સ્થાપન પ્રથમથી જ કર્યું છે. આ પ્રકારે ભગવાન્ રક્ષા કરે છે તેનું જ્ઞાન દેવોને અલૌકિક પ્રકારથી થાય છે, અને તેને લીધે જ આ જીવે ચિત્તથી ભગવાનનું સ્મરણ કર્યું છે, આ જીવે નથી કર્યું, એવું જ્ઞાન યમદૂતોને પણ થાય છે, જો એમ ન થાય તો ભગવાનનું સ્મરણ કરનારાઓને તેઓ લઈ ન જાય, અને ભગવાનનું સ્મરણ નહિ કરનારાઓને તેઓ લઈ જાય એમ કેમ બને? તે બાબત છઠ્ઠા સ્કંધમાં યમરાજાએ કહી છે કે 'જેમની જીભ ભગવદ્ગુણ અને ભગવન્નામ બોલતી નથી, જેનું ચિત્ત ભગવાનના ચરણારવિંદનું સ્મરણ કરતું નથી, જેનું શિર કૃષ્ણને એકવાર પણ નમતું નથી, તેવા અસત્ જનો જેમણે વિષ્ણુનું કાંઈ પણ કૃત્ય કર્યું નથી, તેને તમે લઈ આવજો.' આથી એમ સિદ્ધ થયું કે દેવો વિગેરેને અલૌકિક પ્રકારથી ભગવાને કરેલી રક્ષા અને ઉપેક્ષા બંનેનું જ્ઞાન છે, આમ હોવાથી જે વિચારીને ભક્તોનો ઉપદ્રવ કરે છે. તે સાત

રાત્રિ સુધી પ્રતીક્ષા કરે છે, એમ જે કહ્યું ત્યાં વિચારીને ઉપદ્રવ કરનાર દેવ વિગેરે સમજવા, કારણ કે તેઓ અલૌકિક દૃષ્ટા છે. વિચાર વિના ઉપદ્રવ કરનાર ઇન્દ્ર જેવા સમજવા. વિચારીને ઉપદ્રવ કરવામાં સાત રાત્રિ સુધી પ્રતીક્ષા કરી. વિચાર વિના ઉપદ્રવ કરવામાં સાત રાત્રિ પર્યંત ઉપદ્રવ કરે છે એમ કહ્યું, ત્યાં સાત રાત્રિ પર્યંત પ્રતીક્ષા અને સાત રાત્રિ પર્યંત ઉપદ્રવ કરવો એવો નિયમ નથી. પણ સાત રાત્રિ પર્યંત પ્રતીક્ષા અને સાત રાત્રિ પર્યંત ઉપદ્રવ એ પરમ અવધિ અથવા વધારેમાં વધારે સમય એમ સમજવું.
નોંધ – આ બાબત આગળના શ્લોકમાં સ્પષ્ટ થશે.

**સુ.**– પછી ભગવાન્ સાત રાત્રિ સુધી તે જ પ્રકારે ઉભા રહ્યા તે 'ક્ષુત્તૃડ્' એ શ્લોકથી કહે છેઃ

**ક્ષુત્તૃડ્વ્યથાં સુખાપેક્ષાં હિત્વા તૈર્વ્રજવાસિભિઃ ।।**
**વીક્ષ્યમાણો દધાવદ્રિં સપ્તાહં નાચલત્ પદાત્ ।।૨૩।।**

ભૂખ અને તરસની વ્યથા અને સુખની અપેક્ષા છોડી દઈને તે વ્રજવાસીઓ થી દર્શન કરાતા પ્રભુએ સાત રાત્રિ દિવસ પર્વતને ધારણ કર્યો, અને પગથી જરાક પણ ખસ્યા નહિ. ૨૩.

**સુ.**– ભૂખ અને તરસથી થતું દુઃખ સહન કરીને, અને સુખની, નિદ્રા વિગેરેની, અપેક્ષા છોડી દઈને, તે વ્રજવાસીઓ જેમનું દર્શન કર્યા કરતા હતા એવા ભગવાને પર્વતને ધારણ કર્યો. 'અદ્રિ' એટલે જે ભાંગી ન જાય તે. તે પર્વત પણ વૃષ્ટિથી વચ્ચે ભાંગી ગયો નહિ. ભગવાન્ પણ એક પગલું પણ ચાલ્યા નહિ. અહિં 'ક્ષુત્તૃડ્વ્યથામ્' એનો સંબંધ 'હિત્વા' એ પદની સાથે જ કરવો. ભગવાનના દર્શનથી, અથવા ભગવાનના અન્નકુટના અન્નના ભોજનથી, ભૂખ અને તરસનું દુઃખ છોડી દઈને.–જો એમ ન થાય તો ગોપોને ધૈર્ય કેમ રહે? એ પ્રકારે સાત રાત્રિ સુધી પર્વતને ધારણ કરીને તે વ્રજવાસીઓને બીજા બધાથી જુદા કરીને ભગવાને પોતાના જ કર્યા, એમ નિરૂપણ કર્યું. પ્રાણીને સાત અંગ હોય છે (૧) દેવ (૨) ઋષિ (૩) પિતૃઓ (૪) આત્મા (૫) આત્મીય–પુત્ર વિગેરે (૬) ઐહિક–પોતાના દેહ સંબંધી (૭) પારલૌકિક–યાગ વિગેરે ધર્મ. જો આ સાતમાંથી કોઈ પણ આ વ્રજવાસીઓનું રક્ષણ કરત, તો તેઓ તેમના થઈને રહેત, પણ જ્યારે તે સર્વે અશક્ત થઈ ગયાં, અથવા સામા પક્ષનાં થઈ ગયાં, ત્યારે પછી તેમની સાથે વ્રજવાસીઓનો કાંઈ પણ સંબંધ રહ્યો નહિ. તેથી જ પ્રાણના ધર્મ (ભૂખ અને તરસ) અને અંતઃકરણનો ધર્મ (સુખની અપેક્ષા) એ બંનેનો ત્યાગ કહ્યો. કારણ કે શુદ્ધ ભગવદ્ભાવમાં તે સર્વ બાધક છે. આથી એમ સમજવું કે તે વ્રજવાસીઓને પ્રભુના સ્વરૂપ વિના બીજા

કશાનું સ્મરણ પણ થયું નહિ, અને ભગવાને કરેલું રક્ષણ આવા પ્રકારનું છે, એમ પણ જણાવ્યું. હાલમાં રક્ષા અને આગળ સુખ આનાથી થશે, એમ વિચાર કરીને જો વ્રજવાસીઓએ ભગવાનનું વીક્ષણ-દર્શન કર્યું હોત, તો તે દર્શન, રક્ષા અને તેનાથી થવાનું સુખ એ બેના અંગભૂત થાત, અને તેમ થાત તો તે રક્ષા ભક્તિમાર્ગીય ન થાત, અને બધું જ ઉલટું થઈ જાત, તેથી જ 'તૈઃ' એ પદ પહેલાં જ કહ્યું છે, તેથી આ રક્ષણમાં હેતુ કેવલ ભગવાનને અધીનપણું છે એમ સમજાવ્યું, કેમ કે પરંપરાથી ચાલતો આવેલો ઈન્દ્રયાગ પણ ભગવાનના વચનમાત્રથી જ પહેલાં તેમણે ત્યજી દીધો હતો. 'દધૌ' એ ક્રિયાપદનો અર્થ ધારણ અને પોષણ એ બંને છે, તેથી પર્વતને ધારણ કર્યો, અને તેમનું પોષણ કર્યું એ બંને સમજવું. 'સપ્તાહમ્' એ બીજી વિભક્તિ છે, તેનો અર્થ અત્યંત સંયોગમાં છે, એટલે સાત દિવસ એને ધારણ કર્યો. એ બંને પદોનો બહુ જ નિકટનો સંબંધ છે એમ સમજવું. 'અહઃ' શબ્દનો અર્થ રાત્રિદિવસ છે (માત્ર દિવસ નહિ), 'અચલત્વ'નું સ્થાપન કરવાને માટે જરાક પણ-એક પગલું પણ ખસ્યા નહિ એવો અર્થ છે. પગની ગતિ સ્વાભાવિક છે માટે એ નિરૂપણ કર્યું.

**લે.**- 'હિત્વા' એનો જ અર્થ 'સોઢ્વા'-સહન કરીને એમ સમજવો. 'સોઢ્વા' એ પદ અધ્યાહાર માનવું નહિ, કારણ કે શ્રીસુબોધિનીજીમાં આગળ તે જ પ્રકારે સંબંધ કહેલો છે.

**યો.**- 'ક્ષુત્તૃડ્વ્યથામ્ સુખપેક્ષાં હિત્વા' અહિં વ્યથાના ઉપાયનો સંભવ નહિ હોવાથી 'સોઢ્વા'-સહન કરીને, એવા બીજા પદની સાથે સંબંધ યોજવો, ભૂખ અને તરસથી થતી વ્યથા સહન કરીને, એ પ્રકારે 'સોઢ્વા'-સહન કરીને એ પદ અધ્યાહાર સમજવું. અહિં 'સોઢ્વા' એવું નવું પદ અધ્યાહાર લેવું પડે તેમાં દોષ પ્રાપ્ત થાય એવી શંકા થાય તો બીજે પ્રકારે શ્રીસુબોધિનીજીમાં વ્યાખ્યાન કરે છે, કે 'ક્ષુત્તૃડ્વ્યથામ્'નો સંબંધ 'હિત્વા' એ પદની સાથે લેવો, તેથી એમ અર્થ પ્રાપ્ત થાય છે કે ભૂખ અને તરસની વ્યથા છોડી દઈને. વ્યથાનો ત્યાગ કેવી રીતે સંભવે? એમ આકાંક્ષા થાય તો ઉત્તર આપે છે કે 'દર્શનેન અન્નભોજનેન વા'-ભગવાનના દર્શનથી અથવા ભગવાને કરેલા અન્નના ભોજન થી વ્રજવાસીઓની ભૂખની અને તરસની વ્યથા મટી ગઈ. શ્લોકમાં 'વીક્ષ્યમાણઃ' પદ મૂકેલું છે તેથી વ્રજવાસીઓની ભગવાનમાં આસક્તિ નિરૂપણ કરી છે, એ આસક્તિથી પ્રપંચની અથવા જગતની વિસ્મૃતિ સ્વાભાવિક રીતે થાય, કારણ કે આખા દશમ સ્કંધનો અર્થ ભગવાનમાં ચિત્ત વૃત્તિનો નિરોધ થવો એમ છે, તેથી આખા જગતનું વિસ્મરણ થાય, તેમાં ભૂખ તરસ વિગેરેનું વિસ્મરણ આવી જ ગયું, તેથી જ શ્લોકમાં 'હિત્વા' એટલે ભૂખ તરસ ત્યાગ કરીને એમ કહ્યું છે. અથવા 'અન્નભોજનેન વા'-ભગવાને કરેલા અન્નકુટના

અન્નના ભોજનથી વ્રજવાસીઓની ભૂખ તરસ જતી રહી. ભગવાન્ ભોજન કરે તેથી સર્વને તૃપ્તિ થાય, એ કારણથી સર્વે વ્રજવાસીઓને તૃપ્તિ થઈ, તેથી ભૂખ તરસની વ્યથા અને સુખની અપેક્ષાનો ત્યાગ યુક્ત જ છે, તેથી જ પ્રથમ સ્કંધમાં અ.૧૫ શ્લોક ૧૧ના બીજા ચરણમાં કહ્યું છે કે 'શાકસહિત અન્નની મુઠ્ઠીનો સ્વીકાર કરીને, જેણે આપણું રક્ષણ કર્યું, તેથી જલમાં રહેલા ઋષિના સંઘે ત્રણ લોકને તૃપ્ત થએલા માન્યા.' 'સપ્તાઙ્ગાનિ પ્રાણિનાં ભવન્તિ। પ્રાણિનઃ' એ છઠ્ઠી વિભક્તિ છે. પ્રાણીના કલ્યાણ થવામાં સાત અંગો છે, તે અંગોને ગણાવે છે. દેવ, ઋષિ, પિતૃઓ, પોતે પણ પોતાના સામર્થ્યથી પોતાનું કલ્યાણ કરે છે તેથી આત્મા, આત્મીય પુત્ર વિગેરે, ઐહિક-પોતાના દેહ સંબંધી પોતે કરેલો ઉપકાર, અને પારલૌકિક-યાગ વિગેરે ધર્મ, આ સાતથી જ્યારે વ્રજવાસીઓની રક્ષા ન થઈ ત્યારે તેમના ઉપર કોઈ પણ દિવસ પ્રીતિનો સંબંધ થાય નહિ, કિંતુ પોતાનું રક્ષણ કરવા જે શ્રીગોવર્ધનધર હતા, તેના ઉપર જ તેમને પ્રીતિ ઉત્પન્ન થઈ. 'ગતિઃ પાદસ્ય સહજેતિ સ નિર્દિષ્ટઃ', જેમ વ્રજવાસીઓએ સ્વાભાવિક ભૂખતરસરૂપ ધર્મનો ત્યાગ ભગવાનને માટે કર્યો તેમ પ્રભુએ પણ સ્વાભાવિક ચલનરૂપ ચરણના ધર્મનો ત્યાગ કર્યો. કેમ કે ભગવાનનું વચન છે કે 'યે યથા માં પ્રપદ્યન્તે'-'જેઓ જેવી રીતે મારે શરણે આવે છે તેમનું તેવી જ રીતે હું ભજન કરું છું.'

**સુ.**- પછી ઈન્દ્રે યુદ્ધને માટે આવીને, અલૌકિક પ્રકાર જોઈને, બ્હીને, મેઘોને અટકાવ્યા, તે 'કૃષ્ણ' એ શ્લોકથી કહે છેઃ

**કૃષ્ણયોગાનુભાવં તં નિશમ્યેન્દ્રોતિવિસ્મિતઃ ॥**
**નિઃસ્તમ્ભો ભ્રષ્ટસંકલ્પઃ સ્વાન્ મેઘાન્ સન્ન્યવારયત્ ॥૨૪॥**

તે કૃષ્ણના યોગનો પ્રભાવ સાંભળીને ઈન્દ્ર બહુ વિસ્મિત થયો, તેનો ગર્વ ઉતરી ગયો, તેનો સંકલ્પ ભ્રષ્ટ થઈ ગયો, અને તેણે પોતાના મેઘોનું સારી રીતે નિવારણ કર્યું. ૨૪.

**સુ.**- લીલાને માટે જેમણે અવતાર ધરેલો છે, જે સર્વયોગના અધિપતિ છે, અને જેનું સ્વરૂપ કોઈ પણ દિવસ ચ્યુત (સ્ખલિત-ફેરફાર) થતું નથી, તેનો તે ગોવર્ધન ઉંચે ધારણ કરવારૂપ અનુભાવ-પ્રભાવ સાંભળીને, એટલે મેઘ દ્વારા સાંભળીને ઈન્દ્ર બહુ વિસ્મિત થયો. પછી તેનો ગર્વ ઉતરી ગયો, અને તેનો સંકલ્પ પણ ભ્રષ્ટ થઈ ગયો. પોતાના ઉત્કર્ષનો તેણે ત્યાગ કરી દીધો, અને હું મારીશ એવો જે તેનો સંકલ્પ હતો તે છોડી દીધો, પછી તેણે પોતાના મેઘોનું સારી રીતે નિવારણ કર્યું.

**સુ.**- પછી જે થયું તે 'ખમ્' એ શ્લોકથી કહે છેઃ

**ખં વ્યભ્રમુદિતાદિત્યં વાતવર્ષં ચ દારુણમ્ ॥**

**નિશમ્યોપરતં ગોપાન્ ગોવર્ધનધરોબ્રવીત્ ।।૨૫।।**

આકાશને વાદળ વિનાનું ચોખ્ખું, જેમાં સૂર્ય ઉગેલો હતો તેવું જોઈને, અને વાયુવાળી વર્ષા, અને શિલામય વર્ષા જે અતિ દારુણ હતી, તેને અટકી ગએલી જોઈને, ગોવર્ધન ધારણ કરતા જ પ્રભુએ ગોપોને કહ્યું. ૨૫.

**સુ.**– સાતમા દિવસની રાત્રિ બાકી રહી ત્યારે મેઘનું નિવારણ થયું, ત્યારે આકાશ ચોખ્ખું થઈ ગયું, જેમાં સૂર્ય ઉગેલો હતો એવું થયું. એ પ્રકારે ઉપર વૃષ્ટિનો અભાવ જોઈને ગોવર્ધન જેમણે ધારણ કરેલો હતો એવા ભગવાન્ બોલ્યા. વાયુવાળી વર્ષા, 'ચ'થી શિલામય વર્ષા પણ સમજવી, અને મેઘો, 'દારુણ' એટલે જે અતિ મારક હતાં, તેને અટકી ગએલાં જોઈને, ગોપો એટલે પહેલાની માફક જે ધર્મ પરાયણ હતા તેઓ (પ્રત્યે ભગવાને કહ્યું).

**સુ.**– ભગવાનનું વાક્ય 'નિર્યાત' એ શ્લોકથી કહે છેઃ

**નિર્યાત ત્યજત ત્રાસં ગોપાઃ સસ્ત્રીધનાર્ભકાઃ ।।**
**ઉપારતં વાતવર્ષં વ્યુદપ્રાયાશ્ચ નિમ્નગાઃ ।।૨૬।।**

હે ગોપો ! સ્ત્રીઓ, ગોધન અને બાલકો સહિત બહાર નીકળો. પવન અને વર્ષાનો ત્રાસ છોડી દો, પવન અને વર્ષા બંધ પડ્યાં છે, સૂક્ષ્મ (નાની) નદીઓ લગભગ જલ વિનાની થઈ ગઈ છે. ૨૬.

**સુ.**– પવન અને વરસાદથી થએલો ત્રાસ છોડી દો. 'ગોપાઃ' એ સંબોધનથી એ સૂચવ્યું કે ગાયોને પાળવી આવશ્યક છે, (તેથી બહાર નીકળો). પહેલાં બહાર જોઈને પછી સામગ્રી (સરસામાન) લઈ જવી, એવી શંકાને દૂર કરતા કહે છે કે સ્ત્રીઓ, ધન અને બાલકો સહિત બહાર નીકળો, કેમ કે પવન અને વરસાદ બંધ પડ્યાં છે. સૂક્ષ્મ નદીઓ લગભગ સુકાઈ ગઈ છે, કોઈક સ્થલે ઉંડાણમાં જલ છે, બીજે કોઈ સ્થલે રહ્યું નથી. તે ગોપોને વિચારનું સામર્થ્ય ન હતું તેથી ભગવાન જ આ શ્લોકમાં કહ્યા પ્રમાણે બોલ્યા.

**લે.**– 'તેષામ્' વિગેરે. તે ગોપોને વિચારનું સામર્થ્ય ન હોવાથી ભગવાને પોતે જ કહ્યું. 'જિજ્ઞાસા' પદથી વિચાર અર્થ સમજવો.

**સુ.**– જેમ પ્રવેશ કર્યો હતો તેમ બહાર નીકળ્યા, તે 'તતસ્તે' એ શ્લોકથી કહે છેઃ

**તતસ્તે નિર્યયુર્ગોપાઃ સ્વં સ્વમાદાય ગોધનમ્ ।।**
**શકટાટોપકરણં સ્ત્રીબાલસ્થવિરાઃ શનૈઃ ।।૨૭।।**

પછી તે ગોપો પોતપોતાના ગોધનને લઈને, ગાડાંઓને ભપકાબંધ

શણગારીને, બહાર નિકળ્યા, અને સ્ત્રીઓ, બાલકો અને વૃદ્ધો ધીમે ધીમે બહાર નિકળ્યાં. ૨૭.

**સુ.**– ત્યાં ખાડામાં સર્વે જુદું જુદું જ હતું, તે જણાવવાને માટે પોતપોતાના ગોધનને લઈને સર્વે બહાર નિકળ્યા એમ કહ્યું. ગાડાંઓને ભપકાબંધ શણગારીને બહાર નિકળ્યા, એમ કહેવાનો આશય એમ છે કે તેઓ નિર્ભય હતા, આનંદમાં હતા, અને બહાર નિકળવામાં મોટો સંભ્રમ કરીને મોટી ધામધુમથી બહાર નિકળ્યા, તે જણાવવાથી તેમનો આનંદ સૂચવ્યો છે. પછી બીજાંઓ પણ એટલે સ્ત્રીઓ, બાલકો અને વૃદ્ધો, ધીમે ધીમે એટલે કોઈ પણ પ્રકારની ચિંતા વિના બહાર નિકળ્યાં.

**સુ.**– સર્વ બહાર નિકળ્યા પછી ભગવાને જે કર્યું, તે 'ભગવાનપિ' એ શ્લોકથી કહે છેઃ

**ભગવાનપિ તં શૈલં સ્વસ્થાને પૂર્વવત્ પ્રભુઃ ।।**
**પશ્યતાં સર્વભૂતાનાં સ્થાપયામાસ લીલયા ।।૨૮।।**

પ્રભુ એટલે સર્વસામર્થ્યવાન્ ભગવાને પણ સર્વ જીવોના દેખતાં, લીલાથી તે પર્વતને જેમ પહેલાં હતો તેમ તેના સ્થાનમાં સ્થાપન કર્યો. ૨૮.

**સુ.**– જેમ તેઓ પોતપોતાના કાર્યો માટે બહાર નિકળ્યા, તેમ ભગવાને પણ તે પર્વતને તેને જ સ્થાને પહેલાંની માફક જ પહેલાં જે પ્રકારે હતો તેવો કરીને મૂક્યો, આથી ધારણ કરતી વખતે પહોળો કર્યો હતો અને પછીથી એકત્ર કર્યો, એ પક્ષ લઈએ તો પણ જેમ પહેલાં હતો તે પ્રમાણે પાછો સ્થાપ્યો એમ જણાય છે. આ સ્થલે સ્થાપન કરવામાં અને ઉંચે ધરવામાં કાંઈ પણ માયિક (નજરબંધી) ન હતું, તે જણાવવાને પહેલાંની માફક જ સ્થાપન કર્યો, તે કહે છે કે સર્વ પ્રાણીઓના દેખતાં સ્થાપન કર્યો, જેમ હાથમાં રહેલી વસ્તુ તેના પોતાના સ્થાનમાં મૂકવામાં આવે તેમ જ લીલાથી સ્થાપન કર્યો.

**સુ.**– જો કે ભગવાને આ લીલાથી કર્યું હતું, તો પણ લોકોમાં એમ પ્રસિદ્ધ ન થાય, તો એનું લીલાપણું રહે નહિ, તેથી ગોપોએ ભગવાનના માહાત્મ્યનાં દર્શન કર્યા પછી પણ તેમની સ્થિતિ કૃષ્ણ પ્રત્યે પહેલાંના જેવી જ રહી, તે 'તમ્' શ્લોકથી કહે છેઃ

**તં પ્રેમવેગાન્નિભૃતા વ્રજૌકસો યથા સમીયુઃ પરિરમ્ભણાદિભિઃ ।।**
**ગોપ્યશ્ચ સસ્નેહમપૂજયન્ મુદા દધ્યક્ષતાદ્ભિર્યુયુજુઃ સદાશિષઃ ।।૨૯।।**

પ્રેમના વેગથી ભરેલા વ્રજવાસીઓ અને ગોપીઓ પોતપોતાની યોગ્યતા પ્રમાણે આલિંગન વિગેરે કરતા તે ભગવાનની સામે આવ્યાં, અને ગોપીઓએ

સ્નેહપૂર્વક આનંદથી દહિં, ચોખા અને જલથી ભગવાનની પૂજા કરી, તેમને સારા આશીર્વાદ આપ્યા. ૨૯.

**સુ.**– જ્યારે ભગવાને ગોવર્ધનને (પાછો) સ્થાપન કર્યો, કે તરત જ તે ભગવાનની પાસે ગોપો પોતપોતાની યોગ્યતા પ્રમાણે પ્રેમના વેગથી આલિંગન વિગેરે કરવાને પાસે આવ્યા, કારણ કે તેઓ ભગવાનને આલિંગન કરવાને માટે વાટ જોઈ રહ્યા હતા, પ્રેમનો વેગ તેમને વિષે હતો, હૃદયને વિષે રહેલો પૂર્ણ પ્રેમ બહાર પણ નિકળે છે તે પ્રેમનો વેગ, તેથી જ જેમ જેને ઉચિત હતું તેમ તેણે કર્યું. પ્રેમથી જ પુષ્કલ ભરેલાં ગોપીઓએ પણ તેમ જ કર્યું, અને ગોપીઓએ વિશેષ પણ કર્યું, તે કહે છે કે સ્નેહસહિત પૂજા કરી. તેઓ સર્વેએ એમ જાણ્યું કે આ દેવ છે, તેથી લૌકિકી ક્રિયા અને વૈદિકી ક્રિયા કરી, કેમ કે તેમનામાં લૌકિક અને વૈદિક બંને ભાવો હતા, તેથી સ્નેહપૂર્વક પૂજા કરી. 'મુદા' એટલે આનંદથી પૂજા કરી, તે પૂજામાં તેમનો ઉત્સાહ સૂચવે છે તેથી લૌકિક રીતે અન્યથાબુદ્ધિ–ઉલટી બુદ્ધિ તેમને પૂજામાં બાધક થઈ નહિ એમ સૂચવ્યું. દહિં, ચોખા અને જલ વડે, એ ત્રણ પૂજાનાં સાધનો કહ્યાં, જલ ચરણ ધોવા વિગેરેને માટે, અને દહિં અને ચોખા અલંકારને માટે, અથવા જલ શુદ્ધ કરવાને માટે. આ પૂજા તે દેશમાં પ્રસિદ્ધ લૌકિક પૂજા છે. દહિંથી તિલક કરીને તેના પર ચોખા ચોંઢીને (મસ્તક) ઉપર જલ ફેરવીને પીએ છે, એ પ્રકારની લૌકિક પૂજા. સારી આશિષો આપી. 'તું જીવજે, અમારું રક્ષણ કરજે' વિગેરે પ્રકારના આશીર્વાદ આપ્યા. એ આશીર્વાદો સંતોષથી જ આપ્યા, પોતાનો આશીર્વાદ આપવાનો અધિકાર છે એમ સમજીને નહિ, કેમ કે ભગવાનને તેમણે દેવ તરીકે પણ જાણ્યા હતા.

**સુ.**– એ પ્રકારે સાધારણ રીતે જે કરવામાં આવ્યું, તે કહીને ચાર શ્લોકથી જે ખાસ કરવામાં આવ્યું તે 'યશોદા' એ શ્લોકથી કહે છેઃ

**યશોદા રોહિણી નન્દો રામશ્ચ બલિનાં વરઃ ||**
**કૃષ્ણમાલિઙ્ગ્ય યુયુજુરાશિષઃ સ્નેહકાતરાઃ ||૩૦||**

યશોદા, રોહિણી, નંદ અને બલવાનોમાં શ્રેષ્ઠ બલદેવજીએ, કૃષ્ણને આલિંગન કરીને આશીર્વાદ આપ્યા, અને સ્નેહથી વિહ્વલ થઈ ગયા. ૩૦.

**સુ.**– પહેલાં સ્ત્રીનો નિર્દેશ કર્યો (યશોદા કહી), કેમ કે સ્ત્રીમાં સ્નેહ અધિક હોય છે. આ જ ક્રમથી સ્નેહનું તારતમ્ય (ઓછા વધતાપણું) પણ સમજવું. શ્લોકમાં 'ચ' કહ્યો છે તેથી શ્રીદામા વિગેરે પણ સમજવા. 'બલિનાં મધ્યે વરઃ' એટલે બલવાનોમાં ઉત્તમ, એ બલભદ્રનું વિશેષણ છે, તે એમ જણાવે છે કે આ કૃત્ય એને

પણ આશ્ચર્યકારક લાગ્યું. કૃષ્ણ એટલે સદાનંદ, આ સર્વે અંતરંગ હતા, અને ભગવાન્ કરતાં મોટા હતા, તેથી ભગવાનને આલિંગન કરીને આશીર્વાદ આપ્યા, અને સ્નેહથી વિહ્વલ થઈ ગયા.

**સુ.**– ભગવાનના માહાત્મ્યનું દર્શન કરવાથી દેવતાઓએ પણ પોતાના અપરાધની નિવૃત્તિ કરવાને માટે જે ઉત્સવનું કાર્ય કર્યું તે 'દિવિ' એ શ્લોકથી કહે છેઃ

**દિવિ દેવગણાઃ સાધ્યાઃ સિદ્ધગન્ધર્વચારણાઃ ।।**
**તુષ્ટુવુર્મુમુચુસ્તુષ્ટાઃ પુષ્પવર્ષાણિ પાર્થિવ ।।૩૧।।**

હે રાજા, સ્વર્ગને વિષે દેવોના સમૂહો, સાધ્યો, સિદ્ધો, ગંધર્વો અને ચારણોએ ભગવાનની સ્તુતિ કરી, અને સંતોષ પામીને પુષ્પની વૃષ્ટિ કરી. ૩૧.

**સુ.**– દેવગણ એટલે વસુઓ વિગેરે. જો એકાદ દેવ એમ કરે એટલે સ્તુતિ વિગેરે કરે, તો તે ભક્ત હશે તેથી કરતા હશે, એ શંકા દૂર કરવાને માટે દેવગણ–દેવોના સમૂહો એમ પદ વાપર્યું છે. સાધ્ય એ પણ દેવોનો ભેદ છે. તે જ પ્રમાણે સિદ્ધ, ગંધર્વ અપ્સરાઓ અને ચારણોએ પણ સ્તુતિ કરી, પુષ્પની વૃષ્ટિ કરી, અને સંતોષ પામ્યા, એ પ્રકારે દેવોના વાચિક, કાયિક અને માનસિક વ્યાપારો–કૃત્યોનું નિરૂપણ કર્યું. રાજા એ સંબોધનથી એમ જણાવ્યું કે રાજા કોઈ મોટું કર્મ કરે ત્યારે તેને વશ રહેલા મનુષ્યો એ જ પ્રકારે કરે છે.

**લે.**– 'અપ્સરસશ્ચ' ગંધર્વપદથી અપ્સરાઓ પણ સમજવી, કારણ 'રૂપમિતિ ગંધર્વાઃ, ગંધ ઈતિ અપ્સરસઃ' ગંધર્વોમાં રૂપ હોય છે, અને અપ્સરાઓમાં ગંધ હોય છે, એ શ્રુતિમાં બંનેનું સાહચર્ય છે.

**સુ.**– જે દેવો ત્યાં આવેલા હતા તેઓએ આ પ્રકારે કર્યું, એમ કહીને સ્વર્ગમાં રહેલા તેઓએ ઈન્દ્રના ભયથી એમ નહિ કર્યું હશે, એવી શંકા થાય, તે દૂર કરવાને સ્વર્ગમાં રહેલા દેવોએ પણ જે ઉત્સવ કર્યો તે 'શઙ્ખ' એ શ્લોકથી કહે છેઃ

**શઙ્ખદુન્દુભયો નેદુર્દિવિ દેવપ્રણોદિતાઃ ।।**
**જગુર્ગન્ધર્વપતયસ્તુમ્બુરુપ્રમુખા નૃપ ।।૩૨।।**

હે નૃપ, સ્વર્ગને વિષે શંખ અને દુંદુભિઓ વાગ્યા, અને દેવોએ પણ વગાડ્યા. તુંબુરુ જેમાં મુખ્ય છે એવા ગંધર્વપતિઓએ ગાન કર્યું. ૩૨.

**સુ.**– શંખ અને દુંદુભિઓ વાગ્યા, શંખ શબ્દ વૈદિક છે, દુંદુભિ શબ્દ લૌકિક છે, તેથી બંનેનો નિર્દેશ કર્યો છે. એ બંને પોતે એની મેળે વાગ્યા અને દેવોના વગાડવાથી પણ વાગ્યા. ગંધર્વ વિગેરેના પતિઓ વિશ્વાવસુ વિગેરેએ ગાન કર્યું, તેઓમાં ત્રણ મુખ્ય છે, વિશ્વાવસુ, તુંબુરુ અને નારદ, તેમાં મધ્યમ તુંબુરુનું નિરૂપણ

કર્યું, કેમ કે તે વિશ્વાવસુ અને નારદ બંનેરૂપ છે, ફરીથી 'નૃપ' એમ સંબોધન કર્યું, કેમ કે શુકદેવજીને એ પ્રકારે દર્શન થવાથી રાજાએ તેના કહેવા ઉપર વિશ્વાસ રાખવો તે સૂચવવાને માટે એ સંબોધન છે.

**સુ.**– આ પ્રકારે ભગવાનની લીલા કહીને 'તતઃ' એ શ્લોકથી ઉપસંહાર કહે છે:

**તતોનુરક્તૈઃ પશુપૈઃ પરિશ્રિતો રાજન્ સ ગોષ્ઠં સબલોવ્રજદ્ધરિઃ ।।**
**તથાવિધાન્યસ્ય કૃતાનિ ગોપિકા ગાયન્ત્ય ઈયુર્મુદિતા હૃદિસ્પૃશઃ ।।૩૩।।**

પછી હે રાજન્, અનુરાગવાળા ગોપોથી વિંટલાએલા તે સમર્થ હરિ બલદેવજીની સાથે ગોકુલમાં પધાર્યા, અને ગોપિકાઓ એમનાં આવા પ્રકારનાં ચરિત્રોનું ગાન કરતાં વ્રજમાં ગયાં, અને આનંદ પામ્યાં, અને હૃદયમાં ભગવાનનો સ્પર્શ કર્યો. ૩૩.

**સુ.**– દેવ વિગેરેના શબ્દ વિગેરે સાંભળ્યા પછી અત્યંત અનુરાગવાળા ગોવાળીઆથી વિંટલાએલા જ ભગવાન્ ગોકુલને વિષે પધાર્યા, કારણ કે પોતે હરિ છે (એટલે ગોકુલનું દુઃખ દૂર કરવાને અવતરેલા છે.) ગોવાળીઆઓને ગોચારણને માટે જવાનો નિષેધ કર્યો, કેમ કે ગાયોને તેમની અપેક્ષા ન હતી, તે 'ગોવાળીઆઓથી વિંટલાએલા' એ પદથી ઉપપાદન કર્યું. તેથી બહુ અનુરાગને લીધે ગોવાળીઆઓથી વિંટલાએલા જ ગોકુલ પધાર્યા. 'રાજન્' એ સંબોધન પહેલાંની માફક વિશ્વાસને માટે સમજવું. ઘણું ખરું ભગવાનને ક્લેશ થયો હશે એમ લાગે તેથી ફરી ફરીને રાજન્ એ સંબોધન વાપર્યું છે. 'સ' એટલે તે ભગવાન્ આટલા સમર્થ હતા, તે છતાં (ગોવાળીઆઓની સાથે ગોકુલ જેવા હીન સ્થાનમાં ગયા). આવા સમર્થ ભગવાન્ ગોકુલમાં રહેવાને યોગ્ય નથી, અને તેમાં પણ બલદેવજીની સાથે પોતે હતા, તે છતાં પણ ગોકુલમાં પધાર્યા, કારણ કે પોતે હરિ છે, અથવા આવા અલૌકિક સામર્થ્યવાળા એ દ્વારકાની માફક અહિં પણ ઉત્કૃષ્ટ સ્થાન નિર્માણ કરીને રહેવું ઉચિત હતું, પણ ગોકુલ એટલે ગોષ્ઠમાં રહેવું ઉચિત નહોતું, એ જણાવવાને 'સ' એટલે આવી લીલાઓ કરવાને સમર્થ ભગવાન્ પણ (ગોકુલમાં પધાર્યા.) એમ કહ્યું. 'તે તે ધામાનિ' (તે તે ધામો) વિગેરે, શ્રુતિઓમાં નિરૂપણ કરેલું છે કે 'વૈકુંઠ કરતાં પણ અધિક ઉત્તમ આ ભગવાનનું સહજ સ્થાન છે,' તેથી હરિ નામથી વેદમાં પ્રસિદ્ધ છે, તેથી ત્યાં જ જવું ઉચિત છે, અને આવશ્યક પણ છે. જેમ રાજા બીજે સ્થલે કાર્ય કરીને પોતાની રાજધાનીમાં જાય છે, એ જ પ્રકારે ભગવાન્ પોતાના સ્થાનમાં ગયા, એમ જણાવવાને માટે 'રાજન્' એ સંબોધન છે. ગોપીઓને જતી વખતે ભગવાનનો

સંગ નહિ હોય એવી શંકા થાય તે દૂર કરવાને કહે છે કે 'ગોવર્ધન ધારણ કરવા જેવા, પૂતનાના પ્રાણ અને સ્તન્યપાન' વિગેરે આ જ રૂપથી કરેલાં ચરિત્રો ગાતાં ગોપિકાઓ વ્રજમાં ગયાં, કેમ કે ગોપિકાઓને કાંઈ વિશેષ જ્ઞાન ન હતું. ત્યાં ગએલાઓને સંસારની નિવૃત્તિ થઈ હતી, તે જણાવવાને કહે છે કે 'મુદિતા' એટલે પહેલાંનાં દુઃખોની તેમને નિવૃત્તિ થઈ હતી. ભગવાનની અદ્‌ભુત લીલાઓના દર્શનથી ગોપોને પણ હવે માહાત્મ્યજ્ઞાનપૂર્વક અતિશય સ્નેહ ભગવાન્ પર થયો, તેથી પ્રિય ભગવાનની પાસે જવામાં તેઓ ગોપીઓને પ્રતિબંધ કરશે નહિ, અને જો કરે તો તરત જ અદ્‌ભુત રીતે આપણું પાલન કરશે જ, એમ જાણીને પણ ગોપીઓને આનંદ થયો. ભગવાનના હૃદયને સ્પર્શ કરતાં ગોપીજન થયાં, અથવા હૃદયમાં ભગવાનને સ્પર્શ કરતાં પોતે થયાં, આથી બીજાઓ કરતાં અધિક અંતરંગ સંગ ગોપિકાઓનો કહ્યો. આ પ્રકારે દુઃખ નિવૃત્તિપૂર્વક ભગવદાસક્તિનું નિરૂપણ કર્યું.

**આ પ્રમાણે શ્રીભાગવત સુબોધિનીમાં**
**શ્રીમદ્‌વલ્લભદીક્ષિતવિરચિત દશમસ્કંધના વિવરણમાં**
**બીજા તામસ પ્રકરણના અવાન્તર પ્રકરણ સાધનપ્રકરણના શ્રી નિરૂપક**
**૨૨મા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ થયું.**

# || અધ્યાય ત્રેવીસ ||

## ગોપોને ભગવાનમાં અજ્ઞાન-અન્યથાજ્ઞાન થયું તે દૂર થયું.

### કારિકાર્થઃ

ત્રેવીશમા અધ્યાયમાં નિરૂદ્ધ થએલા વ્રજવાસીઓના કૃષ્ણ વિષયના અજ્ઞાનનું અને અન્યથાજ્ઞાનનું સંપૂર્ણ રીતે નિવારણ કરવામાં આવે છે, કારણ કે ગોવર્ધનના ઉદ્ધરણથી કરેલો તેમનો નિરોધ તે સર્વને સમાન છે. કા.૧.

**ટિ.**- 'કૃષ્ણગમ્' એટલે કૃષ્ણ વિષયનું. 'સમત્વાય' એટલે ગોવર્ધનના ઉદ્ધરણથી કરેલો જે નિરોધ તે સર્વ વ્રજવાસીઓને સમાન હતો તે જણાવવાને માટે નિરૂપણ કરવામાં આવે છે.

પૂર્વપક્ષ એટલે શંકા, સિદ્ધાંત એટલે તેનું સમાધાન, અને ફલ, એ ત્રણનું નિરૂપણ કરવામાં આવે છે. અહિં વચનોથી ભગવાનનું અપ્રાકૃતપણું અને વ્રજવાસીઓ સાથેનો સંબંધ એ બંને સ્થાપન કરવામાં આવે છે. કા.૨.

વ્રજવાસીઓ પોતે પ્રાકૃત હોવાથી, ('પુરા') પૂર્વપક્ષમાં ભગવાનની સાથે દૈહિક સંબંધનો વિરોધ હોવાથી, તેનો ત્યાગ કરવામાં આવે છે. એવા અપ્રાકૃત ભગવાન્ અહિં પુત્ર તરીકે પ્રકટ થયા છે, એમાં સંદેહ નથી, એ સિદ્ધાંત છે. કા.૩.

**ટિ.**- 'પ્રાકૃતત્વેન' એટલે વ્રજવાસીઓ પોતે પ્રાકૃત હોવાથી. 'જાતસ્તાદૃશ એવ' એટલે એવા અપ્રાકૃત પ્રકટ થયા છે. અહિં ભગવાનને વિષે અપ્રાકૃતપણું અને વ્રજવાસીઓની સાથે સંબંધ એ બંનેનો વિરોધ ન હોવાથી કાંઈ સંદેહ નથી, એમ સિદ્ધાંત છે, તે કહેવામાં આવે છે.

**યો.**- 'વિરોધાત્ પ્રાકૃતત્વેન.' ભગવાન્ અપ્રાકૃત હોવાથી આપણે જે પ્રાકૃત છીએ તેની સાથે આ કૃષ્ણનો સંબંધ કેમ હોઈ શકે ? એમ પૂર્વપક્ષમાં ગોપોએ ભગવાનની સાથે દૈહિક સંબંધનો ત્યાગ કર્યો, આથી શ્રીનંદરાયજીને ગોપોએ કરેલા પ્રશ્નનો અભિપ્રાય કહ્યો, તે પૂર્વપક્ષરૂપ છે. શ્રીનંદરાયજીએ આપેલા ઉત્તરનો આશય કહે છે કે એ અપ્રાકૃત હોવા છતાં વસ્તુના સ્વભાવથી જ મારો પુત્ર છે, તેથી અપ્રાકૃતપણું અને મારા પુત્રપણું એ બંને 'વાસ્તવ' એટલે સત્ય છે, એમ શ્રીનંદરાયજીના ઉત્તરનો આશય છે, અને સર્વ ઉપનિષદ્નો સિદ્ધાંત પણ એ જ છે.

પૂર્વપક્ષમાં હેતુ ભગવાનના માહાત્મ્યનું દર્શન છે, અને સિદ્ધાંતમાં હેતુ ગર્ગાચાર્યનાં વાક્યો છે. એ સર્વનું ફલ ભગવત્સ્વરૂપનું જ્ઞાન વ્રજવાસીઓને થયું તે છે, એ નિશ્ચય અહિં કરેલો છે. કા. ૪.

**ટિ.**– 'પરે'–સિદ્ધાંતમાં. 'તથા'–હેતુઓ. ગર્ગાચાર્યનાં વાક્યો સિદ્ધાંતમાં હેતુ છે. 'તજ્જ્ઞાનમ્' ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ફલ છે.

**।। કારિકાર્થઃ સંપૂર્ણઃ ।।**

**સુ.**– ગયા અધ્યાયને અંતે સર્વે ગોકુલમાં આવ્યાં એમ કહ્યું, ત્યાં આવેલાંનો ભગવાનને વિષે સંદેહ જે પૂર્વપક્ષરૂપ છે, તેનું વર્ણન કરવામાં આવે છે. પ્રથમ પૂર્વપક્ષનું નિરૂપણ કરવાને તેમનો ઉદ્યોગ 'એવંવિધાનિ' એ શ્લોકથી કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ ।।

**એવંવિધાનિ કર્માણિ ગોપાઃ કૃષ્ણસ્ય વીક્ષ્ય તે ।।**
**અતદ્વીર્યવિદઃ પ્રોચુઃ સમભ્યેત્ય સુવિસ્મિતાઃ ।।૧।।**

તે ગોપો કૃષ્ણનાં આવા પ્રકારનાં કર્મો જોઈને, તેના સામર્થ્યને નહિ જાણનાર બધા એકઠા થઈને, બહુ જ વિસ્મય પામીને બોલ્યા. ૧.

**સુ.**– ગોવર્ધનના ઉદ્ધરણરૂપ ભગવાનનાં બહુ કર્મો જોઈને, ધર્મી ભગવાન નું સ્વરૂપ નહિ જાણવાથી તેમને શંકા થઈ, કે આ કાર્ય કાંઈ પણ હેતુ વિના જ થયું છે, કે એ કાર્યનો હેતુ ધર્મી ભગવાન્ પોતે જ છે એમ સમજવું ? જો ધર્મી ભગવાન્ પોતે જ હોય તો તે નંદ (જે ગોવાળીઆ છે તેનો) પુત્ર હોઈ શકે નહિ. એમ નિશ્ચય કરીને, ભગવાનના વીર્યને નહિ જાણનારાઓ તેઓ ભગવાનની ક્રિયાશક્તિને નહિ જાણીને, બહુ જ વિસ્મય પામીને પોતાનાં વદનો–મુખો વિકસાવીને (પહોળાં કરીને), સર્વે એકઠા થઈને નંદરાયજીની સમીપ આવીને બોલ્યા.

**ટિ.**– 'હેત્વભાવેનૈવૈતત્ કાર્યમ્' એટલે અતિ પ્રાકૃત બુદ્ધિ ગોપોની છે, તે જણાવવાને આમ કહ્યું એમ સમજવું. આથી ભગવાનના માહાત્મ્યનું સૂચન થાય છે. અથવા હેતુ તરીકે જણાતા જે પ્રભુ, તે અને હેતુ એ બેના એકબીજાના અભાવમાં એટલે એ બેના વિના આ કાર્ય થઈ શકે નહિ.

**સુ.**– કર્મો તો આપણે જોયાં, તે કર્મો હેતુ વિના કાંઈ થઈ શકે નહિ. માટે આ નંદનો પુત્ર થવાને યોગ્ય નથી, કારણ કે એ તો અતિ અલૌકિક કાર્ય કરે છે, તે 'બાલકસ્ય' એ શ્લોકથી કહે છેઃ

**બાલકસ્ય યદેતાનિ કર્માણ્યત્યદ્ભુતાનિ વૈ ।।**
**કથમર્હત્યસૌ જન્મ ગ્રામ્યેષ્વાત્મજુગુપ્સિતમ્ ।।૨।।**

બાલકનાં જે આ કર્મો છે, તે બહુ જ અદ્‌ભુત છે, એ નક્કી છે, તો પછી આપણે જે ગામડીઆઓ છીએ, તેઓમાં મોટાને નિંદિત એવું જન્મ એનું કેમ થયું? ૨.

**સુ.**– બાલકનાં આ કર્મો બહુ જ અદ્‌ભુત જણાય છે, એ વાત નક્કી છે. શંકા– જો એમ છે તો તમે શું કહેવા માગો છો ? ઉત્તર– જો એમ છે તો આપણે જે ગામડીઆઓ છીએ તેઓમાં એક કર્મગ્રસ્ત જીવની માફક એનો જન્મ કેમ થયો ? એક મોટા આત્માનું નિંદિત જન્મ કેમ યોગ્ય કહેવાય ? કર્મથી તો ઈન્દ્ર વિગેરે કરતાં પણ આ મહાન્ છે, એ નિશ્ચય છે. એમ હોવાથી આપણે જે અધમ છીએ, તેઓને વિષે એનો અવતાર કેમ થયો ? કોઈ પણ પોતાની ઈચ્છાથી પોતાની હીનતા કરતું નથી, કર્મને અધીનપણું તો એને છે જ નહિ, કેમ કે એ તો 'કર્તુમકર્તુમન્યથાકર્તુમ્'– કોઈ પણ બાબત કરવાને, કરેલી તે નહિ કરવાને, અને ઉલટી કરવાને સમર્થ છે, તેથી નિંદિત જન્મને યોગ્ય એ નથી.

**સુ.**– અલૌકિક કર્મો 'યઃ સપ્તહાયનઃ' એ શ્લોકથી કહે છેઃ

**યઃ સપ્તહાયનો બાલઃ કરેણૈકેન લીલયા ।।**
**કથં બિભ્રદ્ ગિરિવરં પુષ્કરં ગજરાડિવ ।।૩।।**

જે સાત વર્ષના બાલકે એક હાથથી લીલા વડે, જેમ એક મોટો હાથી કમલને ધારણ કરે તેમ, મોટા ગિરિરાજને કેવી રીતે ધારણ કર્યો ? ૩.

**સુ.**– છ ગુણો અને ભગવાન્, અને જુદા જુદા પ્રકારની ચેષ્ટાઓ સર્વે અહિં આવેલી છે, તેથી ચેષ્ટારૂપ કાલે એક હાથ વડે જ પોતે સાત વર્ષનો હોવા છતાં ગિરિરાજને કેવી રીતે ધારણ કર્યો ? અને તેમાં પણ લીલાથી જ કોઈક વખત આંગળીઓને વિષે પણ ગિરિરાજને ધારણ કરે છે, અને વેણુ પણ વગાડે છે. 'બિભ્રદ' પદની અંદર 'અબિભ્રદ્'ના 'અ'નો લોપ થયો છે, તે છાંદસ અથવા વૈદિક સમજવો, તેથી 'અબિભ્રદ' એમ સમજવું. આ ગોપો તો જેમ જુવે છે તેમ અનુવાદ કરે છે, તેથી અહિં કાંઈ બહુ વિચાર કરવાનો નથી. ગિરિવર એટલે શ્રેષ્ઠ–મોટો પર્વત. બીલકુલ પ્રયાસ વિના ધારણ કર્યો, તેમાં દૃષ્ટાંત કહે છે, કે જેમ કોઈ મોટો હાથી કમલને ધારણ કરે તેમ. મદોન્મત્ત હાથીને કમલ ધારણ કરવામાં કાંઈ પ્રયાસ હોઈ શકે નહિ. અથવા સાત વર્ષનો એક હાથથી ગિરિવરને ધારણ કરતો એવો બાલક કેમ હોઈ શકે ? માટે આ કાંઈ તમારો પુત્ર નથી, અને બાલક પણ નથી.

**સુ.**– એ બાલક નથી, તેનો બીજો હેતુ 'તોકેન' એ શ્લોકથી કહે છેઃ

**તોકેનામીલિતાક્ષેણ પૂતનાયા મહૌજસઃ ।।**
**પીતઃ સ્તનઃ સહ પ્રાણૈઃ કાલેનેવ વયસ્તનોઃ ।।૪।।**

જે બાલકે આંખ તદ્દન મીંચેલી હોવા છતાં પણ, જેમ કાલ શરીરના વયનું પાન કરે છે તે પ્રકારે, અતિ સમર્થ પૂતનાના પ્રાણની સાથે સ્તનનું પાન કર્યું. ૪.

**સુ.**- 'આ' એટલે પુરેપુરી આંખ જેણે મીંચેલી છે એવા, ઘણા જ નાના બાલકે, અતિ સમર્થ એવી પૂતનાના પ્રાણની સાથે દૂધ પણ પીધું. જો કે પ્રથમ પૂતનાના પ્રાણનું પાન કર્યું, એમ ગોપોએ જાણ્યું નહિ, તો પણ ઉત્તરોત્તર (એક પછી એક) સામર્થ્યનું દર્શન કરવાથી, પહેલાંના કાર્યો પણ આને જ લીધે છે, એમ ગોપોને સમજ પડે છે. જ્યારે ભગવાને પાન કર્યું, તે સમયે પૂતનાને પણ ખબર પડી નહિ, તેને માટે દૃષ્ટાંત આપે છે કે જેમ શરીરનું વય-ઉંમર દરરોજ કાલથી ક્ષીણ થતું હોવા છતાં, મનુષ્યને ખબર પડતી નથી, તેમ ભગવાનથી પી જવાતા પ્રાણોની પૂતનાને ખબર પડી નહિ. જો ખબર પડી હોત તો તેનો ઉપાય કરત, અથવા ત્યાંથી નાસી જાત. તેથી આ પ્રમાણે બાલપણામાં પણ અલૌકિક સામર્થ્ય (હતું એમ ગોપોને લાગ્યું).

**હિન્વતોધઃ શયાનસ્ય માસ્યસ્ય ચરણાવુદક્ ।।**
**અનોપતદ્ વિપર્યસ્તં રુદતઃ પ્રપદાહતમ્ ।।૫।।**

જેની ઉંમરની ગણત્રી હજી માસથી જ થતી હતી, જે રડતો હતો, અને નીચે સુતો હતો, તેના બે ચરણ ઉંચે હલાવવા ચલાવવાથી ચરણનો આગલો ભાગ જેને લાગેલો છે, એવું ગાડું ઉંધું થઈને પડી ગયું. ૫.

**સુ.**- વળી નીચે સુતેલા અને બે ચરણોને ચલાવતા. 'હિમ્' ધાતુનો અર્થ હલાવવું એમ થાય છે. 'માસ્યસ્ય' એટલે જે માત્ર ત્રણ માસનો હતો. ત્રણ એ સંખ્યા અહિં કહી નથી, તે એ હેતુથી કે હજુ તો એક વર્ષ પણ પુરું થયું ન હતું, હજુ વર્ષની હદ આવી ન હતી. તેમ જ એક અયન એટલે છ માસ પણ જેને થયા ન હતા, કિંતુ જેની ઉંમરની ગણત્રી હજી માસથી જ થતી હતી, તેથી જે પોતાના બે ચરણ ઉંચે હલાવ્યા કરતો હતો. એ કાંઈ ગાડાને પાડવાને માટે ચરણોને હલાવતો-ચલાવતો ન હતો, તો પણ ગાડું ઉંધું વળી જઈને પડી ગયું. ચરણ ચલાવવામાં નિમિત્ત કહે છે કે રડતો હતો તેથી. આથી એનામાં શક્તિ ન હતી, એ બાબત દૃઢ કરી. તેમાં પણ ચરણના આગલા ભાગથી. 'આ'-બહુ જ થોડું, 'હતમ્'-લાગવાથી ઉંધું થઈને પડી ગયું, આથી બહુ જ અલ્પ સાધન હોવા છતાં બહુ જ મોટું કાર્ય થયું એમ કહ્યું.

**સુ.**- ક્રમથી ભગવત્ચરિત્ર હોવાથી કહેતા તૃણાવર્તનો વધ 'એકહાયન' એ શ્લોકથી કહે છેઃ

**એકહાયન આસીનો હ્રિયમાણો વિહાયસા ।।**
**દૈત્યેન યસ્તૃણાવર્તમહન્ કંઠગ્રહાતુરમ્ ।।૬।।**

જેણે જ્યારે એક વર્ષનો હતો અને બેઠેલો હતો, (ચાલવાને શક્તિવાન્ ન

હતો) અને દૈત્યથી આકાશ માર્ગે લઈ જવાતો હતો, ત્યારે કંઠથી ગ્રહણ કરવાથી પીડા પામેલા તૃણાવર્તને મારી નાખ્યો. ૬.

**સુ.**– આ એક વર્ષનો હતો, ત્યારે અને તે પણ બેઠેલો–ચાલવાને પણ સમર્થ નહિ એવો છતાં પણ, દૈત્યથી આકાશમાર્ગથી લઈ જવાતો, કાંઈ પણ આલંબન (ટેકા) વિનાનો, એવાએ આકાશમાં તે દૈત્યને મારી નાંખ્યો. તેમાં પણ કાંઈ યુદ્ધ કરવાની પણ જરુર પડી નહિ, કિંતુ કંઠ ગ્રહણ કરીને એટલે ગળચી દાબીને જ મારી નાખ્યો. જેવો તેને કંઠથી ગ્રહણ કર્યો કે તરત જ તે પીડા પામવા લાગ્યો. યશોદા માતાને મુખની અંદર બ્રહ્માંડનું દર્શન કરાવ્યું વિગેરે અપ્રસિદ્ધ એટલે ગોપોને ખબર નહિ હોવાથી તેનું વર્ણન કર્યું નથી.

**સુ.**– પછી ક્રમથી થએલા યમલાર્જુનના ભંગને 'ક્વચિત્' શ્લોકથી કહે છેઃ

**ક્વચિદ્વૈયઙ્ગવસ્તૈન્યે માત્રા બદ્ધ ઉલૂખલે ।।**
**ગચ્છન્નર્જુનયોર્મધ્યે બાહુભ્યાં તાવપાતયત્ ।।૭।।**

કોઈક સમયે નવનીતની ચોરી કરી, ત્યારે માતાએ ખાંડણીઆ સાથે બાંધ્યો હતો, ત્યારે બે હાથથી યમલાર્જુન વૃક્ષોની વચ્ચે જતાં, તે બે વૃક્ષોને પાડી નાંખ્યાં.૭.

**સુ.**– નવનીતની ચોરીના નિમિત્તથી શિક્ષા કરવાને માટે જ્યારે માતાએ ખાંડણીઆની સાથે બાંધ્યો, ત્યારે તેવો જ બંધાએલો યમલાર્જુન વૃક્ષોની વચ્ચે બે હાથથી ચાલીને જતાં (તેમને પાડી નાંખ્યાં). પાછળ ખાંડણીઆના ભારને લઈને બે ચરણની સાથે ખાંડણીયું તો ખેંચાતું જ હતું. ચાલવાનું તો બે હાથ વડે જ થતું હતું. અથવા તો બે હાથ વડે પાડી નાંખ્યાં. તે ગોપો તો જેવું જોયું તેવું કહે છે. તેમને તો એ જ આશ્ચર્ય લાગે છે કે બે હાથથી બે વૃક્ષોને પાડી નાંખ્યાં.

**વને સઞ્ચારયન્ વત્સાન્ સરામો બાલકૈર્વૃતઃ ।।**
**હન્તુકામં બકં દોર્ભ્યાં મુખતોરિમપાટયત્ ।।૮।।**

વૃંદાવનને વિષે બલદેવજી સહિત બાલકોથી વિંટળાએલો વત્સોને ચરાવતો હતો, ત્યારે મારવાની ઈચ્છાવાળા બક શત્રુને બે હાથ વડે મુખેથી ચીરી નાખ્યો. ૮.

**સુ.**– પછી વૃંદાવનને વિષે બલભદ્રની સાથે વત્સોને ચરાવતો, બાલકોથી વિંટલાએલો, વધારે સામર્થ્યનો પ્રકાશ ન કરતા છતાં, કોઈ પ્રસંગથી જ આવી ચઢેલો એમ નહિ, પણ મારવાની ઈચ્છાવાળો બક દૈત્ય જે શત્રુ હતો, તેને મુખેથી જ ચીરી નાખ્યો. આ બાબત સર્વને જાણમાં છે. બાલકો તો દોડી જવાને પણ સમર્થ નહિ, પણ એણે તો (બાલક હોવા છતાં) તે દૈત્યને ચીરી નાંખ્યો. વત્સ અને બક એ બે દૈત્યની વાત ઉલટા ક્રમથી કહી, તે બરાબર ધ્યાન ન હોવાથી ક્રમનું ગ્રહણ ન કર્યું એમ

સમજવું. વળી આ ગોપોને ક્રમ પ્રમાણે જ કહેવાનું કાંઈ તાત્પર્ય ન હતું. બે હાથથી પાડવું અને બે હાથથી ચીરી નાખવું, તે બે હાથનું સામર્થ્ય કહેવાને માટે. અને તેથી જ યમલાર્જુનનો ભંગ કહ્યા પછી બકને ચીરી નાખવાનું નિરૂપણ પાછળથી કર્યું.

**સુ.**– એક હસ્તથી સિદ્ધ થતા વત્સાસુરવધને 'વત્સેષુ' એ શ્લોકથી કહે છેઃ

**વત્સેષુ વત્સરૂપેણ પ્રવિશન્તં જિઘાંસયા ।।**
**હત્વા ન્યપાતયત્ તેન કપિત્થાનિ ચ લીલયા ।।૯।।**

મારવાની ઈચ્છાથી વત્સરૂપથી વત્સોમાં પ્રવેશ કરતા (દૈત્યને) હણીને, તેનાથી જ લીલા વડે કોઠને પાડ્યાં. ૯.

**સુ.**– વત્સરૂપથી મારવાની ઈચ્છાથી વાછરડાંઓને વિષે પ્રવેશ કરનારને, તે જ સમયે ઓળખીને, કે આતો મારવાને આવ્યો છે એમ જાણીને, પહેલાથી જ તેને ચક્કર ચક્કર ફેરવીને, હણીને, તેના વડે કોઠ પાડ્યાં. 'ચ' થી તેને અથવા ઝાડની શાખાને પણ પાડી. તે મોટા બલનું કાર્ય હતું. એવું પણ એણે લીલાથી કર્યું.

**સુ.**– પછી ધેનુકવધને 'હત્વા રાસભદૈતેયમ્' એ શ્લોકથી કહે છેઃ

**હત્વા રાસભદૈતેયં તદ્બન્ધૂંશ્ચ બલાન્વિતઃ ।।**
**ચક્રે તાલવનં ક્ષેમં પરિપક્વફલાન્વિતમ્ ।।૧૦।।**

ગધેડારૂપી ધેનુક દૈત્યને અને તેના બંધુઓને બલદેવજીની સાથે રહીને હણીને પાકાં ફલથી ભરેલા તાલવનને ક્ષેમ એટલે નિર્ભય કર્યું. ૧૦.

**સુ.**– ધેનુકના જેવા ઘણાએ એણે માર્યા. 'સૈનિકે કરેલું તે રાજાએ જ કરેલું ગણાય છે' એ ન્યાયથી બલદેવ સાથે હતા, એમ તેમનો સહભાવ માત્ર કહ્યો. ખરી રીતે તો ભગવાને જ એને હણ્યો હતો, તેથી રાસભ દૈત્યને હણીને એમ કહ્યું. ગધેડો થઈને દૈત્ય ધેનુક આવ્યો હતો, તેના બંધુઓ પણ ગધેડા હતા, તેમને પણ હણીને બલભદ્રની સાથે રહીને તાલવનને ક્ષેમ એટલે નિર્ભય કર્યું. જે ત્યાં જાય તે નિર્ભય ન હતો, તેથી તેને નિર્ભય કર્યો. ફલ તો ત્યાં જનારને સ્વાભાવિક રીતે જ મળતાં હતાં, તે કહે છે કે પાકાં ફલથી તે ભરેલું હતું.

**લે.**– 'બહવઃ' આનો વધ બલદેવજીએ કર્યો હતો, તે છતાં ભગવાને કરેલો કહ્યો, પણ આ ગોપોને બલદેવજીમાં ભગવાનનો આવેશ હતો એમ જ્ઞાન ન હતું, તેથી તેનું બીજી રીતે સમાધાન 'પ્રધાનેન' વિગેરેથી કરે છે, કે સૈનિકે કરેલું તે રાજાએ જ કરેલું ગણાય. આ ધેનુકના જેવા ઘણાને ભગવાને માર્યા છે, માટે મારવામાં મુખ્ય ભગવાન જ છે, એમ તાત્પર્ય છે.

**સુ.**– એ પ્રકારે ધેનુકનો વધ પણ લોકોના કલ્યાણને માટે હતો,

અકલ્યાણને માટે ન હતો, મારવામાં ક્રમથી ધેનુકના વધ પછી પ્રલંબાસુરના વધનું નિરૂપણ 'પ્રલંબમ્' એ શ્લોકથી કરવામાં આવે છે. વચ્ચે થએલું કાલિયદમન આગળ કહેશે.

**પ્રલમ્બં ઘાતયિત્વોગ્રં બલેન બલશાલિના ।।**
**અમોચયદ્ વ્રજપશૂન્ ગોપાંશ્ચારણ્યવહ્નિતઃ ।।૧૧।।**

ઉગ્ર એટલે બલવાન્ પ્રલંબને બલવાળા બલદેવજીથી મરાવીને વ્રજના પશુઓને અને ગોપોને દાવાગ્નિથી છુટા કર્યા. ૧૧.

**સુ.**– ઉગ્ર (બહુ સામર્થ્યવાળા) એવા પ્રલંબને પણ બલભદ્રની મારફતે હણાવીને એટલે બલભદ્રને મારવાની શક્તિ આપીને, તેની મારફતે હણાવીને, કેમ કે પોતાને તેને મારવાનું કાંઈ પ્રયોજન હતું નહિ. અને વ્રજના પશુઓને અને ગોપોને દાવાગ્નિથી છુટા કર્યા.

**સુ.**– ઉપર કહેલા દાવાગ્નિના અગ્નિના સરખાપણાથી વિષના અગ્નિનું પણ 'આશીવિષમ્' એ શ્લોકથી નિરૂપણ કરે છેઃ

**આશીવિષં તમાહીન્દ્રં દમિત્વા વિમદં હ્રદાત્ ।।**
**પ્રસહ્યોદ્વાસ્ય યમુનાં ચક્રેસૌ નિર્વિષોદકામ્ ।।૧૨।।**

તે પ્રસિદ્ધ કાલિય સર્પશ્રેષ્ઠ કે જેની દાઢમાં ઝેર હતું, તેને ધરામાં જઈને, મદ વિનાનો કરીને, બલથી ત્યાંથી દૂર કરીને, આણે યમુનાને ઝેર વિનાની નિર્મલ જલવાળી કરી. ૧૩.

**સુ.**– 'આશી' એટલે વિષવાળી, 'દ્રંષ્ટ્રા'–દાઢ, ત્યાં એટલે દાઢમાં વિષ જેને છે તે 'આશીવિષ' કહેવાય. સ્વાભાવિક વિષથી અધિક વિષવાળો તે સર્પમાં શ્રેષ્ઠ. તે પ્રસિદ્ધ કાલિય સર્પને કે જેનું સ્મરણ કરતાં પણ બીજાઓને બીક લાગે, તેવા સર્પને ધરાની અંદર જઈને ધરામાં તેનું દમન કરીને બલથી તેને ધરામાંથી દૂર કરીને, શ્રીયમુનાજીને ઝેર વિનાના નિર્મલ જલવાળી કરી. આથી એમ સૂચવ્યું કે જે ગરુડથી, યમ વિગેરેથી, અને દેવોથી પણ ન થઈ શક્યું, તે એણે કર્યું. જો એમ ન હોત તો ગરુડ પોતાના શત્રુ કાલિય સર્પને મારત, અથવા યમ વિગેરે યમુનાજીને શુદ્ધ કરત, વળી કાલિયનું દમન કરવું તો તેમને વિશેષ અશક્ય જ હતું, તેમ જ ઝેર વિનાની યમુનાજી ને કરવી તે પણ તેમને વિશેષ અશક્ય હતું.

**સુ.**– આ સર્વ બહારનું નિરૂપણ કરીને હવે અંદરનું એટલે હ્રદયની અંદરનું 'દુસ્ત્યજ' એ શ્લોકથી નિરૂપણ કરે છેઃ

**દુસ્ત્યજશ્ચાનુરાગોસ્મિન્ સર્વેષાં નો વ્રજૌકસામ્ ।।**

**નન્દ તે તનયેસ્માસુ તસ્યાપ્યૌત્પત્તિકઃ કથમ્ ।।૧૩।।**

હે નંદ ! અમે સર્વે વ્રજવાસીઓનો આ તારા પુત્રને વિષે અનુરાગ ત્યાગ કરી શકાય એવો નથી, તેમ જ એનો પણ અમારા ઉપર ઉત્પત્તિથી જ સ્નેહ છે, એ કેમ બની શકે ? ૧૩.

**સુ.**– આ કૃષ્ણને વિષે અમારો સર્વેનો પ્રેમ પણ ત્યાગ કરી શકાય તેમ નથી. જે બીજાને (નંદને) ત્યાં જન્મ્યો હોય, અને જેને વિષે સંબંધ માત્ર હોય, તેને વિષે સાધારણ સંબંધ માત્રથી, ધન, પુત્ર અને પ્રાણથી પણ અધિક સ્નેહ થવો સંભવતો નથી. ત્યારે એમ શંકા થાય છે કે એનો (નંદનો) પુત્ર જ નથી. અકસ્માત્ આવી પડેલો છે, એમ માનવું જોઈએ. તેનો ઉત્તર 'હે નંદ ! તારા પુત્રને વિષે' એ પદોથી કહે છે. કોઈક વાર ગુરુ વિગેરે પર કોઈકનો સ્નેહ પણ થઈ શકે, પણ સર્વેને તેવો સ્નેહ થઈ શકે નહિ. વળી વ્રજવાસીઓને કાંઈ જ્ઞાન પણ નથી (કે જ્ઞાનને લીધે સ્નેહ કરવા જાય), તેથી આ તો વસ્તુના સામર્થ્યથી જ થાય છે (એમાં શક નથી), વળી એનો પણ અમારે વિષે ઉત્પત્તિથી જ સ્નેહ છે. બીજા બાલકોને એવો સ્નેહ અમારા ઉપર નથી, આ કેમ થઈ શકે ? માટે વસ્તુના સામર્થ્યને લઈને, અને ક્રિયાના સામર્થ્યને લઈને, એના ગુણોના વિચારથી, અથવા એ ધર્મીના સ્વરૂપના વિચારથી, એ મહાન્ છે, તેથી એ તારો પુત્ર કેમ હોઈ શકે ?

**સુ.**– બીજી બાબત ગમે તેમ હો. આ હમણાં જે થયું તે તો બહુ જ આશ્ચર્ય છે, તે 'ક્વ સપ્તહાયનો બાલઃ' એ શ્લોકથી કહે છેઃ

**ક્વ સપ્તહાયનો બાલઃ ક્વ મહાદ્રિવિધારણમ્ ।।**
**તતો નો જાયતે શંકા વ્રજનાથ તવાત્મજે ।।૧૪।।**

સાત વર્ષનો બાલક ક્યાં ? અને ક્યાં મોટા પર્વતનું ધારણ કરવું ? તેથી હે વ્રજનાથ ! અમને શંકા થાય છે, કે આ તમારો પુત્ર ખરો કે નહિ. ૧૪.

**સુ.**– સાત વર્ષનો બાલક ક્યાં ? અને મોટા ગિરિરાજનું ધારણ કરવું તે ક્યાં ? માટે લોકન્યાયથી કાર્ય અને કારણના વિરોધને લઈને (કાર્ય એટલે ગિરિરાજ ધારણ કરવો તે, અને કારણ એટલે બાલક), તારા પુત્રને વિષે અમને શંકા થાય છે. અમને આ બહુ સંદેહ ભરેલું લાગે છે, કે આ તારો પુત્ર છે કે નહિ. જો હોય તો તો અમે કૃતાર્થ થઈશું, જો ન હોય તો અમે મોટા અપરાધો કરીએ છીએ, તેથી કોણ જાણે અમારું શું થશે ? તેથી અમને વિચાર પ્રાપ્ત થાય છે.

**સુ.**– આ પ્રકારે ગોપોએ પૂર્વ પક્ષ કર્યો, ત્યારે નંદ 'શ્રુયતામ્' એ શ્લોકથી સિદ્ધાંત કહે છેઃ

||નંદ ઉવાચ ||

**શ્રૂયતાં મે વચો ગોપા વ્યેતુ શંકાવર્ચોર્ભકે ||**

**એનં કુમારમુદ્દિશ્ય ગર્ગો મે યદુવાચ હ ||૧૫||**

નંદ કહે છેઃ- હે ગોપો ! મારું વચન સાંભળો, બાલકને વિષે. એ મારો પુત્ર છે કે નહિ એ શંકાનું વચન દૂર થાઓ, આ કુમારની બાબતમાં ગર્ગાચાર્યે જે મને કહ્યું હતું તે (સાંભળો). કેવું આશ્ચર્ય ! ૧૫.

**સુ.**- ભગવાન્ અદ્ભુત કર્મ કરનાર છે, તેથી પૂર્વપક્ષ અને સિદ્ધાંત ઉલટા સુલટી છે. જો એમ ન હોત તો આ ભગવત્ચરિત્ર જ ન થાય. નંદ તો ગર્ગાચાર્યના વાક્યથી આવો જ કોઈ મોટો પુરુષ મારે ઘેર જન્મ્યો છે, એમ માને છે, જેમ કોઈક સમયે ભગવાનના અવતાર થાય છે, તેમ આ પણ મારે ઘેર અવતરેલો છે. માટે સંબંધ (પુત્રરૂપી સંબંધ) પણ છે, અને માહાત્મ્ય પણ યુક્ત છે, તેથી ગર્ગાચાર્યનાં વાક્યો કહેવાનું 'શ્રૂયતામ્' પદથી શરુ કરે છે. હે ગોપો ! તમે વિચાર કરી જાણતા નથી (વિચાર કરવાને તમે સમર્થ નથી). માટે તમારે બધાએ મારું કહ્યું જ સાંભળવું. તેમ કરવાથી શું ? તો કહે છે કે બાલકને વિષે શંકાનું વચન કે મારો પુત્ર છે કે નહિ તે દૂર થાઓ, જો એમ શંકા થાય કે તારું વાક્ય કેમ પ્રમાણ મનાય? વાદી (તકરાર કરનાર)નું વાક્ય કાંઈ પ્રમાણ ગણાય નહિ, તો કહે છે કે જ્યારે આ કુમાર બાલક જ હતો તે જ સમયે ગર્ગાચાર્યે મને બોધ કરવાને માટે જે કાંઈ કહ્યું હતું (તે સાંભળો). શ્લોકમાં 'હ' છે તે આશ્ચર્યના અર્થમાં છે. આશ્ચર્ય એ કે ગર્ગાચાર્યે એ ક્યાંથી જાણ્યું ?

**ટિ.**- 'પૂર્વપક્ષસિદ્ધાંતયોર્વ્યત્યાસઃ' નંદના દેહમાંથી ઉત્પન્ન થએલો ન હોવાથી સિદ્ધાંત તેવો (નંદપુત્ર નહિ એવો) હોવાને જો કે યોગ્ય છે, તો પણ આવો જ મારો પુત્ર છે, એ પ્રકારે ભગવાને લીલાને માટે નંદની બુદ્ધિ કરેલી છે, તેથી એ નંદપુત્ર છે. આ બુદ્ધિ ભ્રમરૂપ હોવાથી આ સિદ્ધાંતાભાસ (ખોટો સિદ્ધાંત) છે, વસ્તુતઃ એટલે ખરી રીતે આ નંદપુત્ર નથી એમ ન કહેવું, કારણ કે આ બુદ્ધિ ભ્રમરૂપ છે, એમ સિદ્ધ થઈ શકતું નથી, કેમ કે ભગવાને જ લીલાને માટે નંદના પુત્રપણું અંગીકાર કરેલું છે. નિત્ય ભગવાનનો આવો ભાવ એટલે નંદપુત્રપણે થવું એ અયોગ્ય છે, એવી શંકાનો નિરાસ કરવાને માટે એવા નિત્ય ભગવાનના નંદપુત્ર થવામાં હેતુ કહે છે કે ભગવાન્ અદ્ભુતકર્મા છે. જેમાં લૌકિક યુક્તિ ચાલી શકતી નથી, તે અદ્ભુત કહેવાય. તે જ પ્રકારે અહિં પણ ભગવાન્ નંદપુત્ર છે એ બાબતમાં લૌકિક યુક્તિ ચાલતી નથી, તે ભૂષણ છે, કાંઈ દૂષણ નથી, કેમ કે તેથી જ અદ્ભુત કર્મના લક્ષણનું સ્વરૂપ સિદ્ધ થઈ રહે છે. અને તેથી જ ગર્ગાચાર્યે પણ કહ્યું કે 'હે નંદ! આ તારો પુત્ર' વિગેરે.

**સુ.**- ગર્ગાચાર્યનાં વાક્યોનું પૂર્વે વ્યાખ્યાન કરી ગયા છીએ, તો પણ અહિં

અનુવાદ કરેલો હોવાથી ફરીથી ઉપર ઉપરથી તેનું વ્યાખ્યાન કરીએ છીએ. 'વર્ણાસ્રયઃ' વિગેરે વાક્યો આઠ શ્લોકથી કહ્યાં છેઃ

**વર્ણાસ્રયઃ કિલાસ્યાસન્ ગૃહ્ણતોનુયુગં તનૂઃ ।।**
**શુક્લો રક્તસ્તથા પીત ઈદાનીં કૃષ્ણતાં ગતઃ ।।૧૬।।**

દરેક યુગમાં શરીરોને ધારણ કરતા આ બાલકના શ્વેત, રાતો અને પીળો એમ ત્રણ વર્ણ થઈ ગયા એ વાત પ્રસિદ્ધ છે; હાલમાં એ કૃષ્ણત્વને પ્રાપ્ત થયો છે. ૧૬.

**સુ.**– 'કિલ' એ પ્રસિદ્ધિના અર્થમાં છે. આ બાલકના પૂર્વે ત્રણ વર્ણ થયા હતા. વર્ણ શબ્દનો અર્થ રૂપવિશેષ અને જાતિવિશેષમાં થાય છે, તેથી કહે છે કે શ્વેત, રાતો અને પીળો વિગેરે. કૃષ્ણ હાલમાં કૃષ્ણ (શ્યામ) વર્ણને પ્રાપ્ત થયા છે. સત્ય, ત્રેતા વિગેરેમાં એ પ્રકારે થાય છે. અથવા રામ, રામ, રામ એ પ્રકારે થાય છે. હાલમાં તારે ઘેર વર્તમાન કાલની સમીપમાં અથવા કલિયુગમાં કૃષ્ણધર્મ કૃષ્ણત્વને પ્રાપ્ત થયા છે, પણ કાંઈ કૃષ્ણ નથી. મધ્યાહ્ને સૂર્યમાં તેજના મંડલની વચ્ચે રહેલા કૃષ્ણત્વ જેવા એ છે એમ કૃષ્ણનામની નિરુક્તિ કહી. નિરુક્તિ એટલે મૂલ અથવા ધાતુનો અર્થ કહ્યો.

**ટિ.**– 'વાક્યાન્યષ્ટશ્લોકૈરુક્તાનિ', નામકરણ સમયે ગર્ગાચાર્યે કવિતામાં ગુંથ્યા વિના જ વાક્યો કહ્યાં હતાં, અને તે જ પ્રમાણે શ્રીનંદરાયજીએ પણ કહ્યાં છે, તે જ વાક્યોને શ્લોકની અંદર ગુંથીને વ્યાસજીએ કહ્યાં છે, તેથી આઠ શ્લોકથી એમ કહ્યું છે. જો કે 'આસન્' વિગેરે વાક્યો સાત જ છે, તો પણ 'મન્યે નારાયણસ્યાંશમ્' વિગેરે ગર્ગ વાક્યોનો ફલિતાર્થ નિરૂપણ કરનાર હોવાથી, તે પણ ગર્ગના વાક્યરૂપ જ છે, એ આશયથી આઠ શ્લોકની સંખ્યા કહી.

**લે.**– 'વર્ણ' શબ્દ જાતિવિશેષ પક્ષમાં કેવી રીતે છે તે કહે છે કે પરશુરામ, રઘુનાથ અને બલરામ, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય. બલદેવજી ભગવાનના આવેશને લીધે વ્રજેશસુત છે, એમ પહેલાં સિદ્ધ કરી ગયા છીએ. 'ઈદાનીં ત્વદ્ગૃહે કૃષ્ણતાં ગતઃ' એટલે હાલમાં તારે ઘેર દાસ્યમાર્ગ પ્રકટ કર્યો એવો ભાવ છે.

**યો.**– 'વર્ણ' શબ્દ બ્રાહ્મણ વિગેરે વર્ણનો વાચક હોવાથી આ પ્રમાણે કહ્યું. તેથી રામ એટલે પરશુરામ બ્રાહ્મણ, રામ એટલે દશરથના પુત્ર રામ ક્ષત્રિય, અને રામ એટલે બલરામ વૈશ્ય, કેમ કે બલદેવની અંદર શ્રીકૃષ્ણનો આવેશ છે. શ્રીકૃષ્ણ નંદપુત્ર છે, અને નંદ વૈશ્ય છે, તેથી બલદેવજીને વૈશ્ય કહ્યા. 'યત્કૃષ્ણં તદન્નસ્ય' એટલે 'જે કૃષ્ણ અથવા શ્યામરૂપ છે, તે અન્ન એટલે પૃથ્વીનું છે', એ શ્રુતિમાં પૃથ્વીનું જે કૃષ્ણરૂપ કહ્યું, તેવું પાર્થિવ કૃષ્ણરૂપ શ્રીકૃષ્ણમાં નથી. ત્યારે શંકા એમ થાય છે કે કૃષ્ણમાં શ્યામત્વ કેવી રીતે દેખાય

છે ? તેના ઉત્તરમાં કહે છે કે મધ્યાહ્ને સૂર્યમાં તેજના મંડલની વચ્ચે રહેલું શ્યામત્વ જેવું છે તેવું કૃષ્ણનું શ્યામત્વ છે. એ કાંઈ પાર્થિવ શ્યામત્વ નથી, કિંતુ વસ્તુના સ્વભાવથી જ એવું દેખાય છે. એ ઔપાધિક એટલે પૃથ્વીની ઉપાધિવાળું શ્યામત્વ છે એમ કહેવું નહિ, કેમ કે છાંદોગ્યમાં કહ્યું છે કે 'યદ્ આદિત્યસ્ય નીલંભાવઃ' વિગેરે, એમાં આદિત્યનું એમ છઠ્ઠી વિભક્તિ કહેવાથી સૂર્યના સંબંધીપણું કહ્યું પણ કાંઈ ઉપાધિના સંબંધીપણું કહ્યું નથી.

**સુ.**– વાસુદેવની નિરુક્તિ એટલે મૂલ અર્થ (વ્યુત્પત્તિ) 'પ્રાગયમ્' એ શ્લોકથી કહે છેઃ

**પ્રાગયં વસુદેવસ્ય ક્વચિજ્ જાતસ્તવાત્મજઃ ।।**
**વાસુદેવ ઈતિ શ્રીમાન્ભિજ્ઞાઃ સમ્પ્રચક્ષતે ।।૧૭।।**

આ તારો પુત્ર પહેલાં કોઈક દેશ અથવા કાલમાં વસુદેવને ત્યાં જન્મ્યો હતો, તેથી જેઓ એનો મર્મ જાણે છે તેઓ એને વાસુદેવ–લક્ષ્મીપતિ એમ કહે છે. ૧૭.

**સુ.**– 'ક્વચિત્' એટલે અમુક દેશમાં અથવા અમુક કાલમાં, આ વસુદેવનો પુત્ર થયો હતો, તેથી જેઓ અભિજ્ઞ છે એટલે જેઓ એનો મર્મ જાણે છે, તેઓ એને વાસુદેવ કહે છે. ખરી રીતે તો 'વસુ' શબ્દનો અર્થ ધન છે. ધનરૂપ દેવ તે વસુદેવ, એટલે લક્ષ્મી, તેનો પતિ, એટલે વાસુદેવ. તે 'શ્રીમાન્' એટલે લક્ષ્મીપતિ એ શબ્દથી કહે છે. 'ઈતિ' એ પદ 'શ્રીમાન્'ની સાથે પણ સંબંધ ધરાવે છે, અથવા 'શ્રીમાન્'ની પછી 'ઈતિ' શબ્દ મુકવો.

**યો.**– 'વસુરૂપો દેવઃ' વસુરૂપ દેવ. વસુદેવ–લક્ષ્મી, તેનો પતિ, વસુદેવનો આ (પતિ) તે વાસુદેવ, વસુદેવનું આ એટલે પણ વાસુદેવ.

**સુ.**– ભગવાનનાં માત્ર બે જ નામ છે, એમ નહિ કિંતુ બીજાં પણ બહુ છે, તે 'બહૂનિ' એ શ્લોકથી કહે છેઃ

**બહૂનિ સન્તિ નામાનિ રૂપાણિ ચ સુતસ્ય તે ।।**
**ગુણકર્માનુરૂપાણિ તાન્યહં વેદ નો જનાઃ ।।૧૮।।**

તારા સુતના ગુણ અને કર્મને અનુરૂપ બહુ નામો અને રૂપો છે, તેમને હું જાણું છું. જનો (સામાન્ય મનુષ્યો) જાણતા નથી. ૧૮.

**સુ.**– રૂપો પણ છે, તારા સુત (પુત્ર)ના એ છઠ્ઠી વિભક્તિ નંદરાય સાથે સંબંધ સ્થાપન કરવા માટે છે. રૂપો અને નામો બહુ હોવાનો હેતુ કહે છે કે ગુણ અને કર્મને અનુરૂપ તેઓ છે. તેટલા ગુણો અને તેટલાં કર્મો દરેકરૂપ અને નામના ભેદથી કરવા જોઈએ કારણ કે તેમને અનુરૂપ તેઓ છે, તેમાં પ્રમાણ કહે છે કે નામો અને રૂપો હું જાણું છું, બીજા તો જનો (સામાન્ય મનુષ્યો) છે, તેઓ જાણતા નથી, માટે તેનો

બાધ સમજવો નહિ.

**લે.**– 'રૂપનામ્નોઃ' એ પદના પછી 'બહુત્વે' અધ્યાહાર સમજવું. એટલે રૂપ અને નામ બહુ હોવાનો એમ અર્થ થયો. 'પ્રમાણમાહ' એટલે જેઓને બ્રહ્મનું જ્ઞાન છે, તેમને જ આ જ્ઞાન થાય છે. બીજાઓ માત્ર જન (સામાન્ય મનુષ્ય) હોવાથી તેમનું જે જ્ઞાન હોય તેથી શંકા લાવવી નહિ.

**સુ.**– એ પ્રમાણે નામો કહીને ભગવાનનાં કર્મો 'એષ' એ શ્લોકથી કહે છેઃ

**એષ વઃ શ્રેય આધાસ્યદ્ ગોપગોકુલનન્દનઃ ।।**
**અનેન સર્વદુર્ગાણિ યૂયમઞ્જસ્તરિષ્યથ ।।૧૯।।**

આ તમારું કલ્યાણ કરશે, ગોપો અને ગોકુલને આનંદ આપનારો થશે, આનાથી તમે સર્વ સંકટનાં સ્થાનો અનાયાસે તરી જશો. ૧૯.

**સુ.**– આ જ તમારું કલ્યાણ કરશે. 'છંદસિ લુઙ્ લઙ્ લિટ્' એ પાણિનિના સૂત્રને આધારે 'આધાસ્યત્' શબ્દ જે ભૂતકાલવાચક છે તે ભવિષ્યકાલના અર્થમાં સમજવો, એટલે કરશે એમ અર્થ થયો. વળી પૂતના વિગેરેનો વધ કરેલો હોવાથી ભૂતકાલનો અર્થ પણ છે જ, વળી ગોપ અને ગોકુલ એ બંનેને આનંદ આપનારો થશે. વળી આનાથી જ સર્વ સંકટનાં સ્થાનો તમે તરી જશો અને તે પણ કાંઈ પણ પ્રયાસ કર્યા વિના.

**સુ.**– આ અર્થ (બાબત)માં પૂર્વની સંમતિ 'પુરાનેન' એ શ્લોકથી કહે છેઃ

**પુરાનેન વ્રજપતે સાધવો દસ્યુપીડિતાઃ ।।**
**અરાજકેરક્ષ્યમાણા જિગ્યુર્દસ્યૂન્ સમેધિતાઃ ।।૨૦।।**

હે વ્રજપતિ, પહેલાં સાધુ પુરુષો દૈત્યોથી પીડાતા હતા, અને રાજા વિનાની અંધાધુંધીમાં રક્ષા વિનાના હતા, ત્યારે આની જ સહાયતાથી તેઓએ દૈત્યોને જીત્યા હતા. ૨૦.

**સુ.**– 'અનેન' એટલે એના પૃથુરૂપથી અથવા બીજા રૂપથી. 'વ્રજપતે' એ સંબોધન તું ગામડાનો રાજા હોવાથી તને જ્ઞાન ન હોય તે આશ્ચર્ય નથી, એ જણાવવાને કહે છે. સર્વે સાધુ પુરુષો દૈત્યોથી પીડાતા હોવાથી દૈત્યોને જીત્યા. રાવણ વિગેરે પણ દૈત્યો હતા. જ્યારે રાજા ન હતો અને અંધાધુંધી હતી, તે સમયે સાધુઓની રક્ષા થતી ન હતી, ત્યારે આની જ સહાયથી દૈત્યોને જીત્યા, તે પૃથુને વિષે સ્પષ્ટ છે.

**ય એતસ્મિન્ મહાભાગાઃ પ્રીતિં કુર્વન્તિ માનવાઃ ।।**
**નારયોભિભવન્ત્યેતાન્ વિષ્ણુપક્ષાનિવાસુરાઃ ।।૨૧।।**

જેઓ મહાભાગ્યશાળી હોઈને એને વિષે પ્રીતિ કરે છે, તેઓ મનુષ્યો હોવા છતાં જેમ વિષ્ણુ જેમને પડખે હોય છે, તેમને અસુરાવેશીઓ હરાવી શકતા નથી, તેમ તેમને શત્રુઓ હરાવી શકતા નથી. ૨૧.

**સુ.**– વળી જેઓ આને વિષે મોટાભાગ્યવાળાઓ, કેમ કે મોટા ભાગ્ય વિના આને વિષે પ્રીતિ થતી નથી, એવાને વિષે જેઓ પ્રીતિ કરે છે, તેઓ મનુષ્યો હોવા છતાં પણ શત્રુઓને જીતી શકે છે, તે 'નારયઃ' વિગેરેથી કહે છે. શત્રુઓ એમને જીતી શકતા નથી, કારણ કે એમને પડખે વિષ્ણુ છે, જેમ વૈષ્ણવોને અસુરના આવેશવાળા ઓ લોકમાં પણ જીતી શકતા નથી. આ લૌકિક કથા છે તેથી વિષ્ણુ વિગેરેનું દૃષ્ટાંત આપ્યું છે.

**યો.**– 'વિષ્ણુપક્ષાનિવાસુરાઃ', જો એમ શંકા થાય કે ભગવાન્ પોતે જ વિષ્ણુ હોવાથી 'વિષ્ણુપક્ષાનિવ' એ દૃષ્ટાંત અનુચિત છે, કેમ કે એકને દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક કરી શકાય નહિ, તો તેના ઉત્તરમાં કહે છે કે આ લૌકિક કથા છે, તેથી તે દૃષ્ટાંત છે, આ ગર્ગાચાર્યે લૌકિક મનુષ્યોની બુદ્ધિનો આશ્રય લઈને કહ્યું છે તેથી લૌકિક છે, માટે દૃષ્ટાંતમાં કહેલો દોષ નથી.

**સુ.**– એ પ્રકારે ભગવાનના સામર્થ્યનું ઉપપાદન કરીને 'તસ્માત્' એ શ્લોકથી સમાપ્ત કરે છેઃ

**તસ્માન્ નંદ કુમારોયં નારાયણસમો ગુણૈઃ ।।**
**શ્રિયા કીર્ત્યાનુભાવેન તત્કર્મસુ ન વિસ્મયઃ ।।૨૨।।**

તેથી હે નંદરાયજી, આ તારો કુમાર ગુણોથી શ્રી, કીર્તિ અને પ્રભાવથી નારાયણ તુલ્ય છે. (નંદરાયજી પોતે કહે છે કે) એના કર્મોમાં વિસ્મય કરવો નહિ. ૨૨.

**સુ.**– અહિં પાઠ ભેદ છે, આ કુમાર, હે નંદ ! ગુણોથી કરીને નારાયણને તુલ્ય છે, શ્રી, કીર્તિ અને પ્રભાવથી પણ નારાયણતુલ્ય છે. આટલા સુધી ગર્ગવાક્ય છે, પછી નંદરાયજી પોતે કહે છે કે એના કર્મોને વિષે કાંઈ વિસ્મયકારક નથી, તે ભગવાનનાં કર્મોમાં, ગોવર્ધન ઉદ્ધરણ વિગેરેમાં વિસ્મય કરવો નહિ.

**સુ.**– આવો જ આ મારે ઘેર અવતરેલો છે, તેથી મને પણ અહિં વિસ્મય નથી, એ હેતુથી પોતાની સંમતિ જણાવવાને માટે નંદરાયજી પોતાનું વૃતાંત 'ઈત્યદ્ધા' એ શ્લોકથી કહે છેઃ

**ઈત્યદ્ધા માં સમાદિશ્ય ગર્ગે ચ સ્વગૃહં ગતે ।।**
**મન્યે નારાયણસ્યાંશં કૃષ્ણમક્લિષ્ટકારિણમ્ ।।૨૩।।**

ગર્ગાચાર્ય મને આ પ્રમાણે સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ કહીને પોતાને ઘેર ગયા, ત્યારથી કૃષ્ણને હું નારાયણનો અંશ માનું છું, અને એ કોઈ દિવસ કોઈને ક્લેશ આપે એવું કરતો નથી, તેથી હું એને બ્રહ્મ માનું છું. ૨૩.

**સુ.**– 'અદ્ધા' એટલે સાક્ષાત્. મને સારી રીતે ભગવાનનું સ્વરૂપ કહીને ગર્ગાચાર્ય પોતાને ઘેર ગયા, ત્યારથી કૃષ્ણને નારાયણનો અંશ જ હું માનું છું. શ્લોકમાં 'ચ' છે, તેનો અર્થ એ કે હું પણ ઘેર ગયા પછી. પુરુષ અહિં નારાયણ છે તેનો આ અંશાવતાર છે, એટલું નંદરાયજી સમજ્યા, એથી અધિક નહિ, અધિક આગળ કહેશે. આ બ્રહ્મનો અંશ છે, એ અર્થમાં કેવલ વાક્ય જ પ્રમાણ નથી, કિંતુ અનુભવ પણ પ્રમાણ છે, તે 'અક્લિષ્ટકારિણમ્' એ પદોથી કહે છે. એણે કોઈ પણ દિવસ કોઈને ક્લેશ આપે એવું કર્યું નથી, અને કરતો પણ નથી. જો જીવ હોત તો ક્લિષ્ટ કર્મ કરત. જે દુઃખોથી પીડિત હોય તે જ ક્લિષ્ટ કર્મ કરે, જે પીડિત ન હોય તે ન કરે, અને દુઃખનો અભાવ તો બ્રહ્મમાં જ સંભવે, માટે કૃષ્ણ બ્રહ્મ છે એમ હું માનું છું.

**યો.**– અધિક આગળ કહેશે એટલે આ જ શ્લોકમાં 'અક્લિષ્ટકારિણમ્' એ વિશેષણથી એનું બ્રહ્મત્વ કહેશે.

**સુ.**– એ પ્રકારે ઉપદેશ કરવાથી જે થયું તે 'ઇતિ' એ શ્લોકથી કહે છેઃ

**ઇતિ નન્દવચઃ શ્રુત્વા ગર્ગગીતં વ્રજૌકસઃ ।।**
**દૃષ્ટશ્રુતાનુભાવસ્ય કૃષ્ણસ્યામિતતેજસઃ ।।**
**મુદિતા નન્દમાનર્ચુઃ કૃષ્ણં ચ ગતવિસ્મયાઃ ।।૨૪।।**

કૃષ્ણ એટલે સદાનંદ, અને જેનું તેજ માપમાં આવી શકે એવું નથી, અને જેનો પ્રભાવ પોતે જોયો છે અને સાંભળ્યો છે, તેના સંબંધી નંદનું વચન કે જે ગર્ગાચાર્યે પહેલાંથી જ ગાએલું હતું, તેને સાંભળીને વ્રજવાસીઓ, બહુ આનંદ પામ્યા, અને નંદની પૂજા કરી, કૃષ્ણની પૂજા કરી, અને આશ્ચર્ય વિનાના થઈ ગયા. ૨૪.

**સુ.**– ગર્ગે પૂર્વે ગાએલું, ખરી રીતે તો ગર્ગની પહેલાંથી જ સિદ્ધ થએલું તેવું હાલમાં નંદનું વચન, તેને સાંભળીને વ્રજવાસીઓ કે જેમને એમાં બીલકુલ અસંભવ લાગતો જ ન હતો એવા, આનંદ પામ્યા, એવો સંબંધ છે. કેવલ વાકય જ પ્રમાણ ન હતું, પોતે પણ કૃષ્ણને તેવા જોયા હતા, તે કહે છે કે જોયો છે અને સાંભળ્યો છે પ્રભાવ જેનો, અને જેનું તેજ માપ કરી શકાય તેટલું નથી. સ્વરૂપથી પણ સદાનંદનો સંબંધી. તે ગર્ગાચાર્યનું વાકય સાંભળીને આનંદ પામીને નંદની પૂજા કરી, અને

કૃષ્ણની પૂજા કરી, અને વિસ્મય વિનાના થઈ ગયા. નંદ મહાન્ છે કે જેનો આવો પુત્ર છે, એ હેતુથી નંદની પૂજા કરી, અને ભગવાન્ તો પૂજા કરવા યોગ્ય છે, એનું ફલ આશ્ચર્યનો અભાવ. આ પ્રકારે ત્રણ અધ્યાયથી સંદેહના અભાવપૂર્વક ગૌણ ધર્મની નિવૃત્તિપૂર્વક ભગવાનનું માહાત્મ્ય અને ભગવદ્ધર્મ સ્થાપન કર્યા.

**સુ.**– આવા ધર્મને પ્રવર્તાવનાર ભગવાનને શુકદેવજી 'દેવે' એ શ્લોકથી નમસ્કાર કરે છેઃ

**દેવે વર્ષતિ યજ્ઞવિપ્લવરુષા વજ્રાશ્મપરુષાનિલૈઃ**
**સીદત્પાલપશુસ્ત્રિ આત્મશરણં દૃષ્ટ્વાનુકમ્પ્યુત્સ્મયન્ ।।**
**ઉત્પાટ્યૈકકરેણ શૈલમબલો લીલોચ્છિલીન્ધ્રં યથા બિભ્રદ્**
**ગોષ્ઠમપાન્ મહેન્દ્રમદભિત્ પ્રીયાન્ ન ઈન્દ્રો ગવામ્ ।।૨૫।।**

યજ્ઞના નાશના ક્રોધથી ઈન્દ્ર જ્યારે વજ્ર, પથ્થર અને સખત પવન સહિત વર્ષા કરતો હતો ત્યારે ગોપાલો, પશુઓ અને સ્ત્રીઓ જેની અંદર દુઃખી થતાં હતાં એવું વ્રજ, કે જેના રક્ષક પોતે જ હતા, તેને જોઈને કૃપાવાળા થઈને મોટેથી હાસ્ય કરીને જેમ બાલક કુતરાની ટોપીને લીલાથી ઉખેડીને ધારણ કરે છે, તેમ ગોવર્ધનને ઉખેડીને એક હસ્તથી ધારણ કરીને, વ્રજનું રક્ષણ કર્યું, અને મહેન્દ્રના મદને ભાંગી નાખ્યો, અને જે ગોવિંદ એ નામ ધારણ કરે છે, તે અમારા પર પ્રસન્ન થાઓ. ૨૫.

**સુ.**– તે ભગવાન્ ગાયોના ઈન્દ્ર અમારા ઉપર પ્રસન્ન થાઓ. તે જ પ્રસન્ન થાય કે જે કોઈ પણ દિવસ કોઈકના ઉપર પ્રસન્ન થતો હતો તે. તેથી તેની પ્રીતિરૂપી લીલાને કહે છે. ઈન્દ્ર વર્ષતો હતો ત્યારે તે વર્ષા પણ માત્ર ઈચ્છા થવાથી નહિ, કિંતુ ઈન્દ્રના યાગના નાશ થવાથી રોષથી. કેવલ વૃષ્ટિમાત્ર નહિ પણ વજ્ર અને પથ્થર સહિત અને બહુ જ સખત વાયુ સાથે. વજ્ર પથ્થર અને સખત વાયુ, આથી સાત્ત્વિક, તામસ અને રાજસનું નિરૂપણ કર્યું. તેમાં શું થઈ ગયું ? તેનો ઉત્તર કહે છે કે ગોપાલો, પશુઓ અને સ્ત્રીઓ જે વ્રજમાં દુઃખી થતાં હતાં તે વ્રજ. તેવું છતાં જેનો આશ્રય અથવા રક્ષક પોતે જ હતા. તેવું જોઈને જેને કૃપા ઉત્પન્ન થઈ, તેથી તેના દુઃખની નિવૃત્તિને માટે ખૂબ હાસ્ય કરીને જાણે ગોપોનું અજ્ઞાન સ્થાપન ન કરતા હોય તેમ એક હસ્તથી ગોવર્ધનને ઉંચકી લઈને જેમ બાલક લીલાથી કુતરાની ટોપીને ઉખેડીને ધારણ કરે છે તેમ ધારણ કરીને ગોકુલનું રક્ષણ કર્યું. માત્ર ગોકુલની રક્ષા કરી એ જ ફલ નથી, પણ મહેન્દ્રના ગર્વને પણ જે ભાંગી નાખે છે અને જે ગાયોનો ઈન્દ્ર એટલે ગોવિંદ એવું નામ ધારણ કરે છે. આ હજુ થવાની બાબત છે. તે અમારા પર પ્રસન્ન થાઓ એવી પ્રાર્થના શુકદેવજી કરે છે.

લે.- ‘સીદત્પાલપશુસ્ત્રિ’, એ ગોષ્ઠનું વિશેષણ છે, ‘વ્રજે’ એ ગોષ્ઠનો અર્થ છે.

**આ પ્રમાણે શ્રીભાગવત સુબોધિનીમાં**
**શ્રીમદ્‌વલ્લભદીક્ષિતવિરચિત દશમસ્કંધના વિવરણમાં**
**બીજા તામસ પ્રકરણના અવાન્તર પ્રકરણ સાધનપ્રકરણના જ્ઞાન નિરૂપક**
**૨૩મા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ થયું.**

# ।। અધ્યાય ચોવીસ ।।
## ઈન્દ્ર-સુરભિએ ભગવાનનો અભિષેક કરી 'ગોવિન્દ' નામ ધરાવ્યું.

### કારિકાર્થઃ

ચોવીશમા અધ્યાયમાં કામધેનુ વિગેરેએ કરેલા ભગવાનના અભિષેકનું નિરૂપણ કરવામાં આવે છે, તેમજ ઈન્દ્રની સ્તુતિ અને ઈન્દ્રની શિક્ષાનું પણ નિરૂપણ કરવામાં આવે છે. કા. ૧.

**યો.**- 'કામધેન્વાદિભિઃ કૃતઃ' એ પદ અભિષેકનું વિશેષણ છે.

જેમ (વ્રજની) રક્ષા સારી રીતે સિદ્ધ થઈ તેમ (ઈન્દ્રના) મદનો અભાવ સારી રીતે સિદ્ધ થાય, ત્યારે જ સર્વ ભગવત્કાર્ય સફલ થાય. કા. ૨.

હરિએ કરેલી ગોરક્ષા જો આધિદૈવિક પર્યંત પહોંચતી ન હોય તો, અને જો તે આધિદૈવિક સુરભિ (કામધેનુ) દાસભાવ અંગીકાર ન કરે તો, અને પોતે ભગવાન નો સ્વામિભાવથી સ્વીકાર ન કરે તો, આ લીલા ભગવલ્લીલામાં પ્રમાણરૂપ થાય જ નહિ, તેથી આ હેતૂક્તિ પણ સ્ફુટ રીતે સત્ફલવાળી વર્ણન કરવામાં આવી છે. વળી ઈન્દ્રયાગ પણ થશે (કાયમ રહેશે), કેમ કે હરિ પોતે જ ઈન્દ્ર છે. કા. ૩-૪-૫.

**ટિ.**- 'ગોરક્ષા'થી 'જાયતે', કા. ત્રણથી ચાર સુધીનો આ અર્થ છે. પુરુષોત્તમથી અન્ય કોઈ પણ અખિલ લૌકિક ગાયોની આધિદૈવિક ગાય(કામધેનુ) સુધી પહોંચે એવી પાલનલીલા માત્ર સજાતીયપણાથી પણ કરી શકતો નથી, તેનું પ્રમાણ આપનાર આધિદૈવિક કામધેનુની શરણાગતિ છે. તે કામધેનુએ 'હે અચ્યુત, તમે જે અલોકનાથ છો તેમના વડે જ અમે સનાથ છીએ' એ પદોથી કહ્યું છે. જે લોકથી ભિન્ન તે અલોક, અને તેવી જ અલૌકિકી. તેવી ગાયોના નાથ તમે જે પાલનકર્તા છો, તેનાથી અમે સનાથ છીએ, અને રક્ષા પામ્યા છીએ. લીલાના સર્વ પદાર્થોની આ જ વ્યવસ્થા છે, તે જણાવવાને 'અલોક' એમ સામાન્ય વચન કહ્યું છે, જો એમ ન હોત તો 'લોકનાથ' એમ કહેત. એમાં હેતુ એ છે કે તમે અચ્યુત છો. ધર્મથી પણ તમે ચ્યુતિરહિત હોવાથી તમારો પાલન કરવારૂપી ધર્મ જો અમારા સુધી પહોંચત નહિ, તો ગોત્વમાં કાંઈ વિશેષ ન હોવાથી અમારા અંશમાં તે ધર્મ ચ્યુત થાત. 'તદેયમ્' પછી જે લીલાપદ છે તે ભાવપ્રધાન છે. 'ભગવલ્લીલાપ્રમાણં ન' વિગેરે, એ સમસ્ત (આખ્ખું) પદ છે, એનો અર્થ એ છે કે આ હવે કહેવાતી લીલા ભગવલ્લીલામાં પ્રમાણભૂત થાત નહિ. શંકા- લૌકિક ઈન્દ્રયાગ હેતુવાદને અનુસરતો હોવાથી, જો તેનો ભંગ કર્યો, તો ચાલતા પ્રસંગમાં પણ ભગવાને રક્ષા કરવાથી હેતુવાદપૂર્વક જ ભગવાનનો ઈન્દ્રરૂપે અભિષેક કરેલો છે, એ બાબત શ્લોક ઓગણીશમાં 'ભવતા અલોકનાથેન' એ પદોથી સ્પષ્ટ કહેલી છે, તો પછી આ યાગ પણ હેતુવાદને અનુસરીને જ

થયો, તો આમાં વિશેષ શું ? (પ્રથમના હેતુવાદને અનુસરતા ઈન્દ્રયાગનો ભંગ કરાવીને આ તેવો જ હેતુવાદને અનુસરતો નવો યાગ કરાવવાનું કારણ શું ?) ઉત્તર– 'અતો હેતૂક્તિઃ' એ પદોથી આપે છે. યાગના ભંગ કરાવવાથી પ્રાપ્ત થતા દોષની શંકાનો પરિહાર કરવાને માટે તે યાગનો ભંગ, તેનું અપૂર્વ કારણ, અને પાલન, એ સર્વ કેવલ લીલા છે, એમ જણાવવું જોઈએ, તે 'આધિદૈવિકગામિત્વ' (આધિદૈવિક સુધી પહોંચે છે એમ) નિરૂપણ કરવાથી થાય છે, તેથી તે પણ કેવલ લીલારૂપ જ છે, માટે અહિં હેતૂક્તિ કહી છે, તે પણ આ લીલારૂપ જ છે, તેથી જ 'ભવાય ભવ' એમ જે વીશમા શ્લોકમાં અને 'કૃષ્ણેઽભિષિક્ત એતાનિ' એમ જે સત્તાવીશમા શ્લોકમાં કહ્યું છે, તેનાથી ફલવાળી આ લીલા વર્ણન કરેલી છે. વળી પરંપરાથી ચાલતી આવેલી મર્યાદાનો ભંગ પણ આ પ્રકારે થયો નથી, તે 'ઈન્દ્રયાગશ્ચ ભવિતા' 'આગળ પણ પ્રતિવર્ષ ગોસવ વ્રજવાસીઓ કરશે, તેથી ઈન્દ્રયાગ ચાલુ રહેશે' એનાથી કહ્યું છે. આથી લીલા સંબંધી લોકપાલો વિગેરે પણ ભગવાનથી જુદા નથી એમ જણાવ્યું.

**લે.**– 'ગોરક્ષા'થી શરુ થતી દોઢ કારિકામાં સુરભિની સ્તુતિના ત્રણ શ્લોકનો અર્થ ક્રમવાર કહ્યો. 'તદેયમ્' તો ગોરક્ષા જે ભગવલ્લીલા છે, તેમાં સુરભિની શરણાગતિ પ્રમાણભૂત ન થાય. 'અતઃ' શરણાગતિ પ્રમાણરૂપ હોવાથી.

**।।કારિકાર્થઃ સંપૂર્ણઃ।।**

**સુ.**– ગયા ત્રેવીશમા અધ્યાયમાં ભગવાનને વિષે જે જે સંદેહ હતા તે દૂર કર્યા, તેથી એમ સ્થાપન કર્યું, કે ભગવાન્ જેમ આજ્ઞા કરે તેમ જ કરવું જોઈએ, તેથી પરંપરાથી ચાલતું આવેલું ઈન્દ્રયાગ નામનું પ્રસિદ્ધ કર્મ જો પાછું ઈન્દ્રયાગપણું પ્રાપ્ત ન કરે તો પ્રસિદ્ધિનો વિરોધ આવે, તેથી ભગવાનને ઈન્દ્રરૂપે જે અભિષેક થયો, તેનું નિરૂપણ કરવામાં આવે છે. ભગવાન્ પોતે જ ઈન્દ્ર થયા એટલું જ નહિ, પરંતુ ઈન્દ્રને અભિષેક કરનારાઓએ સર્વેએ ભગવાનને ઈન્દ્રાભિષેક કર્યો, એમ કહેવું જોઈએ, તેથી ઈન્દ્ર અને કામધેનુ અહિં આવ્યાં, તે 'ગોવર્ધને' એ શ્લોકથી કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ।।

**ગોવર્ધને ધૃતે શૈલ આસારાદ્ રક્ષિતે વ્રજે ।।**
**ગોલોકાદાવ્રજત્ કૃષ્ણં સુરભિઃ શક્ર એવ ચ ।।૧।।**

શ્રીશુકદેવજી કહે છેઃ– જ્યારે ભગવાને ગોવર્ધન પર્વતનું ધારણ કર્યું, અને વર્ષાની ધારાઓમાંથી વ્રજનું રક્ષણ કર્યું, ત્યારે ગોલોકમાંથી સુરભિ, ઈન્દ્ર અને ત્યાંના સર્વે દેવતાઓ કૃષ્ણ પાસે આવ્યા. ૧.

**સુ.**– જ્યારે ભગવાને ગોવર્ધન પર્વતને ધારણ કર્યો, ત્યારે ઈન્દ્રના માનનો

ભંગ થવાથી ઈન્દ્ર પોતે આવ્યો. જો ન આવે તો ગોવર્ધનને ધારણ કરવાથી જાણે ક્લેશ થયો હોય તેમ તે ક્લેશનું સ્મરણ કરીને ભગવાન્ ઈન્દ્રને મારે, (એમ ઈન્દ્રને બ્હીક લાગી). તેથી ભગવાનની ક્ષમા પ્રાપ્ત કરવી જોઈએ. વળી વર્ષાની ધારાઓમાંથી ગોકુલનું રક્ષણ થવાથી પોતાના વંશનુ પણ રક્ષણ થયું, તેથી સુરભિ (કામધેનુ) પણ આવી. લીલા સંબંધી પોતાના વંશમાં ઉત્પન્ન થએલી ગાયોથી ભગવાનની પૂજા થઈ શકવાને શક્ય નથી, એમ સમજી પોતે જ આવી. શ્લોકમાં 'ચ' મુક્યો છે, તેથી સુરભિના અને ઈન્દ્રના સંબંધી સર્વે દેવો ઉત્સવને માટે આવ્યા એમ સમજવું.

**ટિ.**– 'પ્રાકૃતૈઃ' પ્રકૃત એટલે ચાલતો લીલાપ્રસંગ, તેના સંબંધી એટલે લીલા-સંબંધી. એમ હોવાથી લીલાસંબંધી ગાયો જો ભગવાનની પૂજા કરે તો લીલારસનો વિરોધ આવે એવો ભાવ છે.

**સુ.**– ત્યાં પ્રથમ અપરાધની નિવૃત્તિ કરાવવી જોઈએ, તેથી ઈન્દ્રનું ઉપાખ્યાન કહેવામાં આવે છે. ત્યાં આવેલા ઈન્દ્રે ભગવાનની પ્રાર્થના કરી, તે 'વિવિક્ત' એ શ્લોકથી કહે છેઃ

**વિવિક્ત ઉપસઙ્ગમ્ય વ્રીડિતઃ કૃતહેલન ।।**
**પસ્પર્શ પાદયોરેનં કિરીટેનાર્કવર્ચસા ।।૨।।**

એકાંતમાં ભગવાન્ પાસે આવીને લજ્જા પામેલા અપરાધીએ, સૂર્યના જેવા તેજવાળા કિરીટવાળા ભગવાનના બંને ચરણનો સ્પર્શ કર્યો. ૨.

**સુ.**– એકાંતમાં ભગવાનની પાસે ગયો, (કેમ કે) ભક્તોનો અપરાધ કર્યો હતો, તેથી તેઓ કદાચ ઈન્દ્રનું ભુંડું બોલે. વળી લજ્જા પણ ઈન્દ્રને લાગી, તે પણ એકાંતમાં જવાનું કારણ હતું, તે પણ આગળ કહેવાશે. જો પ્રાર્થના ન કરે તો પોતાના સર્વસ્વનો નાશ થાય. તેથી પ્રાર્થના કરવી તે આવશ્યક છે, એમ સમજી એકાંતમાં ભગવાનની પાસે ગયો. વળી તેને લજ્જા પણ આવી હતી. પોતે અપમાન કર્યું હતું, તેથી તેને લજ્જા પણ લાગી હતી, તેથી આ ભગવાનના બંને ચરણનો સ્પર્શ કર્યો. સૂર્યના જેવા તેજવાળા કિરીટસહિત પીઠ સુધી વાંકો વળીને, પોતાનું શિર ભગવાનના બંને ચરણની અંદર મુક્યું. આ સર્વ મોટાઓને અપરાધની ક્ષમા કરાવવાનું સાધન છે.

**લે.**– 'તત્ર'થી શરુ કરીને 'આહ' સુધી. 'શ્લોકદ્વયેન' અધ્યાહાર સમજવું. ઈન્દ્રનું સમાગમન તો પહેલાં કહી ગયા તેનો અનુવાદ છે. 'વિવિક્ત' એ બીજા શ્લોકનો અર્થ પ્રાર્થનાનું અંગ નમસ્કાર છે. 'દષ્ટ' એ ત્રીજા શ્લોકનો અર્થ પ્રાર્થનાકરણ છે, એમ

અંગસહિત પ્રાર્થનાકરણ બીજા અને ત્રીજા બે શ્લોકનો અર્થ છે.

**સુ.**– એ પ્રકારે નમસ્કાર કરીને, સ્તોત્ર કરવાનું 'દૃષ્ટ' એ શ્લોકથી શરુ કરે છેઃ

**દૃષ્ટશ્રુતાનુભાવસ્ય કૃષણસ્યામિતતેજસઃ ||**
**નષ્ટત્રિલોકેશમદ ઈન્દ્ર આહ કૃતાઞ્જલિઃ||૩||**

કૃષ્ણ કે જેનું તેજ માપી શકાય એમ નથી, અને જેનો પ્રભાવ જોયો હતો, અને સાંભળ્યો હતો તેની, ઈન્દ્રે, કે જેનો હું ત્રિલોકીનો ઈશ્વર છું એવો મદ નષ્ટ થઈ ગયો હતો, તેણે હાથની અંજલિ કરીને નીચે પ્રમાણે પ્રાર્થના કરી. ૩.

**સુ.**– શંકા– દેવો જૂઠું બોલતા નથી. જેમ છીપમાં રૂપું દેખાય અને તેથી છીપમાં રૂપાનો આરોપ થાય, એમ આરોપથી પણ જૂઠું બોલતા નથી. વળી આ ઈન્દ્ર ભગવાનનો ઉત્કર્ષ જાણતો નથી. જો જાણતો હોત તો અપરાધ ન કરત, અને જો વિપરીત બુદ્ધિવાળો છે, તો પછી એણે સ્તોત્ર કેવી રીતે કર્યું? સમાધાન– એણે ગોવર્ધનના ઉદ્ધરણરૂપ ભગવાનનો પ્રભાવ જોયો. પૂતનાના પ્રાણસહિત સ્તન્યનું પાન વિગેરેનો પ્રભાવ સાંભળ્યો, માત્ર પ્રભાવ જોયો અને સાંભળ્યો એટલું જ નહિ, પણ એથી પણ અધિક છે, તે જણાવે છે, કે જેમ જાજ્વલ્યમાન્ (પ્રકાશતો) અગ્નિ સર્વને જ બાળશે એમ જણાય છે, તેમ આસપાસ જણાતું ભગવાનનું તેજ પણ સર્વ કરવાને સમર્થ છે, એમ જણાય છે, તે 'અમિતતેજસઃ' 'ભગવાનનું તેજ માપી શકાય એમ નથી' એ પદોથી કહ્યું, તેથી હું ત્રણ લોકનો ઈશ્વર છું એવો ઈન્દ્રનો મદ નષ્ટ થઈ ગયો, એમ થવાથી નામમાત્રનો ઈન્દ્ર ભગવાનનો નિમેલો અધિકારી, બે હસ્તની અંજલિ કરીને પ્રાર્થના કરતો બોલ્યો, તે આગળ કહેવાશે.

**લે.**– 'આરેભે' પછી 'આહ' અધ્યાહાર સમજવું. 'ભગવદધિકારી' આવા કૃષ્ણનો ઈન્દ્ર અધિકારી છે, એમ અન્વયથી ભગવાનનો અધિકારી એમ કહ્યું.

**સુ.**– ઈન્દ્ર દશ પ્રાણરૂપ દશ શ્લોકથી ભગવાનની સ્તુતિ કરે છે. આ ઈન્દ્રમાં ક્રિયાશક્તિ પ્રધાન છે, અને આ વેદબાહ્ય ઈન્દ્રમાં પણ ક્રિયાશક્તિ પ્રધાન છે, પોતાના પુરુષાર્થની સારી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરવાને માટે તે છ ગુણવાળા ભગવાન્ માધવની સ્તુતિ કરે છે. કા. ૧.

**ટિ.**– 'દશભિઃ પ્રાણશ્લોકૈઃ', દશ પ્રાણરૂપ શ્લોકથી. ભગવાનનો અપરાધ કરવાથી ઈન્દ્રનું સર્વ આધિદૈવિક તિરોધાન પામી ગયું, અને આધિદૈવિક પ્રાણો પણ તિરોહિત થઈ ગયા, તેથી હમણાં આ ઈન્દ્ર મરેલા જેવો થઈ ગયો હતો, તેથી આધિદૈવિક પ્રાણ પ્રાપ્ત કરીને પોતાના જીવનની સિદ્ધિને માટે પ્રાણના સમાન સંખ્યાના શ્લોકો વડે

ભગવાનની સ્તુતિ કરી તે કહ્યું, એમ સંખ્યાનું તાત્પર્ય સમજાવ્યું. શંકા– 'ગોવર્ધન પર્વતના ધારણ કરવાથી' એ વાક્ય વડે ભગવાને ક્રિયાશક્તિનો આવિર્ભાવ કરીને જેમ આ ઈન્દ્રને બોધ કર્યો, તેમ પ્રથમથી જ જ્ઞાનશક્તિનો આવિર્ભાવ કરીને ભગવાને તેને શા માટે બોધ કર્યો નહિ ? જો ભગવાન્ એમ કરત તો ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થવાથી ઈન્દ્ર હાલમાં તેમ જ આગળ પણ અપરાધ જ કરત નહિ. સમાધાન– આ ઈન્દ્ર ભગવાનના બાહુ(હસ્ત) રૂપ હોવાથી એનામાં ક્રિયાશક્તિ પ્રધાન છે. (જ્ઞાનશક્તિ પ્રધાન નથી.) તો પણ પ્રયોજન હોવાથી જ્ઞાનશક્તિનો ઈન્દ્રમાં આવિર્ભાવ શા માટે ન કર્યો એવી શંકા થાય તેના ઉત્તરમાં કહે છે કે આ ઈન્દ્ર હેતુકકર્મનો સંબંધી હોવાથી તે વેદબાહ્ય છે, અને એને (જ્ઞાનનો) અધિકાર નથી, તેથી જ એણે ગાયો વિગેરેનો દ્રોહ કરવાની આજ્ઞા આપી, એમ હોવાથી જ કારિકામાં કહ્યું કે 'તથાવિધઃ' એ ક્રિયાશક્તિવાળો અને વેદબાહ્ય છે. હવે પછી જે પ્રયોજનને માટે જેટલી ક્રિયાશક્તિ ભગવાને એને આપી છે, તેને ઉપયોગી જ્ઞાન પણ ભગવાને એને આપ્યું, તેથી એને માલમ પડ્યું કે ભગવાનનો અપરાધ કરવાથી મારા ચાર પ્રકારના પુરુષાર્થો અને ભગવાને આપેલા ઐશ્વર્ય વિગેરે છ ગુણો તિરોધાન થઈ ગયા, માટે એ દશની સિદ્ધિને માટે દશ સંખ્યાના શ્લોકથી ભગવાનની સ્તુતિ કરે છે, તે બાબત 'પુરુષાર્થપ્રસિદ્ધ્યર્થમ્' થી કહી છે.

**યો.**– 'પુરુષાર્થપ્રસિદ્ધ્યર્થમ્', પુરુષાર્થોની અને ધર્મ વિગેરે ગુણોની પ્રકર્ષથી સિદ્ધિ થાય તેને માટે ઐશ્વર્ય વિગેરે છ ગુણોવાળા ભગવાનની સ્તુતિ કરે છે, તેથી પુરુષાર્થની સિદ્ધિ સૂચવનાર ચાર શ્લોકો અને છ ગુણની સિદ્ધિ સૂચવનાર છ શ્લોકો, એમ દશ શ્લોક થયા.

**સુ.**– ભગવાનના ગુણો નિર્દુષ્ટ છે, એમ કહેવાને પ્રથમ દંડ કરવાથી પ્રાપ્ત થતો ક્રોધ ભગવાનમાં નથી, તે ક્રોધનો હેતુ અને ક્રોધનું ફલ બંને ભગવાનને નથી એમ હેતુ અને ફલના બે શ્લોકથી કહે છે, તેમાં પ્રથમ ભગવાનમાં ક્રોધનો હેતુ નથી, તે 'વિશુદ્ધસત્ત્વમ્' શ્લોકથી કહે છેઃ

**વિશુદ્ધસત્ત્વં તવ ધામ શાન્તં તપોમયં ધ્વસ્તરજસ્તમસ્કમ્ ।।**
**માયામાયોયં ગુણસમ્પ્રવાહો ન વિદ્યતે તે ગ્રહણાનુબન્ધઃ ।।૪।।**

ઈન્દ્ર કહે છેઃ– તમારું ધામ (સ્થાન, પ્રકાશ) વિશુદ્ધ સત્ત્વરૂપ છે, શાંત છે, તપોમય છે, રજોગુણનો અને તમોગુણનો જેણે નાશ કરેલો છે એવું છે, આ ગુણનો સારી રીતે ચાલતો પ્રવાહ માયાથી પ્રચુર (ભરપૂર) છે, અને તમારું જ્ઞાન પ્રાપ્ત કરવાને યોગ્ય નથી. ૪.

**સુ.**– પરમાર્થથી (વાસ્તવિક રીતે) ભગવાન્ સર્વાત્મા છે, સર્વકર્તા છે, સર્વના પ્રેરક છે, માટે એમનામાં ક્રોધનો સંભવ જ નથી. ભગવાન્ આવિર્ભાવ પામીને

લીલા કરે છે, તેમાં પણ ક્રોધનો હેતુ નથી એમ કહે છે. ત્યાં ક્રોધમાં રજોગુણ અને તમોગુણ હેતુ છે, તે તમારામાં નથી, તેથી કહે છે કે તમારું ધામ વિશુદ્ધ સત્ત્વ છે. શુદ્ધ એટલે રજસ્‌નો અને તમસ્‌નો જેને સ્પર્શ નથી. વિશુદ્ધ-વિશેષ પ્રકારે શુદ્ધ હોવાથી સત્ત્વગુણનો પણ તેને સ્પર્શ નથી એવું તમારું સ્થાન છે. કહ્યું છે કે 'વસુદેવ જેને નામ આપવામાં આવ્યું છે એવું વિશુદ્ધ સત્ત્વ' તેમાં ભગવાન્ આવિર્ભાવ પામે છે, તેથી ભગવાન્ વાસુદેવ કહેવાય છે. વળી ધામનો અર્થ તેજ (પ્રકાશ) લઈએ, તો પણ ભગવાનનું તેજ સાત્ત્વિક જ છે, અથવા સત્ત્વ જ ભગવાનનું તેજ છે. વળી આ સત્ત્વ બીજા શુદ્ધ સત્ત્વથી મિશ્રિત પણ નથી. એક બીજું સત્ત્વ તો જીવમાં હોય છે, અને તેમાં ઓછા વધતાનો ભાવ હોય છે, અને આ ભગવાનના તેજરૂપ સત્ત્વ પરમકાષ્ઠાપન્ન જ છે, તે 'શાન્તમ્' પદથી કહે છે. પરમ શાંતિ એ સત્ત્વનો ઉત્કર્ષ છે. જ્ઞાન વિગેરે સત્ત્વના અવાંતર ભેદો છે, અને તે અલ્પ વિક્ષેપરૂપ છે. જો જ્ઞાન વિગેરેમાં અલ્પ વિક્ષેપ પણ ન હોય તો ઈન્દ્ર બોધ કેમ કરે ? અથવા ત્યાગ કેમ કરે ? અથવા ભજન પણ કેમ કરે ? તેથી શાંતિ જ પરમકાષ્ઠા છે. અજ્ઞાનમાં પણ શાંતિ પરમકાષ્ઠાને પામેલી હોય છે, કેમ કે વૃક્ષ વિગેરેમાં અને સુષુપ્તિ (નિદ્રા)માં આપણ ને પરમ શાંતિ જોવામાં આવે છે, એમ શંકા થાય તો તે દૂર કરવાને 'તપોમયમ્' પદ કહ્યું છે. તપ તો વિધાન કરેલા જ્ઞાનરૂપ છે, અને તેજોરૂપ છે, તેથી તેજવિનાનાને તે સંતાપ આપે છે, તો પછી ભગવાનનું તપ તો જ્ઞાનમય હોય જ, કેમ કે શ્રુતિમાં કહ્યું છે કે 'જેનું તપ જ્ઞાનમય છે.' તેથી મૂઢતામાં જે ઉપરતિરૂપ શાંતિ રહેલી છે, તે અહિં ગ્રહણ કરવાની નથી, તેથી જ શમ એટલે ઉપશમ એમ કહ્યું છે, તેમાં 'ઉપ'નો અર્થ 'સમીપ'માં હોવાથી આત્માની સમીપ જે શાંત રહે એવો સમજવો. માત્ર શાંતિમાં નિરોધથી અથવા અજ્ઞાન સમીપે રહે તે નહિ, તેથી 'તપોમયમ્' કહ્યું.

શંકા- ગીતામાં કહ્યું છે કે 'રજોગુણ અને તમોગુણનો પરાભવ કરીને, હે ભારત ! સત્ત્વગુણ રહે છે'. તેથી જેમ સત્ત્વ પ્રબલ થાય છે, તેમ જ 'રજોગુણ સત્ત્વ અને તમોગુણનો પરાભવ કરીને રહે છે'. વળી એમ પણ કહ્યું છે કે પૃથ્વીમાં, સ્વર્ગમાં અને દેવોમાં આ ગુણો સિવાયની કોઈ વસ્તુ નથી,' તેથી ઉપર વિશુદ્ધ અથવા કેવલ સત્ત્વ કહ્યું તેનો બાધ આવે છે, એનો ઉત્તર 'ધ્વસ્તરજસ્તમસ્કમ્' પદથી આપે છે. રજોગુણ અને તમોગુણ જેનાથી નાશ પામેલા છે એવું એ સત્ત્વ છે. લોકોના પણ રજોગુણ અને તમોગુણ જે નાશ કરે, તેનો પોતાનો નાશ કોણ કરી શકે ? તેવાનો નાશ કરનાર તો આધિદૈવિક ગુણ જ હોઈ શકે, તેનું વ્યવસ્થાથી સ્થાપન કર્યું. તે ગુણો અપ્રાકૃત છે, સત્, ચિત્ અને આનંદના ધર્મરૂપ છે, અને પ્રાકૃત ગુણોથી જુદા છે. જો

એમ ન હોત તો પ્રકૃતિના ગુણોથી મુક્ત (પ્રકૃતિના ગુણો જેનામાં નથી એવું) સત્ત્વ પૃથ્વી વિગેરેમાં નથી, એમ ગીતામાં ન કહે, પણ એમ કહેવાનું કારણ એ છે કે પૃથ્વી વિગેરેમાં એવું સત્ત્વ અપ્રસિદ્ધ છે. વળી આ ગુણો અપ્રાકૃત ન હોય તો ભગવાનના ગુણાવતારો અપ્રાકૃત ન કહેવાય. વળી જો સત્ત્વમાં પ્રાકૃત અને અપ્રાકૃત એવા ભેદ ન હોય તો ભેદનો અભાવ હોવાથી એક સત્ત્વને બીજા સત્ત્વનો સંબંધ કેવી રીતે થાય ? તે ત્રણ ગુણો બ્રહ્મા, વિષ્ણુ અને શિવમાં પ્રતિષ્ઠિત થઈને રહેલા છે. તેથી તે સત્, ચિત્ અને આનંદના ધર્મ હોવાથી જ્યારે બ્રહ્મા વિગેરેને બીજા ગુણની અપેક્ષા હોય છે, ત્યારે બીજાનું (વિષ્ણુ અને શિવનું) ભજન કરે છે. સત્‌ને વિષે સત્ત્વ રહેલું છે, ચિતને વિષે રજોગુણ રહેલો છે, અને જ્યારે તમસ્ હોય ત્યારે સર્વની વિસ્મૃતિ હોવાથી આનંદનો અનુભવ થાય છે, તેથી તમસ્ આનંદનો ધર્મ છે. ભગવાન્ તો કદાચિત્ વિષ્ણુના સત્ત્વને આધાર તરીકે ગ્રહણ કરે છે, જ્યારે તેમને આધાર તરીકે ગ્રહણ કરતા નથી ત્યારે કેવલ પ્રકટ થાય છે. ચાલતા પ્રસંગમાં તો ભગવાન્ કેવલ છે. (સત્ત્વને આધાર તરીકે ગ્રહણ કર્યું નથી). તો પણ ઈન્દ્રને ભ્રમથી એમ લાગે છે કે ભગવાને સત્ત્વનો આધાર લીધો છે. જો એમ નહિ માનીએ તો ‘પહેલા આ વસુદેવથી કોઈક સ્થલે ઉત્પન્ન થયા હતા’ એમ (ગર્ગાચાર્ય) ન કહેત. કેમ કે (તમારા કહેવા પ્રમાણે) વસુદેવમાં જ પ્રકટ થાય. તેથી હાલમાં જો કે ભગવાન્ કેવલ છે તો પણ ઈન્દ્ર ભ્રમથી કહે છે, કે ભગવાને સત્ત્વનો આશ્રય લીધો છે. ઈન્દ્રના પહેલાંના ભ્રમ કરતાં (ભગવાનને માત્ર મનુષ્ય માનવા કરતાં) આ ભ્રમ સારો છે, તેથી જ આ ભગવાનની સ્તુતિ કહેવાય. જો એમ ન હોત તો (ભગવાન્ કેવલ ન હોત તો) સર્વને (આખા ગોકુલને) વ્યાપિવૈકુંઠમાં લઈ જઈ શકત નહિ, કેમ કે સત્ત્વનો આધાર લઈને જ તેઓ પ્રકટ હતા. વિષ્ણુનું પણ તેવું સામર્થ્ય કોઈક વાર કહેવામાં આવે છે. ‘સગુણ વિશુદ્ધ સત્ત્વવાળું બ્રહ્મ વિષ્ણુરૂપ હોય તેમ પ્રકાશ્યું’ એ સ્થલે પણ વિષ્ણુનું ગ્રહણ થઈ શકે, અથવા તેના અવતારોનું ગ્રહણ થઈ શકે, અને ક્વચિત્ ભગવાનનું પણ ગ્રહણ થઈ શકે, નહિ તો ‘કૃષ્ણની માફક શોભ્યા’ એમ જ કહેત. તેથી ઈન્દ્ર ભગવાનને વિષ્ણુ તરીકે જાણતો હોવાથી પોતાના જ્ઞાનને અનુસાર કહે છે. જ્યારે ભગવાનનું સત્ત્વ સર્વ રજોગુણ અને તમોગુણનું નાશક છે, તો પછી તેમને (રજસ્ અને તમસ્‌ને) આધારે રહેલી માયા તો ત્યાં હોય જ ક્યાંથી ? તે બાબત ‘માયામયોયમ્’ એ પદથી કહે છે. આ સર્વ દેવ, પક્ષિ અને મનુષ્યરૂપના ગુણોનો સારી રીતે ચાલતો પ્રવાહ માયાથી પ્રચુર છે. કારણ કે માયા ગુણોનું કારણ છે, તેમાં પ્રમાણ ‘અયમ્’ પદથી કહે છે. ‘અયમ્’ એટલે આ દેખાય છે તે. જો આ પ્રવાહ માયામય ન હોય તો દેખાઈ શકાત

જ કેમ ? માટે આ સર્વ પ્રાકૃત છે, જે અપ્રાકૃત હોય તે તો દેખાય જ નહિ, માટે આ પ્રાકૃત પ્રપંચ (જગત્) તમારું જ્ઞાન પ્રાપ્ત કરી શકતું નથી, તેથી પ્રાકૃત દૃષ્ટિથી 'આણે અપકાર (ખોટું) કર્યો, આણે ઉપકાર કર્યો' એવું તમારામાં સંભવતું જ નથી.

**લે.**– જો એમ શંકા થાય કે શુદ્ધ સત્ત્વ તો અવતાર સમયે જ સ્થાન તરીકે ભગવાન્ ગ્રહણ કરે છે, તો પછી મૂલરૂપમાં ક્રોધનો અભાવ કેવી રીતે સિદ્ધ થઈ શકે ? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ તો પરમાર્થથી સર્વના આત્મા છે, સર્વના કર્તા છે, સર્વના પ્રેરક છે, તેથી એમનામાં ક્રોધનો સંભવ જ નથી. 'સત્ત્વેનાપ્યસંપૃક્તમ્' પછી 'તરતમભાવાપન્નેન' અધ્યાહાર સમજવું. ઓછા વધતા ભાવવાળા સત્ત્વથી તે શુદ્ધ સત્ત્વ ભેળાએલું નથી. 'તપોમયમ્' સામીપ્યમાં ભેદ હોય છે, તેથી આત્માને સામીપ્યપણું સંભવતું નથી, તેથી 'નિરોધેન' પદથી બીજો પક્ષ કહે છે, કે સર્વ ઈન્દ્રિયનો નિરોધ કરવાથી. આથી સુષુપ્તિ (નિદ્રા)નો નિષેધ પણ આવી ગયો. એટલે પરમાત્માની સમીપ એવો અર્થ થયો. પરમાત્મા તો 'જ્ઞાજ્ઞૌ દ્વાવજાવિતિ' એ વાક્યમાં કહ્યા પ્રમાણે 'જ્ઞ' (જ્ઞાની) જ છે, તેથી અજ્ઞાનની સમીપતાનો નિષેધ થયો. નિદ્રામાં તો પરમાત્માની અંદર લય થાય છે, સામીપ્ય રહેતું નથી. 'અતઃ' તેથી, મૂઢપણાથી થતી શાંતિ અગ્રાહ્ય છે. તેથી મૂઢશાંતિ રૂઢિથી અર્થ થાય છે. આ શાંતિ તો યૌગિક રીતે અર્થથી થાય છે. 'લોકાનામ્' વિગેરે, પ્રથમ કહેલાં વાક્યો પ્રાકૃત સત્ત્વને લાગુ પડે છે, કેમ કે 'સત્ત્વં ન ચેત્ ધાતર્ ઈવં નિજમ્' 'હે ધાતા ! જો તમારું આ સત્ત્વ' વિગેરેમાં ભગવાનનું સત્ત્વ અપ્રાકૃત છે, એમ સિદ્ધ કરેલું છે. 'આધિદૈવિક એવ' પછી 'ગુણ' અધ્યાહાર સમજવું. 'સતીતિ' વિગેરે, સત્ અને ચિત્, સત્ત્વ અને રજસમાં રહે છે, તેથી તે તેના ધર્મો છે. તમસ્ આનંદનો ધર્મ છે, એ બાબત સંશયવાળી હોવાથી તેનું વ્યુત્પાદન કરતાં કહે છે કે 'આનન્દઃ તમસિ', તમસ્ હોવાથી તેનાથી સર્વ વિસ્મૃત થવાથી આનંદનો અનુભવ થાય છે, કેમ કે આનંદનું સ્વરૂપ જ એવું છે કે તેમાં બીજું કાંઈ જાણવાપણું રહેતું જ નથી, તે કારણને લઈને તમસ્ આનંદનો ધર્મ છે. 'આનંદઃ તમસિ' પછી 'ઈતિ હેતોઃ તમઃ આનંદધર્મઃ' એટલું અધ્યાહાર સમજવું. 'ભગવાંસ્તુ' ગુણના અવતારવાળા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણમાં આવું સામર્થ્ય નથી, તે જણાવવાને 'તુ' પદ મૂકયું છે. 'આધારત્વેન' દેહ તરીકે. આવેશવાળા દેહ તરીકે, ભેદથી નહિ તે જણાવવાને 'એવ' પદ મૂક્યું છે. વિષ્ણુ સત્ત્વાત્મક હોવાથી ગુણરૂપ છે, સગુણ નથી, તેથી 'તદવતારાઃ' એમ કહ્યું. સત્ત્વદેહ ગ્રહણ કરેલા અવતારો મત્સ્ય વિગેરે અવતારો સમજવા. જ્યારે અંશથી ભગવાન્ અવતરે ત્યારે ભગવાન્ કૃષ્ણ પણ સત્ત્વદેહ ધારણ કરે. 'ભગવાન્ કૃષ્ણશ્ચ એતે વા ગૃહ્યન્તામ્' એમ અન્વય (સંબંધ) સમજવો. જો એમ શંકા થાય કે અહિં તો ભગવાન્ અંશથી અવતરેલા નથી, તો ઈન્દ્રે તમારું સ્થાન વિશુદ્ધ સત્ત્વ છે, એમ કેમ કહ્યું ? તો તેના ઉત્તરમાં કહે છે ઈન્દ્ર પોતાની બુદ્ધિને અનુસાર એમ કહે છે. 'તદાશ્રિત્ય સ્થિતા', રજસ્ અને તમસ્‌નો આશ્રય લઈને રહેલી. 'તત્ર પ્રમાણમ્' માયામયત્વમાં પ્રમાણ. 'અન્યથા'

માયાનું પ્રચુરપણું ન હોય અને કેવલ બ્રહ્મ હોય તો. અહિં માયા શબ્દથી પ્રકૃતિ સમજવી. 'તસ્માત્' વિગેરે, દશ્ય હોવાથી આ પ્રાકૃત બંધન કરવાના સ્વભાવવાળો પ્રપંચ તમારા જ્ઞાનને અનુબંધન કરે એવો નથી, તમારા જ્ઞાનને પોતાનો વિષય કરી શકતો નથી, માટે તમને પ્રાકૃતની માફક ક્રોધ વિગેરે સંભવતા નથી.

**યો.**- 'જ્ઞાનાદયઃ'થી શરુ કરીને 'ભજેત્' સુધી. શંકા- પરમ શાંતિને જ સત્ત્વનો ઉત્કર્ષ કહ્યો, તે યોગ્ય નથી, કેમ કે જ્ઞાન વિગેરેમાં જ સત્ત્વનો ઉત્કર્ષ ઉચિત છે. સમાધાન- જ્ઞાન વિગેરે અલ્પ વિક્ષેપરૂપ છે વિગેરે. 'જ્ઞાનાદયઃ' એ પદમાં જે 'આદિ' શબ્દ છે, તેનાથી 'મુક્ત સંગોનહંવાદી' વિગેરે ગીતામાં કહેલા સંગનો ત્યાગ, અનહંકાર, ધૈર્ય, ઉત્સાહ અને નિર્વિકારત્વ વિગેરે સમજવા. તે પણ સત્ત્વના અવાંતર ભેદ છે, સત્ત્વના ઉત્કર્ષરૂપ નથી, કિંતુ પરમ શાંતિ જ સત્ત્વના ઉત્કર્ષરૂપ છે, તેથી જેને શાંતિ નથી તેને જ્ઞાન, વિગેરે પણ વિક્ષેપરૂપ છે, તેથી ઈન્દ્ર સાત્ત્વિક હોવાથી સત્ત્વમાંથી થએલું તેનું જ્ઞાન ઈન્દ્રને શાંતિનો અભાવ હોવાથી, તેને ઉપયોગી થઈ પડતું નથી, કેમ કે ગીતામાં કહ્યું છે કે 'સત્ત્વાત્ સઞ્જાયતે જ્ઞાનમ્'-સત્ત્વમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. 'અન્યથા' વિગેરે, ઈન્દ્ર કોઈક સમયે ભગવાનના સ્વરૂપનો બોધ કરે છે, કોઈક સમયે ભગવાનનો ત્યાગ કરે છે, જો ત્યાગ ન કરતો હોત તો વૃષ્ટિ વિગેરે ઉપદ્રવ કરત નહિ. કોઈક સમયે વળી ભગવાનને ભજે છે, નહિ તો 'વિશુદ્ધસત્ત્વમ્' વિગેરેથી સ્તોત્ર ન કરત. આ સર્વને લીધે ઈન્દ્રે કરેલો ભગવાનનો બોધ, ભગવાનનો ત્યાગ, અને ભજન વિક્ષેપરૂપ જ છે, કારણ કે એ સર્વ અસ્થિર છે, તેથી શાંતિનો અભાવ હોવાથી જ્ઞાન વિગેરે વિક્ષેપરૂપ અને અસ્થિર જ સમજવા, તેથી જ ફરીથી આગળ પારિજાતના પ્રસંગમાં ઈન્દ્રને મોહ થશે એમ સમજવું. 'તપોમયમ્', ઈન્દ્રિયોનો નિરોધ કરવાથી માત્ર શાંતિ થાય, તે વડે જ આ પુરુષ શાંત છે, એવો શાસ્ત્રનો અભિપ્રાય નથી, કિંતુ 'શમ ઉપશમ' એમ ધાતુપાઠથી 'ઉપ'નો અર્થ સમીપ હોવાથી, આત્માની સમીપમાં જે સ્થિતિ થાય તેથી જ આ પુરુષ શાંત છે, એમ શાસ્ત્રનો વ્યવહાર છે. આત્માની સમીપ સ્થિતિ તો જ્ઞાનથી જ થાય છે, તેથી 'તપોમયમ્' વિશેષણથી અજ્ઞાનથી થતી શાંતિનું નિરાકરણ કર્યું. 'અજ્ઞાનસમીપે વા શમ ઉપશમ ઈતિ'. અહિં માત્ર સામીપ્ય ન લેવું, કિંતુ આત્મસામીપ્ય લેવું, તેથી શાંતિ શબ્દનો અર્થ અજ્ઞાનસામીપ્ય થશે નહિ. આત્મ-સામીપ્ય લેવામાં પ્રમાણ નથી એમ ન કહેવું, કેમ કે 'તપોમયમ્' વિશેષણ જ પ્રમાણરૂપ છે. 'યસ્ય જ્ઞાનમયમ્ તપઃ' 'જેનું તપ જ્ઞાનમય છે' એ શ્રુતિમાં તપને જ્ઞાનરૂપ કહ્યું છે, તેથી લોકમાં શાંતિ શબ્દથી જો કે માત્ર શાંતિ સમજવામાં આવે છે, તો પણ ચાલતા પ્રસંગમાં જ્ઞાનથી થતી શાંતિ જ સમજવી.

'યદા બ્રહ્માદિષુ ઈતરાપેક્ષા'-જ્યારે બ્રહ્માને સત્ત્વની અપેક્ષા હોય છે, ત્યારે વિષ્ણુને ભજે છે, તમોગુણની અપેક્ષા હોય છે ત્યારે શિવને ભજે છે, તે જ પ્રકારે વિષ્ણુને રજોગુણની અને તમોગુણની અપેક્ષા હોય ત્યારે તે બ્રહ્માને અને શિવને ભજે છે, અને

શિવને સત્ત્વગુણ અને રજોગુણની અપેક્ષા હોય ત્યારે તો તે વિષ્ણુને અને બ્રહ્માને ભજે છે, તેથી જ 'શિવનું હૃદય વિષ્ણુ છે, વિષ્ણુનું હૃદય શિવ છે' વિગેરે વાક્યો પુરાણોમાં જોવામાં આવે છે. આ જ ગુણાવતારરૂપ વિષ્ણુ અને શિવની પરસ્પર ભજનની વ્યવસ્થા છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તો ગુણોના અવતારરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણેના અવતારી છે, અને પરબ્રહ્મરૂપ છે, અને પરમકાષ્ઠાપન્ન છે. તે બાબત 'ભગવાંસ્તુ કદાચિત્' વિગેરેથી કહી છે. 'પ્રકૃતે તુ કેવલોપિ'–ચાલતા પ્રસંગમાં નિરાવરણ પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ હોઈને આધારરૂપ શુદ્ધ સત્ત્વથી પણ રહિત છે. જો એમ શંકા થાય કે અહિં પણ શુદ્ધ સત્ત્વનું સહિતપણું અંગીકાર કેમ કરતા નથી ? તો તેના સમાધાનમાં કહે છે કે જો એવો અંગીકાર કરીએ તો 'પહેલાં આ વસુદેવથી કોઈક સમયે ઉત્પન્ન થયા હતા' એમ ન કહેત. વસુદેવથી ક્વચિત્ ઉત્પન્ન થયા હતા, એમ કહેવાથી, ક્વચિત્ વસુદેવથી ઉત્પન્ન થતા નથી, એમ પણ સિદ્ધ થાય છે. જો સર્વદા શુદ્ધ સત્ત્વસહિત ઉત્પન્ન થતા હોય તો 'ક્વચિત્' પદ કહેત નહિ, કેમ કે વસુદેવ શબ્દનો અર્થ જ વિશુદ્ધ સત્ત્વ છે. જો એમ શંકા થાય કે અહિં વસુદેવ શબ્દ શુદ્ધ સત્ત્વના અર્થમાં નથી, પણ શૂરના પુત્ર વસુદેવના અર્થમાં છે, અને તેથી જ 'વસુદેવસ્ય ક્વચિત્' એમ કહ્યું છે તે યોગ્ય જ છે, તો તેના સમાધાનમાં કહે છે કે વસુદેવ આધિદૈવિક વિશુદ્ધ સત્ત્વાત્મક છે, અને તેથી વસુદેવમાં સર્વદા આવિર્ભાવ અંગીકાર કરવાથી 'ક્વચિત્' પદ નકામું થઈ જાય, તેથી અહિં વસુદેવનો અર્થ વિશુદ્ધ સત્ત્વ જ લેવો. આથી એમ સિદ્ધ થયું કે કોઈક વાર વિશુદ્ધ સત્ત્વમાં આવિર્ભાવ થાય છે, અને જ્યારે પૂર્ણાવતાર હોય છે ત્યારે વિશુદ્ધ સત્ત્વમાં આવિર્ભાવ થતો નથી. એમ ચાલતા પ્રસંગમાં પૂર્ણાવતાર હોવાથી સત્ત્વમાં આવિર્ભાવ નથી. એમ હોવા છતાં ઈન્દ્રે 'વિશુદ્ધસત્ત્વં તવ ધામ' એમ જે કહ્યું તે ઈન્દ્રનો ભ્રમ જ છે. 'ભગવાન્ વા ક્વચિત્'–જ્યારે કૃષ્ણાવતાર પૂર્ણાવતાર હોતો નથી, ત્યારે સત્ત્વનું વ્યવધાન હોવાથી, અથવા સત્તાનો આધાર હોવાથી કૃષ્ણ સગુણ સમજવા. 'અન્યથા કૃષ્ણવત્ બભૌ' વિગેરે, અહિં સગુણ વિશુદ્ધ સત્ત્વસહિત બ્રહ્મ જેવું વિષ્ણુરૂપ હોય તેવું શોભ્યું એવો અર્થ સમજવો. જો એમ વિષ્ણુ અર્થ ન કરીએ તો 'કૃષ્ણવત્ બભૌ' એમ કહેત. સગુણ પદ વાપરત નહિ. માટે જ શ્રીસુબોધિનીજીમાં કહ્યું કે (બ્રહ્મનો) વિષ્ણુ અર્થ સમજવો, અથવા વિષ્ણુના અવતારો સમજવા. 'પ્રાકૃતમેવ એતત્ સર્વમ્'–આ દેખાતું સર્વ પ્રકૃતિના સંબંધવાળું છે. પ્રકૃતિ તેનું સમવાયિકારણ નથી, (પ્રકૃતિનું બનેલું નથી) તેથી જ પ્રાકૃત ઈન્દ્રિયોથી તેનું દર્શન થાય છે. તે જ પ્રમાણે દેખાતું જગત્ પ્રકૃતિના સંબંધવાળું હોવાથી અને જોનારની ઈન્દ્રિયો પણ પ્રકૃતિના સંબંધવાળી હોવાથી દેખાય છે, એ રીતે યક્ષબલિન્યાય* (*.જેવો યક્ષ તેવો બલિ, છાણના દેવને કપાસીઆની આંખ, લાકડાના દેવને ખાસડાની પૂજા એવો ન્યાય તે યક્ષબલિન્યાય.) થયો. સાર એ કે આ દેખાતું જગત્ માયિક (મિથ્યા) છે, એમ કહેવાની ઈચ્છા નથી. જ્યારે લીલાપ્રપંચમાં પણ પ્રકૃતિનો સંબંધ નથી, ત્યારે તે લીલાપ્રપંચ ઈન્દ્રિયથી જોઈ અથવા

અનુભવી શકાય એવો પણ ન જ હોય, તે 'અપ્રાકૃતં તુ ન દશ્યતે'-પ્રાકૃત ચક્ષુથી તો અપ્રાકૃત દેખાતું જ નથી એ પદોથી કહ્યું. 'પ્રાકૃતમેવ એતત્ સર્વમ્' એમ જે શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે, તેમાંનો 'પ્રાકૃત' શબ્દ શૈષિક 'અણ્' પ્રત્યયથી સિદ્ધ થાય છે. જુદા જુદા અધિકારમાં અથવા પ્રકારમાં જુદા જુદા પ્રત્યય લાગીને પ્રકૃતિ ઉપરથી પ્રાકૃતિક, પ્રાકૃત વિગેરે સિદ્ધ થાય છે. તેમાં અહિં શેષ એટલે બાકી રહેલા અધિકાર અથવા પ્રકારથી 'અણ્' પ્રત્યય લાગીને પ્રાકૃત શબ્દ વિશેષણરૂપે સિદ્ધ થયો છે. જે ઉપનિષદ્થી સમજાય તે ઔપનિષદ પુરુષ કહેવાય, તેમ જ જે ચક્ષુથી ગ્રહણ થઈ શકે તે ચાક્ષુષરૂપ કહેવાય, તેમ જ જેનો પ્રકૃતિ સાથે સંબંધ હોય તે પ્રાકૃત કહેવાય એમ સમજવું.

**સુ.**- ભગવાન્ તો બીજાઓની વૈષમ્ય બુદ્ધિનો નાશ કરે છે, તેથી તેમનામાં તો એવી વૈષમ્ય બુદ્ધિ હોય જ નહિ, તો પછી વૈષમ્ય બુદ્ધિથી થતા કાર્ય (પરિણામ) ક્રોધ વિગેરે ભગવાનમાં ન હોય, તેમાં તો કહેવું જ શું ? તે 'કુતઃ' એ શ્લોકથી કહે છેઃ

**કુતો ન તદ્ધેતવ ઈશ મન્યુલોભાદયો યેબુધલિઙ્ગભાવાઃ ।।**
**તથાપિ દણ્ડં ભગવાન્ બિભર્તિ ધર્મસ્ય ગુપ્ત્યૈ ખલનિગ્રહાય ।।૫।।**

હે ઈશ ! માયાના અને ગ્રહણના હેતુઓ ક્રોધ, લોભ વિગેરે તમારામાં ક્યાંથી જ હોય ? તે તમારામાં છે, એમ સમજનારા અજ્ઞાનીઓ જ છે, તે છતાં તમે દંડ કરો છો, તે ધર્મની રક્ષાને માટે અને દુષ્ટનો નિગ્રહ કરવાને માટે કરો છો, કેમ કે તમે ભગવાન્ છો, તેથી આમ કરવાથી આમ થશે, એવું જ્ઞાન તમને જ છે. ૫.

**સુ.**- 'નુ'નો અર્થ વિતર્કમાં છે. ગ્રહણ છે હેતુ જેનો, માયા છે હેતુ જેની, એવા તે પરિણામો કેમ હોઈ શકે ? (ક્રોધ વિગેરે પરિણામો ભગવાનને હોઈ શકે જ નહિ). વળી હે ઈશ, જો તમને પણ તેવા હેતુઓ હોય, તો તેવા હેતુઓને પરવશ તમે થઈ જાઓ, તો તમારું ઈશત્વ પણ રહી શકે જ નહિ. જો કે બહુ દોષ દૂર કરવાના છે, તો પણ ચાલતા પ્રસંગમાં બે દોષ સ્પષ્ટ દેખાય છે, અપકાર કરનાર(ઈન્દ્ર) ઉપર કોપ, અને (યજ્ઞના) દ્રવ્યનો લોભ, તે 'મન્યુલોભાદયઃ' પદોથી શ્લોકમાં કહ્યું છે. અથવા ક્રોધ રાજસ છે, અને લોભ તામસ છે. જો એમ શંકા થાય કે આ બંને તો સ્પષ્ટ માલમ પડે છે, તો તે કેમ દૂર થઈ શકે ? તેનો ઉત્તર 'અબુધલિઙ્ગભાવાઃ' પદથી કહ્યો છે. અજ્ઞાન લિંગ અથવા ચિહ્ન છે જેનું એવા અજ્ઞાની પુરુષોને તે જણાવે છે (આમ સમજનારા અજ્ઞાની પુરુષો છે, એમ સમજાય છે.) સર્વજ્ઞ અને ધીર પુરુષોનું ચિહ્ન આવું હોઈ શકે જ નહિ, તેથી શ્રુતિનો વિરોધ આવવાથી એવા અજ્ઞાનીઓનું માનવું આપણે કબુલ કરવું નહિ. ભગવાનમાં ક્રોધ વિગેરે છે, એમ તો કોઈના અનુભવમાં નથી. જો માત્ર કાર્ય અથવા પરિણામથી (ઈન્દ્રયાગભંગ વિગેરેથી ) ક્રોધ વિગેરેની કલ્પના ભગવાનમાં કરવામાં આવે તો તે ખરી નથી, કેમ કે

તેવા યાગભંગ વિગેરે પરિણામો ક્રોધ વિના પણ થઈ શકે છે. પ્રાકૃત પુરુષોમાં જે કાર્યો ક્રોધ વિગેરેથી થતાં જોવામાં આવે છે, તે ભગવાનને વિષે ક્રોધ વિના તેની મેળે સ્વભાવથી જ થાય છે. માત્ર દોષથી જ તેવું કાર્ય થાય છે, ગુણથી નથી થતું એમ કહેવું શક્ય નથી, કેમ કે દુઃખથી પણ આંસુ આવે છે, આનંદથી પણ આંસુ આવે છે. (દુઃખરૂપી દોષ આંસુનું કારણ છે, તેમ આનંદરૂપી ગુણ પણ આંસુનું કારણ છે.) તેમ ચાલતા પ્રસંગમાં પણ ક્રોધથી પણ ઈન્દ્રનો નિગ્રહ થાય, અને અનુગ્રહ(દયા)થી પણ ઈન્દ્રનો નિગ્રહ થાય. આમ હોવાથી ભગવાનમાં ક્રોધ વિગેરે છે, એમ માનવામાં કાંઈ પ્રમાણ પણ નથી, અને યુક્તિ પણ નથી, તેથી ભગવાનમાં ક્રોધ વિગેરે છે જ નહિ. આમ હોવા છતાં પણ ભગવાન્ દંડ કરે છે, તેથી એમ સમજાય છે કે ધર્મની રક્ષાને માટે અને દુષ્ટનો નિગ્રહ કરવાને માટે ભગવાન્ એ પ્રકારે દંડ કરે છે. તેથી લૌકિકમાં અને ભગવાનમાં આ તફાવત સમજવો. લૌકિકમાં ધર્મરક્ષારૂપ ફલ હોતું નથી, અને ભગવાનમાં લૌકિક સાધનરૂપ ક્રોધ હોતો નથી. સાધન ભગવાન જ છે, અને તે પણ ભગવાનનું સ્વરૂપ જ સાધન છે, એવો સિદ્ધાંત છે. ફલ ભ્રમવાળું છે, નક્કી નથી, નહિ તો ફલના અભાવમાં પ્રવૃત્તિ જ ન થાય. જો ભગવાન્ આ પ્રકારે (યાગભંગ) ન કરે તો પાખંડ પ્રસરે અને ધર્મનો નાશ થાય. ધર્મ તો સર્વેના કલ્યાણરૂપ છે, વળી જો પોતાના પ્રભાવનો પ્રકાશ ભગવાન્ ગોવર્ધનના ઉદ્ધરણ વિગેરેથી ન કરે તો દુષ્ટનો નિગ્રહ ન થાય. અહિં બે દંડ કહ્યા છે, પૂર્વે ચાલતા ઈન્દ્રના યાગના સ્વામીપણાનો નાશ, અને ગોવર્ધનના ઉદ્ધરણથી માનભંગરૂપ અધિક શિક્ષા. યાગભંગ દંડ તરીકે કહેવાતો નથી, તેથી એ બેમાંથી એકને જ દંડ તરીકે ગણીને જ શ્લોકમાં 'દંડમ્' એકવચન કહ્યું છે. આમ કરવાથી જ આમ થાય એમ જ્ઞાન તમને જ છે, બીજાને નથી તે જણાવવાને શ્લોકમાં 'ભગવાન્' પદ મૂક્યું છે, તેથી તેના ફલના સાધકપણામાં બીજું પ્રમાણ શોધવાની અપેક્ષા રહેતી નથી.

**લે.**- 'ગ્રહણેતિ, માયેતિ'-ગ્રહણ છે હેતુ જેનો, માયા છે હેતુ જેનો, એમ સમાસ સમજવો. 'ફલાભાવઃ' દંડનું ફલ ધર્મ રક્ષા તેનો અભાવ. 'લૌકિકેતિ'-દંડ લૌકિક સાધન જે કોપ તેનો અભાવ. રાજાના દંડ વિગેરેથી પણ ધર્મની રક્ષા થાય છે, તેથી 'ફલં ભ્રમપ્રતિપન્નમ્' એમ કહ્યું. ફલ નક્કી નથી એવો ભાવ છે. 'અન્યથા' (નહિ તો) વિગેરે. જો ફલ ન થાય તો કદાપિ પ્રવૃત્તિ થાય નહિ. 'યદિ' વિગેરે, યાગભંગ ધર્મની રક્ષાને માટે અને ગોવર્ધનનું ઉદ્ધરણ દુષ્ટના નિગ્રહને માટે. 'એવમિતિ'-યાગભંગ કરવાથી. 'પૂર્વસ્થિતસ્ય' વિગેરે, યાગના સ્વામિપણાનો નાશ. 'અધિકતાડનમ્'-ગોવર્ધનનું ઉદ્ધરણ કરવાથી માનભંગરૂપી અધિક શિક્ષા. 'એકસ્તુ' (એકને જ) પૂર્વે કહેલા યાગ સ્વામિત્વનો નાશ.

**યો.**– 'અનુગ્રહાદપિ નિગ્રહઃ' અનુગ્રહથી પણ નિગ્રહ કરવામાં આવે છે, કેમ કે કહ્યું છે કે દેવનો ક્રોધ પણ વરદાન બરાબર છે. 'લૌકિકભગવતોઃ' લૌકિકમાં અને ભગવાન માં વિગેરે. 'એકત્ર' એટલે લૌકિકમાં ફલનો અભાવ છે. ક્રોધ થવા છતાં દંડરૂપ ફલ આપી શકાતું નથી, કારણ કે દંડ કરવાની ઈચ્છાવાળાનું પણ તેમ કરવાનું સામર્થ્ય પણ હોતું નથી. 'અપરત્ર' એટલે ભગવાનમાં લૌકિક દંડનું સાધન જે ક્રોધ તેનો અભાવ છે, કેમ કે ક્રોધ વિના પણ અનુગ્રહથી પણ ભગવાન્ દંડ આપે છે. જેને ભગવાન્ દંડ આપે છે, તેની સંપત્તિનો નાશ થાય છે, અથવા તેનું મરણ થાય છે, અને તે કંસ વિગેરેમાં જોવામાં આવે છે, તેથી ફલ ઉપરથી સાધનનું અનુમાન કરીએ તો ક્રોધ જ અનિષ્ટ ફલનું સાધન છે, એમ શંકા થાય તો તેનું સમાધાન 'ફલં ભ્રમપ્રતિપન્નમ્' પદોથી કરે છે, તેનો અર્થ એ છે કે સંપત્તિ વિગેરેનો નાશ અથવા મરણ દંડનું ફલ નથી, કિંતુ આગળ ભગવાન્ તેને મુક્તિનું દાન કરવાના છે, તે જ ફલ તરીકે સમજવું, તેથી મરણ વિગેરેને ફલ તરીકે ભ્રમથી ખોટી રીતે સમજવામાં આવે છે. જો એમ શંકા થાય કે મુક્તિ જ જો ફલરૂપે આપવાની હોય તો ભક્તોની માફક બીજાઓને પણ શા માટે આપતા નથી ? તેમને મારીને શા માટે આપે છે ? તો તેના સમાધાનમાં કહે છે કે 'અન્યથા પ્રવૃત્તિર્નસ્યાત્', જો નિષિદ્ધ કર્મ કરનારને પણ ભક્તોની માફક જ મુક્તિ આપે અને તેને મારે નહિ (અથવા બીજી શિક્ષા કરે નહિ), તો સન્માર્ગમાં પ્રવૃત્તિ જ બંધ પડી જાય, કેમ કે આર્ય (સજ્જનો) અને દુષ્ટજનોને સરખું જ ફલ મળે. 'યદિ ભગવાનેવં ન કુર્યાત્' વિગેરે, જો ભક્તોની માફક જ સુખથી જ મુક્તિ આપી દે, અને દુષ્ટજનોની સંપત્તિનો નાશ ન કરે, અથવા તેમને મારે નહિ, તો ભગવાન્ તો અનિષ્ટ ફલ આપતા જ નથી, એમ સમજી સર્વે નિષિદ્ધ કર્મો જ કરે, અને એમ થવાથી પાખંડની પ્રવૃત્તિ થાય, અને ધર્મનો નાશ થાય, અને તે ધર્મ તો સર્વના કલ્યાણરૂપ છે. અહિં 'સ ચ' એમાં 'સ'નો અર્થ 'ધર્મનાશ' શબ્દમાં રહેલો 'ધર્મ' સમજવો. 'પટોલપત્રં પિત્તઘ્નં નાડી તસ્ય કફાપહા' (પટોલનું પત્ર પિત્તનો નાશ કરે છે, અને પટોલની નાડી કફનો નાશ કરે છે), એ વાક્યમાં 'તસ્ય'નો અર્થ પટોલ પત્રમાંનો પટોલ શબ્દ છે તે જ પ્રમાણે અહિં પણ 'સ'નો અર્થ 'ધર્મનાશઃ' શબ્દમાંનો 'ધર્મ' સમજવો.

**સુ.**– એ પ્રકારે બે શ્લોકથી એમ નિરૂપણ કર્યું, કે જો કે ભગવાને ઈન્દ્રને દંડ કર્યો, પરંતુ તે પ્રયોજનને માટે જ કર્યો. હવે આ તો શિક્ષા જ કરી, દંડ કર્યો જ નથી, તે 'પિતા' એ શ્લોકથી કહે છેઃ

**પિતા ગુરુસ્ત્વં જગતામધીશો દુરત્યયઃ કાલ ઉપાત્તદણ્ડઃ ।।**
**હિતાય ચેચ્છાતનુભિઃ સમીહસે માનં વિધુન્વન્ જગદીશમાનિનામ્ ।।૬।।**

તમે પિતા છો, ગુરુ છો, જગતોના અધીશ્વર છો, દુઃખથી ઉલ્લંઘન કરી શકાય એવા કાલરૂપ છો, દંડ કરવાને પ્રવૃત્ત યમરૂપ છો, અને જગતના ઈશ્વર પોતાને

માનનારાઓના માનને દૂર કરીને તેમના કલ્યાણને માટે અને તેમના મોક્ષને માટે ઈચ્છાથી શરીરો ધારણ કરીને તેમને દંડ આપો છો. ૬.

**સુ.**– પિતાઓ પુત્રોને મારે છે, ગુરુઓ શિષ્યોને મારે છે, રાજાઓ પ્રજાને મારે છે, કાલ વિગેરે પુરુષોને મારે છે, પણ આ સર્વે જે મારે છે તે દંડ નથી કરતા, કિંતુ શિક્ષા જ કરે છે. તમે તો સર્વના સર્વરૂપ છો, તમે જન્મ આપનાર હોવાથી પિતા છો, વેદના કર્તા હોવાથી ગુરુ છો, સર્વે જગતના અધીશ્વર (સ્વામી) છો. બ્રહ્માદિ વિગેરેને પણ તમે અધિકાર આપો છો, તેથી તમે જ અધીશ્વર છો, દુઃખથી તરી શકાય એવો કાલ મૃત્યુ છે. કાલરૂપી મૃત્યુનું ઉલ્લંઘન તો કોઈનાથી પણ થઈ શકતું નથી. જે દંડ કરે છે તે યમ છે. પરલોકમાં પણ તે દુઃખ આપે છે, તે સર્વે તમારા જ અધિકારીઓ છે. કર્મ કરાવનાર તમે હોવાથી અથવા પ્રેરણા કરનાર તમે હોવાથી સર્વના અધિકારી તમે જ છો, તેથી ઈચ્છામાં આવે એવા શરીરો ધારણ કરીને, રાજા વિગેરેના શરીરો લઈને, લોકોના કલ્યાણને માટે જ તમે દંડ કરો છો, અને જગતના ઈશ્વર જેઓ પોતાને માને છે, તેમના માનને વિશેષ રીતે તમે દૂર કરી નાખો છો. ઈચ્છાતનુઓથી મત્સ્યાદિ અવતારો પણ સમજવા. ભગવાનનો પુરુષાવતાર પિતારૂપ છે. મત્સ્યાવતાર ગુણરૂપ છે. અધીશ્વર કૂર્મ અને વરાહ અવતાર છે, મૃત્યુ અને દંડ કરનાર નૃસિંહ અને વામન અવતાર છે, એમ બીજે સ્થલે પણ સમજવું. શ્લોકમાં 'ચ' મુક્યો છે, તે તેમના અને જગતના મોક્ષને માટે પણ (ભગવાન્ શિક્ષા કરે છે) એ અર્થમાં છે.

**સુ.**– ગયા શ્લોકમાં કહ્યું, કે ભગવાન્ હિત(કલ્યાણ)ને માટે જ દંડ કરે છે, તેમાં શા હિતને માટે દંડ કરે છે, તેમાં સંદેહ થાય તેને માટે ઈન્દ્ર પોતાના દષ્ટાંતથી 'યે મદ્વિધા' શ્લોકથી વિવરણ કરે છેઃ

**યે મદ્વિધાજ્ઞા જગદીશમાનિનસ્ત્વાં વીક્ષ્ય કાલે ભયમાશુ તન્મદમ્ ।।**
**હિત્વાર્યમાર્ગં પ્રભજન્ત્યપસ્મયા ઈહા ખલાનામપિ તેનુશાસનમ્ ।।૭।।**

જે મારા જેવા પોતાને જગતના ઈશ્વર માનનારાઓ, અજ્ઞાની અને મૂર્ખ છે, તેઓ અંતકાલે તમારા ભયાનક સ્વરૂપનું દર્શન કરીને, પોતાના ઈશ્વરપણાનો મદ તરત જ છોડી દે છે, અને ગર્વ વિનાના થઈને આર્યમાર્ગમાં પ્રવૃત્ત થઈ તમને પુષ્કલ ભજે છે, તેથી તમારી (ગોવર્ધનોદ્ધરણરૂપ) ચેષ્ટા પણ તે દુષ્ટોને શિક્ષા સમાન થાય છે. ૭.

**સુ.**– જેમ હું ઈન્દ્ર અજ્ઞાની અને મૂર્ખ છું, તેમ વરુણ વિગેરે પણ મૂર્ખ જ છે. જો મૂર્ખ ન હોત તો નંદરાયજીને કેમ લઈ જાત ? તેમના અજ્ઞાનનું સ્થાન (કારણ)

એ છે કે તેઓ પોતે જગતના ઈશ્વર અમે છીએ, એમ માને છે. જો કે ભગવાનની આજ્ઞા જ અમે પાળીએ છીએ. એવી બુદ્ધિના અભાવથી તેમનું સર્વ કૃત્ય મૂઢતાથી જ થાય છે, તે છતાં અમે જગતના ઈશ્વર છીએ, એવું અભિમાન તેમને છે, એ વાત સ્પષ્ટ છે, અને મોહને લઈને જ તેઓ એવા અભિમાની થાય છે. જ્યારે પોતાનો અંતકાલ આવે છે, ત્યારે તમે જે ભયરૂપ છો તેમનું દર્શન તેઓ કરે છે, અને તરત જ અમે ઈશ્વર છીએ એવો ઈશ્વરતાનો મદ છોડી દે છે, અને આર્યમાર્ગ એટલે ભગવાનનું નામસ્મરણ વિગેરે અને તુલસી, ગોપીચંદન ધારણ કરવું વિગેરે તેઓ કરવા માંડે છે. જેમ હું (ઈન્દ્ર) હાલમાં નમસ્કારમાં પ્રવૃત્ત થયો છું, એવી જ પ્રવૃત્તિ કેટલાકમાં થાય છે, પણ જ્યાં સુધી ભયાત્મક તમારા સ્વરૂપનું દર્શન કરતા નથી, ત્યાં સુધી તેઓ ઉપર કહેલા આર્યમાર્ગમાં પ્રવૃત્ત થતા નથી, તેથી ધર્મની રક્ષાને માટે તમે દંડ કરો છો, એમ સિદ્ધ થાય છે. શ્લોકમાં 'પ્રભજન્તિ' કહ્યું છે, તેમાં 'પ્ર' એટલે પ્રકર્ષથી (પુષ્કલ) ભજન કરે છે. તેનો અર્થ એ છે કે એટલું બધું ભજન કરે છે કે પૂર્વની અભિમાનની અવસ્થા પાછી પ્રાપ્ત થાય નહિ. ગર્વ વિનાના તેઓ થઈ જાય છે. આર્યમાર્ગમાં પ્રવૃત્તિનો બાધક ગર્વ જ છે, તેથી જો કે તમે તો ગોવર્ધનનું ઉદ્ધરણ માત્ર કૌતુકથી જ કર્યું, તો પણ દુષ્ટ લોકોને તે શિક્ષારૂપ થયું, માટે તમારી એ ચેષ્ટા પણ સફલ જ થઈ.

**સુ.**– આ પ્રકારે ભગવાને જે કર્યું તે શિક્ષાને માટે જ કર્યું, એમ નિરૂપણ કર્યું. હવે જ્ઞાનથી પણ કરેલું કર્મ ચિત્તમાં કદાચિત્ અપરાધ તરીકે જ લાગતું હશે, એવી શંકા થાય તેના નિષેધને માટે 'સ ત્વમ્' એ શ્લોકથી પ્રાર્થના કરે છેઃ

**સ ત્વં મમૈશ્વર્યમદપ્લુતસ્ય કૃતાંહસસ્તેવિદુષઃ પ્રભાવમ્ ।।**
**ક્ષન્તું પ્રભોથાર્હસિ મૂઢચેતસો મૈવં પુનર્ભૂન્મતિરીશ મેસતી ।।૮।।**

ઉપરના શ્લોકોમાં કહ્યા એવા તમે હે પ્રભુ ! હું જે ઐશ્વર્યના ગર્વથી ભરેલો છું, અને તમારા પ્રભાવને નહિ જાણવાથી જેણે અપરાધ કર્યો છે, અને જે મૂઢ ચિત્તવાળો છું, એવા મને ક્ષમા કરવાને યોગ્ય છો, કે જેથી કરીને હે ઈશ્વર ! ફરીથી મારી આવી દુષ્ટ બુદ્ધિ ન થાય. ૮.

**સુ.**– હું ઐશ્વર્યના મદથી જ ભરેલો હતો, અને તેથી મેં અપરાધ કર્યો હતો. બંને સ્થલે (ઐશ્વર્યમદ અને અપરાધમાં) કારણ એ હતું કે હું તમારા પ્રભાવને જાણતો ન હતો, તેથી તમારે ક્ષમા કરવી જોઈએ. ભિન્ન પ્રકારથી કહે છે, કે મારા અધર્મનો વિચાર ન કરતાં, આ તો કેવલ દીન છે, ભ્રાંત બુદ્ધિવાળો છે, એમ સમજી તમારે ક્ષમા કરવી જોઈએ, કારણ કે તમે પ્રભુ છો. જે પ્રભુ હોય તેના ચિત્તમાં ક્ષુદ્રે

(હલકાએ) કરેલા દોષો ભાસતા નથી. હું મૂઢ ચિત્તવાળો છું એમ કહ્યું, તેથી મૂઢપણું તો સિદ્ધ જ થયું. જો એમ શંકા થાય કે પ્રભુએ અજ્ઞાનનું નિવર્તન કર્યું અને શિક્ષા પણ કરી, હવે ક્ષમા કરવાની શું બાકી રહી ? તો તેના સમાધાનમાં કહે છે કે મારી આવી મતી ફરીથી ન થાઓ. જો ભગવાન્ ક્ષમા ન કરે અને મારા અપરાધનું સ્મરણ કરે, તો ભગવાન્ તો સત્યસંકલ્પ છે. તેથી નિત્યવિષયજ્ઞાનવાળા છે. માટે મારામાં રહેલો અપરાધ પણ ઉત્પન્ન થયા જ કરે, (ભગવાન્ જે વિષયનું સ્મરણ કરે તે વિષય તરત જ ઉત્પન્ન થાય, કારણ કે ભગવાનનો સંકલ્પ સત્ય છે, અને તેથી જો મારા અપરાધનું સ્મરણ કરે તો મારો અપરાધ પણ તરત જ ઉત્પન્ન થાય). જો ભગવાન્ મારા અપરાધનું સ્મરણ ન કરે તો તે ઉત્પન્ન થાય જ નહિ, કારણ કે ઉત્પન્ન થવાનું સાધન જે ભગવાનનું સ્મરણ છે તેનો અભાવ છે, અને પૂર્વના અપરાધનું સાધન તો નિવૃત્ત થઈ ગયું છે, તેથી આ બુદ્ધિ 'અસતી' (દુષ્ટ) હોવાથી તે બુદ્ધિના સંબંધીને પણ અસત્માં યોજે છે (જોડે છે), તેથી તેવી બુદ્ધિની નિવૃત્તિની પ્રાર્થના યોગ્ય જ છે.

**સુ.**– વળી આ કારણને માટે જ તમારો અવતાર છે, કે દુષ્ટોનું નિરાકરણ કરવું. કેટલાએક સ્વરૂપથી જ દુષ્ટ હોય છે, તેમના દોષનું નિરાકરણ થઈ શકતું નથી. વળી બીજા દોષના સંબંધથી દુષ્ટ થાય છે, (સ્વરૂપથી દુષ્ટ હોતાં નથી). અમે દુષ્ટ તો છીએ, પણ અમારા દોષ નિવારણ થઈ શકે છે, તેથી અમારા દોષોનું જ નિવારણ કરવું, અમારું પોતાનું નિરાકરણ (નાશ) કરવું નહિ, એ અભિપ્રાયથી 'તવાવતા-રોયમ્' શ્લોક કહે છેઃ

**તવાવતારોયમધોક્ષજેહ ભુવો ભરાણામુરુભારજન્મનામ્ ।।**
**ચમૂપતીનામભવાય દેવ ભવાય યુષ્મચ્ચરણાનુવર્તિનામ્ ।।૯।।**

હે અધોક્ષજ ! તમારો આ અવતાર અહિં જેઓ પોતે ભારરૂપ જન્મીને પૃથ્વીના પણ ભારરૂપ થાય છે, એવા સેનાપતીઓના વિનાશને માટે, અને હે દેવ ! તમારા ચરણકમલમાં રહેનારના મોક્ષને માટે–સંસારના અભાવને માટે, અને તેમને યોગ્ય સંસારને માટે છે. ૯.

**સુ.**– તમારો આ અવતાર ખાસ કરીને પૃથ્વીના ભારરૂપ સેનાપતિઓના વિનાશને માટે, અને તમારા ચરણકમલમાં રહેનારાઓના ભવ(સ્થિતિ અથવા કલ્યાણ)ને માટે છે. બીજા અવતારો તો એક જ કાર્ય કરે છે, કાંતો ભારનું નિરાકરણ (નાશ) કરે છે, અથવા તો સજ્જનોની રક્ષા કરે છે. એક જ પુરુષ જો પૂર્વે દુષ્ટ હોય અને પછી તમારા ચરણનો આશ્રિત થાય, તો તેનું બંને (નિગ્રહ તેમજ રક્ષા) તમારે

કરવું જોઈએ. હમણાં હું તમારે શરણે આવ્યો છું, તેથી મારો ઉદ્ભવ (રક્ષા-મોક્ષ) પણ કરવો જોઈએ, અને મારો નિગ્રહ તો તમે કરેલો જ છે. જો એમ ન કરો તો તમારો અવતાર બંને કાર્યને માટે છે તે સિદ્ધ ન થાય. તમારો અવતાર બંને કાર્યને માટે છે તેનો હેતુ એ છે કે તમે અધોક્ષજ છો. ઇન્દ્રિયજન્ય જ્ઞાન તમારાથી નીચું હોવાથી તમને પહોંચી શકતું નથી. તમે એવા હોવાથી તમારું પ્રાકટ્ય બંને કાર્ય સંપાદન કરવાને માટે છે. (અધોક્ષજરૂપનું કાર્ય તેમ જ પ્રકટરૂપનું કાર્ય એમ બંને કાર્ય કરવાને માટે છે). એક એક કાર્ય તો પહેલાં પણ તમે કરેલું છે, તેમાં પણ અહિં ગોકુલમાં તો તમારે બંને કાર્યો કરવાનાં છે. જેમનો જન્મ પૃથ્વીને પુષ્કલ ભાર કરવાને માટે જ છે, જેમના જન્મનાં કારણોમાં પૃથ્વીને દુઃખ દેવારૂપ કારણ અને પોતાના નાશને માટે કારણ છે. પોતે ભારરૂપ હોઈ અધિક ભાર ઉત્પન્ન કરે છે. હોડીમાં જેઓ બેઠા હોય છે, તેમાં આ બંને પ્રસિદ્ધ છે. (પોતે જાતે ભારરૂપ હોઈ પોતાના પાપના ભારથી હોડીમાં બેઠેલા સર્વેને ડુબાડે છે) તેથી પોતાનો પણ નાશ થાય છે, અને સર્વેનો પણ નાશ થાય છે. (તેથી જ એકને પાપે વહાણ ડૂબે એમ કહેવત છે). અથવા પુષ્કલ ભારનો જ જેમને વિષે જન્મ છે. આથી ત્રણ દોષોનું ઉપપાદન કર્યું. (૧) તેઓ ભારરૂપ છે, (૨) તેઓ ઉચ્છ્રૃંખલ છે, અને (૩) તેઓ ભારજનક છે. એવા દુષ્ટ હોઈ, વળી તેઓ સેનાઓના પતિઓ છે. તમારા પ્રાકટ્યમાત્રથી જ એવાઓનો નાશ થાય છે, તે જણાવવાને શ્લોકમાં 'અભવાય' પદ મૂક્યું છે, જેમ સૂર્ય ઉદય થાય કે તરત જ અંધકારનો નાશ થાય છે, તેમ તમારો જન્મ થાય કે તરત જ તેમનો નાશ થાય છે. શ્લોકમાં 'દેવ' એવું સંબોધન મુક્યું છે, તે હવે પછી તો દેવ તરીકે તમારી પૂજા જ કરવી જોઈએ, એ અર્થમાં છે. તમારા ચરણમાં રહેવું, એવું જેમનું શીલ છે, તમે તેમના મોક્ષને માટે અથવા તેમના સંસારના અભાવને માટે અથવા તેમને યોગ્ય સંસારને માટે તેવા (દેવ તરીકે) થાવ છો.

**લે.**- 'કાલભેદેન' વિગેરે, એક જ પુરુષ જો પૂર્વે દુષ્ટ હોય અને પછી તમારા ચરણનો અનુયાયી થાય તો.

**સુ.**- એ પ્રકારે પ્રાર્થના કરીને ક્ષમા કરાવવાને માટે 'નમઃ'એ શ્લોકથી નમસ્કાર કરે છે, અથવા તો પોતાનું ભગવદીયપણું થાય, તેને માટે નમસ્કાર કરે છેઃ

**નમસ્તુભ્યં ભગવતે પુરુષાય મહાત્મને ।।**
**વાસુદેવાય કૃષ્ણાય સાત્વતાં પતયે નમઃ ।।૧૦।।**

તમને, ભગવાનને, પુરુષને, મહાનને, વાસુદેવને, કૃષ્ણને નમસ્કાર હો, અને સાત્વતોના પતિને નમસ્કાર હો. ૧૦.

**સુ.**– ભક્તિમાર્ગને પ્રકટ કરતા સામાન્ય રીતે દશ પ્રકારની લીલાયુક્ત ભગવાનને 'નમો ભગવતે' એ પદોથી નમસ્કાર કરે છે. આવેશ વિગેરેથી ભગવત્ત્વ આવ્યું હોય એવી શંકા દૂર કરવાને 'તુભ્યમ્' તમને, એ પદ વાપરે છે. એનો અર્થ એ છે કે જે આ દેખાય છે તે જ ભગવાન્ છે. આ 'ભગવત્' પદથી જ સ્થાનથી નિરોધપર્યંતની પાંચમાથી દશમા સ્કંધની છ પ્રકારની લીલાનું નિરૂપણ કર્યું. 'પુરુષાય મહાત્મને' એ બે પદોથી કાર્યરૂપ અને કારણરૂપ પણ ભગવાન્ છે એમ કહ્યું. પ્રથમ પુરુષ, મહાન્ એટલે મહાત્તત્વ એ બે પદોથી અંદર અને બહાર સર્વ સિદ્ધ કરનાર ભગવાનનું નિરૂપણ કર્યું. 'વાસુદેવ' એટલે મોક્ષદાતા, 'કૃષ્ણ' પદથી ફલ કહ્યું, અને કૃષ્ણ સદાનંદરૂપ હોવાથી આશ્રય પણ કહ્યો. વળી માત્ર દશ પ્રકારની લીલા કરે છે, એટલું જ નહિ, પણ અવતાર ધરીને તો અધિક પણ કરે છે, તે 'સાત્વતોના પતિને નમસ્કાર' એ પદોથી કહે છે, સાત્વત્ એટલે યાદવોના આ સ્વામી છે. દશ પ્રકારની લીલાની માફક ભક્તિ પણ એક સ્વતંત્ર છે, તેથી 'નમઃ' પદ જુદું ફરીથી મૂક્યું છે.

લે.– 'અનેનૈવ' આ ભગવાન્ પદથી. 'પુરુષાય મહાત્મને' આ બે પદોથી, સર્ગ અને વિસર્ગયુક્ત ભગવાન્ કહ્યા. આ બાબત પૂર્વે નાગપત્નીઓની સ્તુતિમાં વિસ્તારથી કહી છે તેથી અહિં તેનું વિવરણ કર્યું નથી. બીજાનું ('મહાત્મને' એ પદનું) વ્યુત્પાદન કરે છે. મહત્તત્વરૂપ વડે ચતુર્મુખ બ્રહ્મા હોવાથી મહાન્ વિસર્ગરૂપ છે.

**યો.**– 'ભગવદીયત્વાય વા', પ્રથમ ક્ષમા કરાવવાને માટે નમસ્કાર કરે છે એમ કહ્યું. હવે બીજો પક્ષ કહે છે કે પોતાને સિદ્ધિ થાય તેને માટે નમસ્કાર કરે છે. નમસ્કારથી જ ભગવદીયત્વની સિદ્ધિ થાય છે. કેમકે નમન દૈન્યનું બોધક છે. 'અનેનૈવ' વિગેરે. 'ભગવતે' એ પદથી છ પ્રકારની લીલાનું નિરૂપણ કર્યું. તે છ પ્રકારની લીલા કઈ ? તે જાણવાની આંકાક્ષા થાય તો કહે છે કે સ્થાનથી શરુ કરીને નિરોધપર્યંતની છ પ્રકારની લીલા. 'કાર્યકારણરૂપાય', પુરુષ શબ્દથી કાર્યરૂપી પુરુષનું શરીર કહેવામાં આવે છે તે મહત્‌તત્ત્વ વિગેરેનું કાર્ય છે, તેથી મહત્‌તત્ત્વ વિગેરેના કાર્યરૂપને (નમસ્કાર). અર્થ એ થયો કે વિરાટ જેનું વિગ્રહ અથવા શરીર છે તેને નમસ્કાર. આથી સર્ગલીલા કહી, કારણ કે ટિપ્પણીમાં કહ્યું છે કે 'અશરીર'–શરીર વિનાના વિષ્ણુએ પુરુષ શરીરનો સ્વીકાર કર્યો એ સર્ગનું લક્ષણ છે. 'મહાત્મને' આ પદથી કારણરૂપ મહત્‌તત્ત્વ સમજાય છે, એવા રૂપને નમસ્કાર. આથી વિસર્ગલીલા કહી. મહત્‌તત્ત્વ ચતુર્મુખરૂપ છે. ચતુર્મુખ વિસર્ગરૂપ છે, પુરુષથી બ્રહ્મા વિગેરેની ઉત્પત્તિ તે વિસર્ગનું લક્ષણ સ્વીકારાએલું છે. 'પુરુષાય મહાત્મને' એ બે પદનો બીજો અર્થ કહે છે, કે અંદર અને બહાર જે સર્વ સિદ્ધ કરે છે તે. જે પુરને વિષે શયન કરે તે પુરુષ, એ વ્યુત્પત્તિથી પુરુષ અંદર રહે છે, અને અંદરથી સર્વ સિદ્ધ કરે છે. 'મહાત્મને' એ પદથી બહારનું સર્વ સિદ્ધ કરે છે એમ કહ્યું, કેમ કે આ મહાન્ આત્મા છે, તેથી વ્યાપક

હોવાને લીધે બહાર પણ તે છે. આ પ્રકારે બે પદોથી સર્ગ અને વિસર્ગ લીલા કહી, અને 'ભગવતે' પદથી છ લીલા કહી, એ પ્રકારે આઠ લીલા કહી, 'વાસુદેવ' પદથી મુક્તિલીલા કહેવાય છે, કેમ કે વાસુદેવ મોક્ષદાતા છે. 'કૃષ્ણાય' આ પદથી આશ્રયલીલા કહી, કેમ કે સદાનંદરૂપ હોવાથી કૃષ્ણ આશ્રયરૂપ છે. શ્લોકમાં 'નમઃ તુભ્યમ્' એમ પહેલાંથી કહેલું જ છે, તે છતાં ફરીથી 'નમઃ' પદ 'સાત્વતાં પતયે'ની સાથે કહ્યું છે, તેથી એમ સૂચવ્યું કે જેમ દશ પ્રકારની લીલાથી ભગવાન્ ઉદ્ધાર કરે છે, તેમ સ્વતંત્ર ભક્તિથી પણ ભગવાન્ ઉદ્ધાર કરે છે, એમ ભક્તિનું સ્વાતંત્ર્ય સૂચવ્યું. જો કે 'ભગવતે' પદથી નિરોધ સુધીની છ લીલા કહી, તેમાં 'ઈશાનુકથા' શબ્દથી ભક્તિ પણ આવી ગઈ, તો પણ બીજી સર્વ લીલાને તુલ્ય સ્વતંત્ર ભક્તિ નથી, તેથી ફરીથી ભક્તિની સ્વતંત્રતા કહી. પ્રથમસ્કંધના ત્રીજા અધ્યાયમાં સર્વ અવતારોમાં કૃષ્ણાવતાર કહીને ફરીથી કૃષ્ણ અંશી અને પૂર્ણ છે, તે સૂચવવાને 'કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્' એમ ફરીથી કૃષ્ણનો જેમ જુદો નિર્દેશ કર્યો છે, તેમ જ અહિં પણ દશ પ્રકારની લીલામાંની ભક્તિથી આ સ્વતંત્ર ભક્તિ જુદી છે, તે જણાવવાને સ્વતંત્ર ભક્તિનો જુદો નિર્દેશ કર્યો છે.

**સુ.**– એ પ્રકારે પરમાર્થથી નમન કરીને (ભગવાન્‌ના પરમરૂપને નમન કરીને) મોહકલીલા સહિત ભગવાનને પણ લૌકિકરસને માટે 'સ્વચ્છન્દ' એ શ્લોકથી નમસ્કાર કરે છે :

**સ્વચ્છન્દોપાત્તદેહાય વિશુદ્ધજ્ઞાનમૂર્ત્તયે ।।**
**સર્વસ્મૈ સર્વબીજાય સર્વભૂતાત્મને નમઃ ।।૧૧।।**

ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવાને જે દેહ ધારણ કરે છે તેને, વિશુદ્ધ ચિદ્રૂપ ભગવાનને, જે ભગવાન્ સર્વરૂપ છે તેને, જે સર્વના બીજરૂપ છે, અને તેથી સદ્રૂપ અને આનંદરૂપ છે તેને, અને સર્વ પ્રાણીમાત્રના આત્મા ચિદ્રૂપને, નમસ્કાર હો. ૧૧.

**સુ.**– ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવાને માટે ભગવાને દેહ ધારણ કરેલો છે. ભક્તો જેવી ભાવના કરે તેવું રૂપ ભગવાન્ નટની માફક જ ધારણ કરે છે. ભગવાનનું રૂપ તો વિશેષે કરીને શુદ્ધ ચિદ્રૂપ જ છે, તે 'વિશુદ્ધજ્ઞાનમૂર્ત્તયે' પદથી કહ્યું છે. જો એમ શંકા થાય કે વિશુદ્ધરૂપ ભક્તોની ઈચ્છા પ્રમાણેનાં રૂપ કેવી રીતે ધારણ કરે ? તો તેનો ઉત્તર 'સર્વસ્મૈ' પદથી આપે છે. જે ભગવાન્ સર્વરૂપ થયાં છે, તેને ભક્તની ઈચ્છા પ્રમાણેનાં રૂપ ધારણ કરવામાં શું પ્રયાસ પડે ? વળી ભગવાન્ સર્વના બીજરૂપ –કારણરૂપ છે, તેથી પણ અનંત પ્રકારનાં રૂપ ધારણ કરી શકે છે. આથી ભગવાનની સદ્રૂપતા અને આનંદરૂપતા પણ કહી. સર્વ હોવાથી ભગવાન્ સત્ છે, બીજ હોવાથી ભગવાન્ આનંદ છે. સર્વ પ્રાણીમાત્રના આત્મા અને ચિદ્રૂપને નમસ્કાર કરું છું.

આથી એમ સિદ્ધ થયું કે ઈન્દ્ર સચ્ચિદાનંદરૂપ ભગવાનને, ભક્તની ઈચ્છા પૂર્ણ કરનાર ભગવાનને, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાનને, અને ફલ અને સાધનરૂપ ભગવાન ને, નમસ્કાર કરે છે.

**ટિ.**– 'નટવદેવ રૂપમ્' નટની માફક રૂપ વિગેરે ગ્રંથ પહેલાં કહેલી ઈન્દ્રસ્તુતિના અભિપ્રાય પ્રમાણે સમજવો.

**યો.**– 'સદ્રૂપતા' વિગેરે. 'સર્વસ્મૈ' પદથી ભગવાનની સદ્રૂપતા કહી, કારણ કે સદ્રૂપથી અંશથી ભગવાન્ સર્વરૂપ છે. આનંદ સર્વનું બીજ હોવાથી 'સર્વબીજાય' પદથી ભગવાનની આનંદરૂપતા કહી. શ્રુતિમાં કહ્યું છે કે 'આનંદમાંથી જ ખરેખર આ સર્વ પ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે.' 'સર્વભૂતાત્મને' પદથી ભગવાનની ચિદ્રૂપતા કહી, આ સર્વનો સંગ્રહ 'સચ્ચિદાનંદરૂપાય' સચ્ચિદાનંદરૂપથી શરુ થતી કારિકામાં કર્યો છે.

**સુ.** – પોતાનો અપરાધ 'મયેદમ્' શ્લોકથી ઈન્દ્ર પ્રકટ કરે છેઃ

**મયેદં ભગવન્ ગોષ્ઠનાશાયાસારવાયુભિઃ ।।**
**ચેષ્ટિતં વિહિતે યજ્ઞે માનિના તીવ્રમન્યુના ।।૧૨।।**

હે ભગવન્ ! મારા યજ્ઞનો નાશ થવાથી (અથવા 'વિહિતે' એ પાઠ લઈએ તો અન્નકૂટ યજ્ઞ જો કે વિધાન કરેલો હતો તે છતાં) હું જે ગર્વિષ્ઠ થયો હતો તેને જલદી ક્રોધ ચઢવાથી મેં ગોકુલના નાશને માટે વર્ષા અને વાયુથી ચેષ્ટા કરી. ૧૨.

**સુ.**– કોણ જાણે છે કે ભગવાન્ મારા અપરાધનો વિચાર કરતા નથી ? જો વિચાર કરે તો કાલાંતરે (લાંબા કાલે) વિશેષ વિચાર કરવાથી મારા અપરાધની ભાવના કરે, (મારો અપરાધ થયો છે એમ ગણે), તેથી પોતે જ કહે છે કે ગોષ્ઠ (ગોકુલ)ના નાશને માટે વર્ષા, વાયુ વિગેરેથી મેં ચેષ્ટા કરી, તેનું કારણ એ કે મારા યજ્ઞનો (ગોકુલવાસીઓએ) નાશ કર્યો. ખરું જોતાં તો આ જ યજ્ઞમાં (અન્નકૂટ યજ્ઞમાં) મેં ભોજન કર્યું છે. પૂર્વે કદાપિ મેં ભોજન કર્યું નથી. ભગવાને ભોજન કર્યું તે હસ્તથી ભોજન કર્યું, તેથી આ યજ્ઞ વિહિત (વેદમાં વિધાન કરેલો) જ હતો, તે છતાં અભિમાનને લીધે મેં ઉલટું માન્યું, કેમ કે મને માન (ગર્વ) થયું હતું. જો એમ શંકા થાય કે અન્નકૂટયજ્ઞમાં ઈન્દ્રે પણ ભોજન કર્યું, તો ઈન્દ્રને તૃપ્તિ થઈ, તો પછી વૃષ્ટિ, વાયુ વિગેરે કરવામાં તે તૃપ્તિથી ઈન્દ્ર અટક્યો કેમ નહિ ? તેનો ઉત્તર કહે છે, કે તેને જલદીથી ક્રોધ ઉત્પન્ન થયો હતો, તેથી જો કે તૃપ્તિ થઈ તો પણ તે તૃપ્તિને એ ભૂલી ગયો. જો એમ ન હોય તો, શું ગોષ્ઠના નાશમાં કોઈની પણ પ્રવૃત્તિ થાય ખરી ? ગાયોના રક્ષક (સેવ્ય) હોવાથી ગોકુલવાસીઓ મારા (ઈન્દ્રના) પણ સેવ્ય છે. ભગવન્ સંબોધન ઈન્દ્રનું દાસત્વ સૂચવે છે, અથવા તો હવે ઈન્દ્રના સર્વદોષ જતા

રહ્યા, એમ સૂચવે છે.

યો.– 'ન પૂર્વં કદાપિ'–પૂર્વે કદાપિ મેં ભોજન કર્યું નથી વિગેરે. શ્રીનંદરાયજીએ માત્ર યુક્તિને લઈને જ ઈન્દ્રયાગ કર્યો હતો, તેથી તે વેદવિહિત હતો નહિ, માટે વ્રજરાજ નંદરાયજીએ કરેલા ઈન્દ્રયાગમાં ભગવાને ભોજન કર્યું ન હતું, તેથી ઈન્દ્ર જે ભગવાનના હસ્તરૂપ છે, તેણે પણ ભોજન કર્યું નહિ જ હતું. આ અન્નકૂટ ઉત્સવ સમયે જ એ ઉત્સવ ભગવાને બતાવેલો હોવાથી તે વેદમાં વિધાન કરેલો જ થયો, તેથી ભગવાને ભોજન કર્યું, અને ભોજન તો હસ્તનું કાર્ય છે, તેથી હસ્તરૂપ મેં ઈન્દ્રે પણ હમણાં જ ભોજન કર્યું, તેથી એમ સિદ્ધ થયું કે આ અન્નકૂટયજ્ઞમાં જ મેં ભોજન કર્યું. 'અતો યજ્ઞે અવિહિતે એવ' વિગેરે. જો કે ભગવાને ઈન્દ્રયાગનો ભંગ કર્યો, તો પણ તે અવૈદિક હોવાથી તે યજ્ઞ જ કહેવાય નહિ, તેથી તેનો વિઘાત (નાશ) કરવાથી (વિધાન કરેલા) યજ્ઞનો નાશ થયો કહેવાય નહિ. જો એમ છે તો શ્લોકમાં 'ચેષ્ટિતં વિહિતે યજ્ઞે' એમ શા માટે કહ્યું ? તો તેનો ઉત્તર કહે છે કે મેં અભિમાનથી એમ માન્યું કે મારા યજ્ઞનો ભંગ થયો. જો કે પોતાનો યાગ માત્ર યુક્તિથી કલ્પિત હતો, વેદમાં વિધાન કરેલો ન હતો, તે છતાં પોતાના યાગમાં યાગના અભિમાનની દૃષ્ટિથી તે યાગનો ભંગ થયો ત્યારે ઈન્દ્રે ઉલટું જ માન્યું કે મારા યાગનો ભંગ થયો એવો ભાવ છે.

નોંધ– યોજનાકારે શ્લોકમાં 'વિહિતે' ને બદલે 'વિહિત' પાઠ લીધો લાગે છે.

**સુ.**– તો પણ સ્વામીએ (ભગવાને) અનુગ્રહ જ કર્યો, તે 'ત્વયા' એ શ્લોકથી કહે છેઃ

**ત્વયેશાનુગૃહીતોસ્મિ ધ્વસ્તસ્તમ્ભો હતોદ્યમઃ ।।**
**ઈશ્વરં ગુરુમાત્માનં ત્વામહં શરણં ગતઃ ।।૧૩।।**

તમે ઈશ્વર હોવાથી મારા ઉપર અનુગ્રહ જ કર્યો છે, કેમ કે જેનો ઉદ્યમ હણાઈ ગયો છે એવો જે હું, તેના ગર્વનો નાશ થયો છે, તેથી હું તમને ઈશ્વર, ગુરુ અને આત્માને શરણે આવું છું. ૧૩.

**સુ.**– ઈશ્વર હોવાથી ભગવાન્ અનુગ્રહ કરે છે, સેવક ક્રોધ કરે તેથી સેવ્ય (સ્વામી) કાંઈ ક્રોધ કરતો નથી. જો સ્વામી પણ ક્રોધ કરે તો સેવકોનો નાશ જ થાય; તેથી તમે મારા ઉપર ઉપકાર કર્યો છે. ગોવર્દ્ધનનું ધારણ કરવાથી મારું માન (ગર્વ) જ દૂર કર્યું, કાંઈ મારો નાશ કર્યો નથી, તે માનનો નાશ 'ધ્વસ્તસ્તંભઃ' પદથી કહે છે. જેના ગર્વ, અનમ્રતાનો તમે નાશ કર્યો છે, તેનું કારણ કે મારો ઉદ્યમ (વર્ષા વિગેરેથી ગોકુલનો નાશ) હણાઈ ગયો છે. તો પણ તેમાં મને કાંઈ લજ્જા નથી. કારણ કે તમે ઈશ્વર હોવાથી લોકમાં પણ મને કાંઈ ખોટું લાગે નહિ. તમે ગુરુ હોવાથી વેદરીતિએ પણ મને ખોટું લાગવાનું કારણ નથી, અને તમે આત્મા હોવાથી અનુભવથી પણ

મને ખોટું લાગતું નથી. આ રીતે તમે મને શિક્ષા કરવાથી મને કાંઈ પણ અપમાન થતું નથી, તેમ હું તમારે શરણે આવું છું, તમને જેમ યોગ્ય લાગે તેમ કરો એવો ભાવ છે.

**સુ.**– પછી ભગવાને પ્રસન્ન થઈને તેની મનની પીડા દૂર કરી તે 'એવમ્' વિગેરે ચાર શ્લોકથી કહે છેઃ

**કારિકાર્થઃ**– 'એવમ્' એ શ્લોકથી અનુગ્રહનો ઉપક્રમ કરે છે. 'મયા તે' એ શ્લોકથી ભગવાને ઈન્દ્રયાગનો ભંગ કર્યો તેનું નિરૂપણ કરે છે. 'મામૈશ્વર્ય' એ શ્લોકથી ઈન્દ્રયાગના ભંગ કરવાનો હેતુ કહે છે. 'ગમ્યતામ્ શક્ર' એ શ્લોકથી અનુગ્રહ અથવા કૃપા કહે છે. એમ ચાર શ્લોક પોતાના દાસને માટે ભગવાને પોતે કહ્યા. કા.૧.

।। શ્રીશુક ઉવાચ ।।

**એવં સઙ્કીર્તિતઃ કૃષ્ણો મઘોના ભગવાનમુમ્ ।।**
**મેઘગમ્ભીરયા વાચા પ્રહસન્નિદમબ્રવીત્ ।।૧૪।।**

શ્રીશુકદેવજી કહે છેઃ– આ પ્રકારે ઈન્દ્રે સ્તુતિ કરાએલા કૃષ્ણ ભગવાને તે ઈન્દ્રને મેઘ જેવી ગંભીર વાણીથી હસતા હસતા મોહ કરીને આમ નીચે પ્રમાણે કહ્યું. ૧૪.

**સુ.**– આમ પૂર્વે કહેલા પ્રકારથી કૃષ્ણ જે ફલાત્મા છે, અને જેનું કીર્તન ઈન્દ્રે સારી રીતે કર્યું છે, તેનાથી સર્વ પ્રકારે પૂર્ણ ભગવાને મેઘના જેવી ગંભીર વાણીથી તેનો તાપ દૂર કરતા હસીને મોહ કરતા આ નીચે પ્રમાણેનાં વચનો કહ્યાં. ભગવાને હસીને મોહ કરવાથી જ ઈન્દ્રને આગળ પણ મોહ થશે.

**લે.**– 'ઉપક્રમ' પછી 'શુકેન ઉક્તઃ' અધ્યાહાર સમજવું. એની પછીના ત્રણ શ્લોકો ભગવાન્ બોલ્યા એમ સંબંધ છે.

**યો.**– 'એવં સઙ્કીર્તિતઃ' વિગેરે ચાર શ્લોકોના અર્થ કારિકામાં કહે છે. 'એવં સઙ્કીર્તિતઃ' એ શ્લોકથી કૃપાની શરૂઆત કરે છે. 'મયા તે' શ્લોકથી ભગવાને ઈન્દ્રયાગનો ભંગ વિગેરે કર્યો તેનું નિરૂપણ કરે છે. 'મામૈશ્વર્ય' એ શ્લોકથી ઈન્દ્રયાગભંગનું કારણ કહે છે. 'ગમ્યતામ્' એ શ્લોકથી ઈન્દ્ર ઉપર કૃપા કરી તે કહે છે એમ સમજવું.

**સુ.**– ભગવાને પોતે જે કર્યું હતું તે 'મયા' એ શ્લોકથી કહે છે :

।। શ્રીભગવાનુવાચ ।।

**મયા તેકારિ મઘવન્ મખભઙ્ગોનુગૃહ્ણતા ।।**
**મદનુસ્મૃતયે નિત્યં મત્તસ્યેન્દ્રશ્રિયા ભૃશમ્ ।।૧૫।।**

શ્રીભગવાન્ કહે છેઃ– હે ઈન્દ્ર! ઈન્દ્રપણાના વૈભવથી નિત્ય પુષ્કલ મદોન્મત્ત થએલા તને મારું અનુસ્મરણ થાય તે માટે તારા પર કૃપા કરીને મેં તારા

યજ્ઞનો ભંગ કર્યો છે. ૧૫.

**સુ.**– કાકતાલીય ન્યાયથી (કાગનું બેસવું અને તાડનું પડવું એમ અકસ્માત્ થી) આ થયું નથી, એમ જણાવવાને ભગવાન્ પોતાનું કરેલું જણાવતા કહે છે કે, હે ઈન્દ્ર ! તારા પર કૃપા કરીને જ મેં તારા યજ્ઞનો ભંગ કર્યો છે. એમ કરવામાં કૃપા જ કરી છે, કેમ કે મારું તને અનુસ્મરણ થયા કરે, મારું ફરી ફરીને સ્મરણ થાય, તે જ મારી કૃપા. જો મેં યજ્ઞનો ભંગ ન કર્યો હોત, તો તને અનુસ્મૃતિ થાત નહિ, તેનું કારણ એ છે કે તું નિત્ય ઈન્દ્રના વૈભવથી મત્ત હતો.

**સુ.**– તારે આ બાબતમાં પ્રાર્થના કરવાની જરુર નથી, કારણ કે આ મારો સ્વાભાવિક ધર્મ છે, તે 'મામૈશ્વર્ય' એ શ્લોકથી કહે છેઃ

**મામૈશ્વર્યશ્રીમદાન્ધો દણ્ડપાણિં ન પશ્યતિ ।।**
**તં ભ્રંશયામિ સમ્પદ્ભ્યો યસ્ય ચેચ્છામ્યનુગ્રહમ્ ।।૧૬।।**

ઐશ્વર્યથી અને મદથી જે અંધ થયો છે, તે મને હસ્તમાં દંડ ધારણ કરી શિક્ષા કરનારને જોઈ શકતો નથી, અને જેના ઉપર હું અનુગ્રહ કરવાની ઈચ્છા કરું છું, તેના વૈભવનો હું પહેલાં નાશ કરું છું. ૧૬.

**સુ.**– ઐશ્વર્ય અને વૈભવ એ બેમાંથી એક નહિ હોય તો મદ પુષ્ટ થતો નથી, કારણ કે બંનેને એકબીજાની અપેક્ષા છે. એક આંખથી વિકલ (કાણો) હોય તે કાંઈ આંધળો કહેવાતો નથી, માટે ઐશ્વર્ય અને વૈભવ એ બે વડે મદ થાય તેથી જ અંધ થાય છે, એમ અંધ થવાથી હું જે હાથમાં દંડ ધરીને ઘાત કરું છું, તેને પણ તે અંધ જોતો નથી. તેથી તેની લક્ષ્મી (વૈભવ)નો ભ્રંશ (નાશ) કરું છું. શિક્ષા કરવાને માટે તેને અવશ્ય મારવો જ જોઈએ અને મારવાથી તેને શિક્ષા ત્યારે જ લાગે કે જ્યારે તે સમજે. તેથી તેવી સમજ તેને પડે તે માટે તેની લક્ષ્મીનો નાશ કરું છું, જો એમ ન કરું તો મારી કૃપા ન થાય, આ સાધારણ વ્યવસ્થા છે. વિશેષ પણ કહે છે કે જેના પર અનુગ્રહ કરવાની હું ઈચ્છા કરું છું કે આના પર મારો અનુગ્રહ થાઓ. વિષયોને લીધે બુદ્ધિનો નાશ થાય છે, જેમ પુષ્કલ પવનમાં દીવો સ્થિર રહેતો નથી તેમ વિષયોને લીધે મારી કૃપા પણ સ્થિર રહી શકતી નથી. જો થોડાથી જ કાર્ય સરતું હોય તો મહાન્ અનુગ્રહ કરવાની જરુર રહેતી નથી, તેથી થોડું કરવાથી જ કાર્ય સરે તે માટે તેની લક્ષ્મીનો નાશ કરું છું. અનુગ્રહ તો ત્યાર પછી થાય છે, તેથી પૂર્વે ઈચ્છા જ કહી. અહિં ઈચ્છા અને અનુગ્રહનો ક્રમ 'યસ્યાનુગ્રહમિચ્છામિ' એ શ્લોકમાં આગળ કહેવામાં આવશે, માટે શિક્ષાને માટે અને કૃપાને માટે ઐશ્વર્યનો નાશ કરવામાં આવે છે, તેથી અહિં ઈન્દ્રયજ્ઞરૂપ ઐશ્વર્યનું નિરાકરણ (નાશ) કરવાથી માત્ર એક જ

બાબત કહી.

**સુ.**– માત્ર ઈન્દ્રના યજ્ઞનો જ નાશ કરવાથી 'ત્રૈલોક્ય' (ત્રણ લોકના અધિપતિપણું) બાકી રહ્યું તેને માટે તું જા એમ 'ગમ્યતામ્' એ શ્લોકથી કહે છે :

**ગમ્યતાં શક્ર ભદ્રં વઃ ક્રિયતાં મેનુશાસનમ્ ।।**
**સ્થીયતાં સ્વાધિકારેષુ યુક્તૈર્વઃ સ્તમ્ભવર્જિતૈઃ ।।૧૭।।**

હે ઈન્દ્ર ! તું જા, તારું કલ્યાણ થાઓ, મારી આજ્ઞા પાળ, તમે સર્વ મદ વિનાના થઈને પોતપોતાના અધિકારમાં મારી આજ્ઞામાં જોડાઈને રહો. ૧૭.

**સુ.**– અહિં હું તને શિક્ષા કરું છું, એટલું જ માત્ર જણાવવાનું છે, તે તો થોડાથી પણ થઈ શકે છે, તેથી તેના સર્વ ઐશ્વર્યનો ભંગ કર્યો નથી તે કહે છે, કે હે ઈન્દ્ર ! તારું કલ્યાણ થાઓ. ઈન્દ્રત્વ તેમ જ આગળ સ્વાસ્થ્યનું પણ ભગવાન્ દાન કરે છે. જો એમ ન કરે તો ગોપોની ભક્તિ તેના ઈન્દ્રપણાના અધિકારનો નાશ કરે, કારણ કે એ ઈન્દ્રે ભક્તોનો અપકાર (માઠું) કર્યો હતો, પણ ભગવાને કહ્યું કે તારું કલ્યાણ થાઓ, તેથી તેના ઈન્દ્રત્વનો નાશ થયો નથી. આગળ જતાં ઈન્દ્રને મોહ ન થાય તેને માટે કહે છે કે મારી આજ્ઞા પાળ. જો મારી આજ્ઞા પાળશે તો મોહ થશે નહિ. ઈન્દ્ર પ્રધાન (મુખ્ય) હોવાથી ઈન્દ્ર દ્વારા સર્વ અધિકારીઓને આજ્ઞા કરે છે, કે તમે પોતપોતાના અધિકારમાં રહો. જ્યાં જેનો અધિકાર હોય તેટલાના જ સંબંધમાં તમારે રહેવું, અને તેમાં પણ મારી આજ્ઞામાં જોડાઈને રહેવું, પરંતુ તેમાં પણ તમારે ગર્વ કરવો નહિ. નમ્રતા વિના–અનમ્રતાથી આજ્ઞા પાલવી નહિ. માત્ર ભગવાનની આજ્ઞા પ્રમાણે કરવાથી ભગવાનને સંતોષ થતો નથી, નમ્રતા સહિત આજ્ઞા પાળવાથી ભગવાનને સંતોષ થાય છે. આ પ્રકારે ભગવાને ઈન્દ્રને જવાની આજ્ઞા કરવા છતાં ભગવાનની પૂજા કરવાને માટે તેણે જવામાં વિલંબ કર્યો.

**લે.**– 'ભક્તિર્વા' વિગેરે, ભક્તોમાં રહેલી ભક્તિ તેનો–અપકાર કરનારના મદનો નાશ કરે છે.

**યો.**– 'ભક્તિર્વા તન્નાશયેત્', ગોપોની ભગવદ્‌ભક્તિ ભક્તોના અપકાર કરનાર ઈન્દ્રના ઐશ્વર્ય વિગેરેનો નાશ કરે.

**સુ.**– એ પ્રકારે ભગવાને ઈન્દ્રના ઉપર કૃપા કરી તે વાત કહીને કામધેનુના ઉપર કૃપા કરવાને માટે તેણે પ્રભુને અભિષેક કર્યો, તેની સ્તુતિ 'અથ' થી કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**અથાહ સુરભિઃ કૃષ્ણમભિનન્દ્ય મનસ્વિની ।।**
**સ્વસન્તાનૈરુપામન્ત્ર્ય ગોપરૂપિણમીશ્વરમ્ ।।૧૮।।**

શ્રીશુકદેવજી કહે છેઃ- હવે મોટા માનવાળી કામધેનુએ કૃષ્ણનું અભિનંદન કરીને પોતાના સંતાનોની સાથે નિકટમાં વિચાર કરીને ગોપરૂપી ઈશ્વરને નીચે પ્રમાણે કહ્યું. ૧૮.

**સુ.**- આ અભિષેક ઈન્દ્ર વિગેરેના અભિષેકની માફક સ્વતંત્ર રીતે કરી શકાય તેવો નથી, કેમ કે ભગવાનનો અહિં (ગોપ તરીકે) હીન ભાવ છે, પણ ભગવાનની પ્રાર્થના કરીને (તેમની સંમતિથી) કરી શકાય છે, કેમ કે અહિં હીન ભાવ થી જ ભગવાન્ લીલા કરે છે, તેથી પ્રાર્થના કરવાને માટે શરુઆતમાં ભગવાનની સ્તુતિ કરી તે 'અથ'થી કહે છે. ઈન્દ્રનાં વાક્યો થઈ રહ્યા પછી કામધેનુએ કૃષ્ણનું અભિનંદન કર્યું. 'તમે ગોરક્ષા કરી તે બહુ સારું કર્યું. ઈન્દ્રના ઉપર કૃપા કરી, તે પણ બહુ સારું કર્યું, કેમ કે એ પણ અમારા પુત્ર જેવો જ છે.' કામધેનુ પોતે પણ બહુ માનવાળી સંમાનને પાત્ર છે, તેથી જો ભગવાન્ માને નહિ, અને મારો કરેલો અભિષેક અંગીકાર કરે નહિ તો હું જીવીશ નહિ, એવા આગ્રહવાળી છે, અને સર્વેની પાસે (ભગવાન્ અભિષેક અંગીકાર કરે એવો) આગ્રહ કરાવવો જોઈએ, એવા હેતુથી પોતાનાં સંતાન ગાયોની સાથે નિકટમાં મસલત કરીને બોલી કે જે ઈન્દ્ર અમારા ઉપર અપકાર કરે છે, તે અમારો ઈન્દ્ર ન થાઓ. અમે કાંઈ તમારા જેવાં અભિમાન વિનાનાં નથી. અમે તો બહુ માનવાળાં છીએ. જો ભગવાન્ કહે કે તું આવી ધૃષ્ટતા કરવાની ઈચ્છા કેમ કરે છે ? હું તો સર્વનો ઈશ્વર છું, તો માત્ર ઈન્દ્રપણું કેમ કબુલ કરું ? તો તેનો ઉત્તર 'ગોપરૂપિણમ્' પદથી આપે છે, તમે અમારું પાલન કરો છો, લોકમાં જેમ પાલકો પાલ્ય (ગાયો વિગેરે)ને અનુસરે છે તેમ જ લીલામાં પણ પાલક પાલ્યને અનુસરે છે. જ્યારે પોતે જ આ પ્રકારે ગૌણ પાલકત્વ ધારણ કરે છે ત્યારે અમારા કહેલા ઐશ્વર્યનો (ઈન્દ્રરૂપે અભિષેકનો) સ્વીકાર કેમ નહિ કરે ?

**લે.**- પાલકો પાલ્ય કરતાં ગૌણ થઈ જાય છે, તેનું દૃષ્ટાંત 'લોકવત્' એટલે લોકમાં પદથી આપે છે. જેમ લોકમાં પાલકો પાલ્યની પાછળ જાય છે તેમ લીલામાં પણ જાય છે. 'એતાવત્'-આ પ્રકારે વિગેરે, પાલકપણું ગૌણ થએલું. 'ઐશ્વર્યમ્' સ્વામીપણું.

**યો.**- 'મનસ્વિની' પદનું તાત્પર્ય એ છે કે કામધેનુને એવો આગ્રહ છે કે મારો કરેલો અભિષેક જો ભગવાન્ અંગીકાર ન કરે, તો હું જીવીશ નહિ.

**સુ.**- વળી પૂર્વે પણ આ ઈન્દ્ર હતા. ઈશ્વર યજ્ઞમાં ઈન્દ્ર થયા હતા, તેથી ઐશ્વર્ય તો એમનું જ છે, માટે અમે કાંઈ પણ અલૌકિક કરતા નથી, પણ જે (પ્રથમથી) છે તે લોકમાં પ્રકટ કરીએ છીએ, માટે અમે ઈન્દ્ર તરીકે અભિષેક કરીએ તે યુક્ત જ છે, એ હેતુથી વિજ્ઞાપના કરવાને ભગવાનની સ્તુતિ 'કૃષ્ણ કૃષ્ણ' વિગેરે બે

શ્લોકથી કરે છેઃ

॥ સુરભિરુવાચ ॥

**કૃષ્ણ કૃષ્ણ મહાયોગિન્ વિશ્વાત્મન્ વિશ્વસમ્ભવ ॥**
**ભવતા લોકનાથેન સનાથા વયમચ્યુત ॥૧૯॥**

સુરભિ કહે છેઃ– હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાયોગિન્ ! હે વિશ્વના આત્મા! હે વિશ્વના ઉત્પન્ન કરનાર! તમે લોકના નાથ હોવાથી, હે અચ્યુત! તમારા વડે જ અમે સનાથ છીએ. ૧૯.

**સુ.**– 'કૃષ્ણ કૃષ્ણ' બે વાર મુક્યું છે, તે આદર સુચવવાને માટે છે. યોગી એટલે ઉપાયને જાણનાર. મહાયોગી એટલે અલૌકિક ઉપાય કરનાર. તે કરે એક અને પરિણામ આવે જુદું. ઈન્દ્રે એમને ક્લેશ કરાવ્યો, એમ જાણવા છતાં (પરિણામમાં) ઈન્દ્રને જ ક્લેશ પ્રાપ્ત કરાવ્યો. અથવા મહાયોગી લીલા કરવામાં પ્રવૃત્ત થાય, ત્યારે તેને અનુચિત ઉચિત કાંઈ હોતુ નથી, તેથી અમે ઈન્દ્રત્વ તમને આપીએ છીએ, તે પણ તમે ગ્રહણ કરો, એવો અભિપ્રાય છે, વળી તમે વિશ્વના આત્મા છો, વિશ્વાત્મા પદથી પ્રમેયનો ઉત્કર્ષ કહ્યો. પૂર્વે કહેલા મહાયોગી પદથી સાધનનો ઉત્કર્ષ કહ્યો. વિશ્વનો પણ સંભવ જેનામાં છે, એમ પ્રમાણનો ઉત્કર્ષ કહ્યો. ફલનો ઉત્કર્ષ કહેવાને તે ફલનું પરિણામ પોતાને વિષે થયું તે આગળ કહે છે, કે આપ જે સર્વ લોકના રક્ષક છો, આપના વડે જ અમે સનાથ છીએ. ઈન્દ્રથી કાંઈ અમે સનાથ નથી, કારણ કે ઈન્દ્ર તો અમારો ઘાતક થયો. વળી દરેક મન્વંતરમાં ઈન્દ્ર તો જુદો જુદો હોય છે, એ પ્રમાણે ઈન્દ્ર તો અવ્યવસ્થિત છે. કાલની હદવાળો છે. (કાલે કાલે બદલાય છે). વળી સ્વભાવથી તે જીવ હોવાથી નિયમ્ય છે. (ઈન્દ્રપણામાં નિયામકપણું જોઈએ તે એનામાં નથી.) તેથી તમે જ લોકના નાથ છો, અને તેથી જ અમે તમારાથી સનાથ છીએ, 'તે જ પતિ થવાને યોગ્ય છે કે જે રક્ષણ કરી શકે', એ ન્યાયથી જે જીવાડે તે જ નાથ કહેવાય. વળી તમે અચ્યુત છો. તમારું સામર્થ્ય કોઈ પણ સમયે જતું રહેતું નથી.

**લે.**– 'ઈતિ વિજ્ઞાપયિતુમ્'–એ હેતુ વિજ્ઞાપના કરવાને. 'પ્રમાણોત્કર્ષઃ' શ્રુતિમાં ભગવાનને વિશ્વના આધાર કહ્યા છે, તેથી પ્રમાણનો ઉત્કર્ષ. 'ન તુ ઈન્દ્રેણ' પછી 'લોકનાથેન' અધ્યાહાર સમજવું. 'ભવતા' પદ 'લોકનાથ'નું વિશેષણ સમજવું. અર્થ એ થયો કે તમે જે લોકનાથ છો તેનાથી અમે સનાથ છીએ. ઈન્દ્ર જે લોકનાથ છે તેનાથી અમે સનાથ નથી. 'લોકનાથ' પદ 'ભવતા' પદનું વિશેષણ લઈને પણ વ્યાખ્યાન સંભવી શકે છે તે 'કિંચ'–વળી વિગેરે પદથી કહે છે. તમે જ લોકનાથ છો, ઈન્દ્ર વિગેરે નથી, તેથી તમારા

વડે જ અમે સનાથ છીએ એમ 'લોકનાથ' પદ હેતુગર્ભ વિશેષણ સમજવું.

**યો.**– 'અનેન પ્રમેયોત્કર્ષઃ'. 'વિશ્વાત્મન્' પદથી પ્રમેયનો ઉત્કર્ષ કહ્યો. 'પૂર્વેણૈવ' વિગેરે સાધનોમાં યોગ મુખ્ય હોવાથી વિશ્વનો પણ સંભવ જેનામાં છે એ પદોથી પ્રમાણનો ઉત્કર્ષ કહ્યો. વિશ્વમાં વેદ પણ આવી જવાથી વિશ્વને ઉત્પન્ન કરવામાં વેદ ઉત્પન્ન કરવાપણું પણ આવવાથી પ્રમાણનો ઉત્કર્ષ કહ્યો. 'ભવતા લોકનાથેન' વિગેરે. તમે જે લોકના નાથ છો તેનાથી અમે સનાથ છીએ એમ કહેવાથી ફલનો ઉત્કર્ષ કહ્યો.

**સુ.**– આ પ્રકારે ભગવાન્ નાથ છે એમ ઉપપાદન કરીને ભગવાન્ દેવ છે એમ ઉપપાદન 'ત્વં નઃ' એ શ્લોકથી કરે છેઃ

**ત્વં નઃ પરમકં દૈવં ત્વં ન ઇન્દ્રો જગત્પતે ।।**
**ભવાય ભવ ગોવિપ્રદેવાનાં યે ચ સાધવઃ ।।૨૦।।**

તમે અમારું પરમ દૈવ છો, હે જગત્પતે! તમે અમારા ઇન્દ્ર છો. ગાયો, વિપ્રો, અને દેવોના રક્ષણ કરનાર તમે થાઓ, અને ભગવદ્ભક્તોના પણ રક્ષણ કરનાર તમે થાઓ. ૨૦.

**સુ.**– તમે જ અમારા ગાયોના ઉત્કૃષ્ટ દૈવ છો, અમારા ભાગ્યરૂપ પણ તમે જ છો, અમારા નિયામક પણ તમે જ છો. અમારે વિષે ક્રીડા તમે કરો છો, ઇન્દ્રથી અમને જુદાં પાડીને અમારો વિજય કરો છો, અમારી સાથે વ્યવહાર કરો છો, અમારી કાંતિ (શોભા)રૂપ છો, તેથી જ અમે તમારી સ્તુતિ કરીએ છીએ, અને તેથી જ અમારું સૌંદર્ય છે, અમારી સર્વ ગતિરૂપ પણ તમે જ છો, તેથી જ તમે દેવ[1] છો. વળી તમે દેવ છો એટલું જ નહિ પણ તમે દેવોના ઇન્દ્ર પણ છો. પરમ ઐશ્વર્ય બીજા કોઈનું નથી, કારણ કે બીજો કોઈ જગતનો પતિ નથી. જે અંદર અને બહાર બંને સ્થલે નિયામક છે તે જ પતિ કહેવાય, માટે તમે જગત્પતિ હોવાથી તમે જ ઇન્દ્ર છો, તેથી ગાયો વિપ્રો અને દેવો કે જેમાં હવિ રહેલું છે, વિપ્રો કે જેમાં મંત્ર રહેલા છે, અને દેવો કે જેઓ હવિના ભોક્તા છે, તેમના પાલક તમે થાઓ. યજ્ઞના પરિપાલક તમે થાઓ. આ પ્રકારે પૂર્વકાંડ પ્રમાણે ચાલનારાઓના પૂર્વકાંડમાં પ્રતિપાદન કરેલા ધર્મનું રક્ષણ કરવાની પ્રાર્થના કરી. હવે નિવૃત્તિપરાયણ ભગવદ્ભક્તોની રક્ષા કરવાની પ્રાર્થના 'યે ચ સાધવઃ' પદોથી કરે છે. જેઓ સાધુ, ભગવદ્ભક્તો છે તેમની પણ રક્ષા કરનાર તમે થાઓ એમ યોજના કરવી.

૧. ધાતુપાઠમાં કહ્યું છે કે 'દિવુ ક્રીડાવિજિગીષાવ્યવહારદ્યુતિસ્તુતિમોદમદસ્વપ્નકાન્તિગતિષુ ઇતિ.' દિવ્ ધાતુના અર્થ નીચે પ્રમાણે થાય છે.–ક્રીડા, જીતવાની ઇચ્છા, વ્યવહાર કરવો, કાંતિ આપવી, સ્તુતિ કરવી, આનંદ પામવો, મદ થવો, સ્વપ્ન થવાં, સૌંદર્ય પ્રાપ્ત કરવું, ગતિ અને

મોક્ષ પ્રાપ્ત કરવો. આ અર્થમાંના ઘણા ઉપર દૈવ શબ્દથી કહ્યા છે.

**ઈન્દ્રં નસ્ત્વાભિષેક્ષ્યામો બ્રહ્મણા નોદિતા વયમ્ ।।**
**અવતીર્ણોસિ વિશ્વાત્મન્ ભૂમેર્ભારાનુત્તયે ।।૨૧।।**

હે વિશ્વના આત્મા ! ભૂમિનો ભાર દૂર કરવાને તમે અવતર્યા છો. બ્રહ્માની પ્રેરણા થવાથી અમે તમને અમારા ઈન્દ્ર તરીકે અભિષેક કરીશું. ૨૧.

**સુ.**– વળી જેનો અભિષેક થયો નથી, તે શાસ્ત્રની રીતે ઈન્દ્ર થઈ શકતો નથી, કેમ કે અભિષેક સંસ્કારરૂપ છે. અભિષેક કર્યા પછી તો બીજો કોઈ પોતાને પતિ તરીકે માનતો નથી. જો અભિષેક ન થયો હોય તો મોહથી ગમે તે પોતાને પતિ માની બેસે. જો એમ શંકા થાય કે ઈન્દ્રના અધિકારનો અભિષેક કરવામાં માત્ર બ્રહ્માને જ અધિકાર છે, તો પછી બીજા કોઈથી (કામધેનુથી) અભિષેક કેમ થાય ? તો તેનો ઉત્તર 'બ્રહ્મણા' વિગેરેથી આપે છે. બ્રહ્માને પોતાને લજ્જા આવે છે કે મારા સ્વામીને ગાયોના ઈન્દ્રપદનો અભિષેક કેવી રીતે કરવો ? એમ કરું તો અયોગ્ય થાય. પણ અમારે તો અભિષેક (અમારા ઈન્દ્ર તરીકે) કરવો યોગ્ય જ છે. જે હીન (હલકો) હોય તે પણ મોટાને પોતાના પતિ તરીકે વરી શકે છે, (પ્રસન્ન કરી શકે છે). બ્રહ્માની સંમતિને માટે અમે તેની પ્રાર્થના કરી. અને તેણે પણ અમને તેવી જ પ્રેરણા કરી. ગાયોમાં સર્વથી ઉત્કૃષ્ટ હવિ (હોમ કરવાના પદાર્થ દૂધ, ઘી વિગેરે) ઉત્પન્ન થાય, તે કારણથી અમને જલદી પ્રેરણા કરી. જલદી પ્રેરણા કરવાનો હેતુ એ કે તમે (વ્યાપિવૈકુંઠમાંથી અહિં) અવતરેલા છો. પૃથ્વીના ભારનું હરણ કરવાને અવતરેલા તમે જલદી ભૂમિનો ભાર હરીને કદાચિત્ તિરોભાવ પામો, (વ્યાપિવૈકુંઠમાં પાછા જતા રહો) તેથી જલદીથી ગાયોના ઈન્દ્ર તરીકે તમને કરવા જોઈએ (એવી અમને પ્રેરણા કરી). (આ પ્રમાણે અમારા ઈન્દ્ર તરીકે તમારો અભિષેક થવામાં) તમને હીનતાનું દૂષણ લાગશે નહિ, કેમ કે તમે વિશ્વાત્મક (થયા) છો. વ્યાપિવૈકુંઠમાંથી નીચે આવવાથી બીજા પદને (સ્થિતિને) પ્રાપ્ત થવાય જ, તેથી અમારું ઈન્દ્રત્વ તમને ઉચિત જ છે.

**લે.**– 'કિઞ્ચ' વિગેરે, સ્વભાવથી ઈન્દ્ર તમે છો. એમ પૂર્વે કહ્યું, અભિષેકથી પણ તમને ઈન્દ્ર કરીશું, એ પ્રમાણે 'કિઞ્ચ'થી સમુચ્ચય કર્યો.

**સુ.**– એ પ્રકારે પ્રાર્થના કરીને કામધેનુએ અભિષેક કર્યો તે 'એવમ્' એ શ્લોકથી કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**એવં કૃષ્ણમુપામન્ત્ર્ય સુરભિઃ પયસાત્મનઃ ।।**

**જલૈરાકાશગઙ્ગાયા ઐરાવતકરોદ્ધૃતૈઃ ।।૨૨।।**

શ્રીશુકદેવજી કહે છેઃ- આ પ્રકારે કામધેનુએ કૃષ્ણનું સમીપમાં આમંત્રણ કરીને પોતાના દૂધથી અને ઐરાવત હાથીની સુંઢથી ઉદ્ધૃત (લીધેલા) આકાશગંગાના જલથી અભિષેક કર્યો. ૨૨.

**સુ.**- કૃષ્ણ ફલરૂપ હોવા છતાં, સમીપમાં તેમનું દેવતા તરીકે આમંત્રણ કરીને જ્યારે ભગવાને તે અંગીકાર કર્યું ત્યારે અભિષેક કર્યો, એમ સંબંધ છે. ભગવાને અંગીકાર કરવામાં હેતુ દયા જ છે, એમ કહેતાં કામધેનુએ અભિષેક કરવાની આવશ્યકતા છે, તે 'સુરભિ' (કામધેનુ) એ પદથી કહે છે. સુરો(દેવો)થી 'ભી'(બ્હીક) લાગવી તે. આ પ્રકારે સુરભિનો અર્થ એ થયો કે કામધેનુ દેવોથી બીએ છે. દેવો જ જો તેનું ભક્ષણ કરે છે, તો પછી દેવોનો ઈન્દ્ર તેનું ભક્ષણ કરે તેમાં નવાઈ જ શું ? તેથી ભગવાનને શરણે જવા બહાનું મળવાથી, ભગવાનનો ઈન્દ્ર તરીકે અભિષેક કર્યો. આ જ કારણથી તે સમયથી સર્વ વેદમાં સિદ્ધ હોવા છતાં ગોવધ બંધ થયો, અને ત્યારથી તેનો વધ ઉપપાતક (હલકું પાપ) ગણાયું, અને મહાપાતક કરતાં પણ તેની વધારે નિંદા થઈ. પ્રથમ પોતાના દૂધથી અભિષેક કર્યો, તેથી જ એ દૂધ ઈન્દ્રિય (ઈન્દ્રની યોગ્ય શક્તિવાળું) થયું, કેમ કે તે દુધ ઈન્દ્રને ગયું. પછી જલનો અભિષેક પણ થયો. તે 'જલૈઃ' પદથી કહે છે. આકાશગંગા નિત્ય છે, જે શિશુમાર ચક્રમાં પ્રસિદ્ધ છે. તે નિત્યજલ છે. તેને શિશુમારના તારાઓ તરી જાય છે, તેથી તેમને તારકાપણું પ્રાપ્ત થાય છે. આકાશગંગા શિશુમાર ચક્રના ઉદરમાં છે, એમ પાંચમા સ્કંધમાં ઉપપાદન કરેલું છે. ઐરાવત હાથી છે, તેની સુંઢ અભિષેક કરવામાં પ્રશસ્ત (ઉત્તમ) ગણાય છે. એમ હોવાથી તે પુષ્કર તીર્થના જલના જેવું થાય છે, ઐરાવતની સુંઢના સંબંધથી પણ જલ અપવિત્ર થતું નથી, પણ ઉલટું પવિત્ર થાય છે, ઐરાવત સિવાય બીજા કોઈથી આકાશગંગામાંથી તે જલ લેવું અશક્ય હોવાથી આ પ્રકારે કહ્યું (કે ઐરાવતની સુંઢથી લીધું).

**લે.**- પુષ્કર એ તીર્થ છે, અને હાથીની સુંઢ પણ તીર્થરૂપ છે, તેથી શ્લેષથી (હાથીની સુંઢ તીર્થરૂપ હોવાથી) તીર્થજલ થયું. 'કર' (સુંઢ) પદનું તાત્પર્ય 'તત્સંબંધેપિ' વિગેરેથી કહે છે. બીજાને છોડીને ઐરાવતને કહેવાનો હેતુ 'અન્યસ્ય' વિગેરેથી કહે છે.

**સુ.**- આ પ્રકારે જ્યારે કામધેનુએ અભિષેક કર્યો, તે સમયે એક જ ભાગમાં રહેલા તે દેવો અને બ્રાહ્મણોએ પણ ભગવાનનો અભિષેક કર્યો તે 'ઈન્દ્રઃ' એ શ્લોકથી કહે છેઃ

**ઈન્દ્રઃ સુરર્ષિભિઃ સાકં પ્રહિતો દેવમાતૃભિઃ ।।**

**અભ્યષિઞ્ચત દાશાર્હં ગોવિન્દ ઈતિ ચાભ્યધાત્ ॥૨૩॥**

દેવર્ષિઓની સાથે અથવા તેમનાથી પ્રેરાએલા ઈન્દ્રે, દેવમાતાઓ અદિતિ વિગેરે અથવા શ્રદ્ધા વિગેરેની સાથે, સેવકોનું રક્ષણ કરવાને સમર્થ ભગવાનને અભિષેક કર્યો, અને તેમનાં ગોવિંદ (અને બીજા) નામો ધર્યાં. ૨૩.

**સુ.**– દેવર્ષિ નારદ વિગેરેની સાથે, અથવા તેમનાથી પોતાની ઈચ્છા પ્રમાણે પ્રેરાએલા ઈન્દ્રે, દેવમાતાઓ અદિતિ વિગેરે અથવા શ્રદ્ધા વિગેરેની સાથે, સર્વની સંમતિથી સર્વની સાથે, કામધેનુએ અને ઈન્દ્રે 'દાશાર્હં' એટલે સેવકોનું રક્ષણ કરવાને સમર્થ, રક્ષણ કરવાને તત્પર એવા ભગવાનનો અભિષેક કર્યો, અને ગોવિંદ એવું બીજું નામ તેમનું પાડ્યું. ગોવિંદ એટલે ગાયોના ઈન્દ્ર. 'ગોવિંદ' પદમાં જે 'વ' મૂકેલો છે, તે 'ભૂવાદયઃ' પ્રમાણે છે. એ 'વ' અમૃતનું બીજ છે. 'રન્' પ્રત્યય અહિં મૂક્યો નથી કારણ કે એ રૂઢિજનક હોવાથી ધાતુના અર્થને ગૌણ કરી નાંખે છે. તેથી અહિં ગોવિંદ પદમાં છેલ્લે 'દ્ર' નહિ મૂકતાં 'દ' મૂક્યો છે, માટે ગોવિંદમાં છેલ્લે 'અચ્' પ્રત્યય આવે છે. એ 'અચ્' પ્રત્યય ધાતુઅર્થમાં જ થાય છે, તેથી 'ગોવિંદ' શબ્દ જ સારો છે. 'ગવેન્દ્ર' શબ્દ સારો નથી. શ્લોકમાં 'ચ' મૂક્યો છે, તેનો અર્થ એ છે કે 'ઈન્દ્રેન્દ્ર, દેવેન્દ્ર, સુરભીન્દ્ર' વિગેરે નામો પણ પોતપોતાના નામની સાથે સર્વેએ ધર્યાં, અને તેથી 'વ્રજેન્દ્ર, ગોપેન્દ્ર' વિગેરે નામો પણ પડ્યાં.

**લે.**– 'યથેષ્ટમ્ પ્રેરિતઃ', સુરભીન્દ્ર, દેવેન્દ્ર વિગેરે આગળ કહેલાં જે જેમને ઈષ્ટ હતાં તે નામ ધરવાની તેમણે ઈન્દ્રને પ્રેરણા કરી. અદિતિથી બીજાં કોઈ દેવમાતા ન હોવાથી અરુચિથી બીજો પક્ષ કહે છે કે શ્રદ્ધા વિગેરેથી. તેથી એમ અર્થ થયો કે શુભ વિગેરે ધર્મપુત્ર હોવાથી અને સત્ત્વના પરિણામરૂપ હોવાથી તે દેવો છે.

**સુ.**– એ પ્રકારે ભગવાનનો અભિષેક થયો ત્યારે ઉત્સવસૂચક વાજીંત્રો વાગ્યાં તે 'તત્રાગતાઃ' શ્લોકથી કહે છેઃ

**તત્રાગતાસ્તુમ્બુરુનારદાદયો ગન્ધર્વવિદ્યાધરસિદ્ધચારણાઃ ॥**
**જગુર્યશો લોકમલાપહં હરેઃ સુરાઙ્ગનાઃ સન્નનૃતુર્મુદાન્વિતાઃ ॥૨૪॥**

તુંબુરુ અને નારદ જેમનામાં પ્રથમ છે એવાં ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો અને ચારણો ત્યાં આવ્યા, અને તેઓએ લોકોના મલ (પાપ)ને દૂર કરનાર ભગવાનના યશનાં ગુણગાન કર્યાં. અપ્સરાઓ આનંદમગ્ન થઈને સારી રીતે નૃત્ય કરવા લાગી. ૨૪.

**સુ.**– તુંબુરુ મધ્યમ છે, અને પૂર્વે નિરૂપણ કરેલું છે, કે તે ઉભયાત્મક (બંનેના ગુણવાળો) છે, તેથી એવો અર્થ થયો કે તુંબુરુ અને નારદ જેમનામાં પ્રથમ

છે એવા સર્વે. ગંધર્વો ગાયક (ગાન કરનારા) છે, વિદ્યાધરો વાજીંત્ર વગાડનારા છે, સિદ્ધો અદ્‌ભુત કાર્ય કરી બતાવનારા છે, ચારણો નૃત્ય કરનારા પુરુષો છે. આ સર્વેએ ભગવાનના યશનું ગાન કર્યું. જો એમ શંકા થાય કે ઉત્સવમાં સર્વેને જે ઈષ્ટ હોય તે આપવું જોઈએ, માત્ર યશોગાનથી શું ? તો તેનો ઉત્તર 'લોકમલાપહમ્' પદથી આપે છે. ભગવાનના યશોગાન સર્વેના સર્વ દુઃખનું કારણ મલ (પાપ) દૂર કરે છે. અપ્સરાઓ બહુ હર્ષવાળી થઈને સારી રીતે નૃત્ય કરવા લાગી, કેમ કે તેઓ કૃષ્ણની સાથે રમણ કરવાને ઉત્સુક હતી, અને દેવોથી અને ઈન્દ્રથી બીતી હતી, પણ હવે ભગવાન્ ઈન્દ્ર થયા, તેથી તેમનો ભય દૂર થયો, અને તેમને અહિં આવવું આવશ્યક થયું, તેથી તેઓ આનંદવાળાં થયાં, અને ભાવથી નૃત્ય કરવા લાગ્યાં કે જેથી ભગવાન્ તેમને વશ થાય.

**લે.**– 'મુદા' આનંદવાચક હોવાથી તેનો અર્થ કૃષ્ણપરત્વે લઈને બીજો અર્થ કહે છે કે 'તા હિ' વિગેરે. એનો અર્થ છે કે તેઓ પહેલાં કૃષ્ણની સાથે રહેલાં જ હતાં, તેથી હમણા ભય નિવૃત્ત થવાથી સારી રીતે તેમણે નૃત્ય કર્યું. કૃષ્ણની સહિત તેઓ હતાં તેનું વિવરણ કરતાં કહે છે કે કૃષ્ણની સાથે રમણ કરવાને તેઓ ઉત્સુક હતાં, સાર એ કે તેમના ચિત્તમાં કૃષ્ણ પહેલાંથી જ હતા. આથી 'મુદા' પદ બે વાર લેવું. 'સન્નનૃતુઃ' પદમાં 'સન્'ના બે અર્થ કહે છે, પહેલો અર્થ એ કે ભાવપૂર્વક નૃત્ય કર્યું, બીજો અર્થ એ કે જે નૃત્યથી ભગવાન્ વશ થાય એવું નૃત્ય કર્યું.

**તં તુષ્ટુવુર્દેવનિકાયકેતવો વ્યવાકિરંશ્ચાદ્ભુતપુષ્પવૃષ્ટિભિઃ ।।**
**લોકાઃ પરાં નિર્વૃતિમાપ્નુવંસ્ત્રયો ગાવસ્તદા ગામનયન્ પયોદ્રુતામ્ ।।૨૫।।**

દેવોના સમૂહમાં જેઓ ધ્વજારૂપ શ્રેષ્ઠ હતા, તેઓએ તેમની (ભગવાનની ઈન્દ્ર તરીકે) સ્તુતિ કરી, અને અદ્‌ભુત પુષ્પો વડે વૃષ્ટિ કરી. ત્રણે લોકોને પરમાનંદ પ્રાપ્ત થયો, અને તે સમયે ગાયોએ પૃથ્વીને દૂધથી ચીકણી કરી મૂકી. ૨૫.

**સુ.**– જ્યારે ભગવાનને ઈન્દ્રનો અભિષેક થયો, ત્યારે સ્વર્ગલોક ત્યાં આવ્યો. તે સમયે દેવોના સમૂહમાં જે ધ્વજારૂપ મોટા હતા, બ્રહ્મા વિગેરે જે દેવોમાં મોટા હતા, અથવા મંત્ર, વેદ વિગેરે જે મોટા હતા, તેમણે ભગવાનની ઈન્દ્ર તરીકે સ્તુતિ કરી, અને ભગવાન્ પોતે ઈન્દ્ર થયા તે જ કારણથી વેદમાં ઈન્દ્રની મોટા દેવ તરીકે સ્તુતિ કરવામાં આવી છે. જો પ્રાકૃત ઈન્દ્ર હોય તો આધિદૈવિક યજ્ઞમાં અર્ધા હવિથી ઈન્દ્રને હોમ કરે છે, તે યોગ્ય કહેવાય નહિ. કારણ કે જો ઈન્દ્રનું ઈન્દ્રત્વ હોય તો ઈન્દ્રને અર્ધો ભાગ મળે નહિ, અને જો ભગવાન્ ઈન્દ્ર હોય તો સર્વ ઘટી શકે છે, અને તેઓએ અદ્‌ભુત પુષ્પોથી વિશેષે કરીને ભગવાન્ ઉપર વૃષ્ટિ કરી. આ પ્રકારે

સ્વર્ગમાં રહેનારાઓની વાણીની અને શરીરની ક્રિયા કહી, હવે માનસિક સ્થિતિ કહે છે, કે સર્વે લોકો પરમ સુખ પામ્યા. ત્રણે લોકોને પરમાનંદ પ્રાપ્ત થયો. તે સમયે ગાયો અંદરથી રસપૂર્ણ થઈને બહાર પણ રસ ઝરવા લાગી, તે કહે છે કે ગાયોએ તે સમયે પૃથ્વીને દૂધથી ચીકણી કરી મૂકી.

**યો.**– 'આધિદૈવિકેપિ' (આધિદૈવિક યજ્ઞમાં પણ) વિગેરે. આ સ્થલે ઈન્દ્રનો સર્વ દેવતા કરતાં અધિક ભાગ નિરૂપણ કરેલો છે, અને હવિષ્યના અર્ધ ભાગમાં બીજા ઘણા દેવતાઓનો ભાગ છે, અને અર્ધ ભાગમાં એક ઈન્દ્રનો જ ભાગ છે. આ ભાગનું અધિકપણું અને એ અધિકપણાને લીધે જે ઉત્કર્ષ ઈન્દ્રનો બતાવ્યો છે, તે શ્રીકૃષ્ણને ઈન્દ્ર સમજીને શ્રુતિએ બતાવ્યો છે, કેમ કે શ્રુતિનું તાત્પર્ય ભગવાનમાં છે, ઈન્દ્રમાં નથી. 'ઈન્દ્રત્વ' પદ સાતમી વિભક્તિમાં છે. એનો અર્થ એ છે કે જો ઈન્દ્રનું ઈન્દ્રપણું હોય તો અર્ધભાગ તેને મળતો નથી, અને તેથી 'ઈન્દ્રસ્ય ઈન્દ્રત્વે અર્ધેન્દ્રાણિ જુહોતિ' (ઈન્દ્રનું ઈન્દ્રત્વ હોય તો અર્ધથી ઈન્દ્રને હોમ કરે છે) એમ પ્રાપ્ત થતું નથી, જો ભગવાન્ ઈન્દ્ર થયા હોય ત્યારે તો સર્વ યોગ્ય જ છે, કારણ કે ભગવાન્ સર્વરૂપ છે–સર્વ સામર્થ્યયુક્ત છે, અને સર્વ વિરુદ્ધ ધર્મના આશ્રયવાળા છે.

**નાનારસૌઘાઃ સરિતો વૃક્ષા આસન્ મધુસ્રવાઃ ।।**
**અકૃષ્ટપચ્યૌષધયો ગિરયો વ્યસૃજન્ મણીન્ ।।૨૬।।**

નદીઓમાં નાના પ્રકારના રસનું પૂર આવ્યું, વૃક્ષોમાંથી મધુ ઝરવા લાગ્યું, અનાજ ખેતી વિના પાકવા લાગ્યું, અને પર્વતો પોતાની અંદર રહેલાં મણીને બહાર કાઢવા લાગ્યા. ૨૭.

**સુ.**– નદીઓમાં ઘી, દૂધ વિગેરે જુદા જુદા રસોનું પૂર આવ્યું. વૃક્ષોમાંથી મધુ (મધ) ઝરવા લાગ્યું. અનાજ વિગેરે ખેતી વિના જ પાકવા લાગ્યાં, અને પર્વતો પોતાની અંદર રહેલા મણીને બહાર કાઢવા લાગ્યા. એ પ્રકારે સ્થાવર જંગમ સર્વેને ઉત્સવ થયો તેનું નિરૂપણ કર્યું.

**સુ.**– તેનો ઉપસંહાર કરતા ભગવાન્ ઈન્દ્ર થયા ત્યારે પૂર્વના ઈન્દ્ર કરતાં જે વિલક્ષણતા થઈ તે 'કૃષ્ણેભિષિક્તે' એ શ્લોકથી કહે છેઃ

**કૃષ્ણેભિષિક્ત એતાનિ સર્વાણિ કુરુનન્દન ।।**
**નિર્વૈરાણ્યભવંસ્તાત ક્રૂરાણ્યપિ નિસર્ગતઃ ।।૨૭।।**

હે કુરુનંદન ! જ્યારે કૃષ્ણનો અભિષેક થયો ત્યારે સ્વભાવથી જ ક્રૂર એવા આ સર્વ પ્રાણીઓ પણ હે તાત ! વેર વિનાનાં થઈ ગયાં. ૨૭.

**સુ.**– જ્યારે સદાનંદનો અભિષેક થયો ત્યારે, તે તો પોતાનો આનંદ સર્વેમાં

સર્વ પ્રકારે સીંચે છે. જ્યારે સર્વેએ તેમનો પણ અભિષેક કર્યો ત્યારે તો મોટું આશ્ચર્ય થયું. આ સર્વ જગ્યાએ દેખાતા સ્વભાવથી જ ક્રૂર અને નિત્યના વિરોધવાળાં સર્વ પ્રાણીઓ પણ વેર વિનાનાં થઈ ગયાં. તે વખતે શુકદેવજી પણ તે જ અવસ્થાને પ્રાપ્ત કરીને તે પશુઓને જોતાં કહે છે કે આ પશુઓ વેર વિનાનાં થઈ ગયાં. કુરુનંદન સંબોધન વિશ્વાસ માટે મૂક્યું છે, કેમ કે સારા વંશમાં ઉત્પન્ન થયો હોય તેને જ આમાં વિશ્વાસ આવે છે. તાત સંબોધન સ્નેહસૂચક છે અને આમાં કાંઈ છેતરવાપણું નથી તે પણ સૂચવે છે.

**સુ.**– એ પ્રકારે અભિષેકના મહોત્સવનું વર્ણન કરીને અભિષેક કરનાર ઈન્દ્ર પાછો સ્વર્ગમાં ગયો તે 'ઈતિ' એ શ્લોકથી કહે છેઃ

**ઈતિ ગોગોકુલપતિં ગોવિન્દમભિષિચ્ય સઃ ।।**
**અનુજ્ઞાતો યયૌ શક્રો વૃતો દેવાદિભિર્દિવમ્ ।।૨૮।।**

એ પ્રકારે ગાયોના અને ગોકુલના પતિને ગોવિંદ તરીકે અભિષેક કરીને, તે ઈન્દ્ર ભગવાનની અનુજ્ઞા (રજા) લઈને, દેવો વિગેરેથી વિંટળાએલો સ્વર્ગમાં ગયો. ૨૮.

**સુ.**– પહેલાં જે ગાયોના અને ગોકુલના પતિ હતા તેનો આ પ્રકારે ગોવિંદરૂપે અભિષેક કરીને તે ઈન્દ્ર કે જે પ્રસિદ્ધ છે, અથવા જેના ઉપર પ્રભુનો અનુગ્રહ થયો છે, તે ભગવાનની અનુજ્ઞા (રજા) લઈને દેવો વિગેરે અહિં જ (ભગવાન્ પાસે) રહેશે એવા સંદેહથી તેમને સાથે લઈ તેમનાથી વિંટળાએલો સ્વર્ગમાં ગયો. ભગવાન્ તો પોતાના જ સ્થાનમાં છે, તેથી તેમની પ્રત્યાપત્તિ (પાછા પોતાના સ્થાનમાં ગયા એમ) કહી નથી.

**આ પ્રમાણે શ્રીભાગવત સુબોધિનીમાં**
**શ્રીમદ્વલ્લભદીક્ષિતવિરચિત દશમસ્કંધના વિવરણમાં**
**બીજા તામસ પ્રકરણના અવાન્તર પ્રકરણ સાધનપ્રકરણના વૈરાગ્ય નિરૂપક**
**૨૪મા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ થયું.**

# ॥ અધ્યાય પચ્ચીસ ॥

## ભગવાને ગોપોને વૈકુંઠ બતાવ્યું.

### કારિકાર્થઃ

પચ્ચીશમા અધ્યાયમાં હરિ નંદરાયજીને વરુણ પાસેથી છોડાવશે, પછી સર્વેને પોતાના વૈકુંઠમાં લઈ જશે. એ પ્રમાણે અવાંતર ફલ કહેવામાં આવે છે. કા.૧.

તેઓએ ભગવાનના અભિષેકનું દર્શન કર્યું, દેવોનું[૧] દર્શન કર્યું અને ભગવાનનાં સ્તોત્ર વિગેરે પણ સાંભળ્યાં. ભગવાન્ દેવોમાં ઉત્તમ છે, એમ જાણ્યા પછી પુરુષ સંબંધી સૌથી શ્રેષ્ઠ માહાત્મ્યનું દર્શન થવું જોઈએ. (કે જેથી ભગવાન્ પુરુષોત્તમ છે એવું જ્ઞાન થાય) કા.૨.

જો એમ ન થાય તો નંદરાયજીનું જ્ઞાન કે ભગવાન્ માત્ર દેવોમાં ઉત્તમ નારાયણના અંશરૂપે છે, એમ પરિણામ આવે, (અને તે જ્ઞાન ભક્તિમાર્ગનું વિરોધી થાય), તેથી એવા વિરુદ્ધ જ્ઞાનને લીધે નંદરાયજીનો નિગ્રહ (બંધન) કહેવો જોઈએ, તેથી વરુણે ભગવાન્‌ના સેવક તરીકે કામ કર્યું. કા.૩.

જો ભગવાન્‌નો સેવક કદાચિત્ પણ કાલ વિગેરેનો ઉપાસક થાય, તો તેથી તેને ક્લેશ પ્રાપ્ત થાય, અને ભગવાન જ તેને તેમાંથી મુક્ત કરે. કા.૪.

પછી તેને ભગવાનના માહાત્મ્યનું સંપૂર્ણ જ્ઞાન થશે, અને તે કારણથી માત્ર ચિંતન કરવાથી જ ભગવાન્ પોતાના સ્થાનમાં તેને લઈ જશે. કા.૫.

**ટિ.**– 'અન્યથા નન્દવિજ્ઞાનમ્' વિગેરે. વરુણનું ઐશ્વર્ય તેમ જ તેનું ભગવાન્ પ્રતિ દાસપણું અને નંદરાયજીને પોતાને વરુણ પાસેથી લઈ આવવું, એ સર્વ પુરુષ સંબંધી મોટું માહાત્મ્ય છે. અને તેના પરિણામમાં ભગવાનનું પુરુષોત્તમ તરીકે જ્ઞાન ઉત્પન્ન થાય છે. જો એવું દર્શન નંદરાયજીને ન થાય તો ભગવાન્ માત્ર દેવોમાં ઉત્તમ નારાયણના અંશરૂપ છે, એવું જે નંદરાયજીને પહેલાં જ્ઞાન હતું તે જ પરિણામમાં સ્થિર રહેત. ખરી રીતે જોતાં પુરુષોત્તમ વિષેનું આ પ્રકારનું જ્ઞાન ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે, તેથી આગળ ભજનાનંદનો અનુભવ થાત નહિ, કારણ કે નંદરાયજીનું તે જ્ઞાન ભજનાનંદથી વિરુદ્ધ છે, માટે ભગવાન્ નિરવધિ (અનંત) માહાત્મ્યવાળા છે, અને પુરુષોત્તમ છે, એવું જ્ઞાન ઉત્પન્ન કરવું જોઈએ, અને નંદરાયજી ભક્તિમાર્ગના વિરુદ્ધ જ્ઞાનવાળા હોવાથી તેમનો નિગ્રહ (બંધન) કરવો જોઈએ. વરુણ દ્વારા ભગવાને આ બંને કાર્ય કરાવ્યાં, તેથી વરુણને ભગવાન્ સેવક તરીકે માને છે એવો અર્થ છે.

**લે.**–'સ્વવૈકુણ્ઠે નેષ્યતિ' વિગેરે. હાલમાં પણ ભગવાન્ વ્રજમાં જે લીલા કરે છે,

તે વ્યાપિવૈકુંઠમાં જ કરે છે, કેમ કે પહેલાં કહી ગયા છીએ કે 'રમાક્રીડમભૂત્' (લક્ષ્મીના ક્રીડાના સ્થાનરૂપ વ્રજ થયું.) એમ હોવા છતાં ભગવાને અહિં મનુષ્યભાવનો સ્વીકાર કરવાને લીધે વ્યાપિવૈકુંઠનો પણ પ્રાકૃતભાવ સ્વીકાર કરેલો છે. હવે ગીતાજીમાં જેમ અર્જુનને મનુષ્યભાવથી રહિત પોતાના સ્વરૂપનું અગિઆરમા અધ્યાયમાં દર્શન કરાવ્યું, તેમ ચાલતા પ્રસંગમાં વ્રજવાસીઓને પ્રાકૃત ભાવરહિત વૈકુંઠનું દર્શન કરાવશે, એવો અર્થ છે. 'દેવાઃ' પછી 'દષ્ટાઃ' એમ સંબંધ સમજવો. 'પર્યવસાયિ' તેનું પરિણામ અંશત્વમાં જ આવે, ભગવાન્ પુરુષોત્તમ છે એમ જ્ઞાન થાય નહિ.

**યો.**–'ઉચ્યતે ફલમ્' વિગેરે. વૈકુંઠમાં ગોપોને લઈ જશે એમ અવાંતર (વચ્ચેનું) ફલ કહેવામાં આવે છે. 'પર્યવસાયિ' વિગેરે. સ્તુતિ, ઈન્દ્રે કરેલો અભિષેક, દેવોનું દર્શન વિગેરેથી શ્રીકૃષ્ણ દેવોમાં ઉત્તમ છે, એમ જાણ્યા પછી પુરુષ સંબંધી ઉત્તમ માહાત્મ્ય કે જેનાથી પુરુષોત્તમ તરીકે જ્ઞાન થાય તેવા માહાત્મ્યનું દર્શન કરવું જોઈએ. માત્ર ઈન્દ્રનું દમન કરવારૂપ સામર્થ્ય શ્રીકૃષ્ણમાં છે, એમ જાણવાથી તો તેટલું જ જ્ઞાન પરિણામમાં થાય, તેથી શ્રીનંદરાયજીનો નિગ્રહ (બંધન) કહેવો જોઈએ. તે કહેવાથી વરુણલોકમાં વરુણનો વૈભવ જોઈને, પૃથ્વી ઉપર એવો વૈભવ કદાપિ નહિ જોએલો હોવાથી, એવા મોટા વૈભવવાળો વરુણ પણ ભગવાનને શરણે છે, તે જોઈને, આ ભગવાન્ સર્વથી શ્રેષ્ઠ છે, એવું જ્ઞાન નંદરાયજીને થાય. 'તેન સેવકઃ' વરુણે નંદરાયજીનું બંધન કર્યું, તેથી નંદરાયજીને વરુણના વૈભવનું દર્શન થયું, તેને લીધે ભગવાનના પરમ વૈભવનાં દર્શન કરવાની નંદરાયજીને ઈચ્છા થઈ, અને તેથી ભગવાને વૈકુંઠનું દર્શન કરાવ્યું. આટલો ઉપકાર વરુણે કરેલા બંધનથી થયો, તેથી વરુણે ભક્તના ઉપર ઉપકાર જ કર્યો. આ હેતુથી નંદના નિગ્રહ કરવામાં વરુણે સેવકકાર્ય જ કર્યું. જો એમ શંકા થાય કે શ્રીનંદરાયજી તો પરમ ભક્ત હતા તો તેમને ક્લેશ કેમ પ્રાપ્ત થયો? તો તેના સમાધાનમાં કહે છે કે ભગવાનના સેવક થઈ શ્રીનંદરાયજીએ દ્વાદશીરૂપ કાલવિશેષ (અમુક કાલ)ની ઉપાસના કરી, તેથી તેમને દુઃખનો અનુભવ થયો.

૧. 'દેવાઃ' પાઠ ટીકાકારોએ લીધો છે.

**કારિકાર્થ સંપૂર્ણ.**

**સુ.**– ભગવાનના સંપૂર્ણ માહાત્મ્યનું જ્ઞાન થાય તેને માટે ભગવાનમાં નિરોધ પામેલા ભક્તોનું વૈકુંઠમાં જવાનું વર્ણન કરવામાં આવે છે. તેને માટે પ્રથમ ધર્મબુદ્ધિથી મર્યાદાની રીતે પ્રવૃત્ત થએલા અને સર્વથા ભગવાનને નહિ ભજતા નંદરાયજીનો અનર્થનો સંબંધ કરાવનાર જલપ્રવેશ 'એકાદશ્યામ્' એ શ્લોકથી કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ।।

**એકાદશ્યાં નિરાહારઃ સમભ્યર્ચ્ય જનાર્દનમ્।।**

**સ્નાતું નન્દસ્તુ કાલિન્દ્યા દ્વાદશ્યાં જલમાવિશત્।।૧।।**

શ્રીશુકદેવજી કહે છેઃ-એકાદશીમાં ઉપવાસ કરીને મોક્ષદાતા જનાર્દનની સારી રીતે પૂજા કરીને નંદરાયજીએ દ્વાદશીમાં સ્નાન કરવા માટે કાલિંદીના જલમાં પ્રવેશ કર્યો. ૧.

**સુ.**- નંદરાયજી વિષ્ણુના વ્રતમાં પરાયણ છે, અને ધર્મનિષ્ઠ છે. બીજાને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન ન થાય તેથી એ પ્રકારે કહ્યું છે. માહાત્મ્ય જણાવવાને માટે જ વરુણ પાસે એમને લઈ જવામાં આવ્યા છે. તે જ કારણને લીધે ભગવાને વરુણનો નિગ્રહ કર્યો નથી. એકાદશી ઉપવાસ કરીને, મોક્ષનું દાન કરનાર જનાર્દનની સારી રીતે પૂજા કરીને, નંદરાયજીએ વ્રતમાં પોતાના ધર્મ પ્રમાણે પણ કરવાને વૈષ્ણવ પક્ષનો આશ્રય લઈને, વૈદિક પક્ષનો ત્યાગ કરીને, અર્ધ રાત્રિને સમય દ્વાદશી થઈ કે કાલિંદીના પ્રવાહમાં જલ પ્રવેશ કર્યો. વૈષ્ણવ ધર્મમાં કહ્યું છે કે 'અર્ધ મુહૂર્ત બાકી રહે ત્યારે દ્વાદશીમાં પારણાને માટે મધ્ય રાત્રિએ સારી રીતે ઉઠીને યથોચિત ક્રિયા કરવી. અગ્નિહોત્રાદિક કર્મ તથા નૈમિત્તિક કર્મ મધ્યાહ્ન સુધી સર્વે ક્રિયા કરવી એવો શંભુનો આદેશ છે.' એ વૈષ્ણવ ધર્મના વચન પર વિશ્વાસ હોવાથી સ્નાનને માટે પ્રવૃત્ત થયા.

**લે.**- 'અનર્થસંબંધમ્', નંદરાયજીને અનર્થનો સંબંધ કરાવનાર જલપ્રવેશ.

**સુ.**- તે જલનો રક્ષક વરુણનો સેવક, નંદરાયજી અન્યાય કરે છે એમ માનીને, વૈષ્ણવ ધર્મના અજ્ઞાનને લીધે તેમને બાંધીને લઈ ગયો, તે 'તં ગૃહીત્વા' એ શ્લોકથી કહે છેઃ

**તં ગૃહીત્વાનયદ્ ભૃત્યો વરુણસ્યાસુરાન્તિકમ્।।**
**અવિજ્ઞાયાસુરીં વેલાં પ્રવિષ્ટમુદકં નિશિ।।૨।।**

આસુરી વેળાએ રાત્રિમાં નંદરાયજીએ અજ્ઞાનથી જલપ્રવેશ કર્યો એમ સમજી વરુણનો નોકર તેમને બાંધીને વરુણની પાસે લઈ ગયો. ૨.

**સુ.**- વરુણનો જ નોકર વરુણની પાસે લઈ ગયો. તેના લઈ જવાનો અભિપ્રાય 'અવિજ્ઞાય' વિગેરેથી કહે છે, કે આસુરી વેળા (સમય) છે, જે તે સમયે ધર્મ કરે છે, તે ધર્મ અસુરગામી થાય છે, આ વાત નંદરાયજી નહિ જાણવાથી એમણે જલમાં પ્રવેશ કર્યો, એમ સમજીને તેમને લઈ ગયો. ખરી વાત તો એ છે કે આ વરુણનો નોકર પણ અજ્ઞાની છે, તે આગળ વરુણ 'અજાનતા' એ સાતમા શ્લોકથી કહેશે.

**સુ.**- ત્યારે તેમને છોડાવવાને સર્વે ગોપાલો હે કૃષ્ણ! હે રામ! એમ કહી આક્રંદ કરવા લાગ્યા તે 'ચુક્રુશુઃ' શ્લોકથી કહે છેઃ

**ચુક્રુશુસ્તમપશ્યન્તઃ કૃષ્ણરામેતિ ગોપકાઃ।।**
**ભગવાંસ્તદુપશ્રુત્ય પિતરં વરુણાહૃતમ્।।**
**તદન્તિકં ગતો રાજન્ સ્વાનામભયદો વિભુઃ।।૩।।**

તે નંદરાયજીને નહિ જોતાં નાના ગોપો હે કૃષ્ણ! હે રામ! એક આક્રંદ કરવા લાગ્યા. ભગવાને દૂરથી જ તે સાંભળીને પિતા નંદરયજીને વરુણ લઈ ગયા છે, એમ જાણ્યું, તેથી હે રાજા! નિજજનને અભયદાન કરનાર સર્વસમર્થ ભગવાન્ તે વરુણની પાસે ગયા. ૩.

**સુ.**– અકસ્માત્ જલમાં પ્રવિષ્ટ થએલા નંદરાયજી પાછળથી દેખાયા નહિ, તેથી તેમને ન જોતાં, સર્વ અવસ્થાઓમાં સર્વ કાર્યોમાં બીજો કાંઈ પણ ઉપાય ન મળવાથી, ગોપો ભગવાનને જ વિજ્ઞાપના કરે છે, કારણ કે તેઓ તો અલ્પ (તુચ્છ) ગોપો છે, ત્યારે ગૃહમાં જ સૂતેલા ભગવાન્ દૂરથી જ કૃષ્ણ રામ એમ વચન સાંભળીને પિતા નંદરાયજીને વરુણ લઈ ગયા છે, એમ જાણીને, અહિં ઘરમાંથી જ વરુણની પાસે ગયા. ઘણું ખરું કહીને ગયા (એવો સંભવ છે). નહિ તો ગોપોને મોટો ભય થાય. ભગવાને નિરોધલીલા એમને જ માટે કરી છે કે જેથી તેમના સર્વ કર્મોમાં પોતે પ્રવેશ કરીને, તે કર્મો પોતાનાં કર્મો કરીને તેમાંથી તેમને છોડાવે. જો એમ ન હોત તો એ પ્રકારે કરત નહિ, તે સાધન દશામાં તેમ જ ફલદશામાં પણ કહેવું જોઈએ. પૂર્વે કરેલાં કર્મનું ફલ આવશ્યક હોવાથી તે કર્મ પુરું થએલું હોવાથી, તેમાં પ્રવેશ થઈ શકે નહિ, તેથી વરુણની પાસે ભગવાન્ પોતે પણ ગયા. જો એમ ન હોત તો વરુણને જ ભગવાન્ બોલાવત, અથવા નંદરાયજીને જ પાછા ખેંચી લેત. અને વળી પોતાનું માહાત્મ્ય પણ જણાવવું જોઈએ, તેથી ભગવાન્ પોતે જ ગયા. 'રાજન્' એ સંબોધન એમ જણાવવાને મૂક્યું છે કે રાજધર્મ એવો જ છે કે સેવકોની ઉપેક્ષા કરી શકાય નહિ. વળી ભગવાન્ નિજજનને અભયદાન કરનારા છે. જો પોતે જલદી ન જાય તો હવે ભક્તોનો ભય નિવૃત્ત થાય નહિ. પોતે વિભુ હોવાથી સર્વ પ્રકારે સમર્થ છે. પૃથ્વી ઉપર અવતાર ધરેલો હોવાથી અહિં જ કાંઈ પણ કાર્ય કરે અને બીજે સ્થલે ન કરે એવું કાંઈ નથી. જો એમ ન હોત તો જેમ બીજા અવતારોએ કર્યું નથી તે એટલે આ લીલાને અંતે ગોપોને વૈકુંઠમાં લઈ જાત નહિ, તેથી કૃષ્ણ સર્વત્ર સર્વ સામર્થ્યવાળા છે.

**લે.**– 'નિરોધલીલામ્' એટલે અનુશયન લીલા. 'સાધનદશા'–યાગ દશા, 'ફલે' –વૃષ્ટિ દશામાં. અહિં સાધનદશામાં પ્રવેશ કરવાનો હેતુ 'આવશ્યક' વિગેરેથી કહે છે. પૂર્વે પ્રયોજન ન હોવાથી પ્રવેશ ન કર્યો. પછી તો કર્મ નિવૃત્ત થયું, તેથી વરુણના નંદરાયજીને

હરણ કરવારૂપ ફલદશામાં જ પ્રવેશ કર્યો. 'લીલાયા અંતે', વરુણના નિગ્રહરૂપ લીલાને અંતે.

**યો.**-વરુણ તો સેવક છે, અને સેવકને ઘેર જવું સ્વામીને ઉચિત નથી, તેથી વ્રજપતિ નંદને પાછા લાવવાને માટે ભગવાન્ વરુણ પાસે ગયા, તેમ કરવું જોઈતું ન હતું. (પણ વરુણને પોતાની પાસે બોલાવવો હતો તેમ શા માટે ન કર્યું). એમ શંકા થાય તો સમાધાનમાં કહે છે કે ભગવાને આ નંદ વિગેરેના પ્રયોજનની સિદ્ધિને માટે જ નિરોધલીલા કરી છે કે જેથી તેમના પ્રપંચની વિસ્મૃતિ થાય, અને પોતામાં તેમની આસક્તિ થાય. ભક્તોને માટે જ પોતાના સેવક વરુણને ઘેર જવાની લીલા પોતે કરી, કે જેથી નંદરાયજી વિગેરેને એવું જ્ઞાન થયું, કે આ શ્રીકૃષ્ણ આપણે માટે પોતાને અયોગ્ય અને જેમાં બહુ શ્રમ પડે એવું કાર્ય પણ કરે છે, અને તેથી એવું જ્ઞાન થવાથી શ્રીકૃષ્ણને વિષે એમને પરમ આસક્તિ થઈ, એવો ભાવ છે. જો એમ શંકા થાય કે આ ગોપોના નિરોધની સિદ્ધિને માટે જ ભગવાન્ વરુણને ઘેર ગયા, તે તમે શા પરથી કહો છો? તો તેના સમાધાનમાં કહે છે, કે સર્વ કર્મમાં પોતે પ્રવેશ કરીને, તે કર્મો પોતાનાં કરીને, તે કર્મોમાંથી તે ગોપોને ભગવાન્ છોડાવે છે, અને તે જ હેતુને લીધે કુમારિકાઓએ કરેલા વ્રતકર્મોમાં, યજમાને કરેલા યાગકર્મમાં, નંદરાયજીએ કરેલા ઈન્દ્રયાગકર્મમાં, પોતે પ્રવેશ કરીને તેમના પદાર્થોનો વિનિયોગ પોતામાં કરાવ્યો. તેથી જે ભક્તોનો નિરોધ કરવાનો છે, તેમના કર્મોમાં પોતે પૂજ્ય તરીકે પ્રવેશ કર્યો. તેથી એમ જણાય છે કે બીજે સ્થલે વિનિયોગ થતા પદાર્થોને પોતાના કરવાને માટે આટલા આગ્રહથી પોતે જ પૂજ્ય થાય છે, માટે જણાય છે, કે ચાલતા પ્રસંગમાં પણ ભગવાન્ વરુણને ઘેર તે ભક્તોનો નિરોધ પોતામાં સિદ્ધ કરવાને માટે ગયા. 'તાનિ કર્માણિ સ્વકર્માણિ કૃત્વા'-બીજાને માટે કરાતાં કર્મો ભગવત્કર્મો (પોતાને માટે) કરીને. તે એવી રીતે કે કુમારિકાના પ્રસંગમાં કાત્યાયનીની પૂજામાં, કાત્યાયની સ્વરૂપે પોતે પ્રવેશ કર્યો, અને પોતાની પૂજા કરાવી, એ વાત તે શ્લોકના શ્રીસુબોધિનીજીમાં 'ભગવાનેવ વા ગુણાતીતઃ', એ પદોથી કહી છે. વળી યજમાનપત્ની દ્વારા તેમના પદાર્થોનો પોતાને વિષે વિનિયોગ કરાવ્યો. અને ઈન્દ્રયાગના ભંગને પ્રસંગે શ્રીગોવર્ધનમાં રહેલા સ્વરૂપથી પોતે સર્વ સામગ્રીનો અંગીકાર કર્યો, એમ સર્વ કર્મોમાં પોતે પ્રવેશ કર્યો, તેથી ચાલતા પ્રસંગમાં પણ જણાય છે કે શ્રીનંદરાયજીને લાવવાને માટે પોતે જ ગયા. 'તેભ્યઃ તાન્ મોચયતિ'-બીજાઓના ઉદ્દેશથી કરેલાં કર્મોમાંથી તે ભક્તોને છોડાવે છે. જો તે ભક્તોને પોતાના કરવારૂપ પ્રયોજન ન હોત, તો બીજાના ઉદ્દેશથી કરેલાં કર્મોમાં વિઘ્ન જ કરત, પોતે તે કર્મમાં પૂજ્ય તરીકે પ્રવેશ કરત નહિ. તે બાબત 'અન્યથા એવં ન કુર્યાત્' એ પદોથી કહે છે, કે એ પ્રકારે પોતાનો પ્રવેશ કરીને તે કર્મોમાંથી તેમને છોડાવત નહિ. જો માત્ર વિઘ્ન જ કરે તો કાલાંતરે ફરીથી તે કર્મ કરે. બીજા દેવના સ્થાનમાં પોતે પ્રવેશ કરે, તો પછી તે જ ભગવત્કર્મો સર્વદા કરે. જેમ કે અન્નકૂટોત્સવ સર્વદા થાય છે તેમ.

'તત્ સાધનદશાયાં ફલદશાયાં ચ વક્તવ્યમ્', તે કર્મોમાંથી નંદરાયજીને છોડાવવાનું સાધનદશામાં અને ફલદશામાં કહેવું જોઈએ. કેમ કે મુખ્ય નંદરાયજી દ્વારા સર્વે ગોપોને બોધ થવાનો સંભવ છે. સાધનદશામાં દ્વાદશીવ્રતમાં વરુણે કરેલા ઉપદ્રવને નિવૃત્ત કરીને તે કર્મથી નંદરાયજીને છોડાવ્યા. ફલપ્રકરણમાં અંબિકાવનગમનના પ્રસંગમાં સુદર્શન સર્પથી નંદરાયજીને છોડાવીને બીજી દેવતાના ઉદ્દેશથી કરેલાં કર્મોથી નંદરાયજીને છોડાવ્યા. આ પ્રકારનું સુદર્શન સર્પથી ઉત્પન્ન થતું દુઃખ નંદરાયજીએ અનુભવ્યું, અને તેમાંથી ભગવાને છોડાવ્યા, તેથી ભગવાનને સંતોષ થાય એવું જ કર્મ તેમણે કર્યું, એવો ભાવ છે. જો એમ શંકા થાય કે ઈન્દ્રયાગના ભંગની માફક ચાલતા પ્રસંગમાં પણ પૂજ્યદેવ તરીકે પોતે તે કર્મમાં પ્રવેશ શા માટે ન કરે? તો તેનો ઉત્તર 'આવશ્યકફલે'થી શરૂ કરી 'સંભવતિ' સુધીના વાક્યમાં આપે છે. દ્વાદશીવ્રત નામનું કાલપ્રધાન કર્મ પહેલાં જ થઈ ગયું, અને પછી તે કર્મ નિવૃત્ત (પુરું) થયું, તેથી તે કર્મોમાં ભગવાનનો પ્રવેશ સંભવતો નથી, એમ હોવાથી આ કાલપ્રધાન કર્મમાં ભગવાનનો આવેશ ન હોવાથી, તે કર્મની નિવૃત્તિ નહિ થાય એમ વિચાર્યું, તે કર્મમાંથી નિવૃત્ત કરવાને તે કર્મને લીધે વરુણે કરેલા ઉપદ્રવમાંથી શ્રીનંદરાયજીને છોડાવવાને ભગવાન્ પોતે ગયા, તે એમ વિચારીને કે તે દુઃખથી છોડાવવાથી તે કર્મમાં નંદરાયજીને અનાદર થશે, અને પછી જે કર્મથી ભગવાનને સંતોષ થાય, અને જે કર્મ ભક્તિમાર્ગની સરણિમાં સિદ્ધ હોય એવું જ કર્મ નંદરાયજી અને વ્રજવાસીઓ કરશે. આ પ્રકારે કર્મોના બંધનમાંથી વ્રજવાસીઓ છુટા થશે એવો ભાવ છે.

**સુ.**-પછી જે થયું તે 'પ્રાપ્તં વીક્ષ્ય' એ શ્લોકથી કહે છેઃ

**પ્રાપ્તં વીક્ષ્ય હૃષીકેશં લોકપાલઃ સપર્યયા।।**
**મહત્યા પૂજયિત્વાહ તદ્દર્શનમહોત્સવઃ।।૪।।**

લોકપાલ વરુણ હૃષીકેશ ભગવાનને પધારેલા જોઈને, પોતાની પાસે જે સામ્રગી હતી તે કરતાં પણ વિશેષ સામગ્રી એકઠી કરીને ભગવાનની પૂજા કરીને, તેમના દર્શનથી મોટા ઉત્સવવાળો થઈને, નીચે પ્રમાણે બોલ્યો. ૪.

**સુ.**- જો એમ શંકા થાય કે ભગવાન્ તો વરુણને ઘેર નંદરાયજીને છોડાવવાને ગયા હતા, અને અપકાર કરનારને ઘેર પૂજાનો સ્વીકાર કરવો જોઈએ નહિ, તો પછી વરુણે પૂજા કરી એમ શા માટે કહો છો? પૂજા કરી એમ કહેવું જોઈએ નહિ. તો તેના ઉત્તરમાં કહે છે કે સારી રીતે પધારેલા ભગવાનનું દર્શન કરીને વરુણે પૂજા કરી તેનો હેતુ એ છે કે ભગવાન્ હૃશીકેશ છે, આ ભગવાન્ ઈન્દ્રિયોના અધિપતિ છે. જો વરુણ પૂજા ન કરે તો તે સ્થાનનો ભોગ પછીથી તેને (પોતાની ઈન્દ્રિયોથી) થઈ શકે નહિ, અને નિવેદન કર્યા વિનાના પદાર્થોના ભોગથી દોષ થાય. જેમ દેવોમાં ઈન્દ્ર શ્રેષ્ઠ છે, તેમ દૈત્યોમાં વરુણ શ્રેષ્ઠ છે. જો અહિં જ (વ્રજમાં જ) તે લક્ષ્મીનું

(વરુણની લક્ષ્મીનું) ગ્રહણ કરે તો દૈત્યો (શરણે આવવાથી) તેમને હણી શકાય નહિ, તેથી વરુણલોકમાં જઈને જ તેના પદાર્થો વડે પૂજાનું ગ્રહણ કર્યું. ભગવાન્ ત્યાં ન પધારે તો ભિન્ન સ્થાનમાં (વરુણલોકમાં) ઉત્પન્ન થએલા પદાર્થો ભગવદ્ભક્તોને શુદ્ધિ હેતુ (ઉપયોગને માટે શુદ્ધ) ન થાય. જીવો તો ત્રણ પ્રકારના છે, એમ 'દેવમાનુષદાનવાઃ' એ સ્થલે કહ્યું છે, તેમાં મનુષ્યની આકૃતિથી ઈન્દ્રદેવે કરેલો અભિષેક અને દૈત્યોના રાજાએ કરેલી પૂજા ભગવાને ગ્રહણ કરી, તેથી તે સમયે સર્વ પદાર્થો પુષ્ટિને ઉપયોગી અને ફલસાધક થયા. તે વરુણે પોતાનું સર્વસ્વ નિવેદન કરીને ભગવાનની પૂજા કરી તે 'લોકપાલઃ સપર્યયા' એ પદોથી કહે છે. વરુણ તો સર્વ દૈત્યોના લોકનું પાલન કરે છે, તેથી પોતાની જેટલી પૂજાસામગ્રી હતી તેનાથી પણ અધિક કરી, અને આગળ ભવિષ્યમાં જે સામગ્રી પોતે ભોગ કરવાનો છે, તે પણ વચમાં ધરીને ભગવાનની પૂજા કરી, તે 'મહત્યા' પદથી કહે છે. માત્ર કાયિકી સેવા કરી એટલું જ નહિ, કિંતુ વચનથી પણ સેવા કરી, અને 'મન પૂર્વરૂપ છે અને વાણી ઉત્તરરૂપ છે' (દરેક વસ્તુ પ્રથમ મનમાં ઉત્પન્ન થઈને પછી વાણીમાં આવે છે), તેથી માનસિક પૂજાનો પ્રવેશ પણ વાચનિક પૂજામાં આવી જશે, તેથી હવે જે વરુણ કહેવાનો છે, તે આગલા શ્લોકમાં કહે છે. વળી ભગવાનના દર્શનથી જ વરુણને મોટો ઉત્સવ થયો. ભગવાનના પધારવાથી મોટો આનંદ થવો એ જ માનસિક પૂજા છે[1].

**લે.**– 'દૈત્યા ન હતા ભવેયુઃ' જો દૈત્યો અહિં વ્રજમાં આવે તો ભગવાનને શરણે જાય, તેથી તેમને મારી શકાય નહિ. 'અન્યથા' ત્યાં વરુણ લોકમાં ભગવાન્ જાય નહિ તો તે દેશની શુદ્ધિ થાય નહિ તેથી.

**યો.**– હૃષીકેશ પદનું તાત્પર્ય કહે છે, કે આ ભગવાન્ ઈન્દ્રિયોના અધિપતિ છે, અને સર્વે ભોગ ઈન્દ્રિયોથી જ સિદ્ધ થાય છે તેથી, અને ઈન્દ્રિયો હૃષીકેશ ભગવાનના નિયંત્રણમાં હોવાથી હૃષીકેશ ભગવાનની પૂજા વરુણ ન કરે તો હૃષીક (ઈન્દ્રિયો)નો ભોગ સિદ્ધ થાય નહિ, એવો ભાવ છે. 'યદિ અત્રૈવ તાં ગૃહ્ણીયાત્' વિગેરે. જો અત્ર–વ્રજમાં જ રહીને સેવા ગ્રહણ કરે, તો દૈત્યો અહિં આવે, અને ભગવાનની પૂજા થતી જુવે, અને તેમને સત્સંગ થવાથી તેમને શરણે આવવાનું જ મન થાય, અને તેથી તેમને હણી શકાય નહિ. 'અન્યથા ભિન્નસત્તાકે' વિગેરે. જો વરુણની પૂજા ભગવાન્ ગ્રહણ ન કરે તો ભગવાનના સંબંધી ભાવથી થતી શુદ્ધિ ત્યાં ઉત્પન્ન થએલા પદાર્થોમાં થાય નહિ, અને વરુણ વિગેરે ભગવદ્ભક્તોની શુદ્ધિના હેતુ તે પદાર્થો થાય નહિ. 'માનુષ્યાકૃત્યા' પછી 'અંગીકૃતાઃ' અધ્યાહાર સમજવું. અર્થ એ છે કે 'માનુષી આકૃતિ' એટલે સ્વરૂપ સૌંદર્યથી અંગીકૃત કરેલા છે. 'દેવોભિષેકેણ'–ઈન્દ્રદેવને તેણે કરેલા અભિષેકથી ભગવાને અંગીકાર કર્યો. 'દેવ' પદથી એમ સમજવું કે ઈન્દ્ર મુખ્ય હોવાથી તેનું ગ્રહણ કરવાથી સર્વે દેવોનું ગ્રહણ કર્યું.

'દૈત્યેશ્વરપૂજામ્' વિગેરે. દૈત્યોના રાજા વરુણની પૂજા ગ્રહણ કરવાથી, તેનો પણ અંગીકાર કર્યો. તેનો અંગીકાર કરવાથી જે ભક્તો હતા, તે સર્વેનો નિરોધ થયો, એમ જણાવ્યું. 'અગ્રે જાયમાનભોગમપિ મધ્યે નિવેશ્ય.' પોતાના સર્વે પદાર્થોની શુદ્ધિને માટે પૂજા કરવામાં આવે છે, કેમ કે પૂજામાં સર્વ પદાર્થોને ભગવદુચ્છિષ્ટ કરીને, તે ઉચ્છિષ્ટ પદાર્થોનો ભક્તોએ ભોગ કરવો, એવી માર્ગની મર્યાદા છે, એમ હોવાથી જે પદાર્થોનો ભોગ થવાનો છે, તેને પહેલાં સમર્પણ કરીને, સર્વ ભગવદીયો ભોગ કરે છે. વરુણે તો જે પદાર્થોનો ભોગ પોતે કરતો હતો, તે ભોગ નિવૃત્ત કરીને, તેણે તે પદાર્થોને ભગવાનને અર્પણ કર્યા, અને ભગવાનના ઉચ્છિષ્ટ થયા પછી પાછો પોતે ભોગ કરશે, એ આશયથી મૂલ શ્લોકમાં 'મહત્યા' પદ મૂક્યું છે, કિંતુ 'વાચનિકીમપિ'–વચનથી પણ સ્તુતિરૂપ પૂજા કરી એવો અર્થ છે. તે મૂલમાં 'પૂજયિત્વાહ' એ પદથી કહ્યું છે. માનસીપૂજા કેમ કહી નથી એવી આકાંક્ષા થાય તો તેના ઉત્તરમાં કહે છે કે માનસીપૂજાનો વાચનિકી પૂજામાં અંતર્ભાવ થાય છે. કેમ કે મન પૂર્વરૂપ છે અને વાણી ઉત્તરરૂપ છે, તેથી માનસીપૂજાનો વાણીની પૂજામાં પ્રવેશ થઈ જાય છે. વાણી ઉત્તરરૂપ હોવાથી તેનો પૂર્વરૂપ(મન)વિના સંભવ ન હોવાથી તેમાં માનસીનો પ્રવેશ થઈ જાય છે, તેથી માનસી પૂજા જુદી કહી નથી. બીજા પ્રકારથી માનસિકી પૂજા 'કિઞ્ચ' વિગેરેથી કહે છે. તેનો અર્થ એ છે કે વરુણને ભગવદ્દર્શનથી જે મહોત્સવ થયો એ મહોત્સવ માનસિકી પૂજારૂપ છે.

**સુ.**– જે સ્તુતિ કરવા યોગ્ય હોય તેણે ભગવાનની સ્તુતિ કરવી, અને ભગવાનના ગુણોનું વર્ણન કરવું. જો તેમ કરવાની શક્તિ ન હોય તો ભગવાને પોતાના ઉપર કરેલો ઉપકાર માત્ર વાણીથી કબૂલ કરવો, તે 'અદ્ય મે વિધૃતો દેહઃ' શ્લોકથી કહે છે :

॥ વરુણ ઉવાચ ॥

**અદ્ય મે વિધૃતો દેહોદ્યૈવાર્થોધિગતઃ પ્રભો ॥**

**યત્પાદભાજો ભગવન્નવાપુઃ પારમધ્વનઃ ॥૫॥**

વરુણ કહે છેઃ– હે પ્રભુ ! આજે જે મેં વિશેષે કરીને દેહ ધારણ કર્યો. આજે જ મને પુરુષાર્થ સિદ્ધ થયો, કેમ કે હે ભગવન્ ! તમારા ચરણનું જે ભજન કરે છે તે જ માર્ગના પારને પામે છે. ૫.

**સુ.**– જો કે મને દેવયોનિ પ્રાપ્ત થઈ છે, તથાપિ અધિપતિપણું તો દૈત્યો ઉપર જ છે, તેથી તેમના સંગથી ભગવાનમાં પરાયણ મારાથી થવાતું નથી, તે કારણથી પ્રાપ્ત થએલી ઉત્તમ યોનિ નહિ પ્રાપ્ત થએલા જેવી જ છે. હમણાં સ્વામીના દર્શનથી મને ફલ પ્રાપ્ત થયું તેથી સાધનનો અભાવ હોવા છતાં, મારો જન્મ સફલ થયો, તે કહે છે કે આજે જ મેં વિશેષે કરીને દેહ ધારણ કર્યો. જો એમ

શંકા થાય કે પોતે સાધનપરાયણ થયો હશે, તો તેનું નિરાકરણ કરતાં સફલતાનો હેતુ કહે છે કે આજે જ મને પુરુષાર્થ પ્રાપ્ત થયો. જો એમ શંકા થાય કે સાધન કર્યા વિના ફલ કેમ થાય ? અને સાધનનો અંગીકાર જો કરે તો આજે જ સફલપણું બાધિત થાય (સાધન આજે કરવા માંડે તો ફલ આજે ને આજે કેવી રીતે થાય ?), તો તેના ઉત્તરમાં કહે છે કે તમે પ્રભુ છો. સાધન ન કર્યા છતાં, તમે ફલ આપવાને સમર્થ છો, કારણ કે સાધનતા પણ તમે જ કહેલી છે, (સાધન કરાવવું પણ તમારા જ હાથમાં છે). જો એમ શંકા થાય કે આમ અલૌકિક કેવી રીતે થાય ? તો તેના ઉત્તરમાં 'યત્પાદભાજઃ' (તમારા ચરણનું જે ભજન કરે છે) વિગેરે પદ કહે છે. જ્યાં તમારા સેવકો પણ અલૌકિક કાર્ય કરે છે, તો તમે કરો તેમાં આશ્ચર્ય શું ? ભગવાનના ચરણારવિંદને જે ભક્તો ભજે છે, તે માર્ગના પારને પામે છે, એમને ચરણથી આગળ જવાપણું રહેતું નથી. લોકમાં જેમને ચરણનો સમાગમ થાય છે તેઓને તો જવાપણું રહે છે. જેમ કે પાદુકાઓને સમાગમ થવાથી તેમને આગળ જવાપણું રહે છે. જો એમ ન હોત તો કોઈ પણ પાદુકાઓને ચરણમાં પહેરે નહિ. તેથી જેમ આ વિપરીત છે, તેમ ફલ પણ વિપરીત છે. આથી એમ સિદ્ધ કર્યું કે સ્વામીનું દર્શન, ભક્તિ, પૂજા વિગેરે પણ સાધન નથી (પણ ફલ છે), કેમ કે આનંદનિધિ ભગવાનને પ્રાપ્ત કર્યા પછી બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી.

**યો.**– 'લોકે ચરણસમાગતા ગચ્છન્તિ !' ચરણ ગતિવાળા હોવાથી પાદુકાઓ વિગેરે જેમને ચરણનો સમાગમ થાય છે તે (પાદુકા વિગેરે) ગતિમાન (ચાલતા) થાય છે. 'અતો યથૈતદ્ વિપરીતમ્' વિગેરે, ભગવાનના ચરણના સમાગમવાળાને તો તે ભ્રમણશીલ (ભમતો) હોય તે છતાં તે સર્વ ગતિરહિત થઈ જાય છે, તે જેમ (લૌકિકથી) વિપરીત છે, તેમ ફલ પણ વિપરીત છે, કેમ કે ગતિરહિત છતાં (ચાલતો ન હોવા છતાં) તે માર્ગના પારને પામે છે.

**સુ.**– આમ હોવાથી જેનો જન્મ સફલ થયો છે, અને જેને ફલ પ્રાપ્ત થયું છે, તેણે ભગવાન્‌ને વિષે જે કરવું જોઈએ તે 'નમસ્તુભ્યમ્' શ્લોકથી કહે છેઃ

**નમસ્તુભ્યં ભગવતે બ્રહ્મણે પરમાત્મને ।।**
**ન યત્ર શ્રૂયતે માયા લોકસૃષ્ટિવિકલ્પના ।।૬।।**

જેના મને સાક્ષાત્ દર્શન થાય છે એવા તમને, ભગવાન્‌ને, બ્રહ્મને, પરમાત્માને, જેમને વિષે લોકની સૃષ્ટિને માટે, અથવા સૃષ્ટિની વિશેષ કલ્પના કરવામાં આવે છે તે માયા છે જ નહિ, તેમને નમસ્કાર હો. ૬.

**સુ.**– જીવોને નમસ્કાર કરવા જોઈએ નહિ, કારણ કે (જીવો તરીકે)

એકબીજાને તેઓ તુલ્ય છે, અને દેહ વિગેરે આગંતુક છે, (આવી પડેલા છે, નિત્ય નથી), તેથી ભગવાનને જ નમસ્કાર કરવા જોઈએ, અને તે પણ જો સર્વ સિદ્ધાંતોથી સિદ્ધ હોય તો જ તેને નમસ્કાર કરવા જોઈએ. મોહક શાસ્ત્રથી ઉત્પન્ન થતા મોહથી રહિત સંત પુરુષોને જે વિષયમાં (ઉપાસ્યરૂપોમાં) વિવાદ હોય તે ઉપાસ્યરૂપો ભક્તિમાર્ગમાં સેવ્ય પુરુષોત્તમ કરતાં દુર્બલ છે, એમ માનવું જોઈએ, માટે શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોમાં જે ઉપાસ્ય રૂપને વિષે એક વાક્યતા હોય તેને જ નમસ્કાર કરવા જોઈએ. એમાં પણ જો તેવો અનુભવ ન થાય તો તેને નમસ્કાર કરવા જોઈએ નહિ. કેમ કે મોટાઓનું પણ અંતઃકરણ (અનુભવ) પ્રમાણરૂપ છે, તેથી 'તુભ્યમ્, ભગવતે, બ્રહ્મણે અને પરમાત્મને' એમ ચાર પદો કહ્યાં છે. 'તુભ્યમ્' એટલે તમને, જેનું સાક્ષાત્ મને દર્શન થાય છે તેને. 'ભગવતે' એટલે વૈષ્ણવ સિદ્ધાંતથી જે ભગવાન્ સિદ્ધ થાય છે તેને. 'બ્રહ્મણે' એટલે જે શ્રુતિ અથવા વેદથી સિદ્ધ છે તેને. 'પરમાત્મને' એટલે સ્મૃતિથી જે સિદ્ધ છે તેને. વેદથી જુદા પક્ષનાં જે શાસ્ત્રો છે, તેમાં માયાનો સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં ઉપયોગ, કરણ (સાધન) તરીકે, અથવા પ્રકૃતિ તરીકે, અથવા પાખંડ શાસ્ત્રોમાં નિમિત્ત તરીકે થએલો છે, તે માયા જો ભગવાનમાં છે જ નહિ તો તે માયાથી ઉત્પન્ન થતા દોષો કામ વિગેરે ભગવાનમાં ન હોય એમાં કહેવું જ શું. માટે આત્મા આત્મા તરીકે સિદ્ધ હોવાથી, દોષોનો અભાવ હોવાથી, ભગવાનને કાંઈ પણ વિજ્ઞાપના કરવાની રહેતી નથી, તે અભિપ્રાયથી 'ન યત્ર શ્રૂયતે માયા' એ પદો કહ્યાં છે. લોકોની સૃષ્ટિ કરવાને માટે અથવા સૃષ્ટિરૂપે અથવા કાર્યકારણરૂપ વિશેષ કલ્પના જેનાથી થાય છે, એવી સર્વ માયાનો જો નિષેધ ભગવાન્માં છે તો પછી તેમને કાંઈ પણ વિજ્ઞાપના કરવાનું રહેતું નથી.

**ટિ.**– 'વિવાદે સત્સુ' વિગેરે. કર્મકાંડમાં કહ્યું છે કે 'જ્યાં સુધી મનુષ્ય જીવે ત્યાં સુધી અગ્નિહોત્ર કરવો જોઈએ'. એથી ઉલટું અન્યત્ર એમ પણ કહ્યું છે કે 'જે દિવસે વૈરાગ્ય આવે તે જ દિવસે સંન્યાસ લેવો'. અને ગીતાજીમાં અ.૨।૪૩ માં કહ્યું છે કે 'પુષ્કલ ક્રિયાઓ કરવાનું કહેનારી પુષ્પ જેવી સુંદર વાણી' વિગેરે. આમ વિરોધ હોવાથી જુદા જુદા ઉપાસ્યોને (સર્વને) કેમ નમસ્કાર ન કરવા ? આમ શંકા થાય તો વિષયની વ્યવસ્થા 'વિવાદે' વિગેરેથી કરે છે, કે સત્પુરુષોમાં જે વિષયમાં વિવાદ હોય, તે દુર્બલ સમજવો. કર્મ તો હીન(હલકું) છે, કેમ કે દેહ વિગેરેના અધ્યાસને લીધે તેમાં અધિકાર માનવામાં આવે છે, અને તેનું મૂલ અજ્ઞાન છે, અને ભગવાનનું વચન છે કે 'મારી ભક્તિવાળો જે છે અને મારારૂપ જે યોગી છે તેને જ્ઞાન અને વૈરાગ્ય ઘણું ખરું અહિં કલ્યાણકારક નથી'. આ કારણને લીધે ભક્તિમાર્ગ કરતાં બીજા માર્ગો દુર્બલ છે. તે તે માર્ગોમાં જે ઉપાસ્યરૂપો છે, તેઓ ભક્તિમાર્ગમાં સેવ્ય પુરુષોત્તમના રૂપ કરતાં દુર્બલ છે. જે દશામાં ભક્તિમાર્ગનું જ્ઞાન

નથી, તે જ દશામાં તેમની ઉપાસના કરાય છે, તેથી તેઓ દુર્બલ છે, અને તેથી ભગવાને કહ્યું છે કે 'મારી કથાના શ્રવણ વિગેરેમાં જ્યાં સુધી શ્રદ્ધા ન થાય ત્યાં સુધી બીજું કર્તવ્ય રહે છે'. ચાર્વાક વિગેરે ઈશ્વરને માનતા જ નથી, તેથી ઈશ્વર પણ સર્વ સિદ્ધાંતથી સિદ્ધ નથી, અને વળી જેઓ ઈશ્વરને માને છે, તેઓમાં પણ આ (કૃષ્ણનું) સ્વરૂપ શુદ્ધ બ્રહ્મરૂપ છે, એમ સર્વેને સંમત નથી, એમ શંકા થાય તો તેનું સમાધાન 'સત્સુ' વિગેરેથી કરે છે. 'જે મોહક શાસ્ત્રોથી ઉત્પન્ન થતા મોહથી રહિત છે તે સંત કહેવાય છે', તેઓમાં પરસ્પર જે વિષયમાં (ઉપાસ્ય રૂપોમાં) વિવાદ છે તે વિષય દુર્બલ છે, તેથી જ આગળ કહ્યું છે કે શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોમાં જેની એકવાક્યતા હોય (જે ત્રણેને સંમત હોય) તેને નમસ્કાર કરવા. 'લોકાનામ્' વિગેરે, જેઓ માયાથી મોહિત થયા છે, તેઓ જ એવી કલ્પના કરે છે, કે સૃષ્ટને માટે અથવા સૃષ્ટિરૂપથી માયા છે. કાર્ય એટલે મોહ, અને કારણ એટલે માયા એ કાર્યકારણરૂપિણી પદનો અર્થ છે.

**લે.**– 'પ્રધાનત્વેન'–પ્રકૃતિ તરીકે. 'નિમિત્તત્વેન' કર્તા તરીકે.

**યો.**– 'ચતુષ્ટયમાહ' શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને અનુભવ એ ચાર કહે છે, તે ચાર પદથી કહે છે.–(૧) તુભ્યમ્ (૨) ભગવતે (૩) બ્રહ્મણે અને (૪) પરમાત્મને એમ ચાર વિશેષણથી શરૂ કરીને 'સ્માર્તાય' સુધી. 'સાક્ષાત્કૃતાય' જે અનુભવથી સિદ્ધ છે તેને. 'વૈષ્ણવસિદ્ધાંતસિદ્ધાય' જે પુરાણથી સિદ્ધ છે તેને. 'બ્રહ્મણે'–જે શ્રુતિથી સિદ્ધ છે તેને. 'સ્માર્તાય–જે સ્મૃતિથી સિદ્ધ છે તેને. 'પ્રધાનત્વેન'–પ્રકૃતિ તરીકે. 'પાષણ્ડેષુ'–માયાવાદ વિગેરે માર્ગોમાં. 'નિમિત્તત્વેન'–કર્તા તરીકે. માયાવાદી મતમાં માયાને કર્તા તરીકે સ્વીકારેલી છે, તેથી તેને પાખંડમાર્ગ કહ્યો છે.

**સુ.**– આ પ્રકારે માયાનો નિષેધ કરેલો હોવાથી કાંઈ પણ વિજ્ઞાપના કરવાનું રહેતું નથી) તે છતાં પોતાના અપરાધનું નિવેદન કરવું જોઈએ. જો ન કરે તો પોતાના કૃત્યથી જ પોતાનો નાશ કરે, તેથી 'અજાનતા' વિગેરે શ્લોક કહે છે :

**અજાનતા મામકેન મૂઢેનાકાર્યવેદિના ।।**
**આનીતોયં તવ પિતા તદ્ ભવાન્ ક્ષન્તુમર્હતિ ।।૭।।**

મારો સેવક જે ધર્મનું તત્ત્વ જાણતો નથી, અને નંદરાયજીનો તમારી સાથેનો સંબંધ પણ જાણતો નથી, તે મૂઢ હોવાથી, અને શું કરવું અને શું ન કરવું તેનું જ્ઞાન ન હોવાથી, આ તમારા પિતાને લઈ આવ્યો છે, તેથી તમારે મને ક્ષમા કરવી જોઈએ.

**સુ.**– મારા સેવકને ધર્મના તત્ત્વનું જ્ઞાન નહિ હોવાથી, અને (નંદરાયજીને) તમારો સંબંધ છે, એવું જ્ઞાન નહિ હોવાથી, આ તમારા પિતા જેને તમે લીલામાં પિતા તરીકે માન્ય કરેલા છે, તેને તે સેવક લઈ આવ્યો. જો સ્વરૂપથી જ આ

નંદરાયજીમાં ઉત્કર્ષ હોત તો મારો સેવક અજ્ઞાની છતાં તેમને લાવત નહિ. તમારો સંબંધ તેણે જાણ્યો નહિ તે અજ્ઞાનને લીધે. વળી તેને વૈષ્ણવધર્મનું પણ જ્ઞાન ન હતું, તે અજ્ઞાનનું કારણ એ કે તે મારો (દૈત્યનો) સેવક હતો. જો આ દૈત્ય (સેવક) ભગવાનના ધર્મોને જાણે તો એનું દૈત્યપણું જ જતું રહે, તો પછી કોઈ પણ મારો સેવક રહે નહિ. આ સેવકને સ્વતઃ જ્ઞાન નથી કેમ કે એ મૂઢ છે. જો એમ શંકા થાય કે સેવકે તો સ્વામીએ જે કહ્યું હોય તે જ કરવું જોઈએ, તો પછી સ્વામીની આજ્ઞા વિના કેવી રીતે લઈ આવ્યો ? તો તેનો ઉત્તર 'અકાર્યવેદિના' પદથી આપ્યો છે. શું કરવું અને શું ન કરવું એવું જ્ઞાન એને નથી, તેથી પોતાના કાર્યનું જ્ઞાન એને નથી. સામાન્ય રીતે કહેલું (આજ્ઞા આપેલી) હોય છતાં કરનારે વિશેષ પ્રકારે (વિચાર કરીને) કરવું જોઈએ (તે આ સેવકમાં નથી), તેથી આનો સ્વાભાવિક જ દોષ છે. આ તમારા પિતા આગળ ધ્રૂજતા ઉભા છે, તેથી હે સ્વામિન્ ! લીલામાં મેં અપરાધ કર્યો છે, તે તમારે ક્ષમા કરવી યોગ્ય છે. 'તવ પિતા' એ વચનથી જેમ (લીલામાં જ પિતા તરીકે સ્વીકાર કરેલો છે તેમ) લીલામાં જ આ અપરાધનો પ્રવેશ થાય છે, તેથી તે સહન કરવો જોઈએ. લીલામાં જેમનો પ્રવેશ છે, તેમનાથી (ખરી રીતે) અપરાધ થતો જ નથી, તેથી 'ભવાન્' પદ પણ કહ્યું છે, એનો અર્થ એ છે કે આપ પોતે જ ક્ષમા કરવાને યોગ્ય છો, હું ક્ષમાને યોગ્ય નથી.

'ગોવિન્દ નીયતામ્' વિગેરે શ્લોક કોઈક ગ્રંથમાં છે તે વિગીત (પ્રક્ષિપ્ત) છે, તે શ્લોકમાં કહ્યા પ્રમાણે જો વરુણ બોલે તો તે અપરાધી થાય.

ટિ.- 'અયં તવ પિતા', આ તમારા પિતા. અહિં 'અયમ્ ઈદમ્' શબ્દનું રૂપ છે, અને તેના વિના પણ ચાલી શકે એમ છે, તે છતાં પણ 'આ' પદ મૂક્યું છે તેનો અર્થ શ્રીસુબોધિનીજીમાં 'આગળ ધ્રૂજતા ઉભા છે' એમ કર્યો છે. તેમાં ધ્રૂજવાનું કારણ ભગવાનના ઐશ્વર્યના દર્શનથી ઉત્પન્ન થતો સાત્ત્વિકભાવ છે એમ સમજવું.

યો.- 'તવ પિતેતિવચનાદપરાધઃ સોઢઃ' ('સોઢવ્યઃ'ને બદલે 'સોઢઃ' પાઠ યોજનાકારે સ્વીકાર્યો છે). 'તમારા પિતા' એમ વચન કહેવાથી વરુણે લીલાનું મુખ્યત્વ સ્વીકાર્યું, લીલામાં જ નંદરાયજીનું પિતૃત્વ છે, તે તમારા પિતા એ પદોથી કહ્યું. કેવલ બ્રહ્મધર્મોનો ભગવાન્‌માં વરુણ અંગીકાર કરે તો ભગવાનને જન્મ ન હોવાથી વ્રજપતિ નંદરાયજીનો પિતા તરીકે સંભવ જ નથી, પણ ભગવાને નંદરાયજીને લીલામાં જ પિતા તરીકે અંગીકાર કર્યા છે, અને વરુણે પણ ભગવાને અંગીકાર કરેલા પિતા પોતે પણ 'તમારા પિતા' એમ કહીને અંગીકાર કર્યા, તેથી ભગવાન્ સંતોષ પામે અને વરુણનો અપરાધ સહન કરે એમ અર્થ છે.

**સુ.**- એ પ્રકારે વરુણે પ્રાર્થના કરવાથી, ભગવાન્ જે તેના સિંહાસન પર

બેઠેલા હતા, તેમણે તેને (વરુણને) કૃતાર્થ કરીને ત્યાંથી પાછા આવ્યા, તે 'એવમ્' એ શ્લોકથી કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**એવં પ્રસાદિતઃ કૃષ્ણો ભગવાનીશ્વરેશ્વરઃ ॥**
**આદાયાગાત્ સ્વપિતરં બન્ધૂનાં ચાવહન્ મુદમ્ ॥**

શ્રીશુકદેવજી કહે છેઃ- આ પ્રકારે વરુણે પ્રસન્ન કરેલા કૃષ્ણ ભગવાન્ પોતે ઈશ્વરોના ઈશ્વર હોવાથી, પોતાના પિતાને લઈને બંધુઓને આનંદ પમાડતા પાછા આવ્યા.

**સુ.**- વરુણે ભગવાનને પ્રસન્ન કર્યા, તેથી તેના સેવકના અપરાધથી તેને દંડ કર્યા વિના જ કૃષ્ણ જે સદાનંદ છે, તેણે વરુણને પણ આનંદ કરાવીને, ત્યાંથી પાછા આવવામાં અથવા નંદરાયજીને પાછા લાવવામાં જેને કાંઈ પણ પ્રાર્થના કરવાનું નથી, કેમ કે પોતે ભગવાન્ હોવાથી સર્વશક્તિવાળા છે, તે પોતાના પિતાને લઈને પાછા આવ્યા. ભગવાનના સ્પર્શથી દૈત્યના સંબંધથી થએલો દોષ દૂર થયો. જો એમ શંકા થાય કે ભગવાનની સાથે વરુણે આવવું જોઈતું હતું, અને ભગવાન્ જેમ આજ્ઞા કરે તે પ્રમાણે ચાલવું જોઈતું હતું, તે કેમ આવ્યો નહિ ? તો તેનો ઉત્તર કહે છે કે ભગવાન્ ઈશ્વરોના પણ ઈશ્વર છે. ઈશ્વરોના ઈશ્વર અને નિયંતા ભગવાન્ હોવાથી, વરુણ વિગેરેથી તેમની આજ્ઞા ઓળંગી શકાય તેમ ન હોવાથી, અને સ્વામીની લીલાને સ્થાને જવું નહિ એમ નીતિશાસ્ત્રમાં હોવાથી, વરુણ આવ્યો નહિ. ભગવાનને પાછા આવવામાં સાધન વિગેરેની અપેક્ષા નથી, તેથી સ્મરણ માત્રથી જ ગોકુલમાં આવ્યા, અને આવીને બંધુઓને આનંદ પમાડ્યા, અથવા આનંદ પમાડતા ગોકુલમાં આવ્યા.

**સુ.**- જેમ ભગવાનનું એક વચન બહુ કાર્ય કરે છે, તેમ ભગવાનની આ કૃતિએ પણ બહુ કાર્ય કર્યું, તેથી આગળનું વૃતાંત 'નન્દસ્તુ' એ શ્લોકથી કહે છેઃ

**નન્દસ્ત્વતીન્દ્રિયં દૃષ્ટ્વા લોકપાલં મહોદયમ્ ॥**
**કૃષ્ણે ચ સન્નતિં તેષાં જ્ઞાતિભ્યો વિસ્મિતોબ્રવીત્ ॥૯॥**

નંદરાયજી તો વરુણલોકપાલનો મોટો વૈભવ જ્યાં છે, એવાં અતીન્દ્રિય વરુણલોકનું દર્શન કરીને, અને ત્યાંના લોકોને કૃષ્ણને સારી રીતે પ્રણામ કરતા જોઈને, વિસ્મય પામ્યા, અને પોતાના જ્ઞાતિજનને કહેવા લાગ્યા. ૯.

**સુ.**- જો કે નંદરાયજીને વરુણનો સેવક લઈ ગયો હતો, અને ત્યાં વરુણલોક માં જ તેમને મૂક્યા હતા, તો પણ ત્યાં નંદરાયને કાંઈ પણ દર્શન થયાં નહિ, અને પછી ભગવાનના પધાર્યા બાદ સર્વનું દર્શન થયું, તેથી નંદરાયજીને જે પ્રાકૃત

ઈન્દ્રિયથી દર્શન થઈ શકે નહિ તેનાં દર્શન થયાં. આ પ્રકારે જે પ્રાકૃત ઈન્દ્રિયથી દર્શન ન થઈ શકે તેનું દર્શન કરવામાં જે અતીન્દ્રિયપણું પ્રાપ્ત થયું તેનો હેતુ જણાવતાં કહે છે કે ત્યાંનું સર્વ અતીન્દ્રિય હતું. ત્યાં લોકપાલ વરુણનો મોટો વૈભવ હતો, વળી જેની સાથે આપણે (નંદરાયજી વિગેરે) કૃષ્ણ તરીકે ગમે તે પ્રકારે વ્યવહાર કરીએ છીએ, એવા કૃષ્ણને તેઓ પોતે ગર્ભમાંથી જ દાસ હોય એવી રીતે સારી રીતે પ્રણામ કરતા હતા. આવું ત્યાંના સ્ત્રી પુરુષ સર્વેનું ભગવાનનું સેવકપણું જોઈને, નંદરાયજી ઉપનંદ વિગેરે જ્ઞાતિના ગોપોને કહેવા લાગ્યા. જો એમ શંકા થાય કે ભગવાને નંદરાયજીને તેમને પોતાને માટે જ આવી અતીન્દ્રિય વસ્તુઓનું દર્શન કરાવ્યું હતું, તે બીજાઓને તેમણે કહેવું જોઈએ નહિ, તો પછી નંદરાયજીએ બીજાઓને કેમ કહ્યું ? તો તેનો ઉત્તર 'વિસ્મિતઃ' પદથી આપે છે. તેમને આશ્ચર્યરસ જ ઉત્પન્ન થયો, તેથી ભગવાનને પુત્ર તરીકે નંદરાયજી અંગીકાર કરી શક્યા નહિ, સર્વથા આ મારો પુત્ર છે જ નહિ. ગર્ગાચાર્ય કાં તો જુઠું બોલે છે, અથવા તો એને ભ્રાંતિ થઈ છે. એમ હોવાથી હવે શું કરવું તેનો વિચાર કરવો જોઈએ. કાં તો કાંઈક પ્રાર્થના કરીને માગવું કે વિશેષ શરણાગતિ કરવી ? એ બંને બાબતોમાં એટલે શરણાગતિને માટે અથવા તો ફલને માટે પ્રથમ ભગવાનનું નિશ્ચય કરેલું સ્વરૂપ જાણવું જોઈએ. આ બધા ઉત્કર્ષો (જે આપણે જોઈએ છીએ તે તો) અવાંતર ભેદ છે, માટે ભગવાનનો પરમ ઉત્કર્ષ શું છે ? તે જાણવું જોઈએ (ભગવાનનું ખરું સ્વરૂપ સમજવું જોઈએ). પછી ફલની પ્રાર્થના કરવી અથવા તો શરણાગતિ કરવી, એમ નિશ્ચય કરીને પ્રથમ ભગવાનના ઉત્કર્ષનાં દર્શન કરવાને માટે ઉત્સુક થયા.

ટિ.– 'યથૈક વચનમ્' વિગેરે. ગાયોના યજ્ઞ કરાવવાનું જણાવનારા ભગવાનના એક વચને અનેક કાર્યો કર્યા. વ્રજને અનન્ય કર્યું. ઈન્દ્રનો માનભંગ કર્યો. ગોવર્ધનનું ઉદ્ધરણ કર્યું. વ્રજના જનોનું આપ્યાયન (ક્ષુધાતૃષાની પૂર્તિ) કર્યું. ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન કરાવ્યું. ઈન્દ્ર પાસે ભગવાનને પ્રણામ કરાવ્યા. ગોવિંદ નામ ધારણ કરાવ્યું. એ પ્રકારે અનેક કાર્ય કરાવ્યાં. તે પ્રકારે ભગવાનની એક કૃતિ પણ અનેક કાર્ય કરે છે.

**લે.**– વરુણલોકમાં રહેલા નંદરાયજીને જો પહેલાં જ દર્શન થાત, તો તે લોક પોતાની પાસે જ હોવાથી દર્શન થાત, તેથી તે લોક અતીન્દ્રિય (પ્રાકૃત ઈન્દ્રિયથી ન જોવાય એવો) ન થાત, તેથી, ભગવાનના પધાર્યા પછી ભગવદ્દષ્ટિથી જ નંદરાયજીને દર્શન થયું, તે આશયથી 'નીતોપિ' (લઈ ગયો હતો.... તો પણ) વિગેરે શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે.

**સુ.**– પછી તે કૃષ્ણ પરમેશ્વર છે, એમ તેમણે બીલકુલ સંદેહ વિના જાણ્યું, (પણ) જ્યાં સુધી પરમેશ્વર તરીકે દર્શન ન થાય ત્યાં સુધી સારી પ્રતીતિ (ખરેખરો વિશ્વાસ) થતી નથી, તેથી ગોપો જેઓ ખાસ જ્ઞાન વિનાના જ હતા, તેઓએ

ભગવાનની કાંઈક પ્રાર્થના કરી તે 'તે તુ' એ શ્લોકથી કહે છેઃ

**તે ત્વૌત્સુક્યધિયો રાજન્ મત્વા ગોપાસ્તમીશ્વરમ્ ।।**
**અપિ નઃ સ્વગતિં સૂક્ષ્મામુપાધાસ્યદધીશ્વરઃ ।।૧૦।।**

હે રાજન્ ! તે ગોપો તે કૃષ્ણને ઈશ્વર માનીને ઉત્સુક બુદ્ધિવાળા થયા. તે આપણા સ્વામી આપણી નિકટમાં પોતાનું વૈકુંઠનામનું સૂક્ષ્મધામ શું પ્રકટ કરશે ? ૧૦.

**સુ.**– 'તુ' શબ્દથી એમ જણાવ્યું કે તેમને બીજી કાંઈ શંકા ઉત્પન્ન જ થઈ નહિ, તેમ જ તેમાં કાંઈ અસંભવ પણ લાગ્યો નહિ. કિંતુ દર્શનને માટે ઉત્સુક બુદ્ધિ-વાળા જ તેઓ થયા. 'રાજન્' એ શબ્દથી એમ જણાવ્યું કે રાજાઓ પણ એ પ્રમાણે ઉત્સુક થાય છે. તેમ થવાથી આ ઈશ્વર છે એમ તેમને નિશ્ચય થયો. 'અપિ' સંભાવનાના અર્થમાં છે. ઈશ્વર મિત્ર થવાથી પોતાના સ્થાનના દર્શન આપણને કરાવશે (એવી સંભાવના છે), અને જો આપણને માનશે નહિ તો દંડ કરશે, એમ નિશ્ચય કરીને તેઓએ એવો મનોરથ કર્યો કે આપણા સ્વામી વૈકુંઠનામનું પોતાનું સૂક્ષ્મધામ શું આપણી પાસે લાવશે ? શું આપણી નિકટમાં તેને પ્રકટ કરશે ? જો કે તે ગોપોને પોતાને તે પ્રકારનું કાંઈ પણ સાધન નથી તો પણ ભગવદૈશ્વર્યને લીધે એ ફલ થશે. (એમ તેઓએ માન્યું).

**લે.**– 'પ્રાર્થિતવન્તઃ' પછી 'મનસિ' અધ્યાહાર સમજવું. 'અપિ' શ્લોકમાં છે તેનો અર્થ સંભાવના છે. તેનું તાત્પર્ય 'અથ યદિ' વિગેરેથી શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે.

**સુ.**– એ પ્રકારે તેઓએ વિચાર કર્યો, ત્યાર પછી ભગવાને જે કર્યું, તે 'ઈતિ' એ શ્લોકથી કહે છે :

**ઈતિ સ્વાનાં સ ભગવાન્ વિજ્ઞાયાખિલદૃક્ સ્વયમ્ ।।**
**સંકલ્પસિદ્ધયે તેષાં કૃપયૈતદચિન્તયત્ ।।૧૧।।**

આ પ્રકારે પોતાના ભક્તોનો તે પોતે ભગવાન્ હોવાથી વિચાર જાણીને, પોતાને સર્વનું જ્ઞાન હોવાથી, તેમના સંકલ્પની સિદ્ધને માટે કૃપાથી નીચે પ્રકારે વિચાર કર્યો. ૧૧.

**સુ.**– 'સ્વાઃ' પોતાના ભક્તો. ભક્તની ઈચ્છા તો પૂર્ણ કરવી જ જોઈએ, કારણ કે ભગવાન્ તેમને માટે જ પધારેલા છે. વળી તેમને કાંઈ અશક્ય નથી, કેમ કે તે પોતે ભગવાન્ છે. (ઐશ્વર્ય વિગેરે છ ગુણોવાળા છે.) ગોપોએ તો પોતપોતામાં જ સંકલ્પ કર્યો, તેમણે તો ભગવાનની પ્રાર્થના પણ કરી નહિ, તથાપિ પોતે ભક્તોની કામના પૂર્ણ કરનાર હોવાથી તે સંકલ્પ જાણીને હવે આગળ કહેવામાં આવશે તેનો

વિચાર કર્યો એવો સંબંધ છે. ભગવાને જાણ્યું અને ઉપાયને શોધ્યો વિગેરેમાં તેમને સામર્થ્ય છે તે 'અખિલદૃક્' શબ્દથી કહ્યું છે. સર્વદા સર્વને પોતે જાતે જ જુએ છે, તેને તો કાંઈ પણ સાધન વિગેરેની અપેક્ષા નથી. તે ગોપોના સંકલ્પનો નિર્વાહ કરવાને માટે આ જે હવે કહેવામાં આવશે તેનો વિચાર કર્યો. શું આ ગોપોને સાધનમાં યોજવા ? (કે જે સાધન કરવાથી તેમને વૈકુંઠદર્શનરૂપી ફલ સિદ્ધ થાય), કે મર્યાદાનું ઉલ્લંઘન કરીને (કાંઈ પણ સાધન કરાવ્યા વિના) ફલ જ આપી દેવું ? જો સાધનમાં પ્રવૃત્તિ કરે તો તેમને ક્લેશ જ થાય, તેથી કૃપાથી બીજો પક્ષ જ પોતે કર્તવ્ય તરીકે વિચાર્યો (સ્વીકાર કર્યો) એવો અર્થ છે.

**સુ.**– ભગવાને જે વિચાર કર્યો તે 'જનઃ' એ શ્લોકથી કહે છેઃ

**જનો વૈ લોક એતસ્મિન્નવિદ્યાકામકર્મભિઃ ।।**
**ઉચ્ચાવચાસુ ગતિષુ ન વેદ સ્વાં ગતિં ભ્રમન્ ।।૧૨।।**

આ લોકમાં અવિદ્યા, તેનાથી થતા કામ અને તેનાથી થતા કર્મો વડે ઉંચી–નીચી ગતિઓમાં ભ્રમણ કરતો મનુષ્ય નિશ્ચય પોતાની ગતિને જાણતો નથી. ૧૨.

**સુ.**– આ લોકની અંદર જે જન્મે છે, તે સામાન્ય રીતે જ પોતાની ગતિ જાણતો નથી, પોતાની ગતિનું જ્ઞાન થયા પછી પોતાના દોષની નિવૃત્તિ કરીને, તેની પ્રાપ્તિના ઉપાયનું જ્ઞાન મેળવવું જોઈએ. પછી ક્રમથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સાધન કરવાં જોઈએ. પછી આત્મપ્રાપ્તિ થાય. પછી બ્રહ્માત્મભાવ થાય. પછી ભક્તિ થાય. પછી ભગવાનનું જ્ઞાન થાય. ત્યાર પછી મારા (ભગવાનના) સ્થાનનું દર્શન થાય. આ બધું આ ગોપોને કરોડો જન્મે પણ થઈ શકે નહિ. તેથી પ્રથમ પક્ષમાં (સાધનના પક્ષમાં) એમનો અધિકાર નથી, તે કહે છે કે નક્કી આ અતિ તામસ લોકમાં જન્મેલો, દુષ્ટતાના પરિણામને પામેલો (મનુષ્ય) પોતાની ગતિ જાણતો નથી. તેનું કારણ 'અવિદ્યાકામકર્મભિઃ' પદથી કહે છે. પહેલાં તો પંચપર્વા અવિદ્યા જીવને વિંટળાઈને રહે છે, પછી તેના સંબંધને લીધે તેને કામ થાય છે, તેથી નાના પ્રકારના કર્મો કરે છે. એ કર્મો વડે એનો જન્મ થાય છે. માટે જે મૂલથી અશુદ્ધ છે તે ઉત્કૃષ્ટ ગતિને કેવી રીતે પ્રાપ્ત કરે ?

## શ્રીગુસાંઈજીનો સ્વતંત્ર લેખ :

શંકા– વ્રજના જનો સ્વરૂપાનંદનો અનુભવ કરતા હતા, અને જે સ્વરૂપનો અનુભવ કરતા હતા તે વસ્તુનું જ્ઞાન તેમને હોવું જોઈએ, તો પછી તેમને બીજી વસ્તુનો અભિલાષ થવો કેવી રીતે ઘટે ? જો એમ કહો કે (સ્વરૂપાનંદનો અનુભવ કરવા છતાં) તેઓ ગૃહની અંદર સ્થિતિ કરીને

રહ્યા હતા, તે જેમ ઘટી શકે તેમ આ પણ ઘટી શકે, તો પ્રશ્ન થાય કે સ્વરૂપાનંદનો અનુભવ કરનાર ગૃહમાં કેમ રહી શકે ? કેમ કે અનુભવ કરાતી વસ્તુ સ્વરૂપાનંદ સર્વથી અધિક છે. વળી જો વ્રજજનને એવો બીજી વસ્તુનો અભિલાષ થાય તો ભગવાને તે પૂર્ણ કરવો જોઈએ, કેમ કે ભગવાને કહ્યું છે કે 'જે મનુષ્ય જેવી રીતે મને શરણે આવે છે, તેનું તે જ પ્રકારે હું ભજન કરું છું,' માટે તેમાંથી તેનો ઉદ્ધાર કરીને (તેના અભિલાષને દૂર કરીને), ભગવાને પોતે તેને ભજનાનંદનું દાન શા માટે આપવું જોઈએ ? આ શંકાઓ દૂર કરવાને વ્રજજનનો આ મનોરથ પ્રાસંગિક (અમુક પ્રસંગને લઈને) છે, વ્રજમાં રહેતા સર્વને પ્રભુ સિવાય બીજી કોઈ પણ ગતિ નથી, તે 'જનઃ' એ શ્લોકથી કહે છે :

**જનો વૈ લોક એતસ્મિન્નવિદ્યાકામકર્મભિઃ ।।**
**ઉચ્ચાવચાસુ ગતિષુ ન વેદ સ્વાં ગતિં ભ્રમન્ ।।૧૨।।**

આ સમયે વ્રજમાં રહેતો જન મારા માહાત્મ્યજ્ઞાનના અભાવ ('અવિદ્યા')થી બીજા લોકના દર્શનના અભિલાષરૂપ ('કામ') અને લૌકિક જાતિ વિગેરેમાં કરેલાં ગૃહકર્મરૂપ (કર્મો) વડે, ઉંચી એટલે વૈકુંઠના મનોરથરૂપ, અને નીચી એટલે લીલાના અનવસરમાં ગૃહ સંબંધી ગતિમાં, અથવા ઉંચી એટલે પુરુષોત્તમરૂપ, અને નીચી એટલે અક્ષર અને ક્ષરરૂપ, ગતિમાં ભ્રમણ કરતો છતાં પોતાની આલોક અને પરલોકની ગતિ મારાથી ભિન્ન (બીજી) જાણતો નથી, એ વાત નિશ્ચય છે, પણ મને જ પોતાની ગતિરૂપ (ફલરૂપ) જાણે છે. ૧૨.

આ કાલમાં વ્રજમાં રહેલો મનુષ્ય પોતાની ઐહિક અને આમુષ્મિકી (આલોકની અને પરલોકની) ગતિ મારા સિવાય બીજી જાણતો નથી, તે નિશ્ચય છે, તે તો મને જ પોતાની ગતિરૂપ જાણે છે. જો એમ શંકા થાય કે ગયા દશમા શ્લોકમાં કહ્યું છે કે 'શું ભગવાન્ પોતાનું સૂક્ષ્મધામ આપણી આગળ પ્રકટ કરશે ?' એ પ્રકારે બીજી ગતિનો પોતાનો હૃદયનો અભિલાષ ત્યાં કહ્યો છે, તો પછી તમે ભગવાન્ સિવાય તેઓ બીજી ગતિ જાણતો નથી એમ શા માટે કહો છો ? તેનો ઉત્તર 'ઉચ્ચાવચાસુ ગતિષુ ભ્રમન્' એ પદોથી કહે છે. 'ઉચ્ચા'–ઉચ્ચગતિ, વૈકુંઠ નામની મનોરથરૂપ ગતિ, 'અવચા' નીચી ગતિ તો લીલાના અનવસરમાં નિર્વાહને માટે ગૃહ વિગેરેના સંબંધવાળી. વૈકુંઠ ગતિનું ઉંચાપણું મનોરથના અભિપ્રાયથી છે,

વસ્તુતઃ નથી એમ સમજવું. અથવા 'ઉચ્ચ' એટલે પુરુષોત્તમ અને 'અવચ' (નીચ) અક્ષર અને ક્ષર, કેમ કે ગીતાના પંદરમા અધ્યાયમાં કહ્યું છે કે 'ક્ષરથી હું અતીત છું અને અક્ષરથી પણ ઉત્તમ છું.' તેથી ઉચ્ચ એટલે પુરુષોત્તમથી વૈકુંઠ વિગેરે સર્વ ગતિઓ, નીચી (હલકી) છે, કેમ કે વૈકુંઠ પણ અક્ષરરૂપ છે, તે ગતિઓને વિષે ભ્રમણ કરતો એટલે વૈકુંઠમાં માનસિક અભિલાષથી ભ્રમણ કરતો, અને ગૃહ વિગેરેમાં શરીરથી ભ્રમણ કરતો છતાં કમલપત્રની માફક નિર્લેપ રહીને, તે તે સ્થાનમાં (વૈકુંઠ ગૃહ વિગેરેમાં) વ્રજજન પોતાની ગતિ જાણતો નથી એવો ભાવ છે.

જો એમ શંકા થાય કે કોઈ પણ કારણ ન હોવાથી આવું ભ્રમણ કેમ થાય ? તેના ઉત્તરમાં 'અવિદ્યાકામકર્મભિઃ' પદો કહે છે. અવિદ્યા પદથી અહિં માહાત્મ્યજ્ઞાન નો અભાવ સમજવો. ભગવાનની શક્તિરૂપ અવિદ્યા અથવા સ્વરૂપ સંબંધી અજ્ઞાન, એવો અવિદ્યાનો અર્થ અહિં નથી. અવિદ્યા શક્તિ તો માયાથી નિર્મિત થએલી છે, અને માયા ભગવત્‌શક્તિ છે, અને એમ કહેલું છે કે 'આ માયા તો લાજથી ભગવાન ની દષ્ટિપથમાં ઉભી રહી શકતી નથી', માટે જો માયા પણ ભગવાનની આગળ ઉભી રહી શકતી નથી, તો ભગવાનના સંબંધી વ્રજજનને અવિદ્યા વ્યામોહ કેવી રીતે કરી શકે ? એમ હોવાથી અવિદ્યાનું કાર્ય અજ્ઞાન તો અહિં યુક્ત જ નથી. માહાત્મ્યજ્ઞાનનો અભાવ તો સ્વેચ્છાથી કરેલો હોવાથી, અને લીલામાં ઉપયોગી હોવાથી, તે કાંઈ ખરેખરું અજ્ઞાન નથી, ખરી રીતે તો જેમ બ્રહ્મજ્ઞાનમાં બ્રહ્મ સિવાય બીજા જ્ઞાનનો અભાવ પણ જ્ઞાનનું સ્વરૂપ જ છે, તેમ અહિં પણ ભગવાનના સ્વરૂપભજનમાં માહાત્મ્યજ્ઞાન પ્રતિબંધક હોવાથી, તે માહાત્મ્યજ્ઞાનનો અભાવ પણ ભગવાનના સ્વરૂપજ્ઞાનનો અંશ જ છે, એમ માનવું જોઈએ. માટે સાર એ કે અહિં જે અવિદ્યા કહી તે વડે માહાત્મ્યજ્ઞાનના અભાવથી બીજા લોકના અભિલાષરૂપ કામ તેમને થયો, અને લોક, જાતિ વિગેરેમાં જે ગૃહ સંબંધી કર્મો કહેલાં છે, તે વડે એટલે કામ અને કર્મો એ બંને સ્વીકારીને, તેઓ બંનેમાં ભ્રમણ કરે છે. જો માહાત્મ્યજ્ઞાન હોય તો બીજા લોકની ઈચ્છા થાય નહિ, અથવા તો લૌકિક કર્મો પણ થઈ શકે નહિ, અથવા તો લીલારસનો અનુભવ પણ થાય નહિ, કિંતુ મુક્તિ જ થાય, માટે આવું અજ્ઞાન કરીને પ્રભુએ જ આ સર્વ કર્યું, એમ નિશ્ચય થાય છે. જો એમ ન

હોય તો પોતાથી બીજી વસ્તુની (પોતાના ભક્તોની) ઈચ્છા પૂર્ણ કરવાને પોતે યત્ન ન કરે, પણ ઉલટું પોતે જે સ્વરૂપાનંદનું દાન કરે છે, તે પણ ન કરે, તો પછી આગળ ભજનાનંદ (આપવા)ની તો વાત જ શું ? માટે 'ભ્રમણ' કાંઈ વ્રજજનનો દોષ નથી, પણ ભગવાને પોતે જ કર્યું છે, એમ માનીને તેમને જે ઈચ્છા હતી કે ભગવાનના ધામનું દર્શન કરવું, તેનું દર્શન કરાવવાને અને તેમાંથી પાછો ઉદ્ધાર કરવાને પોતે અતિશય કરુણાવાળા થયા, એમ કહેવાને શ્રીશુકદેવજીએ આ શ્લોકથી ભગવાનનો અભિપ્રાય કહ્યો, માટે આ સર્વ યોગ્ય જ છે.

**લે.**– 'તે તુ બ્રહ્મહ્રદમ્' એ પંદરમા શ્લોકમાં ટિપ્પણીજીમાં દ્વિતીય વ્યાખ્યાનમાં સાધારણ રીતિ પ્રકટ કરી, એમ કહ્યું છે, તેથી આ પ્રકારે કહ્યું.

**સુ.**– વળી ઉંચીનીચી ગતિઓમાં પરિભ્રમણ પણ કર્યા કરે છે, કાંઈ ઉત્તમ ગતિને પ્રાપ્ત કરીને, તેનાથી આગળ જતો નથી, કિંતુ અધમતાને જ પ્રાપ્ત થાય છે, માટે કારણના વિચારથી અથવા કાર્યના વિચારથી આ જનને આત્મજ્ઞાનમાં કાંઈ પણ અધિકાર નથી, તેથી આ વ્રજવાસીઓ જેની ઈચ્છા કરે છે, તેને સારુ તેઓ અયોગ્ય જ છે, એમ જો કે ભગવાને નિશ્ચય કર્યો, તો પણ પોતાના પ્રમેય બલનો આશ્રય કરીને પણ કાંઈક દર્શન કરાવ્યું, તે 'ઈતિ' એ શ્લોકથી કહે છે :

**ઈતિ સઞ્ચિન્ત્ય ભગવાન્ મહાકારુણિકો વિભુઃ ।।**
**દર્શયામાસ લોકં સ્વં ગોપાનાં તમસઃ પરમ્ ।।૧૩।।**

એમ વિચાર કરીને પોતે જે ભગવાન્ છે, અત્યંત કૃપાવાળા છે, અને સર્વસમર્થ છે, તે ભગવાને ગોપોને તમસ્‌ને પેલે પાર રહેલા પોતાના લોકનું દર્શન કરાવ્યું. ૧૩.

**સુ.**– આ પ્રકારે વ્રજજનને અધિકાર નથી એમ વિચાર કર્યો, તે છતાં પોતે ભગવાન્ એટલે સર્વકરણસમર્થ છે તો પણ મર્યાદાનુ રક્ષણ કરે છે, તેથી પોતે મહાકારુણિક થયા. કરુણામાં પરમકાષ્ઠાવાળા થયા, અને બેમાંથી એકના નાશની શંકા કરીને બંને કરવાને પોતે સમર્થ હોવાથી, પોતાના લોકનું દર્શન કરાવ્યું, તે એમ જણાવવાને કે મારો આટલો વૈભવ છે. વળી વ્રજમાં રહીને જ તે દર્શન કરાવ્યું. કોઈ જગ્યાએ (વૈકુંઠ વિગેરેમાં) જઈને નહિ. કારણ કે તે ગોપો છે, પોતાના મિત્ર છે, અને ધર્મપરાયણ છે. જ્યારે ભગવાનનાં જ તેમને દર્શન થાય છે, ત્યારે ભગવાનના લોકનું દર્શન કરે તેમાં શું આશ્ચર્ય ? ભગવાનના બહુ લોક છે (તેમાંથી કોઈ એકનાં દર્શન કર્યા હશે) તો તે શંકાનું નિવારણ કરવાને 'તમસઃ પરમ્' પદો વાપર્યાં છે. પ્રકૃતિથી પણ

ઉપરના લોકનું દર્શન કરાવ્યું. શ્રુતિમાં કહ્યું છે કે 'તમસ્ (અંધકાર) હતું, અને તે તમસ્‌થી ગૂઢ આગળ જ્ઞાન હતુ' તે તમસ્ પણ વસ્તુવિચારથી ભગવદ્રૂપ જ છે એમ કહ્યું, તેનાથી પણ આગળ જે વ્યાપિવૈકુંઠ છે, તેનું દર્શન કરાવ્યું.

**યો.**– 'ઉભયોરન્યતરનાશમાશઙ્‌ક્ય' મર્યાદાનું રક્ષણપણું અને મહાકારુણિક–પણું એ બેમાંથી એકના નાશની શંકા કરીને. જો સાધનરહિત હોવા છતાં ફલનું દાન કરે તો મર્યાદાના રક્ષકપણાનો ભંગ થાય. જો સાધનનો અભાવ છતાં ફલનું દાન ન કરે તો મહાકારુણિકપણાનો ભંગ થાય એ શંકા.

**સુ.**– માયાનું ઉદ્‌ઘાટન કરીને (માયાનો ટેરો ખસેડી નાંખીને) તેનું સ્વરૂપ 'સત્યમ્' એ શ્લોકથી કહે છે :

**સત્યં જ્ઞાનમનન્તં યદ્ બ્રહ્મ જ્યોતિઃ સનાતનમ્ ।।**
**યદ્ધિ પશ્યન્તિ મુનયો ગુણાપાયે સમાહિતાઃ ।।૧૪।।**

તે બ્રહ્મલોક સત્ય છે, જ્ઞાન છે, અનંત છે, જેને પ્રમાણો બ્રહ્મ કહે છે, જ્યોતિ છે, સનાતન છે, અને મુનિઓ પણ જ્યારે મનન કરવાથી નિર્ગુણ થાય ત્યારે સાવધાન થઈને જ તેનાં દર્શન કરી શકે છે. ૧૪.

**સુ.**– તે અક્ષરરૂપ છે, જ્યારે ભગવાન્ તેમના હૃદયમાં ઈશ્વરરૂપે પ્રકટ થયા, ત્યારે અક્ષરનો પણ લોકરૂપે આવિર્ભાવ થયો. જો એમ ન થાય તો કૃત્રિમ થાય. તેનું સ્વરૂપ સત્ય, જ્ઞાન અને અનંત છે. સત્ય એટલે દેશથી અને કાલથી જેનો પરિચ્છેદ (ભાગ) પડી શકતો નથી તે. જ્ઞાન એટલે કાંઈ પણ પ્રકારે બાધ ન આવે એવું જ્ઞાનરૂપ. અનંત એટલે જેની કોઈ પણ પ્રકારે હદ નથી તે. તે બ્રહ્મલોકના બીજા પણ ગુણો કહેવાને પ્રમાણનો જ અતિદેશ 'યદ્ બ્રહ્મ' એ પદોથી કરે છે. વૈકુંઠનામનું સર્વ વેદાંતથી જેનું જ્ઞાન થાય છે, તે બ્રહ્મ જ છે. બ્રહ્મ શબ્દથી વિસ્તાર અને વધવાપણું કહ્યાં, અને પ્રમાણથી સિદ્ધ છે, એમ કહ્યું અને ગુણોપસંહાર ન્યાયથી[1] સર્વ ગુણો પણ કહ્યા. દોષના અભાવને માટે 'જ્યોતિઃ' પદ કહે છે. તે બ્રહ્મલોક સ્વયંપ્રકાશ છે, કોટિ સૂર્યથી પણ અધિક પ્રકાશવાળો છે. હમણાં જ તે એવો થયો હશે એ શંકાને દૂર કરવાને માટે 'સનાતન' પદ મૂક્યું છે. એ બ્રહ્મલોક અનાદિસિદ્ધ એ પ્રકારનો જ છે. જો એમ શંકા થાય, કે આ પ્રકારે વિલક્ષણતા એમાં જણાય છે, અને અવિકૃત એક રસ જેમાં ઉંચાપણું કે હલકાપણું કાંઈ નથી, એવા બ્રહ્મમાં લોકપણું ઘટી શકે નહિ, તેથી આ તમે જે બ્રહ્મલોક કહો છો તે સગુણ હશે ? તો તેના ઉત્તરમાં 'યદ્ધિ પશ્યન્તિ' એમ કહે છે. એ બ્રહ્મલોક એવો સ્વભાવથી જ છે, એમ માનવું પડશે. ગુણોના આવવાથી જે સામર્થ્ય આવે, અને જે અયોગ્યપણાનો પરિહાર થાય તેનો સ્વરૂપથી

જ પરિહાર કરવો. સર્વભવનસમર્થ સ્વરૂપ જ એવું છે. જો એમ શંકા થાય કે સ્વરૂપ જ એવું છે, એવું જણાવનાર કાંઈ પણ કારણ મળતું નથી માટે સગુણ હોવાને લીધે જ એ લોકરૂપ થતું હશે ? માટે એ બાબતમાં વિશેષ આગ્રહ કરી શકાય નહિ, તો તેના ઉત્તરમાં કહે છે કે 'એ વૈકુંઠનામનું ભગવત્સ્થાન મનનશીલ મુનિઓ પણ જ્યારે સગુણપણું દૂર થાય ત્યારે જ જોઈ શકે છે. મુનિઓ જ્યારે મનન કરે, અને જ્યારે ત્રણ અવસ્થા (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ) જે ગુણનાં કાર્ય છે, તે લીન થઈ જાય અને બુદ્ધિ વિગેરે પણ અને સ્વભાવના ગુણો પણ વિશેષે કરીને લીન થઈ જાય, અને પછી નિર્ગુણ અવસ્થા પ્રાપ્ત થાય, ત્યારે જ તે બ્રહ્મલોક આવિર્ભાવ પામે છે, અને મુનિઓ તેનાં દર્શન કરે છે. તેમાં પણ જો સાવધાન હોય તો જ દર્શન થાય છે. માટે જ્યારે એ બ્રહ્મલોકનાં દર્શન કરનારા મુનિઓ પણ ગુણાતીત છે, તો બ્રહ્મલોક પોતે સગુણ છે, એમ કહેવાય જ કેમ ?

યો.- ''યદ્ વૈકુંઠાખ્યં 'સર્વવેદાંતપ્રત્યયં' યદ્ બ્રહ્મૈવ,'' ગીતામાં કહ્યું છે કે 'અવ્યક્ત અક્ષર છે, અને તે પરમ ગતિરૂપ છે'. અહિં અક્ષરને ગતિ એટલે પ્રાપ્ત કરવાના ધામરૂપ કહ્યું છે. વળી 'તેને અક્ષરબ્રહ્મ કહે છે. જે સર્વ કારણના કારણરૂપ છે, જે પુરુષરૂપ મહાત્મા વિષ્ણુનું પરમધામ છે.' અહિં પણ અક્ષરબ્રહ્મને ધામરૂપ કહ્યું છે. વળી બૃહદ્વામનપુરાણમાં કહ્યું છે કે 'વ્યાપિવૈકુંઠ નામનો બ્રહ્માનંદમય લોક છે' અહિં પણ વૈકુંઠને બ્રહ્માનંદમય કહ્યું છે.

૧. જ્યાં બ્રહ્મનો એક-ગુણ કહ્યો હોય ત્યાં સર્વે ગુણો સમજી લેવા.

**સુ.**- પછી દર્શન થયા પછી સર્વત્ર તે બહ્મલોક પ્રકટ થયો, તેથી સર્વ ગોકુલનો વિલય જ થયો. અને તેમ થવાથી આગળ લીલા થઈ શકે નહિ, માટે ફરીથી તે વ્રજવાસીઓની પહેલાની સ્થિતિ પ્રાપ્ત કરાવવાને માટે ભગવાને જે પ્રયત્ન કર્યો, તે 'તે તુ' એ શ્લોકથી કહે છેઃ

**તે તુ બ્રહ્મહ્રદં નીતા મગ્નાઃ કૃષ્ણેન ચોદ્ધૃતાઃ ॥**
**દદૃશુર્બ્રહ્મણો લોકં યત્રાક્રૂરોઽધ્યગાત્ પુરા ॥૧૫॥**

તે વ્રજવાસીઓને તો બ્રહ્મહ્રદમાં લઈ ગયા, ત્યાં તેમને મગ્ન કર્યા (ડૂબાડ્યા), અને કૃષ્ણે અને વેદે તેમનો ત્યાંથી ઉદ્ધાર કર્યો. જે સ્થાને અક્રૂરને પહેલાં ભગવત્સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું, તે બ્રહ્મલોકનું તેમણે દર્શન કર્યું.૧૫.

**સુ.**- જો કે લોકનો તિરોભાવ થયો, તો પણ જેમ કાષ્ઠના અગ્નિનો તિરોભાવ થતો નથી, તેમ તે લોકાત્મક અંશ (લોક)નો તિરોભાવ થયો નહિ. જેમ અર્ધજ્વલિત (અર્ધા બળેલાં) કાષ્ઠની પૂર્વસ્થિતિ કરીએ, તેમ તે વ્રજવાસીઓની

પણ પૂર્વસ્થિતિ કરવી જોઈએ. જો એમ ન કરે તો આગળ લીલા થઈ શકે નહિ, અને તે પૂર્વસ્થિતિ વેદાત્મક બ્રહ્મમાં તેમને યોજવાથી થઈ શકે છે, તે વેદાત્મક બ્રહ્મ તે જલરૂપ છે અને તેથી જ શબ્દબ્રહ્મની જલરૂપતા કોઈક સ્થલે પ્રકટ કરી છે, તેનું આ કાર્ય છે, અને આગળ પણ કહેવાશે. માટે આ અક્ષરબ્રહ્મરૂપ થએલા વ્રજવાસીઓને બ્રહ્મહ્રદમાં લઈ ગયા અને તેમને તેમાં સ્નાન કરાવ્યું, ત્યારે તે વ્રજવાસીઓને વિષે રહેલો વૈકુંઠલોક તિરોહિત થયો. ત્યાં લઈ જવાએલા પણ તે વ્રજવાસીઓ ફરીથી મગ્ન થયા. (અંદર ડૂબી ગયા). તેઓ તો ઉત્તમ અધિકારીઓ હતા, તેથી તે શબ્દબ્રહ્માત્મક જ થયા. અહિં આ ક્રમ છે-પ્રથમ પરબ્રહ્મ, તેમાંથી નીકળેલું શબ્દબ્રહ્મ, અને તેમાંથી નીકળેલું જગત્. તેથી જ એ નિકટ અને દૂરથી જ્ઞાપક છે, ત્યાંથી પણ ભગવાને તેમનો ઉદ્ધાર કર્યો. શ્લોકમાં 'ચ' મૂક્યો છે, તેથી વેદોએ પણ ભગવાનની આજ્ઞાથી તેમનો ઉદ્ધાર કર્યો (તેમને બહાર કાઢ્યા). જો એમ ન થાય તો વેદપ્રમાણગ્રસ્ત વ્રજવાસીઓ લીલામાં ઉપયોગી થઈ શકે નહિ. જો એમ શંકા થાય કે જો એમ છે તો આ બધું કરેલું વ્યર્થ જ હતું, તો તેના સમાધાનમાં કહે છે કે પ્રયોજનને માટે જ આ સર્વ થયું હતું, તે 'દદશુઃ' વિગેરે પદોથી કહે છે. તેમને શબ્દબ્રહ્મલોકનાં દર્શન થયાં, કેમ કે તે આર્દ્રચક્ષુવાળા હતા. તે શબ્દબ્રહ્મ તેટલું જ માત્ર નથી, તે જણાવવાને શુકદેવજી રાજાને કહે છે, કે 'જે સ્થાને અક્રૂરને પહેલાં ભગવત્સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું'. પ્રમાણથી અક્રૂરને ત્યાં જ જ્ઞાન પ્રાપ્ત થયું હતું, માટે આ વ્રજવાસીઓને પણ પ્રમાણથી જ્ઞાન કરાવવાને માટે ભગવાને એ પ્રકારે કર્યું.

**કારિકાર્થઃ**- બ્રહ્માનંદ કરતાં મોટો આનંદ સ્ફુટ રીતે ભજનમાં રહે છે, તે તારતમ્ય (તફાવત) જણાવવાને માટે તે વ્રજવાસીઓને દર્શન કરાવીને ત્યાંથી તેમનો પાછો ઉદ્ધાર કર્યો.

**ટિ.**- 'વિલય એવાભૂત્' (વિલય જ થયો). અહિં આ અર્થ છેઃ-તે લોક અક્ષરાત્મક હોવાથી આનંદરૂપનો સર્વત્ર આવિર્ભાવ થયો, અને સર્વેના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્માને વિષે પણ તેનો આવિર્ભાવ થવાથી જેમ પ્રકટ અગ્નિનો સંબંધ થયો હોય તેના સંબંધથી કાષ્ઠની અંદર રહેલા અગ્નિનો પ્રાદુર્ભાવ થાય અને તે પણ અગ્નિરૂપ થઈ જાય, અને કાષ્ઠપણાનો વિલય થઈ જાય, તેમ આ જનોના દેહ વિગેરે આનંદરૂપ થઈ જવાથી તેમના દેહાદિ ભાવનો વિલય થઈ ગયો. 'પ્રત્યાપ્રત્ત્યર્થમ્'-પૂર્વભાવ પ્રાપ્ત થાય તેને માટે. 'તદાત્મકાંશસ્ય' સર્વત્ર આવિર્ભાવ થવાથી તેમના દેહ વિગેરેમાં પણ અવિર્ભાવ પામેલા અંશનો. 'કાષ્ઠાગ્નિવત્' કાષ્ઠની અંદર રહેલા અગ્નિને પ્રકટ કરવાને માટે જે બીજા અગ્નિનો પ્રવેશ તેમાં થાય છે, તેનો પણ જ્યાં સુધી કાષ્ઠની અંદર રહેલો અગ્નિ તિરોધાન પામતો નથી, ત્યાં સુધી તેનું પણ તિરોધાન થતું નથી, તે પ્રમાણે.

'અર્ધજ્વલિતાનામ્' અર્ધજ્વલિત. અહિં આમ સમજવાનું છેઃ-વ્રજવાસીઓના મનોરથ પૂર્ણ કરવાને માટે અને બ્રહ્માનંદ કરતાં ભજનાનંદમાં જે તારતમ્ય (તફાવત) છે, તે જણાવવાને માટે ભગવાને પોતાના લોકનું દર્શન તેમને કરાવ્યું. એ દર્શનનું સ્મરણ જો ન રહે તો તે તારતમ્ય જ્ઞાન આગળ રહે નહિ, અને એ સ્મરણ તે તારતમ્યના અનુભવ વિના થાય નહિ, તેથી હાલમાં એ (બ્રહ્મ)આનંદનો અનુભવ પણ કરવો જોઈએ, અને તે અનુભવ પોતાનું તેનાથી ભિન્ન હોવાનું જ્ઞાન ન હોય તો થાય નહિ, એમ હોવાથી આનંદાત્મકપણું અને ભેદજ્ઞાનપૂર્વક પોતાને અક્ષરાનંદનો અનુભવ એમ (બંને સાથે હોવાથી) અર્ધજ્વલિતપણું સમજવું. ફરીથી કાષ્ઠપણું થવું તે પૂર્વે કહેલા દેહાદિને વિષે આવિર્ભાવ પામેલા લોકના તિરોધાનથી તેના સંબંધથી થએલા આનંદાત્મકપણાના ભાનનું તિરોધાન થઈને પહેલાંના જેવી સ્થિતિ થવી તે. એમ કરવાની આવશ્યક્તા 'અન્યથા' વિગેરેથી કહે છે, કે નહિ તો આગળ લીલા થઈ શકે નહિ. તેનો હેતુ 'તચ્ચ' વિગેરેથી કહે છે કે તે તો વેદાત્મક બ્રહ્મમાં યોજવાથી થાય છે. અહિં આ ભાવ છેઃ-કાષ્ઠનો જે અંશ જ્વલિત થયો હોય, તે જેમ પાછો કાષ્ઠ થવો અશક્ય છે, તેમ આનંદાત્મક થએલા દેહનો ફરીથી જડભાવ થવો અશક્ય છે. ચાલતા પ્રસંગમાં તો જો સર્વ વ્રજવાસીઓનો દેહાદિભાવ હોય તો જ તેઓ લીલામાં ઉપયોગી થાય, તેથી દેહાદિભાવ એમની પ્રકૃતિ-સ્વાભાવિક નિત્યસ્થિતિ છે, અને એમની મુક્તિઅવસ્થા એમના વિકારરૂપ છે, એમ હોવાથી એમના વિકારરૂપને દૂર કરીને, એમની સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત કરાવવી જોઈએ, તે વેદબ્રહ્મથી જ એમને થઈ શકે છે. આ કાર્ય મર્યાદારૂપ નથી, એટલે દેહાદિભાવરૂપ સાધારણ સ્થિતિ પ્રાપ્ત કરાવવી અને ભજનાનંદનો અનુભવ કરાવવો એ કાર્ય મર્યાદાનું નથી, તેથી આ વેદબ્રહ્મ પણ જો મર્યાદામધ્યપાતિ હોય, તો આ વ્રજજનોની સ્વાભાવિક દેહાદિભાવપ્રકૃતિ ભજનાનંદનો અનુભવ કરી શકે તેવી કરી શકે નહિ. તેથી જેમ કોઈ ધરો જે નદીની અંદર હોવા છતાં નદીના પ્રવાહથી ભિન્ન હોય છે, અને સર્વદા અતિ નિર્મલ હોય છે, અને તે નિર્મલ જલમાં મકરંદ ઝરતા કમલને ઉત્પન્ન કરે છે, અને હમેશાં અતિ ગંભીર હોવાથી, તે ધરો પોતાની અંદર પડેલા પદાર્થને નિર્મલ જલથી પૂર્ણ કરે છે, તેમ વેદની અંદર રહેવા છતાં મર્યાદામાર્ગીયથી ભિન્ન હોઈને પોતે બ્રહ્મરૂપ હોવાથી નિર્દોષ ભજનાનંદના અનુભવના હેતુરૂપ વિચિત્રભાવ ઉત્પન્ન કરનાર પુષ્ટિમાર્ગીય છે, તે જણાવવાને માટે મૂલમાં વેદને બ્રહ્મરૂપ અને જલના ધરારૂપ બંને કહ્યા. એ જ બાબત 'તદ્ધિ તસ્યં જલાત્મકમ્' (તે જ જલરૂપ છે) પદોથી કહી છે. તે લોક અક્ષરાત્મક હોવાથી બ્રહ્મહ્રદ પદ તેના આનંદનું વાચક છે, એમ કહેવું નહિ. બ્રહ્માનંદ મોટું હોવાથી, અને ધરો અલ્પ હોવાથી એમ કહેવું યુક્ત નથી. આનંદ પદનો ત્યાગ કરીને હ્રદ (ધરો) એ પદ મૂક્યું, તેનું તાત્પર્ય અવશ્ય કહેવું જોઈએ, તે અમે જે ઉપર કહ્યું તે જ છે. આથી બ્રહ્મપદનો અર્થ અક્ષર છે, એ શંકા દૂર કરી. કારણ કે અક્ષર તો પહેલાં પણ કહેલું જ છે. વચ્ચે તેમને શબ્દબ્રહ્મમાં યોજવાનો હેતુ આગળ 'પ્રમાણતો જ્ઞાનમ્' વિગેરેથી કહેશે. આમ હોવાથી અહિં ધ્રો (ધરા)રૂપ કહેવાથી

અને અંદર ડૂબાડવાનું કહેવાથી શબ્દબ્રહ્મ જલરૂપ પણ છે, એમ માનવું પડશે. તે 'અત એવ' વિગેરેથી કહ્યું છે, કે શબ્દબ્રહ્મની જલરૂપતા કોઈક જગ્યાએ પ્રકટ કરી છે. એ શબ્દબ્રહ્મ પણ વ્યાપક હોવાથી, ક્વચિત્ ગોકુલની નિકટમાં પ્રકટ કરીને એવો અર્થ છે. એમ કરવાની આવશ્યકતા 'તત્કાર્યમિદમ્' પદથી કહી છે, કે આવા વ્રજજનનો પૂર્વભાવ સંપાદન કરવો એ રૂપકાર્ય અને પ્રમાણથી તેમને જ્ઞાન આપવું તે એ શબ્દબ્રહ્મથી જ થઈ શકે છે. એ બાબતની યુક્તિ 'અગ્રે ચ' વિગેરેથી કહે છે કે 'જ્યાં પહેલાં અક્રૂરને જ્ઞાન પ્રાપ્ત થયું હતું,' ત્યાં શબ્દબ્રહ્મરૂપ જલની અંદર ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અક્રૂરને થયું હતું. 'મજ્જન' (ડૂબી જવું)નો પદાર્થ 'શબ્દબ્રહ્માત્મકા એવ જાતાઃ' એ પદોથી કહે છે. તે વ્રજજનો શબ્દબ્રહ્મરૂપ થઈ ગયા, તેનું કારણ એ કે તેઓ ઉત્તમ અધિકારીઓ હતા. શબ્દબ્રહ્મરૂપ જલમાંથી તેમનો ઉદ્ધાર કરવો આવશ્યક (જરુરનો) છે, તો પૂર્વની સ્થિતિમાંથી જ તેમનો ઉદ્ધાર કરીને, તેમનો પ્રકૃતિભાવ શા માટે સંપાદન ન કર્યો ? એમ શંકા થાય તો તેનો ઉત્તર 'ક્રમશ્ચ અયમ્' વિગેરેથી કહે છે કે 'પ્રથમ પરબ્રહ્મ, પછી તેમાંથી નિકળેલું શબ્દબ્રહ્મ, પછી તેમાંથી નિકળેલું જગત્.' પોતે કરેલી મર્યાદાનું સ્થાપન કરવાને માટે એ પ્રકારે કર્યું. તે ક્રમ પરબ્રહ્મ વિગેરેથી કહે છે. પરબ્રહ્મે પહેલાં પોતામાં રહેલું, પછી પોતામાંથી જુદું પાડેલું જે વસ્તુ (પદાર્થ) તે શબ્દબ્રહ્મરૂપ થાય છે, પછી તે શબ્દબ્રહ્મે પોતામાંથી જુદું પાડેલું વસ્તુ (પદાર્થ) જગદ્રૂપ થાય છે. અહિ તાત્પર્ય આ છેઃ-સાક્ષાત્ લીલામાં ઉપયોગી જગત્ તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તે પ્રભુના સ્વરૂપમાં રહેલું છે. ક્રીડા કરવાની ઈચ્છાથી પ્રભુ તેને પોતાના સ્વરૂપમાંથી જુદું કરે છે, કેમ કે પોતાના સ્વરૂપની અંદર રહેલું જગત્ બહાર લીલારૂપી કાર્ય કરી શકતું નથી. તે જગત્ આનંદ સ્વરૂપમાંથી જુદું પડેલું હોવાથી જાણે કે પોતાનું સ્વરૂપ અપ્રાપ્ત થઈ ગયું હોય તેમ કાંઈ પણ કાર્ય કરવાને સમર્થ થતું નથી, ત્યારે અલૌકિક પ્રવૃત્તિનિવૃત્તિ વડે અલૌકિક અર્થ સંપાદન કરવાને સમર્થ શબ્દબ્રહ્મ હોવાથી જો તે જુદું થએલું જગત્ શબ્દબ્રહ્મરૂપ થાય તો લીલામાં ઉપયોગી પ્રવૃત્તિ અને નિવૃત્તિને યોગ્ય થશે એમ માનીને, તે જગત્‌ને શબ્દબ્રહ્મરૂપ કર્યું, અને જ્યારે અલૌકિક પ્રવૃત્તિનિવૃત્તિને યોગ્ય થયું, ત્યારે તે શબ્દબ્રહ્માત્મક હોવાથી પ્રમાણરૂપ થયું, અને લીલામાં પ્રવૃત્તિનિવૃત્તિ તો સ્નેહને અધીન છે, તેથી તે જગત્‌ની શબ્દબ્રહ્મરૂપતા લીલામાં ઉપયોગી નથી, તેથી તેમાંથી પણ તેમનો ઉદ્ધાર કર્યો. એ બાબત 'અન્યથા પ્રમાણગૃહીતા' વિગેરેથી કહે છે કે નહિ તો પ્રમાણગ્રસ્ત (વેદગ્રસ્ત) વ્રજવાસીઓ લીલામાં ઉપયોગી થાય નહિ, કેમ કે લીલા તો સ્વતંત્ર છે, અને આ વ્રજવાસીઓ જો પ્રમાણને (વેદને) અધીન થાય તો વેદમાં કહેલું જ કર્મ કરે, તે સિવાય બીજું કાંઈ પણ કર્મ કરે નહિ, તેથી લીલામાં અનુપયોગી થાય. અથવા-પ્રમાણમાર્ગમાં જે પડે તે પ્રમાણને વશ ચિત્તવાળા થાય, અને તેને લીધે પુષ્ટિલીલામાં પ્રવેશ કરવાનો અધિકાર રહે નહિ, તેથી તે પુષ્ટિલીલામાં ઉપયોગી થાય નહિ. 'તદાર્દ્રનયનાઃ' જે જલમાં ડૂબેલા (નિમગ્ન) હોય તેમનાં નયન આર્દ્ર (ભીનાં) થાય જ. ચાલતા પ્રસંગમાં એ જલ ઉપર કહ્યા પ્રમાણે શબ્દબ્રહ્માત્મક હોવાથી જેવું

ભગવત્સ્વરૂપ વેદમાં સિદ્ધ છે, તેવા સ્વરૂપનું તેમને તેમની દષ્ટિથી દર્શન થાય છે, એ જ તે નયનોનું આર્દ્રપણું છે, અને જ્યારે તેનું દર્શન થાય ત્યારે આનંદના અશ્રુથી પણ નયન ભીનાં થાય એમ સમજવું. આ સર્વના સારરૂપ ગૂઢ અભિસંધિ કારિકાથી કહે છે કે 'બ્રહ્માનંદ કરતાં ભજનની અંદર વધારે આનંદ છે, એ વાત સ્ફુટ છે, અને તે તારતમ્ય જણાવવાને માટે વૈકુંઠનું દર્શન વ્રજજનોને કરાવીને તેમાંથી તેમનો ઉદ્ધાર કર્યો'.

અથવા તે 'તુ બ્રહ્મહ્રદં નીતાઃ' વિગેરેનો અર્થ નીચે પ્રકારે પણ થઈ શકેઃ-'તતો દર્શનાનન્તરમ્' વિગેરે. પછી દર્શન કર્યા બાદ સર્વત્ર તે પ્રકટ થયું તેથી સર્વ ગોકુલનો પણ વિલય થઈ ગયો. અહિં આ ભાવ છેઃ-અક્ષરાનંદ કરતાં લીલાત્મક આનંદ અધિક છે, તો પણ આ વ્રજજનોને પોતે લીલારૂપ હોવાથી અને લીલામધ્યપાતિ હોવાથી અને અત્યાર સુધી અક્ષરાનંદનો અનુભવ તેઓએ કર્યો ન હતો, તેથી તેમને તારતમ્યનું જ્ઞાન હતું નહિ, અને ભગવાન્ તો લોકની અંદર રહીને જ લીલા કરતા હોવાથી, વ્રજજનોને એમ લાગ્યું કે આપણે પણ બીજા લોકના જેવા સાધારણ લોક છીએ, અને તેથી તેમને એવો મનોરથ થયો. તે મનોરથ પૂર્ણ કરવાને માટે પોતાના લીલાત્મક અંશને જાણે મુઠ્ઠીમાં બંધ કર્યો હોય તેવો કરીને સાધારણ રીત પ્રકટ કરી. તેમાં તો જીવોની અંદર સત્ અને ચિત્નું પ્રાકટ્ય હોય છે, આનંદ અંશનું પ્રાકટ્ય હોતું નથી. તે પ્રકટ થાય ત્યારે બ્રહ્મભાવ સિદ્ધ થાય છે, અને તે બ્રહ્મભાવ અક્ષરાનંદના અંશરૂપ છે. અક્ષરાનંદનો આવિર્ભાવ થયો ત્યારે જીવસ્વરૂપાત્મક આનંદનો પણ આવિર્ભાવ થયો. જેમ બહારના અગ્નિના સંબંધથી લાકડાની અંદર રહેલો અગ્નિ પ્રકટ થાય. તે પ્રકારે જીવસ્વરૂપની અંદર રહેલો આનંદ અંશ પણ જેમ અંદરથી લીલા કાષ્ઠને બહારના અંશમાં જ અગ્નિપણું થાય તે પ્રકારે પ્રકટ થયો. આને જ શ્રીસુબોધિનીજીમાં વિલય કહ્યો છે. તેથી આ વ્રજજનોને વિષે આગળ લીલા કરાવવાની ઈચ્છાથી તેમનું લીલારૂપપણું તે કાષ્ઠના ભીનાપણાને સ્થાને છે, તેથી તેમનું અક્ષરાનંદ-રૂપપણું થયું નહિ. બાહ્ય અંશને સ્થાને જીવત્વ અંશ જ રહ્યો. આ જ અર્ધજ્વલિતપણું શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે. અક્ષરાનંદના અનુભવને માટે લીલાત્મકપણું જે લીલાત્મક કાર્ય કરવાને ઉન્મુખ (તત્પર) કર્યું હતું, અને જે સાધારણ રીતિ પ્રકટ કરી હતી તેને દૂર કરીને, ફરીથી લીલાકાર્યને ઉન્મુખપણું સંપાદન કરવું. તે જ કાષ્ઠતા સંપાદન કરવાપણું છે. લોકમાં કાષ્ઠનો જે અંશ બળેલો હોય, તેને ફરીથી કાષ્ઠ કરવું એ અશક્ય છે, તેથી એવા અગ્નિને તિરોધાન કરનાર(દૂર કરનાર)ની અપેક્ષા રહે છે, કે જેથી બળેલો ભાગ તિરોભૂત થઈને ફરીથી કાષ્ઠતારૂપ સંપાદન થઈ શકે. એવું કરનાર તો શબ્દબ્રહ્મ જ છે, કારણ કે જેમને દેહાદિનો અધ્યાસ છે, તેમને માટે જ દેહધર્મરૂપ વર્ણાશ્રમના ધર્મ જેમાં કર્મ, જ્ઞાન અને ઉપાસના હોય છે, તેનું નિરૂપણ એ શબ્દબ્રહ્મ કરે છે. એ શબ્દબ્રહ્મના સંબંધથી અક્ષરાનંદ ના આવિર્ભાવથી પ્રકટ થએલા જીવના સ્વરૂપાત્મક આનંદનો તિરોભાવ થઈને જીવભાવ સંપાદન થાય છે. તે જીવભાવ જ અહિં પૂર્વની માફક જ લીલામાં ઉપયોગીપણું થવું તે છે.

મૂલમાં બ્રહ્મને હ્રદ (ધરો) કહ્યો છે, તેથી તે જલરૂપ હોવાથી, આ હ્રદ જલાત્મક કહેવાય છે. જલથી અગ્નિ ઢંકાઈ જાય છે, તેથી તે જલથી ઢંકાઈ જતા (દૂર થતા) અક્ષરાત્મકપણાને અગ્નિ કહ્યો છે, તેથી કોઈક વેળા ગોકુલની નિકટમાં જ જલાત્મક શબ્દબ્રહ્મને પ્રકટ કર્યું. અક્ષરાત્મકપણાને ઢાકી દેવું એ જ તેનું કાર્ય છે. આ બાબતમાં 'અગ્રે ચ વક્ષ્યતિ' (આગળ કહીશું) એ પદથી પ્રમાણ કહે છે. 'યત્રાક્રૂરોઽધ્યગાત્પુરા' એટલું અધ્યાહાર સમજવું. તે અક્રૂરને જલમાં જ તે શબ્દબ્રહ્મનું જ્ઞાન થવાથી અને અહિં તેને બ્રહ્મહ્રદ કહેવાથી, અક્રૂરે જે જલમાં દર્શન કર્યાં, અને બ્રહ્મહ્રદ જે અહિં કહ્યું છે, એ બેનો અભેદ કહેવાથી, અને હ્રદ (ધરો) કહેવાથી, શબ્દબ્રહ્મ જલરૂપ છે, એ કાંઈ પણ સંકોચ વિના માનવું જ પડશે. અને સર્વ અંશથી તેને સંબંધ થયો તે જણાવવાને માટે તેમાં સ્નાન કરવાનું કહ્યું. 'શબ્દાત્મકા એવ જાતાઃ' ધરામાં લઈ ગયા, એમ કહેવાથી જ તે ધરાનો સંબંધ પ્રાપ્ત થયો, તે છતાં પણ તેની અંદર મજ્જન (ડૂબાડવું) કહ્યું, તે જલરૂપ એટલે શબ્દાત્મક થઈ ગયા, એમ જણાવવાને માટે છે. એમ કરવાનો હેતુ 'ક્રમશ્ચાયમ્' વિગેરે પદોથી કહે છે. ક્રમ એટલે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરવાનો ક્રમ. શબ્દબ્રહ્મ કરતાં અક્ષરબ્રહ્મ પર હોવાથી અક્ષરબ્રહ્મને જ પરબ્રહ્મ શબ્દથી કહ્યું છે. સાર એ કે 'મુક્તજીવ જ પરબ્રહ્મની પાસે જઈ શકે છે.' એમ બ્ર.સૂ.૧।૩।૨ વિગેરેમાં કહ્યું છે, તેથી તે જીવને બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે, તે બ્રહ્મભાવ માંથી અથવા તો વૈકુંઠમાંથી તેમને જુદા કરીને, તેમનો ફરીથી દેહાદિ સંબંધ કરાવવો એ વેદની મર્યાદા શ્રુતિઓથી વિરુદ્ધ છે, કેમ કે બ્રહ્મસૂત્ર ૩।૪।૫૧ અણુભાષ્યમાં એમ પણ કહ્યું છે કે 'તે પાછો આવતો નથી' (છાં. ૮।૧૫) વિગેરે. તે બ્રહ્મભાવ અથવા વૈકુંઠમાંથી જુદા કરીને પુષ્ટિલીલારૂપ જગત્ તેને સંપાદન કરી આપ્યું. 'અત એવ' વિગેરે, પુરુષોત્તમનું સ્વરૂપ સાક્ષાત્ કહેવું અશક્ય છે, તે કાર્ય દ્વારા અથવા પોતાના અનુભવના જણાવવાથી જણાવવું શક્ય છે. જે પ્રકારે આ થઈ શકે છે તે 'મનોરથાન્તં શ્રુતયો યથા યયુઃ' (અ.૨૯।૧૩) એ દૃષ્ટાંતના વ્યાખ્યાનની ટીકામાં અમે વિસ્તારથી કહીશું. 'ચકારાત્' વિગેરે. વેદો તો મર્યાદાનું નિરૂપણ કરનારા છે, બ્રહ્માનંદમાં જે ડૂબ્યા હોય, તેમને તેમાંથી જુદા પાડવા એ વેદને સંમત નથી, તે છતાં શ્રીકૃષ્ણની આજ્ઞારૂપ પુષ્ટિશ્રુતિની સંમતિ હોવાને લીધે વેદોએ તેમને પોતાથી (બ્રહ્માનંદથી) જુદા કર્યા, કારણ કે તેઓએ એમ માન્યું કે જેમનું પરિગ્રહણ પુષ્ટિલીલામાં છે, તેઓ આપણા વિષય નથી. કિંતુ જેઓ મર્યાદામાર્ગીય હોય તેઓ જ આપણા વિષય છે, એ બાબત 'વેદૈરપિ ભગવદાજ્ઞયોદ્ધૃતાઃ' એ પદોથી કહી છે. આ આવશ્યક છે, તે જણાવવાને 'અન્યથા' વિગેરે કહે છે, કે જો તેઓ મર્યાદામાર્ગીય થઈ જાય તો પુષ્ટિલીલામાં તેમનો પ્રવેશ થાય નહિ. 'યતસ્તદાર્દ્રનયનાઃ' વિગેરે, 'નંદ વિગેરે તો તેનુ દર્શન કરીને પરમાનંદનું સુખ પામ્યા' એમ તરત જ કહેવામાં આવશે, તેથી આનંદનાં અશ્રુથી તેઓ આર્દ્રનયન થયા હતા. અથવા આગલા પદ વડે આ વ્રજવાસીઓને પ્રમાણથી જ્ઞાન કરાવવા માટે લોકનું દર્શન કરાવ્યું, એમ કહેવામાં આવશે,

તેથી લોકનાં દર્શન વડે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહ એ આર્દ્રનયનપણું કહેવાથી સૂચવાય છે.

શંકા.– આ પ્રકારે વિવરણ કરવાનો હેતુ શું છે ? જે પ્રકારે વાક્યમાં કહ્યું છે, (અને આપણને ઉપર ઉપરથી સમજાય છે) તે પ્રકારે વિવરણ કરીએ તો તે પણ સારું લાગે છે, તે નીચે પ્રકારે છેઃ– બ્રહ્માનંદ બહુ ગંભીર હોવાથી, શુદ્ધ હોવાથી, અને તાપનું હરણ કરનાર હોવાથી, તેને જ બ્રહ્મહ્રદ પદથી કહ્યું છે. જેમ ધરામાં ડૂબેલા મનુષ્યને બહારના કાંઈ પણ પદાર્થનું જ્ઞાન રહેતું નથી, તેમ જ બ્રહ્માનંદથી ભરેલાને દેહાદિ અનુસંધાન રહેતું નથી, તેવા વ્રજવાસીઓ થયા, તે જણાવવાને તેમને બ્રહ્માનંદમાં ડૂબાડ્યા એમ કહ્યું છે. પછી પૂર્ણાનંદરૂપ કૃષ્ણે તે ગણિતાનંદરૂપ બ્રહ્મમાંથી તેમને જુદા કર્યા, અને દેહ વિગેરેના અનુસંધાનવાળા કર્યા, ત્યારે તેઓએ તે (બ્રહ્મ)લોકનું દર્શન કર્યું, તેથી જ બ્રહ્મ એ પદ લોકપદથી જુદું મૂક્યું છે, અને તેથી જ 'બ્રહ્મણઃ લોકમ્' બ્રહ્મના લોકનું એમ જુદું જુદું કહ્યું છે, કેમ કે એ પ્રકારે જુદા થયા પહેલાં અને દેહાદિના અનુસંધાન થયા પહેલાં દર્શનરૂપી ક્રિયા થઈ શક્વાનો સંભવ નથી. આ પ્રકારે સાધારણ વ્રજવાસીઓની વ્યવસ્થા કહીને શ્રીનંદરાયજી વિગેરેને જે વિશેષ થયું તે 'નંદરાયઃ', નંદરાયજી વિગેરેથી કહે છે. વળી 'દર્શયામાસ' (દેખડાવ્યું) એમ કહીને ભગવાને તેમને કરાવેલા દર્શનની વાત કહીને પછી 'દદશુઃ' (જોયું) એટલે વ્રજવાસીઓએ કરેલું દર્શન કહ્યું. એમ હોવાથી તેરમા શ્લોકમાં 'દર્શયામાસ' કહ્યું છે, ત્યાંથી પંદરમા શ્લોકમાં 'દદશુઃ' (જોયું) કહ્યું છે ત્યાં સુધી એક વાકયતા એટલે એક જ બાબત કહી છે, એમ માનવું ઉચિત છે. 'દર્શયામાસ' અને 'દદશુઃ' એ બે દર્શન જુદાં સમજી વાક્યમાં કહેલા પદાર્થ જુદા માનવા ઉચિત નથી.

સમાધાન.– જો 'દર્શયામાસ' કહીને અને જે દેખડાવ્યું તે વિષયનું સ્વરૂપ કહીને તરત જ 'દદશુઃ' એમ કહ્યું હોત તો તમે કહ્યું તેવો અર્થ થઈ શકત, પણ અહિં તો બ્રહ્મહ્રદમાં લઈ ગયા એ એક, તેમાં મજ્જન કરાવ્યું એ બીજી, અને તેમાંથી બહાર કાઢ્યાએ ત્રીજી, એમ ત્રણ ક્રિયાનો સમુદાય કહ્યો છે, અને વળી તેમાં પણ 'તુ' 'તો' શબ્દ વાપરીને પૂર્વ (પહેલાં) જે બાબત કહી તેનાથી પછીની બાબત જુદી પાડી છે. તું (શંકા કરનાર) કહે છે, તે રીતે સમજીએ તો દર્શનની પહેલાં જ બ્રહ્માનંદમાં મજ્જન કહેવું જોઈએ, તે તો અહિં ઉચિત નથી, કેમ કે તેનું કાંઈ કારણ મળતું નથી. વળી 'દર્શયામાસ' એ પદથી જ એ દર્શન તો કહેવાઈ જ ગયું, અને તારી રીતે સમજતાં તો પાછું તેનું જ દર્શન 'દદશુઃ' પદથી જે કહ્યું છે, તે કહેત નહિ. આ સર્વ કારણને લીધે શ્રીઆચાર્યજીએ જે અર્થ આ શ્લોકનો કર્યો છે, તે જ ખરો છે, એમ સમજવું.

**યો.**– શ્રીસુબોધિનીજીમાં શબ્દબ્રહ્મને જલરૂપ કહ્યું છે તે યોગ્ય જ છે, કારણ કે જલ શબ્દબ્રહ્મ છે એમ સ્ફુટ કહેવાએલું છે. પદ્મપુરાણમાં પ્રયાગ માહાત્મ્યમાં શ્રીયમુનાજીનાં ત્રીશ નામ કહ્યાં છે, તે સ્તોત્રમાં 'ત્રયી રસમયી સૌરી બ્રહ્મવિદ્યા સુધાબહા' એ નામો પણ કહ્યાં છે. અહિં શ્રીયમુનાજીના જલને વેદત્રયીરૂપ કહ્યું, તેથી જલ અને

શબ્દબ્રહ્મનો અભેદ જણાય છે.

**સુ.**– પછી જે થયું તેનું પરિણામ 'નન્દાદયઃ' એ શ્લોકથી કહે છેઃ

**નન્દાદયસ્તુ તં દૃષ્ટ્વા પરમાનન્દનિર્વૃતાઃ ।।**
**કૃષ્ણં ચ તત્ર ચ્છન્દોભિઃ સ્તૂયમાનં સુવિસ્મિતાઃ ।।૧૬।।**

શ્રીનંદરાયજી વિગેરે તે બ્રહ્મલોકને જોઈને, પરમ આનંદસુખને પ્રાપ્ત થયા, અને કૃષ્ણને ત્યાં વેદોથી સ્તુતિ કરાતા જોઈને બહુ વિસ્મય પામ્યા.૧૬.

**સુ.**– તે બ્રહ્મલોકને જોઈને શ્રીનંદરાયજી વિગેરેને સ્વરૂપ પ્રાપ્ત થયું, અને પરમાનંદ સુખ પ્રાપ્ત થયું, તે બ્રહ્મલોક સર્વ અવિદ્યાનો નાશ કરનાર અને આવરણનું નિવારણ કરનાર છે, તેથી પ્રમાણથી તેનો અનુભવ કરીને તેઓ સુખ પામ્યા. પહેલાં તો તેઓ બ્રહ્મની સાથે એકરસ થઈ ગયા હતા, વળી ત્યાં પણ વચમાં કૃષ્ણ હતા, અને વેદો તેમની સ્તુતિ કરતા હતા, તેથી શ્લોકમાં કહ્યું કે વેદોથી કૃષ્ણની સ્તુતિ કરાતી જોઈને તેમને પરમ આશ્ચર્ય થયું. તે બ્રહ્મલોકનું પણ આ ફલ અને વૈકુંઠનું પણ આ ફલ એમ જાણીને, બીજા સર્વ અભિલાષ છોડી દઈને, પરમ આશ્ચર્યરસમાં નિમગ્ન થયા.

**આ પ્રમાણે શ્રીભાગવત સુબોધિનીમાં**
**શ્રીમદ્‌વલ્લભદીક્ષિતવિરચિત દશમસ્કંધના વિવરણમાં**
**બીજા તામસ પ્રકરણના અવાન્તર પ્રકરણ સાધનપ્રકરણના ધર્મિરૂપ ભગવાનનું નિરૂપક**
**૨૫મા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ થયું.**

## તામસ સાધન પ્રકરણ સંપૂર્ણ